મુંબાઈ ઈલાકાનું સરકારી કેળવણી ખાતું.

# हिंदनी प्रजानो टूंको इतिहास.

ડૉકટર હંટર કૃત ઇંગ્રેજી પુસ્તકનું

## ગુજરાતી ભાષાંતર.

( અંગ્રેજી ૨૦ મી આવૃત્તિપરથી. )

**ચોથી આવૃત્તિ ૨૫,૦૦૦ પ્રત.**

પુસ્તક હિંદ સરકારના સન ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ મુજબ નોંધાવ્યું છે. )

મુંબઈ:

સરકારી મધ્ય બુક ડીપો.

સને ૧૮૯૯.

સ્ત: સંબંધી સર્વે અધિકાર સરકારે સ્વાધીન રાખ્યા છે.

કિંમત ૭½ આના.

મુંબઈમાં
એજ્યુકેશન સોસાયટીના છાપખાનામાં છાપ્યું.

# પ્રસ્તાવના.

હિંદના લોકનું વધવું, દુનિઆને સુધારવામાં તેમણે શું શું કર્યુંછે અને બીજી પ્રજાઓથી તેમણે શું શું ભોગવ્યું છે, એ દેખાડવાને હું આ ચોપડીમાં કોશિશ કરૂં છું. અંગ્રેજોએ લખેલા ટુંકા ઈતિહાસોમાં ઘણું કરીને પહેલાં બે હજાર વરસની વાત થોડાં પાનાંમાં પતાવી, જીતાયલો હિંદ બતાવવા માંડેછે. હિંદના યુરોપીઓને વાસ્તે કે દેશીઓને સારૂ આ રીત સારી નથી; અને બનેલા બનાવો પ્રમાણે પણ એ નથી. હિન્દના તરૂણોને હિંદના ઇતિહાસમાં કુસંપ અને પરાધીનપણાનો હેવાલ માત્ર આપવામાં આવે ત્યાં લગી આપણી અંગ્રેજી હિંદના રાજ્યની નિશાળો સ્વમાન ધારણ કરનાર પ્રજાને ઉછરવાનું સ્થાન થાય નહિ. માટે જેને હું હિંદના લોકનો ખરો ઈતિહાસ માનું છું તેમનો ટુંકો હેવાલ અસલ આધાર ઉપરથી લેઈને જોડવાનો, મેં પ્રયત્ન કર્યો છે. મારાં મોટાં પુસ્તકોમાં એ મૂળ આધારોની તપાસ મેં સંભાળથી કરીછે. વીસ વરસની મેહનતથી જે પરિણામો મેળવ્યાં છે, તેઓની ચર્ચા ન કરતાં તેમને અહિં માત્ર કહેવામાં આવ્યાં છે.

અંગ્રેજના સગપણની એક પ્રાચીન ગુણવાન જાતિએ મૂળના વનવાસી લોકોને ભેળસેળ કરી ઠરી ઠામ રહેનારી કોમો શી રીતે બનાવી તે દેખાડવાની મેં કોશિશ કરીછે. હિંદની જમીનના રસાળપણાએ ઉત્તમ જાતને પોતાનો બધો વખત પેટ ભરવાની મેહેનતમાં કાઢવાથી ઉગારી ત્યારે તે જાતે અસાધારણ પ્રૌઢ અને સુંદર ભાષા, વિદ્યા, અને ધર્મ શી રીતે ઉત્પન્ન કર્યાં, પ્રજાઓને કસવાને માટે કુદરતની સામા જે પ્રયત્નો કરવાની જરૂર છે તે કરવા ન પડયાથી જે મોટા ઝગડા બધી પ્રજાઓને ઝીલવા પડેછે તે ઝીલવાને તેઓ કેવા અયોગ્ય થયા, ઘરવહેવારમાં અને ધ્યાનમાં મચી બીજાં કામકાજ અને રાજ્ય વહેવારને કેવા વિસાર્યાં, ધર્મ અને સંસાર સંબંધીમાં હિંદુ મતે હિંદના લોકને જોડાયલા રાખ્યા, પણ તેથી એકમેક થઈ ગયેલી એક પ્રજા કેમ કરી શકાય નહિ, એ બતાવવાનો મેં યત્ન કર્યોછે.

મધ્ય એશિઆના પ્રાચીન ઉત્પત્તિસ્થાનમાંથી માણસની ભરતી હિન્દમાં આવે એવી તેની સ્થિતિ હતી. જેમ હાલના સમયમાં સાગરની ભરતીનાં મોજાં આવેજ તેમ પૂર્વ કાળમાં દેશ જીતનારનાં મોજાં ઉત્તર તરફથી આવે એવું હતું, પણ તેમના કરેલા વિજય ઉતાવળા છતાં, સ્થાયી નહતા; અને વિસ્તીર્ણ છતાં કદી પૂર્ણ નહતા. હિન્દુ લોકના ધર્મની અને સંસારની રચના કદી ત્રુટી કે વશ થઈ નહિ. હિન્દને જીતનારામાં સર્વથી વડા મુગલ હતા, તેમનો અમલ ૧૩૦ વરસ ચાલ્યો નહિ એટલામાં હિન્દુરાજ્યવાળા તેમનો નાશ કરવાપર મંડયા હતા. હાલ ધારણા થઈ શકે છે તેપરથી એમ કહી શકાય કે મુગલ રાજ્યનું હિન્દુ, મરેઠા, રજપૂતો, અને શીખો એ ત્રણ લડાયક રાજબળથી જીતાવવું અંગ્રેજી સત્તા આવવાથી માત્ર અટક્યું. બ્રિટિશ રાજ્ય ટક્યું છે તેનું કારણ એ છે કે તેની સત્તા હિન્દની સઘળી જાતોના એકત્ર લાભને અર્થે વાપરવામાં આવેછે. આ વિચારો મારા મનમાં ઘણા વખતથી છે, તોપણ મેં તેઓને મારા પુસ્તકમાં દાખલ કર્યા નથી કેમકે હું આશા રાખુંછું કે જે તરૂણો ઇતિહાસને બનેલાં બનાવની નોંધ ગણેછે, અને તત્ત્વજ્ઞાનની પોથી ગણતા નથી, તેઓને હાથ આ નાની ચોપડી જશે. હિન્દનો ઇતિહાસકર્તા હાલ મોટામાં મોટી નોકરી બજાવી શકે તે એ છે કે ખરેખરા બનાવ એવી રીતે વર્ણવે કે તેઓને લોક વાંચે. જો મારા લખાણમાં સત્ય અને સાદાઈ જોડાયલાં માલૂમ પડશે તો મેં જે કરવા ધારેલું છે તે પાર પડશે. એથી જો તરૂણ અંગ્રેજોની અને તરૂણ દેશીઓની વચ્ચે હેત વધશે તો મને મારી મેહેનતનું ફળ પુષ્કળ મળ્યું એમ હું માનીશ.

ડબલ્યુ. ડબલ્યુ. હન્ટર.

# વીસમી આવૃત્તિની પ્રસ્તાવના.

ઘણા દેશોમાં મારા ગ્રન્થપરીક્ષકોએ આ ગ્રન્થને માન આપ્યુંછે, તેને માટે હું તેમનો ઉપકાર માનું છું. બર્મીસમાં થયલું શબ્દાર્થક ભાષાન્તર અને ઉર્દુમાં થયલું કાવ્યરૂપમાં ભાષાન્તર ગણતાં આ ગ્રન્થનું પાંચ ભાષામાં ભાષાન્તર થયુંછે. માત્ર અંગ્રેજી ગ્રન્થનીજ ૭૮,૦૦૦ નકલ થવા પામીછે. અને સને ૧૮૮૬ થી ગયા વર્ષ સુધી કલકત્તાના મહાવિદ્યા મંદિરે (યુનિવર્સીટિએ) ત્યાંની પ્રવેશિક પરીક્ષા માટે તેને શાલાગ્રન્થ તરીકે નીમ્યોછે. આ આવૃત્તિમાં હિન્દમાં જાહેર કેળવણીના અધિનિયન્તા (ડિરેક્ટરો) અને બીજા વિદ્યાવિષયમાં પ્રમાણ પુરૂષોએ સ્નેહભાવથી મોકલેલી સૂચનાઓ દાખલ કરીછે. પહેલા પ્રકરણોને સુધારવામાં અગાઉ વાયવ્ય પ્રાન્તમાં જાહેર કેળવણીના અધિનિયન્તા મિ. ગ્રિફિથ, અને ઑક્સફર્ડમાં સંસ્કૃતના ઉપાધ્યાપક(ડેપ્યુટી પ્રોફેસર) એ. એ. મૅકડોનેલનો હું મુખ્યત્વે કરીને આભારી છું. કેમ્બ્રિજના મહાવિદ્યામન્દિરમાં હિન્દુસ્થાનના ઈતિહાસ વિષે ભાષણ કરનાર મિ. મોર્સસ્ટીફન્સ બી. એ., એણે મારે માટે બધા છાપા ખરડા (પ્રુફશીટ) મહેરબાની કરી સુધાર્યાછે. અગાઉની આવૃત્તિઓથી આ આવૃત્તિ સુધારો કરી વધારે સારી બનાવવામાં મેં જાતે ઉદ્યોગ કરવામાં ખામી રાખી નથી. ગ્રન્થનું કદ નાનું રાખ્યું છે તો પણ તેમાં હિન્દની ઐતિહાસિક શોધોનાં અને હિન્દના જૂનાં લખાણો (રેકર્ડ્સ) ની જે ગુણદોષપરીક્ષા હાલ હિન્દ વિષેના ગ્રન્થોમાં ઘણી ઉપયોગી થઈ પડીછે તે પરીક્ષાના છેવટનાં પરિણામો દાખલ કરવાનો પ્રયાસ કર્યોછે. ચિત્તાકર્ષક અને શુદ્ધ વાર્તારૂપમાં, તો પણ સાધારણ અંગ્રેજ અને અમેરિકન વાચક તેનો લાભ લઈ શકે અને ઈંગ્લાંડ અને હિન્દનાં વિદ્યામન્દિરો અને શાળાઓમાં નીમેલા ગ્રન્થ તરીકે તેનો ઉપયોગ થઈ શકે એવા નાના કદમાં હિન્દનો ઇતિહાસ પ્રગટ કરવાનો મારો પ્રયાસ છે. વીસમી આવૃત્તિમાં ૧૮૯૧ ના હિંદુસ્તાનના વસ્તિપત્રકમાં આપેલા મુખ્ય આંકડાઓ દાખલ કર્યાછે અને સને ૧૮૯૨ માં મંજૂર થયલા ઇંગ્લાંડની રાજ્ય પરિષદ (પાર્લમેન્ટ) ના ધારા (ઍક્ટ) થી હિન્દુસ્તાનની ધારાસભાની સત્તાનો વધારો થયો ત્યાંસુધી વૃત્તાન્તોનું કાળક્રમવર્ણન દાખલ કર્યુંછે.

ઑક્સફર્ડપાસે, ઓકનહોલ્ટ,
ક મનોર, ૧૮૯૨.

ડબલ્યુ. ડબલ્યુ. હંટર.

# અનુક્રમણિકા.

## प्रकरण १ लुं.

દેશનું વર્ણન... ... ... ... ... ... ... ... પાનું, ૧-૧૭

હિન્દની સ્થિતિ અને કદ; તેમાંના ચાર પ્રદેશ; ૧લો પ્રદેશ હિમાલયની નદીઓ—સિંધુ, સતલજ, બ્રહ્મપુત્ર, ગંગા અને જમના. બીજો પ્રદેશ—હિન્દની નદીઓનો પ્રદેશ; નદીઓનાં કૃત્ય—બંગાળાનો પ્રદેશ; ઉત્તરની નદીના પ્રદેશોના પાક અને દેખાવ; ૩ જો પ્રદેશ—દક્ષિણની ઉંચી જમીન, તેનો દેખાવ, તેની નદીઓ અને પેદાશ; ૪ થો પ્રદેશ બ્રહ્મદેશ.

## प्रकरण २ जुं.

લોક... ... ... ... ... ... ... ... ... પાનું, ૧૮-૨૭

લોક વિષે સામાન્ય અવલોકન; બ્રિટિશ અને દેશી હિંદમાં વસ્તીના આંકડા; વસ્તીની ઘાડાઈ; મોટાં શેહેરોનો અછત; વધારે વસ્તીવાળા અને ઓછી વસ્તીવાળા મુલક, લોકોની વહેંચણી; ભમતા ખેડુતની ખેતીની રીત; ગણોતમાં વધારો; લુંડાં રાખવાની મનાઈ; લોકના ચાર પ્રકાર; ઈતિહાસના સમયની પહેલાંની બે મુખ્ય જાતો.

## प्रकरण ३ जुं.

અનાર્ય લોક ... ... ... ... ... ... ... પાનું, ૨૮-૪૧

અનાર્ય કે મૂળ ભૂમિયા; વેદમાં વર્ણવેલા; હાલનાં વખતના અનાર્ય લોક; આંદામન બેટના વાસીઓ; મદ્રાસ ઈલાકાની પહાડી જાતો, વિંધ્યા પર્વતોમાં; મધ્યપ્રાંતોમાં; ઓરિસાની પાંદડાં પહેરનારી જાતો; હિમાલયની જાતો; નીચલા બંગાળાના સંતાલ લોક, તેમની રાજરીતિ, ઈતિહાસ, ઇત્યાદિ; ઓરિસ્સાના કંદલોક; તેમના રિવાજ, મનુષ્યભોગ, ઇ.; અનાર્ય લોકની ત્રણ મોટી જાતો; અનાર્ય લોકનાં લક્ષણ અને ભવિષ્ય.

## प्रकरण ४ थुं.

હિન્દમાં આર્ય લોક... ... ... ... ... ... ... પાનું, ૪૨-૫૭

આર્યમૂળ; યુરોપમાં અને એશિઆમાં આર્યલોકના પ્રાચીન વિજય; મધ્ય એશિઆમાં પોતાના મૂળસ્થાનમાં આર્ય લોકની અવસ્થા; યુરોપી અને હિન્દી ધર્મનું સામાન્ય મૂળ; તથા હિન્દી યુરોપી ભાષાઓનું સામાન્ય મૂળ; હિન્દી આર્યનું પ્રસ્થાન, ઋગ્વેદ વેદથી જણાતો આર્યનો સુધારો, વેદના દેવો, બ્રાહ્મણો, ચાર વર્ણ બંધાઈ, બ્રાહ્મણોની વડાઈનો સ્થાપના; બ્રાહ્મણના જન્મારાના ચાર આશ્રમ. હાલના વખતના બ્રાહ્મણ, બ્રાહ્મણની ધર્મવિદ્યા—હિન્દના ત્રણ દેવ, બ્રાહ્મણનું તત્વજ્ઞાન, સાહિત્ય, ખગોળવિદ્યા, વૈદ્યકશાસ્ત્ર, સંગીત; કાયદા, કવિતા, મહાભારત, અને રામાયણ નામના વીરરસ કાવ્યો; પછીથી થયેલાં સંસ્કૃત વીરરસ કાવ્ય; સંસ્કૃત નાટક અને સંગીત કવિતા.

## प्रकरण ५ मुं.

હિન્દમાં બુદ્ધ ધર્મ (ઈ૦ સ૦ પૂર્વે ૫૪૩ થી ઈ૦ સ૦ ૧૦૦૦ સુધી). ... ... ... ... પાનું, ૫૮-૮૦

બુદ્ધ ધર્મનો ઉદય, ગૌતમ બુદ્ધનું ચરિત્ર, બુદ્ધનો ઉપદેશ, બૌદ્ધ મતનું ધર્મપ્રસારક રૂપ, બુદ્ધની પહેલ વહેલી સભાઓ; અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો, અને રાજધર્મ તરીકે બૌદ્ધ મતની સ્થાપના કરી, તેના ખડકો ઉપર કોતરેલાં મૂળતત્ત્વો; કનિષ્કની સભા, બૌદ્ધમાર્ગ અને બ્રાહ્મણ ધર્મની સરસાઈ, શિલાદિત્યની સભા (ઈ૦ સ૦ ૬૩૪); બૌદ્ધ ધર્મનો નલંદનો મોટો અપાશરો; બ્રાહ્મણ ધર્મનો જય (ઈ૦ સ૦ ૭૦૦—૯૦૦ સુધી); હિન્દમાંથી દેશ નિકાલ થયેલો બૌદ્ધ ધર્મ (ઈ૦ સ૦ ૯૦૦); જૈન લોકો પ્રાચીન બૌદ્ધ માર્ગીઓના હાલના અનુયાયી છે; હાલના હિન્દી ધર્મ ઉપર બૌદ્ધ ધર્મની સતા.

## प्रकरण ६ ठुं.

હિન્દમાં ગ્રીકલોક (ઈ૦ સ૦ પૂ૦ ૩૨૭—૧૬૧).... ... પાનું, ૮૧-૮૫

ગ્રીક ગ્રંથોમાં હિન્દ વિષે પહેલી વહેલી કરેલી સૂચના; મહાન

સિકંદરની પંજાબ અને સિંધપર સવારી; તેની પછી આવનારા; ઉત્તર હિંદમાં ચંદગુપ્તનું રાજ્ય; મેગાસ્થેનેસે કરેલું હિન્દનું વર્ણન; પછીની ગ્રીક સવારીઓ.

## प्रकरण ૭ मुं.

શક લોકની સવારીઓ ( ઈ૦ સ૦ પૂર્વે આશરે ૧૦૦ થી ઈ૦ સ૦ ૫૦૦ સુધી )............ ... ... ... ... ... પાનું, ૮૭-૯૦

મધ્ય એશિયામાં શકલોક, ઉત્તર હિન્દમાં શકલોકનાં રાજ્યો; હિન્દમાં હજુ સુધી રહેલી શક જાતો,શકલોકની સામે વિક્રમાદિત્યનાં યુદ્ધ (ઈ૦ સ૦ પૂ૦ ૫૭) અને શાલિવાહનનાં યુદ્ધ (ઇ૦ સ૦ પૂ૦ ૭૮ ); પછીથી શકલોકની સામે થનારા, શાહ ગુપ્ત અને વલ્લભી કુળો.

## प्रकरण ૮ मुं.

હિન્દુમતની વૃદ્ધિ (ઈ૦ સ૦ ૭૦૦થી ૧૫૦૦ સુધી).... ... પાનું, ૯૧-૧૦૭

હિન્દની વસ્તીનાં ત્રણ મૂળ-આર્ય, અનાર્ય અને શકલોક; સુધારાનાં આર્ય કૃત્યો, બ્રાહ્મણો, હિન્દુ ધર્મનો બેવડો પાયો, જ્ઞાતિભેદ અને ધર્મ,હિન્દુ ધર્મ ઉપર બૌદ્ધ ધર્મની અસર, હિન્દુ ધર્મ ઉપર અનાર્ય લોકે કરેલી અસર, હિન્દુ ભકતમાળાનું પુસ્તક, નવમા સૈકાનો શૈવ ધર્મનો ઉપદેશક શંકરાચાર્ય, શિવપૂજાનાં બે રૂપ; ૧૩ શૈવપંથ; વિષ્ણુપૂજા, વિષ્ણુપુરાણ (ઈ૦ સ૦ ૧૦૪૫); વૈષ્ણવ ઉપદેશકો-રામાનુજ (ઈ૦ સ૦ ૧૧૫૦), રામાનંદ (ઈ૦ સ૦ ૧૩૦૦-૧૪૦૦), કબીર (ઇ૦ સ૦ ૧૩૮૦-૧૪૨૦), ચૈતન્ય (ઈ૦ સ૦ ૧૪૮૫-૧૫૨૭), વલ્લભસ્વામી (ઈ૦ સ૦ ૧૫૨૦), હિન્દુ વ્યવસ્થાનું ધર્મબંધન, કૃષ્ણપૂજા.

## प्रकरण ૯ मुं.

પ્રથમ આવેલા વિજયી મુસલમાનો ( ઈ૦ સ૦ ૭૧૪-૧૫૨૬ ).
પાનું, ૧૦૮-૧૩૬

હિન્દુ ધર્મપર મુસલમાન વિજયની અસર; મુસલમાની રાજકુળોની નોંધ; સિંધપર અરબોની સવારીઓ ( ઈ૦ સ૦ ૬૩૬-૮૨૮ );મુસલમાનો જીતવા આવ્યા તે સમયનો ભરતખંડ; મુસલમાનની જીત માત્ર અપૂર્ણ અને અસ્થાયી હતી; પહેલી તુરકી સવારી-સબક્તિગીન ( ઈ૦ સ૦ ૯૭૭); ગજનીનો મહમુદ

(ઈ૦ સ૦ ૧૦૦૧–૧૦૩૦), તેણે હિન્દપર કરેલી ૧૭ સવારીઓ, સોમનાથનું બેદાન મેદાન, ઘોરવંશ(૧૧૫૨–૧૨૦૬), મહમુદ ઘોરી, રજપૂત જાતોની હાર, બંગાળ દેશની જીત (૧૨૦૩), ગુલામ વંશ ( ૧૨૦૬–૧૨૯૦); કુતુબુદ્દીન, અલ્તમશ, રજીઆ બેગમ; મુગલોની ચઢાઈ અને રજપૂતોનાં બંડ; બલબન; ખિલજી વંશ (૧૨૯૦–૧૩૨૦); જલાલુદ્દીન; અલ્લાઉદ્દીનની દક્ષિણ હિન્દમાં જીત, હિન્દમાં મુસલમાની રાજ્યનો વિસ્તાર (૧૩૦૬), ધર્મભ્રષ્ટ હિન્દુ પાદશાહ ખુશરૂ, તુઘલક વંશ ( ૧૩૨૦–૧૪૧૪ ), મહમદ તુઘલક, તેનાં ઘાતકી કૃત્યો, કરવેરા લેવામાં જૂલમ, ફીરૂજશાહ તુઘલક, તેણે બંધાવેલી નહેરો, તિમૂરની સવારી ( ૧૩૯૮ ), સૈયદ અને લોદી વંશો, દક્ષિણનાં હિન્દુ રાજ્યો–વિજયનગર; દક્ષિણમાં મુસલમાની રાજ્યો, બ્રાહ્મણી વંશ; દક્ષિણના પાંચ મુસલમાની રાજ્ય; વિજયનગરની પડતી; મુસલમાની પ્રાંતોની સ્વતંત્રતા, અસલના દિલ્હીના અધિરાજ્યની નબળાઈ.

## प्रकरण १० मुं.

મુગલ વંશ (૧૫૨૬–૧૮૫૭) ... ... ... ... ... પાનું ૧૩૭–૧૬૧

હિન્દપર બાબરની સવારી, ને પાણિપતના રણમાં લોદી વંશની હાર (૧૫૨૬); હુમાયુનો અમલ(૧૫૩૦-૧૫૫૬); અફગાન શેરશાહ તેને હરાવે છે; તે ઈરાનમાં નાશી જાય છે, પણ પાણીપતની બીજી લડાઈમાં હિન્દ ફરીને જીતી લે છે(૧૫૫૬); મહાન અકબર (૧૫૫૬-૧૬૦૫), તેના રાજ્યની વરસવાર ટુંક નોંધ, પ્રતિનિધિ બેહેરામ, હિન્દમાં અકબરનાં કૃત્ય, મુસલમાન સંસ્થાનોને તાબે કરે છે ને રજપૂતોને વશ કરે છે, હિન્દુઓને મનાવવાની તેની રાજનીતિ, દક્ષિણ હિંદમાં તેનું રાજ્ય, તેની ધર્મપર શ્રદ્ધા, અકબરની રાજરચના, હિંદની વસૂલાત પદ્ધતિ, તેના પ્રધાનો; જહાંગીર ( ૧૬૦૫–૧૬૨૭ ), તેનાં યુદ્ધ અને વિજય, બેગમ નૂરજહાંન, જહાંગીરનાં લક્ષણ, શાહજહાન (૧૬૨૮–૧૬૫૮), તેની રાજ્યવ્યવસ્થા અને યુદ્ધો, દિલ્હી અને આગ્રામાં તેણે બંધાવેલી મોટી ઈમારતો, તેની પેદાશ, તેના બળવાખોર શાહાજાદા ઔરંગજેબે તેને ગાદીએથી ઉઠાડી મૂક્યો; ઔરંગજેબનો અમલ ( ૧૬૫૮–૧૭૦૭ ), તેના રાજ્યની વરસવાર ટુંક નોંધ, તે પોતાના ભાઈઓની હત્યા કરે છે, દક્ષિણ હિંદમાં તેની મોટી લડત, મરાઠા જોડે તેનું યુદ્ધ અને તેનું મરણ, મીર જુમલાએ આસામપર સવારી કરી પણ તેમાં તેની હાર થઈ,

ઔરંગજેબની ધર્માંધ રાજનીતિ અને હિંદુઓ ઉપર જુલમ, એના રાજની ઉપજ, ઔરંગઝેબનાં લક્ષણ; એની પછી થનારા નામના પાદશાહના અમલમાં મુગલાઈ રાજની પડતિ; દક્ષિણ અને અયોધ્યાની સ્વતંત્રતા; મરાઠા, શીખ અને રજપુતોના બંડ; નાદિરશાહ ઈરાની અને અહમદશાહ અફગાનની સવારીઓ; દેશની ખરાબી; પાદશાહતનું પતન ૧૮૭–૮૮; અંગ્રેજે હિંદ મુગલો કનેથી જીતી લીધો નથી, પણ હિંદુઓ પાસેથી લીધોછે; ૧૭૦૭ માં ઔરંગજેબનું મૃત્યુ થયું ત્યાંથી તે છેલ્લો મુગલ પાદશાહ બહાદુરશાહ ૧૮૫૭ ના બળવામાં સામિલ થયાથી દેશ નિકાલ થયો ત્યાં સુધી બનેલા મુખ્ય બનાવોની વરસવાર નોંધ.

## प्रकरण ११ मुं.

મરાઠા.............................................પાનું, ૧૬૮–૧૭૬

મરાઠાનો ઉદય અને દક્ષિણમાં તેમના રાજબળની વૃદ્ધિ; ઔરંગજેબ જોડે શિવાજીની અનિયમિત લડાઈ; શિવાજીનો વંશ; પેશ્વા ને મરાઠા રાજસમુદાય; પાંચ મરાઠા રાજવંશ, એટલે પેશ્વા, સિંધિયા, હોલ્કર, નાગપુરના ભોંસલા, અને વડોદરાનો ગાયકવાડ, અંગ્રેજ જોડે ત્રણ મરાઠા યુદ્ધ ૨૦૦–૨૦૧.

## प्रकरण १२ मुं.

યૂરોપી લોકનાં પહેલ વહેલાં થાણાં............................પાનું, ૧૭૭–૧૯૦

યુરોપ અને એશિયા (ઈ૦ સ૦ ૧૫૦૦) વાસ્કોડી ગામા, પ્રથમ આવેલા પોર્ટુગીઝ ગવર્નરો અને તેમના જુલમ; પોર્ટુગીઝ રાજબળની પડતી, અને ભરતખંડમાં તેમનાં હાલનાં સંસ્થાનોનો વિસ્તાર; હિન્દમાં વલન્દા અને પૂર્વના સમુદ્રોપર તેમની સર્વોપરી સત્તા; પહેલ વહેલા સાહસિક અંગ્રેજો (૧૪૯૬–૧૫૯૬), ઈંગ્લિશ કંપનીની પહેલ વહેલી સફરો, આંબોયનાની કતલ(૧૬૩૫), હિંદમાં ઇંગ્રેજના પહેલ વહેલાં થાણાં, મદ્રાસમાં, મુંબઈમાં, બંગાળમાં; બીજી ઈસ્ટ ઈંડીયા કંપનીઓ.

## प्रकरण १३ मुं.

હિન્દમાં બ્રિટિશ રાજની સ્થાપના..........................પાનું, ૧૯૧–૨૧૯

હિન્દના ગવર્નરો, ગવરનર જનરલો અને વાઈસરાયની, યાદી,

(૧૭૫૮–૧૮૯૨), દક્ષિણમાં ફ્રેંચ અને અંગ્રેજ; ઔરંગજેબના મરણ પછી દક્ષિણ હિન્દની સ્થિતિ (૧૭૦૭); કર્ણાટકમાં યુદ્ધો–ડયુપ્લે અને કલાઈવ; વાન્ડિવાશનો લડાઈ, બંગાળાના દેશી હાકેમો (૧૭૦૭–૧૭૫૬); નવાબ સુરાજ ઉદ દોલા કલકત્તા જીતી લેછે, અને કલકત્તાનું શોકજનક કારાગૃહ, કલાઈવ પાછું કલકત્તા સર કરેછે, પ્લાસીના યુદ્ધમાં તેની ફતેહ (૧૭૫૭), મીરજાફર બંગાળાના નવાબની ગાદીએ બેસેછે; કલાઈવની જાગીર; કલાઈવ બંગાળાનો પહેલો ગવર્નર (૧૭૫૮) મીરજાફરને ગાદીએથી ઉઠાડી મૂકી મીરકાસમને બંગાળાના નવાબની ગાદીએ બેસાડેછે, મીરકાસમનો બળવો અને પટનાની કતલ, કલાઈવની બીજી વારની હકુમત અને કંપનીને બંગાળાની દીવાની મળેછે; નોકરો સંબંધી કલાઈવે કરેલી નવી વ્યવસ્થા (૧૭૬૬); દ્વિસત્તાકરાજ પદ્ધતિ; વારન હેસ્ટિંગ્સ (૧૭૭૨–૮૫), તેની રાજવ્યવસ્થા, દેશી રાજ્યો સાથે તેની રાજનીતિ, બંગાળાની ઉપજમાંથી ખર્ચ પુરો પાડવા હેસ્ટિંગ ગોઠવણ કરેછે, અયોધ્યાના વજીરને અલાહબાદ ને કોરા વેચેછે, રોહીલાનું યુદ્ધ (૧૭૭૩–૭૪), ચૈતસિંગ અને અયોધ્યાની બેગમની લૂટ, ઇંગ્લાંડમાં હેસ્ટિંગ્સ ઉપર મૂકેલો આરોપ અને તપાસ, પહેલું મરાઠા યુદ્ધ (૧૭૭૮–૮૧) અને મ્હૈસૂર જોડે યુદ્ધ (૧૭૮૦–૮૪); લાર્ડ કાર્નવાલિસ (૧૭૮૬–૧૭૯૩), બંગાળાની સ્થાયી જમાબંદી, મ્હૈસૂર જોડે બીજું યુદ્ધ (૧૭૯૦–૧૭૯૨); વેલ્લેસ્લેનો માર્કિવસ (૧૭૯૮–૧૮૦૫), હિંદમાં ફ્રેંચ સત્તા (૧૭૯૮–૧૮૦૦), લૉર્ડ વેલ્લેસ્લેની પૂર્વે હિંદની હાલત (૧૭૯૮), લૉર્ડ વેલ્લેસ્લેની રાજનીતિ, નિજામ જોડે કરાર (૧૭૯૮), મ્હૈસૂર જોડે ત્રીજું યુદ્ધ (૧૭૯૯), બીજું મરાઠા યુદ્ધ (૧૮૦૨–૧૮૦૪), લૉર્ડ વેલ્લેસ્લેના ગયા પછી હિંદની હાલત (૧૮૨૫).

## प्रकरण १४ मुं.

બ્રિટિશ હિંદનું સુદૃઢ થવું......... ... ... ... ... પાનું, ૨૨૦–૨૪૬

કાર્નવાલિસના માર્કિવસનો બીજી વારનો કારભાર (૧૮૦૫); સરજ્યાર્જ બાર્લો (૧૮૦૫); મિન્ટોનો અર્લ (૧૮૦૭–૧૮૧૩); લૉર્ડ મોઈરા (હેસ્ટિંસનો માર્કિવસ) (૧૮૧૪–૧૮૨૩); ગુર્ખા યુદ્ધ (૧૮૧૪–૧૮૧૫), પિંડારી યુદ્ધ (૧૮૧૭), છેલ્લું મરાઠા યુદ્ધ (૧૮૧૭–૧૮૧૮), અને પેશ્વાના મૂલકનું ખાલસા થવું; લૉર્ડ આમ્હર્સ્ટ (૧૮૧૪–૧૮૨૮), પહેલું

બ્રહ્મી યુદ્ધ, ભરતપુર જીતી લીધું; લૉર્ડ વિલ્લિઅમ બેંટિક (૧૮૨૮-૧૮૩૫), બેન્ટિકના વસૂલાત ખાતામાં સુધારા, સતી થવાનો ચાલ બંધ પાડ્યો અને ઠગીનો નાશ કર્યો, કંપનીને ફરી સનદ કરી આપી (૧૮૩૩); મ્હૈસૂર ઉપર જપ્તી બેસાડી અને કુર્ગને ખાલસા કર્યું; લાર્ડ મેટ્કાફ(૧૮૩૫-૧૮૩૬), લૉર્ડ આકલાંડ(૧૮૩૬-૧૮૪૨), આફગાનિસ્તાનપર પહેલી સવારી અને કાબુલ જોડે અંગ્રેજ સરકારનો પહેલો વહેવાર, અંગ્રેજ શાહસુજાને ગાદીએ બેસાડેછે (૧૮૩૯), બ્રિટિશ ફોજ અફગાનિસ્તાનનો કબજો કરેછે (૧૮૪૦-૧૮૪૧), અફગાનોનું બંડ અને શીયાળામાં હિન્દમાં પાછી આવતી બ્રિટિશ ફોજની કતલ; લૉર્ડ એલેન્બરો (૧૮૪૨-૧૮૪૪); વેર લેનારી ફોજ (૧૮૪૨); લૉર્ડ એલેન્બરોનો ઢંઢેરો, સોમનાથના દરવાજાના કમાડ, સિંધનો વિજય (૧૮૪૩); લૉર્ડ હાર્ડીંગ (૧૮૪૪-૧૮૪૮), શીખ લોકનો ઈતિહાસ અને રણજીત સિંહની સરદારી નીચે તેઓ રાજબળ બનેછે, પહેલું શીખ યુદ્ધ(૧૮૪૫), મુડકી, ફીરોજ શહર, અલીવાલ અને સોબ્રાઓનનાં યુદ્ધ; લૉર્ડ ડેલહાઉસી (૧૮૪૮-૧૮૫૬), તેણે રાજકારભારમાં કરેલાં સુધારા, હિન્દી રેલ્વે, બીજું શીખ યુદ્ધ (૧૮૪૮-૧૮૪૯), ચીલીઅનવાલા અને ગુજરાતનાં યુદ્ધ, પંજાબનું શાંતિકરણ, બીજું બ્રહ્મી યુદ્ધ (૧૮૫૨), બ્રહ્મદેશની આબાદી, દેશી રાજ્યો જોડે ડેલહૌસીની વર્તણુક, વારસ ન હોવાથી સરકારને હાથ જવાનું મત, સરકારમાં ડુબેલાં દેશી રાજ્યો. અયોધ્યાને ખાલસા કર્યું (૧૮૫૬) ૨૭૬-૨૭૭, હિંદમાં કરેલાં લૉર્ડ ડેલહાઉસીનાં કામ; બળવા પહેલાં હિંદમાં લૉર્ડ કાન્નિંગ (૧૮૫૬-૧૮૫૭).

## प्रकरण १५ मुं.

સને ૧૮૫૭ નો સિપાઈઓનો બળવો ... ... ... પાનું ૨૪૭-૨૫૫

બળવાનાં કારણ, ચરબી લગાડેલાં કારતૂસો, લશ્કરોમાં બુદ્ધિમાન અમલદારોની ઘટ, ૧૮૫૭ ના મે મહિનામાં બળવો ઉઠ્યો, બળવાનો ફેલાવ, કાનપુર, લખનૌર, દિલ્લીનો ઘેરો, લૉર્ડ કલાઈડ અયોધ્યા જીતી લીધું, સર હ્યુ રોઝે મધ્યહિંદ સર કર્યું, કંપનીના પટાઓના ઈતિહાસનો સાર, રાજગાદીના તાબામાં હિંદ આવ્યો (૧૮૫૮).

## પ્રકરણ ૧૬ મું.

બ્રિટિશ રાજગાદીના તાબામાં હિંદ ૧૮૫૮–૧૮૯૨.....પાનું, ૨૫૬–૨૬૪

૧૮૫૮ ની તા. ૧ નવેમ્બરનો મહારાણીનો ઢંઢેરો, બળવાનો ખર્ચ, વસુલાત ખાતામાં મિસ્તર વિલ્સને કરેલા સુધારા; કાયદામાં સુધારા; લૉર્ડ એલ્ગિન (૧૮૬૨–૧૮૬૩), લાર્ડ લારેન્સ (૧૮૬૪-૧૮૬૯); ભૂતાનની જોડે યુદ્ધ, ૧૮૬૬ માં ઓરિસ્સામાં પડેલો દુકાળ; લૉર્ડ મેયો (૧૮૬૯–૧૮૭૨), અંબાલાનો દરબાર, એડિન્બરોના ડ્યૂકની પધરામણી; ખેતવાડીનું નવું ખાતું ઉઘાડ્યું; દેશની અંદર લેવાતી જકાતનો સુધારો; લૉર્ડ મેયોનું આન્દામનનાં ટાપુમાં ખૂન કર્યું; લૉર્ડ નાર્થબ્રુક (૧૮૭૨–૧૮૭૬), વડોદરાના ગાયકવાડને ગાદીપરથી ઉઠાડી મૂક્યો; પ્રિન્સ આવ્ વેલ્સની હિંદમાં પધરામણી; લૉર્ડ લિટન (૧૮૭૬-૧૮૮૦); મહારાણીએ કૈસરે હિંદ પદ ધારણ કર્યાનું જાહેરનામું; (૧૮૭૬–૧૮૭૭) નો મોટો દુકાળ; અફગાનિસ્તાનનો મામલો (૧૮૭૮–૧૮૮૦); રિપનનો માર્કિવસ (૧૮૮૦–૧૮૮૩), અફગાનિસ્તાન જોડેના યુદ્ધનો અંત, કેળવણી ખાતાનું કમિશન, સર એવિલિન બેરિંગ; મિસરમાં દેશી લશ્કર; ડફરિનનો માર્ક્વૈસ, વાઈસરૉય (૧૮૮૪–૧૮૮૮), ઉપલો બ્રહ્મદેશ જીતી ખાલસા કર્યો (૧૮૮૬), મહારાણી કૈસરે હિંદનું જુબિલી વર્ષ (૧૮૮૭); લૅન્સડાઉનનો માર્ક્વૈસ (૧૮૮૯–૧૮૯૨), સ્વરાજ્યનો વધારો.

# हिंदना लोकनो टुंको इतिहास.

## प्रकरण १ लुं.

### દેશનું વર્ણન.

સ્થિતિ અને વિસ્તાર.—હિંદ મોટો ત્રિકોણાકાર દેશ છે. એ મધ્ય એશિઆથી માંડી દક્ષિણમાં સમુદ્ર સુધી ગયેલોછે. એની ઉત્તરે હિમાલય પર્વતની હાર છે, એની પશ્ચિમ બાજુનો ઘણો ભાગ હિંદી મહાસાગરને અડકેલો છે, અને પૂર્વ તરફના ઘણા ભાગપર બંગાળી અખાત છે. એ રીતે એની બધી સીમાએ કુદરતે રક્ષણસારૂ પર્વત અને સમુદ્ર રાખ્યાછે. એમાં પેસવાના બે રસ્તા છે, એક વાયવ્ય ખૂણામાં અને બીજો ઈશાન ખૂણામાં. તેઓ વડે એ બાકીના એશિઆ સાથે જોડાયેલો છે. ઈશાન ખૂણાની હદપર ચીનાઈ રાજ કે તિબેટ અને બ્રહ્મદેશ વચ્ચેના ડુંગરીવાળાં જંગલો છે. વાયવ્ય ખૂણાની સરહદપર મુસલમાની ધર્મ માનનારાં અફગાનિસ્તાન, અને બલુચીસ્તાનનાં સંસ્થાનો છે. એ ઈશાન અને વાયવ્ય તરફના ઝાંપાને માર્ગે બે કેવળ જૂદી જાતના લોક હિંદમાં આવ્યાછે. હિંદનો વિસ્તાર ઉત્તર અક્ષાંશ આઠથી છત્રીસ લગી છે; એટલે વિષુવવૃત્તના ઘણા ઉષ્ણ પ્રદેશોથી સમશીતોષ્ણ કટિબંધમાં ઘણે દૂર સુધી છે. રાજ્યધાની કલકત્તા ૮૮ પૂર્વ રેખાંશ પર છે; એથી સાંજના છ કલાકે ત્યાં જ્યારે સૂરજ આથમેછે ત્યારે ઇંગ્લાંડમાં બપોર થઈ ગયા હોયછે. ઉત્તરથી દક્ષિણ સુધી હિંદની લંબાઈ, તથા પૂર્વથી પશ્ચિમ લગી તેની ઘણામાં ઘણી પહોળાઈ આશરે ૧,૯૦૦ માઈલ છે; પણ દક્ષિણ છેડે કન્યાકુમારી આગળ તેનો કિનારો જમરૂખના જેવો વાંકવાળો અણીપડતો છે. આ ચોતરફથી બંધ મુલકમાં અંગ્રેજે બ્રહ્મદેશ કે બંગાળી અખાતના પૂર્વ કાંઠાના પ્રદેશને ઉમેર્યો છે. તે પ્રદેશને બ્રહ્મદેશ કહેછે. આ વર્ણનમાં સમાયલા મૂલકનું ક્ષેત્રફળ લગભગ ૧૫ લાખ ચોરસ માઈલ છે, અને એમાં ૨૮ કરોડ ૮૦ લાખ માણસની વસ્તી છે. માટે

હિંદનો વિસ્તાર રૂશિઆ બાદ કરતાં બાકીના યૂરોપ જેટલો છે, તથા એની વસ્તીપણ તેના કરતાં વધારે છે.

**ચાર પ્રદેશો.**—આ મોટા રાજ્યમાં દુનીઆના ઊંચામાં ઊંચા પર્વતો તથા દરિયાની સપાટીથી થોડા તસુ ઊંચા એવા નદીના મુખ-પાસે આવેલા વિશાળ ત્રિકોણ પ્રદેશો છે, તેથી એમાં અનેક પ્રકારના સુંદર દેખાવો, અને બહુ તરેહની હવા (ઉષ્ણમાન) છે. ઉષ્ણકટિબંધના વિકરાળ પશુ અને ઘાડાં વનથી માંડીને નિરંતર બરફવાળા પ્રદેશની નજદીકમાં થતાં હિમાયલાં જવ અને નરમ રૂવાંટીવાળાં નાનાં જનાવરો જેવી સઘળી તરેહની સૃષ્ટિની પેદાશથી એ રાજ્ય ભરપુર છે. પણ વિમાનમાં બેશી આખા દેશ ઉપર નીચે નજર કરીએ તો જણાશે કે સ્પષ્ટ મર્યાદાવાળા ચાર પ્રદેશનો હિંદ બનેલોછે. એમાંનો પહેલો હિમાલયનો પ્રદેશ છે. એનાવડે ઉત્તરે આવેલા એશિઆના બાકીના મૂલકથી હિંદ જુદો પડેછે. હિમાલય પહાડની તળેટીથી દક્ષિણે ફેલાતો બીજો પ્રદેશ છે. તેમાં એ પર્વતમાંથી નીકળતી મોટી નદીવાળાં મેદાનો છે. એ મેદાનોના દક્ષિણ છેડાથી ત્રીજા પ્રદેશનો ચડનો ઢાળ શરૂ થાયછે. એ ઉંચો ત્રણ બાજુવાળો પાધર પ્રદેશ છે, અને એમાં ઠેકાણે ઠેકાણે શિખરો છે. હિંદનો દક્ષિણે આવેલો અર્ધ ભાગ સઘળો એ જાતનો પ્રદેશ છે. ચોથો બ્રહ્મદેશ, તે બંગાળી અખાતની પૂર્વે આવેલોછે.

**પહેલો પ્રદેશ.**—એ ચાર પ્રદેશોમાં પહેલો હિમાલય અને તેની દક્ષિણે ગયેલી શાખાવાળો પ્રદેશ છે. સંસ્કૃતમાં હિમાલયનો અર્થ બરફનું સ્થાન થાયછે. એ પર્વતોની બે આડી અવળી હારો કે ભીંતો છે, ને તેઓ લગભગ પૂર્વ પશ્ચિમ એકએકને સમાન્તર છે. તેઓની પેલી મેર ઉંડા ખાડ કે ખીણ છે. એમાંની દક્ષિણ દિશામાં આવેલી ઓળ હિંદના મેદાનોથી ૨૦,૦૦૦ ફુટ કે ચાર માઇલથી વધારે ઊંચી ગયેલી છે. એમાં સૌથી ઊંચો પર્વત એવરેસ્ટ નામે છે. દુનીઆમાં એટલો ઊંચો બીજો કોઈ પર્વત નથી. એની ઊંચાઈ ૨૯,૦૦૨ ફુટ છે. ઉત્તરભણી એ પહાડો શમી જઈ ખીણની હારો આવે છે. તેઓની ઊંચાઈ સમુદ્રની સપાટીથી આશરે ૧૩,૦૦૦ ફુટ છે. એ

ખીણોની પાછળ હિમાલયની અંદરની હાર છે. એ બીજી ડુંગરોથી થયેલી ભીંતનાં મથાળાં પણ બરફથી ઢંકાયલાંછે. આ બેવડી પહાડી ભીંતોની પેલીમેર મોટા ખાડ કે ખીણોની હારોછે, તેઓમાં સિંધુ, સતલજ અને બ્રહ્મપુત્રને માટે પાણીનો જમાવ થાયછે. આ ખીણોની ઉત્તર બાજૂએ તિબેટનો ઉચ્ચ પ્રદેશ છે. તે દરિયાથી ૧૬,૦૦૦ફુટ ઊંચો છે. હિમાલયેકરીને એશિઆના બીજા ભાગોથી હિંદ જુદો પડેછે. તિબેટ અને હિંદની વચ્ચેના પર્વતોનાં મથાળાં હિમથી સદા ઢંકાયલાં છે; અને ઘણાં મોટાં ગતિવાળાં બરફનાં મેદાન (ગ્લેશીઅર) હળવે હળવે નીચેની ખીણમાં ઊતરેછે. એમાંના એકની લંબાઈ ૬૦ માઈલની જાણવામાં આવીછે. આ અરણ્યના ઘણાક ભાગમાં માણસથી પેશી શકાતું નથી, અને એમાં લશ્કરને જવાનો એકે માર્ગ નથી. પરંતુ હિમ્મતવાળા વેપારીઓ ઘેટાંનાં ચામડાં પહેરી એના ૧૮,૦૦૦ ફુટ ઊંચા ઘાટોની વાટે આવજા કરેછે. થાક અને શ્રમથી મરી ગયેલાં ખચ્ચર અને ટટુનાં પડેલાં હાડકાંવડે તેમનો માર્ગ જણાયછે. યક નામે નાની ગાયો પાસે હિમાલયમાં પોઠીનું કામ કરાવે છે. પીઠ ઉપર ભારે બોજો લઈ તેઓ ઊભા ઢોળાવ આસ્તે આસ્તે ચઢેછે. યૂરોપમાં એ ગાયોની પૂછડીના વાળની ફીત કે કોર બનેછે. વળી પહાડી લોકો ઘેટાંની પીઠપર ટંકણખારની ગુણો લાદી તળેટીના પ્રદેશમાં નજીકના બજારોમાં વેચવા લઈ જાયછે. ત્યાં ઘેટાનાં અંગપરથી ઊન ઉતારી લેછે, ને તેમને મારીને માંસ ખાવામાં લેછે; થોડાંક ઘેટાંનાપર ખાંડ તથા કપડાં લાદી પાછાં માંહેના પર્વતોપર લઈ જાયછે.

**હિમાલયની શાખાઓ.**—હિંદની ઉત્તરદિશામાં હિમાલય બેવડા કોટરૂપે આવી રહેલોછે એટલુંજ નહિ, પણ તેને બન્ને છેડે દક્ષિણભણી શાખાઓ ફુટેલીછે; તેઓ ઈશાન અને વાયવ્ય ખૂણાની સરહદ્દોનો બચાવ કરેછે. **નાગ** અને **પત્કોઈ** નામે ઈશાનતરફની શાખાઓના પહાડો સુધરેલા બ્રિટિશ મૂલક અને ઉપલા બ્રહ્મદેશમાં વસનારા **શાની** લોકની વચ્ચે આડ થઈ રહેલાછે. હિમાલયથી દક્ષિણ ભણી જ્યાં એ આડ વળેછે ત્યાં એમાં માર્ગ છે, તે વાટે બ્રહ્મપુત્રનદ આસામની ખીણમાં ધશ્યો જાયછે. સામી બાજૂએ એટલે બ્રિટિશ

હિંદને સઘળે વાયવ્ય સીમાડે આવેલી શાખા એ હિમાલયથી દરિયા સુધી ગયેલીછે. દક્ષિણ તરફ તેઓ જેમ આગળ વધતી જાયછે તેમ તેઓનાં નામ બદલાય છે. ઉપલા ભાગને સફેદ કોહ, મધ્ય ભાગને સુલેમાનપર્વત, અને છેલ્લા કે નીચલા ભાગને હાલા પહાડ કહેછે. આ આડમાં ૧૧,૦૦૦ ફુટથી વધારે ઊંચાં શિખરો છે; પરંતુ હિમાલયથી દક્ષિણ તરફ એ વળે છે ત્યાં આગળ એમાં એક માર્ગ પડેલો છે. તેનું નામ ખાઇબર ઘાટ છે. ખાઇબરમાં થઈ કાબુલનદી હિંદમાં વહેછે. એ માર્ગથી દક્ષિણે થોડે છેટે કુરમ ઘાટ છે. એ સિવાય દેરાઇસ્મૈલખાનની પાસે ગ્વાલરીઘાટ, અને વધારે દક્ષિણમાં પ્રખ્યાત બોલાન નામે ઘાટ છે. એ સઘળા ઘાટો, એકતરફ હિંદ અને બીજી તરફ અફગાનિસ્તાન તથા બલુચિસ્તાન વચ્ચેના દરવાજા છે.

**હિમાલયનો જળાશયઃ**—આ ટેકરીવાળો હિમાલય પર્વત શત્રુને આવતાં અટકાવેછે એટલુંજ નહિ, પણ હિંદના લોકોને અન્ન અને ધન મેળવવાનું સાધન પૂરૂં પાડેછે. નીચે આવેલા ગરમ પ્રદેશોને માટે એમાં પુષ્કળ પાણી એકઠું થાયછે. દૂર રહેલા ઉષ્ણ કટિબંધના સમુદ્રોમાં આખા ઉનાળામાં ઘણી વરાળ થાયછે. એ વરાળ ઊંચે એકઠી થાયછે, અને જુન માસમાં દક્ષિણ તરફથી વાતો મોસમનો એટલે નિયમિત વખતનો પવન તેને ઉત્તર તરફ લઈ જાયછે. ચોમાસાના પવનને લીધે ઉત્તર તરફ ધસડાઈ આવતો વરાળનો જથો આખા હિંદ ઉપર ફરી વળે છે, અને તેની કોઈવાર એકની પાછળ એક એમ દોડતાં વાદળાંની લાંબી હાર બંધાયછે; એવાં વાદળાંને એક દેશી કવિએ મોટા પાંખવાળા પક્ષીની ઉપમા આપીછે. એનો કોઈવાર ભારે તોફાની વરસાદ થઈ જંગલમાં કકડાટ સાથે પડેછે, ને રસ્તામાં આવતાં ગામડાંનાં ઘરનાં છાપરાં ઉરાડી દેછે, તથા ખેતરો રેલછેલ કરી મૂકેછે. જે વાદળાં હિંદઉપર થઈને જતાં વરસાદરૂપે નીચે પડતાં નથી તે આગળ જતાં હિમાલય જોડે અથડાયછે; એ પર્વતો તેને ઉત્તર ભણી આગળ વધતાં અટકાવેછે, ત્યારે ભેજવાળી વરાળ તેના આગલા ઢાળપર વરસાદ થઈ ઊતરેછે અથવા અંદરનાં શિખરોને ઓળંગવા જતાં ઠરી જઈ તેનું બરફ થાયછે. એ પર્વતોની

દક્ષિણ બાજુએ જેટલો વરસાદ વરસેછે તેટલો આખી પૃથ્વીઉપર બીજે કોઈ ઠેકાણે વરસતો નથી, અને તેનું પાણી હિંદની નદીઓમાં જથાબંધ વહ્યું જાયછે. શિખરોની પેલીમેર થોડીજ વરાળ જમા પામેછે, તેથી ઉત્તરે આવેલા તિબેટનાં મોટાં મેદાનમાં ભાગ્યે કાંઇક વરસાદ વરસેછે. આસામમાં ચેરાપુંજીના ડુંગરો જોડે ચોમાસાનો પવન પહેલો અથડાયછે, ત્યાં દરવરસે ૫૨૩ ઇંચ વરસાદ પડેછે; એવું કહેવાયછે કે એક વરસમાં (૧૮૬૧માં) ૮૦૫ ઇંચ વરસ્યો હતો, તેમાંના ૩૬૬ ઇંચ એકલા જુન માસમાં થયો હતો. લંડનમાં દરવરસે જ્યારે ૨ ફુટ વરસાદ થાયછે અને હિંદના મેદાનમાં ૧ થી ૭ ફુટ લગી થાયછે, ત્યારે ચેરાપુંજીમાં ૩૦ ફુટ વરસેછે, એટલે મોટામાં મોટી મનવાર તરી શકે એટલું પાણી પડેછે. એક વખત એક વરસમાં ત્યાં ૬૭ ફુટ વરસાદ થયો હતો એટલે ત્રણ માળની હવેલી ડૂબે તેટલું પાણી પડ્યું હતું.

**હિમાલયની નીપજ અને તેનો દેખાવઃ**—આ ભારે વરસાદે કરીને હિમાલયની દક્ષિણના ઢાળ ઘણા રસાળ થાયછે. ઉપલા પર્વતો બોડાબૂચા પાષાણના જથા છે, પણ જ્યાં જ્યાં ઉંડી માટીવાળી ભોંય હોયછે, ત્યાં ઝાડોનાં જંગલ થાયછે; તળેટી આગળની નીચી ભીની જમીનના પટને તરાઇ કહેછે. તે ઘાડાં જંગલથી ઢંકાયલીછે. એમાં તાવનો રોગ બહુ થાયછે, તેથી ત્યાં માત્ર થોડાક વગડાઉ માણસો અને પશુની વસ્તી છે. ફર્નનાં ઝાડ અને વાંસની ઝાડીઓ ઉગમણા ડુંગરોને શોભાવેછે, તથા હોડોડેન્ડ્રોનના મોટાં મોટાં ઝાડ થાયછે, તે વસંત રૂતુમાં લાલ અને ગુલાબી ફૂલોથી આસપાસના પ્રદેશને શણગારેછે. દેવદારનાં ચટ્ટ અને ભભકાદાર ઝાડ જથાબંધ ઉગેછે. લીલ, ફર્ન છોડવા, અને ફૂલવાળા વેલાથી ઝાડોની ડાળીઓ છવાયલી હોયછે. શરદઋતુમાં રાતી બાજરીનાં ખેતરો પહાડોની બાજૂએ ઝળકતી લાલ પટીઓ જેવાં દેખાયછે. ઇમારતી લાકડાં અને કોયલા એ હિમાલયની વેચી શકાય એવી નીપજ છે. સાંકડી ગરમ ખીણોમાં અને ઢોળાવપર બહુ મહેનતે કરેલી ઉંચી સપાટીઓ ઉપર બાજરી, જવ, બટાટા અને બીજાં શાક તથા મધ નીપજેછે. પીઠપર બોજો લઇને ટટ્ટુઓ અને ખચરોની હારની હાર મહા મુશીબતે ઉભા ખડકોમાંથી ખોદી કાઢેલ

સાંકડે રસ્તે આવજા કરેછે. ખચ્ચરવાળા અને તેમની મહેનતુ બાયડીઓ ભોજવૃક્ષ (સરળ)ની ડાળીઓના ભારા અને અનાજ ભરેલા શંકુ આકારના ટોપલા લઈ જોડે ચાલેછે.

**જંગલનો નાશ.**—નીચેના પ્રદેશોમાં લાકડાં મોઘાં થવાથી ઘણાક પહાડોપરનાં વનનો નાશ થયોછે, તેથી હવે તેઓના ઓડા ઢાળપરથી વરસાદનાં પાણી ઉતાવળે વહી જાયછે, અને નવાં ઝાડ ઉગી શકતાં નથી. એમાં વિલાયતથી આણેલા બટાટા કરવામાં આવેછે, તેથી પણ ઈમારતી લાંકડાં ઊગતાં બંધ થયાં છે. બટાટા સારૂ જમીન તૈયાર કરવાને પહાડી એકુતો મોટાં ઝાડોના થડની આસપાસ ગોળાકારની ઉગેલી વનસ્પતિ બાળી નાંખેછે; અને પહાડની બાજૂએ ઉંચી સપાટીઓ કરેછે. પછી થોડાં વરસમાં ડાળાંની છાલ તથા પાંદડાં ખરી પડેછે, અને ઝાડ સૂકાયલું માત્ર ઊભું રહેછે. મોટાં જંગલમાં કપાઈ પડેલા દૈત્યની પેઠે કેટલાંક ઝાડ જમીન ઉપર સડેછે; કેટલાંક ધોળાં થડ અને સૂકી ડાળીસહિત ઉભાં રહેછે. અંતે જ્યાં જંગલનો નાશ થયો હોયછે ત્યાં ખૂબ ફાલેલો બટાટાનો લીલો પાક જોવામાં આવેછે. કેટલીક વધારે વગાડાઊ જાતો ખેતી કરવાસારૂ એથી પણ વધારે નુકસાન કરેછે. તેમની પાસે હળ અને બળદ ન હોવાથી જંગલને બાળી નાંખેછે, અને ચાંચવે જમીન ખોદી એકપછી એક ઉતાવળે પાક પકવી જમીન કસ વિનાની કરી નાંખેછે. એક કે બે વરસમાં બધી વસ્તી જંગલના બીજા ભાગપર જાયછે; ને તેને પણ એ રીતે સાફ કરી ખાલી કરી નાંખેછે. પછી ત્યાંથી ઉપડી તેજ પ્રમાણે બીજી જગાએ જાયછે.

**હિમાલયમાંથી નીકળનારી નદીઓ**—હિમાલય પર્વતો વિષે ખાસ જાણવાનું એ છે કે તેઓના ઉત્તર અને દક્ષિણ બેઉ ઢાળોપર પડેલું વરસાદનું પાણી હિંદના પ્રદેશોમાં જાયછે; કેમકે પાછળ કહેવામાં આવ્યું તેમ તેઓનો બેવડો કોટ બન્યોછે અને તેની પુંઠે ઊંડી ખીણ છે. આગલા એટલે દક્ષિણે આવેલા પહાડોને ઓળંગી જતો વરસાદ અંદરના એટલે ઉત્તરના પર્વતના કોટપર પડેછે, અને તેનું પાણી પાછળની ખીણમાં વહી જાયછે. હિંદની ત્રણ મોટી નદીઓમાંની બે—સિંધુ અને બ્રહ્મપુત્ર—વધારે લાંબી છે ને હિમાલયનાં બેવડા કોટની ઉત્તરે

આવેલી ખીણમાં નીકળે છે; અને ત્રીજી ગંગા નદી જે ઉપલી કરતાં નાની છે તેમાં તેના દક્ષિણ ઢાળોનું પાણી વહેછે.

**સિંધુ અને સતલજઃ**—સિંધુને બહુ પાણી પુરૂં પાડનારી **સતલજ** નદી છે. **સિંધુ**, **સતલજ**, અને **બ્રહ્મપુત્ર**, એ ત્રણેના મૂળ એકાંત ખીણોમાં છે; ને તે એકમેકથી ઘણાં દૂર નથી. એ ખીણો અને હિંદની વચ્ચે ૧૫,૦૦૦ ફુટ ઊંચા પહાડોની આડ છે. સિંધુ અને **સતલજ** પ્રથમ આથમણી દિશામાં વહેછે. પછી હિમાલયમાં દક્ષિણ તરફના માર્ગ મળવાથી તેઓ તે દિશામાં વળેછે. પંજાબમાં તેઓની સાથે બીજી નાની નદીઓ મળેછે, અને બન્ને એક પ્રવાહ થઈ હિંદી-મહાસાગરમાં ભળેછે. એમની લંબાઈ ૧,૮૦૦ માઈલ છે.

**બ્રહ્મપુત્રઃ**—બીજી બાજૂએ **બ્રહ્મપુત્ર** હિમાલયની પાછળ ઉગમણી દિશાએ વહેછે, તે આસામના ઈશાન ખૂણા સુધી આવેછે. એટલે ત્યાં તેને બહાર નિકળવાનો માર્ગ મળવાથી એકાએક આથમણી દિશા ભણી વળેછે, પછી દક્ષિણ તરફ જાયછે, અને છેવટે **બંગા-ળાના** અખાતને મળેછે. સિંધુની પેઠે એના માર્ગની લંબાઈ પણ સુમારે ૧,૮૦૦ મૈલ છે. એમ સિંધુ અને બ્રહ્મપુત્ર હિમાલયની પાછળ પ્રથમ પાસે પાસે દેખાવ દેછે. તેમની લંબાઈ સરખી છે, અને તેમનાં મુખ હિંદની સામસામી બાજૂએ ૧,૫૦૦ માઈલને અંતરેછે. પર્વતો ફાડીને બહાર નીકળતાં પહેલાં બે ડુંગરી કોટની વચ્ચેની ખી-ણમાં થઈને તેઓ ઘણે છેટે સુધી ગુપ્ત વહેછે, અને હિમાલયના ઉત્તર ઢાળનું પાણી હિંદના મેદાનમાં લાવેછે. બ્રહ્મપુત્રનું ખરેખરૂં મૂળ હજી માલૂમ પડયું નથી. હિમાલય પર્વતના કોટની પાછળ લગભગ ૧,૦૦૦માઈલ સુધી તે **શામ્પુ** નામે ઓળખાયછે, અને પર્વત ફાડી બ-હાર હિંદના મેદાનમાં ઉતરેછે, ત્યારે આ મોટો નદ **બ્રહ્મપુત્ર** એટલે ( **બ્રહ્મા** અથવા ) દેવનો દીકરો એવું સંસ્કૃત નામ ધારણ કરેછે.

ગંગા અને તેને મળનારી મોટી જમનામાં હિમાલયના દક્ષિણ ઢાળોનું પાણી આવેછે. સમુદ્રની પાસે આવતાં તેઓ બ્રહ્મપુત્રને મળેછે, અને તેમનાં મૂળથી ૧,૫૦૦ માઈલને છેટે **બંગાળી** અખાતમાં બહુ મુખે ભળેછે.

**બીજો એટલે નદીઓનો પ્રદેશ.**—જે મોટાં વિશાળ મેદાનોવાળા પ્રદેશમાં થઈ હિમાલયની નદીઓ વહેછે તે ઊપર કહેલા ચારમાંનો બીજો પ્રદેશ છે. એનો વિસ્તાર પૂર્વે બંગાળી અખાતથી પશ્ચિમે હિંદી મહાસાગર સૂધી છે, અને એમાં હિંદીરાજ્યના ઘણા ધનવાન અને ઘણીઘાડી વસ્તીવાળા પ્રાંતો છે. ઘણા પુરાતન કાળથી ઈશાન અને વાયવ્ય ખૂણાને ઝાંપે થઈ પરદેશી લોકો હિંદ ઉપર સ્વારી કરતા આવ્યાછે. તેઓએ નદીઓને કાંઠે કાંઠે આગળ વધી તેમની પહેલાં આવી વસેલા લોકને દક્ષિણમાં દરિયા ભણી હાંકી મૂકયાછે. એ નદીઓના મેદાનમાં અને તેની આજુબાજૂએ એટલે નીચલા બંગાળ, આસામ, અયોધ્યા, વાયવ્ય પ્રાંત, પંજાબ, સિંધ, રજપૂતસ્થાન અને બીજાં દેશી રાજ્યોમાં ૧૫ કરોડ માણસો હાલ વસેછે. એ પ્રદેશની પશ્ચિમે સિંધુ નદી હિમાલયનું પાણી લાવેછે, પૂર્વે બ્રહ્મપુત્ર લાવેછે, અને ગંગા તથા તેને મળનારી નદીઓ મધ્ય ભાગને રસાળ કરેછે.

પંજાબમાં પાંચ નદીઓ સિંધુને મળેછે ત્યારપછી બીજી કોઈ નદી તેને મળતી નથી; તેને પૂર્વ કાંઠે રજપૂતસ્થાનનું મોટું રણ લાગી રહે છે. છેક પૂર્વમાં બ્રહ્મપુત્ર આસામની હજી પણ આછી વસ્તીવાળી ખીણમાં વહે છે; પરંતુ દરિયા તરફ જતાં ગંગાની નજીક આવેછે, ત્યાં એને કાંઠે ઘાડી વસ્તી છે. ગંગા અને તેને મળનારી મોટી નદી જમના આશરે એક હજાર માઇલ સૂધી હિમાલયને લગભગ સમાન્તર વહેછે. તેઓને હિમાલયમાંની બીજી ઘણીક નાની નદીઓ મળેછે. ઉત્તર હિંદના ઘણા ખરા ભાગોને એ નદીઓ પુષ્કળ પાણી પુરૂં પાડેછે, અને ખેતરોને રસાળ કરનારી આ જલદાતા નદીઓને લોક પૂજે છે. ગંગા અને જમનાનાં પર્વતોમાં રહેલાં મૂળ પવિત્ર ગણાયછે. અલાહબાદ ( પ્રયાગ ) આગળ એ બન્ને નદીઓનો સંગમ થાયછે. ત્યાં વરસો વરસ હજારો લોકો જાત્રા જાયછે; અને સાગર બેટ આગળ, તેમનું એકઠું થયલું વહેણ પહેલાં સમુદ્રને મળતું ત્યાં તો હજી દર વરસે જાનેવારી માસમાં મોટી જાત્રા ભરાયછે. ગંગાને લોક પ્રેમપૂર્વક મૈયા એટલે મા કહેછે. ગંગા મૈયામાં નહાવાથી જન્મારાનું પાપ ધોવાઈ જાયછે; અને એના જળવડે શરીરની મટ્ટી સાગરમાં જાય એવી આતુર-

તાને લીધે ભાવિક હિંદુઓ એને કાંઠે દેહ પાડેછે. વળી ગંગાને કાંઠે મોટાં શહેરો છે. કુલકત્તા, પાટણ, અને બનારસ (કાશી) એને તીરે વસેલાંછે. એને મળનારી જમનાને તીરે આગ્રા અને દિલ્હી છે; ને એ બે બેનો ભેગી થાયછે તેના નાકાની જમીન ઉપર અલાહબાદ છે.

**નદીઓથી થતું કામ.**—હિંદના મેદાન પ્રદેશો વિષે સમજણ પડવાને માટે આ મોટી નદીઓ જે કામ કરેછે, તે આપણે સારી પેઠે જાણવું જોઈએ; કેમકે એ નદીઓ પ્રથમ જમીન પેદા કરેછે, પછી તેને રસાળ કરેછે, અને છેવટે તેની ઊપજ દેશ દેશાવર લેઈ જાયછે. માણસ સૃષ્ટિ ઊપર પેદા થયું, તે પહેલાં ઘણા કાળે એ પ્રદેશો ઘણે ઠેકાણે પૃથ્વીની અંદરના અગ્નિના જોરથી ઉંચા આવ્યા, અથવા કોઈ જળસમયમાં થર બંધાઈ થયા. પણ કેટલેક ઠેકાણે નદીઓએ પર્વતમાંથી આણેલા કાંપ (કચરો અને મટોડી) ના તેઓ બન્યા છે, અને આજે પણ અસલથી ચાલી આવેલી જમીન બનાવવાની એવી છાની રીત જારી છે, તે આપણે જોઈ શકીએ છીએ. હિમાલયથી સમુદ્રસુધી જતાં બંગાલા પ્રાંતની ગંગાજેવી મોટી નદીના માર્ગની બે અવસ્થા છે. પહેલી અવસ્થામાં તે ખીણોને તળીએ વહેછે, બંને બાજુના દેશનું પાણી અને કાદવ રાખી લેછે, નાના વહેળાઓ તેમાં ભળેછે, અને એમ વધતાં જતાં પાણી અને કાદવ સહિત વેગથી આગળ ધસેછે. નીચલા બંગાળાના મધ્યભાગે ગંગા પહોંચેછે ત્યારે એની બીજી અવસ્થાનો આરંભ થાયછે. અહીં મેદાનોની એકસરખી સપાટીને લીધે તેના વેગને અટકાવ થાયછે, ને તેના પ્રવાહમાં ફાંટા પડી શાખાઓ થઈ જાયછે. જેમ પાણીની ધારને એકાએક આંગળીથી અટકાવતાં તૂટક સેરો નીકળેછે, અથવા પાણીનો લોટો જમીનપર નાખતાં માંહેના પાણીના રેલા અનેક દિશામાં ચાલેછે, તેમ અહીં બનેછે. એમ બનેલાં નવાં વહેણોમાંથી વળી ડાબે અને જમણે બેઉ બાજૂએ બીજા ફાંટા ફુટેછે.

**બંગાળનો ડેલ્ટા. ત્રિકોણ પ્રદેશ.**—એ નદીઓની ઘણીક શાખાઓથી વીંટાયલા અને ભેદાયલા પ્રદેશને બંગાળનો ડેલ્ટા કહેછે. નાનાં નાનાં વહેણો આ વિશાળ સપાટ મૂલકમાં ધીમે ધીમે વહેછે.

મૂળની દોડતી નદી ઉત્તર હિંદમાંથી માટી કે રેતી લાવેછે તે આ શાખાઓનો વેગ ઓછો થઈ જવાથી આગળ જઈશકતાં નથી. ડેલ્ટાની મંદગતીવાળી તૂટેલી નદીઓનો સઘળો કાદવ કચરો તળીએ ઠરી રહેછે, અથવા તો કિનારા ઉપર નીકળી જાયછે. કચરાના ઠરવાથી આખરે તેનો બદામ આકારે બેટ બનેછે, અને થોડે કાળે નદીનાં તળીઆં આસપાસના સપાટ મૂલકથી ઉંચા થાયછે. એ રીતે ડેલ્ટાઓની એ નદીઓ ઉંચી સપાટીમાં વહેનારી નહેરો જેવી છે, અને વરસાદની મોસમમાં ઉભરાઈ જઈ પોતાનો કચરો દરેક પડખે આવેલા નીચા દેશમાં મૂકેછે. **નીચલા બંગાળામાં** હજારો ચોરસ માઈલ જમીન ઉપર પ્રત્યેક ઊનાળામાં વગર ખરચે પૂરાણ થાયછે, અને નદીનાં વહેણો હિમાલયમાંથી પૂરાણ આણી આ પ્રમાણે સ્વભાવિક ખાતર પાથરેછે તેથી હમેશાં સારો પાક ઊતર્યા કરેછે.

**નદીઓ જમીન કરનારી છે**:—બેટમાં નદીઓ આગળ જાયછે, તેમ તેમની ગતિ વધારે ધીમી થતી જાયછે, અને તેથી તેનાં તળીઆં પડોશની સપાટીથી વધારે ઊંચાં થાયછે. દરેક શાખાની બન્ને બાજૂએ નીચી ભીની જમીન છે, તેથી ડેલ્ટામાં નીચામાં નીચી ભીની સપાટી બે નદીઓના વચગાળે છે. નદીનું પાણી ઊભરાઇને આ નીચી જગાઓમાં વહેછે, અને થોડે થોડે કચરાથી તે પૂરાઈ જાયછે. નદીમાંથી નીચી જગોમાં પાણી જાયછે, તેનો રંગ કોઈ વખતે પીળો હોયછે, કારણ કે તે પાણીમાં કચરો અને રેતી ભળેલાં હોયછે. ત્યાં કેટલાએક દહાડા લગી પાણી રહેછે, અને પછી નદીની રેલ ઊતરી જાયછે, ત્યારે તે પાછું નદીના વહેણમાં જાયછે. એ પાણીમાંનો કચરો નીકળી જવાથી તેનો રંગ નીતર્યો ધુંધળો ભૂરો હોયછે. કાંપ ભીના નીચાણમાં ઠરી રહેછે, તેથી નીચાણ જમીન થોડે કાળે પૂરાઈ જાયછે. એ રીતે નદીને લીધે ધીમે ધીમે નવી જમીન બનેછે.

**નદીની ખાડીઓ.**—ડેલ્ટાને છેડે હિંદી નદીનો દેખાવ કંઈ જુદો જ છે. ત્યાં ખૂબ ઝાડો અને ઝાડીઓનું જંગલ તથા ભેજવાળી જમીન બની રહેછે. અહિં તાવ ઉત્પન્ન કરે એવી હવાવાળાં ઉજડ જંગલોમાં થઈ વહેણનાં ડાળાં પાંખડાં દરિયાને મળેછે. નવી જમીન

કરવાની છાની ક્રિયા અહિં પ્રત્યક્ષ જણાયછે. સમુદ્રના ભારે પાણીને લીધે વહેણના પ્રવાહનો છેલ્લો અટકાવ થાયછે, તેથી તેમાં રહેલો કાંપ ત્યાં ઠરી બેસેછે, અને તેનાં કરાડા અથવા વાંકી ભૂશિરો બની પાણીની ઉપર નીકળી આવેછે. નદીના પાણીથી સાગરના વહેણની ગતિ પણ અટકેછે, ને તે વહેણમાં આવેલી રેતીનો કાંઠે કાંઠે જમાવ થતો જાયછે. એ રીતે નદીનો કાંપ કચરો ઠરવાથી કાંઠાની જમીન સમુદ્ર તરફ વધેછે, ને સમુદ્રના વહેણમાંની રેતી ઠરવાથી નદીના મુખોની આસપાસ દ્વીપો બનેછે. ઉપર પ્રમાણે જમીન બનવાની બેવડી ક્રિયા ત્યાં ચાલેછે.

**નદીઓ ખેતરોને પાણી પાનાર, અને માલ લઈ જવાના માર્ગ છે.**—મોટી હિંદિ નદીઓ પોતાના તળીઆમાં બેટ બનાવેછે. કિનારે આવેલી નીચી ભેજવાળી જમીનપર કાંપ કચરો પૂરીને નવી ભૂમી કરેછે, પોતાના મુખ આગળ ટેકરા, ભૂશિરો, અને નવી જમીનો બનાવેછે, સમુદ્રને પાછો હઠાવી તેઓ ધીમે ધીમે પોતાના ડેલ્ટાઓ રચેછે. એ પ્રમાણે તેઓ જે જમીન ઉત્પન્ન કરેછે, તેને રસાળ પણ કરેછે. તેઓના માર્ગના નીચલા ભાગમાં સ્વાભાવિક રીતે ખેતરોને પાણી મળેછે, અને જમીનમાં ખાતર પૂરાયછે. પણ ઉપલા ભાગમાં માણસને આગળ પડી નહેરો ખોદી તેમાંથી પાણી લેવું પડેછે. વળી નદીને રસ્તે દેશનો માલ શહેરોમાં અને બંદરોમાં થોડે ખરચે લઈ જવાયછે; અને ધોરી નસો માણસના શરીરમાં જે કામ કરેછે તે આ નદીઓ બંગાળાના પ્રદેશમાં કરેછે.

**નદીઓ નાશકારક પણ છેઃ**—પણ તેઓના વેગના બળને લીધે વખતે ભયંકર આફતો બનેછે. ભાગ્યે કોઈ વરસ રેલ વગરનું જાયછે. લોકનાં ઢોર, ભરી મૂકેલું અનાજ, છાયલાં ઝૂપડાં, અને રેલને લીધે છાપરે ચડી બેઠેલા ચિંતાતુર માણસો એ રેલમાં તણાઈ જાયછે. તેમના માર્ગના ઉપલા ભાગમાં નહેરોવડે ખેતરોમાં પાણી લઈ જવામાં આવેછે, ત્યાં પાણી પાયલી માતબર જમીન તાવ ઉત્પન્ન કરેછે, અને કોઈ ઠેકાણે એ પાણીમાંનાં રેહ નામે ખારનો પોપડો ખેતરોમાં બાઝવાથી તેઓ નાશ પામેછે, અને તેમાં કાંઈ ઉગતું નથી. વધારે

નીચલા ભાગમાં એક મોટા વેગવાળી નદીઓ દેશપર અહિં તહીં ફરતી રહેછે, જુના માર્ગો તજેછે, અને નવા શોધી તેમાં વહેછે; એ નવા માર્ગો જૂના માર્ગોથી વખતે ઘણા માઈલ દૂર હોયછે. આ નિરંતર ફરતા માર્ગમાં આવેલી ભૂમિને તથા ગામોને એ નદીઓ ડુબાવી દેછે. કોઈ વાર પોતાની જમીનમાં થઈને પહોળી અને ઉંડી નદીનું વહેણ વહેછે તે બંગાળી જમીદાર નિરૂપાય થઈ જોયા કરેછે. એ નદીઓ શાંત હોયછે, ત્યારે પણ જૂના જમીદારોની જમીન તરફ દબાણ કરેછે, અને નવા જમીદારને માટે બીજી કાઢી આપેછે. પ્રત્યેક શરદ્ ઋતુમાં આ બળવાન વહેણો તીરે આવેલાં ખેતરોને અને ગામડાને તળેથી ખોદી તોડી પાડેછે. જમીન બનાવવાના ઉદ્યોગથીજ તેમના વહેવાના રસ્તા પૂરાઈ જાયછે; અને એ રીતે તેમના કાંઠાપર આવેલાં ઘણાંક પ્રાચીન શહેરોનાં ખંડેરો હાલ પાણીથી આઘે ઉંચાણમાં આવેલાં માલૂમ પડેછે. એજ પ્રમાણે તેઓનાં મુખ આગળ આવેલાં બંદરો બંધ થઈ ગયાંછે. નદીનાં વહેણ તથા દરિઆના પ્રવાહથી રેતી કે કચરાવડે ત્યાં આગળ પુરાણ થઈ બેટો નીકળ્યા છે.

**નદીઓથી બનેલા ઉત્તરના પ્રદેશોના પાક અને દેખાવ.**—બંગાળાની નદીઓના પ્રદેશોમાં વરસમાં બે અને કેટલાક પ્રાંતોમાં ત્રણ પાક થાયછે. ઘણાંક પરગણાંમાં તેના તેજ ખેતરમાં બાર મહિનામાં બે પાક ઉતરેછે. વસંતઋતુમાં કઠોળ, તેલી બીઆં, તથા ઘણી જાતની લીલોતરીનો પાક થાયછે; સપ્ટેંબર (ભાદરવા) માં ડાંગેરનો પેહેલો પાક, અને નવેમ્બર (આસો-કારતક) માં વરસનો ડાંગેર તથા બીજાં અનાજનો મોટો પાક થાયછે. એ છેલ્લો પાક લણાઈ રહ્યાં પહેલાં તો વસંતની રોપણીને સારૂ જમીનને તૈયાર કરવાનો વખત થાયછે; મે મહિનાના તાપના દહાડાશિવા ખેડુતને નવરાશનો વખત નથી. એ માસમાં તે વરસાદની રાહ આતુરતાથી જુએછે. નદીઓને ઉપલાણે આવેલા ઉત્તર તરફના વધારે કોરા મૂલકોમાં કાંઠેથી ઉપર ચડતાં રસાળ પ્રદેશો છે. ત્યાં માટીનાં ઘરોવાળાં ગામડાં છે, અને શોભાયમાન વૃક્ષો છે. વસંતમાં આંબાવાડીઓના મોરના વાસથી હવા બહેકી રહેછે, અને ઉનાળામાં તેની પુષ્કળ કેરીઓ ઉતરેછે. ફૂલાતાં

વડનાં ઝાડ અને તેમનાં લટકતાં મૂળ ( વડવાઈ ) ના સ્તંભ, પાંદડાંના ભરાવવાળા ભભકાદાર પીપળા, રતાશ પડતાં ફૂલોથી છવાયલા પાતરાં વગરના કપાસના છોડ, પીંછાં જેવાં પાંદડાંવાળી ઉંચી આમલીઓ, અને ઉતાવળે ઉગનારાં બાવળો ખેતરોની આસપાસ ઉગેછે, ને ઉંચાં વધેછે. સમુદ્રની નજીક નદીઓ આવતી જાયછે તેમ તેને કાંઠે તાડનાં વનો જોવામાં આવેછે.

**ડેલ્ટાના પાક.**—એ ભાગમાં વિસ્તારવાળા, સપાટ ડાંગરના કયારડા જણાયછે. તેમની આજુબાજૂએ સદા લીલાવાંસ, નાળિએર, આરેકા ( સોપારી ) અને બીજાં કલગીધાટાં વૃક્ષો હોયછે. ઉપલક નજર કરતાં આ ધાડી વસ્તીવાળો પ્રદેશ ગામડા વગરનો હોય એમ લાગેછે, કેમકે દરેક ગામડું કેળની વાડીઓમાં અને પેદાશ કરી આપે એવાં ઝાડોમાં ઢંકાયલું હોયછે. નદીની નીચલી મેર ઉતરીએ છીએ, તેમ વળી જુદા જુદા પાક નજરે પડે છે. ઉત્તરમાં મુખ્ય પાક ઘઉં, જવ, જુવાર ને બાજરી છે. અહિં સાધારણ લોકોનો ખોરાક જુવાર અને બાજરી છે. ડાંગર ઉપજાવવાને જમીનને પાણી પાવું પડેછે, અને તે માત્ર ધનવાન લોકો વાપરેછે. ડેલ્ટામાં તો મુખ્ય પાક ડાંગર છે, અને તેજ સઘળા લોકનો ખોરાક છે. કંઈ નહિતો પચાસ જાતની ડાંગર બંગાળી ખેડુત પકવી જાણેછે. શેરડી, તેલી બીઆં, કપાસ, તમાકુ, ગળી અને ઘણાક કીમતી મસાલા અને રંગ કરવાની ચીજો ઉત્તરમાં અને દક્ષિણમાં ઊગેછે. મેદાનની સરહદે આવેલા ડુંગરાપર, પરંતુ મુખ્યત્વે કરીને દાર્જીલિંગની આસપાસ કે દ્વાર્સ અને આસામમાં, ચાના છોડ ઊછેરવામાં આવેછે. ગંગાના અર્ધ ભાગમાં કાશી અને પાટણની આસપાસ અફીણના છોડનું વાવેતર થાયછે. વધારે આગળ જતાં નીચલા બંગાળામાં રેશમના કીડાનો ખોરાક જે શેતુર તેનાં ઝાડ ઉગેછે. બંગાળી ડેલ્ટામાં મુખ્યત્વે કરીને સણનો પાક થાયછે. એ પાકને લીધે નદીના પૂરથી જે જમીન માતબર ન થયાં કરતી હોય તેનો કસ ઊતરી જાયછે. જંગલોમાંથી પણ લાખ, અને તસર નામે હીરના કોસેટા મળેછે. નદીઓના પ્રદેશોમાં જે જે પાક થાયછે તે બધાનાં નામ વાંચનારને કંટાળો આપે એટલાં છે. કોઈ

પ્રજાને પોષણના ખપમાં આવે અને લૂગડાં કરવાને ઉપયોગી હોય અથવા પરદેશો જોડે વેપાર ચલાવવાને લાયક હોય એવી સઘળી જાતની વનસ્પતિ ઘણું કરીને પુષ્કળ પેદા થાયછે.

**ત્રીજો પ્રદેશઃ દક્ષિણનો ઉચ્ચ પ્રદેશઃ**—ઉત્તરમાં હિમાલય, અને તેની તળેટી આગળ મોટી નદીવાળા મેદાનો વિષે મુખ્ય બાબતો કહી. હવે હિંદના ત્રીજા પ્રદેશનું વર્ણન કરીએ. એ પ્રદેશ ત્રણ બાજુવાળી ઊંચી સપાટ ભૂમિ છે, અને આ દ્વીપકલ્પનો દક્ષિણ અર્ધભાગ રોકેછે. પ્રાચીન કાળમાં આ ભાગને દક્ષિણ દેશ કહેતા હતા, અને એમાં મધ્યપ્રાંતો, વરાડ, મદ્રાસ ઈલાકો, મુંબાઈ ઈલાકો, મ્હેસૂર, સિંધિયા, હોલ્કર, અને નિજામનાં તથા બીજા ખંડિઆ રાજાનાં સંસ્થાનો છે. ગંગાના પ્રદેશની દક્ષિણ બાજૂથી એનો ઢાળ ચઢતો જણાયછે. એની છેક પૂર્વ અને પશ્ચિમ તરફ થાણાં જેવા બે પવિત્ર પહાડ આવી રહેલાછે, અને તેમની વચ્ચે ૮૦૦ માઇલ લાંબી નાના મોટા ડુંગરોની હાર છે. પશ્ચિમ છેડે આવેલો આબુ પર્વત રજપૂતસ્થાનના પ્રદેશથી ૫,૬૫૦ ફુટ ઊંચો છે. દરિયાની વચ્ચે બેટની પેઠે તે આસપાસના મેદાનમાં ઊભો છે. તેના ઉપર, શ્રાવક લોકનાં અનુપમ દહેરાં છે. અરવલ્લી, વિંધ્યા, સાતપૂડા, અને કાઈમુર પર્વતો તથા બીજી ઊંચી ભૂમિ પૂર્વ તરફ ફેલાયછે, તે ગંગાની ખીણ સુધી જાયછે. અહિં રાજમહાલનામે ડુંગરીઓ છે. છેક પૂર્વમાં પારસનાથનામે ડુંગર છે, તેપણ જૈન તીર્થ છે અને ગંગાના પ્રદેશની સપાટીથી તેની લંબાઈ ૪,૪૦૦ ફુટ છે.

**દક્ષિણ ઉચ્ચ પ્રદેશનો દેખાવ.**—આ જુદા જુદા પહાડોની હારો મધ્ય દેશની ઊંચી ભૂમિને ઉત્તર તરફથી જાણે ટેકો આપનાર ભીંત છે. હાલ સડકો અને રેલ્વે તેઓમાં પેઠાં છે, પણ પાછલા સમયમાં ઉત્તર અને દક્ષિણ હિંદની વચ્ચે એ પર્વતો અને જંગલોની આડને લીધે આખા હિંદનું એક રાજ્ય બનાવવાનું કામ ઘણું કઠણ હતું. આ ત્રિકોણાકાર ઉચ્ચ પ્રદેશમાં મોટાં મોટાં વન, પર્વતમાળા, શિખરો અને વચ્ચે વચ્ચે બેડાણવાળા પ્રદેશો અને ઊંચાં મેદાનો છે. એની પૂર્વ અને પશ્ચિમ બાજૂઓને ઘાટ કહેછે. નદીને તીરે આરા

બાંધેલા હોયછે તેઓને અથવા પહાડોમાં આવજા કરવાના માર્ગને ઘાટ કહેછે. **પૂર્વઘાટ** **મદ્રાસ** ઈલાકામાં રહેલાછે. તેમાં તૂટક ડુંગરો અને ડુંગરાની હારો છે. કોઈ કોઈ ઠેકાણે કાંઠાથી દૂર હોવાથી તેની અને સમુદ્રની વચ્ચે મોટાં સપાટ મેદાનો છે. **પશ્ચિમઘાટ** દરિયાની બાજૂએથી મુંબાઈ ઈલાકાને બચાવનાર મોટો કોટ છે. તેની અને કિનારાની વચ્ચે માત્ર સાંકડી પટી છે. કોઈ કોઈ ઠેકાણે તેઓ સાગરમાંથી ઉપડેલાછે, ત્યાં તેની ભવ્ય ઊભી ટેકરીઓ તથા ભૂશિરો દરિયા પરથી ઉતરવાના વિશાળ પગથિઆં જેવાં દેખાયછે. પૂર્વ અને પશ્ચિમ ઘાટ કન્યાકુમારી આગળ ખૂણે પડતા મળેછે, તેથી આ ઉચ્ચ પ્રદેશને માત્ર ત્રણ બાજુઓ છે. એમની અંદરની ભૂમિ હિમરેખાથી ઘણી નીચી છે, અને તેની સાધારણ ઉંચાઈ ૨,૦૦૦ કે ૩,૦૦૦ ફુટથી વધારે ભાગ્યેજ કોઈ જગાએ હશે. એમાં નામીચો પહાડ **નીલગિરિ** ( આસમાની રંગનો પહાડ ) છે. **મદ્રાસ** ઈલાકાની ઊનાળાની રાજ્યધાની ઉતકમંડ દરિયાથી ૭,૦૦૦ ફુટ છે, તે એ પહાડમાં છે. સૌથી ઊંચું શિખર મ્હૈસૂરને દક્ષિણ છેડે **દોદાબેત્તા** છે તેની ઊંચાઈ ૮,૭૬૦ ફુટ છે.

**દક્ષિણ ઉચ્ચ ભૂમિની નદીઓ.**—આ વિશાળ ઉચ્ચ પ્રદેશનું જળ મુખ્યત્વે પૂર્વ કાંઠે જાયછે. ત્રણ બાજૂવાળા આ પ્રદેશની ઉત્તર તરફનું એટલે વિંધ્યાચળના ઉત્તર ભણીનું પાણી ગંગા નદીમાં ભળેછે. વિંધ્યાચળની દક્ષિણ તળેટીએ **નર્મદા** વહેછે; અને તેનું તે તરફનું પાણી બરાબર પશ્ચિમમાં ખંભાતના અખાતમાં લઈ જાયછે. **નર્મદાથી** થોડે છેટે દક્ષિણમાં લગભગ તેને સમાન્તર **તાપી** નદી વહેછે, તે સાતપૂડા પહાડનું પાણી તેજ અખાતમાં લઈ જાયછે. પણ અહિંથી આગળ દક્ષિણમાં જતાં પશ્ચિમઘાટ આવેછે. તે મુંબાઈ ઈલાકાના નાકાકિની, અને માંહેલા ભાગની ઉચ્ચ ભૂમિની વચ્ચે ઊંચી આડ થઈ ઉભો છે. માટે એ માંહેલા પ્રદેશનું પાણી આખો મૂલક ઓળંગતું ઊગમણી દિશાએ વહેછે. એ પાણી કોઈ ઠેકાણે ડુંગરમાળાની આસપાસ વીંટલાતું, અને કોઈ જગ્યાએ તેઓની વચ્ચેની ખીણમાં થઈ ધસતું આગળ જાયછે. મુંબાઈ ભણીનો પવન પશ્ચિમઘાટપર

વરસાદ આણેછે, તેનું પાણી એ રીતે બંગાળો ઉપસાગરને જઈ મળે છે. મદ્રાસ ઇલાકાની ત્રણ મોટી નદીઓ—ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી—નાં મૂળ અત્રે મુંબાઈ કાંઠાના પહાડોમાં છે, અને વચગાળાના વિશાળ ઉચ્ચ પ્રદેશમાં થઈ હિંદને પૂર્વ કિનારે આવેલા સમુદ્રમાં તેઓ મળેછે.

**દક્ષિણ ઉચ્ચ પ્રદેશનાં વન.**—અસલના સંસ્કૃત કવિઓએ કહ્યું છે કે, આ દક્ષિણ ઉચ્ચ ભૂમિ જંગલોથી ભરપૂર છે. સાલ, અબનુસ, સીસમ, સાગ, અને બીજાં મોટાં ઝાડ ત્યાં હજી પુષ્કળ છે. વિશેષ કરીને ઘાટપર જ્યાં જ્યાં છોડના મૂળ બાઝી શકેછે, ત્યાં સુન્દર વનસ્પતિ પથરાઈ રહેછે, પણ હાલ ખેડાણ થવાથી પહાડના અંદરનાજ ભાગમાં જંગલો જોવામાં આવેછે. ઘઉં, જુવાર, બાજરી, વિગેરે ઝીણાં ધાન્ય, તમાકુ, કપાસ, શેરડી અને કઠોળના પાક આખા દેશપર થાયછે. દક્ષિણ હિંદની કાળી જમીન ઘણી માતબર છે; અને ઘાટ તથા દરિયાની વચ્ચેની નીચી જમીનમાં ફળ આપનાર તાડ વર્ગનાં ઝાડ, ડાંગર, તથા બીજા માતબર ઉપરા ઉપરી પાક થાય છે, તે નીચલા બંગાળાના પાકની બરોબરી કરી શકેછે. એ માહિલી ઉચ્ચ ભૂમિપર ઘણીવાર વરસાદની તાણ પડેછે; તેથી ખેતરોને પાણી પાવાની જુદી જુદી યુક્તિઓ લોકે કરીછે. કેટલાક પ્રાંતોમાં કૂવાનાં પાણી પાયછે, કેટલાકમાં તળાવનાં અને કેટલાક ભાગમાં નદીની ખીણોનાં મુખ બાંધી લઈ સરોવર જેવાં બનાવી તેમાંથી પાણી ખેતરમાં લેછે. ઉત્તર અને દક્ષિણ તરફના મોસમના પવનથી થોડા માસ વરસાદ વરસેછે તેના પાણીનો આ રીતે લોકો સંગ્રહ કરેછે, અને આખા વરસમાં જોઈએ ત્યારે ઉપયોગ કરેછે. જુવાર, બાજરી, રાગી, વિગેરે ઝીણું અનાજ સાધારણ લોકોનો મુખ્ય ખોરાક છે. ખાસ નિકાસ રૂ, અને ઘઉં છે.

**ઉચ્ચ પ્રદેશના ખનિજ.**—વળી આ ત્રિકોણાકાર ઉચ્ચ પ્રદેશમાં, અને તેમાંથી ફૂટી આગળ આવેલા ડુંગરામાં હિંદની ખનીજ દોલત ભરાઈ રહેલીછે. આ પ્રદેશની ઈશાન કોરે બંગાળામાં અને મધ્ય પ્રાંતની ખીણોમાં કોયલાની ખાણોનો મોટો રોજગાર હાલ

ચાલેછે. આગળ જતાં લોઢાની કાંકરી ને ચુનાના પથ્થરનાં પડને લીધે ઉદ્યમનો વધારો થનાર છે. થોડું ત્રાંબું અને બીજી ધાતુઓ પણ છે. ગોળકોન્ડાના હીરા ઘણા વખત લગી પ્રખ્યાત હતા. ઘણા પ્રાચીન કાળથી સોનાની રજ નદીની રેતીમાંથી જડેછે; અને હાલ મદ્રાસ અને મ્હૈસૂરમાં સોનાની ખાણો વિદ્યાના નિયમપ્રમાણે ખોદવાનો પ્રયત્ન ચાલુ થયોછે.

**બ્રિટિશ બ્રહ્મદેશ.**—બ્રહ્મદેશને હાલ ઈંગ્રેજે પોતાના હિંદીરાજ્ય સાથે જોડી દીધોછે. એમાં ઈરાવદી નદીની ખીણવાળો પ્રદેશ અને બંગાળી અખાતના પૂર્વ કાંઠાની પટી છે. એ ઉત્તર દક્ષિણ લાંબો વધેલો છે. એની પશ્ચિમે સમુદ્ર છે. વચગાળે બરડાની કરોડ માફક ડુંગરાની હાર છે. એની પૂર્વે સિયામ અને ચિનાઈ રાજ્યનો પહાડી મૂલક છે. વચગાળાની ડુંગરમાળાને "યોમા" પર્વત કહેછે. એના ઉપર ઘાડાં વન છે; અને એ કાંઠાની પટી અને ઈરાવદીની ખીણની વચ્ચે ઉભો છે. નદીવાટે ઉત્તર તરફથી પુષ્કળ સાગ આવેછે. દરિયા કાંઠો સેંકડો ઠેકાણે ખાડીઓથી ભેદાયલો છે, અને કાંઠાની સપાટ જમીન તથા ઈરાવદીની સપાટ ખીણમાં ડાંગરના મોટા ક્યારડા છે. ઉંચી જાતનો તમાકુ પાકે છે, તેની બ્રહ્મી સ્ત્રીપુરૂષો સિગાર (પાતરા વગર એકલા તમાકુની વાળેલી બીડી) બનાવી પીએછે. વળી મદ્રાસ ઇલાકામાંથી પુષ્કળ તમાકુનાં પાંદડાં અહિં આવેછે. ૧૮૮૬ સુધી બ્રિટિશ બ્રહ્મદેશના ત્રણ પ્રાંત કર્યા હતા. આરાકાન એટલે ઉત્તર તરફના કાંઠાની પટ્ટીનો પ્રદેશ, પેગુ અથવા મધ્યમાં ઈરાવદીની ખીણ, અને તેનાસરિમ અથવા ઈરાવદીના ડેલ્ટાની દક્ષિણે આવેલા સાંકડા દરિયાઈ પ્રદેશ અને દ્વીપો. સને ૧૮૮૬માં ઉપલો બ્રહ્મદેશ કે આવાનું જૂનું રાજ્ય બ્રિટિશ રાજ્યમાં ઉમેરાયું. આરાકાન, અને પેગુ પ્રાંતમાં ખનિજ તેલ (કેરોસીન) ના ઝરા છે. તેનાસરિમ પ્રાંતમાં કલાઈની ખાણો ઘણી છે. ત્યાંની લોઢાની કાંકરી સ્વીડનની ઉત્તમ લોહકાંકરી જેવી સારી છે. એ ઉપરાંત થોડું સોનું અને તાંબું તથા ઘણા ચોખ્ખા ચૂનાના પથ્થર છે. ચોખા અને ઈમારતી લાકડાં બ્રહ્મદેશની મુખ્ય નિકાસ છે. એ દેશના લોકનો હમેશાનો ખોરાક ચોખા છે.

## प्रकरण २ जुं.

### લોક.

**લોક વિષે સામાન્ય ચિતાર.**—હિંદમાં બે પ્રકારના મૂલક છે; ૧ લો બ્રિટિશ રાજ્યના પ્રાંતો, ૨ જો દેશી રાજ્યો. ઈ. સને ૧૮૯૧ માં આખા હિંદમાં ૨૮ કરોડ ને ૮૦ લાખ માણસની વસ્તી હતી. રોમનું રાજ્ય પૂર્ણ કળાએ હતું ત્યારે તેની જે વસ્તી હતી, તેની બમણી કરતાં કાંઈક વધારે હાલ હિંદની વસ્તી છે. જે દેશી રાજાઓ સારી રીતે રાજ્ય ચલાવવાને રાજી છે, તેઓના હક્ક ઈંગ્રેજો કાયમ રાખેછે. બલકે એ રાજાઓને રોમના રાજ્યના તાબાના રાજાઓ કરતાં વધારે હક્ક છે. એવા દેશી રાજાઓ પંડે હિંદના ક્ષેત્રફળના એક તૃતીયાંશ ભાગપર હજી અમલ કરે છે, અને તેમનાં સંસ્થાનોની વસ્તી છ કરોડ સાઠ લાખની છે. હિંદના ક્ષેત્રફળનો બેતૃતીયાંશ ભાગ બ્રિટિશ રાજ્યમાં છે, અને આખા હિંદની વસ્તીના ¾ ભાગ ઉપરાંતનાં, એટલે ૨૨,૧૦,૦૦,૦૦૦ માણસો, ઈંગ્રેજની સત્તા હેઠે છે.

**દેશી સંસ્થાનો.**—વૉઇસિરાયે તેમના દરબાર ખાતે નીમેલા ઈંગ્રેજ રેસિડેન્ટની મદદથી અને તેની સલાહ પ્રમાણે દેશી રાજાઓ પોતપોતાનાં રાજ્યોમાં અમલ ચલાવેછે. એમાંના કેટલાક લગભગ સ્વતંત્રપણે રાજ કરેછે; અને કેટલાકને ઓછો અધિકાર છે. એવા ખંડીયા રાજા ઘણા છે. તેઓ પોતપોતાના રાજ્યની ઉપજ લેછે, અને લશ્કરો રાખેછે. મોટા રાજાઓને તેમની રૈયતને દેહાંત દંડ સુધીની સજા કરવાનો અધિકાર છે; સઘળા રાજાઓની સત્તા કરાર કરી બાંધી દીધીછે; એ કરારથી તેઓએ ઇંગ્રેજ સરકારની તાબેદારી કબૂલ કરીછે. હિંદમાં ઈંગ્રેજ સરકાર સર્વોપરિ હોવાથી એ ખંડિયાં રાજ્યોને માંહોમાંહે વઢવાઢ અથવા પરરાજ્યો જોડે સંધિ કરવા દેતા નથી. જ્યારે કોઈ રાજા પોતાની રૈયત ઉપર ગેરવાજબી અમલ કરેછે, ત્યારે બ્રિટિશ સરકાર વચમાં પડેછે; જુલમ કરનારને ઠપકો દેછે; અને જરૂર પડે તો પદભ્રષ્ટ પણ કરેછે; નબળાનું રક્ષણ કરેછે, અને સઘળે સલાહ શાંતિ રાખેછે.

**બાર બ્રિટિશ પ્રાંત.**—બ્રિટિશ રાજ્યના બાર પ્રાંત કર્યા છે. દરેક પ્રાંતને માથે ગવર્નર કે મુખ્ય અધિકારી છે. પણ એ બધા હિંદની સર-

કારને એટલે ગવર્નર-જનરલ ઈન કૌન્સિલને તાબે છે. ગવર્નર જનરલને વૉઈસિરાય પણ કહેછે. શિયાળામાં તેમની રાજધાની કલકત્તામાં છે. અને ઉનાળામાં હિમાલયની પડોશમાં સિમલામાં હોયછે. હિમાલયમાં દરિયાની સપાટીથી ૭,૦૦૦ ફુટની ઉંચાઈએ સિમલા છે. હિંદના વૉઈસિરાયની નીમણુક ઇંગ્લાંડમાં મહારાણી કરેછે. મદ્રાસ અને મુંબાઈના ગવર્નર પણ તેજ પ્રમાણે નીમાય છે; બીજા પ્રાંતોના મુખ્ય અમલદારની નીમણુક હિંદના ઇંગ્રેજ નોકરોમાંથી લાયકાત પ્રમાણે કરવામાં આવેછે, અને તે વૉઈસિરાય કરેછે, પણ લેફ્ટેનન્ટ-ગવર્નરની જગા આપવામાં સ્ટેટ સેક્રેટરીની મંજૂરી લેવી પડેછે.

**ક્ષેત્રફળ અને વસ્તી.**—નીચેના બે કોઠાપરથી પ્રથમ ક્વેટા જીલ્લા સહિત બાર બ્રિટિશ પ્રાંતોનાં ક્ષેત્રફળ અને વસ્તી જાણવામાં આવશે, એમાંથી એદન અને આન્દામાન ટાપુઓ બાદ કર્યાછે; બીજું, દેશી સંસ્થાનોના તેર વિભાગ અને તે દરેકની વસ્તી તથા ક્ષેત્રફળ પણ જાણ્યામાં આવશે. પહેલા કોઠામાં ઈ. સને ૧૮૯૧ માં વસ્તીની ગણત્રી થઈ તે પરથી બ્રિટિશ હિંદની વસ્તીના આંકડા આપ્યા છે; એમાં એદન અને આન્દામાન બેટની વસ્તી જણાવી નથી. કોઠાની નીચે ટૂંકી નોંધ આપી જણાવ્યું છે તે પ્રમાણે કેટલાક નવા પ્રાન્તમાં બરાબર ગણત્રી થઈ શકી નથી, તેને લીધે ત્યાંની વસ્તીમાં કાંઈક આંકડા ઉમેરવા પડ્યા છે. આ આંકડા ઉમેરી અને એદન તથા આન્દામાન ટાપુઓની વસ્તી બાદ કરીએ તો ઈ. સને ૧૮૯૧ માં બ્રિટિશ હિંદની વસ્તી બધું મળીને બાવીસ કરોડ ને સવાદસ લાખ હતી.

બીજા કોઠામાં આપેલા વસ્તીના કુલ આંકડામાં જે દેશી રાજ્યોમાં ગણત્રી થઈ શકી નથી તેની વસ્તીના આંકડા ઉમેરી લેવા જોઈએ. કોઠાની નીચે ટૂંક નોંધ આપી વધારી લેવાની સંખ્યાના આંકડા આશરે લખ્યા છે. એ ઉમેરો કરી લેતાં ઈ. સને ૧૮૯૧ માં દેશી રાજ્યોની ખરી વસ્તી લગભગ છ કરોડ પોણાસાત લાખ થવા જાયછે. બ્રિટિશ હિંદની બાવીસ કરોડ સવાદસ લાખ માણસની વસ્તીમાં આ સંખ્યા ઉમેરતાં ઈ. સને ૧૮૯૧ માં હિંદના બ્રિટિશ અને દેશી સંસ્થાનોની વસ્તી (એદન અને આન્દામાનની બાદ કરતાં) ૨૮ કરોડ ને ૮૦ લાખ હતી.

## ક્વેટા સુદ્ધાં બ્રિટિશ હિંદના બાર પ્રાંતો (૧૮૯૧).

| પ્રાંતનાં નામ. એમાં આપેલાં દેશી રાજ્યો બાતલ કરતાં. | ક્ષેત્રફળ ચોરસ માઈલ. | | કુલવસ્તી ૧૮૯૧ માં. | | દરચોરસ માઈલે માણસની સંખ્યા. | |
|---|---|---|---|---|---|---|
| ૧ મદ્રાસ ઈલાકો. | | ૧,૪૧,૧૮૯ | | ૩,૫૬,૩૦,૪૪૦ | | ૨૫૨ |
| ૨ મુંબઈ ઈલાકો.* | | | | | | |
| મુંબઈ. | ૭૭,૨૭૫ | ૧,૨૫,૧૨૭ | ૧,૫૯,૮૫,૨૭૦ | ૧,૮૮,૫૭,૦૪૪ | ૨૦૬ | ૧૫૦ |
| સિંધ. | ૪૭,૮૫૨ | | ૨૮,૭૧,૭૭૪ | | ૬૦ | |
| ૩ બંગાળા ઈલાકો (લેફ્ટેનેન્ટ-ગવર્નરને તાબે) | | ૧,૫૧,૫૪૩ | | ૭,૧૩,૪૬,૯૮૭ | | ૪૬૦ |
| ૪ પંજાબ ઈલાકો (લેફ્ટેનેન્ટ-ગવર્નરને તાબે). | | ૧,૧૦,૬૬૭ | | ૨,૦૮,૬૬,૮૪૭ | | ૧૮૮ |
| ૫ વાયવ્ય પ્રાંતો (લેફ્ટેનેન્ટ-ગવર્નરને તાબે). | ૮૩,૨૮૬ | ૧,૦૭,૫૦૩ | ૩,૪૨,૫૪,૨૫૪ | ૪,૬૯,૦૫,૦૮૫ | ૪૧૧ | ૪૩૬ |
| ૬ અયોધ્યા (આઉદ) પ્રાંત (ચીફ કમિશનરને તાબે) | ૨૪,૨૧૭ | | ૧,૨૬,૫૦,૮૩૧ | | ૫૨૨ | |
| ૭ મધ્ય પ્રાંતો (ચીફ કમિશનરને તાબે). | | ૮૬,૫૦૧ | | ૧,૦૭,૮૪,૨૯૪ | | ૧૨૪ |
| ૮ બ્રહ્મદેશનો મુલક† (ચીફ કમિશનરને તાબે) | | | | | | |
| ઉપલો બ્રહ્મદેશ | ૮૦,૪૭૩ | ૧,૬૮,૪૪૮ | ૨૯,૪૬,૯૩૩ | ૭૬,૦૫,૫૬૦ | ૩૫ | ૪૫ |
| નીચલો બ્રહ્મદેશ | ૮૭,૯૭૫ | | ૪૬,૫૮,૬૨૭ | | ૫૨ | |
| ૯ આસામ (ચીફ કમિશનરને તાબે) | | ૪૯,૦૦૪ | | ૫૪,૭૬,૮૩૩ | | ૧૧૧ |

* એદન બાદ કરતાં. એદનનું ક્ષેત્રફળ ૭૫ ચોરસ માઈલ. વસ્તી ૪૪,૦૭૯.

† બ્રહ્મદેશમાં કેટલાંક પત્રકો નાશ થયાં. હદપર આવેલા મુલકમાં વસ્તીની ચોકસ ગણત્રી થઇ નહતી. આ બે બાબતના પેટામાં આશરે ૧,૧૬,૪૯૩ નો વધારો કરવો જોઈએ.

| | | | |
|---|---|---|---|
| ૧૦ વરાડ ( કમિશ્નરને તાબે ).* | ૧૭,૭૧૮ | ૨૮,૯૭,૪૯૧ | ૧૬૩ |
| ૧૧ અજમેર-મેવાડ ( કમિશ્નરને તાબે ). | ૨,૭૧૧ | ૫,૪૨,૩૫૮ | ૨૦૦ |
| ૧૨ કુર્ગ( કમિશ્નરને તાબે ).... | ૧,૫૮૩ | ૧,૭૩,૦૫૫ | ૧૦૯ |
| ક્વેટા† ... | | ૨૭,૨૭૦ | ... |
| બ્રિટિશ હિંદને માટે કુલ... | ૯,૬૧,૯૯૪ | ૨૨,૧૧,૧૩,૨૬૪ | ૨૨૯ |

## હિંદનાં ખંડિયાં રાજ્યોના તેર જથા ( ૧૮૯૧ ).

| | | | |
|---|---|---|---|
| ૧ રજપૂતસ્થાન. ‡ | ૧,૩૦,૨૬૮ | ૧,૨૦,૧૬,૧૦૨ | ૯૨ |
| ૨ હૈદરાબાદ ( નિજામનું રાજ્ય. ) | ૮૨,૬૯૮ | ૧,૧૫,૩૭,૦૪૦ | ૧૩૯ |
| ૩ મધ્ય હિંદ એજંસિ અને બુંદેલખંડ... | ૭૭,૮૦૮ | ૧,૦૩,૧૮,૮૧૨ | ૧૩૨ |
| ૪ વડોદરા | ૮,૨૨૬ | ૨૪,૧૫,૩૯૬ | ૨૯૩ |
| ૫ મ્હૈસૂર. | ૨૮,૦૮૨ | ૪૯,૪૩,૬૦૪ | ૧૭૬ |
| ૬ કાશ્મીર. | ૮૦,૯૦૦ | ૨૫,૪૩,૯૫૨ | ૩૧ |
| ૭ મુંબઈ સરકારને તાબેનાં દેશી સંસ્થાનો. | ૬૯,૦૪૫ | ૮૦,૫૯,૨૯૮ | ૧૧૬ |
| ૮ મદ્રાસ સરકારને તાબેનાં દેશી સંસ્થાનો. | ૯,૬૦૯ | ૩૭,૦૦,૬૨૨ | ૩૮૫ |
| ૯ બંગાળા સરકારને તાબેનાં દેશી સંસ્થાનો. | ૩૫,૮૩૪ | ૩૨,૯૬,૩૭૯ | ૯૧ |
| ૧૦ પંજાબ સરકારને તાબેનાં દેશી સંસ્થાનો. | ૩૮,૨૯૯ | ૪૨,૬૩,૨૮૦ | ૧૧૧ |
| ૧૧ વાયવ્ય પ્રાંતોની સરકારને તાબેનાં દેશી સં. | ૫,૧૦૯ | ૭,૯૨,૪૯૧ | ૧૫૫ |

* વરાડમાં છ 'સોંપેલા જીલ્લા' છે. કરારપ્રમાણે કંટિજંટ ફોજનો ખરચ આપવો જોઇએ તેને પેટે તથા બીજા દેવાને પેટે હૈદરાબાદના નિજામે એ છ જીલ્લા ઇંગ્રેજને વહીવટ કરવાને સોંપ્યા છે.

† ક્વેટા બાદ કરતાં બ્રિટિશ બલૂચીસ્તાનમાં નવી તેવી ગણત્રી થઇ તે પરથી ત્યાંની વસ્તી ૧,૪૫,૪૧૭ હતી.

‡ ભીલ વિગેરે નહીં ગણાયલા તે આશરે ૨,૦૪,૨૪૧.

## હિંદનાં ખંડીયાં રાજ્યોના તેર જથા (૧૮૯૧).

| સંસ્થાન કે સંસ્થાનના જથાનું નામ. | ક્ષેત્રફળ ચોરસ માઈલ. | કુલવસ્તી ૧૮૯૧ માં. | દર ચોરસ માઈલે માણસની સંખ્યા. |
|---|---|---|---|
| ૧૨ મધ્ય પ્રાંતની સરકારને તાબેનાં દેશી સંસ્થાનો... | ૨૯,૪૩૫ | ૨૧,૬૦,૫૧૧ | ૭૩ |
| ૧૩ શાન સંસ્થાનો* (નાકાંઓ વિગેરે.)... | ... | ૨,૯૯૨ | ... |
| હિંદનાં ખંડિયાં રાજ્યના કુલ આંકડા. † | ...૫,૯૫,૩૧૩ | ...૬,૬૦,૫૦,૪૭૯ | ...૧૧૦ |

બ્રિટિશ અને દેશી હિંદ સંસ્થાનોની વસ્તીના ઉપલા કોઠામાંના આંકડા ફ્રેંચ અને પોર્ટુગીઝના કબજાના મૂલકના આંકડા ઉમેરીએ તો એદન અને આન્દામનના ટાપુ બાદ કરતાં આખા હિંદ દેશના આંકડા મળશે.

| | ક્ષેત્રફળ ચોરસ માઈલ. | વસ્તી. | દર ચોરસ માઈલે માણસની સંખ્યા. |
|---|---|---|---|
| બ્રિટિશ હિંદ (૧૮૯૧) | ૯,૬૧,૯૯૪ | ...૨૨,૧૧,૧૩,૨૬૪ | ...૨૨૯ |
| ખંડિયાં રાજ્યો એજન | ૫,૯૫,૩૧૩ | ...૬,૬૦,૫૦,૪૭૯ | ...૧૧૦ |
| પોર્ટુગીઝનાં સંસ્થાનો (૧૮૮૧)... | ૧,૦૮૬ | ૪,૮૧,૪૬૭ | મુખ્યત્વે કસબા- મા કે પરામાં વસ્તી છે. |
| ફ્રેંચ સંસ્થાનો (૧૮૯૧)... | ૧૭૮ | ૨,૮૨,૯૨૩ | |
| બ્રમ્હદેશ સુદ્ધાં આખા હિંદના કુલ આંકડા ... | ...૧૫,૫૮,૫૭૧ | ...૨૮,૭૯,૨૮,૧૩૩ | ...૧૮૪ |

* શાન સંસ્થાન નહિ ગણાયલા તે આશરે ૩,૭૨,૯૬૯.

† મણિપુરના પત્રકો ત્યાં તોફાન ઉઠ્યું તેથી બળીગયાં. સિકિમની વસ્તી આશરે ૩૦,૪૫૮.

**વસ્તીનું ઘાડાપણું.**—બ્રિટિશ હિંદમાં ઘણી ઘાડી વસ્તી છે. કેટલાક ભાગમાં તો એટલી બધી વસ્તી છે કે રૈયતને ખેડવા સારૂ પૂરતી જમીન પણ મળી શકતી નથી. **બ્રિટિશ** પ્રાંતમાં દર ચોરસ માઈલ જમીનપર સરાસરી ૨૨૯ માણસનું પોષણ થાયછે. ખંડિયાં રાજમાં દર ચોરસ માઈલે ૧૧૦ માણસનું પોષણ થાયછે. એટલે ત્યાં **બ્રિટિશ** રાજ્યના અર્ધાથીએ ઓછા માણસનું ગુજરાન દર ચોરસ માઈલે મળેછે. **બ્રહ્મદેશ** ને **આસામના** બહાર રહેલા પ્રાંતો બાદ કરીએ તો **બ્રિટિશ** હિંદમાં દર ચોરસ માઈલે સરાસરી ૨૭૯ માણસ છે; માટે દેશી રાજ્યોની વસ્તી કરતાં બ્રિટિશ હિંદની વસ્તી લગભગ અઢીગણી ઘાડી છે.૧૮૮૬માં **ફ્રાન્સમાં** દર ચોરસ માઈલે માત્ર ૧૮૭ માણસ હતાં. ઘાડી વસ્તીવાળા ઇંગ્લાંડમાં દર ચોરસ માઈલે ૨૦૦ આદમી ગણાયછે, એટલા બધા લોકો ત્યાં ગામડાંમાં રહી ગુજરાન મેળવતા નથી; ઘણાક તો હુન્નરનાં કારખાનાં, ખાણ કે શાહેરના ઉદ્યમ વડે પેટ ભરેછે, એઉપરથી **હિંદની** વસ્તી કેટલી બધી ઘાડી છે તે હવે બરાબર સમજાશે.

**હિંદમાં મોટાં શાહેર થોડાં છે.**—ઇંગ્લાંડની પેઠે હિંદમાં મોટાં નગરો ઘણાં નથી. સને ૧૮૯૧માં ઇંગ્લાંડ અને વેલ્સની વસ્તીનો લગભગ અર્ધો ભાગ વીશ હજાર કરતાં વધારે વસ્તીવાળાં શાહેરમાં વસતો હતો. પણ તે વખતે બ્રિટિશ હિંદમાં વસ્તીનો માત્ર એક વીસાંશ ભાગ એવાં નગરોમાં રહેતો હતો, હિંદ તો ગામડાંવાળો મોટો મૂલક છે. જે કસ્બા કહેવાયછે તેઓ માત્ર ગામડાંના જથા છેઃ અને તેની વચમાં આવેલાં ખેતરોમાં લોકો ઢોર હાંકી આણેછે, અને ખેતી તથા કાપણી કરેછે.

**ઘણી ઘીચ વસ્તીવાળા જીલ્લા.**—હિંદમાં ખેડુતોની ઘાડી વસ્તી જોવામાં આવેછે. જ્યાં એક એકર દીઠ એક માણસ અથવા એક ચોરસ માઈલે ૬૪૦ માણસ કરતાં વધારે છે, ત્યાં તેમને જમીનમાંથી પેટપુરતું મેળવવું પણ કઠણ પડેછે. પણ શાહેરની પડોશમાં અથવા ખેતરને પાવાને પુરતું પાણી મળી શકેછે તેવા ભાગમાં આ મુશ્કેલી જણાતી નથી. એમ છતાં હિંદમાં લાખો ખેડુતોમાંનાં દરેક અર્ધા એકરપર જેમતેમ કરીને નિર્વાહ કરેછે; એવા જીલ્લાઓમાં જ્યારે વરસાદ થોડા ઇંચ ઓછો પડેછે ત્યારે લોકો બહુ આપદા ભોગવેછે, અને જ્યારે

બહુજ ઓછો વરસે છે ત્યારે હજારો આદમી દુકાળથી મરી જાયછે.

**ઘણી ઓછી વસ્તીવાળા જીલ્લા.**—જેમ હિંદના કેટલાક ભાગમાં જમીનથી પોષણ થઈ શકે તેથી વધારે આદમી છે તેમ કેટલાક ભાગમાં પુષ્કળ રસાળ ભોંય છે, તોછતાં તેને ખેડનારા નથી. ઇંગ્લાંડમાં ઘાડી વસ્તીવાળા ભાગમાંથી નીકળી આછી વસ્તીવાળા ભાગમાં લોક ખુશીથી જઈ વસેછે. પણ હિંદમાં તો ખેડુત પોતાનાં ખેતરો છોડતા નથી. પોતાનાં ઘરમાં ઘણા દીકરા થાય ને આખા કુટુંબનું ગુજરાન તે ખેતરોની ઉપજ વડે થતું નહીં હોય તોપણ બધા દીકરાને ખેતરો વહેંચી આપેછે. જ્યાં ખેડવાને જોઈએ તેટલી પુષ્કળ જમીન મળે ત્યાં હિંદના ખેડુતો જઈ વસે તો તેમનું બહેતર થાય, તથા તેમની હાલત સુધારવાને અને દુકાળ અટકાવવાને સરકાર ઘણો પ્રયત્ન કરી લાભ આપી શકે તે કરતાં તેમને વધારે લાભ થાય.

**લોકનું એક જગાએથી બીજી જગાએ જવું.**—હિંદનો ખેડુત પોતાના બાપદાદાના વતનમાં પડી રહેછે તે કંઈ મુર્ખાઈને લીધે નથી. અસલના વારામાં એક ગામથી બીજે ગામ જતાં તેને ઘણી મુશીબત નડતી, તથા ઘણી ધાસ્તી રહેતી. માલ લાવવા લઈ જવા કાજે ગાડાંને જવાના રસ્તા જૂજ હતા. હિંદના ઘણા ભાગમાં તો લશ્કરને જવાને મુખ્ય રસ્તે થઈ માલ લઈ જવામાં આવતો. પણ ઇંગ્રેજી અમલની સ્થાપના પહેલાં એક સૈકા લગી દેશી રાજ્યનો અંધેર કારભાર ચાલ્યો તે વખતમાં કોઈપણ રસ્તે થઈને મુસાફરી કરવી ઘણી જોખમ ભરેલી હતી; કારણકે રસ્તામાં ચોરોનો અને હથિયારબંધ લૂંટારાનો ભય રહેતો. તે કાળમાં રેલ્વે અને આગબોટ હિંદમાં બીલકુલ જાણવામાં નહતાં. આ જમાનામાં તો લોકોને એક જગાએથી બીજી જગાએ લઈ જનાર એ બે મુખ્ય સાધનો છે, ને તે આપણા વખતમાંજ હિંદમાં દાખલ થયાંછે. રસ્તા, રેલ્વે અને આગબોટને લીધે ઘાડી વસ્તીવાળા ભાગમાંથી નીકળી જ્યાં ફાલતુ જમીન હોય ત્યાં પોતે જઈ શકેછે, એવું હાલ હિંદના ખેડુતો પહેલ વહેલુ જાણવા લાગ્યાછે. તેઓને ધીમે ધીમે પણ ચોકસ રીતે એ બાબતની સમજણ પડવા માંડીછે, અને તેથી સંખ્યાબંધ ખેડુતો મધ્યપ્રાન્તના, ઉત્તર તથા પૂર્વ

બંગાળાના, અને આસામના ઓછી વસ્તીવાળા ભાગમાં જઈ વસવા લાગ્યાછે.

**ભમતા ખેડુતોની ખેતીની રીત.**–ઘણાક ડુંગરોપર અને સરહદપર આવેલા પ્રદેશોમાં ખપ કરતાં એટલી બધી વધારે જમીન છે કે તેનું ગણોત આવતું નથી. કોઈ કસવાળી જમીનપરનું જંગલ કાપી નાંખી ત્યાં પહાડી લોક થોડાં વરસ વસેછે. દરમ્યાનમાં ઉતાવળે એક પછી એક પાક પકવી તે જમીનને નાકોવત કરેછે. પછી તેઓ ત્યાંથી જતા રહેછે, અને તે જગાએ પાછું જંગલ થાયછે. એવી જમીનનું ગણોત લેવામાં આવતું નથી. પણ જે રાજાના રક્ષણમાં એવા ભટકતા પહાડી માણસો રહેછે તેને તેઓ કુટુંબદીઠ માથાવેરો આપેછે. એ ભમતા ખેડુતોની સંખ્યા વધેછે ત્યારે તેઓ ભટકવું છોડી દઈ એક જગામાં રહી ખેતી કરેછે. આખા બ્રહ્મદેશમાં આ બંને રીતો જોડે જોડે ચાલુ છે. પણ હિંદની ઘાડી વસ્તીવાળા પ્રદેશમાં 'ભટકાઉ ખેડુતો' રહ્યા નથી. ત્યાં ખેતી કરનાર પ્રત્યેક કુટુંબ એકજ જગાએ પેઢી દર પેઢી ઘણો કાળ વસેછે.

**ગણોતમાં વધારો.**—આજથી સો વરસ પર તો બંગાળાની જમીન ખેડવાને જોઈએ તેટલા ખેડુત નહતા. તેથી જમીનદારલોક ખેડુતને થોડું ગણોત લઈ જમીનપર વસવાને લલચાવતા; પણ હમણા ખેડુતો એટલા વધી ગયાછે કે કેટલાક જીલ્લામાં તેઓ મોં માગ્યું ગણોત આપી જમીન રાખેછે. માટે ગણોતનો દર વધારે વધીજતો અટકાવવાને સરકારે કાયદા કર્યાછે. લાંબી મુદતના ખેડુતોનો ખેતર ઉપરનો હક એ કાયદામાં કબુલ રાખ્યોછે. એવા વંશપરંપરા ખેડનારા ખેડુતો કનેથી કોરટ વાજબી ગણોત ઠરાવે તેકરતાં વધારે લઈ શકાય નહિ.

**ખેડુતની ગુલામગીરી રદ કરી.**—જૂના વખતમાં વસ્તી ઓછી હોવાથી પ્રત્યેક ખેતી કરનાર કુટુંબ જમીદારને ઘણું ઉપયોગી હતું. હિંદના ઘણા ભાગમાં કોઈ ખેડુત ગામમાં આવી એકવાર વસ્યો એટલે તેને ત્યાંથી પાછો જવા દેતા નહીં. ડુંગરી મૂલકોમાં ભમતા ખેડુતો હજી છે, તેઓમાંના કોઈને ત્યાંનો રાજા તે મૂલકમાંથી નીકળી જવા દેતો નથી; કેમકે દરેક કુટુંબ માથાવેરો આપેછે તેનું નુકસાન રાજા વેઠી શકતો નથી. કેટલાક પ્રાંતોમાં નીચલા વર્ગોના ખેડુતો જમીનપર ગુ-

લામ થઈ રહેલા ઇંગ્રેજના જોવામાં આવ્યા. બંગાળાના અગ્નિકોણમાં એવા એકુત ગુલામોને છોડવવાની કોશિસ ઇંગ્રેજ અધિકારીઓએ કરી તેથી બંડ જેવું કાંઈ થયું હતું. પહેલાં જેઓ ગુલામ હતા તેઓના વંશજો હજી હયાત છે. પણ હવે તેઓ સ્વતંત્ર છે.

**લોકના ચાર પ્રકાર.**–આગળના યૂરોપી ગ્રંથ કરનારા એવું લખેછે કે હિંદમાં બે જાતના લોક–હિંદુ અને મુસલમાન વસેછે. પણ વધારે બારીક નજરથી જોતાં માલમ પડેછે કે એ દેશમાં નીચલા ચાર પ્રકારના લોક વસેછે. ૧ લો. અનાર્ય જાતો, એમને કેટલાક મૂળવતની કે ભૂમિયા કહેછે, ને એમની સંખ્યા સને ૧૮૭૨ માં વસ્તીની પહેલી ગણત્રી વખતે બ્રિટિશ પ્રાંતોમાં ૧,૮૦,૦૦,૦૦૦ (એક કરોડ એંશી લાખ) હતી. ૨ જો. આર્ય કે સંસ્કૃત ભાષા બોલનારી જાત; એ હાલ બ્રાહ્મણ અને રજપૂત કહેવાય છે, ને એમની સંખ્યા ૧,૬૦,૦૦,૦૦૦ ( એક કરોડ સાઠ લાખ છે ). ૩ જો. મિશ્ર જાતિના લોક; એ હાલ ઘણું કરીને હિંદુના નામથી ઓળખાયછે, ને આર્ય તથા અનાર્ય બન્ને, કે એકલા અનાર્યમાંથી ઉત્પન્ન થયેલા છે; એમની સંખ્યા ૧૨,૧૦,૦૦,૦૦૦ (બાર કરોડ દશ લાખ છે). ૪ ચોથો. મુસલમાન વર્ગ; એઓ ઈ. સ. ૧૦૦૦ ને સુમારે હિંદમાં આવવા લાગ્યા ને એમની સંખ્યા ૧૮૭૨ માં ૪,૫૦,૦૦,૦૦૦ ( ચાર કરોડ પચાસ લાખ ) કરતાં વધારે હતી. એમ સઘળા મળી ઈ. સને ૧૮૭૨ માં ૨૦,૦૦,૦૦,૦૦૦ ( વીશ કરોડ ) માણસની વસ્તી બ્રિટિશ હિંદમાં હતી. ત્યારપછી બ્રિટિશ હિંદની વસ્તી વધી છે. ઈ. સને ૧૮૯૧ માં ૨૨ કરોડ ૧૦ લાખની ઉપર થઈ હતી. એ વધારો ઉપર કહેલા ચારે પ્રકારના લોકોમાં થયેલો જણાયછે. પણ પાછલા વીશ વર્ષમાં ઘણી ખરી અનાર્ય કે મૂળવતનીઓની જાતો હિંદુ ધર્મમાં મળી ગઈ છે, તેથી વસ્તીપત્રકમાં તેઓ હિંદુ તરીકે નોંધાયા છે. હિંદુનાં ખંડિયાં રાજ્યોમાં ઉપલી ચાર જાતોના મળી ૬,૬૦,૦૦,૦૦૦ ( છ કરોડ સાઠ લાખ ) માણસની વસ્તી છે. પરંતુ દરેક વર્ગની સંખ્યા કેટલી તે જણાઈ નથી.

**ઐતિહાસિક સમય પહેલાંની બે મુખ્ય જાતો.**—હિંદુમાં મૂળે આર્ય અને અનાર્ય એવી બે મુખ્ય જાતો હતી. તેથી આપણે આ પ્રાચીન લોક વિષે બરાબર માહિતી મેળવવા કોશિશ કરવી જોઈએ. છેક

પુરાતન કાળની હિંદની આછી પાછી હકીકત પરથી જણાય છે કે ત્યાં મૂળે બે જાતના લોક હતા, તેઓ જમીનને માટે વઢવાડ કરતા. એમાંની એક જાતના લોક ગોરી ચામડીના હતા. તે કાળમાં થોડા વખત પહેલાં તેઓ વાયવ્ય ખૂણાના ઘાટોને રસ્તે આવ્યા હતા. આ લોકો પોતાને આર્ય એટલે ઉત્તમ કુળના કહેતા. તેઓ ઉમદા ભાષા બોલતા, અને પોતાના ઉપર પ્રસન્ન રહે એવા બળવાન દેવોને પૂજતા. આ આર્યો હિંદમાં બ્રાહ્મણ તથા રજપૂત નામે ઓળખાયા. બીજા લોક હલકી જાતના હતા. તેઓ ઘણા વખતથી આ દેશમાં રહેતા હતા. એ લોકને પાછળથી આવનાર શ્રેષ્ઠ આર્ય લોકોએ પર્વતોમાં નસાડી દીધા, અથવા પોતાના ગુલામ બનાવી સપાટ પ્રદેશમાં રહેવા દીધા. આ બે જાતોના શુદ્ધ વંશજોની સંખ્યા મેળવી જોતાં હાલ બન્ને લગભગ સરખી જણાયછે. હાલની હિંદની વસ્તીનો મોટો ભાગ બીજી વચલી ન્યાતોથી બનેલાછે. એ સઘળી ન્યાતો મુખ્યત્વે કરીને બેમાંની વધારે જંગલી અનાર્ય જાતમાંથી પેદા થઇ છે. આગળ આપણા જાણવામાં આવશે કે ઇ. સનના આરંભને સુમારે સિથિઅન નામે ત્રીજી જાત હિંદમાં આવી. તેણે ઘણાં જાણવાલાયક પરાક્રમો કર્યાં છે. એમના પછી એક હજાર વરસે મુસલમાન આવ્યા.

# प्रकरण ३ जुं.

## અનાર્ય લોક.

**અનાર્ય કે મૂળ વતનીઓ.**—હિંદની જૂનામાં જૂની વસ્તીમાં જુદી જુદી કોમના લોક હતા. એ લોકને પોતાનું અમુક જાતિનામ ન હતું, તેથી તેઓ અનાર્ય કે મૂળવતનીઓ કહેવાયછે. તેઓ પોતાની પાછળ કોઈ જાતના લેખ મૂકી ગયા નથી. ખરૂં જોતાં તેઓને અક્ષરનું કે ચિત્ર-લિપિનું જ્ઞાન નહતું. તેમના કરેલાં કામોમાંથી માત્ર પથ્થરના બેડોળ ચક્કરો, સીધાં ચોસલાં, અને માટી તથા પથ્થરના ઢગલા મારી કરેલી કબરો આજસુધી રહ્યાંછે. યૂરોપના મૂળવતનીઓની પેઠે તેઓ એ કબરો નીચે મુડદાં દાટતા. એ સમાધો તળેથી નીકળેલી ચીજો જોતાં માલુમ પડેછે કે નક્કી નહિ કરી શકાય એવા ઘણા પ્રાચીન કાળમાં તેઓને સારાં ઘાટીલાં, પાતળાં ને કઠણ માટીનાં વાસણ બનાવતાં આવડતાં; લડાઈમાં તેઓ લોઢાનાં હથિયાર વાપરતા, અને તાંબા તથા સોનાનાં ઘરેણાં પહેરતા. આ પ્રાચીન કબરો બનાવનારી વધારે જૂની નીશાની જોતાં એવું સાબીત થાયછે કે તેઓ અગાઉ થઈ ગયલી ઘણી પુરાતન જાત પરથી ઉતરેલા હતા. હિંદમાં જે લોક એમની પહેલાં વસતા હતા તેઓ ધાતુથી અજાણ હતા. યૂરોપના ઉત્તરભાગમાંથી હાલ મળી આવેછે તેવી સફાઈદાર ચકમકની ફરશી અને પથ્થરના કારીગરીવાળાં બીજાં હથિયારોવડે તેઓ શિકાર તથા લડાઈ કરતા. એમની પણ પહેલાં વધારે અણઘડ જાતો થઈ ગઈ હતી. તે લોકનાં બનાવેલાં કઠણ પથ્થરના છરા તથા ચકમકના કઢંગાં હથિયારો **નર્મદાના** પ્રદેશમાંથી મળી આવેછે. એ ઘણા જૂના વખતના ***પાષાણયુગ** અને ત્યારપછીના **ધાતુયુગ*** વીત્યા પછી ઘણા કાળે હિંદમાં **આર્ય** લોકો આવવા માંડ્યા; અને એ નવા આવેલા લોકો મૂળવતનીઓને મારી હઠાવા લાગ્યા.

**આર્ય** લોકે **અનાર્ય** લોકનું નીચે પ્રમાણે વર્ણન કર્યુંછે. જીતેલા **આર્ય** લોકો **જૂના** વતનીઓને દસ્યુ એટલે દુશ્મન અને દાસ એટલે ગુલામ કહેતા. ઉત્તરના વધારે ઠંડા પ્રદેશમાંથી **આર્યલોક** હિંદમાં આવ્યા, અને તેઓ પોતાની ગોરી ચામડીનું અભિમાન રાખતા. સંસ્કૃતમાં રંગનેમાટે

---

* જે જૂના વખતમાં લોકો માત્ર પથ્થરના ઓજાર વગેરે પ્રથમ બનાવી જાણતા તેને પાષાણયુગ કહેછે; તેમ જે સમયમાં માત્ર ધાતુની ચીજો પ્રથમ કરતા શીખ્યા તેને ધાતુયુગ કહેછે.

વર્ણ શબ્દ છે તેનો અર્થ પાછળથી જાતિ કે ન્યાત થઇ ગયો. ઓછામાં ઓછાં ૩,૦૦૦ અથવા ૪,૦૦૦ વરસ પહેલાં વેદ રચનારા અસલના આર્ય કવિઓએ પોતાના પ્રતાપી દેવોની સ્તુતિ કરતાં કહ્યું છે કે 'તમે (દેવોએ) દસ્યુને હણી આર્ય વર્ણનું રક્ષણ કર્યું, તથા કાળી ચામડી (વાળી જાત) ને આર્ય પુરૂષને તાબે કરી', તેઓ કહેછે કે 'મોટા પરાક્રમી દેવતાઓ તોફાની આખલાની પેઠે ધસી આવી કાળી ચામડીને વીખેરી નાંખેછે.' વળી સુંદર ચહેરાવાળા આર્યલોકો મુગલના જેવી સપાટ શીકલવાળા મૂળવતનીઓનો તિરસ્કાર કરતા. વેદમાં એક કવિએ અનાર્ય લોકને 'નાક રહિત અથવા ચપટા નાકવાળા' કહ્યા છે. બીજો કવિ પોતાના દેવને 'સુંદરનાકવાળા' કહી તેમની સ્તુતિ કરેછે. વેદના સમય પછી ઓછામાં ઓછાં એક હજાર વર્ષ મહાન સિકંદરની સવારી હિંદમાં આવી ત્યારે પણ એશિઆની કોઈ અનાર્ય જાતની તેજ પ્રકારની બદશીકલ જોઈ તેના સાથીઓએ ટીકા કરી હતી. ખરેખર વેદના મન્ત્રોમાં તો આ મૂળવતનીઓ સંબંધી તિરસ્કાર ભરેલાં વચનો પુષ્કળ માલમ પડેછે. 'યજ્ઞમાં વિઘ્ન કરનારા', 'માંસના ખાઉધર', 'કાચું ખાનાર', 'બંધન વગરના', 'યજ્ઞ નહિ કરનારા', 'દેવ વગરના' અને 'ક્રિયારહિત,' એ પ્રમાણે વચનો છે. વખત જતાં આ અણઘડ લોકોને જંગલમાં હાંકી કહાડ્યા, પછી તેઓનું એથી પણ વધારે નઠારૂં વર્ણન કર્યુંછે; અન્તે આર્ય કવિ અને ગોરોએ તેમને, રાક્ષસ અને દૈત્યનાં નામ આપ્યાં. જેમ પ્રાચીન જર્મન ભાષામાં શત્રુ કે વેરીને માટે જે બોલ હતો તે ઉપરથી ઈંગ્રેજીમાં 'ફીન્ડ' એટલે 'શેતાન' શબ્દ થયો, તેમ એ અનાર્ય લોકનું જાતિ નામ જે 'દસ્યુ' એટલે 'દુશ્મન' તેનો અર્થ ભૂત, પિશાચ કે દૈત્ય થયો.

**વધારે સુધરેલી અનાર્યો જાતો.**—એમ છતાં પ્રાચીન હિંદમાં સઘળી અનાર્ય જાતો જંગલી હોય એવું સંભવે નહિં. દસ્યુ અથવા અનાર્ય લોક પૈસાદાર હતા એવું આપણે જાણીએ છિયે. વેદના મન્ત્રોમાં કહ્યું છે કે તેમની પાસે ૭ ગઢ અને ૯૦ કિલ્લા હતા. આર્યલોકે પાછળથી અનાર્ય લોક સાથે સંધિ કરી; અને હિંદનાં કેટલાંક મોટાં બળવાન રાજ્યોપર અનાર્ય રાજા રાજ કરતા. વળી અનાર્ય લોકો ધર્મક્રિયા રહિત ન હતા, કે પરલોકની આતુરતા વગરના નહતા. એક જૂના સંસ્કૃત પુસ્તકમાં લખ્યું છે કે

એ લોકો મુડદાંને, વસ્ત્ર, ઘરેણાં અને ભેટ કરેલી ચીજો વડે શણગારે છે; એમ કરવાની મતલબ એજ કે તેઓ પરલોક પામે.' બેડોળ પથરાની સમાધિઓની નીચેથી કાંસાના, તાંબાના, અને સોનાના કકડા નીકળે છે, તે એ ઘરેણાં છે. દક્ષિણ હિંદમાં આર્યલોકે સ્વારી કરી તેનું વર્ણન રામાયણ નામે સંસ્કૃત વીરરસ કાવ્યમાં છે, તેમાં એક અનાર્ય સરદારે પોતાની જાતના લોક વિશે કહ્યું છે કે તેઓ "ભયંકર રીતે ઝડપથી દોડનારા, લડાઈમાં પાછી પાની આપે નહિ એવા, અને રૂપે ઘેરા ભૂરા રંગના વાદળ જેવા છે."

**હાલના અનાર્ય લોક.**—આજ કાલ એ અસલી લોકની કેવી સ્થિતિ છે તેનું અવલોકન કરીએ. આર્યલોકે આવી સપાટ પ્રદેશમાંથી હાંકી કહાડ્યા પછી, જેમ મરી ગયેલાં જનાવરોનાં અવયવો ડુંગરની ગુફામાં પડી રહેછે, તેમ તેઓ પર્વતમાં સંતાઈ રહ્યાછે. એ પ્રમાણે હિંદ માણસજાતનું મોટું સંગ્રહસ્થાન છે. અહિં ઘણી અધમ સ્થિતિમાં ડૂબી રહેલા માણસોથી તે ઊંચામાં ઊંચી અવસ્થાએ પહોંચેલા સઘળી તરેહના માણસોનો ચિતાર મળેછે. નમૂનાને ઠેકાણે આ સંગ્રહસ્થાનમાં સૂકાં હાડકાં નથી, પણ જીવતી જાતો છે, ને તેઓમાંની દરેક જાત પોતપોતાની વિચિત્ર રૂઢીઓ અને ધર્મક્રિયા પાળેછે.

**આન્દામન બેટના રહીશો.**—સઘળાથી અળગા રહેલા આન્દામન બેટના રહીશો અથવા બંગાળી અખાતના અનાર્ય લોક મનુષ્યવર્ગમાં સૌ કરતાં વધારે જંગલી છે. આરબ તેમજ આગલા વખતના યૂરોપના વહાણવટીઓએ તેમને કુતરીઆ મ્હોંવાળા ને માણસખાઉ કહ્યાછે. સને ૧૮૬૫ માં ઇંગ્રેજ અમલદારને એ બેટમાં થાણું બેસાડવા મોકલ્યા ત્યારે ત્યાં માણસના માંસનું ભક્ષણ કરનારા નાગાલોક તેમના જોવામાં આવ્યા. તેઓ આનંદના દિવસોમાં શરીરે રાતી મટોડી ચોળતા, અને દીલગીરીના વખતમાં ડીલે કાળી માટીના લેપ કરતા. ખુશી અને સ્નેહ દેખાડતી વખતે તેઓ રડવા જેવો શોર કરતા. તેમનાં નામ સામાન્ય જાતિવાચક હતાં. જનમ થતાં પહેલાં તેમનાં નામ પાડવામાં આવતાં તેથી તે બન્ને જાતિને ( નર કે નારીને ) લાગું પડી શકતાં. રોગ ફેલાવનારી કોઈ મેલી શક્તિને તેઓ દેવી તરીકે માનતા; તે ઉપરાંત ઈશ્વર

સંબંધી તેમને વધારે સમજણ ન હતી. પાંચ વરસ સુધી ઇંગ્રેજ અમલદારોએ તેમને મેળવી લેવાને ઘણા પ્રયત્ન કર્યા હતા, પણ દરવખતે તેમના પર તીરનો માર પડવાથી તેઓ નિષ્ફળ થયા હતા. પાછળથી થાણાની નજીક છાપરીઓ બાંધી ત્યાં એમાંના ગરીબ લોકને રાખી ખોરાક તથા ઓસડ આપવાની સવડ કરી તેથી ધીમે ધીમે તેઓ હળી ગયા અને શાન્ત પડ્યા.

**મદ્રાસ ઇલાકાના ડુંગરી માણસો.**—મદ્રાસ ઇલાકાના દક્ષિણ ભાગમાં અનમલે નામે ડુંગરો છે, તેમાં ઘણીક અનાર્ય જાતો વસેછે. પુલીઅર નામે લાંબા વાળવાળા ને જંગલી દેખાવના લોક જંગલની નીપજનો, ઉંદરનો કે તેમનાથી પકડી શકાય તેવાં બીજાં નાનાં જનાવરોનો આહાર કરી ગુજારો ચલાવેછે. તેઓ દૈત્યોને પૂજેછે. મુન્દવેર કરીને બીજી જાત છે, તે કોઈ ઠેકાણે ચોકસ ઘર કરીને ન રહેતાં પોતાનાં ઢોર લઈ છેક અંદરના ભાગના ડુંગરમાં ભટકેછે. તેઓ કોતરોમાં કે પાદડાંની મઢ઼ડીમાં રહેછે, અને એકજ જગામાં ભાગ્યે એક વરસથી વધારે ટકેછે. જરા ઊંચી જાતની રહી ગયેલી જાતમાં જાડા હાડ અને ટુંકા શરીરવાળા કદર (ડુંગરોના ધણી) લોક છે. તેઓ શિકારવડે પોતાનો નિર્વાહ કરેછે, અને તેમનાથી વધારે જંગલી જાતોપર કાંઇક અમલ ચલાવેછે. પ્રાચીન અનાર્ય લોકે મડદાં દાટી ઉપર પથ્થરની સમાધો કરીછે. તેને ક્રિસ્ત્વએન અને દોલ્મેન કહેછે. એવી સમાધો આ ડુંગરોમાં ઘણી છે. હિંદના નૈર્ઋત્ય ખૂણાના નૈરનામે ડુંગરી લોકમાં ઘણા ધણી કરવાનો જૂનો રિવાજ હજી ચાલુ છે. એ રિવાજ પ્રમાણે એક બૈરીને ઘણા ધણી હોયછે, અને હરકોઈ માણસની મિલકતનો વારસો તેના દીકરાને ન મળતાં તેની બેનનાં છોકરાંને મળેછે. હિંદને સામે છેડે હિમાલયના અનાર્ય લોકમાં પણ આ રિવાજ ચાલતો જણાયછે.

**વિંધ્યાચળમાં વસનારા અનાર્ય લોક.**—ઉત્તર અને દક્ષિણ હિંદની વચ્ચે આવેલા હારબંધ પર્વતોમાં ઘણી વગડાઉ જાતો વસેછે. એ જંગલી જાતોમાં સૌથી વધારે જાણીતી કદાચ ભીલ જાતિ છે. એ જાતના લોક નર્મદા નદીની છેક ઉત્તરે ઉદેપુર સંસ્થાનથી મુંબઈ ઇલાકાની ખાનદેશ એજન્સી લગી ગયેલા વિંધ્ય પર્વતોમાં રહેછે. તેઓ

બકરાં અને ઘેટાંનાં ટોળાં લઈ જંગલના પહાડી પ્રદેશોમાં ભટકતા ફરે-છે. તેઓ શિકારવડે તથા જંગલની કુદરતી નીપજવડે જેમતેમ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ઉદેપુર સંસ્થાનમાં તેઓ નાનાં ઝુંપડાં બાંધીને વસ્યાછે. આખા ગામપર દુશ્મનો એકદમ છાપો મારી ન શકે એટલા માટે દરેક ઝુંપડું જુદી જુદી ટેકરીપર બાંધેલું છે. અમુક એક કુટુંબ પકડી શકાય; પરંતુ તે કીકીઆરીઓ કરેછે, તે પરથી બીજા લોકોને ભયની ખબર પડેછે, અને થોડી વારમાં લડાઈની બૂમ એક-ટેકરીથી બીજી ટેકરીએ પહોંચી જાયછે, તેથી કરીને અર્ધો નાગા જંગલી લોકોનાં ટોળાં તે હુમલો કરનારને મારી કાઢવાને હથિયારબંધ નીકળી પડેછે. ઇંગ્રેજી અમલ થયાં પહેલાં **ભીલ** લોકો ઘણે દૂર સુધી જઈ ગામો લુટતા અને બાળી દેતા. એ રીતે તેઓ આસપાસના પ્રદેશમાં વસનારાને ઘણો ત્રાસ આપતા, ત્યારે દેશી રાજ્યકર્તાઓ વખતે વખતે **ભીલ** લોકોની ખુની કતલો કરીને વેર વાળતા. સને ૧૮૧૮ માં ઈસ્ટ ઇંડિયા કંપનીને થડમાંનો મુંબઈ તાબાનો ખાનદેશ જીલ્લો મળ્યો, ને તેણે **ભીલ** લોકોપર પેહેલી ચડાઈ કરી તેનું પરિણામ દુઃખદાયક નીપજ્યું. કંપનીના લશ્કરનાં અર્ધા માણસો જંગલોમાં તાવથી મરણ પામ્યાં. ત્યાર પછી તરતજ સર **જેમ્સ ઔટ્રામે** એ જંગલી જાતોને વશ કીધી; તેણે તેમને ઉજાણીઓ ખવરાવી તથા વાઘના શિકાર કરાવી તેમની જોડે દોસ્તી બાંધી. શિકારી પશુઓને શોધી કહાડવામાં તેની સાથે નવ ભીલ લડવૈયા નિરંતર રહેતા, તેમની મદદથી એક **ભીલ** પલટણ તેણે ઉભી કીધી. એ પલટણમાં સને ૧૮૨૭ માં છસેં માણસો હતા, અને તેઓ ઇંગ્રેજ સરકારની વતી બહાદુરીથી લડ્યા હતા. આ વફાદાર ભીલોએ પોતાના વધારે જંગલી જાતિભાઈઓને લૂટફાટ કરતા અટકાવ્યા; અને તેઓ એટલાતો વિશ્વાસુ નીવડ્યા છે કે ખાનદેશની પોલીટીકલ એજન્સીના મોટા પ્રદેશમાં હાલ તેમને પોલીસના સિપાઈની તથા ત્રીજોરીના પેહેરેગીરોની નોકરીપર રાખ્યાછે.

**મધ્ય ભાગના અનાર્ય લોક.**—મધ્ય પ્રાંતોની વસ્તીમાં ઘણે ભાગે અનાર્ય લોક છે. કેટલીક જગામાં તેઓની અરધો અરધ વસ્તી છે. તેઓમાં સૌથી અગત્યની જાત ગોંડ નામે છે, તે થોડી સુધરેલી

છે; પરંતુ વધારે વગડાઉ જાતો તો જંગલ છોડતી નથી, અને શિકાર વડે ગુજારો ચલાવેછે. એમાંની કેટલીક જાતો થોડાં વરસપર ચકમકના તીર વાપરતી એવું કહેવાયછે. તેઓ બહુ જબરાં કામઠાં વાપરેછે. એ કામઠાને પગેવતી ઝાલી બે હાથે પણછ અથવા દોરી ખેંચી તીર ફેંકેછે. તેમનું ફેંકેલું તીર હરણના શરીરને આરપાર વીંધી શકેછે. મારી લોક ઘાસનાં ઝુંપડાંમાં રહેછે, અને અજાણ્યા માણસને આવતા દેખી નાસી જાયછે. વરસમાં એકવાર તે જગાના રાજાતરફથી એક માણસ તેમની પાસેથી ખંડણી લેવા આવેછે. ખંડણીમાં તેઓ જંગલની નીપજ આપેછે. એ ખંડણી ઉઘરાવનાર માણસ તેમનાં ઝુંપડાંમાં ન પેસતાં ઢોલ વગાડેછે ને પછી સંતાઈ જાયછે. શરમાળ મારી લોક બહાર નીકળી પોતાને જે આપવાનું હોય છે તે ઠરાવેલી જગાએ મૂકી જાયછે, ને પછી પોતાને સંતાઈ રહેવાની જગામાં પાછા જતા રહેછે.

**પાંદડાં પહેરનારી ઓરિસ્સાની જાત.**—આગળ ઈશાનમાં આવેલાં ઓરિસ્સાનાં ખંડીયાં સંસ્થાનોમાં એક ગરીબ જાત વસેછે તેમાં દશ હજાર માણસ છે, ને તેનું નામ જુઆંગ કે પતુઅ (પાંદડાં પહેરનાર) છે. થોડા વખત પહેલાં તેમનાં બૈરાં નવસ્ત્રાં ફરતાં, કે ફકત મણકાની થોડી માળા પહેરતાં, અને તેની આગળ તથા પાછળ પાંદડાંનો એકેક ગુચ્છો લટકાવતાં. સને ૧૮૭૧ માં ઈંગ્રેજ અમલદારે એ ટોળીનાં બધાં સ્ત્રીપુરૂષોને એકઠાં કરી બોધ કર્યો, ને ભાષણ પૂરૂં થયા કેડે સ્ત્રીને પહેરવાને લૂગડાંનો એકેક કકડો આપ્યો. એ નવાં લૂગડાં પહેરી તેઓ હારબંધ સલામ કરતાં તે અમલદારની આગળથી ચાલ્યાં ગયાં, ને છેવટે પોતાની કમ્મરેથી ઉતરેલાં પાંદડાંના ગુચ્છાને એકઠા કરી ઠાવકે મ્હોડે બાળી નાંખ્યા. તેમની કને લૂગડાંને બદલે ફકત એ ગુચ્છા હતા.

**હિમાલયની જાતો.**—હિંદની ઉત્તર સીમાપર જતાં હિમાલયના ઢાળ ઉપર ને નાકાં આગળ ઘણી જાતના વગડાઉ અનાર્ય લોક વસેછે. આસામના કેટલાક ડુંગરી લોકની બોલીમાં ગાઉ કે તેના જેવો બીજો કોઈ જમીનનું અંતર જણાવનાર શબ્દ નથી. પણ રસ્તે ચાલતાં તમાકુ કેટલો ખાધો કે પાન કેટલાં ચાવ્યાં તે ઉપરથી કેટલું ચાલ્યા તે ગણેછે.

કામ કરવું તેમને ગમતું નથી. ઘણું કરીને તેઓ વિકરાળ, કાળા ને ઠીંગણા છે. તેમને પેટ પૂરતું ખાવા મળતું નથી. આગલા વખતમાં આસામની ખીણમાં ગામડાં લૂટી તેઓ જેમ તેમ કરી ગુજારો કરતા. હમણાં સીમાડાનો બંદોબસ્ત રાખવાનું પોલીસના જેવું કામ તેમને સોંપ્યું છે, તે બદલ દર વરસે તેમને કપડાં, ચાંચવા અને અનાજ મળેછે. પૂર્વે તેઓ કેવાં નબળાં કામ કરતા હતા તે એ લોકના નામપરથી જણાઈ આવેછે. આસામમાં અકસ નામે એક જાત છે, તેમાં બે ટોળીઓ છે. તેમાંની એકના નામનો અર્થ 'હજાર ચૂલાને ખાનાર' થાય છે અને બીજીના નામનો અર્થ 'કપાસના ખેતરમાં સંતાઈ રહેનારા ચોર' છે.

**વધારે સુધરેલી અનાર્ય જાતો.**—હાલ પણ માણસ જાતના સુધારાની શરૂઆતની સ્થિતિમાં રહેલી ઘણીજ અનાર્ય જાતો છે. એવી સ્થિતિમાં રહેલી જાતોનું વર્ણન ત્રણ હજારથી વધારે વરસપર વેદના કવિઓએ કરેલુંછે. પરંતુ કેટલીક જાતોમાં કાંઈક સુધારો થયો છે, અને તેમના સંસારમંડળનું બંધારણ પણ કાંઈક સારી ઢબનું છે. અનઘડ જાતોની પેઠે આ ઉંચી જાતો પણ આખા હિંદપર ચોમેર વીખરાયલી છે. પરંતુ તેમાંની સંતાલ અને કંધ એ બે જાતનો ટુંકો હેવાલ માત્ર અત્રે આપીશું.

**સંતાલ લોક.**—નીચલા બંગાળામાં ગંગાના પ્રદેશને સીમાડે આવેલા ડુંગરોમાં સંતાલ લોક વસેછે. સપાટ ભૂમિના લોકનાં ગામોથી તેમનાં ગામ જુદાં છે, અને તેમની વસ્તીની સંખ્યા શુમારે દશ લાખ માણસની છે. શિકારી જંગલી લોકની ઘણી રૂઢીઓને હજી તેમણે છોડી નથી, તોપણ તેઓ હળવડે ખેડતાં શીખ્યા છે, અને ઠીસખી ખેડુત બની એકજ જગામાં વસ્તી કરી રહ્યા છે. દરેક ગામનો વહિવટ ત્યાંનો મુખી પટેલ કરેછે. ધારવા પ્રમાણે તે ગામ વસાવનાર મૂળ પુરૂષનો એ વંશજ છે. એ મુખીના હાથ નીચે એક મદદગાર પટેલ છે, અને એક પગી કે ચોકીદાર છે. ગામના છોકરાના અમલદાર નોખા હોયછે, અને તેઓનો ઉપરી અને તેનો મદદગાર એ બેની પૂર્ણ આજ્ઞામાં પરણતાં સૂધી તેમને રહેવું પડેછે. હિંદુલોકની પેઠે એ લોકમાં જ્ઞાતિભેદ નથી. ઘણું ખરૂં તેઓ પોતાની સાત શાખા ગણેછે,

અને તેઓને પોતાના મૂળ પૂર્વજના સાત પુત્રોથી ઉત્પન્ન થયેલી માનેછે. આખું ગામ ભેગું થઈ સાથે ઉજાણી કરેછે, શિકારે જાય છે, અને દેવ-પૂજન કરેછે. જાતિબંધન એવું જબરૂં છે કે ગુનેહગારને નાત બહાર મૂકવો એજ માત્ર સંતાલ લોકમાં સજા હતી. ભારે ગુનોહ કરનારને ગામમાં આગપાણીની બંધી કરી જંગલમાં એકલો કહાડી મેલતા. નાતવાલાઓ ખુલ્લી રીતે સમાધાન કરતા તો નાના અપરાધ માફ કરવામાં આવતા. સમાધાન કરવાને માટે અપરાધીઓએ બધા ગામને ઉજાણી આપવી પડતી તથા સર્વને સારૂ ચોખાનો દારૂ મસ પૂરો પાડવો પડતો.

**સંતાલ લોકની ક્રિયાઓ.**—એ લોકમાં બાળલગ્ન થતાં નથી. પંદરથી સત્તરવરસ લગીની ઉમરે જુવાન સ્ત્રીપુરૂષો પોતાને મન-ગમતાં લગ્ન કરવા જેવડાં થાય છે, ત્યારે પરણેછે. લગ્નક્રિયા કરી રહ્યા પછી કન્યાનો પિયેરીયાં જોડેનો સંબંધ તૂટયો છે એવું જણાવ-વાને માટે તેનાં સગાં બળતા અંગારાને સાંબેલાવતી કચરેછે, પછી પાણી છાંટીને હોલવી નાંખેછે. સંતાલ લોક પોતાની સ્ત્રીઓને માન આપેછે, અને પહેલીવારની સ્ત્રી વાંઝણી હોય તોજ બીજી પરણેછે. તેઓ પો-તાનાં મડદાંને અમુક ક્રિયા કરી બાળેછે. મડદાંના માથાની ખોપરીના ત્રણ કકડા દામોદરા નદીમાં નાંખેછે. તેઓ એ નદીને પવિત્ર માનેછે.

**સંતાલ લોકનો ધર્મ.**—વેદના મંત્ર કરનારા જે બળવાન અને હિ-તકારી દેવોને પૂજતા હતા, તેવા દેવો સંતાલોના જાણવામાં નથી, તો એક સર્વશક્તિમાન ને કલ્યાણકારી દેવ માણસજાતનું પાલણ કરેછે તે વાત તેમનાથી કેમ સમજાય ? હિંદુ અને મુસલમાનોએ મારી ઠોકીને હાંકી કહાડેલા સંતાલ લોક સમજતા નથી કે કોઈ દેવ તેમનાથી વધારે બળવાન હોય તે કંઈ પણ જાતનું દુઃખ દેવાની ઇચ્છા કેમ ન કરે. કોઈ છટાદાર બોલનાર પાદરી ખ્રિસ્તિદેવ વિષે તેમને બોધ કરતો હતો. તેને એક સંતાલે કહ્યું કે ત્યારે તે સમર્થ એક દેવ મને ખાઈ જાય તો હું શું કરૂં ? સંતાલ ધારેછે કે પૃથ્વી રાક્ષસોથી ભરપૂર છે ને તેમની ઇતરાજી ન થાય તેટલા સારૂ તે બકરાં, કૂકડાં અને મરઘડાંનો તેમને ભોગ આ-પેછે. પોતાના પૂર્વજોના ભૂત, પ્રેત, નદીના પીશાચ, વનનાં ભૂત, કૂવામાંના વેતાળ, પર્વત પરના રાક્ષસો વિગરે બીજા ઘણા અદૃશ્ય જીવોને સંતોષી

ખુશી રાખવા જોઇએ એવું તેઓ માનેછે. આસપાસ ઉગી ગામને છાયા આપનારા સાલના ઝાડોમાં એવા જીવો વસેછે એમ તેઓ ધારેછે. ગમે તે ઝાડમાં ગામનાં ભૂતો વસતાં હોય તેને સંતોખવા રહી જાય નહીં માટે કેટલાંક ગામડાંના લોક દરેક ઝાડની આસપાસ નાચેછે.

**સંતાલોનો ઇતિહાસ.**—ગયા સૈકાના લગભગ છેવટના ભાગ સુધીમાં સંતાલ લોક પાસેના પ્રદેશો લૂટી ગુજારો કરતા. પરંતુ બ્રિટિશ અમલ નીચે તેઓ નરમ પડી ઠરી ઠામ ખેતી કરેછે. તેમની અને નીચલા પ્રદેશના ગામોના લોકની વચ્ચે ટંટા થતા અટકાવવાને ઇંગ્રેજ અમલદારે સને ૧૮૩૨ માં સીમાડે પથરા દટાવ્યા; પરંતુ નાણાં ધીરનારા એ લોકની મધ્યે ઉતાવળા જઈ રહ્યા, અને ભોળા ડુંગરીલોકો દેવાદાર થઈ ગયા. સગાંવહાલાંના પાકા સ્નેહને લીધે ગામ છોડી નાસી ન ગયા, ને હિંદુ વ્યાજખોરોના દાસ જેવા થઈ ગયા. ગરીબ સંતાલને દરવરસે પોતાનો તમામ પાક લેણદારને આપવો પડેછે, અને તેની પાસે માત્ર કુટુંબને મુશ્કેલીથી ચાલી શકે તેટલું ખાવાનું રહેછે. તે મરી જતા ત્યારે તેના આખા ભવનો બોજો તેના છોકરાને માથે પડતો; કારણ કે એ લોકમાં દીકરો બાપનું ઋણ આપવામાં ઘણી આબરૂ માનેછે. ૧૮૪૮ માં ત્રણ ગામના તમામ લોક નિરાશ થઈ પોતાનાં ખેતરો છોડી જંગલમાં નાશી ગયા. સને ૧૮૫૫ માં તીર કામઠાં સહિત ત્રીસ હજાર સંતાલો પોતાની હાલત ગવરનર જનરલને જણાવવાને કલકત્તે આવવા નીકળ્યા. તેઓમાં પહેલ વહેલો તો ઠીક બંદોબસ્ત રહ્યો પણ મજલ લાંબી હતી અને ખાવાનું જોઇએ તે મળ્યું નહીં ત્યારે તેઓ ભૂખને લીધે ચોરી કરવા લાગ્યા. તેમની અને પોલીસની વચ્ચે કજીઓ થયો અને એક અઠવાડીઆમાં તેઓએ હુલડ કર્યું, ને હથિયાર વાપરવા લાગ્યા. એ ફિતુર સરકારે તોડ્યું, પણ તેમાં એ લોકોની ભારે કતલ થઈ. સરકારે તેમની ફરિયાદ ધ્યાન દઇને સાંભળી અને બ્રિટિશ અધિકારીની દેખરેખ નીચે ઘણા સાદા પ્રકારનો રાજ્યવહિવટ તેમને બાંધી આપ્યો. હાલ તેઓ આબાદ છે. તેઓ શરમાળ અને વહેમી હોવાથી હરકોઈ નવી વાતથી ડરેછે. સને ૧૮૮૧ માં વસ્તીપત્રક કર્યું તેની સામા તેમાંના થોડાક હથિયાર લઈ ઉઠ્યા હતા.

**કંધ અથવા કોંધ લોક.**—કંધ શબ્દનો અર્થ પર્વતવાસી છે. એમની આશરે એક લાખ માણસની વસ્તી છે. ઓરિસ્સાને કોઠેથી ઉભા જંગલથી છવાયલા પહાડો છે, તેમાં તેઓ વસેછે. રાજ્યવહિવટને માટે દરેક કુળમાં વડિલના હાથમાં સત્તા રાખવી વાજબી ગણેછે. કુટુંબમાં બાપને હાથ ખરેખરો બધો અધિકાર છે. તેની હયાતીમાં ઉમ્મરે આવેલા દીકરાનો મિલકતપર જરાએ હક્ક નથી. પણ પોતાની બાઈડી અને છોકરાં સાથે દીકરો બાપના ઘરમાં રહેછે, અને મોટી મા જે રાંધે તે સઘળાં જમેછે. ટોળીમાં વડા કુટુંબના ઘરમાં જે વડો દીકરો હોય તે આખી ટોળીનો મુખી છે. જો તે એ હોદ્દાને લાયક ન હોય તો લોકો તેને કહાડી મૂકી તેની જગાએ તેના કાકા કે નાનાભાઈને નીમેછે. ટોળીમાં જે વડા હોય તેમને ભેગા કર્યાવિના એ મુખી કોઈ પ્રકારનાં કામ હાથે ધરતો નથી.

**કંધ લોકોની વઢવાઢો અને સજા કરવાની રીતો.**—સને ૧૮૩૫ માં ઇંગ્રેજે ઓછા સખત કાયદા દાખલ કર્યા ત્યાં સુધી કંધલોકમાં ખુનને બદલે ખુન કરવાનો ધારો હતો. મરનાર આદમીના કુટુંબીઓ ખુન કરનારનો જીવ લેવાને બંધાયલા હતા, પણ તે જો અનાજ અથવા પશુ આપી મરનારના કુટુંબને રાજી કરે તો પછી વેર વાળવામાં આવતું નહિં. જે માણસ બીજાને જખમી કરે તેણે તેને સાજો થતાં લગી પાળવો જોઈએ. ચોરેલો માલ પાછો આપવો અથવા તેનું મૂલ ભરી આપવું, પણ જે કંધપર બે વાર ચોરી સાબીત થતી તેને નાત બહાર કાહાડી મૂકવામાં આવતો. તે લોકમાં મોટામાં મોટી સજા એ જાતની હતી. વાંધા પતાવવાને અરસપરસ યુદ્ધ કરતા, અથવા હથિયારબંધ ટોળીઓની મોઠી મારામારી થતી, અથવા ઉકળતા તેલથી કે તપાવેલા લોઢાથી ધીજ કરતા, કે કીડીના દરઉપર કે વાઘના નખઉપર કે બીલાડીના ચામડાપર સોગન ખવરાવતા. ઘરનો મુખ્ય માણસ અપુત્ર મરી જાય તો તેની જમીન ગામના બીજા વડીલ પુરૂષોને વહેચી આપવામાં આવતી, કેમકે સ્ત્રીને જમીન રાખવાનો અધિકાર નથી તેમ જે કંધ પોતાનીમેળે જમીનનો બચાવ કરી શકે નહિ તેને પણ તે રાખવાનો હક નથી.

**કંધ લોકની ખેતી.**—હિંદુલોક એક ઠેકાણે વસી ખેતી કરેછે, અને ઓછા સુધરેલા અનાર્ય લોક ખેતીનાં ઠામ થોડે થોડે કાળે બદલે છે. કંધ લોકની ખેતીની રીત વચલા રસ્તાની છે. જેમ ઓછા સુધરેલા અનાર્ય લોક જંગલના કોઈ ભાગ બાળી તેમાં થોડો પાક કરી બીજા ભાગમાં તેવુંજ કરવા ઉપડી જાય છે તેમ કંધ લોક કરતા નથી. વળી હિંદુઓ વંશાપરંપરા તેના તેજ ખેતરો ખેડેછે. તેમ પણ કંધ લોક કરતા નથી. જમીનનો કસ ઉતરી ગયેલો જણાય ત્યારે તેને છોડી તેઓ બીજી જગાએ જઈ વસેછે. કેટલીક જગામાં તેમનો એવો નિયમ હતો કે ચૌદ વરસે ગામની ભોંય તજી બીજી જગામાં જઈ નવું ગામ વસાવવું.

**કંધ લોકનાં લગન, કન્યાહરણ.**— ઉજાણીમાં કે જમણવારમાં લોક મળ્યા હોય ત્યારે કન્યાને જોર જુલમથી ઉપાડી જવી એ કંધ લોકનું લગ્ન છે. વરનો બાપ તે કન્યાનું મૂલ આપેછે, ને ઘણું ખરૂં પોતાના દીકરાથી કેટલેક વરસે મોટી ને મજબૂત કન્યા પસંદ કરેછે. એ પ્રમાણે એ જાતમાં આશરે ચૌદ વરસની ઉમ્મરે છોકરી પરણેછે, અને દશ વરસની ઉમ્મરે છોકરો પરણે છે. વર મોટો થઈ તેની જોડે રહી શકે ત્યાં સૂધી વહુ સસરાના ઘરમાં નોકર તરીકે કામ કરેછે. બાઈડી ઘણું કરીને ભાયડાને વશ કરી તેનાપર ઘણી સત્તા મેળવેછે. જીવતી બાઈડીએ એની રજા વિના ભાયડો બીજી બૈરી કરી શકે નહિ.

**કંધ ગામના દાસ.**—ખેતી અને લડાઈ એ બે વાનાં કરવાં કંધને ગમેછે. બીજાં બધાં કામને તેઓ ધિક્કારેછે. દરેક ગામની જોડે નાનાં ઝુંપડાંની એક હાર હોયછે, તેમાં વધારે નીચ વરણના લોક રહેછે. એ લોકને જમીન રાખવાની, લડાઈમાં જવાની અથવા ગામની દેવ-પૂજામાં સામીલ થવાની મના છે. આ ગરીબ લોક ગામમાં ગંદું કામ કરેછે, તથા તેઓ વણકર, લુહાર, કુંભાર, ભરવાડ અને કલાલનાં કામ પણ વંશાપરંપરા કર્યાં જાયછે. તેમની જોડે કંધો ભલાઈથી વર્તેછે, અને વરો થાય તેનું જમણ તેમને માટે પાછળ રાખવામાં આવેછે. પરંતુ તેઓ કદી ઉંચ વરણમાં દાખલ થઈ શકતા નથી. જે કામ તેઓ કરે છે તે કરવાથી કંધ પતિત થયો ગણાય છે, ને તેમનું રાંધેલું પણ કંધથી ખવાય નહિ. સપાટ પ્રદેશમાંથી આર્ય લોકે કંધ લોકને પાછા હઠાવી

ડુંગરોમાં હાંકી કહાડ્યા તે વખતે ડુંગરોમાં વસનારી કોઈ વધારે અનઘડ જાતમાંના એ લોક હશે એવું ધારવામાં આવ્યું છે.

**કંધ લોકનો નરમેધ.**— સંતાલ લોકની પેઠે કંધ લોકમાં પણ ઘણા દેવો છે. તેમનામાં ગોત્ર દેવો, જ્ઞાતિ દેવો, કુળ દેવો, દૈત્યો અને ઘણાક મેલા દેવો છે. પરંતુ ભૂદેવ કે પૃથ્વી દેવ એ તેમનો મોટો દેવ છે, અને તે સૃષ્ટિમાં સઘળું ઉત્પન્ન કરનારો છે. વરસમાં બે વાર વાવણી કરતી વેળા અને કાપણી કરતી વેળા તથા મોટી આફત કે દુકાળને વખતે આ ભૂદેવને માણસનો ભોગ આપતા. કંધ લોકના દરેક ગામની પાસે નીચ વરણના લોક વસતા હતા. તેઓ એ ભોગને માટે સપાટ પ્રદેશમાંથી માણસને ચોરી લાવવાનું કામ કરતા. બ્રાહ્મણ અને કંધ એ બે જાતને ભોગમાંથી બાતલ કરી હતી. બીજી હરકોઈ જાતનો આદમી એ બળિદાનને સારૂ ખપે એવો ધારો હતો. અસલ નિયમ એ હતો કે ભોગને કાજે આણેલા આદમીનું મૂલ આપવું જોઈએ. તેને ગામમાં લાવતા, તે વખતે દરેક ઘરને ઊમરે માનસહિત તેને મિષ્ટાન્નનું ભોજન કરાવવામાં આવતું, અને એ પ્રમાણે વધ કરવાનો દિવસ આવતાં સૂધી તેની પરોણાચાકરી થતી. જે દહાડે ભોગ આપવાની ક્રિયા કરી તેને મારી નાંખતા તે વેળા કંધ લોક તેના કાન આગળ બૂમો પાડી કહેતા કે “અમે કીમત આપી તને આણ્યોછે તેથી અમારે માથે પાપ નથી.” ગામનાં ખેતરોમાં નાખવાને તેના માંસની અને લોહીની વહેંચણ કરતા.

**બ્રિટિશ રાજ્યમાં કંધ લોકની હાલત.**—ઈ. સ. ૧૮૩૫ માં કંધ લોક આપણા રાજ્યમાં દાખલ થયા ત્યારથી એ લોકમાં માણસના ભોગની બંધી કરીછે. તેમના ડુંગરાઓમાં સડકો કરીછે, અને ગુજરીઓ ભરાયછે. તેમનાં રીત રિવાજમાં ઇંગ્રેજ અમલદારો જેમ બને તેમ થોડો હાથ ઘાલેછે. હાલ કંધ લોક શાંત અને આબાદ થયા છે.

**ત્રણ અનાર્ય કુળો.**— ત્રણ હજાર વરસની પહેલાં આર્ય લોક આ મૂલકપર ચડી આવ્યા ત્યારે તેમણે એ જુના લોકને જોયા હતા. હાલ પણ એ લોકો આખા હિંદમાં છૂટક છૂટક વીખરાયલા દેખાય

છે. તેઓ ઇતિહાસના કાળની પહેલાં જે લોક હતા તે પરથી ઉતરી આવેલા છે. એ જુના લોકો ક્યાંથી આવ્યા હશે ? તેમની કને લખેલા હેવાલ નથી. તેમની દંતકથાપરથી કાંઈજ હકીકત મળતી નથી. પણ તેમની બોલી પરથી જણાય છે કે તેઓનાં ત્રણ કુળ છે. એક કુળ તિબેટ અને બ્રહ્મદેશમાંથી ઇશાન ખૂણાને માર્ગે હિંદમાં આવેલું. તેમાંથી ઉત્પન્ન થયેલી જાતો આજે પણ હિમાલય પર્વતની તળેટીમાં વસેછે. બીજું કુળ કોલારી (કોળી) છે. તે પણ ઇશાનના ઘાટોને રસ્તે બંગાળામાં પેઠેલું જણાય છે. હિંદનો જે અર્ધ ભાગ દક્ષિણમાં આવ્યો છે તેની ત્રણ બાજુવાળી ઉચ્ચ ભૂમિથી ઇશાનના પહાડોમાં મુખ્યત્વે કરીને તેમનો વાસ છે. ત્રીજું દ્રાવડ કુળ છે તે સામે પડખે વાયવ્ય કોણના ઘાટોને માર્ગે પંજાબમાં પેઠેલું જણાય છે. ત્રણ ખૂણીયા ઉચ્ચ ભૂમિના દક્ષિણ ભાગમાં હિંદને દક્ષિણ છેડે કન્યાકુમારી સુધી હાલમાં તેઓની વસ્તી છે.

**અનાર્ય લોકનાં લક્ષણ.**—અનાર્ય જાતો જોડે ભલમનસાઇએ વર્તવાથી તેઓ ઘણું કરીને સાચા, નિમકહલાલ અને માયાળુ માલમ પડેછે. પહાડોમાં વસનારા લોક સારા સિપાઈ થઈ શકે એવા છે, ને સપાટ પ્રદેશમાં ચોર જાતો છે તેઓ પણ ખબરદાર પોલીસનું કામ કરે એવી છે. જે ફોજોએ દક્ષિણ હિંદ ઇંગ્રેજને જીતી આપ્યું તેના સિપાઈ મદ્રાસ ઇલાકાની અનાર્ય જાતોના હતા. જે પ્લાસીની લડાઇથી બંગાળા દેશ જીતાયો તેમાં પણ તેઓ લડ્યા હતા. બહાદુર ગુર્ખાલોક હિમાલયની એક અનાર્ય જાતમાંના છે. તેમની પલટણો હિંદી ફોજમાં છે, અને તેઓ ઘણી બહાદુર ગણાયછે. થોડા વખતપર અફઘાનિસ્તાનમાં તેમની પલટણોએ ઘણું માન મેળવ્યું હતું.

**અનાર્ય લોકોનું ભવિષ્ય.**—દુનિયાના ઘણા દેશોમાં જંગલી જાતોને સુધરેલી જાતોએ કચરી મારીછે, અથવા મારી નાંખી છે. મેક્સિકો તથા પેરૂના મૂળ વતનીઓની, ઉત્તર અમેરિકાના રાતીચામડીવાળા લોકોની, અને આસ્ટ્રેલીયા તથા ન્યુઝીલાંડના મૂળ રહેવાશીઓની ઘણે ભાગે એજ દશા થઈ છે. પરંતુ હિંદની અનાર્ય જાતો ઇંગ્રેજી અમલમાં ઘટવાને બદલે આબાદ થતી જાયછે. તેમના

પર્વતોમાં અને જંગલોમાં થઈને રસ્તા કહાડ્યા છે, તથા ડુંગરોમાં બજાર ભરાયછે, તેથી નિર્વાહ કરવાની નવી જોગવાઈ તેમને મળી છે. સને ૧૮૭૨ તથા સને ૧૮૮૧ નાં વસ્તીપત્રકો પરથી જણાયછે કે બીજી હિંદી કોમના કરતાં તેમનામાં છોકરાંની સંખ્યા વધારે છે. તેઓ ધનવાન થતા જાય છે તેમ હિંદુ રિવાજો દાખલ કરતા જાય છે, અને તેઓમાંના ઘણા લોકો દર વરસે હિંદુ ધર્મમાં આવેછે. બીજા લોકો પોતાનો ધર્મ છોડી ખ્રિસ્તી ધર્મમાં દાખલ થાયછે, અને એવું સંભવે છે કે જે અનાર્ય જાતો પોતાના મૂળ રિવાજોને અને ધર્મક્રિયાઓને હજી વળગી રહીછે તેમાંની બે ત્રણ જમાના પછી થોડીજ જાતો રહેશે. ઘણા અનાર્યોને સને ૧૮૮૧ તથા ૧૮૯૧ નાં વસ્તીપત્રકોમાં હલકી વર્ણના હિંદુઓ તરીકે ગણ્યાછે. ૧૮૭૨ મા વસ્તીપત્રકમાંથી મૂળ રહીશોના આંકડા ૨૬ પાને અને બીજે સ્થળે આપ્યાછે, તે કરતાં સને ૧૮૮૧ ના વસ્તીપત્રકમાં શુદ્ધ મૂળ ભૂમિયાઓની સંખ્યા ઘણીજ થોડી બતાવેલીછે. એનો ખુલાસો એ છે કે મૂળ ભૂમિયાઓ હિંદુ જાતોમાં મળી જતા જાય છે. વળી સને ૧૮૭૨ માં જુદા પ્રકારની વર્ગણી કરવામાં આવી હતી, ને તેને લીધે ૧૮૮૧ ના વસ્તીપત્રક કરતાં સને ૧૮૭૨ માં મૂળ ભૂમિયાઓ વધારે સંપૂર્ણ રીતે જાતવાર જણાઇ આવતા હતા.

# प्रकरण ४ थुं.

## હિંદમાં આર્ય લોક.

**આર્યકૂળ**:—ઘણા જૂના વખતમાં વાયવ્ય ખૂણેથી હિંદના મૂળ વતનીઓમાં કોઈ વધારે સુધરેલી જાતના લોક આવી વસેલા હતા એમ જણાય છે. મહાન આર્ય કે ઇંડો જર્મનિ કૂળ જેમાં બ્રાહ્મણ, રજપૂત, અને ઇંગ્રજ એ સર્વે અવતર્યા છે, તે કુળમાંના એ લોક હતા. એમનો મૂળવાસ મધ્ય એશિઆમાં હશે એમ જણાય છે. એ મૂળ રહેઠાણમાંથી એ જાતની કેટલીક શાખાઓ પૂર્વભણી ચાલી અને કેટલીક પશ્ચિમ ભણી ગઈ. પશ્ચિમ તરફ ગયેલી શાખાઓમાંની એકે આથેન્સ અને સ્પાર્ટા વસાવ્યું, અને ત્યાં તે ગ્રીક પ્રજાને નામે ઓળખાઈ. બીજી એક શાખા આ-ગળ ઈટાલીમાં ગઈ, અને ત્યાં સાત ડુંગરી ઉપર નગર બાંધ્યું, તે વધીને પાદશાહી રોમ શહેર બન્યું. ઇતિહાસના કાળની અગાઉ એજ શાખાની એક ટુકડીએ સ્પેનમાં જઈ રૂપાની ખાણો ખોદી; અને ઇંગ્લાંડમાં પણ અસલના વખતમાં કોઈ આર્ય ટોળી વેલાની ગુંથેલી નાવડીમાં બેશી માછલાં પકડતી, અને કાર્નવાલની કલાઈની ખાણો ખોદતી માલૂમ પડેછે. એ દર્મિયાન મધ્ય એશિઆના મૂળ વાસમાંથી આર્ય કુળની બીજી શાખાઓ પૂર્વ તરફ ગઈ હતી. હિમાલયના ઘાટોને માર્ગે જબરી ટોળીઓ પંજાબમાં પેઠી અને હિંદમાં સઘળે ફરી વળી. એ ટોળીઓમાં મુખ્યત્વે બ્રાહ્મણો અને રજપૂતો હતા.

પૂર્વમાં અને પશ્ચિમમાં આર્ય ટોળીઓ ગઈ તે બંનેએ ત્યાંના જે લોકો પાસે જમીન હતી તેઓનાપર પોતાની સત્તા બેસાડી. પ્રાચીન યૂરોપના ઇતિહાસમાં ભૂમધ્યસમુદ્રના કાંઠાની આસપાસ આર્ય લોક વસતા હતા એવી વાત છે; અને એમાંના પશ્ચિમ તરફ ગયેલા લોકનો સુધારો, તેનું નામજ અર્વાચીન સુધારો. તેમજ આર્યકુળની પૂર્વમાં ગયેલી જે શાખાઓ હિંદમાં વસી તેમનો ઇતિહાસ એજ હિંદનો ઇતિહાસ છે.

**પોતાના મૂળસ્થાનમાં આર્ય લોકોની હાલત.**—મધ્ય એશિઆના મૂળ રહેઠાણમાં કુલીન આર્ય જાતોની કેવી હાલત હતી તે વિષે થોડુંક જાણવામાં આવ્યુંછે. યૂરોપ અને હિંદમાં એ જાતના લોક જઈ વસ્યા તેને ઘણો કાળ થયો છે, તોપણ તેમની ભાષાઓમાં અમુક શબ્દો છે, તે પરથી પંડિતો અનુમાન કરેછે કે તેઓ પોતાનાં ઢોર સહિત ઘાસવાળા અરણ્યમાં ભટકતા, અને અનાજના પાક કરવાને તેમાં લાંબા વખત સુધી મૂકામ કરતા. ઘરકામ સારૂ ઘણાંખરાં પશુઓ પાળતા હતા, લોઢું તેમના જાણવામાં હતું, લૂગડાં વણવાના અને સીવવાના હુનરો તેમને આવડતા હતા, તેઓ લૂગડાં પહેરતા, અને અન્ન રાંધીને ખાતા. સમશીતોષ્ણ કટિબંધમાં રહેતા હતા તેથી તેઓ ઘણા મહેનતુ હતા. ત્યાં તેમને ટાઢ વાતી હતી એ વાત એકકુળની પૂર્વ અને પશ્ચિમ શાખાઓના લોકને યાદ હતી એવું જણાય છે. હિંદના ગરમ પ્રદેશમાં આર્ય કવિઓએ વેદની પ્રાર્થનામાં "शतं जीव शरदः" કહી લાંબું આવરદા માગ્યું છે, એટલો સો શિયાળા સુધી જીવવાનું માગ્યું છે.

યૂરોપની અને હિંદની ભાષાઓ આર્ય વાણીની માત્ર જુદી જુદી બોલીઓ છેઃ—ગ્રીક તથા રોમન લોકના તેમજ ઇંગ્રેજ તથા હિંદુના પૂર્વજો એશિઆમાં ભેગા રહેતા હતા. તેમની બોલી જુદી નહોતી, અને દેવો પણ જુદા નહતા. યૂરોપની અને હિંદની ભાષાઓ ઉપલક જોતાં તો એકએકથી ઘણી જુદી દેખાય છે, પરંતુ તેઓ મૂળની આર્ય ભાષામાંથી નીકળેલી બોલીઓ છે. કુટુંબવ્યવહારના સંબંધના સાધારણ શબ્દોને આ કહેવું વિશેષ રીતે લાગુ પડેછે. બાપ, મા, ભાઈ, બેન, અને વિધવાનાં નામ, ગંગા, ટૈબર અને ટેઈમ્સને કાંઠે બોલાતી ઘણી ખરી આર્ય ભાષાઓમાં મળતાં આવેછે. ઉદાહરણ.—ઇંગ્રેજી શબ્દ 'ડૉટર' એટલે 'દુહિતા,' એ બોલ લગભગ બધી ભાષામાં છે, તે આર્યન ધાતુ 'દુધ્' જેનું સંસ્કૃતમાં 'दुह्' દોહવું, એવું રૂપ છે, તેમાંથી બન્યોછે. એપરથી અસલ જ્યારે આર્ય કુટુંબમાં બાળક દીકરી દોહવાનું કામ કરતી હતી તે કાળ યાદ આવેછે.

**યૂરોપ અને હિંદના ધર્મનાં સામાન્ય મૂળ.**—યૂરોપ અને

હિંદના પ્રાચીન ધર્મનું મૂળ એકજ હતું. આપણા સામાન્ય પૂર્વજો મધ્ય એશિઆમાં વસતા હતા, ત્યારે પવિત્ર પુરાણકથા સાંભળેલી તે પરથી કેટલેક દરજે આ ધર્મો બન્યા હતા. હિંદના કેટલાક દેવો ગ્રીસના અને રોમના જે દેવો હતા તે હતા, અને આજે પણ કલકત્તાના બ્રાહ્મણો, ઈંગ્લાંડના પ્રોટેસ્ટંટ પાદરીઓ, તથા રોમના કાથોલિક પાદરીઓ પરમેશ્વરને જે નામોથી ભજેછે તે નામો એક પ્રાચીન આર્ય શબ્દ (દેવ, પ્રકાશનાર) પરથી થયેલાંછે.

**હિંદી આર્યોનું ગમન.**—આર્યકુળની હિંદી શાખા અગ્નિકોણ તરફ આગળ વધી અને નવા ઠેકાણામાં આવી રહી એ વાત વેદના મંત્રો ઉપરથી જણાય છે. ખાઈબર ઘાટની ઉત્તરે કાબુલમાં તે હતી એમ આરંભના મંત્રોપરથી જણાયછે. પછીના મંત્રો પરથી માલૂમ પડેછે કે એ શાખા ગંગા સુધી પહોંચેલી હતી. વચગાળાના મુલક જીતતા જીતતા તેઓ આગળ વધ્યા તે સંબંધી લગભગ દરેક હકીકત વેદના મંત્રમાં મળેછે. પંજાબની પાંચ નદીઓ નિરંતર પાણીથી ભરપૂર રહેતી તેથી પોતાની ભટકતી ગોવાળની અસલ હાલત છોડી દઈ એ આર્ય લોક એક જગામાં રહી ખેતી કરવા લાગ્યા. જે નદીઓને લીધે તેઓ પોતાની સ્થિતિમાં આવો મોટો ફેરફાર કરી શક્યા તે નદીઓની સ્તુતિ વેદના કવિઓએ કરી છે. કદાચ આવો ફેરફાર હરકોઈ પ્રજાના સુધારાને માટે ઘણો જરૂરનો છે. એ કવિઓએ પ્રાર્થના કરતાં કહ્યું છે કે "બહુકીર્તિમાન, ધન આપનાર સિંધુ અમારૂં કહેવું સાંભળે ને મોટાં ખેતરોને પાણીથી રસાળ કરે." જે પહાડની શાખાઓની વાટે તેઓ હિંદમાં આવ્યા અને જેની દક્ષિણ તળેટી ઉપર ઘણા વખત સુધી રહ્યા તે હિમાલય પર્વતની મજબૂત છાપ તેમની યાદદાસ્તપર પડી. "જે પહાડની મોટાઈ બરફવાળાં શિખરો, સમુદ્ર, અને ઉંચે આકાશમાં રહેલી નદી વડે જણાય છે તેની" સ્તુતિ વેદના કવિઓએ કરીછે. હિંદમાં આવ્યા તોપણ આર્યલોક પોતાનું ઉત્તરનું મૂળ રહેઠાણ કદી ભૂલ્યા નહતા. દેવો અને ગન્ધર્વો (ગાનારા) ત્યાં વસતા, ત્યાં માણસને સ્વર્ગથી છટાદાર વાણી મળતી, ને હિમાલય પર્વતમાં ઉંચે દેવોને તથા શૂરવીરોને વસવાને સ્વર્ગ છે, ત્યાં ભલા અને શૂરા માણસોને સદા આરામ મળેછે એવું તેઓ માનતા.

**ઋગ્વેદ.**—આર્ય લોક પ્રથમ પંજાબમાં આવી વસ્યા તે હકીકત જણાવનારૂં ઋગ્વેદનું પુસ્તક છે. આ પૂજ્ય મંત્રગ્રંથ ક્યારે બન્યો તે જાણવામાં આવ્યું નથી. ધર્મચુસ્ત હિંદુઓ માનેછે કે તે અનાદિ છે, અથવા ઓછાંમાં ઓછાં ઈ. સનની પહેલાં ૩,૦૦૧ વરસપર બનેલોછે. પણ એ વાતની સાબીતિ નથી. ખગોળવિદ્યાને આધારે કરેલી ગણત્રી પરથી યૂરોપી પંડિતો અનુમાન કરેછે કે ઈ. સનની પૂર્વે સુમારે ૧,૪૦૦ વરસ ઉપર એ ગ્રંથ તૈયાર થતો હતો. પણ અગાઉ થઈ ગયેલી બિના પાછળથી ગણી વેદમાં દાખેલ કરી હોય એવું સંભવેછે તેથી વેદનો સમય નક્કીપણે કહી શકાય નહિ. ઈ. સનની પહેલાં છઠ્ઠા સૈકામાં બૌદ્ધ ધર્મનો ઉદય થયો તેની પહેલાં ઘણા વખતથી વેદધર્મ ચાલતો હતો, એટલુંજ આપણે જાણીએ છીએ. ઋગ્વેદસંહિતા એ ઘણો પ્રાચીન કવિતા ગ્રંથ છે એમાં ૧,૦૧૭ સૂક્તો (પ્રકરણ) છે, ને તે સૂક્તોમાં ૧૦,૫૮૦ મંત્રો છે. એ મંત્રો પરથી જણાયછે કે સિંધુને કાંઠે વસેલા આર્યલોકમાં ઘણી ટોળીઓ હતી. તેઓ વખતે માંહોમાંહે વઢતા, ને વખતે સંપ કરીને કાળી ચામડીના અસલ વતનીઓની સામે થતા. પાછલા વખતમાં ન્યાતીનો જે અર્થ થયો છે, તેવે અર્થે તે સમયમાં ન્યાતી નહોતી. પ્રત્યેક કુટુંબમાં જે પિતા હોય તેજ પોતાના ઘરનો પુરોહિત (ગોર) હતો. ટોળીનો નાયક પિતા તરીકે અને પુરોહિત તરીકેનું કામ કરતો. પણ મોટા પર્વપર યજ્ઞયાગની ક્રિયામાં જે ઘણો હોશિયાર હોય તેને લોકની વતી યજ્ઞ કરવાને તે નીમતો. રાજા નીમવાનું કામ પણ લોકને હાથ હતું એવું જણાય છે. રાજાને તેઓ વિશ્પતિ કહેતા. વિશ્પતિ એટલે વસનારાનો મુખી કે ઉપરી. જુની ફારસી બોલીમાં એને વિસપયિતિ કહે છે, અને યૂરોપના મધ્ય ભાગમાં લિથ્યુએનિયાની બોલીમાં 'વીઍઝ પતિસ' રૂપે એ નામ આજે પણ હયાત છે. સ્ત્રીનો દરજ્જો ઉંચો હતો. વેદનાં કેટલાંક અતિસુંદર સૂક્તો આબરૂદાર સ્ત્રીઓ અને રાણીઓનાં રચેલાંછે. લગ્ન એ એક જાતનો પવિત્ર સંબંધ ગણાતો. વરવહુ બન્ને ઘરનાં ધણી (દમ્પતી) હતાં, અને દેવની ઉપાસના જોડે કરતાં. વરના મડદા જોડે વિધવાને બાળવાનો ચાલ નહતો. એ ચાલ

વેદના મન્ત્રોમાં પણ કહ્યો છે એવું પાછળથી બ્રાહ્મણો મન્ત્રોના અર્થ મરડી મચરડી ઠરાવે છે, પણ તેના અર્થો તો તદન ઉલટા થાય છે. શોક કરનારી વિધવાને વેદમંત્રમાં આ પ્રમાણે કહ્યું છે. "ઊઠ બાઈ ઊઠ, આ જીવતા જગતમાં આવ, અમારી પાસે આવ, તારા ધણી પ્રત્યે તેં તારો સ્ત્રીધર્મ બજાવ્યો છે."

**વેદથી જણાતો આર્ય લોકનો સુધારો.**—વેદના આર્યોમાં લુહાર, કંસારા, સોની, સુતાર, હજામ અને બીજા કારીગરો હતા. તેઓ રથમાં બેશી લડતા, અને ઘોડે પણ બાશી રીતે ચઢતા. એ વખતે લડાઈમાં હાથી વાપરવામાં આવતા નહિ. તેઓ ખેડુત બની રહ્યા હતા, હળવડે ખેડતા હતા, ને ગામ કે નગરમાં રહેતા હતા. એમ છતાં પોતાનાં ઢોર અને કોઠાર સાથે લઈ ફરતા ફરવાની રીત તેમણે રાખેલી હતી. એ વખતમાં પશુ એ તેમનું મુખ્ય ધન હતું, અને દંડ આપવાનું નાણું પણ એજ હતું. લાટિન ભાષામાં "પેક્સ" એટલે પશુનું ટોળું એવો શબ્દ હતો, તે પરથી નાણાને માટે 'પેક્યુનિયા' શબ્દ નીકળ્યો, તે વાત એપરથી યાદ આવેછે. વેદમાં વિગ્રહને માટે એક શબ્દ છે. તેનો મૂળ અર્થ 'ગાય મેળવવાની ઇચ્છા' થાય છે. હાલના હિંદુઓ ગોમાંસ ખાતા નથી, પણ વેદના આર્ય તે ખાતા હતા, સોમ નામે છોડનો દારૂ બનાવી પીતા, અને દેવોને ખાવા પીવાને માટે તેજ આકરા પદાર્થો ધરાવતા. પાછળથી આવેલા પોતાની જાતના લોકે એમને હાંકી કહાડવાથી એ જબરા આર્ય લોકો ઉત્તર હિંદમાં પૂર્વ તરફ આગળ વધ્યા. અહિં તેઓ આગલા કાળી ચામડીવાળા દેશીઓને હાંકી કહાડતા કે દાસ કરતા. એક નદીના પ્રદેશમાંથી બીજી નદીના પ્રદેશમાં બધા લોક ઘર ઉપાડીને સાથે જતા. ઘરનો મુખી પોતેજ યોદ્ધો, ખેડુત, અને ગોર હતો, તે પોતાની સાથે સ્ત્રી, છૈયાં છોકરાં, અને ઢોર લઈ ઉપડી જતો.

**વેદના દેવો.**—આ ખુલ્લા દીલના લોકો પોતાપર અને પોતાના દેવોપર ઘણો ભરોસો રાખતા. બીજી જીત મેળવનારી પ્રજાઓની માફક તેઓ હારેલા લોક કરતાં પોતાને ચડીયાતા માનતા, અને પોતાના દેવોને પણ તેમના દેવના કરતાં ઉત્તમ ગણતા. ખરેખર આવી જાતનો ઉત્તમ ભરોસો હરકોઈ પ્રજાને ફતેહ મેળવવાને કામનો છે.

કુદરતની મોટી શક્તિઓને તેઓ દેવ માનતા. દેવ શબ્દ સંસ્કૃત ધાતુ 'દિવ્' એટલે 'પ્રકાશવું' તેપરથી થયોછે, માટે એનો શબ્દાર્થ પ્રકાશ પામનાર છે. તેઓ સ્વર્ગપિતાને પૂજતા હતા. એના સંસ્કૃતમાં 'द्यौष्पितृ' રોમમાં 'દિઇસ પિતર' કે 'જૂપિતર,' ને ગ્રીસમાં 'ઝીઓસ' નામ હતાં. વળી તેઓ ઘેરી લેતાં આકાશને ભજતા. તેને સંસ્કૃતમાં 'वरुण,' લાટિનમાં 'ઉરેનસ,' અને ગ્રીક ભાષામાં 'ઓરેનોસ' કહેછે. દર ચોમાસામાં અમૂલ્ય વરસાદ વરસેછે, તેનાપર હજી પણ સુકાળ કે દુકાળનો આધાર છે. એ વરસાદ આણનાર પાણીની વરાળ તેજ ઇન્દ્ર છે. ઇન્દ્રના સૌથી વધારે મંત્રો છે. જેમ જેમ એ વતનીઓને પોતાની ખેતીના નવા ધંધાને માટે મોસમના વરસાદની અગત્ય વધારે જણાતી ગઈ તેમ તેમ વેદના દેવોમાં ઇન્દ્રની પદવી વધતી ગઈ, ને આખરે સઘળા દેવોમાં તે મુખ્ય ગણાયો. 'ઓ ઇન્દ્ર તને દેવો પહોંચતા નથી ને માણસો પણ પહોંચતા નથી. તું બળમાં બધાને જીતે છે.' એવો એક ઇન્દ્રનો મંત્ર છે. મન્ત્રોની સંખ્યા જોતાં કદાચ ઇન્દ્રથી ઉતરતો અગ્નિ છે. લાટિનમાં એને 'ઇગ્નિસ' કહેછે. તે 'સઘળા દેવોથી નાનો' ને 'સંપત્તિનો માલિક તથા આપનાર' છે. તોફાનના દેવો મરુતો (પવન) છે; તેઓ "પર્વતને ધ્રુજાવે છે ને વનને તોડી કકડા કરે છે." ઉષા તે 'કુળવાન પ્રભાત, આપણાપર જુવાન વહુની પેઠે પ્રકાશે છે, ને દરેક પ્રાણીને પોતાના કામપર જવાને જગાડે છે.' ગ્રીકમાં એને 'ઇઓસ' કહેછે. ઉષાની આગળ ઉતાવળે જનારા સવાર 'અશ્વિન' એ સૂર્યોદયના પહેલાં કિરણો છે; તેઓ 'તેજના ધણી' છે. સૂર્યબિંબ (સૂર્ય પોતે), વાયુ, મિત્ર (એટલે તડકો અથવા મિત્રના જેવો દિવસ), યજ્ઞના કામનો કેફીને ઉભરાતો સોમરસ, અને બીજા ઘણાકની વેદમાં સ્તુતિ કરી છે. સઘળા મળીને આશરે તેત્રીસ દેવો છે, તેમાંના 'અગિયાર (ઉપર) દેવલોકમાં વસે છે. અગિયાર પૃથ્વીપર, અને અગિયાર અધર વચ્ચમાં રહી પ્રકાશે છે.'

**વેદમાં પરમેશ્વર વિષે વિચાર.**—હિંદમાં આવી વસેલા આર્યોએ પોતાના પ્રકાશમાન દેવોની પ્રીતિ સારી પેઠે મેળવી હતી. તે તેમની પાસે રક્ષણ માગતા ને તે મળશેજ એવી તેમને ખાત્રી હતી. વળી

પૃથ્વી અને આકાશની શોભા અને અકળિત રચનાથી તેમનાં મનપર ઊંડી અસર થતી. ખરે સૃષ્ટિની ભારે ખૂબીથી તેમનું મન બહુ ભરાઈ જતું; તેથી પોતાના પ્રકાશમાન દેવોમાંના હરકોઈની તે સ્તુતિ કરતા, તે વેળા તો કોઈ બીજા દેવનો તેમને ખ્યાલ થતો નહિ, તેનેજ સર્વોપરિ સમજી તેની પ્રાર્થના કરતા. મોટા દેવોમાંના દરેકને જેમાં પરમેશ્વર કહેલો એવા મન્ત્રોનાં ઉદાહરણ આપી શકાય. 'ઓ ઈન્દ્ર, દેવો કે માણસો તને પહોંચી શકતા નથી.' એક બીજા મન્ત્રમાં સોમને 'સ્વર્ગ અને પૃથ્વીનો રાજા; તથા સર્વને જીતનાર' કહ્યોછે. વરૂણ વિષે પણ કહ્યું છે કે 'સ્વર્ગ, પૃથ્વી, સર્વનો તું પ્રભુ છે; સઘળા દેવો તથા સઘળા માણસો તેનો તું રાજા છે' માટે વેદના કવિઓમાં જેઓ વધારે જ્ઞાની હતા તેઓ એક દેવ પૂજનારા કહેવાય, પણ હમેશા તેનો તેજ દેવ પૂજતા એમ તો નહિ.

**વેદનો મન્ત્રઃ—** 'આરંભમાં હિરણ્યગર્ભ ઉદય પામ્યો. જે છે તે સઘળાનો તે એક પેદા થયેલો પ્રભુ છે. તેણે પૃથ્વી અને આ આકાશ સ્થાપન કર્યાં. કયા દેવને અમે અમારો હવિ અર્પણ કરીએ (ભોગ ધરાવીએ)?'

'જે પ્રાણદાતા છે, જે બળદાતા છે, જેની આજ્ઞા સર્વ પ્રકાશમાન દેવો માન્ય કરેછે, જેની છાયા અમરપણું છે, જેની છાયા મોત છે. કયા દેવને અમે અમારો હવિ અર્પણ કરીએ? 'જે પોતાની શક્તિવડે શ્વાસ લેતા અને જાગ્રત થતા જગતનો રાજા છે, જે માણસ અને પશુ સર્વપર અમલ કરેછે.' કયા દેવને અમે અમારો હવિ અર્પણ કરીએ? 'જેના વડે આકાશ પ્રકાશ પામેછે અને પૃથ્વી દૃઢ છે, જેના વડે સ્વર્ગ, બલકે ઊંચામાં ઊંચું સ્વર્ગ સ્થાપન થયુંછે, જેણે અજવાળું અને હવા જોઈએ તે પ્રમાણે આપ્યાં. કયા દેવને અમે અમારો હવિ અર્પણ કરીએ?'

'જેણે પોતાના બળવડે પાણીનાં વાદળાં ઉપર પણ જોયું, જે પોતે બધા દેવોથી શ્રેષ્ઠ એક પરમેશ્વર છે. કયા દેવને અમે અમારો હવિ અર્પણ કરીએ?

**મુડદાં બાળવાનો ચાલ.—**મૂળ વતનીઓ પોતાનાં મુડદાંને

ભોયમાં કે પથ્થરની એડાળ ઘોરો નીચે દાટતા. પણ હિંદમાં તેમજ ગ્રીસ અને ઈટાલીમાં આર્ય લોકો મુડદાંને ચીતામાં બાળતા. મરનારનું કલ્યાણ થાય એવું કેટલાક સરસ મંત્રોમાં જણાવ્યું છે. 'જા તું, પ્રાચીન રસ્તે થઇને જા; જે જગાએ આપણા પિતૃ ગયાછે ત્યાં તું જા; પૂર્વજોને મળજે. યમ રાજાની મુલાકાત લેજે; તારાં પાપ તજીને સધામ જા. કોઈ દેહમાં ભળી જા; પ્રકાશમાન વસ્ત્રવાળું રૂપ ધારણ કર.' 'જેને માટે અમૃતની નદીઓ વહેછે તેમની કને એને જવા દો; જેઓએ સમાધિવડે જય મેળવ્યોછે તેમની પાસે એને જવા દો; જેઓ અગોચર વસ્તુ ભણી પોતાના વિચાર દૃઢ કરી સ્વર્ગે ગયાછે, જેઓ યુદ્ધમાં બળવાન છે, જે વીરોએ બીજાને માટે પ્રાણ ખોયાછે, જેમણે પોતાનું દ્રવ્ય ગરીબને આપ્યુંછે, તેમની પાસે એને જવા દો.' પુનર્જન્મનું મત એ વખતમાં નીકળ્યું નહોતું. ચિતાની આસપાસ કુંડાળું વળી ઋષિઓ મન્ત્ર ભણતા અને ખાતરીથી માનતા કે મરનાર સ્નેહી પાધરો આનંદની સ્થિતિએ પહોંચ્યોછે અને તેની પહેલાં મરી ગયેલાં વહાલાંને ભેળો થવા નક્કી તે ગયોછે.' પાછળના અથર્વ વેદના એક મન્ત્રમાં કહ્યુંછે કે—"તું અમને સ્વર્ગે લઇજા. ચાલો આપણી સ્ત્રીઓને અને બાળકોને જઈ મળીએ." 'દેહના ઉપાધિ પાછળ મૂકી જવાથી લંગડાપણાની અને વાંકાંચુંકાં અવયવની ખામી વિનાના આપણા સ્નેહીઓ સ્વર્ગમાં આનંદે વસે છે ત્યાં આપણાં માબાપને અને આપણાં છોકરાંને જોઈએ' 'પાણી છાંટનાર દેવતા તને ઉપર લઈ જાઓ, હવામાં થઈ તેમની ઉતાવળી ગતિવડે (જતાં) તને શીતળ કરો અને ઝાકળ વડે તને છાંટો.' 'એને લઈ જાઓ, એને તેડી જાઓ, એને એની સંપૂર્ણ બુદ્ધિ સહિત પુણ્ય લોકમાં જવા દો.' 'જે અંધારી ખીણ તેની આસપાસ બેહદ આવી રહેલીછે તે ઓળંગી અજન્મ આત્મા સ્વર્ગે ચઢો. જેને પાપના ડાઘા લાગ્યાછે તેના પગ ધૂઓ; તેને ચોખે પગે ઉપર જવા દો. અંધકારને ઓળંગી ઘણી દિશામાં આશ્ચર્ય સહિત જોતા અજન્મ આત્માને ઉપર સ્વર્ગે જવા દો.'

**પાછલાં વેદશાસ્ત્ર.**— આગળ વખત જતાં જૂની **મંત્રસંહિતા**

એટલે ઋગ્વેદથી કામ ચાલ્યું નહિ; તેથી ક્રિયા કરવાના બીજા ત્રણ ગ્રંથો ઉમેરાયા. એ પ્રમાણે ચાર વેદ થયા. જે ધાતુ પરથી લાટિન 'વીડીયરી' એટલે જોવું; ગ્રીક 'ઓઇડા' નું સામાન્ય કૃદન્ત 'ફીડ-એનઈ' એટલે જાણવું અને ઈંગ્રેજી 'ઉવિસ્ડમ' કે 'ઉવિટ' થયા છે. તે ઉપરથીજ 'વેદ' શબ્દ થયોછે. બ્રાહ્મણોનો ઉપદેશ એવો હતો કે વેદ ઈશ્વરપ્રેરિત છે અને 'ઈશ્વરનું જ્ઞાન' એવો એ શબ્દનો અર્થ છે. પ્રથમ ઋગ્વેદ હતો તેમાં સૌથી સાદા મન્ત્રો હતા. સોમયાગને સારૂ ઋગ્વેદના મન્ત્રોનો બીજો સામવેદ બન્યો. ત્રીજો યજુર્વેદ છે એમાં મોટા યજ્ઞ વખત ભણવાના ઋગ્વેદના મન્ત્રો છે, અને ગદ્ય વાક્યો પણ છે. એના બે વિભાગ છે તેનાં નામ કૃષ્ણ યજુર્વેદ અને શુક્લ યજુર્વેદ છે. ઋગ્વેદને અન્તે જે મંત્રો બહુ જૂના વખતના નથી તે તેમજ બીજા ઘણા પ્રાચીન અને પાછળથી બનેલા મન્ત્રો મળી ચોથો અથર્વ વેદ થયોછે.*

**બ્રાહ્મણ નામે ગ્રંથો.**— ચારેમાંના દરેક વેદના સંબંધમાં બ્રાહ્મણનામે ગ્રંથો છે. તેમાં યજ્ઞનો અને પુરોહિતને કરવાના કામનો ખુલાસો આપ્યોછે. બ્રાહ્મણ ગ્રંથો પણ ચાર વેદની પેઠે ઈશ્વરની વાણી ગણાયછે. એ વેદ અને બ્રાહ્મણો હિંદુના ઈશ્વરદત્ત ગ્રંથો છે. એ સઘળાને શ્રુતિ કહેછે. શ્રુતિ એટલે ઈશ્વર પાસેથી સાંભળેલી બાબતો. વેદમાં હિંદુઓને માટે ઈશ્વરપ્રેરિત છંદો છે, અને બ્રાહ્મણ ગ્રંથોમાં તે લોકને માટે ઈશ્વરપ્રેરિત ધર્મમત જણાવ્યું છે. એમાં પાછળથી સૂત્રો ઉમેરવામાં આવ્યાંછે. સૂત્રો એટલે કાયદા અને ક્રિયા વિષે ટુંકાં અને અર્થવાળાં વાક્યોની 'દોરડીઓ.' એ પછી ઉપનિષદો બન્યાં, એમાં પરમેશ્વર અને આત્મા સંબંધી વિચાર છે. ત્યાર પછી આરણ્યક એટલે અરણ્યમાં રહેનાર જોગીઓને માટે ગ્રંથો થયા. વચમાં ઘણો વખત ગયા પછી પુરાણો કે 'જૂની કથાઓ'-નાં પુસ્તકો થયાં, પણ વેદ અને બ્રાહ્મણની પેઠે એ સઘળાં ઈશ્વર-

---

*અથર્વ વેદના કેટલાક મન્ત્રો જર્મનિ અને લિથુનિયાના જૂના મન્ત્રોને મળતા છે, અને આર્ય કુળની હિંદી તથા યૂરોપી શાખાઓ પોતાના સામાન્ય મૂળવાસ તજી છૂટી પડી તે સમયની પહેલાં ઘણા જૂના કાળથી એ મન્ત્રો ઉતરેલા હોય એમ લાગે છે.

પ્રેરિત કે પરમેશ્વરથી સાંભળેલી શ્રુતિ કહેવાતાં નથી. એ તો માત્ર **સ્મૃતિ** એટલે 'સંભારેલી બાબતો' કહેવાય છે.

**ચાર નાતો બની.**—એ દરમ્યાન ચાર નાતો થઈ હતી. પંજાબની પાંચ નદીઓના પ્રદેશમાં અસલ વસેલા **આર્ય** લોકમાં ઘરનો મુખ્ય પુરૂષ તેજ ખેડુત, યોદ્ધો અને પુરોહિત કે ગોર હતો. પરંતુ જે બુદ્ધિમાન કુળમાં વેદના મન્ત્રો રચાયેલા હતા કે મ્હોડે ભણવામાં આવેલા હતા તેમને યજ્ઞ કરવાનું કામ આસ્તે આસ્તે રાજાઓ હમેશા સોંપતા ગયા. એ રીતે ગોરનો વર્ગ ઉત્પન્ન થયો હશે એમ સંભવે છે. **આર્યો** વધારે મૂલક જીતતા ગયા તેમ નસીબદાર યોદ્ધાઓને બીજાઓથી વધારે જમીન મળી. એ જમીન પોતાને હાથે ન ખેડતાં તેઓએ જીતાયલા **અનાર્યો** પાસે ખેડાવી. એ રીતે ચાર નાતો બની. પહેલી ગોરની એટલે **બ્રાહ્મણની**. બીજી લડવૈયા કે રાજાની સાથે લડાઈમાં જનારા સાથીઓની. એમને **રજપૂત** કે **ક્ષત્રી** કહેતા, અને એનો શબ્દાર્થ 'રાજકુળના' એવો થાયછે. જે **આર્ય** લોકો ખેતીનું કામ કરતા હતા તેની ત્રીજી નાત થઈ. જૂનું **વૈશ્ય** નામ હતું તેજ એમણે પોતાને માટે રાખ્યું. '**विश्**' મૂળ પરથી **વૈશ્ય** શબ્દ બન્યો છે. વેદની શરૂઆતમાં બધા લોકનું એ નામ હતું. **શૂદ્ર** કે જીતાયલા **અનાર્ય** લોકોની ચોથી નાત થઈ. એ દાસ કે ગુલામ બન્યા. પહેલી ત્રણ વર્ણો **આર્ય** વંશની હતી, અને તેમને દ્વિજ એટલે બે વાર જન્મેલા એવું માનવંતું નામ આપવામાં આવ્યું હતું. તેઓને યજ્ઞ વખતે હાજર રહેવાનો અધિકાર હતો. એ ત્રણેને પૂજવાના પ્રકાશમાન દેવો એકજ હતા. કાળા વર્ણની દાસ જાતો વેદમાં કહીછે, તેને **શૂદ્ર** ગણીછે. તેઓ 'એકવાર જન્મેલા' કહેવાતા. તેઓની અને જીત મેળવનાર **આર્ય** દ્વિજોની વચ્ચે અન્તર હતો, એવું 'એકવાર જન્મેલા' એ વચનપરથી અને બીજાં તિરસ્કાર ભરેલાં વચનો પરથી જણાઈ આવતું. દેશના મોટા યજ્ઞ થતા ત્યાં તેમને આવવા દેતા નહિ, અને યજ્ઞની પછી જમણવાર થતી તેમાં પણ તેઓને દાખલ કરતા નહિ. દાસપણામાંથી તેઓ કદી છૂટી શકે નહિ, અને ખેતરનાં મહા મહેનતનાં અને ગામનાં કઠણ અને ગંદાં કામ તેમને કરવાં પડતાં.

**બ્રાહ્મણ લોકનું ઉત્તમપણું સ્થાપન થયું.**—ચારે વર્ણોમાં બ્રાહ્મણ એટલે ગોર લોકે ઊંચી પદવી મેળવી. પણ હિંદની પ્રજામાં સઘળાથી ઊંચા ગણાવવામાં તેમને ક્ષત્રિય એટલે લડવૈયા લોક જોડે લાંબી વાર ઝગડો કરવો પડેલો જણાયછે. ઈશ્વર તરફથી અમને ઊંચી પદવી મળીછે એવો બોધ કરી તેઓએ પાછળથી ઉપરીપણું નક્કી કીધું. તેમણે જણાવ્યું કે બ્રહ્માએ સૃષ્ટિ કરી ત્યારે તેના મુખમાંથી બ્રાહ્મણ નીકળ્યા, બાહુમાંથી ક્ષત્રિય, જાંગકે પેટમાંથી વૈશ્ય અને ચરણમાંથી શૂદ્ર નીકળ્યા. આ ગાથા ઘણે દરજ્જે ખરી છે; કેમકે હિંદી પ્રજામાં બ્રાહ્મણોમાં ખરેખરૂં બુદ્ધિબળ હતું, ક્ષત્રિયો હથીઆર પકડી લડનારા હતા, વૈશ્ય અન્ન ઉપજાવનાર હતા, અને શૂદ્ર પગતળે દબાયલા દાસ હતા. ગમે તેમ હોય, તોપણ બ્રાહ્મણોએ ઊંચી પદવી મેળવ્યા પછી તેનો ઉપયોગ ડહાપણથી કર્યોછે. વેદના જૂના વખતથી તેઓ સમજ્યા હતા કે જેઓ ધર્મગુરૂની ઉત્તમ પદવી ભોગવે તેમણે સંસારનો વૈભવ છોડી દેવો જોઈએ. ધર્મગુરૂનું કામ માથે લેતાં બ્રાહ્મણોએ રાજ્યપદ ઉપરથી પોતાનો હક છોડી દીધો. પ્રજાને સીધે માર્ગે દોરવવાને અને રાજાઓને સલાહ આપવાને ઈશ્વરે તેમને ઠરાવેલા હતા, પરંતુ તેઓ પંડે રાજા થઈ શકે નહિ. જેમ સેવા કરવી એ શૂદ્રની ફરજ હતી, જમીન ખેડવી અને સાધારણ જાતના વેપાર અને હુન્નર કરવા એ વૈશ્યનું કામ હતું, તેમ દેશના દુશ્મન સામે લડવું એ ક્ષત્રિયનો ધર્મ હતો, અને દેશના દેવોને સંતોષવા એ બ્રાહ્મણનું કર્તવ્ય હતું.

**બ્રાહ્મણના ચાર આશ્રમ.**—દરરોજ બ્રાહ્મણને અમુક કર્મ, ક્રિયા, અને અભ્યાસ એ ત્રણ વાનાં કરવાં પડતાં. તેમના આખા જન્મારાના ચોખા ચાર આશ્રમ ઠરાવેલા હતા. તેઓ જન્મે ત્યારથીજ ધર્મકાર્યના ખરા અધિકારી બ્રાહ્મણ કહેવાતા નહિ. બાળપણ પુરૂં થયે તેમને જનોઈ દઈ દ્વિજ કરતા ત્યારેજ તેઓ ખરા બ્રાહ્મણ થતા. કોઈ મોટી ઉમરના ગુરૂની પાસે રહી વેદ પાઠ કરવામાં, અગ્નિની સંભાળ લેવામાં અને તે ગુરૂની સેવા કરવામાં તેમનું નાનપણ અને જુવાનીનો પહેલો ભાગ નીકળી જતો. આ બ્રહ્મચર્ય આશ્રમનો લાંબો અભ્યાસ પૂરો થયા પછી તે બીજા એટલે

ગૃહસ્થાશ્રમમાં દાખલ થતા. હવે તે લગ્ન કરી ગૃહસ્થના ધર્મ બજાવતા. કુટુંબકબીલો ઊછેરી રહ્યા પછી, અને દુનિયાનો પૂરો અનુભવ મેળવ્યા પછી તે જોગી થઈ વનમાં રહેવા જતા. એ ત્રીજો કે **વાનપ્રસ્થાશ્રમ** હતો. વનમાં કંદમૂળ અને ફળફળાદિ ખાઈ તે પોતાનાં ધર્મકાર્ય વધારે ભાવથી કરતા. ચોથા આશ્રમમાં તે સંન્યાસી થતા. એ વખતે તે સંસારપરથી મન તદ્દન કહાડી નાખતા; અને દેહના સુખદુઃખ તથા કાંઈ પણ આશાની દરકાર ન રાખતાં બ્રહ્મમાં મળી જવા તરફ પોતાનું મન લગાડવાનો પ્રયત્ન કરતા. આ ચોથા આશ્રમમાં વગર માગે જે મળે તે વિના બીજું કાંઈ તે ખાતા નહિ, અને સંસારની માયામાં ફસી ન જવાય તે માટે હરકોઈ ગામમાં એક દિવસથી વધારે વાર રહેતા નહિ. બ્રાહ્મણોને સારૂ આવી ઉત્તમ પ્રકારની જીંદગી ઠરાવેલી હતી; અને હિંદના અસલ ગ્રંથો જોતાં માલૂમ પડેછે કે તેઓ ઘણે ભાગે એવી ઉત્તમ રીતે જીંદગી ગાળતા. આખી જીંદગીમાં શુદ્ધ બ્રાહ્મણ પૂરી પરહેજગારી પાળતા, દારૂ પીતા નહિ, સાદું ભોજન જમતા, અને મનની ઇચ્છાઓને દબાવતા. લડાઈના તોફાનથી તે વેગળા રહેતા; કેમકે લડવું એ તેમનું કામ ન હતું. પ્રાર્થના કરવી, પોતાના વિચાર, અભ્યાસ અને ધ્યાનમાં લગાડવા એજ તેમનું ખરૂં કામ હતું. એક બ્રહ્મર્ષિ કહેછે 'કે આ જગત કેવું છે? કોઈ ઝાડના ડાળીપર પક્ષી રાત્રે બેસેછે ને સવારે ઊડી જાયછે તે ડાળી જેવું છે.'

**હમણાના બ્રાહ્મણો.**—દુનિયાના ઇતિહાસના આગલા વખતમાં જે બ્રાહ્મણવર્ગ હતો તેમનો ખાસ નિયમ એવો હતો કે પોતાની જાતને સુધારી તથા ઇન્દ્રિયોને દાબમાં રાખી જીંદગી પૂરી કરવી. હિંદના હાલના બ્રાહ્મણોમાં ત્રણ હજાર વરસ થયાં નિયમિતપણું અને જાતકેલવણી પરંપરાથી ઉતરી આવ્યાંછે; અને તેને લીધે એ લોકનો વર્ગ આસપાસની વસ્તીથી કેવળ જૂદો જણાયછે. કાંસારંગી ગાલવાળા, મોટા અવયવવાળા તથા ફુરસદ ચાહનારા આર્યકુળના રજપૂત કે ક્ષત્રી એટલે લડાયક જાત અને બ્રાહ્મણ વચ્ચે જેમ તફાવત છે, તેમ કાળી ચામડી, ચપટું નાક, જાડા હોઠ, ટુંકાં શરીર તથા બંદુકની ગોળી જેવાં માથાંવાળા નીચ અનાર્ય લોકો અને બ્રાહ્મણ વચ્ચે પણ ભેદ છે. એ તફાવત

હરકોઈ જતો આવતો મુસાફર પારખી શકેછે. સુંદર ઘાટીલા હોઠ અને નાક, ગોરૂં મુખ, ઊંચું કપાળ અને કાંઈક નાળિએરના આકારની ખોપરીવાળો બ્રાહ્મણ પોતાનામાં મૂળથી સુધરેલા આચારવિચાર છે એવું માનેછે. ઉપલા બંને વર્ગોના માણસોથી તે નોખો પડેછે. હથીઆર ન વાપરતાં માત્ર પરંપરાની કેળવણી અને નિયમિતપણાના જોરથી આખા દેશપર અમલ જમાવનારાઓમાં બ્રાહ્મણોનો દાખલો જાણીતો છે. એક પછી એક એમ જાતજાતના લોક હિંદપર સવારી કરી ફરી વળ્યા, રાજ્યવંશો ઉદય થયા અને અસ્ત પામ્યા, ધર્મો દેશમાં ફેલાયા અને નાશ પામ્યા, પરંતુ ઇતિહાસની શરૂઆતના કાળથી બ્રાહ્મણો તો શાન્તપણે પોતાનો અમલ ચલાવ્યા જાયછે. તેઓ લોકને વશ રાખેછે, અને લોક તેમને પૂજેછે, તથા બીજી પ્રજાઓ તેમને હિંદના સઘળા લોકમાં ઉત્તમ ગુણવાળા માનેછે. બ્રાહ્મણોએ બીજા લોકોને ફાયદા કર્યા હતા તેને લીધે ઘણે ભાગે આ સત્તા તેમને મળીછે. તેમણે પોતાના આર્ય દેશી ભાઈઓને માટે ઉત્તમ ભાષા અને વિદ્યા રચી. બ્રાહ્મણો ગોર અને જ્ઞાની હતા, એટલુંજ નહિ પણ તેઓ પોતાના દેશના કાયદા બાંધનારા, વિદ્વાન, અને કવિ હતા. અસલના વતની લોકો એટલે હિંદના ડુંગરોમાં અને વનમાં વસનારી જાતોપર તેમનો દોર વધારે જાણીતો હતો. ચકમક અને પાષાણયુગના બાકી રહેલા આ જંગલી લોકોને તેમણે અસલના વખતમાં ધાતુ અને દેવો સંબંધી જ્ઞાન આપ્યું.

**બ્રાહ્મણોની ધર્મવિદ્યા.**—બ્રાહ્મણો માંહોમાંહે સમજવા લાગ્યા કે વેદના મંત્રોમાં જણાવેલા જૂના દેવો પરમેશ્વર ન હતા; એ દેવોતો કવિએ કલ્પેલા હતા. કારણ કે, જ્યારે તેમણે એ વિષે વિચાર કર્યો ત્યારે તેમને માલૂમ પડ્યું કે, સૂરજ, પાણીની વરાળ, ઘેરી લેતું આકાશ, વાયુ અને ઉષા ( પ્રભાત ) એમાંનો દરેક દેવ જૂદો સરજનહાર થઈ શકે નહિ; પરંતુ એ સઘળા કોઈ એક મૂળ કારણમાંથી ઉત્પન્ન થયેલા હોવા જોઈએ. વેદના દેવોનો જાહેર તિરસ્કાર કરી તેમણે બીજા અજ્ઞાન લોકોને ગભરાવી દીધા નહિ. વેદનાં 'પ્રકાશમાન દેવો' ઈશ્વરી શક્તિની સુન્દર લીલા દેખાડનાર હતા એવું તેઓ માનવા લાગ્યા. અને તેથી તેમને નામે વિનયપૂર્વક યજ્ઞો કર્યા ગયા. પરંતુ બ્રાહ્મણોએ પોતાની જ્ઞાતિમાં પરમેશ્વર

એકજ છે એવો બોધ કર્યો. બાકીના બીજા લોકોને ચાર નાતો, ચાર વેદ, અને ઘણા દેવો માનવા દીધા. એમ છતાં બ્રાહ્મણોમાં જેઓ ઉંડો વિચાર કરી શકે એવા હતા તેમની સમજમાં આવ્યું કે આરંભમાં એક નાત, એક વેદ અને એક પરમેશ્વર હતો.

**હિંદુના ત્રણ મુખ્ય દેવ.**—અસલ વેદમાં ઘણા જૂદા જૂદા દેવો એટલે 'પ્રકાશનાર' હતા તેને બદલે પરમેશ્વર એક છે એવો ઉંડો વિચાર પાછળથી ઉત્પન્ન થયો. તે પરમેશ્વરના બ્રહ્મા એ સરજાવનાર, વિષ્ણુ એ પાલન કરનાર, અને શિવ એ નાશકર્તા અને ફરીને પેદા કરનાર એવા ત્રણ મોટાં સ્વરૂપ માન્યાં. આ ત્રણે સ્વરૂપોને મળતા દેવો વેદમાં હતા, અને હિંદુઓમાં એ ત્રણ હજી લગી મુખ્ય દેવ ગણાયછે. એ ત્રણમાંના પહેલા બ્રહ્મા કે સરજાવનારના સ્વરૂપની બરોબર સમજણ નહિ પડવાથી તે લોકમાં પ્રસિદ્ધ નથી. ત્રણમાંના બીજા દેવ વિષ્ણુ વધારે કામના અને કલ્યાણ રનારા હતા. એના દશ અવતાર થયલા કહેવાયછે. મતલબ કે તે સ્વર્ગમાંથી દુનિયાપર દશ વાર આવીને રહ્યા હતા. ત્રણ દેવમાંના ત્રીજા શિવ નાશ કરનાર અને ફરીને ઉત્પન્ન કરનાર દેવ છે, અને તેથી ફરીને અમુક અવસ્થાનું બદલાવવું અને અમુક નવા ભવમાં પેસવું તેનું નામજ મરણ છે, એવું શ્રદ્ધાવાન લોક માનેછે. હાલ હિંદુઓના મુખ્ય દેવ અને દેવીઓ તે આ વિષ્ણુ તથા શિવનાં જૂદાં જૂદાં રૂપો છે.

**બ્રાહ્મણોનું તત્વજ્ઞાન.**—એ રીતે બ્રાહ્મણોએ હિંદી લોકોને માટે ધર્મ રચ્યો. ત્યાર પછી તત્વજ્ઞાનનાં શાસ્ત્રો બનાવ્યાં તે છ છે. એને દર્શન એટલે જ્ઞાનનાં દર્પણ કહેછે, ને તેઓ ઈ. સનની પહેલાં ઓછાંમાં ઓછાં ૫૦૦ વરસ પર રચાયાં હતાં. બ્રાહ્મણોએ વિદ્યાનો પણ શોધ કર્યો હતો. ઈ. સનની પૂર્વે સુમારે ૩૫૦ વરસપર પાણિનિએ સંસ્કૃત ભાષાનું વ્યાકરણ કર્યું હતું. તે હજીપણ સંસ્કૃત ભાષાના અભ્યાસનો મૂળ પાયો છે. આ બાબતમાં રોમન અને ગ્રીક લોકથી અને ગયા સૈકા સુધીમાં હરકોઈ યૂરોપી પ્રજાથી બ્રાહ્મણો ઘણા આગળ વધ્યા હતા. એમની સંસ્કૃત એટલે શુદ્ધ કરેલી ભાષા માત્ર પંડિત લોકના વાપરવામાં આવતી. એ ભાષાનું વધારે સાદું રૂપ પ્રાકૃત ભાષા હતી. સાધારણ લોકો પ્રાકૃત ભાષા બોલતા. આ જૂની પ્રાકૃત પરથી

હાલની હિંદની બોલીઓ નીકળીછે. બ્રાહ્મણો તો હમેશા સંસ્કૃતમાં લખતા. વખત જતાં એ ભાષા બોલાતી બંધ પડી, અને તેથી સાધારણ લોકો સમજી શક્યા નહિ. ધર્મના ગ્રંથો માત્ર બ્રાહ્મણોજ વાંચી શકતા કે નવા રચી શકતા; એ પ્રમાણે હિંદમાં વિદ્યા માત્ર એમનામાંજ રહી.

**હિંદની વિદ્યા.**—ઈ. સન પહેલાં ૨૫૦ વરસ જેટલા જૂના વખતમાં બે પ્રકારના મૂળાક્ષર હિંદમાં વપરાતા હતા. પરંતુ બ્રાહ્મણો પોતાની પવિત્ર વિદ્યા લખી રાખવા કરતાં મુખ પાઠથી ચાલુ રાખવાને વધારે પસંદ કરતા. સારા બ્રાહ્મણોને વેદ અને બીજા ગ્રંથો મોડે કરવાના હતા. આ કરવું વધારે સહેલું હતું; તેનું કારણ એ કે તે બધી વિદ્યા શ્લોક (કવિતા) માં લખેલી હતી. બહુ પ્રાચીન કાળમાં વેદના મંત્રો રચાયા પછી શુદ્ધ, સાદું અને થોડામાં ઘણું સમાય તેવું ગદ્ય લખવાની રીત ચાલી હતી. પરંતુ બે હજારથી વધારે વર્ષ લગણ બ્રાહ્મણોએ પદ્યમાં પુસ્તકો રચ્યાં, અને હિંદમાં ગદ્ય લખવાનો હુનર ઘણા વખત સુધી જતો રહ્યો.

**બ્રાહ્મણોનું જ્યોતિષશાસ્ત્ર.**—વરસોવરસ યજ્ઞો કરવાના યોગ્ય દિવસ મુકરર કરવાને બ્રાહ્મણોએ આકાશના પદાર્થોની ગતિનું અવલોકન કર્યું. ત્રણ હજાર વર્ષ પહેલાં વેદના કવિઓએ સૌર વરસનો ઠીક વર્તારો કર્યો હતો. તેમણે વરસના ૩૬૦ દહાડા ઠરાવ્યા હતા; અને દરવરસે સવાપાંચ દિવસ એમાં ખુટે તેને માટે દરપાંચ વરસે એક અધિક માસ ઠરાવ્યો. તેમને ચંદ્રની કળાનું, ગ્રહોની ગતિનું, અને રાશિચક્ર તથા રાશિઓનું જ્ઞાન હતું. ઈ. સ. પહેલાં ૩૨૭ માં ગ્રીક લોક ભરતખંડમાં આવ્યા ત્યારે બ્રાહ્મણો ખગોળવિદ્યામાં ઘણા આગળ વધ્યા હતા, તોપણ એ નવા આવનાર કનેથી વિદ્યા શિખવામાં તેઓ લજવાયા નહિ; અને બ્રાહ્મણોની ખગોળવિદ્યાની પાંચ પદ્ધતિમાંની એક રોમક કે ગ્રીક શાસ્ત્ર કહેવાય છે. પણ આગળ જતાં આ બાબતમાં હિંદુઓ ગ્રીક લોકથી ચઢિઆતા થયા. બ્રાહ્મણ જોષીઓની કીર્ત્તિ પશ્ચિમ તરફ ફેલાઈ અને ઈ. સને ૮૦૦ ને સુમારે તેમના ગ્રંથોના તરજુમા અરબોએ કર્યા ને તે માર્ગે તેઓ યૂરોપમાં

પહોંચ્યા. ઈ. સન ૧૦૦૦ માં મુસલમાનો હિંદને લૂટવા અને ઉજડ કરવા લાગ્યા, ત્યારપછી બ્રાહ્મણોની વિદ્યાની પડતી થઈ. તોપણ વખતે વખતે હિંદુ ખગોળવેત્તા ઉત્પન્ન થતા; તેમનાં બાંધેલાં માનમન્દિરો આજે પણ કાશીમાં અને બીજે ઠેકાણે જોવામાં આવેછે. સને ૧૭૦૨ માં પ્રખ્યાત ફ્રેંચ ખગોળવેત્તા ડીલા હૈરે તારાની યાદી પ્રસિદ્ધ કરી હતી તેને હિંદી ખગોળવેત્તા રાજા જયસિંહે સુધારી હતી.

**બ્રાહ્મણોનું વૈદ્ય શાસ્ત્ર.**—બ્રાહ્મણોએ પોતાને માટે વૈદ્યકશાસ્ત્ર પણ રચ્યું. જેમ તેમણે પોતાના વાર્ષિક યજ્ઞોના દિવસો ઠરાવવાને આકાશી પદાર્થોનો અભ્યાસ કર્યો, તેમ યજ્ઞોમાં યોગ્ય દેવોને જનાવરના જૂદા જૂદા ભાગનું બળીદાન આપવાને માટે તેનો વધ કરવાનું તેઓ શીખ્યા. એ પ્રમાણે તેમણે શારીરવિદ્યાનો આરંભ કર્યો. વૈદ્યકવિદ્યાને તેમણે ઉપવેદમાં એટલે પાછળથી થયેલી ઈશ્વિરપ્રેરિત વિદ્યામાં ગણી. જનાવરોનાં મડદાંને ચીરવામાં પ્રાચીન બ્રાહ્મણો દોષ ગણતા નહિ. વળી તેઓ માંસને બદલે પાટલા પર મીણના થર કરીને, તથા છોડવાની ડાખળીઓ વડે, વિદ્યાર્થીઓને શરીર છેદવાની યુક્તિઓ શીખવતા. બૌધમતના રાજાઓએ માણસને અને પશુને સારૂ દવાખાનાં અને પાંજરાપોળો આખા હિંદમાં સ્થાપી હતી. ત્યાં રોગપરીક્ષાનું અને તેને મટાડવાના ઉપાયનું જ્ઞાન મળતું. વૈદ્યકવિદ્યામાં બ્રાહ્મણોએ ગ્રીક લોક પાસેથી કાંઈ જ્ઞાન મેળવ્યું નથી, પણ ગ્રીક લોકને તેમની પાસેથી મળ્યુંછે. ઈ. સ. ૧૮૦૦ ને સુમારે સંસ્કૃત પુસ્તકોનાં ભાષાંતર અરબી ભાષામાં કરી અરબ લોકે તેમાંથી બ્રાહ્મણોની વૈદ્યકવિદ્યા લીધી. ૧૭ મા સૈકા સુધી યૂરોપમાં વૈદ્યકવિદ્યા અરબી ગ્રંથો પરથી શીખાતી. ત્યાં વચલા કાળમાં વૈદ્યકવિદ્યાપર પુસ્તકો લખાયાં તેમાં ઘણીકવાર હિંદી વૈદ્ય ચરકના લખાણમાંથી પ્રમાણ આપવામાં આવ્યાંછે. ઈસુ ખ્રિસ્તની પહેલાં એ ચરક થઈ ગયો હોય એવું ધારવામાં આવ્યું છે.

**હિંદુ વૈદ્યકવિદ્યાની પડતી.**—બુદ્ધધર્મ જતો રહી હાલનો ચાલતો હિંદુધર્મ ઈ. સ. ૬૦૦ થી ૧૦૦૦ સુધીમાં સ્થાપન થયો, ને તેની સાથે નાતનું બંધન બહુ સખ્ત થયું. તે વખતથીજ બ્રાહ્મણો લોહી

અને મુડદાલ ચીજને અડવામાં વધારે છીટ માનવા લાગ્યા. વૈશ્ય એટલે ખેડુત જ્ઞાતિની મા અને બ્રાહ્મણ બાપથી ઉત્પન્ન થએલી વૈદ્ય નામે નીચી નાતને તેમણે વૈદ્યનો ધંધો આપ્યો. મડદાંને અડકવાથી અને 'મુએલા બળદને ચીરીને જોવા વગેરેની' ક્રિયાથી એ વૈદ્ય જ્ઞાતિ પણ વધારે વધારે વેગળી રહેવા લાગી. વાઢકાપની વિદ્યામાં ચતુરાઈ મેળવવાને મડદાં ચીરવાની તો પહેલી જરૂર છે. બુદ્ધધર્મ પડી ભાગતાં ધર્માદા દવાખાનાં બંધ પડ્યાં તેથી પણ હિંદની વૈદક વિદ્યાને ઘણું નુકશાન થયલું હશે. મુસલમાનો ઈ. સને ૧૦૦૦ થી દેશ જીતવા લાગ્યા ત્યારથી નવા મતના પરદેશી વૈદ્યો દાખલ થયા. સંસ્કૃત પુસ્તકોના અરબી તરજુમામાંથી તેઓ એ વિદ્યા ભણ્યા હતા. હિંદુસ્તાનના મુસલમાન પાદશાહો તથા અમીર ઉમરાવોનો આશ્રય માત્ર મુસલમાન હકીમોનેજ મળવા લાગ્યો. હિંદુ વૈદ્યકવિદ્યાની પડતી વધતાં વધતાં એટલી બધી વધી કે અંતે એ વિદ્યા ગામડિયા વૈદ્યોને હાથ જઈ પહોંચી. એમના જ્ઞાનમાં થોડા જેવા તેવા સંસ્કૃત શ્લોક, વસાણાંની યાદી, જાદુના છુમંતર, અપવાસ, અને ઊંટવૈદું માત્ર રહ્યું. એવા વૈદ્યને બંગાળામાં કવિરાજ કહેછે, પણ બ્રિટિશ સરકારે સ્થાપેલી વૈદ્યકશાળામાં ( મેડીકલ કાલેજોમાં ) હવે ઘણા હિંદુ વિદ્યાર્થીઓ ભણેછે, અને એ પ્રમાણે એ વિદ્યાનો ફરી ઉદ્ધાર થવા માંડયોછે.

**હિંદી સંગીતશાસ્ત્ર.**—બ્રાહ્મણોમાં પોતાની સંગીત કળા પણ હતી. ઈ. સનની પૂર્વે ઓછામાં ઓછાં ચારસેં વરસ પર તેમણે સાત સ્વર કલ્પેલા, તે ઈરાનમાં થઈ અરબસ્તાનમાં ગયા; અને ત્યાંથી ઈ. સનના ૧૧ મા સૈકામાં યૂરોપના ગાયનશાસ્ત્રમાં દાખલ થયા. મુસલમાની અમલમાં હિંદુ ગાયનની પડતી થઈ. જૂદી ઢબનું ગાયન શીખેલા યૂરોપી લોકને એ મીઠું લાગતું નથી, કેમકે એમાં સ્વર અને પેટાસ્વરના ઘણા જૂદા જૂદા વિભાગ કરેલાછે. પરંતુ એ રચવામાં બ્રાહ્મણોએ ઘણી બુદ્ધિ દાખવી છે, અને વિદ્યાતત્ત્વપર નિઘા રાખી જોતાં એ શાસ્ત્ર મનોરંજક છે. હાલના સમયમાં સ્વદેશહિતકારી દેશી ગૃહસ્થોએ હિંદી સંગીતને ખૂબ તાજું કર્યુંછે, અને લાખો હિંદી લોકો એ ગાયનથી આનંદ પામેછે.

**બ્રાહ્મણોના કાયદા એટલે ધર્મશાસ્ત્ર.**— બ્રાહ્મણોએ કાયદાને ધર્મનો એક વિભાગ તરીકે ગણ્યોછે. ઈ. સ. પહેલાં આશરે ૭૦૦ વરસપર રચાયલાં **ગૃહ્યસૂત્ર** નામે પુસ્તકો એમનું જૂનામાં જૂનું ધર્મશાસ્ત્ર (કાયદો) છે. ઈ૦ સન પહેલાં સુમારે ૪૦૦ વરસપર બનેલી **મનુસ્મૃતિ**માં ઉત્તર હિંદના બ્રાહ્મણોની રૂઢીઓનો સંગ્રહ કરેલો છે. બીજા પ્રખ્યાત સંગ્રહનું નામ **યાજ્ઞવલ્ક્યસ્મૃતિ** છે. તે મોડો બનેલો છે; તે કદાચ ઈ. સનની પછી ૨૦૦ વર્ષો પર બન્યો હોય. આ સ્મૃતિઓ અને તેઓ ઉપર લખાયેલી ટીકાઓને આધારે હિંદુઓનો ઘરવહેવાર હજી લગી ચાલેછે. એમણે કાયદાની ત્રણ શાખા કરીછે તેનાં નામ; (૧) આચારાધ્યાય—ઘર અને સંસારના અધિકાર અને કર્તવ્યો; (૨) વ્યવહારાધ્યાય—ન્યાય પ્રકરણ; (૩) પ્રાયશ્ચિત્તાધ્યાય—ધર્મને લગતાં પાપના પ્રાયશ્ચિતો કરવાની ક્રિયા અને તપ. એ શાસ્ત્રોમાં લગ્ન, વારસો અને આહાર વિષે ઘણા નિયમો છે. જૂદી જૂદી નાતો વચ્ચે કન્યા આપલે કરવાની અને સાથે બેસી જમવાની બંધી કરીને તેઓએ નાતોને ભળી જતી અટકાવીછે. હિંદુઓએ તેમને ઈશ્વરી કાયદા જેવા ગણી માન્યા. પ્રાચીન હિંદનો સુધારો કરનારા બ્રાહ્મણોએ આ ધર્મશાસ્ત્રો લોકમાં ફેલાવ્યાં. પરંતુ ખરૂં જોતાં તેઓમાં માત્ર ઉત્તરના બ્રાહ્મણી રાજ્યોની રૂઢીઓ નોંધેલી છે, અને હિંદની બધી જાતોને તેઓ લાગુ પડતાં નથી. શ્રેષ્ઠ સ્મૃતિકારોનું મત એવું છે કે હિંદના દરેક પ્રાન્તમાં ત્યાંનાં રીતરિવાજો એટલે દેશાચાર પાળવા જોઈએ, અને એ પ્રમાણે તેઓ અનાર્ય લોકોના રિવાજો અને ધારાને ચાલવા દેવાની રજા આપેછે. ઉદાહરણ—બ્રાહ્મણોમાં સ્ત્રીને બે વર હોય તો લાજી મરવાનું થાય, પણ દક્ષિણ હિંદના નૅર અને બીજી અનાર્ય જાતોમાં એમ કરવાનો ચાલ છે. માટે તે સશાસ્ત્ર એટલે કાયદા પ્રમાણે છે, અને એ ધોરણ પ્રમાણે એ લોકોમાં વારસાના ધારા ચાલેછે.

**બ્રાહ્મણોની કવિતા.**—બ્રાહ્મણો હિંદુ લોકનાં પવિત્ર ધર્મપુસ્તકોના રચનારા તથા રક્ષણ કરનારા, તત્વજ્ઞાન તથા શાસ્ત્રવિદ્યાના જાણનાર અને કાયદા બનાવનાર હતા એટલુંજ નહિ, પણ તેઓ તેમના કવિઓ પણ હતા. તેમણે ઈતિહાસ લખ્યા નથી, પરંતુ અસલના વિગ્રહો, અને આર્ય

યોદ્ધાનાં ચરિત્રો વીરરસકાવ્યમાં વર્ણવ્યાંછે. એ કાવ્યોમાં બે ઘણાં પ્રખ્યાત છે. તેનાં નામ (૧) **મહાભારત** કે **દિલ્હીના** ભૂપતિઓનો હેવાલ અને (૨) **રામાયણ** કે આર્ય લોકે દક્ષિણપર કરેલી સ્વારીનું વર્ણન.

**મહાભારત.**—આ ગ્રંથ કવિતામાં લખેલો છે, અને એમા પુરાતની વાર્તાનો મોટો સંગ્રહ છે. એમાંની કેટલીક કથા વેદના મંત્રોના જેટલી જૂની છે. એની મુખ્યવાર્તાનો સમય ઈ. સનની પહેલાં ૧૨૦૦ પછીનો નથી, પણ એ વાર્તા ત્યાર પછી એક હજાર વરસે હાલ છે તેવા આકારમાં જોડી કહાડી હોય એવું લાગેછે. **મહાભારતમાં** ૨,૨૦,૦૦૦ લીટીઓ છે, એ જાણી તેના કદનો વિચાર મનમાં આવશે. હોમરના ઈલીઅડમાં પૂરી ૧૬,૦૦૦ લીટીઓ નથી, અને વર્જીલના ઈનીઅડમાં ૧૦,૦૦૦ થી ઓછી લીટીઓ છે.

**મુખ્ય કથા.**—**મહાભારત** પુસ્તકમાં મુખ્ય વાત તો ભાગ્યેજ ચોથો ભાગ રોકેછે; તે આશરે ૫૦,૦૦૦ લીટીઓમાં સમાયલી છે. **ચંદ્ર** વંશના બે કુટુંબો દિલ્હીની પાસેના કેટલાક મૂલકને માટે વઢ્યા તેનું બ્યાન એમાં છે. એ બંને કુટુંબો ભરતના રાજકુળમાં એકબીજાના પિત્રાઈ હતાં, અને બેઉ એકજ ઘરમાં ઉછરેલાં હતાં. પાંચ **પાંડવો** **પાંડુ** રાજાના પુત્રો હતા. શાપ થવાથી એ રાજા રાજપાટ પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને આપી હિમાલયમાં વનવાસ કરી રહ્યો અને ત્યાં મૃત્યુ પામ્યો. એની રાજધાની હસ્તિનાપુર એટલે હાથીનગર હતું. તેનું ખંડેર દિલ્હીની ઈશાને ૫૭ મૈલપર ગંગાના જૂના માર્ગની પાસે દેખાડવામાં આવેછે. **પાંડુનો** ભાઈ ધૃતરાષ્ટ્ર તેને ઠામે રાજ્ય કરવા લાગ્યો. એ ભાઈને ૧૦૦ દીકરા હતા. તેમણે કુરૂ નામે પૂર્વજ પરથી કૌરવનામ ધારણ કર્યું. ધૃતરાષ્ટ્રે પોતાના પાંચ ભત્રીજા વિષે પ્રમાણિકપણે વાલીનું કામ બજાવ્યું, ને તેમાંના વડાને કુળના રાજ્યનો યુવરાજ એટલે વારસ નીમ્યો. પોતાના કુંવરોને રાજ્ય ગાદી ન આપતાં ભત્રીજાને આપી તે માટે તે કુંવરો દુભાયા ને નારાજી થયા; એથી સો કૌરવ અને પાંચ **પાંડવની** વચ્ચે કજીઓ ઊઠ્યો તેની કથા **મહાભારતનો** મુખ્ય ભાગ છે.

**મહાભારતનો સાર.**—સો કૌરવોએ પોતાના બાપને **પાંડવોને** વનમાં મોકલવાની જરૂર પાડી, અને વનમાં જઈ જે ઝુપડામાં **પાંડવો**

રહ્યા તેને કપટ કરી બાળી નાંખ્યું. એ આગમાંથી બચી પાંડવો બ્રા-હ્મણને વેષે અહિતહિ ભટકવા લાગ્યા. તેવામાં દ્રૌપદરાજાને દરબારે સ્વયંવર થતો હતો ત્યાં તેઓ ગયા. ભેગા થયેલા રાજારાણા હથી-આર વડે કે ધનુષ્યવડે પોતાનાં પરાક્રમ દેખાડે અને તેમાં જે જીતે તેને કન્યા વરે તેને સ્વયંવર કહેછે. જે ધનુષ્ય હરીફોમાંથી કોઈ વાળી ન શક્યું તે પાંડવોમાંના અર્જુને વાળ્યું, ને દ્રૌપદીએ તેને વરમાળા આરોપી. એ કુમારી પછી પાંચે ભાઈની પત્ની થઈ. તેમના ભલા કાકા ધૃતરા-ષ્ટ્રે તેમને પાટનગરમાં બોલાવી કુટુંબના રાજ્યનો અર્ધ ભાગ આપ્યો. ને બાકીનો અર્ધો પોતાના પુત્રને સારૂ રાખ્યો. પાંડવો ઇન્દ્રપ્રસ્થનામે નવું નગર વસાવી ત્યાં રહેવા ગયા. એ ઇંદ્રપ્રસ્થ પછી દિલ્હી કહેવાયું. ત્યાંનું જંગલ સાફ કરાવી તેમણે નાગ લોકને એટલે જંગલમાં વસના-રી જાતોને હાંકી કહાડી.

થોડા કાળ સુધી બંને વચ્ચે સલાહ રહી. યુધિષ્ઠિર ( લડવામાં દૃઢ ) પાંડવોમાં વડો ભાઈ હતો તેને કૌરવોએ જુગટું રમાડ્યું, તેમાં તેણે પોતાનું રાજ્ય, પોતાના ભાઈઓ, પંડ, અને છેલ્લે દ્રૌપદી એ સર્વે ખોયું. પરંતુ ધૃતરાષ્ટ્રે એમ દુષ્ટ રીતે મેળવેલું સઘળું પાંડવોને પાછું અપાવ્યું. વળી કૌરવોએ યુધિષ્ઠિરને દ્યૂત રમવાને ફસાવ્યા, તેમાં તે ફ-રીને રાજ્ય હાર્યો ને ભાઈઓ તથા પત્ની સહિત તેણે બાર વરસ સુધી દેશ-નિકાલ ભોગવ્યો. દેશનિકાલની મુદત પૂરી થતાં પાંચ ભાઈઓ ફોજ સહિત પોતાનું રાજ્ય જીતી લેવાને આવ્યા. ઘણીક લડાઈઓ થઈ ને દેવો અને દેવાંશી વીરો યુદ્ધમાં સામિલ થયા, તથા અંતે સો એ કૌરવ રણ-માં પડ્યા, અને પાંડવોના મિત્રો અને સગાઓનો પણ કાળ થયો. માત્ર પાંચ ભાઈ બચ્યા. તેમના કાકા ધૃતરાષ્ટ્રે આખું રાજ્ય તેમને હવાલે કીધું. લાંબા વખત સુધી રાજ ભોગવી પાંડવો યશ પામ્યા; અને મો-ટો અશ્વમેધ કરી ચક્રવર્તી મહારાજાધિરાજ પદ મેળવ્યું. પણ તેમનો આંધળો અને ઘરડો કાકો પોતાના સો દીકરાની કતલ કરવાને માટે તેમને સદા મહેણાં માર્યા કરતો. આખરે પોતાના જીવતા રહેલા પ્રધા-નો, પોતાની વૃદ્ધરાણી,ને તેની ભોજાઈ ( પાંડવોની મા ) ને જોડે લઈ તે વનમાં જઈ રહ્યો. અહિં આ ઘરડા ખોખરાં આદમી દવ સળગવાથી

બળી મુઆં. પાછળથી પાંચ ભાઈઓને મન ખેદ અને પશ્ચાત્તાપ થયો તેથી રાજ્ય છોડી દઈ દ્રૌપદી તથા એક નિમકહલાલ કૂતરો જોડે લઈ તેઓ મેરૂ પર્વતપર ઈન્દ્રનું સ્વર્ગ છે ત્યાં જવાસારૂ હિમાલયમાં ગયા. ત્યાં ઉપર ચઢતાં આ શોકાતુર વટેમાર્ગુ એક પછી એક મરણ પામ્યાં. માત્ર મોટા ભાઈ યુધિષ્ઠિર અને તેનો કૂતરો સ્વર્ગના ઝાંપા સુધી પહોંચ્યા. ઈન્દ્રે તેને અંદર પેસવાનું કહ્યું. પણ યુધિષ્ઠિરે કહ્યું કે મારી ગુજરી ગયેલી સ્ત્રી તથા ભાઈઓ વિના એકલો નહિ પેસું. ઈન્દ્રે તેની પ્રાર્થના કબુલ રાખી; પણ યુધિષ્ઠિરે કહ્યું કે મારા કૂતરાને જોડે આવવાદો તો અમે અંદર આવીએ. ઈન્દ્રે ના પાડી ને સ્વર્ગનું જેવું તેવું દર્શન કરાવ્યા પછી તેને નરકમાં નાંખ્યાં. ત્યાં તેણે પોતાના ઘણાક સાથીઓને દુઃખમાં પડેલા જોયા. સ્વર્ગમાં જઈ એકલા સુખ ભોગવવા કરતાં એ લોકની સાથે રહી દુઃખમાં ભાગ લેવાનો તેણે ઠરાવ કર્યો. આ છેલ્લી પરીક્ષામાં બરાબર ઉતર્યા પછી તેને માલૂમ પડ્યું કે એ સર્વ માયા છે. પછી સઘળા ભેગા થઈ સ્વર્ગમાં પેઠા. અહિં તેઓ ઈંદ્રની પાસે નિરંતર સુખ ચેનમાં રહેછે.

**મહાભારતનો બાકીનો ભાગ.**—હસ્તિનાપુરમાં રાજ્યને માટે થયલા ઝગડાનો હેવાલતો માત્ર **મહાભારત**ના ચોથા ભાગમાં સમાઈ રહેછે. બાકીના ભાગમાં ત્યાર પહેલાંના વખતની કથા, દેવોની વાતો, ને **ક્ષત્રી**ની ફરજો. તેમાં વિશેષ કરીને **બ્રાહ્મણો**ને માન આપવાની તેમની ફરજો સમજાવવાને ધર્મના વિષયો પર બોધ છે. એકંદર જોતાં **મહાભારત** એ ઉત્તર હિંદના શૂરવીર લોકના વખતના જ્ઞાનનો ભંડાર છે.

**રામાયણ.**—એ હિંદુઓનું બીજું વીરરસ કાવ્ય છે; અને એમાં આર્ય લોકો દક્ષિણમાં ગયા તેનું વર્ણન છે. એ **વાલ્મીક** કવિનું રચેલું છે; અને એની મુખ્ય વાર્તા બની તેનો સમય જેવી તેવી ગણત્રી પ્રમાણે સુમારે ઈ. સ. ની પહેલાં ૧૦૦૦ વર્ષ પર છે. પણ હાલ છે તે આકારમાં એ ગ્રંથ રચાયાને ઈ. સ. પૂર્વે ઘણા સૈકા થયા નહિ હોય. એમાંના કોઈ ભાગ **મહાભારત**ની પહેલાંના બનેલા હશે; પણ આ ગ્રંથનો સંગ્રહ તો તે પછીના વખતમાં થયો હોય એવું દીસેછે. **રામાયણ**માં સુમારે ૪૮,૦૦૦ લીટીઓ છે.

**રામાયણનો સાર**.—મહાભારતે જેમ **ચંદ્રવંશને** પ્રખ્યાત કર્યો છે તેમ **રામાયણે** હાલના **ઔદ** પ્રાંતની રાજ્યધાની **અયોધ્યા** છે, ત્યાંના **સૂર્યવંશનો** ઇતિહાસ વીરરસ કવિતામાં વર્ણવ્યો છે. એ પ્રમાણે અસલના મુખ્ય દેશની હદપર પૂર્વ અને પશ્ચિમ તરફ સામસામે આવેલાં પ્રખ્યાત બે રાજ્યની કથા એ બે કાવ્યોમાં સાચવી રાખીછે. **રામાયણના** આરંભના પુસ્તકોમાં અયોધ્યા કે **ઔદ**-ના રાજા **દશરથના** વડા કુમાર **રામના** ચમત્કારિક જન્મ અને બાળપણનું વર્ણન છે. **સીતા**સ્વયંવરમાં મળેલા રાજારાણાએ શિવના મોટા ભારે ધનુષને વાંકુ વાળવાને મથન કીધું તેમાં **રામ** ફાવ્યા, ને **સીતાને** પરણ્યા તેનું વર્ણન છે. વળી તેમના બાપ **દશરથે** તેમને ગાદીના વારસ ઠરાવ્યા, તે હકીકત પણ છે. જનાનામાં ખટપટ ચાલી તેનું પરિણામ એવું થયું કે **દશરથની** સર્વથી નાની રાણીએ એ ઠરાવ રદ કરાવ્યો, પોતાના કુંવર **ભરતને** યુવરાજ નીમાવ્યો, અને **રામ** અને તેની વહુ **સીતા** ચૌદ વરસ લગી વનવાસ કરવાને ગયાં. દેશ નિકાલ થયેલુ તે જોડું દક્ષિણ જતાં **પ્રયાગ** ( હાલના **અલાહબાદમાં**) ગયું, તે વખતે **અલાહબાદ** તીર્થ થઈચુક્યું હતું. અહિથી નદીપાર ઉતરી બુંદેલખંડના જંગલોમાં **વાલ્મીકિના** મઠમાં તેઓ જાયછે. તેઓ જ્યાં રહેલાં તે જગો આજે પણ અહિંના એક ડુંગરપર બતાવવામાં આવેછે. એવામાં **રામના** પિતાનો કાળ થાયછે. ઠરાવ પ્રમાણે રાજ્ય સૌથી નાનાભાઈ **ભરતને** મળેછે, પણ વડા ભાઈપર પ્રેમ રાખનાર **ભરત** તે લેવાની ના કહેછે, અને ખરા વારસ **રામને** પાછા આણવાને તેની પાછળ જાયછે. બન્ને ભાઈ વચ્ચે પ્રેમની મારામારી ચાલેછે અને આખરે ચૌદ વરસનો વનવાસ પૂરો થાય અને રાજ્ય લેવાને **રામ** પાછા આવે ત્યાં સુધી તેને નામે બાપદાદાના રાજ્યનો વહીવટ કરવાને **ભરત** કબુલ કરેછે, અને **અયોધ્યા** તરફ પાછો ફરેછે.

**આર્ય લોક દક્ષિણભણી જાયછે**.—રામાયણમાં અહિંસુધીજ **અયોધ્યાના** દરબારને લગતી વાર્તા વર્ણવી છે. ત્રીજા **પુસ્તકમાં** મુખ્ય કથાનો આરંભ થાયછે. છેક દક્ષિણનો રાક્ષસ કે મૂળવતની રાજા **રાવણ સીતાની** ખૂબસુરતીની કીર્ત્તિ સાંભળી મોહ પામેછે, અને **રામ**

જંગલમાં ગયાછે, તેવામાં તેના આશ્રમમાં આવી **સીતા**નું હરણ કરી જાયછે. તેને પોતાના મંત્રેલા રથમાં બેસાડી આકાશ માર્ગે લંકામાં લઈ જાયછે. પછીનાં ત્રણ પુસ્તક (ચોથા, પાંચમા, અને છઠ્ઠા) માં સ્ત્રી ખોઈ બેઠેલા રામે તેને પાછી આણવાને કરેલી સ્વારીનું વર્ણન છે. દક્ષિણ હિંદની મૂળવતની જાતો જોડે મળી જઈ **રામ** મોટું લશ્કર ભેગું કરેછે. એ જાતોને વાનર અને રીંછના નામ આપ્યાંછે. હિંદ અને લંકાની વચ્ચે સામુદ્રધુની છે, તેને વાનર સરદાર હનુમાન કૂદી જઈ કેદી **સીતા**ને મળેછે; અને છલંગ મારી પાછો આવી **રામ**ને ખબર કહેછે. પછી સાંકડા સમુદ્રપર વાનરસેના પૂલ બાંધેછે. એને હાલની ભૂગોળવિદ્યામાં આદમનો પૂલ કહેછે. એ પૂલપર થઈ **રામ** લંકામાં જાયછે. અને દૈત્ય **રાવણ**ને હણી **સીતા**ને છોડવેછે. **રાવણ**ના મહેલમાં રહી તે વખતે પતિવ્રતા ધર્મ પાળ્યો હતો એવી ખાત્રી કરી આપવાને **સીતા** અસલની રીત પ્રમાણે અગ્નિમાં પ્રવેશ કરેછે. પ્રકાશતત્ત્વનો દેવ અગ્નિ પોતે તેને બળતી ચિતામાં ચલાવી તેના ધણીની પાસે તેડી જાયછે. દેશવટાનાં ચૌદ વરસ પૂરાં થયેથી **રામ** અને **સીતા** વાજતે ગાજતે અયોધ્યામાં પાછાં આવેછે. ત્યાં તેમણે સારી રીતે રાજ કરી કીર્તિ મેળવી. હિંદના ચક્રવર્તી રાજા તરીકે **રામે** અશ્વમેધ કર્યો. પરંતુ દેશમાં દુકાળ પડવાથી **રામે** ધાર્યું કે રાજકુળમાં કોઈએ કાંઈ ગૂનો કર્યો હશે તેને લીધે ઈશ્વરે આવી સજા કરેલી હોવી જોઈએ. પછી **સીતા** લંકામાં તેના હરણ કરનારના કબજામાં હતી, ત્યારે પતિવ્રતા રહી ન હોય એવો તેના મનમાં સંદેહ ઊઠ્યો તે ઉપરથી તેણે તે પતિવ્રતા સ્ત્રીને કાઢી મૂકી. તે બાઈ ભટકતી વાલ્મીકિને આશ્રમે ગઈ, અને ત્યાં તેને બે પુત્ર સાંપડ્યા. સોળ વરસ દેશવટો ભોગવ્યા પછી **રામ** પસ્તાઈને તેની જોડે મનાયા અને છેવટે **રામ સીતા** અને તેનાં સંતાન ભેગાં થયાં.

**પછીથી થયેલાં વીરરસ કાવ્યો.**—મહાભારત અને **રામાયણ**માં ગાથાઓ ઘણી છે, તો પણ તેમાં હિંદના મધ્ય દેશના **મહારાજાઓ**ના ઈતિહાસ, તેઓના કુટુંબના કજીઆ, અને તેમનાં પરાક્રમ વર્ણવ્યાંછે. પછીથી થયેલાં વીરરસ કાવ્યમાં યોદ્ધાનાં ચરિત્રોને બદલે દેવોની કથા

વધારે આવતી જાયછે. તેઓમાં રઘુવંશ અને કુમારસંભવ પહેલી પદવીએ છે. તેઓનો રચનાર કાલિદાસ કહેવાયછે. અયોધ્યાના રાજા રઘુના સૂર્યવંશની અને મુખ્યત્વે કરીને તેના વંશજ રામની કીર્ત્તિ રઘુવંશમાં ગાઇછે. કુમારસંભવમાં યુદ્ધના દેવ (કાર્તિકેય) ના જન્મનું વર્ણન છે. આ બંને કાવ્યો તેમના હાલના રૂપમાં ઈ. સ. પૂર્વે ૩૫૦ વરસ પહેલાં રચાયલાં હોય એમ લાગતું નથી.

**સંસ્કૃત નાટક.**—ઘણા જૂના વખતમાં બલકે વેદના ક્રિયામંત્રો થયા તે વખતમાં મૂગે મ્હોડે ચાળા કરી નાચવાની જંગલી રીત હતી તે ઉપરથી ગ્રીસ અને રોમની પેઠે હિંદમાં પણ વેષ કાઢી નાટક કરવાની રીત નીકળેલી જણાયછે. 'नट' એટલે નાચનાર એના ઉપરથી સંસ્કૃત શબ્દ 'नाटक' બન્યોછે. પરંતુ જૂના સુધરેલા વખતમાં બનેલાં નાટકો હાલ આપણી પાસે છે તે સઘળાં ઈ. પૂ. પહેલો સૈકો અને ઈ. સ. પછી આઠમો સૈકો એ બેની વચ્ચેના વખતમાં રચાયલાં જણાયછે. પાછલા વખતમાં થયેલાં બે વીરરસ કાવ્યનો બનાવનાર કાલિદાસ હતો એમ આગળ કહેવામાં આવ્યુંછે. તેજ કાલિદાસ સંસ્કૃત નાટકનો પિતા છે. હિંદુ દંતકથા એવી છે કે ઈ. સ. પૂ. ૫૭ માં ઉજ્જનનો રાજા વિક્રમાદિત્ય હતો, તેના દરબારમાં નવ રત્ન હતાં. તેમાંનું એક રત્ન કાલિદાસ હતો. પણ ખરૂં પૂછો તો વિક્રમાદિત્ય નામના ઘણા રાજા થઈ ગયા છે; અને જે વિક્રમાદિત્યના વખતમાં કાલિદાસ થઈ ગયો, તે તો ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં માળવામાં રાજ કરતો હતો.

**શકુન્તલા.**—કાલિદાસનું સૌથી વધારે પ્રખ્યાત નાટક શકુન્તલા કે "ખોવયેલી વીંટી" નામે છે. પ્રાચીન વીરરસ કાવ્યની પેઠે એની રચનામાં રાજદરબારનો અને વનમાં આવેલા ઋષિ આશ્રમનો વિષય છે. ઉત્તમ ચંદ્રવંશનો પૂર્વજ દુષ્યંત નામે રાજા હતો. તે જંગલમાં રહેનાર કોઈ બ્રાહ્મણની શકુન્તલા નામે સ્વરૂપવાન કન્યાને પરણેછે. રાજનગર ભણી પાછા ફરતા પહેલાં પોતાના પ્રેમની નિશાની દાખલ પોતાની વહુને એક વીંટી આપેછે. પણ શકુન્તલાને એક બ્રાહ્મણનો શાપ લાગ્યો હતો, તેથી તેણે તે વીંટી ખોઈ, અને તે પાછી જડતાં સુધી

તેનો વર તેને ઓળખી શક્યો નહિ. શકુન્તલાને પોતાના એકાંતવાસમાં દીકરો અવતરેછે, અને પોતાને તથા પુત્રને રાજા ઓળખે માટે તે તેના દરબારમાં જાયછે. પણ રાજા તેને ઓળખતો નથી. ઘણા ખેદ અને બહુ દુઃખને અન્તે તે વીંટી જડેછે, અને શકુન્તલા પોતાના ધણીને જઈ મળેછે. તેનો પુત્ર ભરત મોટો થયા પછી પ્રતાપી નીવડેછે. મહાભારતમાં જે ચંદ્રવંશનાં પરાક્રમ વર્ણવેલાંછે, તેનો મુખ્ય સ્થાપનાર એ ભરત હતો. સીતાની પેઠે શકુન્તલા પણ પતિવ્રતા હિંદુનારીનો ઉત્તમ નમૂનો છે; અને તેનો પ્રેમ તથા તેનો ખેદ કદાચ ૧૮૦૦ વરસ લગી હિંદના લોકને મનગમતી અદ્ભુત કથામાં વર્ણવ્યોછે તેને હાલના જમાનાના યૂરોપના કવિરાજ ગોએથે પોતાના એક કાવ્યમાં ઉતાર્યોછે.

**બીજાં નાટકો.**—બીજાં નાટકોમાંના એકનું નામ **મૃચ્છકટિક** અથવા "રમકડાં ગાડી" છે. આ દશ અંકી નાટક છે. નિરપરાધીનું ઉગરવું અને અપરાધીનું સજા પામવું એવી કોઈ જુની બાબત પર તે લખેલુંછે. વળી **નળ** અને **દમયંતી** કે "જુગારી રાજા અને તેની પતિવ્રતાનારી" નામનું બીજું એક નાટક છે. હિંદના છાપખાનામાંથી દરવરસે ઘણાં નાટકો પ્રગટ થાયછે તેમાંનાં ઘણાં ખરાં **મહાભારત**માંની કે **રામાયણ**માંની કોઈ કથાને આધારે રચાયેલાં હોયછે.

**પશુવાર્તા.**—જૂના વખતથી પશુઓની કહાણીઓ હિંદમાં લોકને ઘણી ગમેછે. **સંસ્કૃત** પંચતંત્રનો કે પશુવાર્તાના પુસ્તકનો તરજુમો છેક ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં ફારસી ભાષામાં થયો હતો. તેની મારફતે એ વાર્તાસંગ્રહ યૂરોપમાં ગયો. આજે ઈંગ્લાંડમાં અને અમેરિકામાં પ્રાચીન હિંદની પશુની વાતો કહેવામાં આવેછે, તે ત્યાંનાં લોકને બહુ ગમેછે.

**સંગીત કવિતા.**—દેવોના અને યોદ્ધાના વીરરસ ઈતિહાસ ઉપરાંત **બ્રાહ્મણો**એ ઘણાંક ધર્મવિષય ઉપર કાવ્યો રચ્યાંછે. એમાં **ગીતગોવિંદ** એટલે "દૈવી ગોવાળનું ગીત" એ નામે છે, તે અતિસુંદર છે. ઈ. સ. ૧૨૦૦ને સુમારે **જયદેવે** તે રચ્યુંછે, ધર્મની બાબત ઉપરના મોટા ગ્રંથો પુરાણો કહેવાયછે, તે કવિતામાં લખેલા છે. તેઓનું વર્ણન આગળ ( ૮ મા પ્રકરણમાં ) કરવામાં આવશે.

**બ્રાહ્મણોની સત્તા.**—બ્રાહ્મણો ઘણા ભણેલા હોવાથી તેમના મંડળની પદવી ઉંચી હતી. એ વાત લક્ષમાં રાખવાથી તેમના લાંબી મુદત સૂધી રહેલા અમલનું તથા હાલમાં ચાલતી સત્તાનું કારણ સમજાશે. તેમના ગોર તરીકેના ઉપરીપણા ઉપર વારેવારે હુમલા થયાછે. લગભગ એક હજાર વરસ સૂધી તો બૌદ્ધ લોકનો મારો પડયોછે. એમ છતાં ૨૫૦૦ વરસ થયાં હિંદમાં બ્રાહ્મણો ગ્રંથો રચનારા, વિદ્વાનો, હિંદુ રાજા રાણાના મંત્રી અને હિંદુલોકના શિક્ષક છે. જે કેળવણી અને વિદ્યાને લીધે આટલી લાંબી મુદતથી તેમને ઉપરી સત્તા મળી હતી તે કેળવણી અને વિદ્યા મેળવવાનો એકલી તેમનીજ નાતને હક હતો, તે હાલ બંધ પડયોછે. હમણાં મહારાણીની દરેક વર્ગની ને દરેક જાતની તમામ હિંદી પ્રજા કેળવણી અને વિદ્યા મેળવી શકેછે.

# प्रकरण ५ मुं.

## બુદ્ધધર્મ—ઈ. સ. પૂર્વે ૫૪૩ થી ઈ. સ. ૧૦૦૦ સુધી.

**બુદ્ધધર્મનો** ઉદય ઈ. સ. પૂ. ૫૪૩.—ઈ. સ. પૂ. ૬૦૦ વરસપર બ્રાહ્મણોએ પોતાની સત્તા સારા પાયા ઉપર સ્થાપન કરી હતી. ત્યાર પછી હિંદમાં એક નવો ધર્મ ઉત્પન્ન થયો. એ ધર્મનો સ્થાપનાર ગૌતમ બુદ્ધ નામે પુરૂષ હતો, તે પરથી તેનું નામ બુદ્ધધર્મ પડ્યું. એક હજારથી વધારે વર્ષ સુધી આ નવો ધર્મ બ્રાહ્મણ ધર્મનો બરોબરીઓ હતો. ઈ. સનના નવમા સૈકાને સુમારે તેને હિંદમાંથી હાંકી કાઢવામાં આવ્યો. તોપણ તેને માનનારા હજી પચાસ કરોડ માણસો એશિઆમાં છે, અને દુનિયામાં બીજા હરકોઈ ધર્મને માનનારની સંખ્યાથી એને માનનારની સંખ્યા વધારે છે.

**ગૌતમ બુદ્ધની વાર્તાઃ તેનું પૂર્વ ચરિત્ર.**—ગૌતમ એ કપિલવસ્તુના રાજા સુદ્ધોદનનો એકનો એક કુંવર હતો. પાછળથી એનું નામ બુદ્ધ એટલે જ્ઞાની પડ્યું. સુદ્ધોદન રાજા શક્ય લોકપર રાજ્ય કરતો હતો, અને તેનું રાજ્ય કાશીની ઉત્તરે ૧૦૦ મૈલપર હતું. ત્યાંથી હિમાલયનાં બરફવાળાં શિખરો નજરે પડતાં હતાં. રાજાની મરજી કુંવરને પોતાના જેવો શૂરવીર બનેલો જોવાની હતી; પરંતુ બાળ કુમાર પોતાના સોબતીઓની રમતોમાં ભળતો નહિ અને મહેલના બાગને ખૂણેખાચરે ભરાઈ એકાંતમાં પોતાનો વખત ગુજારતો હતો. એમ છતાં જ્યારે તે પુખ્ત ઉમરનો થયો ત્યારે બહાદુર અને હથીયારો વાપરવામાં ચતુર માલુમ પડ્યો. સ્વયંવરમાં તે બધા સામાવાળીઆ રાજાને હરાવી સ્ત્રી પરણ્યો. થોડા વખત લગી તેણે સંસારનાં સુખ ભોગવ્યાં તેવામાં તેણે પોતાના નાનપણના ધર્મસંબંધી વિચારો વિસારી દીધા. તે રથમાં બેશી શહેરમાં જતો ત્યારે ઘરડા, રોગી અને મુડદાં જોઈને તેના મનપર અસર થતી; અને એક સાધુનું ચિત્ત શાંત જોઈ તેને અદેખાઈ આવતી. સંસારનાં દુઃખ, શોક અને સ્થિતિના ફેરફારને લીધે એ સાધુના આત્માપર કાંઈ અસર થતી

નહિ. ગૌતમની સ્ત્રીને એક પુત્ર થયો. ત્યાર પછી તેને બીજું કાંઈ છોકરૂં થયું નહતું. આ નવું દીકરારૂપી બંધન પોતાને સંસારમાં બાંધી રાખશે એવો ડર લાગવાથી ત્રીસ વર્ષની ઉમરે ગોતમ જંગલમાં જઈ એક ગુફામાં વસ્યો. એવી વાત ચાલેછે કે તે પોતાની સ્ત્રીના દીવાવાળા ઓરડા આગળથી પાછો ફરી ચાલ્યો ગયો, ને તેમાં જવાથી નવા જન્મેલા બાળકની મા ઉંઘમાંથી જાગે, માટે જતી વેળા બાળકને છેલ્લું વહેલું લાડ લડાવવાની ઈચ્છાને પણ દબાવી દઈ તેણે અંધારામાં ઘોડો દોડાવી મૂક્યો. અંધારી રાતે ઉદાસીમાં મુસાફરી કર્યા પછી પોતાનો નિમકહલાલ ઘોડાવાળો સાથે આવ્યો હતો તેને પોતાનો ઘોડો ને ઘરેણાં આપી બાપની કને પાછો મોકલ્યો. જાતે ક્ષત્રી હોવાથી તેણે લાંબા કેશ રાખ્યા હતા તે તેણે કાતરી નાંખ્યા તથા માર્ગમાં કોઈ ગરીબ માણસ મળ્યો તેને પોતાનો દરબારી પોશાક ઉતારી આપી તેનાં ફાટાંતૂટાં લૂગડાં લઈને પહેર્યાં. આ રીતે ઘરબાર વગરનો ભીખારી બનીને તે એકલો ચાલ્યો. આમ દરબારી ઠાઠ, વહાલી વહુ, અને નવો અવતરેલો દીકરો તજી ચાલ્યા જવું એ "મહાવૈરાગ્ય" છે, અને તે બુદ્ધધર્મ પુસ્તકનો પ્રિય વિષય છે.

**બુદ્ધનો વનવાસ, ૩૦ થી ૩૬ ની વય.**—થોડા વખત લગી ગૌતમે પટના પ્રાંતમાં બે બ્રાહ્મણ મુનિઓની કને અભ્યાસ કર્યો. તેમણે તેને બોધ કર્યો કે આત્માની શાંતિ શરીરને કષ્ટ આપવાથીજ થાયછે. પછી તે ગયાની પાસે વધારે ઘાડા જંગલમાં જઈ વસ્યો. ત્યાં છ વરસ લગી પાંચ શિષ્યોની જોડે તપ કરીને તેણે શરીરને સૂકવી નાખ્યું. હાલનું બુદ્ધગયાનું દેહેરૂં એ લાંબા તપનું ઠેકાણું દેખાડે છે. પરંતુ અપવાસ અને શરીરને કષ્ટ આપવાથી તેને મનની શાંતિ મળી નહિ. પણ ઉલટો ધર્મસંબંધી નિરાશામાં તે ડૂબ્યો. બૌદ્ધધર્મગ્રંથમાં લખ્યુંછે કે એ સમયમાં માણસ જાતનો દુશ્મન માર નામે દુષ્ટ દેવ દેહ ધારણ કરીને તેની સાથે કુસ્તી કરતો હતો. પોતાનું બધું તપ કાંઈ કામનું છે કે નહિ એવા સંદેહથી તે અકળાયો અને શરીરે સુકાઈ ફીકો પડેલો આ જોગી બેભાન થઈ પૃથ્વીપર પડયો. જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તેના મનનો કલેશ જતો રહ્યો હતો. પહાડની ગુફામાં દેહદમન કરવાથી મુક્તિ મળતી નથી, પણ માણસ જાતને ઉત્તમ રીતે વર્ત-

વાનો ઉપદેશ કરવાથી મળેછે એવું તેને જણાયું તેથી તેણે તપ છોડી દીધું. તેના પાંચ શિષ્યો આથી ત્રાસ પામી તેને તજી જતા રહ્યા, અને વનમાં તે એકલો પડયો. રાક્ષસો અગ્નિની જ્યોત જેવાં હથિયારો સહિત તેની આસપાસ ભમ્યા કરેછે, અને તે શાંતિમાં વડ નીચે બેઠોછે એવું સ્વરૂપ બૌદ્ધશાસ્ત્રમાં જણાવ્યું છે. જંગલમાંની આ માયામાંથી નીકળી તે બહાર પડયો; એ વેળા તેની શંકાઓ શમી ગઈ હતી; અને તે ફરીને ઊઠી નહિ. પોતે શું કરવું તે હવે તેના સમજવામાં સ્પષ્ટ આવ્યું. ત્યાર પછી તે બુદ્ધ (એટલે જ્ઞાની) નામે ઓળખાયો.

**બુદ્ધનો જાહેર ઉપદેશ, ૩૬ થી ૮૦ ની વય સૂધી.**—મોટા કાશી નગરની પાસેના મૃગ વનમાં બુદ્ધે પોતાનો જાહેર ઉપદેશ શરૂ કર્યો. બ્રાહ્મણો જેમ પવિત્ર જ્ઞાતિના એક બે શિષ્યોને બોધ આપતા તેમાં ન કરતાં તેણે સઘળા લોકને બોધ કર્યો. પહેલ વહેલાં તેણે સાધારણ વર્ગના આદમીને બોધ કરી શિષ્ય કર્યા. તેમાં સર્વથી પહેલાં તો સ્ત્રીઓને ઉપદેશ કીધો. ત્રણ માસ પછી સાઠ ચેલા તેની પાસે ભેગા થયા. એમને તેણે પાસેના દેશોમાં આ શબ્દો કહીને મોકલ્યાઃ—'હવે તમે જાઓ અને સર્વોત્તમ શાસ્ત્ર શીખવો.' વરસમાં આઠ મહિના ઉપદેશ કરવાને તે પ્રવાસ કરતો, અને ચોમાસામાં એટલે વરસાદની ઋતુમાં, તે કોઈએક મુકરર જગામાં રહેતો. ત્યાં વાંસની ઝાડીમાંની તેની ઝુપડીમાં લોકનાં ટોળેટોળાં તેનો બોધ લેવાને આવતાં તેમને ઉપદેશ કરતો. જે પાંચ જૂના શિષ્યો જંગલમાંથી ખરેખરી સંકટની વેળાએ તેને છોડી જતા રહ્યા હતા, તેઓ પાછા આવ્યા. રાજા, રાણા, વેપારીઓ, કારીગરો, બ્રાહ્મણો, તપસ્વીઓ, ખેડુતો, શૂદ્રો, ઊંચી પદવીની કુલીન નારીઓ, અને કરેલાં પાપનો પસ્તાવો કરનારી સ્ત્રીઓના ભળવાથી તેના શિષ્યોમાં ઉમેરો થયો. બહાર, અયોધ્યા, અને વાયવ્ય પ્રાંતોની પડોશના જીલ્લાઓમાં બુદ્ધે ઉપદેશ કર્યો. પોતાના બાપના મહેલમાંથી તે ઘોડેસ્વાર થઈ નીકળ્યો ત્યારે તે પ્રતાપી તરૂણ રાજકુમાર હતો. હવે મેલાં પીળાં વસ્ત્ર પહેરેલાં, માથું મુંડેલું ને હાથમાં ભીક્ષા લેવાનું તુંબડું રાખેલું, એવો તે ભટકતા ઉપદેશ કરનારનો વેષ લઈ મહેલમાં પાછો આવ્યો. ઘરડા રાજાએ બહુ માનથી તેનો ઉપદેશ સાંભળ્યો.

બુદ્ધ ગયો તે વેળા જે કુંવરનો જન્મ થયો હતો તે તેનો શિષ્ય થયો. જેના ઓરડાના ઉમરા આગળથી તે અંધારામાં નીકળી ગયો હતો તે વહાલી વહુ પ્રથમ થયેલી બૌદ્ધ આરજાઓમાં દાખલ થઈ.

**બુદ્ધનું મરણ અને તેના છેલ્લા બોલ.**—બુદ્ધે પોતાની ઉમરના ત્રીસમા વરસમાં મહા વૈરાગ્ય લીધો. પોતાની જાતે લાંબા વખત સુધી તૈયારી કર્યા પછી છત્રીસ વરસની વયે તેણે જાહેર બોધ કરવા માંડ્યો અને ચુંમાળીસ વરસ લોકને ઉપદેશ કર્યો. પોતાના મોતનો સમય પહેલાંથી જણાવતી વખતે તેણે પોતાના શિષ્યોને આ પ્રમાણે કહ્યું:— ઉમંગી થજો, વિચારવંત થજો, પવિત્ર થજો, તમારા પોતાના હૃદય ઉપર ચોકસ નજર રાખજો (એટલે કે તેને આડે રસ્તે જવા દેતા નહિ); જે આદમી શાસ્ત્ર પ્રમાણે દૃઢતાથી વર્તે છે, નીતિ પાળે છે, અને હિંમત હારતો નથી તે સંસારરૂપી સાગર તરશે; અને તેના સંતાપનો અંત આવશે. વળી તેણે કહ્યું કે 'દુનિયા બેડીથી સજડ જકડાયલીછે. જેમ કોઈ વૈદ્ય દૈવી ઓસડ લાવીને બચાવે તેમ હું તેને મુક્તિ આપું છું. મારી શિક્ષા ધ્યાનમાં રાખજો. બીજી બધી વસ્તુઓ બદલાયછે, પણ એ બદલાતી નથી; હું તમને કાંઈ વધારે નહિ કહું. હું જવાને ઇચ્છું છું. હું નિર્માણ, એટલે સદા આરામ ઇચ્છુંછું,' ઉપદેશ કરવામાં અને એક રડતો શિષ્ય હતો તેને દિલાસો આપવામાં તેણે રાત ગાળી. એક હેવાલ પ્રમાણે તેના છેલ્લા બોલ આ હતા:—'ખંત રાખી તમારો મોક્ષ મેળવો.' સાધારણ દન્તકથા પ્રમાણે ઈ. સ. પૂ. ૫૪૩ માં વડની છાયાતળે એંશી વરસની ઉમરે શાંતપણે તેનો કાળ થયો, અથવા પાછલી શોધ પ્રમાણે ઈ. સ. પૂ. ૪૭૮ માં તેનો કાળ થયો.

**કર્મનો નિયમ.**—બુદ્ધની ફતેહનું કારણ એ છે કે તેણે લોકને આત્માના કલ્યાણનો રસ્તો દેખાડ્યો. તેનો બોધ એ હતો કે મોક્ષનો રસ્તો સઘળા માણસને સરખો ખુલ્લો છે; અને કોઈ કલ્પિત દેવોને સંતોષ્યાથી આત્માનું કલ્યાણ થતું નથી, પણ પોતાના આચરણથી થાય છે. એમ તેણે યજ્ઞો બંધ પાડ્યા, પરમેશ્વર અને માણસની વચ્ચે મધ્યસ્થ રહેનાર ગુરૂ તરીકે બ્રાહ્મણો દાવો રાખતા હતા તે રદ કર્યો. તેણે ઉપદેશ કર્યો કે આ ભવમાં, બધા પાછલા ભ-

વમાં, અને હવે પછી થવાના તમામ ભવમાં પોતાની કરણી ( કર્મ ) પ્રમાણે માણસની હાલત ( સારી નઠારી ) હોય છે. માણસ જે વાવે તે લણે. હરકોઈ ભુંડા કામને માટે સજા થયા વિના રહેતી નથી. અને ભલા કામથી શુભ ફળ મળ્યાવિના રહેતું નથી. એમ છે તો ગુરૂથી કે પરમેશ્વરથી કરેલા દરેક કર્મનું પરિણામ અટકાવી શકાતું નથી. આ ભવમાં દુઃખ પડે કે સુખ મળે તે પાછલા ભવમાં કરેલાં કર્મનું અમુક પરિણામ છે. અહિં આ જન્મમાં કર્મ કરીશું, તે પ્રમાણે આવતા જન્મમાં સુખ કે દુઃખ પામીશું. કોઈ પ્રાણી મરી જાયછે, ત્યારે પોતાનાં પુણ્ય કે પાપ પ્રમાણે તે વધારે ઊંચી કે વધારે નીચી અવસ્થામાં જન્મેછે. પાછલા તમામ જન્મમાં કરેલાં કર્મોનો કુલ સરવાળો મળીને પાપ કે પુણ્ય બંધાયછે. એમ ભુત, વર્તમાન, અને ભવિષ્યકાળમાં આપણું સઘળું કલ્યાણ આપણાજ હાથમાં છે, એવું જે ધર્મમાં જણાવ્યુંછે તેમાં વ્યક્ત ( સગુણ ) પરમેશ્વરની થોડીજ ગરજ છે.

**આત્માનું નિર્વાણ (છૂટી જવું).**—બુદ્ધનું મત એવું હતું કે જીવતર થોડું કે ઘણું દુઃખભરેલું હમેશ હોયજ; અને દરેક સારા માણસનો હેતુ એ છે કે જન્મમરણની પીડાથી છૂટી વિશ્વના આત્મામાં પોતાના નોખા આત્માને ભેળી દેવો. આનું નામ 'નિર્વાણ." એનો શબ્દાર્થ "વિરામ" થાયછે. કેટલાક પંડિતો ખુલાસો કરેછે કે જેમ દીવો હોલવાઈ જાયછે તેમ આત્માનું હોલાઈ જવું તેનું નામજ નિર્વાણ. બીજાઓ કહેછે કે માણસના પ્રત્યેક જન્મનાં પાપ, પરિતાપ, અને સ્વાર્થનું શમી જવું તેજ નિર્વાણ, એટલે આત્માનો છેલો વિરામ, છે. ભાવિક બૌદ્ધ આ દુનિયામાં પવિત્ર ધ્યાનમાં રેહેવાની દશાએ પહોચવાનો પ્રયત્ન કરેછે અને પરલોકમાં પોતાને નિરંતર શાંતિ મળે એવી આશા રાખેછે. બુદ્ધનો ઉપદેશ એ હતો કે જીવતરમાં સદાચરણે ચાલવાથી એ હેતુ પાર પડેછે. બ્રાહ્મણોના યજ્ઞને બદલે તેણે મોટી ત્રણ ફરજો બતાવીછે. તેનાં નામ—૧. સંયમ (કે ઇન્દ્રિયોપર કબજો), ૨. બીજા મનુષ્યપર હેતભાવ, ૩. બધાં પ્રાણીઓના જીવને માન.

**બૌદ્ધોનું ધર્મ ફેલાવવાનું કામ.**—બુદ્ધે પોતાના શિષ્યોને બોધ

કર્યો કે તમારે પોતે સત્ય માર્ગે ચાલવું એટલુંજ નહિ, પણ બધા માણસોને એ પ્રમાણે ઉપદેશ કરવો. મૂળથીજ બૌદ્ધમાર્ગમાં ધર્મ ફેલાવવાનું કામ ચાલ્યું છે. બુદ્ધે ઉપદેશવડે ધર્મ ફેલાવવાને પ્રથમ ઘણાં કામો કીધાં, તેમાંનું એક એ કે તેણે સાઠ શિષ્યોને બોધ કરવાને મોકલ્યા. બધી પ્રજાઓમાં મફત ઉપદેશ કરવા જવાને માટે તેણે જતીઓનો પંથ સ્થાપ્યો. બ્રાહ્મણોએ તો આર્ય જાતિમાંના દ્વિજ લોકનેજ ધર્મક્રિયા કરવાનો અધિકાર આપ્યો. પણ બૌદ્ધમાર્ગ તો એ દ્વિજવર્ગો અને નીચલી નાતોના તમામ લોકને માટે હતો એટલુંજ નહિ, પરંતુ હિંદની અનાર્ય જાતો અને છેલ્લે આખા એશિઆની વસ્તીને માટે પણ હતો.

**પહેલી અને બીજી સભા.**—ઇ. સ પૂ. ૫૪૩ માં બુદ્ધનો કાળ થયો ત્યારે તેનાં વચન એકઠાં કરવાને તેના પાંચસેં શિષ્યો પટનાની પાસેની એક મોટી ગુફામાં ભેગા થયા. આ પહેલી બૌદ્ધ સભા હતી. તેમણે પોતાના ગુરૂના ઉપદેશના ત્રણ વિભાગ પાડીને તે ગાયા. બુદ્ધે પોતાના શિષ્યોને કરેલાં વચન; તેની નીતિના નિયમ; અને તેના માર્ગના મત. બુદ્ધના ઉપદેશના એવા ત્રણ સંગ્રહ થયા; બૌદ્ધ સભાને માટે જે બોલ છે તેનો શબ્દાર્થ 'જોડે ગાવું' છે.

સો વરસ પછી તેના મતને બરાબર વળગીને ચાલનારાઓ અને ઓછા વળગીને ચાલનારાની વચ્ચેના વાંધા પતાવવાને ઇ. સ. પૂ. ૪૪૩ માં સાતસેં શિષ્યોની બીજી બૌદ્ધ સભા મળી.

**અશોક.**—એ પછીના બસેં વરસમાં બૌદ્ધ મત ઉત્તર હિંદમાં ફેલાયો. આશરે ઇ. સ. પૂ. ૨૫૭ માં મગધ કે બહારનો રાજા અશોક એ પંથમાં ભળી તેનો હોંસીલો ભક્ત થયો. સિકંદરની છાવણીમાં આવેલા ચંદ્રગુપ્તની વાત આગળ કહેવામાં આવશે. એ ચંદ્રગુપ્તનો પૌત્ર અશોક હતો. એવું કહેવાયછે કે તેણે ૬૪,૦૦૦ બૌદ્ધ ગોરજીઓને આશ્રય આપ્યો હતો, તેણે ઘણા મઠ (અપાસરા) સ્થાપેલા કહેવાયછે, અને તેનું રાજ્ય આજે પણ મઠપ્રદેશ (વિહાર કે બિહાર) કહેવાયછે. પછીના વખતમાં રાજાધિરાજ કૉન્સ્ટન્ટાઇને ખ્રિસ્તિ ધર્મને માટે જે કર્યું તે અશોકે બૌદ્ધ ધર્મને સારૂ કર્યું—તેને તેણે રાજ્ય

ધર્મ કર્યો. એ પાર પાડવાને તેણે પાંચ ઉપાય રચ્યા. (૧) બૌદ્ધમાર્ગનો નિર્ણય કરવાને સભા કરી; (૨) તેનાં મૂળતત્વોનાં જાહેરનામાં પ્રગટ કર્યાં. (૩) તેને ચોખ્ખો રાખવાની તજવીજને વાસ્તે અધિકારી નીમ્યા; (૪) તેના મતનો ફેલાવો કરવાને સાધુઓ મોકલ્યા; (૫) બૌદ્ધધર્મશાસ્ત્રનું સપ્રમાણ સંશોધન કર્યું.

**અશોકનાં કૃત્યો.**—ઈ. સ. પૂ. ૨૪૪ માં અશોકે એક હજાર વડીલોની ત્રીજી બૌદ્ધ સભા પટનામાં બોલાવી. બૌદ્ધ જતીનું પીળું વસ્ત્ર ધારણ કરી નઠારા માણસોએ બુદ્ધના બોધને નામે પોતાના મત પ્રગટ કર્યા હતા. આ પાખંડીમત હવે સુધર્યું; અને ખરૂં જોતાં દક્ષિણ એશિઆમાં બૌદ્ધમાર્ગ અશોકની સભાના વખતથી ચાલ્યો છે. આ સભાની પહેલાં અને પાછળ તેણે પોતાના આખા રાજ્યમાં એ પંથના મુખ્ય સિદ્ધાન્તો કેટલાંક આજ્ઞાપત્રોમાં પ્રસિદ્ધ કર્યા. રાજાના આ આજ્ઞાપત્રોમાંના ચાળીસ હજીલગી આખા હિંદમાં સ્તંભોપર, ગુફાઓમાં, અને ખડકો ઉપર કોતરેલાં છે. ન્યાય અને ધર્મ ખાતે એક પ્રધાન નીમી તેણે તેના હાથ નીચે એક ખાતું સ્થાપ્યું. ધર્મ શુદ્ધ રહે માટે તેપર નજર રાખવી, અને તેનો ફેલાવો કરવાનો રસ્તો દેખાડવો એ તેનું કામ ઠરાવ્યું. રસ્તાપર કૂવા ખોદાવવા અને ઝાડ રોપાવવાં એવી તેણે ગોઠવણ કરી. તેણે માણસને માટે ધર્મશાળા અને જનાવરોને કાજે પાંજરાપોળો કરાવી. કુટુંબોની રહેણી ઉપર અને લોકની નીતિ ઉપર તપાસ રાખવાને તથા તરૂણ માણસોને અને સ્ત્રીઓને ભણાવવામાં ઉત્તેજન આપવાને તેણે અમલદારો નીમ્યા. તમામ માણસ જાતને બૌદ્ધ ધર્મમાં આણવા એ મારી ફરજ છે એમ અશોક ધારતો. મ્લેચ્છના દેશોમાં છેક દૂરની હદ સૂધી જઈ બધા નાસ્તિક લોકમાં દાખલ થઈ ધર્મનો ફેલાવો કરવાને તેણે કેવી રીતે સાધુઓ મોકલ્યા તે પર્વતોપરના લેખોમાં નોંધેલું છે. એ સાધુઓએ ક્ષત્રી, બ્રાહ્મણ અને ભીખારી, ત્રાસ આપનાર અને ધિક્કારવા યોગ્ય લોક, એ સર્વ સાથે પોતાના મુલકમાં અને પરદેશોમાં સરખી રીતે ભળી તેમને ઉત્તમ વાત શીખવી. પણ તેમને એવો હુકમ હતો કે તમારે લોકોને બોધથી વશ કરી ધર્મ બદલાવવો, તરવારથી બદલાવવો નહિ. દુનિયા પર ઉપદેશ વડે ફેલાયલા

ધર્મમાં સૌથી ઘણોજ વધારે ફેલાયલો તે બૌદ્ધ ધર્મ હતો. બીજા ધર્મના લોકો કરતાં એ ધર્મના લોકો પરધર્મના લોકોપર વધારે મીઠી નજરે જોતા હતા. વળી અશોકે પોતાના ધર્મનો ફેલાવો કરવાને પ્રયત્ન કર્યો એટલુંજ નહિં, પણ તેણે તેના મતોને શુદ્ધ રાખવાના ઉપાય કર્યા. બિહાર (બહાર) માં તેના રાજ્યની મધ્ય ભાગની માગધી ભાષામાં તેણે બૌદ્ધ ધર્મ શાસ્ત્રોના ગ્રંથનો શુદ્ધ પાઠ મેળવી સંગ્રહ કર્યો. આ ભાષાંતર બે હજાર વરસ થયાં દક્ષિણના બૌદ્ધોનું ધર્મપુસ્તક છે.

કનિશ્ક—બૌદ્ધ મતની ચોથી અને છેલ્લી મોટી સભા સિથિઅન રાજા કનિશ્કના આશ્રય નીચે મળી હતી. એ રાજા વાયવ્ય હિંદમાં સુમારે ઈ. સ. ૪૦ માં રાજ્ય કરતો હતો. એણે ધર્મપુસ્તકોનું ફરી શોધન કર્યું, અને તિબેટ, તાર્તરી, અને ચીનના ઉત્તર બૌદ્ધ ધર્મીઓ પાસે ધર્મપુસ્તક છે તે એનું કરાવેલું ભાષાંતર છે. એ ધર્મયાન બૌદ્ધ ધર્મના ઉપદેશકો આખા એશિઆમાં બોધ કરતા હતા. ઈ. સ. પૂ. ૨૪૪ ને સુમારે અશોકનો પુત્ર દક્ષિણના બૌદ્ધોને માટે તેના પિતાનું કરેલું પવિત્ર ધર્મપુસ્તક સિંહલદ્વીપમાં લેઈ ગયો, ને ત્યાંથી બ્રહ્મદેશ અને પૂર્વ આર્કિપેલેગોના ટાપુઓમાં તે પાછળથી ફેલાયું. ઉત્તરના બૌદ્ધને માટે કનિશ્કની સભાએ ઠરાવેલો ગ્રંથ ઈ. સ. ૬૫ માં ચીન દેશમાં રાજ્યધર્મ થયો, અને તિબેટથી જાપાન સુધી ઉત્તર બૌદ્ધમાર્ગીઓ હજી લગી તેને માનેછે. બૌદ્ધ પંથની ક્રિયા અને મતો પશ્ચિમ ભણી પણ ગયા, અને ખ્રિસ્તિ ધર્મની શરૂઆતમાં તે પંથ ઉપર તેમની અસર થઈ.

**બૌદ્ધ મત પ્રજાનો સામાન્ય ધર્મ.**—એ પ્રમાણે અશોકની અને કનિશ્કની સભાઓએ બૌદ્ધમાર્ગને રાજ્યધર્મ બનાવ્યો. એ ધર્મમાં નાતના ભેદ કહાડી નાખ્યા નથી. ઉલટું તેમાં તો માબાપની આજ્ઞા પાળવી અને સર્વ માણસ અને જનાવરો પર માયા રાખવી, એની સાથે બ્રાહ્મણોને અને ધર્મગુરૂઓને પૂજ્ય માનવા એને ત્રણ મોટી ફરજોમાંની એક ગણાવી છે. એમ છતાં બુદ્ધે માણસ જાતના વિભાગ નાત પ્રમાણે નથી કર્યા, પણ તેમના પુણ્ય પ્રમાણે કર્યાછે. તેણે તેના સાંભળનારાને સદાચરણ પાળવાનું કહ્યુંછે; દેવોને ભોગ આપવા ના

કહીછે માટે બૌદ્ધધર્મ માનનારા દેશોમાં લોકો યજ્ઞને બદલે મરી ગયેલા સંતોની જાળવી રાખેલી ચીજોની જાહેર પૂજા કરેછે. એ ધર્મનાં પવિત્ર મકાન મૂળમાં દેવનાં દહેરાં નહોતાં. તે તો જતીઓ અને આરજાઓને રહેવાના અપાશરા હતા, ને તેઓમાં ઘંટ અને જપમાળાઓ હતી અથવા એ મકાનો ધર્મ સ્થાપનારના એકાદ દાંત કે હાડકા ઉપર તેની યાદગીરીમાં બાંધેલી દેવડીઓ હતી.

**બુદ્ધની હયાતીનો ઈનકાર.**—એક તરફથી બુદ્ધના જીવન અને મરણ સંબંધી અદ્ભુત વાતો ચાલેછે, અને બીજી તરફથી એમપણ કહેવામાં આવેછે કે બુદ્ધ જાતે થયોજ નથી. બુદ્ધના જન્મનો નક્કી કાળ ઠરાવી શકાતો નથી. અમે દંતકથા પરથી તેનાં વરસ આપ્યાં છે. કેટલાક પંડિતો કહેછે કે બૌદ્ધમાર્ગ માત્ર કપિલના સાંખ્યમતને આધારે થયેલોછે. તેઓ કારણ બતાવેછે કે બુદ્ધનું જન્મનગર કપિલવસ્તુ. 'કપિલનો વાસ' કેવળ જોડી કહાડેલું છે; કપિલમતમાં માયા કે ભ્રાન્તિવાદ છે તે પરથી બુદ્ધની માનું નામ માયાદેવી ઠરાવ્યું છે; અને બુદ્ધ એ નામ પણ કોઈ પુરૂષનું નથી, તેનો અર્થ માત્ર "જ્ઞાની" છે. આ ધારણા વિષે જો એટલુંજ માત્ર કહીએ કે બૌદ્ધમત કોઈએક માણસથી એકાએક ઉત્પન્ન થયેલો નથી, પરંતુ તેની પહેલાં બહાર પડેલા બ્રાહ્મણોના તત્ત્વજ્ઞાન અને ધર્મ ઉપરથી રચાયેલો છે, તો તે ખરૂં છે, પણ એ ધારણા બાંધનારાઓ લોકને કરેલો બુદ્ધનો ઉપદેશ અને તેના સુંદર જીવનથી થયેલી કાયમ અસર એ બે મોટી બૌદ્ધધર્મ વિષેની દંતકથાને લગતી બાબતો લક્ષમાં લેતા નથી.

**બ્રાહ્મણધર્મનો કદી નાશ થયો ન હતો.**—બૌદ્ધમાર્ગે બ્રાહ્મણધર્મને હિંદમાંથી હાંકી કાઢયો નહતો. એ બે ધર્મો એક હજારથી વધારે વર્ષ સૂધી, ઈ. સ. પે ૨૫૦ થી સુમારે ઈ. સ. ૧૦૦૦ લગી, જોડે ચાલ્યા. અર્વાચીન હિંદુધર્મ એ બેમાંથી ઉત્પન્ન થયોછે. હિંદનાં કેટલાક રાજ્યોમાં કેટલાક સમયોમાં બૌદ્ધ માર્ગ ચાલતો હતો. પણ બ્રાહ્મણધર્મનો હરકોઈ સમયે નાશ થયો નહતો, અને આખરે બ્રાહ્મણોએ બુદ્ધને પોતાના દેવ વિષ્ણુનો નવમો અવતાર માન્યો. બૌદ્ધમાર્ગના મઠ અને બ્રાહ્મણધર્મના દેવલો જોડે જોડે બાંધેલાં ઈ. સ. ૪૦૦ તથા ઈ. સ. ૬૩૦ માં (ચીનથી આવેલા) જાત્રાળુઓના જોવામાં આવ્યાં હતાં.

**શીલાદિત્યની સભા, ઈ. સ. ૬૩૪.**—એનું ઉદાહરણ એ છે કે ઉત્તર હિંદમાં એ છેલ્લી (૬૩૪) સાલમાં શીલાદિત્ય નામે પ્રખ્યાત બૌદ્ધ રાજા રાજ્ય કરતો હતો. એ રાજા ઈ. સ. ના સાતમા સૈકાનો જાણે અશોક હોય એમ જણાયછે; દાન આપવું અને ધર્મનો ફેલાવો કરવો, એ બૌદ્ધ મતની બે મોટી ફરજો છે, તે તેણે બરોબર બજાવી. ઈ. સ. ૬૩૪ માં સાધારણ સભા બોલાવી તેવડે તેણે બૌદ્ધ ધર્મનો ફેલાવો કરવાનો પ્રયત્ન કર્યો. એ સભામાં એકવીશ ખંડિયા રાજા પોતપોતાના રાજ્યના અતિ વિદ્વાન બૌદ્ધ સાધુઓ અને બ્રાહ્મણો સહિત આવ્યા હતા. પરંતુ એ સભાનો હેતુ એકલા બૌદ્ધમાર્ગનો નિર્ણય કરવો એવો ન હતો. એ વખતના હિંદના બંને ધર્મોવિષે તેમાં કામ ચાલ્યું. પ્રથમ તેમાં બૌદ્ધ પંડિતોનો અને બ્રાહ્મણોનો વિવાદ થયો. પછી કનિશ્કના ઉત્તર ગ્રંથને માનનારા અને અશોકના દક્ષિણ ગ્રંથને માનનારા એ બે બૌદ્ધ પંથોની વચ્ચે વાદ ચાલ્યો. ગુરુઓના મત જેમ ચોખ્ખા ન હતા, તેમ લોકની ધર્મક્રિયાની રીત પણ ચોખ્ખી ન હતી. સભાને પહેલે દિવસે મોટા ભભકાથી બુદ્ધની મૂર્ત્તિની સ્થાપના થઈ, બીજે દિવસે બ્રાહ્મણોના સૂર્ય દેવની મૂર્ત્તિની પધરામણી કરી, અને ત્રીજે દિવસે હિંદુના શિવની મૂર્ત્તિ બેસાડવામાં આવી.

**શીલાદિત્યની ખેરાત.**—શીલાદિત્ય હર પાંચ વર્ષે પોતાના રાજ્યખજાનાનું દાન કરી દેતો. અલ્લાહાબાદની પાસે ગંગા જમનાનાં જળનો સંગમ થાયછે, તે મેદાનમાં તે મહારાજાના બધા રાજા રાણાને અને લોકનાં ટોળાંને પંચોતેર દિવસ લગી જમાડવામાં આવતાં તેનું વર્ણન ચીનાજાત્રાળુ હિઉએન સાંગે કર્યુંછે. શીલાદિત્ય પોતાના મહેલની તમામ દોલત લાવી બ્રાહ્મણોને તથા બૌદ્ધ જતીઓને, સાધુઓને, અને બીજા ધર્મવાળાઓને (પરમાર્ગીઓને), અન્તર ગણ્યાવિના આપી દેતો. ઓચ્છવને છેલ્લે દહાડે પોતાના અંગનાં આભૂષણો અને રાજ્યપોષાક ઉતારી પાસે ઉભેલાને આપી દઈ પુરાતન કાળમાં બુદ્ધની પેઠે શીલાદિત્ય કોઈ ભીખારીનાં ચીથરાં પહેરતો. આ ક્રિયાથી બુદ્ધના મહા ત્યાગને તે ઉજવતો અને સાથે સાથે બ્રાહ્મણોએ કહેલું મોટું કર્તવ્ય જે દાન તે પણ કરતો.

**નલન્દનો અપાસરો.**—ગયાપાસે નલન્દનો વિશાળ અપાસરો ને એક વિદ્યામંદિર હતું. એ જોઈને મધ્યયુગના યૂરોપના ખ્રિસ્તિ મઠો ( આબીઓ ) અને મહા વિદ્યાલયો યાદ આવેછે. બૌદ્ધમતની ૧૮ શાખાઓના દશ હજાર જતીઓ અને નવા શિષ્યો અહિં ધર્મ-વિદ્યા, તત્ત્વજ્ઞાન, કાયદા, વિદ્યા, વિશેષ કરીને વૈદ્યકવિદ્યા ભણતા હતા, અને ભક્તિ કરતા હતા. ઉદાર રાજાઓની તરફથી ભોજન મળતું તેથી તેઓ વિદ્યા ભણી ત્યાં નિરાંતે રહેતા. બૌદ્ધધર્મના આ મુખ્ય આ-શ્રમ પરથી પુરાવો મળેછે કે તે ધર્મ હિંદના બે વિરોધી માર્ગમાંનો એક હતો. એક વેળા ટુંક મુદતમાં ( સુમારે ઈ. સ. ૬૪૦ માં ) બૌદ્ધ માર્ગના શત્રુઓએ ત્રણવાર એ મઠનો નાશ કર્યો હતો.

**બ્રાહ્મણ ધર્મનો જય, ઈ. સ. ૭૦૦ થી ૯૦૦.**—ઈ. સ. ૭૦૦ થી ૯૦૦ ની વચ્ચે બ્રાહ્મણ ધર્મમાં સુધારો કરનારા ઘણા થઈ ગયા. ૯૦૦ વર્ષ પછી તો બ્રાહ્મણ ધર્મ ધીમે ધીમે જોર પર આવ્યો. ધર્મ-શોધક એટલે સુધારો કરનારા બ્રાહ્મણોની ઉશ્કેરણીથી થયેલા ઉપદ્રવનું ઝાંખું જ્ઞાન કહાણીઓ ઉપરથી મળેછે. ઠામ ઠામ બૌદ્ધોને પીડા કર-વામાં આવતી તોપણ તેથી બુદ્ધ ધર્મની પડતી થઈ નથી; એ પડતી તો કંઈક ભાગે એ ધર્મ જીર્ણ ( જૂનો ) થવાથી તથા કંઈ ભાગે ધર્મસંબંધી નવા વિચારો ઉત્પન્ન થવાથી થઈ છે.

તરવારથી સામાન્ય રીતે એ ધર્મને દબાવી દીધેલો હોય એમ લાગ-તું નથી. દશમા સૈકામાં કાશ્મીર અને ઓઢીઆ ( ઓરિસ્સા ) જેવાં સરહદનાં રાજ્યો એ ધર્મને વળગી રહ્યાં હતાં; અને મુસલમાનો પૂરે-પૂરા આ ભૂમિમાં આવ્યા તે પહેલાં લોકે તેને માનવો લગભગ મૂકી દીધો.

**દેશનિકાલ થયેલો બૌદ્ધધર્મ, ઈ. સ. ૯૦૦.**— પાછલાં એક હજાર વર્ષમાં બૌદ્ધમાર્ગને હિંદી જન્મભૂમિમાંથી કાઢી મૂકેલોછે; તોપણ પોતાના વતનમાં તેને જે ફતેહ મળી તેથી વધારે મોટી ફતેહ તેણે પરમૂલકમાં મેળવી છે. માણસ જાતના લગભગ અર્દ્ધ ભાગને માટે તેણે અક્ષરવિદ્યા અને ધર્મ એ બે વાનાં ઉત્પન્ન કર્યાં, અને આરંભમાં ખ્રિસ્તિ ધર્મ ઉપર તેણે જે અસર કરી તેને લીધે તેણે માણસ જાતના

બાકીના અર્દ્ધ ભાગના ધર્મમાં ફેરફાર કર્યોછે. પચાસ કરોડ માણસ, અથવા દુનિયાની વસ્તીના સેંકડે ૪૦ આદમી હજી બુદ્ધના મત પાળે છે. અફગાનિસ્તાન, નેપાળ, પૂર્વ તુર્કસ્તાન, તિબેટ, મોંગોલિઆ, માન્ચુરીઆ, ચીન, જાપાન, પૂર્વ આર્કિપેલેગો, શિયામ, બ્રહ્મદેશ, સિંહલદ્વીપ, અને હિંદ એટલા દેશો તેના પ્રતાપી વિજયના ચક્રમાં કોઈ એક અથવા બીજે વખતે હતા. હાલના રૂશ મહારાજ્યની સીમાથી માંડીને પાસિફિક મહાસાગરના ટાપુઓ લગી એક લીટીમાં તેનાં તીર્થો અને અપાસરા હતા. ચોવીસસેં વરસમાં બોદ્ધ ધર્મે પોતાની સાથે સરસાઈ કરનારા એક પછી એક એમ ઘણા ધર્મો જોડે મારામારી કરીછે, અને તેમની પાછળ પોતે ટકી રહ્યો છે. હાલના વખતમાં દુનિયામાં મોટા ત્રણ ધર્મો છે, તેમાંનો એક એ છે, અને બાકીના બે ખ્રિસ્તિ અને મુસલમાની ધર્મો છે. ત્રણે પૈકી સૌથી વધારે માણસ બોદ્ધધર્મમાં છે.

**જૈનમાર્ગ.**—હિંદમાંથી પણ બોદ્ધમાર્ગ છેક જતો રહ્યો નથી. તેના ઉત્તમ મતોમાંના ઘણા મત હજી હિંદુ ધર્મમાં ચાલુ છે. વળી જૈન નામે એક ખાસ પંથ તેની પાછળ રહ્યો છે. એ પંથમાં આશરે પંદર લાખ માણસ છે. જ્યાં તેમના મતને વેદનો મત મળતો ન હોય ત્યાં બોદ્ધ લોકની પેઠે તેઓ વેદને પ્રમાણ માનતા નથી; યજ્ઞનો તિરસ્કાર કરેછે, ને કઠણ નીતિ પાળેછે; પોતાની આગલી અથવા પાછલી સ્થિતિપર કોઈ બહારના દેવની અસર થતી નથી, પણ પોતાનાં કર્મોની અસર થાયછે એવું તેઓ માનેછે. માણસની કે પશુની હત્યા કરવાની મના કરેછે. જૈન લોકો કાળના વિભાગ કરેછે, તેને યુગ કહેછે. તેઓ ચોવીશ જીનોને પૂજેછે. જીનો એટલે સિદ્ધ થયેલા સન્ત પુરૂષો. એવા જીનો ગયા યુગમાં ચોવીસ થયા હતા, ચાલુ યુગમાં ચોવીશ થયાછે, અને આવતા યુગમાં ચોવીશ થશે. તેનાં દહેરાંમાં એ સિદ્ધોની માણસથી ઘણા મોટા કદની મૂર્ત્તિઓ ઉભી કરેલી હોયછે. ઝાડીવાળા પર્વતો ઉપર અને રમણીય એકાન્ત જગામાં તેઓ તીર્થની જગો પસંદ કરેછે; અને તે પર ધોળા આરસના સફેદ ચળકતી છોનાં સુન્દર નકશીદાર દેવળો બનાવેછે. જૈનો ઘણું કરીને વેપારી કે સરાફ હોયછે. તે-

ઓના દાનની હદ નથી; અને જૂના વખતમાં જનાવરો ઉપર દયા કરનારા બૌદ્ધ લોકો હિંદનાં ઘણા શોહેરોમાં પાંજરાપોળો કરી ગયાછે, તેને મદદ આપનારાઓમાં મુખ્ય એ લોક છે. બૌદ્ધધર્મ કરતાં જૈન ધર્મ વધારે જૂનો છે, તથા બુદ્ધનું મત જૈનમતને મળતું છે એમ તેઓ કહેછે તેનો કંઈ પૂરાવો છે.

**હિંદમાં બૌદ્ધમતની હાલના વખતમાં સત્તા.**—બૌદ્ધમત હજી લગી બ્રહ્મદેશના લોકનો ધર્મ છે, અને ત્યાં ત્રીસ લાખ માણસો, અથવા વસ્તીનો $\frac{9}{10}$ ભાગ એ મત માનેછે. પ્રાચીનકાળથી બૌદ્ધધર્મના મઠો સાધુઓને માટે અપાસરા તરીકે અને જુવાનોને માટે શાળાઓ તરીકે વપરાયછે; અને હમણા, આખા બ્રહ્મદેશમાં ઇંગ્રેજ સરકાર તરફથી જે પદ્ધતિપર કેળવણી અપાય છે તેનું ધોરણ એ મઠોપરથી લીધેલુંછે. બ્રિટિશ હિંદના બાકીના મુલકમાં મુખ્યત્વે બ્રહ્મદેશની પડોશમાંના બંગાળ ઇલાકાના જીલ્લાઓમાં અને હિમાલય પર્વતની આધેની ખીણોમાં આશરે ૧,૩૩,૦૦૦ શુદ્ધ બૌદ્ધ લોક છે. ધીમે ધીમે બૌદ્ધધર્મ નીચલા બંગાળામાં દાખલ થતો જાયછે અને બૌદ્ધ લોકનાં વર્તમાનપત્ર કલકત્તા અને બીજી જગોમાં પ્રગટ થાયછે. જૈન મત કે જે હિંદી બૌદ્ધમતને મળતો ધર્મ છે તે વિષેની હકીકત ઉપલી કલમમાં આપીછે; તોપણ બૌદ્ધધર્મમાંની કેટલીક ઉમદા બાબતો કોઈ અમુક નાતમાં નહિ પણ બધા હિંદુ લોકના ધર્મમાં દાખલ થયેલી જોવામાં આવેછે. મનુષ્ય માત્ર એક કુટુંબના ભાઈ છે એવો સિદ્ધાન્ત, જે નવા પ્રગટ થતા દરેક હિંદુપંથની શરૂઆતમાં ફરી ફરીને સમજાવવામાં આવેછે તે; નાતના ધારાને લીધે દુઃખી થતી બાઈડીઓને, વિધવાઓને, તથા નાત બહાર થયેલાઓને હિંદુની મોટી વૈષ્ણવ જાતિ તરફથી આશ્રય મળેછે તે; ઇંગ્લાંડમાં ગરીબને પાળવાના કાયદા છે, તેને બદલે હિંદમાં બધાં માણસને દાન આપવાનો જે ચાલ છે તે; અને સઘળા જોડે નરમાશ રાખવાની રીતછે તે સર્વ બૌદ્ધધર્મમાંની બાબતો છે. અર્ધા કટાક્ષમાં હિંદુને 'કોમળ અંતઃકરણના' ('માઇલ્ડ') એવું વિશેષણ અંગ્રેજીમાં લગાડવામાં આવેછે તે તેમની દાન આપવાની અને નરમાશ રાખવાની રીત જોતાં ઘણે દરજ્જે ખરૂં છે.

# प्रकरण ६ ठुं.

## હિંદમાં ગ્રીક લોક; ઈ. સ. પે. ૩૨૭ થી ૧૬૧ સુધી.

**હિંદના ઈતિહાસનાં બહારનાં સાધન.**—ઈ. સ. પે. ૩૨૭ માં ગ્રીક સવારી આવી ત્યારથી હિંદનો પરદેશી સાથેના સંબંધનો ઇતિહાસ શરૂ થાયછે. ઘણા જૂના વખતથી હિંદ અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચે કાંઇક આડકતરો વેપાર ચાલતો હતો. કલાઈ અને હિંદી વેપારની બીજી જણસો તેઓનાં સંસ્કૃત નામથી હોમરના જાણવામાં હતી; અને હિબ્રુના બાઇબલ (ધર્મપુસ્તક) માં હિંદમાં પેદા થતી વસ્તુઓનાં નામ છે તેની લાંબી યાદી કરવામાં આવીછે. હિંદ વિષે ખાસ કહેનાર ગ્રીક ઇતિહાસકર્તાઓમાં પહેલો માઇલિતસ નગરનો હેકાતેઓસ હતો (ઈ.સ. પે. ૫૪૯-૪૮૬). હેરોડોટસને સિંધુનદી સુધીની માહિતી હતી (ઈ.સ. પે. ૪૫૦), અને વૈદ્ય કતેસીઅસે (ઈ. સ. પૂર્વે ૪૦૧) ઈરાનમાં રહી આવ્યાથી હિંદમાં નીપજતી વસ્તુઓ, તેનાં રંગ, વણાટકામ, વાંદરા, અને પોપટો સંબંધી માત્ર થોડી હકીકત આણી. પણ ઈ. સ. પે. ૩૨૭ માં માસેદોન (મકદુનીઆ)ના પાદશાહ મહાન સિકંદરની જોડે ગયેલા ઈતિહાસકર્તા અને વિદ્વાનોએ સિંધુની પૂર્વના હિંદની હકીકત યૂરોપને પ્રથમ જણાવી.

**સિકંદરની સવારી.**—ઈ. સ. પે. ૩૨૭ ની સાલના પહેલા ભાગમાં મહાન સિકંદર હિંદમાં પેઠો; અટકથી ઉપલા ભાગમાં નદી ઓળંગી અને વચમાં આવેલા તાક્સીલી લોકોના મુલકમાંથી લડ્યા વગર કૂચ કરી ઝેલમ (હયડાસ્પેસ) ને કાંઠે પહોંચ્યો. પંજાબ નાનાં નાના રાજ્યોમાં વહેંચાઈ ગએલું તેના જોવામાં આવ્યું; એ રાજ્યો એક એકપર અદેખાઈ કરતાં હતાં; અને તેઓમાંનાં ઘણાંક ચઢાઈ કરનારની સામા થવાને બદલે તેને મળી જવાને ઈચ્છતાં હતાં. આમાંનો પોરસનામે સ્થાનિક રાજા તેની સામા ઝેલમ ઉતરતી વેળાએ થયો. તોપોને ઠેકાણે રથોને ગણીએ તો ચાલતા સૈકામાં પંજાબના રા-

જા રણજીતસિંહ થઈ ગયો તેના જેટલી ફોજ એ પોરસની હતી. સિકંદરે પંડે લખેલાં પત્રો પરથી પ્લુટાર્કે એ લડાઈનું આબેહુબ વર્ણન કર્યુંછે. હાલમાં ચિલિયનવાળાની રણભૂમિ છે, તેની પશ્ચિમ સુમારે ચૌદ મૈલપર ઝેલમ નદીના એક વાંકપર પોતાના લશ્કરને ગ્રીક રાજાએ ગોઠવ્યું, અને રાત્રે પવનનું તોફાન ચાલતું હતું તેનો લાભ લઈ પાર ઉતર્યો. પોરસે પોતાના રથ ઉતાવળે મોકલ્યા, તેઓ કાંઠાપરના કાદવમાં ચોંટી ગયા. પછી યુદ્ધ થયું તેમાં તેના હાથીએ ગ્રીક ફોજની સામે ન થતાં પાછા વળી, પોતાનીજ સેનાને પગ તળે કચરી નાંખી. લડાઈના આરંભમાં તેનો કુંવર પડ્યો. પોરસ પંડે જખમી થઈને નાઠો; પણ તાબે થવાનું કબુલ કરવાથી તેને તેના રાજ્યપર બહાલ રાખ્યો, અને પોતાને જીતનારનો, તે વિશ્વાસુ મિત્ર થયો. આ જીતની જગાપર સંભારણાને માટે સિકંદરે બે શહેર વસાવ્યાં,—એક ઝેલમને પશ્ચિમ કાંઠે (હાલના જલાલપુરની પાસે) બુકેફલા, (એ નામ તેનો વહાલો ઘોડો એ સંગ્રામમાં કતલ થયો હતો તેના પરથી તેણે પાડ્યું) અને બીજું નદીની પૂર્વ બાજૂએ નિકાય, હાલનું મોંગ.

**સિકંદર પંજાબમાં.**—નાના પોરસના રાજ્યમાં થઈ અગ્નિકોણમાં અમૃતસર ભણી સિકંદર ચાલ્યો અને પછી આથમણી દિશાએ થોડાક પાછો વળી સંગળનામે જગા આગળ કાથેઆઈ લોક જોડે વઢવાને ગયો, અને બિઆસ (હયફાસીસ) નદીએ પહોંચ્યો. અહિં હાલના સોબ્રાઓનની રણભૂમિથી થોડે છેટે તેણે પોતાની વિજયી સેનાને મુકામ કરાવ્યો. તેણે ગંગાએ જવાનો વિચાર કર્યો હતો; પણ પંજાબના ઉનાળાના તાપથી તેનું લશ્કર નબળું પડી ગયું હતું, અને નૈઋત્ય ભણીથી વાતા મોસમના પવનના તોફાનથી લશ્કરનાં માણસનાં દિલ નાઉમેદ થયાં હતાં, તેની પૂઠે દેશી જાતો વઢવાને ઊઠી ચુકી હતી; અને હિંદના એક છેડાપર આવેલા આ પ્રાંતની પણ હદ ઉતરી ગયા વિના આ દિગ્વિજયી મહારાજાને પાછા ફરવું પડ્યું. અહિંથી ગંગાસુધીમાં વચ્ચે સતલજ નદી, પંજાબના પૂર્વ જીલ્લા, અને મોટી જમના નદી હતાં. એકજવાર હાર ખાધાથી તેના સૈન્યનો નાશ થઈ

જાત; ઝેલમને કાંઠે થયેલા સંગ્રામમાં જો તેનો પરાજય થયો હોત, તો પહાડોના ઘાટની અફગાન સરહદપર એકે ગ્રીક પહોંચ્યો ન હોત એવું સંભવેછે. અંતે પોતાના માણસોના ખૂમાટને તાબે થઈ તે તેમને ઝેલમ નદીપર પાછો લઈ ગયો; ત્યાં ફોજના ૮,૦૦૦ જોદ્ધાને હોડીઓમાં બેસાડી નદીના નીચલા ભાગ તરફ દક્ષિણ પંજાબમાં થઈ સિંધભણી મોકલ્યા; અને બાકીના લશ્કરના બે ભાગ કરી કાંઠે કાંઠે પગરસ્તે કુચ કરી.

**સિકંદર સિંધમાં.**—દેશના લોક સામા થયા, અને ગ્રીકસેના જેટલી જમીનપર છાવણી કરતી તેટલીજ જમીન તેમના કબજામાં હતી. હાલની પેઠે તે વારે પણ દક્ષિણ પંજાબની રાજધાની મુલતાન શાહેર હતું. અહિં તેને માલ્લીલોક જોડે યુદ્ધ કરવું પડ્યું, અને એ શહેર લેતાં સખ્ત ઘા વાગ્યા. તેની ખીજવાએલી ફોજે ત્યાંના દરેક આદમીની કતલ કરી. વધારે નીચાણમાં જ્યાં પંજાબની પાંચ નદીઓનો સંગમ થાયછે, ત્યાં તેણે લાંબો મુકામ કર્યો. અહિં સિકંદ્રિઆ નામે નગર વસાવ્યું તેને હાલમાં ઉચ્છ કહેછે. આસપાસનાં સંસ્થાનોને તાબેદારી કબુલ કરાવી ત્યાં રક્ષણને માટે એક ફોજ અને ક્ષત્રપ (સૂબો) પોતાની પાછળ મૂકી તેણે લાંબી મુદત ટકે તેવી ગ્રીક સત્તાનો પાયો નાખ્યો. ત્યાંની મોટી નદીઓમાં ચાલે તેવાં વહાણો બંધાવી તેમાં બેસી તે સિંધમાં થઈ દક્ષિણ ભણી ચાલ્યો અને નદીમાર્ગે સમુદ્રતીરે પહોંચ્યો. તેણે નદીના ત્રિકોણાકાર પ્રદેશને મથાળે એક શહેર નવું બાંધ્યું કે ફરીથી વસાવ્યું. એ શહરનું નામ પતલ હતું, અને હૈદરાબાદ નામે તે હજીલગી સિંધની રાજધાની છે. સિંધુના મુખ આગળ તેણે પહેલીજવાર ભરતી ઓટનો ભવ્ય દેખાવ દીઠો. પોતાની સેનાના એક ભાગને તેણે વહાણમાં બેસાડીને નીઆર્કસની સરદારી નીચે ઈરાની અખાતના કાંઠાને માર્ગે મોકલી. બાકીનાને પોતે દક્ષિણ બલુચીસ્તાન અને ઈરાનની વાટે સુસા શહેરમાં લઈ ગયો. રસ્તામાં અન્ન પાણીની તંગીથી ભારે નુકસાન વેઠી ઈ. સ. પે. ૩૨૫ માં તે ત્યાં પહોંચ્યો.

**સિકંદરની સવારીનાં પરિણામ.**—પંજાબમાં અને સિંધમાં બે વરસ લડાઈ ચલાવી, તેમાં સિકંદરે એકે પ્રાંત કબજે કર્યો નહિ;

પરંતુ તેણે બીજા અધિપતિઓ જોડે દોસ્તીના કરાર કર્યા, શહેરો વસાવ્યાં, અને નગરના રક્ષણ માટે લશ્કરો મૂક્યાં. પોતાનો પક્ષ કરનારા હિંદના રાજાઓને ઘણોક મૂલક આપ્યો; દરેક નાના દરબારમાં ગ્રીકની તરફેણ કરનારો પક્ષ થયો હતો; અને પશ્ચિમે અફગાન સરહદથી પૂર્વે બીઆસ નદી સુધી તથા દક્ષિણે સિંધમાં નદીના ડેલ્ટા લગી, ઘણેક ઠેકાણે ફોજનાં થાણાં બેસાડ્યાં, તે ઉપરથી એ પાછો આવવાનો હતો એવું ખુલ્લું જણાતું હતું. તેની સેનાનો ઘણો ભાગ બાકટ્રિઆમાં રહ્યો; અને ઈ. સ. પે. ૩૨૩ માં સિકંદરનું મૃત્યુ થયું, ત્યારપછી તેના રાજ્યના હિસ્સા પાડ્યા તેમાં સિરિયાના રાજ્યના સ્થાપનાર સેલ્યુકસ નિકાટોરના ભાગમાં બાકટ્રિઆ અને હિંદ રહ્યાં.

**ચંદ્રગુપ્ત.**—એ દર્મિયાન હિંદમાં એક નવી રાજસત્તાનો ઉદય થયો હતો. સિકંદરનો મૂકામ પંજાબમાં હતો ત્યારે હિંદના જે સાહસિક માણસો તેને જઈ મળી પોતપોતાને માટે રાજ્ય મેળવવાને સારૂ કે સામોવડિયાનો નાશ કરવાને કાજે યુક્તિઓ કરતા હતા, તેઓમાં ચંદ્રગુપ્ત નામે પુરૂષ હતો. તે ગંગા નદીના પ્રદેશમાંથી દેશવટો પામેલો હતો, અને તેણે કાંઇક નામોશી ભરેલું કામ કરેલું દીસેછે. બીઆસને કાંઠે કંટાળેલા ગ્રીકોને અગ્નિકોણના દોલતવાળા પ્રાંતો જીતવાની તદબીરવડે લલચાવવાનો તેણે પ્રયત્ન કર્યો; પરંતુ સિકંદર પેડે તેનાઉપર ગુસ્સે થયો, તેથી તેને છાવણીમાંથી નાશી જવું પડ્યું (ઈ. સ. પે. ૩૨૬). પછીનાં વરસમાં અંધેર ચાલ્યું, તેમાં મગધ કે બિહારમાં નંદ વંશનો નાશ થવાથી તેણે લૂટારૂ ટોળાઓની મદદથી પોતાનું રાજ્ય સ્થાપ્યું. ઈ. સ. પે. ૩૧૬ માં તે વંશની રાજ્યધાની પાટલીપુત્ર (હાલમાં પટના)નો તેણે કબજો કર્યો; ગંગાના પ્રદેશમાં તેણે પોતાની સત્તા સજડ સ્થાપી, અને વાયવ્ય દિશામાં આવેલાં ગ્રીક અને દેશી બન્ને પ્રકારનાં સંસ્થાનોને પોતાની સર્વોપરિ સત્તા કબુલ કરવાની જરૂર પાડી. સિકંદરના મરણ પછીનાં અગીઆર વર્ષમાં ગ્રીક સરદાર સેલ્યુકસ સિરિયાનું રાજ્ય જીતવાના કામમાં મચ્યો હતો, તેવામાં ઉત્તર હિંદમાં ચંદ્રગુપ્ત બાદશાહી ઉભી કરવાપર મંડ્યો હતો. સેલ્યુકસે સિરિયામાં ઈ. સ. પે ૩૧૨ થી ૨૮૦ સુધી રાજ્ય કર્યું, અને ગંગાના પ્રદેશ-

માં ચંદ્રગુપ્તે ઈ. સ. પે. ૩૧૬ થી ૨૯૨ લગી રાજ્ય કર્યું. ઈ. સ. પે. ૩૧૨ માં એ બે અધિપતિઓએ પોતપોતાના રાજ્યની સીમા એકમેકને અડોઅડ આણી મૂકી. બન્નેએ સલાહ કરી રહેવું કે લડવું એનો તેમને નિશ્ચય કરવાનો હતો. અંતે સેલ્યુકસે કાબુલની ખીણમાં જીતેલો મુલક તથા પંજાબ હિંદી મહારાજા ચંદ્રગુપ્તને વેચાણ આપ્યાં, અને તેને પોતાની દીકરી દીધી. વળી તેણે ઈ. સ. પે. ૩૦૬ થી ૨૯૮ સુધી ચંદ્રગુપ્તના દરબારમાં ગ્રીક એલચી રાખ્યો હતો.

**મેગાસ્થેનેસે કરેલું હિંદનું વર્ણન**—પ્રખ્યાત મેગેસ્થેનેસ તેજ આ એલચી હતો. ઈ. સ. પે. ૩૦૦ થી ઈ. સ. ૧૭૦૦ સુધીના બે હજાર વરસમાં યુરોપના લોકને હિંદના હેવાલ મળ્યાછે તે સર્વમાં કદાચ એનો લખેલો હેવાલ શ્રેષ્ઠ છે. તે કહેછે કે લોકોની જ્ઞાતિ ચાર ન હતી, પણ સાત હતી—તેઓનાં નામ; તત્ત્વજ્ઞાની (ફીલસુફ), ખેડુત, ભરવાડ, કારીગરો, યુદ્ધ કરનારા, દેખરેખ રાખનારા, અને રાજમંત્રીઓ. તત્ત્વજ્ઞાની બ્રાહ્મણ હતા, અને તેમના જન્મારાના ચાર આશ્રમ ઠરાવેલાછે તે એણે વર્ણવ્યા છે. બ્રાહ્મણ અને શ્રમણ વચ્ચેનો તફાવત મેગાસ્થેનેસે જણાવ્યોછે, તેપરથી કેટલાક વિદ્વાનો અનુમાન કરેછે કે બૌદ્ધ શ્રમણ કે જતીઓનો વર્ગ અશોકની સભાની પહેલાં પચાસ વરસ ઉપર જાણીતો હતો. પરંતુ શ્રમણમાં તો ઘણું કરીને પહેલા અને ત્રીજા આશ્રમના બ્રાહ્મણો પણ વિદ્યાર્થી અને વનવાસી હોવાથી ગણાતા. દેખરેખ રાખનારા, એટલે મેગાસ્થેનેસના છઠ્ઠા વર્ગના લોક સુનીતિ ઉપર તપાસ રાખનારા બૌદ્ધ હતા એવું માનવામાં આવ્યુંછે. અરિઅને એમને એપિસ્કોપોઈ નામ આપ્યુંછે. એ ગ્રીક શબ્દ ઉપરથી અંગ્રેજી 'બિશપ' (આત્માપર તપાસ રાખનાર) બન્યોછે.

**ઈ. સ. પે. ૩૦૦ માં હિંદની સંસારી હાલત**.—હિંદમાં ગુલામગીરી નહિ હતી તે, તથા સ્ત્રીઓનું પતિવ્રતાપણું, અને પુરૂષોની બહાદુરી જોઈ આ ગ્રીક એલચી આનન્દ અને આશ્ચર્ય પામ્યો. એશિઆના બીજા બધા લોકોથી તેઓ પરાક્રમમાં ચડિયાતા હતા. તેમને બારણે તાળાં વાસવાની જરૂર પડતી નહિ; એથી વધારે સારૂં એ હતું કે કોઇ હિંદનો વતની કદી જૂઠું બોલતો જણાતો નહિ. તેઓ

નિશો નહિ કરનારા, ઉદ્યોગી, ખેતી કરવામાં સારા, અને હુનરમાં ચતુર હતા. ભાગ્યેજ કદી અદાલતમાં દાવો લડવા જતા, ને પોતાના દેશી રાજના અમલ નીચે શાંતિમાં રહેતા. રાજાવડે ચાલતા રાજ્યવહિવટની રીત વર્ણવીછે તે મનુસ્મૃતિમાં લખેલી રીતને લગભગ મળતી છે. મેગાસ્થેનેસ કહેછે કે હિંદમાં ૧૧૮ રાજ્યો હતાં: એમાંનાં કેટલાંક ચંદ્રગુપ્તના પાદશાહી રાજ્યની પેઠે બીજાં તાબાનાં રાજ્યોપર ઉપરીપણું ભોગવતાં હતાં. હિંદના ગામની ગોઠવણનું બ્યાન એણે ઠીક કર્યું છે; પ્રત્યેક ગામ આ ગ્રીકને સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્ય જેવું જણાયું. એદુત (વૈશ્ય) લોક યુદ્ધના કામથી અને સરકારી નોકરીમાંથી બાતલ રખાયલા મેગેસ્થેનસના જોવામાં આવ્યા; હિંદના રંગ (રંગ આપનારા પદાર્થો), રેસા, વણાટકામ, અને (જનાવરી, વનસ્પતિની, અને ખનિજ) ઉપજનાં નામ તેણે આપ્યાં છે. હાલની માફક વર્ષા ઋતુના વરસાદ ઉપર ખેતીનો આધાર હતો; પાક ઓછો ઉતરવાનો હોય તો તેનો જોઇતો બંદોબસ્ત અગાઉથી કરવાના હેતુથી વરસાદનો વર્તારો જોવાનું ખાસ કામ બ્રાહ્મણો કરતા. તે કહેછે કે જે જોષીનો વર્તારો જૂઠો પડે તે ત્યારપછી જીવતાં સૂધી બીલકુલ બોલતો નથી.

**પાછલા સમયમાં થયેલી ગ્રીક સવારીઓ.**—સિકંદરના વખત પછી ગ્રીક લોકે હિંદમાં કોઈ મોટો મુલક જીત્યો નહિ. સેલ્યુકસના પૌત્ર આન્ટિઓકસે ઈ. સ. પૂ. ૨૫૬માં ચંદ્રગુપ્તના નામાંકિત પૌત્ર બૌદ્ધ રાજા અશોક જોડે કરાર કર્યો. હિમાલયના વાયવ્ય કોણે બાક્ટ્રિઆ દેશમાં ગ્રીક લોકે બળવાન રાજ્ય સ્થાપ્યું હતું. પછીના સો વરસમાં આ રાજ્યના પાદશાહો પંજાબપર સવારીઓ મોકલતા, એમાંની કેટલીક ઈ. સ. પૂ. ૧૮૧ થી ૧૬૧ સૂધીમાં ઉગમણી દિશાએ મથુરા લગી અને કોઈ અયોધ્યા સૂધી પહોંચેલી અને દક્ષિણ ભણી સિંધ અને કચ્છ પર્યંત ગયેલી, પરંતુ તેમણે કોઈ રાજ્ય સ્થાપ્યું નહિ; અને તેમની પાછળ તેમના આવી ગયાની નિશાની દાખલ તેમની ખગોલવિદ્યા, અને તેમનું સુન્દર કોતરકામ માત્ર રહેલું છે. ઈ. સ. પૂ. ૨૫૦ પછી પ્રથમ બનેલાં બૌદ્ધ પૂતળાંના ચહેરા બહુ રૂપાળા ગ્રીક ઘાટના છે, અને ઘણા જૂના હિંદુ દેવળોમાં નકશીકામ છે તે પણ તેજ ઘાટનું છે. ગ્રીક સત્તાની આ એંધાણી પણ ધીમે ધીમે ઘસાઈ ગઈ; તોપણ હિંદનાં સંગ્રહસ્થાનોમાં હિંદી-ગ્રીક કોતરણીના નમૂના આજે પણ નજરે પડેછે.

# प्रकरण ७ मुं.

## સિથિઅન લોકની સવારીઓ.

### ઈ. સ. પે. ૧૦૦ થી ઈ. સ. ૫૦૦ સૂધી.

**મધ્ય એશિઆમાં સિથિઅન લોક.**—ઈ. સ. પે. સો ઉપરાંત વરસથી ગ્રીક કે બાક્ટ્રિઅન રાજ્ય તરફની હિંદ ઉપર સવારીઓ બંધ પડી; પરંતુ ત્યારપછી થોડા વખતમાં ઉત્તરભણીથી કોઈ નવી જાતના લોક ચઢી આવવા લાગ્યા. તેઓ મધ્ય એશિઆમાંથી આવ્યા, અને કોઈ બરોબર નામ ન હોવાથી શક (સિથીયન) કહેવાયછે. તેમનામાં ઘણી જાતો હતી. હિંદના અને ચીનના ઈતિહાસને જોડનાર સાધન તરીકે એ લોકો છે. મધ્ય એશિઆની પશ્ચિમ બાજૂએ આર્ય લોકોની શાખાઓ કદાચ ઈ. સ. પે. ૩,૦૦૦ વર્ષની પૂર્વે એક તરફ યૂરોપમાં અને બીજી તરફ હિંદમાં ગઈ; તેમ મધ્ય એશિયામાં આર્ય લોકના જૂના રહેઠાણની પૂર્વ દિશાએ વસનારા શક લોકોનાં ટોળાં હિંદ અને ચીનમાં ગયાં. એમની સવારીઓ ઘણા કાલ લગી જારી રહી. કેટલાક કહેછે કે બુદ્ધ પોતે શક હતો. ઈ. સનના આરંભની પહેલાંનાં સો વરસમાં એ સવારીઓનું જોર વધારેમાં વધારે હતું. એક હજારવરસ કેડે જંગીસ (ચંગીસ) ખાન અને તિમૂર જેવા નાયકોની સરદારી નીચે ઘણીક ચઢાઈઓ થઈ, તેથી કરીને ઉત્તર હિંદમાં ઘણો વિનાશ થયો, તથા અંતે મુગલ રાજ્યની સ્થાપના થઈ. એવી જાતની ચઢાઈઓમાંની આ સ્વારીઓ પહેલીહતી.

**ઉત્તર હિંદમાં સિથિઅન રાજ્યો.**—હિમાલયની વાયવ્ય કોણમાં આવેલા બાક્ટ્રિઆના રાજ્યમાંથી ગ્રીક રાજવંશને ઈ. સ. પે. ૧૨૬ માં સુજાતના તાતાર કે શક લોકે હાંકી કાઢેલો કહેવાય છે. ત્યાર પછી થોડા વખતમાં એ પર્વતોના ઘાટોને માર્ગે તેઓ પંજાબમાં ધશી આવ્યા, અને ત્યાંના બાક્ટ્રિઅન ગ્રીક સંસ્થાનોને જીતી લીધાં. ઇસ્વી સનની શરૂઆતને સુમારે ઉત્તર હિંદમાં અને તેની પેલીમેરના પાસેના મૂલકોમાં તેમણે બળવાન રાજ્ય સ્થાપ્યું હતું. ઈ. સ. ૪૦ માં

ચોથી બૌદ્ધસભા બોલાવનાર કનિશ્ક એ રાજ્યનો સૌથી પ્રખ્યાત રાજા હતો; તેની રાજ્યધાની કાશ્મીરમાં હતી, પણ તેનો અમલ દક્ષિણમાં આગ્રા અને સિંધથી હિમાલયની ઉત્તરે યાર્કંદ અને ખોકંદ લગી હતો. એ જીતતો જીતતો ચીન સુધી ગયેલો જણાયછે. ચીનાપટી નામે પંજાબમાં એક નગર હતું, તેમાં એ રાજાએ ચીનના સાન અવેજીઓને રાખેલા હતા, એમ એ નગર છસેં વરસ પછી ઈ.સ. ૬૪૦ માં બતાવવામાં આવ્યું હતું. હિંદમાં અશોક પછીના ગાદીપતિઓના તાબાનાં બૌદ્ધધર્મી રાજ્યો ઉત્તર હિંદનાં શક રાજ્યો સાથે જોડાજોડ આવી ગયાં. શક લોક બૌદ્ધધર્મી થયા, પણ તેમણે તે મતમાં ફેરફાર કર્યો. એનું પરિણામ પાછળ કહી ગયા પ્રમાણે એવું થયું કે ઈ. સ. પૂ ૨૪૪ માં અશોકની સભાએ જે પ્રકારનો બૌદ્ધ ધર્મ નક્કી કીધો તે હિંદના દક્ષિણ દેશોમાં મનાયો; ઈ. સ. ૪૦ માં કનિશ્કની સભાએ જે પ્રકારનો બૌદ્ધ ધર્મ નકકી ઠરાવ્યો તે હિંદની ઉત્તરે મધ્ય એશિઆથી જાપાન લગી શક પ્રજાઓએ માન્યો.

**હિંદમાં હજી સુધી રહેલી શક જાતો.**—હિંદમાં શક રાજા થઈ ગયા તેઓમાં સર્વથી નામાંકિત કનિશ્ક હતો. પરંતુ શક લોકનાં બીજાં ઘણાં થાણાં હતાં. ખરે, શક લોકની એટલી મોટી સંખ્યા હિંદમાં આવેલી મનાય છે કે સરહદના પ્રાંતોની હાલની વસ્તીમાં ઘણાં માણસો તે જાતનાં છે. દાખલા તરીકે ગ્રેટ અને દાહે નામે બે જૂની શક જાતો મધ્ય એશિઆમાં પાસે પાસે રહેતી હતી અને તે બેઉ જોડે હિંદમાં આવી હશે એવું સંભવેછે. પંજાબની વસ્તીમાં લગભગ અર્દ્ધ ભાગ જાટ લોકો છે. તેઓ આ પુરાતન ગેટે જાતની ઓલાદના છે એવું કેટલાક પંડિતોનું મત છે; અને તેમનો મોટો વિભાગ ધે નામે છે, તે દાહે જાતમાંથી ઉત્પન્ન થયોછે. કેટલીક રજપૂત જાતોના પૂર્વજો શક લોક હતા એવું દેખાડવાની કોશિશ કેટલાક વિદ્વાનો કરેછે. એતો ગમે તેમ હોય, પણ એટલું નક્કી છે કે ઈસ્વી સનની પૂર્વે પહેલા સૈકાથી તે ઈસ્વી સનના પાંચમા સૈકા સુધીમાં શક લોક ઘણીવાર હિંદઉપર ચઢી આવ્યા હતા.

**રાજા વિક્રમાદિત્ય ઈ. સ. પૂ. ૫૭.**—એ લાંબી મુદતમાં શક

લોકને કાઢી મૂકવાનો પ્રયત્ન કરી કેટલાક હિંદી રાજાઓએ કીર્ત્તિ મેળવીછે. તેઓમાં સર્વથી પ્રખ્યાત માળવામાંની ઉજ્જૈન નગરીનો રાજા વિક્રમાદિત્ય છે. હિંદમાં મોટા મોટા શક એટલે ઇતિહાસની સાલો ગણવાના ક્રમ છે, તેઓમાંનો એક એણે મેળવેલી જીતોના માનને અર્થે ચલાવ્યો હોય એવું મનાયછે. એ ક્રમને સંવત્ કહેછે, અને તે ઈ. સ. પૂ. ૫૭ થી શરૂ થાયછે. એનો સ્થાપનાર હજી લગી विक्रमादित्य शकारि " એટલે શક લોકનો અરિ કહેતાં શત્રુ, એ નામે ઓળખાય છે. તે જેમ મહાવીર તેમજ વિદ્વાન રાજા હતો. તેણે પોતાની કને તે કાળના કવિઓ અને તત્ત્વજ્ઞાની પંડિતોને ભેગા કર્યા હતા. એમાંના મુખ્ય વિદ્વાનો વિક્રમાદિત્યની રાજસભાના એટલે દરબારના " નવરત્ન " કહેવાતા. તેઓ એટલા બધા પ્રખ્યાત થયા કે પાછલા વખતમાં સર્વોત્તમ સંસ્કૃત કાવ્યગ્રંથો કે નાટકો, અને તત્ત્વજ્ઞાન અથવા વિદ્યાના પુસ્તકોમાંનાં ઘણાં પુસ્તકોના રચનારા તેઓ ગણાયા, પરંતુ તે પુસ્તકોની ઈબારત તથા હકીકત દેખાડી આપેછે કે તેઓ બહુ જુદે જુદે કાળે બનેલાં હોવાં જોઈએ. ખરૂં એ છે કે " વિક્રમાદિત્ય " એ કીર્ત્તિનામ કે ખિતાબ છે, ને એનો અર્થ " પરાક્રમનો સૂર્યજ " થાયછે. એ ઉપનામ હિંદના ઇતિહાસમાંના કેટલાક મહીપતિઓએ ધારણ કર્યુંછે, પરંતુ ઈ. સનની પૂર્વના પહેલા સૈકામાં જે વિક્રમાદિત્ય થયો તે એ સઘળાથી મોટો હતો. શક લોકનાં ટોળાંના મારમાંથી સ્વદેશનો બચાવ કરવાથી મોટો, વિદ્વાનોને આશ્રય આપવાથી મોટો, અને પોતાની રૈયતઉપર રૂડી રીતે રાજ્ય કરવાને લીધે પણ તે મોટો હતો.

**રાજા શાલિવાહન ઈ. સ. ૭૮.**—આસરે સો વરસ પછી બીજો શૂરવીર હિંદી રાજા શક લોકની સામો ઉઠ્યો, તેનું નામ શાલિવાહન હતું. ઈ. સ. ૭૮માં તેના માનની ખાતર શક નામે બીજો સન સ્થાપવામાં આવ્યો. ઈ. સ. પૂ. ૫૭ માં શરૂ થયેલો સંવત્, અને ઈ. સન ૭૮ માં શરૂ થયેલો શક, એ બન્ને હિંદમાં ઇતિહાસની સાલો ગણવાની હજી પ્રસિદ્ધ રીતો છે. પછીથી શક લોકની સામા થનારા—એ પછીનાં પાચસેં વરસમાં હિંદનાં મોટાં ત્રણ રાજ્ય-

કુશોએ શક લોકની સામે ઝગડો ચાલુ રાખ્યો. ઈ. સ. ૬૦ થી ૨૩૫ સુધી મુંબઈની વાયવ્ય કોણમાં શાહ કુળના રાજા અમલ કરતા હતા. ઈ. સ. ૩૧૯ થી ૪૭૦ લગી અયોધ્યા અને ઉત્તર હિંદમાં ગુપ્ત કુળના રાજાઓને હાથ રાજ્યાધિકાર હતો; એ વેળા હૂણ કે શક લોકની નવી ધાડોએ આવી તેમને જીતેલા દીસેછે. ઈ. સ. ૪૮૦ થી ઈ. સ. ૭૨૨ સુધી અને ત્યારપછી પણ વલ્લભી રાજાને હાથ કચ્છ, માળવા અને મુંબઈ ઇલાકાની વાયવ્યે આવેલા પ્રાંતો હતા. ઈ. સ. ૫૩૫ ને સુમારે ગ્રીક વેપારીઓએ લાલ સમુદ્રમાં સાંભળેલું કે ઉત્તર હિંદમાં હૂણ નામે પ્રજા બળવાન છે. વલ્લભીના રાજદરબારનો અને ત્યાંના લોકનો હેવાલ હિંઓએન સ્યાંગ નામે ચીનાઈ જાત્રાળુએ પૂરો આપ્યોછે (ઈ. સ. ૬૩૦-૬૪૦). ત્યાં રાજ્યધર્મ બૌદ્ધ હતો, પણ પાખંડીઓ (એટલે બ્રાહ્મણો) પુષ્કળ હતા; બૌદ્ધ મતવાળામાં બે પક્ષ હતા; એક શક રાજવંશીઓનો ઉત્તર સંપ્રદાય, અને બીજો દક્ષિણ અથવા અશોકનો સંપ્રદાય, ઈ. સનના આઠમા સૈકામાં સિંધ ઉપર ચઢી આવેલા પ્રથમના આરબોએ વલ્લભી રાજ્યને ઉથલાવી નાંખેલું દીસેછે.

# प्रकरण ८ मुं.

## હિંદુમતની વૃદ્ધિ ઈ. સ. ૭૦૦ થી ૧૫૦૦ લગી.

**હિંદના લોકનાં ત્રણ મૂળ.**—હિંદના લોક મધ્યે ત્રણ જાતો છે તેમનું આપણે અવલોકન કરી ગયા. એમાં પહેલી જાત અનાર્ય (અનાડી) કે જૂનામાં જૂના રહેવાસીની હતી. વખતે એમને અસલ કે પ્રથમના વતની કહેવામાં આવેછે. બીજી આર્ય જાત, એ ઇતિહાસના કાળની પૂર્વે મધ્ય એશિઆમાંથી હિંદમાં આવી. ત્રીજી શક કે તાર્તાર જાત. ઇતિહાસનો આરંભ થવા માંડ્યા પહેલાં તેઓ હિંદમાં આવવા લાગ્યા હતા, પરંતુ પાછળથી ઇસ્વી સનની પૂર્વેનો પહેલો સૈકો અને ઇસ્વી સનનો પાંચમો સૈકો એ બેની વચ્ચેના વખતમાં તેઓનાં ધાડાં બહુ જોરશોર આવ્યાં. આ દરેક જાતને પોતપોતાની રૂઢીઓ અને ભાષા હતી, તથા ધર્મ હતો.

**આર્ય અને અનાર્ય લોક.**—અનાર્ય લોક શિકાર વડે ગુજરાન ચલાવનારા હતા. સંસારવ્યવહારની બાબતમાં કેટલાક લગ્નની અસલ રીત પ્રમાણે વર્તતા. એ રીત એવી હતી કે બે કે વધારે ભાઈઓ વચ્ચે એક વહુ હોઈ શકે, અને કોઈપણ માણસનો વારસો પોતાના છોકરાંને ન મળતાં બેનનાં છોકરાંને મળે. દાનવોને પૂજવા અને જનાવરો તથા માણસોના ભોગ આપી મેલા પાપી જીવોના કોપથી ઉગરવું એ તેમનો ધર્મ હતો. એવા જીવોને તેઓ દેવ કહેતા. શિકારવડે ગુજરાન કરી જંગલી અવસ્થામાં આર્ય લોક રહેતા તેમાંથી વહેલા સુધરીને અર્ધી ઠરીઠામ સ્થિતિએ પહોંચ્યા, અને જમીન ખેડવાનો તથા ઢોર પાળવાનો ધંધો કરતા થયા. સંસારી બાબતમાં એક નારીને એકજ ધણી હતો; અને રીત રીવાજો અને દાયભાગ વારસાના કાયદા હાલ હિંદમાં ચાલેછે તેવાજ લગભગ તે કાળે તેઓમાં હતા. પ્રકાશિત અને હિતકારી દેવોને પૂજવા એ તેમનો ધર્મ હતો.

**શકલોક.**—પહેલી બે જાતોની વચ્ચેની હાલત ત્રીજી જાત એટલે શક લોકની હતી. ઇતિહાસના કાળની પૂર્વે આવેલા ઘણા જૂના શક લોક

અનાર્ય લોકના જેવાજ જંગલી હશે ખરા, અને આપણે જેને હિંદના મૂળ વતની કહીએ છીએ તેમાંનો કોઈ ભાગ એમાંનો હશે એમ સંભવેછે. પણ ઈ. સ. પૂ. ૧૨૬ થી ઈ. સ. ૪૦૦ લગીમાં શક લોકનાં ટોળેટોળાં હિંદમાં ધસી આવ્યાં. તેઓ અનાર્યની પેઠે શિકાર પરજ ગુજારો કરનારા ન હતા, અને આર્ય લોકની પેઠે ખેતી કરનારાએ ન હતા. તેઓ ભરવાડ કે ગોવાળીઆ હતા, અને મધ્ય એશિઆનાં મેદાનોમાં પોતાનાં ઢોરો સહિત ભટકતા, અને યુદ્ધ કરવામાંજ હોંશિયાર હતા.

**આર્યનાં સુધારાનાં કામો.**—એ પ્રમાણે હિંદમાં સુધારો કરવાનાં સાધન પૂરાં પાડનારા આર્ય લોક હતા. તેમની વૈશ્ય નામે એક વર્ણે જમીનને ખેડાવી કરી. ક્ષત્રિય નામે બીજી વર્ણે અણસુધરેલા અનાર્ય લોકને જીત્યા; અને બ્રાહ્મણ નામે તેમની ત્રીજી જ્ઞાતિએ ધર્મ અને વિદ્યા ઉત્પન્ન કર્યાં. અસલના બ્રાહ્મણ ધર્મમાં નીચ જાતોને કાંઈ લેખવી નથી; પણ આગળ કહી ગયા તેમ ઈ. સ. પૂ. ૫૦૦ ને સુમારે હિંદુ ધર્મપરથી બૌદ્ધ નામે વધારે મોટો ધર્મ નીકળ્યો હતો. ઉંચી આર્ય જાતના સંબંધમાં અસલના અનાર્ય લોકને આણવાનું કામ એ નવા પંથે બહુ કર્યું, અને ઈ. સ. પૂ. ૧૨૬ થી ઈ. સ. ૪૦૦ સુધીમાં શક લોક હિંદમાં આવ્યા, તેમણે આ ધર્મ કબૂલ રાખ્યો. માટે હિંદની જાતોને એકત્ર કરનારૂં પહેલું મોટું સાધન બૌદ્ધ ધર્મ હતો. અનાર્ય, આર્ય અને શક લોકને સરખી રૂઢીઓ અને સરખા ધર્મવડે સાંધી એક પ્રજા બનાવવાનું કેટલુંક કામ તે ધર્મે કર્યું. તેનું એ કામ પૂરૂં થતાં પહેલાં તેને હિંદમાંથી હાંકી કાઢવામાં આવ્યો.

**બ્રાહ્મણો.**—એ કામ બ્રાહ્મણોએ જારી રાખ્યું. એ પ્રાચીન જ્ઞાતિ બૌદ્ધ મતની ચઢતીના સમયમાં પણ ઉંચે દરજ્જે રહી હતી. તેને તે માર્ગના પડી ભાગવાથી કુલ સતા મળી. ઈ. સ. ૬૪૦ માં જે ચીનો હિંદમાં જાત્રા કરવા આવ્યો હતો તેણે બ્રાહ્મણો (તેના લખવા પ્રમાણે પાખંડીઓ) પોતાની સત્તા પાછી સ્થાપવા લાગ્યા હતા તેનું વર્ણન કર્યું છે. એ વેળાએ પણ બ્રાહ્મણોના દેવળોની સામા બૌદ્ધ મતો બહુ મુશીબતથી ટકી રહેતા. ત્યાર પછીનાં બસેં વરસમાં આસ્તે આસ્તે બ્રાહ્મણોની વધારે ચઢતી થતી ગઈ. એ બે ધર્મોના ઝગડાને લીધે બૌદ્ધ

કરનારા એક પછી એક મહાન બ્રાહ્મણો પ્રગટ થયા. એમાંના કેટલાક-નાં ચરિત્રો લગભગ બુદ્ધના પોતાના ચરિત્રનાં જેવાં ખૂબી ભરેલાં છે, એમાંનો પહેલો આચાર્ય કુમારિલ, બિહારનો પવિત્ર બ્રાહ્મણ હતો. ઇસ્વી સનના આઠમાં સેકામાં તેણે ઉપદેશ કરવા માંડ્યો. વેદપ્રમાણે જૂનો મત એ છે કે સઘળું સરજનાર પરમેશ્વર સગુણ છે. આ મતનો તેણે બોધ કર્યો 'બૌદ્ધ ધર્મમાં સગુણ ઈશ્વર માન્યો ન હતો. પાછલી એક કથા એવી છે કે કુમારિલે બૌદ્ધ મતની વિરૂદ્ધ ઉપદેશ કર્યો એટલુંજ નહિ, પણ બૌદ્ધ લોકના ઉપર જૂલમ કરવાનું દક્ષિણ હિંદના કોઈ રાજાના મનમાં ઉતાર્યું, એવું કહેવાય છે કે આ રાજાએ પોતાના સેવકોને હુકમ કીધો કે બૌદ્ધ માર્ગી ઘરડાં માણસ અને નાનાં છોકરાં હિંદના દક્ષિણ છેડાથી હિમાલય પર્યંત જ્યાં હોય ત્યાં તેમને મારી નાખો. જે તેમને નહિ મારે તેને મારો,' પણ હિમાલયથી કન્યાકુમારી સુધી જૂલમ કરવાની સત્તા જેને હાથ હોય એવો રાજા એ કાળે હિંદમાં ન હતો. દક્ષિણ હિંદના ઘણા રાજામાંના કોઈ એકે પોતાના સંસ્થાનમાં જૂલમ ગુજારેલો તેનો રજનો ગજ કરેલો એ હેવાલ છે. બૌદ્ધ માર્ગ નાશ પામવા માંડ્યો હતો, તથા હિંદની જાતોની એક ગાંઠ કરવાને બ્રાહ્મણોએ નવો ઇલાજ કર્યો હતો, એ બે કારણોથી તેમને (બ્રાહ્મણોને) ફતેહ મળી. એ નવી એક ગાંઠ કરવાનો ઇલાજ તે હિંદુ ધર્મ હતો.

**હિંદુ ધર્મનો બેવડો પાયો**—હિંદુ મતનાં બે સ્વરૂપ છે, સંસારી બંધારણ અને ધર્મબંધન. સંસારી બંધારણનો આધાર જ્ઞાતિભેદ ઉપર છે; અને તેનાં મૂળિયાં હિંદના લોકોની મૂળ જાતિમાં ઊંડાં રહેલાંછે. બૌદ્ધ ધર્મને એકતરફથી બ્રાહ્મણોના વૈદિક ધર્મને અને બીજી તરફથી અનાર્ય લોકની જંગલી વિધિઓને મળતો કરી દેવાથી હિંદુ ધર્મબંધન ઉત્પન્ન થયુંછે. હિંદુ મતનાં આ બંને સ્વરૂપનું આપણે બરાબર અવલોકન કરવું જોઇએ.—સંસારી બંધારણના રૂપનું અને ધર્મબંધનના રૂપનું.

**જ્ઞાતિભેદનો પાયો.**—સંસારી બંધારણને અર્થે હિંદુધર્મમાં જૂના વિભાગ પ્રમાણે લોકની ફરીને ગોઠવણી થઈછે. દ્વિજમાં એટલે બેવાર જન્મેલી આર્ય જાતોમાં બ્રાહ્મણ; ક્ષત્રી, અને વૈશ્ય, તથા એકવાર

જન્મેલી નાતોમાં અનાર્ય શૂદ્ર લોક અને વર્ણસંકર વર્ગો હતા. હિંદના લોકની આ ગોઠવણ હજી લગી જારી રહીછે. દ્વિજ જ્ઞાતિઓ આજે પણ જનોઈ પહેરેછે; અને તેમને બધાને વેદના પવિત્ર ગ્રંથો ભણવાનો ઓછોવત્તો પણ હક છે એવું તેઓ કહેછે. એકવાર જન્મેલાને આજે પણ જનોઈ દેવામાં આવતી નથી; અને બધા વર્ગના લોકને વાસ્તે ઇંગ્રેજ સરકારે નિશાળો સ્થાપી ત્યાં લગી તેઓને પવિત્ર પુસ્તકોનો અભ્યાસ કરવા દેતા નહિ. વળી લોકની જૂદી જૂદી જાતોને ધોરણે નાતોની વ્યવસ્થા કરીછે, તોપણ વિભાગ પાડનારી બીજી બે બાબતોની એના ઉપર અસર થઈછે. એ બેમાંની એક તો લોકનો ધંધો છે અને બીજી તેઓને રહેવાનાં ઠેકાણાં છે. ઘણા પુરાતન કાળમાં પણ જ્ઞાતિઓને જૂદાં જૂદાં કામ સોંપવામાં આવ્યાં હતાં. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, અને શૂદ્ર એવા તેમના વિભાગ થઈ શકે. હિંદના જે ભાગમાં તેઓ વસેછે, તે પ્રમાણે પણ તેમના વિભાગ થયાછે. બ્રાહ્મણોમાં પણ કેવળ જૂદા દશ વર્ગો કે પ્રજા છે. એમાંના પાંચ બ્રાહ્મણવર્ગો કે પ્રજાઓ વિંધ્ય પર્વતની ઉત્તરે રહેછે; અને પાંચ દક્ષિણમાં રહેછે. એ દશમાંનો પ્રત્યેક વર્ગ બાકીનાથી પોતાને કેવળ નોખો સમજેછે, અને તેઓમાં ૧૮૮૬ ગોત્ર કે કોમ છે. એજ પ્રમાણે હિંદના પ્રાંતોમાં વસનારા ક્ષત્રિઓ કે રજપૂતોનાં ૫૯૦ ગોત્ર છે.

**જાતોની ગુંચવણ.**—એમ લોકના ચાર વર્ગો પાડીને હિંદની નાતોની ઘણી સાદી ગોઠવણ કરેલી હોય એવું ઉપર ઉપરથી દેખાયછે, પણ ખરૂં જોતાં તે ઘણી ગુંચવણ ભરેલી છે; કારણ કે નાતના ભેદ ત્રણ કેવળ જૂદી વ્યવસ્થાને લીધે પડેછે; એ વ્યવસ્થાનાં નામ જાતિ, ધંધો અને વસવાની જગ્યા છે. હિંદની નાતોની સંખ્યા વિષે અટકળ કરવી પણ કઠણ છે. પરંતુ જેમને જૂદાં નામ છે, અને જેઓ પોતાને નોખા વર્ગો ગણેછે એવી નાતો ત્રણ હજારથી ઓછી નથી. એ જૂદીજૂદી નાતો માંહોમાંહે લગ્ન વહેવાર કરી શકતી નથી, અને ઘણી ખરી એક એકનું ખાતી નથી. સાધારણ નિયમ એ છે કે ઊંચી નાતનો હિંદુ તેનાથી નીચી નાતનાએ રાંધેલું અન્ન જમે નહિં. દરેક નાતે પોતાના ધંધાને વળગી રહેવું જોઈએ, એવો ધારો છે. ખરૂં જોતાં દરેક પ્રાંતમાં

પ્રત્યેક જુદા પ્રકારનો ધંધો કે હુન્નર કરનારાની જુદી નાત બનાવવાનું વલણ હોયછે; પણ તે પ્રમાણે હમેશ થતું નથી, અને નાતો ઘણીકવાર પોતાના ધંધા બદલેછે તથા નીચ જાતો કોઈવાર સંસારમાં ઊંચી પાયરીએ ચઢેછે. ઉદાહરણ, પ્રાચીન કાળમાં વૈશ્ય જ્ઞાતિ જમીન ખેડનારી હતી. ઘણાખરા પ્રાંતોમાં આ મહામહેનતનું કામ છોડી દઈ વૈશ્યો હમણાં મોટા વેપારી અને શરાફ થયાછે. તેમના પૂર્વજો તડકામાં હળ ફેરવતા, વાવતા, અને લણતા, ત્યારથી તેમની ગોરી ચામડી, બુદ્ધિશાળી ચહેરો, અને સભ્ય વર્તણુક બદલાયાં હશે. આખા હિંદમાં આ તરેહનો ધંધાનો ફેરફાર આ વખતમાંએ થાયછે.

**નાત એ ધંધાનું મહાજન છે.**—નાતબંધારણથી લોકના ઉદ્યમ ઉપર પણ ઘણી સત્તા થાયછે. પ્રથમ તો દરેક નાત વેપારી મહાજન છે. પોતાના ખાસ રોજગારમાં નાતના જુવાનીઆને યોગ્ય કેળવણી આપવાનું કામ તે બરોબર સાધેછે; તે પોતાના ધંધાના નિયમો ઠરાવેછે; અને ઉજાણીઓ અને જ્ઞાતિ મેળાવડાથી સ્નેહભાવમાં વધારો કરેછે. મલમલ, રેશમી કાપડ, લપ્પો, મીનાકારી હથીઆરો, અને સુંદર જડાવ દાગીના વિગેરે હિંદના મધ્ય યુગનો પ્રખ્યાત માલ એ નાતો કે વેપારી મહાજનોની સંભાળથી સંપૂર્ણતા પામ્યો હતો. હિંદના ઘણા ભાગોમાં એવાં મહાજન હજી વેપારના કામમાં પૂરાં મચેલાંછે. ઉદાહરણ તરીકે, મુંબાઈ ઈલાકાના વાયવ્ય પ્રાંતોમાં હુનર કામ કરનારાં કુટુંબોના વડીલો પોતપોતાના ધંધાપ્રમાણે મહાજન બાંધીરહેલાછે. મહાજન કે નાત પોતાના આસામીઓને માંહોમાહે અણઘટતી પડાપડી કરતા અટકાવે છે, અને બીજા ધંધાવાળા જોડે વાંધો ઊઠેછે તેવારે પોતાના ધંધાવાળાની વહારે ચઢેછે.

દાખલાતરીકે સને ૧૮૭૩ માં અમદાવાદમાં કેટલાક કડિયા બેરોજગારી થયા. એ ધંધામાં સાધારણ રોજ ઉપરાંત સવારમાં વહેલા જઈ વધારે વખત કામ કરવાથી સવાઈ મળેછે જે આસામીઓને રોજી નહોતી મળતી તેમની ફરીયાદ પરથી કડિયાનાં મહાજને મળી ઠરાવ કર્યો કે હાલ બધાને કામ મળતું નથી માટે કોઈએ સવાઈએ જવું નહીં. તેજ શાહેરમાં સને ૧૮૭૨ માં કાપડિયા લોકે સૂતરાઉ લૂગડાંપર આર

દેનારાના મુસારાનો દર ઓછો કરવા માંડયો. આરદેનારાના મહાજને હલકે દરે કામ કરવાની નાપાડી, અને છ અઠવાડીયાં બંધી પાળી. અંતે વાંધો પત્યો. બંને મહાજનોએ મળી ત્યારપછી આપવાનો દર ઠરાવ્યો, અને સ્ટાંપના કાગળપર તે કરાર કરી લીધો. તરૂણો ધંધામાં પહેલા દાખલ થાય તે વખતે ઊંચી નાતો કે મહાજનોમાં તેમની પાસેથી દાખલ કરવાની દસ્તૂરી લેવાનો રિવાજ અમદાવાદમાં છે. એ લવાજમની તથા નાતના ધારા તોડનારને દંડ કરવામાં આવે તેની ઉપજમાંથી મહાજનની ઉજાણીઓ થાયછે, અને પોતામાંના ગરીબ કારીગરોને તથા માબાપ વિનાનાં છોકરાંને આશ્રય આપવામાં આવેછે. મહાજનને ઊપજ કરવાની ફાવતી એક રીત સૂરતમાં એવી છે કે અમુક દિવસે અણોજો પાળવો અને માત્ર એક દુકાન ઉઘાડી રાખવી. એ દુકાન ઉઘાડી રાખવાનો હક્ક હરાજ કરી તેની ઊપજમાંથી ઉજાણી કરવામાં આવેછે. એ મહાજનો પોતાની કોઈ જાતોને ભૂખે મરવા દેતાં નથી. આવી રીતે તે એકમેકને મદદ કરનારી મંડળીની ગરજ સારેછે, અને ભીખારીનું પાલન કરવાના કાયદાનું કામ હિંદમાં બજાવેછે. નાત બહાર મૂકવાની સજાને હિંદુ ભારેમાં ભારે સંસારી સજા ગણેછે.

**હિંદુ મતને ધર્મનો આધાર.**—તોપણ નાતને આશરે રહેલુ સંસારી બંધારણજ હિંદુમત છે એમ નહિ. એના સ્વરૂપમાં દેવપૂજાને આધારે રહેલું ધર્મનું બંધન પણ છે. જેમ હિંદના લોકની અનેક જાતો પરથી નાતો બની તેમ વેદનો જૂનો સાદો માર્ગ, બુદ્ધના શાંત મત, અને અનાર્ય લોકની બીહામણી ક્રિયા જાણે કુલડીમાં ગળાઇને એકરસ થયાં, અને તે મૂલ્યવાન ધાતુ અને મેલવાળા મિશ્રરસમાંથી જૂદાજૂદા પ્રકારની હિંદુની દેવપૂજા બની.

**બૌદ્ધ ધર્મની અસર.**— બૌદ્ધ મતમાંથી દાનધર્મ કરવાનો ઉમદા ચાલ હિંદુમાર્ગમાં દાખલ થયોછે એટલુંજ નહિં, પણ એ માર્ગને લગતાં ધર્મખાતાં તથા રિવાજોનો વારસો હિંદુધર્મને મળ્યોછે. આપણા વખતમાં ઓરિસ્સામાં મઠો છે તેઓ અગિયારસેં વરસપર શીલાદિત્યાના બૌદ્ધ અપાસરા હતા તેઓની બરોબરી કરી

શકે તેવા છે. હાલના વખતમાં સુરતના શાહુકારોનું મહાજન હુંડી પર હકસાઈ લેછે, તેમાંનો કેટલોક ભાગ પાંજરાપોળ ખાતે ખરચેછે. ઈ. સ. પુ. ૨૪૪ માં અશોકે માંદા માણસોને અને જનાવરોને દવાની મદદ આપવાની યોજના કરી હતી તે ઉપરથીજ વીસરોમાં આ રિવાજ હજુ ચાલેછે. હિંદુ લોકના વૈષ્ણવપંથમાં ધર્મ પાળીને રહેવાની રીત બુદ્ધે પાડે ઘડેલા પુરાતન નિયમોપ્રમાણે છે. બંગાળાનો રાજેંદ્રલાલ મિત્ર નામે મોટો પંડિત જાતે વૈષ્ણવ હતો. તોપણ તે માનતો કે જગન્નાથમાં રથનો વરઘોડો નીકળેછે તે બૌદ્ધધર્મના એવા કોઈ વરઘોડાની પાછળ રહેલી નિશાની છે.

**અનાર્ય લોકથી થયલી અસર.**— હિંદુ મતના ઘણાક આધાર અને ઘણીક ક્રિયા હિંદના અનાર્ય લોક પાસેથી મળ્યું આવ્યાંછે. લાકડાંનાં ઠુંઠાંની, અણઘડ પથરાની, અને ઝાડની પૂજા તેમની તરફથી આવેલીછે. આ જાતની પૂજાનેજ ઘંણાખાના ગામડિયા લોક ધર્મ સમજે છે. દરેક ગામડામાં ઘણુંખરૂં સિંદૂર લગાડેલો વગર ઘડેલો પથરો કે લાકડાનું ઠુંઠું, કે ઈ બેકું હોયછે તેને ત્યાંના લોક ગામદેવ માની પૂજેછે. વખતે ઝાડતળે મુકેલું માટીનું ઢેફું પણ દેવની ગરજ સારેછે. નાગપુજા અને કેટલાક હિંદુ પંથોમાં લિંગપુજા એટલે ઉત્પન્ન કરનારી શક્તિના ચિન્હની પૂજા કરવામાં આવેછે. તેનું મૂળ શોધીએ તો તે કદાચ ઈતિહાસના આરંભની પૂર્વે મધ્ય એશિઆમાંથી આવેલા શક લોકમાં જડે.

**હિંદુ ભકતમાળાનું પુસ્તક.**—ઈ૦ સ૦ ૭૦૦ થી આજસુધીમાં હિંદુ લોકમાં એક પછી એક એમ કેટલાક ધર્મ સ્થાપનારા થઈ ગયાછે. મધ્યયુગના સંતોના ચરિત્ર અને તેમના કરેલા ચમત્કારોની નોંધ ભક્તમાળા નામે પુસ્તકમાં છે. એ ગ્રંથ ત્રણસેં વર્ષપર નાભાજીએ જોડયો હતો. હિંદુ ધર્મના સંતોનું આ પુસ્તક ખ્રિસ્તિ લોકની "સુવર્ણ કથા" જેવું છે. એ નોંધમાં ઉપદેશકોએ કરેલા એકજ જાતનાં, અદ્ભુત કામો સઘળે ઠેકાણે વર્ણવ્યાં નથી. પરંતુ દરેકે પોતાની જીંદગીમાં પુષ્કળ ચમત્કાર કર્યાછે. એઓમાંનાં ઘણાકે

મોટા પુરૂષોને ઈશ્વરના અવતાર ગણ્યાછે, અને તેમની પૃથ્વીપર આવવાની વાત જૂના વખતથી આગમચ કહેવામાં આવેલીછે. આ હિંદુ કહાણીઓમાં કેટલાકને કુંવારી કન્યાને પેટે જન્મેલા કહ્યાછે; કેટલાકે સિંહોને જીત્યા, મુએલાને જીવતા કર્યા; તેમના હાથપગ કાપી નાંખ્યા, ત્યારે પાછા ફૂટ્યા; તેમને પૂરેલાં કેદખાનાંનાં બારણાં ઊઘડી ગયાં; સમુદ્રે તેમને રાખ્યા અને સહીસલામત જમીનપર પાછા મૂક્યા; તેમજ પૃથ્વી ફાટી તેમને ભાંડનારા હતા તેને ગળી ગઈ. તેમનાં જીવન અદ્‌ભુત હતાં અને કેટલાંકનાં મરણ ઘણા ભેદ ભરેલાં હતા.

**શંકરાચાર્ય. ઈ૦ સનનો ૯ મો સૈકો.**— બિહારના બ્રાહ્મણ કુમારિલ ઉપદેશકોની પંક્તિમાં પહેલા હતા. ઈ૦ સનના આઠમા સૈકામાં આખા હિંદમાં બૌદ્ધ ધર્મી લોક ઉપર જૂલમ થયાની કલ્પિત વાત આગળ કહી ગયા તેના ઉશ્કેરનાર તરીકે એમનું નામ જણાવ્યુંછે. એનાથી વધારે પ્રખ્યાત એના શિષ્ય શંકરાચાર્ય થયા ત્યારથી કાંઈક ખરો ઇતિહાસ શરૂ થાયછે. એમનો જન્મ મલબાર દેશમાં થયો હતો અને એમણે કાશ્મીર સૂધી પ્રવાસ કરી આખા ભરતખંડમાં ધર્મનો બોધ કર્યો. ૩૨ વર્ષની ઉમરે હિમાલયમાં કેદારનાથમાં તેમનો દેહ પડ્યો. તેમણે બ્રાહ્મણોના વેદાંતમતને છેલ્લુ સ્વરૂપ આપ્યું, અને તેને લોકપ્રિય કરી પ્રજાધર્મ બનાવ્યો. ઈ. સનના ૮ મા કે ૯ મા સૈકામાં ટુંકું આયુષ્ય ભોગવ્યા પછી તેમનો કાળ થયો ત્યાર પછી જે દરેક હિંદુપંથ સ્થાપન કરવામાં આવે છે તેમાં ઈશ્વરને સગુણ માન્યો હોય છે એ કહેવામાં ભાગ્યે અતિશયોક્તિ કહેવાય. તેણે એક તરફથી ઊંચી વર્ણના તત્ત્વવેત્તાઓને અને બીજી તરફથી નીચ વર્ણના સામાન્ય લોકને મનભાવતો બોધ કીધો. પોતાની આખી જીંદગીની મહેનતથી થયેલાં પરિણામ દાખલ તેનાં બે કામ પાછળ રહ્યાંછે. એકતો જામેલો બ્રાહ્મણપંથ, અને બીજો લોકથી સમજાય તેવો ધર્મ.

**શિવ અને તેની સ્ત્રીનાં સ્વરૂપ.**—શંકરાચાર્યના મતને અનુસરનારા અને તેમની ગાદીએ બેસનારાને હાથે શિવપૂજન એ હિંદના બે મુખ્ય ધર્મોમાંનો એક ધર્મ બન્યો. સંહાર કરનાર અને ફરી ઉત્પન્ન

કરનાર શક્તિવાળા શિવ ઊંડું તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ ગણાયા અને બ્રાહ્મણોએ તેને ખાસ દેવ તરીકે જલદી માન્યા. તેમને મન તો શિવ-સ્વરૂપ મોત જણાવનારૂં ચિન્હ હતું. મોતને તેઓ માત્ર અવસ્થા ફેર-ફાર કરનારૂં માનતા. વળી અનાર્ય જાતોના ભયના પાયાપર રહેલા ધર્મને માટે તેનું ભયાનક રૂપ ઠીક બેસતું આવ્યું. વેદના ગર્જના કરનાર રૂદ્રદેવ અને હાલના હિંદુ દેવગણમાંના ભયંકર દેવ ભીમ આદિ નામોની ટીપમાં એનું ભયાનક રૂપ કાયમ રહ્યુંછે. એમ શિવને તેનાં એવડાં લક્ષણોને લીધે ઊંચામાં ઊંચી નાતો તેમજ નીચામાં નીચી નાતો ઈશ્વર માનવા લાગી. ચાલતા સમયમાં હિંદુ ધર્મનો તે મહાદેવ એટલે પરમેશ્વર છે, તેની સ્ત્રી દેવી તે પરમેશ્વરી છે. એની પૂજાનું ચિન્હ લિંગ છે, તે ફરી ઉત્પન્ન કરનાર શક્તિની નિશાની છે. તેનું પવિત્ર વાહન આખલો પણ તેજ મતલબથી કરાવેલું છે. તેનું ત્રિશૂળ તેના દેહરાને શિખરે રાખવામાં આવે છે. તેની મૂર્ત્તિઓમાં તેના બન્ને સ્વભાવનાં લક્ષણો છે. ચામડી ગોરી, ઊંડા ધ્યાનમાં બેઠેલા, જમીનને રસાળ કરનાર ગંગાનું ચિન્હ મસ્તકપર, અને ( પ્રજા ઉત્પન્ન કરનાર તથા આર્ય લોકની હળથી થતી ખેતીની નિશાની દાખલ ) પોઠીઓ પાસે, આવું શિવનું સ્વરૂપ બ્રાહ્મણો કલ્પેછે. ગળામાં ખોપરીની માળા, કોટે સાપ વીંટાળેલો, વાઘનું ચામડું પહેરેલું, અને દંડને છેડે માણસનું માથું, એવું શિવનું સ્વરૂપ વધારે જંગલી અનાર્ય લોકના સમજવામાં છે. શિવને પાંચ મુખ અને ચાર હાથ છે. એવીજ રીતે તેની સ્ત્રી દેવી પોતાનાં આર્ય કે બ્રાહ્મણી સ્વરૂપે 'ઉમા' એટલે 'તેજ' કહેવાય છે. ઉમા કોમળ, કુલીન, અને મનોહર કાન્તિવાળી દેવી છે. વળી સુન્દર પણ બીવડાવતી, વાઘના વાહનવાળી, સુવર્ણ રંગની નારીના જેવા પોતાના મિશ્રરૂપને લીધે તે દુર્ગા કહેવાયછે. વિકરાળ દેખાવની, લોહીથી નીગળતી, માથે સાપના મુગટવાળી, તથા ખોપરીના હારવાળી, એવા ભયાનક અનાર્ય રૂપમાં તેનું નામ કાલિકા કે કાળી જોગણી છે.

**શિવપૂજાનાં બે રૂપ.**—શિવપૂજનની ઉત્પત્તિનાં બે મૂળ છે, તેની નિશાની એની પૂજનવિધિમાં વધારે ખુલ્લી રીતે જાળવી રાખવામાં આવી છે. વધારે વિચારવંત માણસો હજી લગી શંકરસ્વામીની આજ્ઞા

પ્રમાણે બાહારની ક્રિયાવિના મુંગા ધ્યાનવડે ઈશ્વરશક્તિની આરાધના કરેછે. સાધારણ બ્રાહ્મણ શિવલિંગને ફુલનો હાર ચઢાવેછે, અથવા ચોખાનું શુદ્ધ નૈવેદ્ય ધરાવેછે. પણ નીચ જાતો અસંખ્ય બકરાંની હિંસા કરી તેના ભોગ ભયાનક કાળીને આપેછે. મરકી અને દુકાળના વખતમાં નિરાશાના આવેશમાં નીચ જાતના લોકો માણસનું લોહી ચઢાવી એ નિર્દય દેવીનો કોપ ટાળવાનો પ્રયત્ન કરતા; પણ હાલ થોડી મુદત થયાં એ બંધ પડ્યું છે. ઈ૦ સ૦ ૧૮૬૬ ના દુકાળમાં કલકત્તાથી સો માઈલની અંદરમાં આવેલા કાળીના એક દેવળમાં ગળું કાપેલો છોકરો માલમ પડ્યો હતો; તેની ઉઘાડી આંખો ટકટકીને જોતી હોય તેવી હતી, અને કઠણ થઈ ગયેલી લોહીવાળી જીભ દાંતની બહાર નીકળેલી હતી. હુગલી નામે બીજા ગામમાં એ દેવીના દેહેરામાં મૂર્તિની આગળ ફુલથી શણગારેલું માથું મુક્યું હતું. એ જગા કલકત્તાથી માત્ર રેલ માઈલપર છે, અને ત્યાં રેલ્વે સ્ટેશન છે. અનાર્ય જાતોમાં માણસનું બલિદાન આપવાનો નિયમિત રિવાજ પાછળ કહેવામાં આવ્યોછે, તેપરથી નીકળેલો આ ચાલ ખરેખર રહી ગયો છે. પ્રાચીન આર્ય ધર્મનો અસલ ભેદભરેલો પુરૂષમેધ કે મનુષ્યભોગ એ ખરેખરો હશે કે બીજા અર્થમાં કહ્યો હશે, પણ તેને આની સાથે સંબંધ નથી. પુરૂષમેધ તો ભયના પાયાપર રહેલા અનાર્ય ધર્મનો એક ભાગ છે. જેમ ગરજ વધારે તેમ શાંતિભોગ મોટો આપવો એવું તે ધર્મમાં હતું.

**તેર શૈવપંથ.**—શિવને પૂજનારા તેર મુખ્ય પંથો એનાં ભેળસેળ સ્વરૂપ બરાબર બતાવી આપેછે. સ્માર્ત બ્રાહ્મણો શંકરના શિષ્યોના વંશજ છે, અને દક્ષિણ હિંદમાં તેઓ આશ્રમમાં રહી પોતાની જીંદગી હજી શાંતિ અને પવિત્રતામાં કહાડેછે. દંડી સંન્યાસીઓ પોતાનો કાળ ભિક્ષા માગવા જવામાં અને ધ્યાન કરવામાં ગાળેછે. તેઓમાંના કેટલાક શિવને આર્ય ત્રિપુટી ( બ્રહ્મા, વિષ્ણુ ને રૂદ્ર ) માંનું ત્રીજું રૂપ ગણી ક્રિયા કર્યાવિના ભજેછે. બીજા કેટલાક દેખીતી અનાર્ય દીક્ષા આપવાની ક્રિયા કરેછે. ભૈરવ નામે શિવના ભયાનક રૂપને બલિ આપવાને તેઓ શિષ્યને દીક્ષા આપતીવેળા તેના ઘુંટણ(ઢીંચણ)-માં અંદરના ભાગમાંથી લોહી કાઢેછે. અનાર્ય લોકની મડદાંને દાટવાની

કે કોઈ પવિત્ર નદીમાં નાંખી દેવાની રૂઢી બધા દંડી સંન્યાસીઓ પાળે છે. હરેક પ્રકારના સાધુઓ યોગીમાં ગણાયછે. જેઓ પોતાનું તજી ગુપ્તજ્ઞાન મેળવી, લાંબા વખત લગી સમાધિ ચઢાવી શિવનીજોડે આનંદ-મય એકરૂપ બની આ ભવનું ભાન ભૂલ્યાછે, તેઓથી માંડીને તે હવામાં અધર લટકી રહેવાનું કહી ઠગનારા બાવા અને ખેલ કરનારો બકરો લઈને ભટકનાર મદારી લગીના ગોસાંઈ યોગી કહેવાય છે. શૈવમાર્ગીઓમાં દેહદમન અને યોગાભ્યાસ કરનારાથી ઉતરતા ઉત-રતા મડદાનું માંસ ખાનારા અને પોતાના તનપર છરીવતી ઘા કરનારા સુધીના અઘોરીઓ છે. નીચામાં નીચા પંથો, માંસભક્ષણ અને ઘાતકી પૂજનવિધિની બાબતમાં આર્ય કરતાં અનાર્ય રીતને વધારે પસંદ કરેછે.

વિષ્ણુપૂજા.—વેદકથામાં વિષ્ણુને સૂરજ, 'અજીત પાલન કર-નાર' અને ત્રણ ડગલામાં આખું વિશ્વ રોકનાર રૂપે વર્ણવ્યો છે, ત્યારથી હમેસ તે મનુષ્યના જેવા ગુણોવાળા દેવ છે. પાછળથી તેના અવતારો થયા તેથી તે માણસના સમાગમમાં આવ્યો, ને તેમનો વહાલો મિત્ર થયો. દંતકથા પ્રમાણે વિષ્ણુના દશ કે બાવીસ અવતારો છે. તેમાંના બે અતિસુન્દર અવતારોને વિષ્ણુપૂજાને માટે પસંદ કરવામાં આવ્યાછે. એનું કારણ મનમમતા ધર્મવિષે લોકની ખરી પ્રેરણાબુદ્ધિ છે. રામને અને કૃષ્ણને રૂપે દેહધારી વિષ્ણુના પ્રેમની અનેક શાખાઓ થઈ. વિષ્ણુનો સાતમો અવતાર રામ એ સંસ્કૃત વીરરસકાવ્ય રામાય-ણના નાયક છે. બીજું વીરરસકાવ્ય મહાભારત છે તેમાં આઠમા અ-વતારમાં વિષ્ણુ કૃષ્ણને રૂપે ઉદાર રાજકુંવર બન્યાછે. એ કૃષ્ણસંબંધી બાબતથી હિંદમાં ગોપગોપીના ગીતગરબા બન્યાં; વૈષ્ણવ પુરાણોમાં તે પરબ્રહ્મ પરમાત્મા ઠર્યા; અને તે હાલ હિંદુઓમાં સૌથી વધારે લોકપ્રિય દેવ તરીકે મહાલેછે. જગન્નાથ એટલે જગતનો પ્રભુ, એ નામે તે પુરીમાં પૂજાયછે; અને ત્યાંથી તેની કીર્તિ દુનિયાના સુધરેલા ભાગમાં પ્રસરી છે, પરંતુ તેની રથજાત્રામાં સંખ્યાબંધ ભક્તો આત્મઘાત કરે છે એવી સાધારણ વાત ચાલેછે તે કેવળ અઘટિત ને ખોટી છે. વિષ્ણુ સદા તેજસ્વી અને હિતકારી દેવ છે, ફુલવિના બીજું કાંઈ મા-

ગતા નથી, ને હત્યા કરવામાં દોષ ગણેછે. એ બાબત કેટલાક ઇંગ્રેજી ગ્રંથકર્ત્તાએ નિન્દા લખીછે. તે સરકારી દફતરોથી અને તે સ્થળે જઈ બરોબર કરેલી તજવીજથી જૂઠી પડેછે. વિષ્ણુને માનનારાઓ વૈષ્ણવ કહેવાયછે.

**વિષ્ણુપુરાણ. ઈ૦ સ૦ ૧૦૪૫ નો સુમાર**—વૈષ્ણવ મતોના સંગ્રહનું ધર્મપુસ્તક ૧૧ મા સૈકામાં બન્યું. વિષ્ણુપુરાણ રચવાનો સમય સુમારે ઈ૦ સ૦ ૧૦૪૫ છે, અને એ પુસ્તકના નામ ઉપરથી એવું ભાસેછે કે શૈવ અને બૌદ્ધ મતની સેંકડો વરસથી સાથે સાથે ચાલતી વિષ્ણુ સંબંધી પુરાણી કથાવાર્તા તેમાં દાખલ કરેલી હશે. એ પુસ્તકમાં જણાવેલા મત વેદમાંના છે. એમ છતાં તે પાધરા વેદમાંથી આણ્યા નથી, પણ બે મોટાં વીરરસકાવ્યો મારફતે ગળાઇને આવેલાછે. વૈષ્ણવ અને શૈવ માર્ગો રચનારા બ્રાહ્મણોએ પોતપોતાના સરસાઈ કરનાર મતો જણાવી ૧૮ પુરાણો લખ્યાંછે, તેમાંનું એક એ પુરાણ છે. એ ગ્રંથોમાં હિંદુ ત્રિમૂર્તિમાંના બીજા અને ત્રીજા દેવોની ખાસ પ્રશંસા કરી છે. કોઇમાં વિષ્ણુને સર્વથી શ્રેષ્ઠ એક દેવ કહ્યાછે, અને કોઇમાં શિવને કહ્યાછે; પણ જ્યાં વધારે ઊંડાણમાં પેઠા છે ત્યાં અનાદિ એક બ્રહ્મ તરીકે એ બંને રૂપને માન્યાંછે. તેઓમાં ૧૫ લાખ લીટીઓ છે એમ કહેવાયછે. પરંતુ એ પુરાણોમાં વિષ્ણુપૂજા અને શિવપૂજા વિષે જે લખ્યુંછે, તે બ્રાહ્મણોની કલ્પનાને રૂચે તેવું છે, પણ નીચ વર્ણોના વિચારને ગમે તેવું નથી.

**વૈષ્ણવ ઉપદેશકો.**—રામાનુજ, ઈ૦ સ૦ ૧૧૫૦. વૈષ્ણવપંથના ઉપદેશ કરનારા આચાર્યોમાં પ્રથમ દક્ષિણ હિંદના બ્રાહ્મણ રામાનુજ થયા. બારમા સૈકાને મધ્યભાગે તેમણે શૈવમાર્ગની સામા માથું ઊઠાવ્યું, અને એવો મત ચલાવ્યો કે વિષ્ણુ એ જગતનું આદિકારણ અને સરજનહાર એક અદ્વિતીય બ્રહ્મ છે. આ મતને માટે દક્ષિણના ચોલા રાજાએ તેના ઉપર જૂલમ ગુજારવા માંડયો, કેમકે તે રાજા પોતાના તાબાના દેશમાં વસનારાં બધાં માણસોને શૈવમત મનાવવાની કોશિશ કરતો હતો. એ કારણથી રામાનુજ ત્યાંથી નાશી મ્હેસૂરના જૈન રાજા પાસે ગયા, અને તે રાજાની દીકરીના અંગમાં ભૂત ભરાયું હતું તેને

કાઢવાથી રાજા વૈષ્ણવ થયો. એ આચાર્યનો કાળ થયા પહેલાં એમના ભક્તોએ સાતસે મઠ બાંધેલા કહેવાયછે. એમાંના ચાર આજ-પર્યંત રહ્યાછે.

**રામાનંદ ઈ૦ સ૦ ૧૩૦૦--૧૪૦૦.**—રામાનુજ સ્વામીની પછી તેમની ગાદીએ બેસનાર પાંચમા આચાર્ય રામાનંદ હતા. એમણે તેમના મત ઉત્તર હિંદમાં ફેલાવ્યા. એમની રહેવાની મુખ્ય જગા કાશીમાં એક મઠમાં હતી, પણ ત્યાં હમેશા પડી ન રહેતાં દેશેદેશ પ્રવાસ કરી એણે વિષ્ણુ એક અદ્વિતીય પરમેશ્વર છે એવો બોધ કર્યો. એણે બાર મુખ્ય શિષ્યો ઠરાવ્યા. તેઓ બ્રાહ્મણ કે ક્ષત્રિય નહોતા, પણ નીચવર્ણ હતા. તેઓમાંનો એક ચમાર હતો, એક હજામ હતો, અને જે સર્વથી વધારે પ્રખ્યાત થયો તે શાળવીનો છોકરો કહેવાતો હતો. રામાનુજે મુખ્યત્વે શુદ્ધ આર્ય જ્ઞાતિઓને ઉપદેશ કર્યો અને ગ્રંથો બ્રાહ્મણોની (સંસ્કૃત) ભાષામાં લખ્યા. રામાનન્દે સાધારણ લોકોને બોધ કર્યો અને તેના માર્ગનાં પુસ્તકો લોકની (હિંદી) ભાષામાં રચાયાં છે. ચાલતી હિંદી ભાષામાં સુધારો થયોછે, તે કંઇક ભાગે ગામડીઆ લોકનાં ગીત વડે, કંઈક ભાગે રજપૂત દરબારોના ભાટ ચારણનાં વીરરસ કવિતા વડે થયોછે, પરંતુ ઘણે ભાગે તો નવા લોકપ્રિય વિષ્ણુમાર્ગનો બોધ કરવાને વિદ્યાની જરૂર જણાઈ તેથી થયોછે.

**કબીર. ઈ૦ સ૦ ૧૩૮૦-૧૪૨૦.**—રામાનંદના બાર ચેલામાંનો એક કબીર હતો, તેણે તેના મતને બંગાળામાં ફેલાવ્યા. તેના ગુરૂએ જેમ બધી હિંદુ નાતોને એક માર્ગમાં આણવાનો શ્રમ કર્યો તેમ તેણે ૧૫ મા સૈકાના આરંભને સુમારે હિંદુ અને મુસલમાન બેઉ દાખલ થઈ શકે એવો પંથ સ્થાપવાનો પ્રયત્ન કર્યો. હિંદમાં વસનારા માત્ર હિંદુજ નથી એ જોઈ કબીરે એવો સામાન્ય ધર્મ સ્થાપવાની કોશિશ કરી. તેના સમ્પ્રદાયના ગ્રંથોમાં માન્યુંછે કે હિંદુનો પરમેશ્વર છે તેજ મુસલમાનનો અલ્લા છે. તેનું સામાન્ય નામ અંતર્યામી છે, પછી તેને મુસલમાનના અલી નામે સેવો કે હિંદુના રામ તરીકે ભજો. કબીરપંથના શાસ્ત્રમાં લખ્યું છે કે 'અલીએ અને રામે કૃપા કરી આપણને જીંદગી આપીછે, અને તેથી આપણે પણ બધા જીવ ઉપર સરખી

રહેમ કરવી જોઈએ..... હિંદુ દર અગિયારશે અપવાસ કરેછે; મુસલમાન રમઝાનમાં કરેછે. તમે એને માન્ય કરોછો તો બાકીના મહિના અને દહાડા કોણે કર્યા? ... હિંદુના ઈશ્વરની નગરી (વારાણસી કે કાશી) પૂર્વમાં છે. મુસલમાનના અલ્લાનું શહેર (મક્કા) પશ્ચિમમાં છે; પરંતુ તમારૂં પોતાનું હૃદય તપાસો, કેમકે મુસલમાન અને હિંદુ એ બેઉના પરમેશ્વર તેમાં છે. જ્યાં જુઓ ત્યાં બધામાં એકજ છે. દુનિયાનો જે માલિક છે તેજ અલીને પૂજનારાનો તેમજ રામને પૂજનારાનો પિતા છે. તે મારો રસ્તો દેખાડનાર છે, તે મારો ગુરૂ છે."

**ચૈતન્ય. ઈ૦ સ૦ ૧૪૮૫-૧૫૨૭.**—ચૈતન્યનો જન્મ સને ૧૪૮૫ માં થયો. બંગાળા અને ઓરિસ્સા દેશોમાં એણે જગન્નાથની ભક્તિની જોડે વૈષ્ણવ મતોનો ફેલાવો કર્યો. એની આખી જીંદગીમાં અદ્ભુત વાતો અને ચમત્કારો થયા છે. ચારસેં વર્ષ થયાં તે વિષ્ણુનો અવતાર મનાઈ પૂજાયછે. એનું જન્મચરિત્ર એના વિષેની દંતકથાઓથી એટલું બધું ભરપૂર છે કે તેમાંથી તે આચાર્યની ખાનગી હકીકતો વિષે આપણે થોડુંજ જાણીએ છીએ. માત્ર એટલું જાણવામાં આવ્યું છે કે તે બંગાળાના નદીઆ ગામમાં વસનારા કોઈ બ્રાહ્મણનો પુત્ર હતો. જુવાનીમાં કોઈ પ્રખ્યાત ભક્તની બેટીને તે પરણ્યો હતો. ચોવીસ વર્ષે સંસારત્યાગ કરી ગૃહસ્થાશ્રમ તજી ઓરિસ્સા દેશમાં ગયો અને ત્યાં પોતાનો બાકીનો ભવ ધર્મબોધ કરવામાં ગાળ્યો. ઈ૦ સ૦ ૧૫૨૭ માં તે અદૃશ્ય થયો, તોપણ એના મતની પુરતી સાબીતી મળેછે. તેનો અભિપ્રાય એ હતો કે બધા આદમી ભક્તિ કરી શકે, અને સઘળી નાતો ભક્તિથી સરખી શુદ્ધ થઈ શકેછે. સંપૂર્ણ આસ્થા અને નિરંતરભજન એ તેના પંથનો મુખ્ય બોધ હતો. પૂજનક્રિયાથી નહિ પણ ધ્યાનવડે મોક્ષમાર્ગ મળે. ધર્મગુરૂની આજ્ઞા માનવી એ તેના પંથનું એક મુખ્ય લક્ષણ છે. પરંતુ તેણે પોતાના શિષ્યોને તાકીદ આપી છે કે ગુરૂઓને બીજા પિતા માની પૂજ્ય ગણવા, દેવપ્રમાણે પૂજવા નહિં. હિંદના બીજા બધા ધર્મમાર્ગોની પેઠે એના સંપ્રદાયની મોટી મતલબ પણ આત્માની મુક્તિ છે. પૃથક્ જીવનો નાશ એ મુક્તિ નથી, પણ દેહના કલંક, ખામી અને દુષ્ટવાસનાથી તદન છુટાં થવું તેજ મુક્તિ છે એવું તેનું મત હતું.

**ચૈતન્યપંથ.**—એ પંથમાં દરેક નાતના માણસો છે, તોપણ જે ગોસાંઇઓ ચૈતન્યના પ્રથમ શિષ્ય હતા તેમના વંસજોનો અમલ તેઓ માનેછે. એ પંથમાં કુંવારા અને પરણેલા બેઉ દાખલ થઇ શકેછે. બ્રહ્મચારીઓ, અને ભીખ માગતા ફરનારા વેરાગીઓ એ માર્ગમાં છે, તોપણ એના ધર્મોપદેશકો ઘણુંકરીને પરણેલા માણસો છે. તેઓ વિષ્ણુના અવતાર કૃષ્ણના મંદિરની આસપાસ જથાબંધ બાંધેલાં ઘરોમાં પોતાના બૈરાં છોકરાં સાથે રહેછે; અને એરીતે ઓરિસ્સામાં એ માર્ગના મૂળ સ્થાપનાર ચૈતન્યનો ભક્તિ પ્રત્યેક કુટુંબમાં કરવામાં આવેછે. જમીનદારો પોતાના કુટુંબને સારૂ બંધાવેલાં અને ચૈતન્યને અર્પણ કરેલાં મંદિરોમાં નિત્ય તેની પૂજા અને તેનું ભજન કરે છે. એના મરણ પછી એના પંથમાં એક પેટા પંથ નીકળ્યો તેમાં સ્ત્રીઓ પોતાની મેળે આત્મજ્ઞાન મેળવી શકેછે એવો બોધ કર્યો છે. એના મઠમાં કુંવારા બાવા અને કુંવારી બાવીઓ રહે છે. બાવીઓ માથે એક લટ રાખી બાકીનો ચોટલો મુંડાવે છે. બાવા અને બાવીઓ ભેગાં મળી વિષ્ણુ અને ચૈતન્ય એ બંનેની સ્તુતિનાં ભજન ગાય છે અને ગાતાં ગાતાં નાચે છે. સંસારમાં રહેલાં બૈરાંને ભણાવવાં એ બાવીઓની ફરજ છે એવું તેમના માર્ગમાં ખરેખરૂં જણાવ્યું છે. બંગાળામાં સારાં કુટુંબોની સ્ત્રીઓને ભણાવવા સારૂ ઘણા વખત લગી જનાનામાં માત્ર તેમનેજ દાખલ કરવામાં આવતી. આજથી પચાસ વર્ષ પહેલાં સ્ત્રી કેળવણીનો સુધારો તેમણે દાખલ કર્યો; અને તેઓ સારી કેળવણી આપતી હતી તેથી એ પંથ કલકત્તામાં ફેલાયો.

**વલ્લભસ્વામી.** આસરે ઇ૦ સ૦ ૧૫૨૦.—ચૈતન્યના મરણ પછી વિષ્ણુભક્તિની ક્રિયા નબળી પડવા માંડી. ઇ૦ સ૦ ૧૫૨૦ ને સુમારે ઉત્તર હિંદમાં વલ્લભસ્વામી એવો બોધ કરવા લાગ્યા કે જીવાત્માના કલ્યાણને માટે તપ કે કાયાકષ્ટની ગરજ નથી; હરિ મળવાને માટે નાગા અને ભૂખ્યા રહેવાની કે અરણ્યમાં વસવાની જરૂર નથી; તે તો પુષ્ટિમાર્ગમાં એટલે સંસારના સુખભોગમાં સહી મેળવી શકાય છે. રાધાકૃષ્ણને પૂજનાર એક ધનવાન પંથ જૂના વખતથી ચાલતો હતો.

રાધાકૃષ્ણના લલિત પ્રેમનો અર્થ ગુહ્ય છે એવું બેશક કહેવામાં આવેજ. બાળગોપાળ એટલે નાનો ગોવાળીઓ એ રૂપે કૃષ્ણની ભક્તિ હિંદુ સ્ત્રીઓને એથી વધારે પ્રિય છે. 'બાળદેવ' (ઇસુખ્રિસ્ત) ની ખ્રિસ્તી પૂજાની અસર અજાણપણે થવાથી કદાચ એવી પૂજા નીકળી હોય ખરી. મોક્ષનુ પૂર્ણ સાધન ભક્તિ કે શ્રદ્ધા છે એમ કૃષ્ણને પૂજનારા પંથોમાં વધારે મનાતુ જાય છે; એ પણ હિંદુધર્મપર થયલી ખ્રિસ્તી ધર્મની બીજી અસર હોઈ શકે.

**કૃષ્ણની ભક્તિ.**—ભોગવિલાસવાળા વૈષ્ણવ ધર્મનો ઉપદેશ કરનાર વલ્લભસ્વામી હતા. દિવ્ય બાળ કૃષ્ણરૂપે વનમાં ક્રીડા કરનાર કે કુંજબિહારી (વિહારી) ગોવાળ રૂપે અવતરેલા વિષ્ણુની ભક્તિનો ખાસ ઉપદેશ એણે કર્યો હતો. ઘટાદાર કુંજ, સુન્દર નારીઓ, શ્રેષ્ઠ ભોજન અને ઉષ્ણ દેશમાં વસનારા લોકના ભોગવિલાસની વૃત્તિને ખીલવે તે સર્વ એ સેવામાં ભેળ્યું છે. એના પૂજનવિધિમાં દરરોજ આઠ સેવા છે, ને તેમાં સુંદર કિશોર કૃષ્ણની મૂર્તિને લાડથી નવરાવે છે, અત્તર લગાડે છે, સુશોભિત શૃંગાર અને વસ્ત્ર પહેરાવેછે, ને ઘણા કીમતી ભોગ ધરાવેછે. એની પૂર્વે થઈ ગયેલા વૈષ્ણવ આચાર્યોના સેવકો એકાંત મઠમાં રહેતા, જુજ વસ્ત્ર પહેરતા, અને ભિક્ષાવડે નિર્વાહ કરતા. પરંતુ વલ્લભ કુળના ગુરૂઓ કીમતી વસ્ત્રાલંકાર સજી ફુલેલ તેલ અને સુગંધીદાર કપુર ચંદન વિગેરે લગાડી સેવા કરે છે. મહારાજો વણકર હજામ કે ચમાર લોકને પોતાના પંથમાં લેવાની કોશિસ કરતા નથી; પણ આ ભવ સુખ ભોગવવાને માટે છે અને તીર્થયાત્રા એ નવરાશના વખતમાં મઝા મારવાને સારૂ વેપારની જોગવાઇને કાજે જરૂરની છે, એવું માનનારા સાહુકારો અને વેપારીઓને માંહે લેવાનો યત્ન કરેછે.

**હિંદુઓનું ધર્મબંધન.**—જેમ જ્ઞાતિભેદવડે હિંદુલોકના સંસારવહેવારનો પાયો ચણાયો છે, તેમ શિવની અને વિષ્ણુની પૂજાને લીધે તેમના ધર્મનુ બંધારણ થાય છે. હિંદુધર્મનું ખરૂં મૂળ તો વેદ છે, અને તે ઈશ્વરે આપેલુ પ્રમાણ ગણાય છે. પણ આપણે જોયું કે વહેવારમાં ચાલતો હિંદુધર્મ ઘણાં મૂળમાંથી નીકળ્યો છે. એ સઘળા જુદા

જુદા મૂળોના ભળાથી વિષ્ણુભક્તિ અને શિવભક્તિ નામે બે માર્ગો ઉત્પન્ન થયા છે, તે લોકમાં વધારે મનાય છે. મસ કેળવાયેલો બ્રાહ્મણ શુદ્ધ એકેશ્વરી મતનો છે; ઓછો કેળવાએલો બ્રાહ્મણ ઈશ્વર શક્તિના કોઈ રૂપને પસંદ કરી તેને પોતાના ઇષ્ટદેવતા તરીકે પૂજેછે. સ્થિતિનું અને ફરી ઉત્પત્તિનું મૂળ હોવાથી, તથા નવા ભવમાં દાખલ કરનાર તરીકે આવકાર આપવા યોગ્ય ને ભયરહિત મૃત્યુનું ચિન્હ હોવાથી શિવ પોતાના ઉંડા તત્ત્વસ્વરૂપમાં માલૂમ પડેછે; તેથી સાધારણ બ્રાહ્મણો ખાસ કરીને દક્ષિણમાંના એને ઇષ્ટદેવ માને છે અને તેના લિંગને અદૃશ્ય પરમેશ્વરનું ચિન્હ ગણેછે. મધ્યમ વર્ગના લોકો અને વેપારી મંડળ વિષ્ણુના કોઈ અવતારને ભજે છે. નીચ વર્ણો સંહાર કરનાર શિવને કે ભયંકર કાળી જેવા તેના કોઈ નારીરૂપને આરાધેછે. પણ ઘણું કરીને દરેક કેળવાયેલો હિંદુ સમજે છે કે પોતપોતાનો ઇષ્ટદેવજ પૂજ્ય છે, અને એવા પસંદ કરેલા સ્વરૂપવડે તે પરમેશ્વરને ભજેછે.

# प्रकरण १ मुं.

## પ્રથમ આવેલા વિજયી મુસલમાનો. ઈ. સ. ૭૧૪—૧૫૨૬.

**હિંદુધર્મપર મુસલમાન લોકે કરેલી અસર.**—ઈ. સન ૧૦૦૦ ને સુમારે મુસલમાની જીત રૂપી જુવાળ ચડવા લાગ્યો તેમાં હિંદુ ધર્મે ડબકાં ખાધાં પણ ડૂબી ગયો નહિ. દક્ષિણ હિંદના ઘણા ખરા લોક હજી લગી હિંદુ છે. દેશી રાજ્યોના અધિપતિઓની સંખ્યાનો બહુ વધારે મોટો ભાગ હજુએ બ્રાહ્મણોની સત્તા નીચે છે. પણ વાયવ્ય બાજુમાં વસનારા લોકની સંખ્યાનો આસરે એક તૃતીયાંશ ભાગ મુસલમાન ધર્મ માનેછે. સવારી રૂપી પહેલાં મોજાં હમેશ એ બાજુપર આવતાં. ગંગાના પ્રદેશના ઉપલાણના ભાગમાં કેટલીક મુસલમાની રાજ્યધાનીઓ એક પછી એક થઈ ગઈ છે. નીચલા બંગાળાના ભેજવાળા પ્રદેશના અસલ વતનીઓમાંના ઘણાખરાએ મુસલમાન ધર્મ કબૂલ કર્યો છે. હિંદની કુલ વસ્તી ૨૮ કરોડ ને ૮૦ લાખ છે, તેમાં હાલ ૫ કરોડ ૭૦ લાખ મુસલમાન છે.

**પ્રથમ થયેલા મુસલમાન રાજ્યવંશો, ઈ. સ. ૭૧૪—૧૫૨૬.**—મુગલાઈ રાજ્યનો ઉદય થયો તેની પહેલાં ઉત્તર હિંદમાં પ્રથમ જે મુસલમાનોએ જીત કરી તેઓ વિષે આ પ્રકરણ છે. પરંતુ હિંદના મધ્ય યુગના ઇતિહાસમાં એક પછી એક મુસલમાની રાજ્યવંશો થઈ ગયા છે તે સર્વની અહિં સનવાર યાદી આપવી અનુકૂળ જણાય છે.

## હિંદમાં જીત કરનારા મુસલમાનો અને મુસલમાની રાજકુળોની સનવાર સંક્ષેપ નોંધ ઈ. સ. ૧૦૦૧—૧૮૫૭.—

૧. ગીજનીવંશ (તુર્કી). ૧૦૦૧-૧૧૮૬ મહમુદ ગજનવીથી સુલતાન ખુશરૂ સુધી.

૨. ઘોર વંશ (અફગાન). ૧૧૮૬-૧૨૦૬ સૂધી મુહમદ ઘોરી (શાહ-બુદ-દીન).

૩. ગુલામ સુલતાનો (મુખ્યત્વે તુર્કી). ૧૨૦૬-૧૨૯૦ કુતુબઉદ-દીનથી બલબન અને કૈકુબાદ સૂધી.

૪. ખીલજી કૂળ. ૧૨૯૦-૧૩૨૦.

જલાલ-ઉદ-દીનથી નાસિર-ઉદ-દીન ખુશરૂ સુધી.

૫. તઘલક કુળ. (પંજાબી તુર્કી)

૧૩૨૦ ઘીઆસ-ઉદ-દીન તઘલક.

૧૩૨૫ મુહમ્મદ તઘલક.

૧૩૫૧ ફિરૂજ તઘલક.

૧૪૧૪ એ વંશનો અંત.

૧૩૯૮ (તિમુર [તેમર્લેન] ની સરદારી નીચે મુગલો ૧૩૯૮-૯૯ માં ચઢી આવ્યા તેમના ગયા પછી પંદર વરસ લગી છેલ્લા તઘલક સુલતાનના વખતમાં અને ૧૪૧૪ માં સય્યદોને હાથ અમલ આવ્યો ત્યાં સુધી અંધેર.)

૬. સય્યદો.

૧૪૧૪-૧૪૫૦ દિલ્હીના રાજ્યનો ઓછો થઈ ગયેલો અધિકાર.

૭. લોદી વંશ (અફગાન).

૧૪૫૦-૧૫૨૬ નબળા રાજઅમલ સ્વતંત્ર રાજ્યો થાય છે.

૮. તિમુરનો વંશ (મુગલ).

૧૫૨૬-૧૫૩૦ બાબર.

૧૫૩૦-૧૫૫૬ હુમાયુન.

(૧૫૪૨ માં બંગાળાના અફઘાન હાકિમ શેરશાહે હુમાયુનને હિંદમાંથી કાઢી મુક્યો અને પછી તેના અફગાન વંશે ૧૫૫૫ લગી અમલ કર્યો.)

૧૫૫૬-૧૬૦૫ મહાન અકબર.

૧૬૦૫--૧૬૨૭ જહાંગીર.

૧૬૨૮--૧૬૫૮ શાહજહાન પદભ્રષ્ટ થયો.

૧૬૫૮-૧૭૦૭ ઔરંગઝેબ કે આલમગીર ૧લો.

૧૭૦૭-૧૭૧૨ બહાદુરશાહ કે શાહ આલમ ૧ લો.

૧૭૧૨ જહાંદાર શાહ.

૧૭૧૩-૧૭૧૮ ફરૂખશિયર.

૧૭૧૯-૧૭૪૮ મુહમ્મદ શાહ (બે બાળ પાદશાહોના પછી) (ઈરાની નાદિરશાહની ચઢાઈ ૧૭૩૮-૧૭૩૯).

૧૭૪૮-૧૭૫૪ મુહમ્મદશાહનું મરણ અને અહમદશાહનું ગાદીએ બેસવું. ૧૭૫૪ માં પદભ્રષ્ટ થયો.

૧૭૫૪-૧૭૫૯ આલમગીર રજો (અહમદશાહ દુરાની અફગાને હિંદપર કરેલી છ સવારીઓ ૧૭૪૮થી ૧૭૬૧).

૧૭૫૯-૧૮૦૬ શાહઆલમ રજો નામનો પાદશાહ.

૧૮૦૬-૧૮૩૭ અકબર રજો નામનો પાદશાહ.

૧૮૩૭-૧૮૫૭ મુહમ્મદ બહાદુરશાહ નામનો પાદશાહ. સત્તરમો અને છેલો મુગલ પાદશાહ ૧૮૫૭ ના બળવાની સંમતી આપનાર. રંગુનમાં રાજકેદી રાખેલો ત્યાં ૧૮૬૨ માં મરણ પામ્યો.

**મુસલમાની કે ઈસ્લામી ધર્મનો ઉદય.**—બૌદ્ધ માર્ગને હઠાવી હિંદમાં હિંદુધર્મ જામતો હતો તેવામાં અરબસ્તાનમાં નવો પંથ ઉઠયો હતો. હજરત મુહમંદે વિજયી ધર્મ ઉત્પન્ન કર્યો. એ પેગમ્બરનો જન્મ ઈ૦ સ૦ ૫૭૦ માં થયો અને એનો કાળ ૬૩૨ માં થયો. તેના મુઆ પછી સો વરસમાં મુસલમાનોએ હિંદુકુશ સુધી વસનારી એશિયાની પ્રજાઓપર સ્વારીઓ કરી; અહિં તેમને થોભવું પડ્યું; ભરતખંડનો ધનવાન મૂલક લુંટવી લેઈ પોતાને વશ રાખી શકવા જેટલું બળ મેળવવાને ઈસ્લામી ધર્મને બીજાં ત્રણસેં વરસ લગી પોતાની સત્તા બરાબર જમાવવા મંડવું પડ્યું. પણ પહેલેથીજ અરબોએ એ માતબર મુલકપર પોતાની નજર ઘાલી હતી, અને કવખતની કેટલીક સ્વારી કરી પાછળથી ભારે ઝગડા થયા તેની ચેતવણી આપી હતી.

**સિંધ ઉપર આરબોની સ્વારીઓ.**—ઈ૦ સ૦ ૬૪૭ થી ૮૨૮ સુધી. પેગમ્બર સાહેબના મરણ પછી પંદર વરસે ઉસ્માને મુંબઈ ઈલાકાના કાંઠાપર આવેલાં થાણા અને ભરૂચપર દરીઆઈ કાફલો મોકલ્યો (ઈ૦ સ૦ ૬૪૭). ૬૬૨માં અને ૬૬૪ માં સિંધ ભણી લૂટ કરવાને સવારીઓ ગઈ, પણ તેમાં કાંઈ વળ્યું નહિ. પરંતુ કોઈ હિંદી બંદરમાં અરબી વહાણ કબજે કર્યું હતું તેની નુકસાની ભરી લેવાને ૭૧૨માં જુવાન કાસમ સિંધ ઉપર ચઢયો. મોટો જય મેળવી તેણે સિંધુના પ્રદેશમાં થાણાં બેસાડ્યાં; પણ ત્યાંથી આગળ વધવાનો આધાર એ સરદારની પંડની હિમ્મત ઉપર હતો, માટે ૭૧૪માં તેનું મોત થવાથી મુસલમાનોથી આગળ જવાયું નહિ. છેદપર આવેલા હિંદુઓની બહાદુરી જોઈને દુશ્મનો ચકિત થયા. એક ગઢની રજપૂત ફોજે તાબે થવા કરતાં સમૂળ કપાઈ મરવાનું વધારે પસંદ કીધું. તેમણે મોટી ચિતા ખડકીને સળગાવી, અને તેમાં તેમનાં બૈરાં છોકરાં પોતાની મેળે બળી મુઆં. પછી રજપૂતો નાહી ધોહી એકમેકને છેલ્લા રામરામ કહી કિલ્લાના દરવાજા ઉઘાડી બહાર આવ્યા, અને ઘેરો ઘાલનારા મુસલમાનો ઉપર ધશી એકેએક રણમાં પડ્યા. એવું કહેવાય છે કે ૭૫૦ માં રજપૂતોએ મુ-

સલમાન હાકેમને હાંકી કાઢ્યો. પણ ઈ૦ સ૦ ૮૨૮ લગી હિંદુઓને હાથ સિંધ દેશ પાછો આવ્યો નહતો.

**મુસલમાનો જીતવા આવ્યા તે વખતનો ભરતખંડ.**—પંજાબમાં પગ મૂકવાનું ઠેકાણું મળ્યું ત્યાર પહેલાં ઈસ્લામી લશ્કરોએ પોતાની બીજના ચંદ્રવાળી ધજાને હિંદુકુશથી પશ્ચિમે એશિયામાં, આફ્રિકામાં અને દક્ષિણ યુરોપમાં દૂરના સ્પેન તથા ગાલ (ફ્રાન્સ) દેશો સુધી લઈ જઈ ફરકાવી હતી. પણ સિંધના રાજપુત્રોની હમણા વર્ણવી તેવી બીજી હિંદની જાતોની હિમત અને હિંદુ રાજ્યોનાં લશ્કરની સારી ગોઠવણીને લીધે પંજાબમાં દાખલ થતાં તેમને આટલી બધી વાર લાગી હતી. વિંધ્ય પર્વતની ઉત્તરે આવેલી મોટી નદીઓના વિશાળ પ્રદેશોમાં, ત્રણ નોખાં રાજમંડળો હતા. વાયવ્ય કોણે સિંધુના બધા પ્રદેશોમાં અને જમનાને ઉપલાણે આવેલા પ્રાંતોમાં રજપૂત રાજા રાજ કરતા હતા. સંસ્કૃત ભાષાના જૂના કાળના મધ્ય દેશોમાં કેટલાંક જબરાં પટાવત રાજ્યો હતાં, અને તેઓનો ઉપરી કનોજનો રાજાધિરાજ હતો. ગંગાના નીચલાણના પ્રદેશમાં બિહાર અને તેનાથી નીચેના કેટલાક પ્રાંતોમાં આ વખતે પાલ કે બૌદ્ધ મતના રાજ્યવંશો અમલ કરતા હતા. એમનાં નામો કાશીથી માંડી બંગાલી ડેલ્ટાના ધાડાં જંગલોવાળાં નાના ગામડાંઓમાં હાલ માલૂમ પડે છે. હિંદના ઉત્તર અને દક્ષિણ એ બે અર્દ્ધ ભાગોની વચ્ચે વિંધ્યનાં વન અને પહાડોરૂપી કોટ આવ્યાં છે. એના પૂર્વ અને મધ્ય ભાગોમાં વિકરાળ પહાડી જાતો વસતી હતી. તેને પશ્ચિમ છેડે મુંબઈ ઈલાકાના કાંઠાભણી માળવાનું હિંદ રાજ્ય હતું. એ રાજ્યમાં વિક્રમાદિત્યની વિદ્યા સંબંધી મોટી મોટી વાતો ચાલતી હતી, અને ત્યાં પુષ્કળ પટાવત યોદ્ધા હતા. વિંધ્યની દક્ષિણના હિંદમાં કેટલાક શૂરવીર રાજા રાજ્ય કરતા હતા. તેઓ મુખ્યત્વે અનાર્ય હતા, અને ચેરા, ચોલા, અને પાંડ્ય નામે અર્ધાં હિંદુ કે અર્ધાં બુદ્ધ મહાન્ રાજાઓની હકુમત નીચે જેવા તેવા બંધનમાં રહેતા હતા.

**હિંદુ લોકની અટકાવ કરવાની શક્તિ.**—ચઢી આવનાર પરદેશીની સામા થવાને સંપ કરવાની કેટલીક શક્તિ ઉત્તર અને દક્ષિણ

તરફના દરેક રાજ્યમંડળમાં હતી; અને એ મંડળોની અને તેમાંના છૂટક છૂટક રાજાની મોટી સંખ્યાને લીધે તેમને જીતવાનું કામ થકવી નાંખે ને કઠણો આપે તેવું હતું; કેમકે ઉપરી કે ચક્રવર્તી મહારાજાને જીત્યા પછી તેના તાબાનાં દરેક રાજ્યમંડળ અને તેમાંના દરેક રાજાને છૂટક છૂટક જીતવાનું કામ બાકી રહેતું. તેમજ પાછળથી બળવો ઊઠાવવાને દરેક મંડળની આસપાસ સઘળા સહેલાઇથી ભેગા થતા. ૭૧૧ માં સિંધમાં જ થુનો મુસલમાની રાજ્યવંશ સ્થાપવાનો ભારે પ્રમત્ન કરવામાં આવ્યો તે કેવો નિષ્ફળ ગયો એ પાછળ કહેવામાં આવ્યું છે. ત્રણુમેં વરસ પછી વાયવ્ય કોણથી મુસલમાનોની એક પછી એક ઘણી સવારીઓ થઇ તેથી બહુ મહેનત વડે ઇ૦ સ૦ ૯૭૭ અને ૧૧૭૬ ની વચે સરહદપર આવેલા પંજાબ પ્રાંતનો થોડો ભાગ માત્ર ખાલસા કરી શકાયો. દક્ષિણ હિંદમાં સને ૧૫૬૫ માં તાલિકોટનો સંગ્રામ થયો, ત્યાં સુધી હિંદુબળ પૂર્ણ તુટ્યું નહતું, અને ત્યાર પછી સોવરસની અંદર ૧૬૫૦ માંતો હિંદુસ્તાનને ફરી તારવી લાવવાના મોટા પ્રયત્નનો આરંભ થયો. જોડાયલાં મરાઠી રાજ્યોને હાથે હિંદની મુગલ પાદશાહીને તોડી પાડનારો એ પ્રયત્ન હતો. ઇ૦સ૦ ૧૫૫૬થી ૧૬૦૫સુધીમાં અકબરે હિંદુ રાજારાણા અને રાજનીતિ જાણનાર પુરૂષોને રાજકાજમાં સામિલ કરવાની રાજ્યરીતિ ચલાવી તેથીજ માત્ર ઉત્તરમાં તે પાદશાહી મજબુત થઇ હતી. અકબરને હાથ અમલ આવ્યો ત્યાં સુધી અને તેની કારકીર્દીના પહેલા ભાગમાં મુસલમાની રાજ્યનું ઉપરીપણું રજપૂતોએ કબુલ ન કરી કેટલીકવાર ઝઘડા મચાવ્યા હતા. અકબરના મરણ પછી બસેંથી ઓછાં વરસમાં તેની ગાદી ઉપરનો મુગલ પાદશાહ દિલ્હીમાં મરાઠા હિંદુના હાથમાં પૂતળું અને કેદી બનેલો હતો.

**મુસલમાનોની જીત માત્ર અપૂર્ણ અને ટુંકી મુદતની હતી.**—મુસલમાનોએ હિંદનો કબજો સહેલથી કર્યો એવી લોકમાં ચાલતી ધારણા ઇતિહાસમાં નોંધાયલી હકીકતોથી ઊલટી છે. ઇ૦ સ૦ ૬૪૭ માં ઉસમાને લૂટ કરવાને મોકલેલી સવારીથી તે ૧૭૬૧ માં અહમદશાહે વંટાળીઆની પેઠે આવી દેશને વેરાન કર્યો ત્યાં લગીના અગીઆરસેં વરસમાં મુસલમાનોએ એક પછી એક ઘણી વાર ચઢાઇઓ

કરી અને થોડા થોડા મૂલક જીત્યો. મધ્ય એશિઆની ઢોરમારૂ જાતોનાં પૂર અગ્નિકોણમાં વહિ આવેલાં તે આ સવારી રૂપે હિંદના ઇતિહાસમાં દેખાય છે. પ્રજાઓને ઉછરવાના એજ મોટા સ્થળમાંના હુણ, તુર્ક અને બીજી તાતાર જાતોનું એજ પ્રમાણે પશ્ચિમ ભણી જવું થયું તે યૂરોપના આગલા જમાનાની તવારીખોમાં નજરે પડેછે. કોઈ કાળે આખા ભરતખંડની જીત ઈસ્લામી ધર્મે કરી નથી. હિંદુરાજ્યવંશોનો અમલ વિશાલ પ્રદેશોપર સદૈવ ચાલતો હતો. મુસલમાની બળ પૂર્ણ કળાએ હતું ત્યારે હિંદુ રાજા ખંડણી આપતા અને પાદશાહી દરબારમાં વકીલ મોકલતા. આવા પ્રકારની મુગલ રાજ્યની ચઢતી દોઢસો વરસ પણ ટકી નહિ. (૧૫૬૦-૧૭૦૭). એ ટુંકી મુદતની આખર પહેલાં તો ફરી જીતવાનું કામ હિંદુઓએ શરૂ કર્યું હતું. રજપૂત સંસ્થાનના દેશી યોદ્ધા અગ્નિકોણથી દેશ દબાવતા દિલ્હી ભણી આગળ વધવા લાગ્યા હતા. વાયવ્યમાં શીખધર્મ માનનારાં સંસ્થાનો સંપ કરી લશ્કરી બળવાળું રાજ્ય ઉભું કરવા મંડ્યાં હતાં. મરાઠી રાજ્યમાં નીચલી નાતોનું લડવાનું બળ તથા બ્રાહ્મણોની રાજકારભાર ચલાવવાની શક્તિ એ બે જોડાયાં હતાં, અને હિંદનાં બધાં મુસલમાની રાજ્યો પાસેથી મરાઠા ખંડણી લેતા હતા. હાલ જેટલી અટકળ કરી શકાય છે, તે પરથી એમ જણાય છે કે ચાલતા સૈકાના આરંભમાં ઇંગ્રેજી સત્તાના જામવાથીજ મુગલાઈ બાદશાહી હિંદુઓને હાથ પાછી ગઈ નહિ.

**પહેલી તુર્કી સવારીઓ—સબક્તિગીન, ઈ૦ સ૦ ૯૭૭.**—પંજાબને સીમાડે હિંદુ અને ઈસ્લામ ધર્મો પહેલવહેલા બાઝ્યા તેમાં હિંદુ લોકની છેડણી હતી. પઠાણ ( અફગાન ) લોક ધાડ પાડતા હતા તેથી ખીજવાઈ લાહોરના હિંદુરાજા જયપાળે ઈ૦ સ૦ ૯૭૭ માં અફગાનિસ્તાનમાં આવેલા ગજનીના મુસલમાની રાજ્યપર સવારી કરી. ત્યાંના સુલતાન સબક્તિગીન અને તેની વચ્ચે સખત યુદ્ધ ચાલતું હતું, તેવામાં બહુ ભારે વાવાઝોડું થયું તેનો લાભ લઈ સુલતાને હિંદુરાજાનો પાછા જવાનો માર્ગ રોક્યો. પચાસ હાથી આપ્યા, અને છુટકારાને સારૂ દંડના દશ લાખ દરહામ ( અઢી લાખ રૂપીઆ ) પાછળથી મોકલવવાનું વ-

ચન દેવાથી સબક્તિગીને રાજાને પાછો જવા દીધો. એવી દંતકથા ચાલે છે કે જયપાળ પાછો લાહોરમાં આવ્યો તે વારે જમણે હાથે ઊભેલા બ્રાહ્મણોએ તેને સલાહ આપી કે મ્લેચ્છને દંડના રૂપીઆ આપવાથી નામોશી લાગશે માટે ન આપવા અને ડાબે હાથે ઊભેલા ઠાકોરોએ અને ક્ષત્રી રાવરાણાઓએ વિનંતિ કરી કે આપેલું વચન પાળવું. અંતે સબક્તિગીને એ દંડ વસૂલ કરવાને પહાડોની વાટે ચઢી આવી જયપાળને હરાવ્યો, અને પેશાવરમાં અફગાન સરદારના હાથ નીચે દશ હજાર સવારોનું થાણું બેસાડ્યું (ઈ૦ સન ૯૭૭). ત્યાર કેડે થોડા વખતમાં સબક્તિગીનને મધ્ય એશિઆમાં યુદ્ધે જવું પડ્યું, તેથી તેની સવારીના પરિણામ દાખલ આ બહારનું થાણું માત્ર હિંદમાં પાછળ રહેલું હતું. પણ એ વખતથી પઠાણોને હાથ ખાઈબર ઘાટનાં બંને નાકાં આવ્યાં.

**મહમુદ ગજનવી, ૧૦૦૧—૧૦૩૦.**—સને ૯૯૭ માં સબક્તિગીન મરી ગયો, અને તેની ગાદીએ તેનો ૧૬ વરસનો પુત્ર ગજનોનો મહમુદ બેઠો. એ શૂરા સુલતાને તેત્રીસ વરસ રાજ્ય કર્યું, અને પિતાના નાના અફગાન રાજ્યની મર્યાદા પશ્ચિમે ઈરાનથી પૂર્વમાં પંજાબના અંદરના ભાગસુધી વધારી. ખૈબરઘાટની આથમણી દિશામાં પોતાની સત્તાને જમાવવા ચાર વરસ ગાળ્યા પછી તેણે પોતાની હિંદપર કરેલી સત્તર સવારીઓમાંની પહેલી ઈ૦ સ૦ ૧૦૦૧ માં કરી. એમાંની તેર ચઢાઈઓ પંજાબનો પશ્ચિમભાગ જીતવાને કરી. કાશ્મીરપર એક સવારી કરી તેમાં ફતેહ મળી નહિ અને બાકીની ત્રણ થોડા વખત પહોંચી, પણ તે જોસ્સાભરી હતી, અને કનોજ, ગ્વાલિયર, તથા સોમનાથ એ ત્રણ દૂરનાં શહેરો લૂટવાને કરી હતી. સરહદના લાહોર રાજ્યનો અધિપતિ જયપાળ ફરીને હાર્યો. બેવાર હારેલો રાજા રાજ્ય કરવાને હિંદુ રૂઢીપ્રમાણે નાલાયક ગણાતો. એ ચાલને અનુસરીને પોતાના કુંવરને રાજ્ય સોંપવાની ક્રિયા કરી જયપાળ રાજ્યવસ્ત્રો સહિત ચિતાપર ચઢી બળી મુઓ. એ તરફના એક બીજા રાજાએ શત્રુને તાબે ન થતાં પોતાની તરવાર વડે પોતાનો નાશ કર્યો. છઠ્ઠી સવારી (ઈ૦ સ૦ ૧૦૦૮ માં) કરી તે વેળા એની સામા લડાઈ કરવાના

અર્થમાં પોતાના ભરથારોને મદદ કરવાને ઉંચી કુળવાન નારીઓએ પોતાનાં ઘરેણાં ગળાવી આપ્યાં, અને ગરીબ બાયડીઓએ રૂ કાંતવાથી થયેલી કમાઈ ભરી. મોટું યુદ્ધ થયું તેમાં ઈસ્લામી ફોજનું નસીબ અણીપર આવી રહ્યું હતું. અયોધ્યા અને માળવા સુધીના હિંદુ ભૂપતિઓ ભેગા મળી લડવા આવ્યાછે એ જોઈ મહમુદે દહેશત ખાઈ પેશાવરની પાસે પોતાની છાવણીની આશપાશ ખાઈ ખોદાવી મોરચા બંધાવ્યા. એમાંથી એકવાર બહાર ધશી આવી રજપૂત સેનાપર છાપો માર્યો તેમાં તેની હાર થઈ અને વગડાઉ ધક્કર લોકે તેની છાવણીમાં ધુશી જઈ આસરે ચાર હજાર મુસલમાનોને વાઢી નાંખ્યા.

**સોમનાથનું ખેદાન મેદાન**, ઈ૰સ૰૧૦૨૪.—પરંતુ દરેક સવારીને અંતે હિંદમાં મુસલમાની સત્તાનું બળ વધતું ગયું. થાણેશ્વર અને નગરકોટ જેવાં હિંદુ દેવલોમાંથી મહમુદ બેસુમાર ધન હરી ગયો; અને સોળમી અને સર્વથી વધારે પ્રખ્યાત સવારી તેણે ગૂજરાતમાં આવેલા સોમનાથના દેવાલયપર કરી (ઈ૰ સ૰ ૧૦૨૪). ઘણાક સિપાઈની કતલ થવાથી તેની ફોજને કેટલીકવાર પાછા હઠવું પડ્યું; તોપણ અંતે સોમનાથ પાટણ તેને હાથ આવ્યું. પાંચ હજાર આદમીને મુએલા મુકી હિંદુ જોદ્ધા તેમાંથી નીકળી હોડીઓમાં બેશી સમુદ્રવાટે જતા રહ્યા. હિંદના જુદા જુદા ભાગોમાં બાર જ્યોતિર્લિંગ હતાં તેમાંનું એક એ સોમનાથનું પ્રસિદ્ધ લિંગ હતું. પણ મહમુદે 'મૂર્ત્તિખંડન કરનાર' એવો ઈલિકાબ ધારણ કરવાથી આ કાળના ફારસી ઈતિહાસ રચનારાઓએ તેની પવિત્ર ધર્મલાગણી જણાવવા સોમનાથની લૂટસંબંધી એક કહાણી ધીમે ધીમે જોડી છે. એ બનાવ બન્યો તે વખતના લખાયલા હેવાલમાં એ લિંગને અણઘડ પથરો કહ્યો છે. એ વાત ભુલી જઈ ફિરિસ્તા નામના તવારીખકર્તાએ જણાવ્યું છે કે મહમુદ દહેરામાં પેઠો ત્યારે પૂજારાઓએ અરજ કરી કે લિંગને સહીસલામત રહેવાદ્યો અને તેને બદલે બહુ ભારે રકમ આપીએ તે લો. મૂર્ત્તિના વેચનાર કરતાં મૂર્તિખંડન કરનારનું નામ મેળવવાને હું વધારે ચાહુંછું એમ બોલી મહમુદે પોતાની ગદાનો ઘા કરી લિંગને ફોડી નાંખ્યું. તત્કાળ તેના પેટમાંથી ઝવેરનો મોટો ખજાનો નીકળ્યો. પૂજારા બહુ ધન આપવા

માગતા હતા તેનું કારણ એથી સમજાયું, અને સુલતાનને તેની લોભરહિત ભક્તિનો બદલો મળ્યો. આ વાતનું જુઠાણું ખુલ્લું માલુમ પડ્યું છે. તોપણ તે હજી ફરી ફરીને કહેવામાં આવેછે. દહેરાનાં બારણા તથા લિંગના કકડા મહમુદ ગજની લઈ ગયો, અને સિંધુના રણમાં પોતાની સેના સહિત નાશ પામતો પામતો બચ્યો. પરંતુ સને ૧૮૪૨ માં લોર્ડ એલ્લન્બરોએ "સોમનાથનાં પ્રખ્યાત સુખડનાં કમાડ" જીતની નિશાની જણાવવાને આણ્યાં હતાં, અને ઉત્તર હિંદમાં ઠાઠથી દેખાડ્યાં હતાં એવું કહેવાય છે. એ વાત પણ આ રત્ન ભરેલા લિંગની વિચિત્ર હકીકતની માફક જૂઠી છે. ઈ૦ સ૦ ૧૦૩૦ માં ગજની નગરમાં મહમુદનો કાળ થયો.

**મહમુદની સવારીઓનાં પરિણામ.**—મહમુદે હિંદપર સત્તર ચઢાઈઓ કરી, અને પચીસ વરસ લગી યુદ્ધ મચાવ્યું, તેનું ફળ એ થયું કે પંજાબના પશ્ચિમ મહાલો ગજનીના રાજ્યને તાબે થયા, અને તેની લૂટનું સંભારણું પૂર્વે કનોજ સુધી અને દક્ષિણે ગૂજરાત લગી રહ્યું. હિંદમાં વસી રાજ્ય કરવાની ધારણા તેણે કરી ન હતી, પંજાબની હદપાર સવારીઓ કરવામાં તેની મતલબ માત્ર આટલીજ હતી. ધર્માત્મા શૂરવીર કહેડાવવું, સાહસ કામ કરવાં, મોટાં દેવાલયવાળાં શહેરો લૂટવાં અને દહેરામાંની મૂર્તિ ભાંગવી. તેનો ખરેખરો હેતુ કોઈ દેશ જીતવાનો ન હતો. પણ તેના બાપ સબક્તિગિને જેમ પોતાના રાજ્યની હદ બહાર પેશાવરમાં થાણું બેસાડ્યું, તેમ તેણે ગજનીના રાજ્યની હદબહાર પંજાબ પ્રાંત જીત્યો.

**મહમુદ વિષે વાતો.**—મુસલમાન તવારીખ લખનારા તેની બહાદુરીની અને ભક્તિની ઘણી વાતો નોંધી ગયા છે એટલુંજ નહીં, પણ તેની ખર્ચ કરવાની નીતિની નોંધ પણ તેમનાં પુસ્તકોમાં છે. એક દહાડો કોઈ ગરીબ બાઈડીએ ફર્યાદ કરી કે મારા દીકરાને ચોરોએ ઈરાકના રણમાં મારી નાંખ્યો. મહમુદે ઘણી દિલગીરી જણાવી કહ્યું કે રાજધાનીથી એટલે બધે દૂર એવા બનાવ બનતા અટકાવવાનું કામ કઠણ છે. 'તમે જેટલા મૂલકપર બરોબર અમલ ચલાવી શકો તેથી વધારે ન રાખો.' એવું વચન કહી ડોશીએ તેને ઠપકો દીધો. સુ-

લતાને તુરત તેને બક્ષીસ આપી અને તે રસ્તે થઇને જનારા કાફલાનું રક્ષણ કરવાને સવાર મોકલ્યા. કવિઓની બુજ જાણી મહમુદ તેમને આશ્રય આપતો, અને તેની ઉદારતાની ખબર સાંભળી ફિર્દોશી તેના દરબારમાં ગયો. એ કવિનું શાહનામું એટલે પાદશાહના ચરિત્રનું પુસ્તક સાંભળી સુલતાન ખુશી થયો ને તે પૂરૂં થયે દરેક બેત એટલે શ્લોકને માટે એક દામ ( દર્હામ ) આપવાનું વચન આપ્યું. એ વેળા સુવર્ણ દામ આપવાનો ઇરાદો હતો. ત્રીસ વર્ષપર્યંત મહેનત કરી એ ઇનામ કવિએ માગ્યું. પણ સાઠ હજાર બેતો થએલી જોઈ સુલતાને તેને સોનાને બદલે ૬૦,૦૦૦ રૂપા દામ આપવા માંડ્યા. ફિર્દોશીએ નાખુશ થઈ તેનું દરબાર તજ્યું, અને તેના વિષે હાંસી ભરેલી કડવી કવિતા જોડી. સુલતાન નીચ કુલની સ્ત્રીના પેટનો હતો એ બીના આજે પણ તે કવિતામાં વાંચીએ છીએ. મહમુદે આ હાંશી ભુલી જઇને તે મહાન્ વીરરસ કાવ્યને યાદ રાખ્યું, તથા પોતાની હલકાઈને માટે પસ્તાવો કરી કવિને એક લાખ સુવર્ણ દામ (દિર્હામ) મોકલ્યા. આ બક્ષિસ વખતસર આવી પહોંચી નહિ; કેમકે સુલતાનના માણસો સુનૈયાની થેલીઓ સહિત ફિર્દોશીના શહેરમાં એક દરવાજેથી પેઠા તે વેળા બીજે દરવાજેથી તેના શબને કબરસ્તાન ભણી લઈ જવામાં આવ્યું.

**ઘોરવંશ, ૧૧૫૨-૧૧૮૬.**—અફગાનિસ્તાનના પ્રાંત તરીકે પંજાબ દોઢસો વરસ લગી મહમુદની પછીના ગાદીપતિઓને હાથ રહ્યો. અફગાનિસ્તાનનાં ઘોર અને ગજની શહેરોની વચ્ચે ઘણા વખતથી કટ્ટી દુશ્મનાઈ ચાલતી હતી. ઈ૰સ૰ ૧૦૧૦ માં મહમુદે ઘોરને વશ કર્યું હતું; ૧૦૫૧ ને સુમારે ઘોરના હાકેમે ગજની જીતી ત્યાંના મુખ્ય માણસોને પોતાના પાટનગરમાં ઘસડી લઈ જઈ ત્યાં તેમનાં ગળાં કાપ્યાં, અને કોટ બાંધવામાં કોલ કરવામાં તેમનું લોહી વાપર્યું. વારા ફરતી વેરનાં સાટાં કેટલીક વાર વાળ્યા પછી અંતે ૧૧૫૨ માં ઘોરનો જય થયો અને ગજનીની પડતી થઈ. મહમુદની ઓલાદનો છેલ્લો સુલતાન ખુશરૂ પોતાના રાજ્યની હદ બહારના પ્રાંતની રાજધાની લાહોર શહેર હતું તેમાં નાઠો. ૧૧૮૬ માં એ પણ તેની કનેથી છીનવી લીધું.

ઘોરના સુલતાન શાહબુદ્દીને (જે મહમ્મદ ઘોરી નામે વધારે મશહુર છે તેણે) પોતાનેજ માટે હિંદ જીતવાનો આરંભ કર્યો. પરંતુ હિંદુ રાજ્યોમાંનું દરેક રાજ્ય ખૂબ લઢ્યું, અને એ રાજ્યોને માથે અફગાન હુમલા રૂપી પાણી ફરી વળ્યા પછી સાતસેં વરસે આજે પણ તેઓ-માંનાં કેટલાંક હયાત છે.

**મહમ્મદ ઘોરીની સામે હિંદુલોક થાય છે, ૧૧૯૧.**—ઈ.સ. ૧૧૯૧માં મહમ્મદ ઘોરીએ દિલ્હી ઉપર પહેલી સવારી કરી તેમાં થાણેશ્વર આગળ તે છેક હાર્યો, અને સખ્ત જખમી થઈ જીવ લઈને નાઠો. તેની વિખરાયલી ફોજની પાછળ ચાળીસ મૈલ સુધી રજપૂત સવારો દોડ્યા. એ ભંગાણ પામેલી સેનાને તેણે લાહોરમાં પાછી એકઠી કરી, અને મધ્ય એશિઆમાંથી નવાં ઘોડાંની મદદ મેળવી ફરીને ૧૧૯૩ માં હિંદુસ્તાનપર ચડાઈ કરી. રજપૂતોમાં કુટુંબ કલહ હોવાથી તેઓ સંપ કરી તેની સામા થઈ શક્યા નહિ. માંહો માંહે હરીફાઈ કરનારાં હિંદુ રાજ્યોનાં મુખ્ય મથક દિલ્હી અને કનોજ એ બે શાહેરો હતાં, અને એમાંનું દરેક ઉત્તર હિંદનાં રાજ્યોપર ઉપરીપણાનો દાવો કરતું હતું. દિલ્હી અને અજમેર ઉપર રાજ્ય કરનારા ચોહાણ રાજાએ પૃથ્વીરાજા કે સાર્વભૌમરાજા એ મોટું નામ ધારણ કર્યું હતું. કનોજ નગરી જે આજે પણ ફરૂખાબાદ જીલ્લામાં ચોરસ મૈલપર પડેલાં રોડાં છારા ને કચરા પરથી પારખી શકાય છે, ત્યાંના રાઠોડ રાજાએ પોતાનું ચક્રવર્તીપણું જાહેર કરવાને માટે અસલના અશ્વમેધના જેવો એક મહોત્સવ કર્યો હતો. એવે પ્રસંગે હલકા નોકરનાં કામ માંડલિક રાજારાણાને કરવાં પડે છે; અને તે પ્રમાણે હિંદુસ્તાનના બીજા મહીપતિઓની હારે દિલ્હીના રાજાને હાજર થઈ દરવાનનું કામ બનાવવાનો હુકમ થયો હતો. એ ઓચ્છવને પ્રસંગે કનોજના રાજાની કન્યા સ્વયંવર કરવાની હતી. તે સ્વયંવર વીરરસ સંસ્કૃત કાવ્યોમાં વર્ણવેલી રીતે થવાનો હતો. એ કન્યાપર દીલ્હીપતિનો પ્રેમ હતો, પણ બીજાને બારણે દરવાન થઈને ઉભા રહેવું તેનાથી સંખાયું નહિ. તે આવ્યો નહિ ત્યારે તેને ઠામે તેનો ચાડીઓ બનાવી બારણે ઊભો કર્યો. સ્વયંવર કરવાને કુંવરીએ માંડવામાં આવી ચોમેર બેઠેલા રાજાઓને શાંતપણે જોયા,

પછી ગંભીરતા રાખી તેમની કનેથી ચાલી જઈ બારણે ઉભેલા જેડાબ બાવલાના ગળામાં વરમાળ આરોપી. વાર્ત્તામાં કહ્યું છે કે તત્કાળ દિલ્હીપતિ પશી આવ્યો, અને કન્યાને પોતાની જોડે ઘોડા ઉપર બેસાડી પોતાના ઉત્તર તરફના પાટનગર ભણી ઘોડો મારી મૂક્યો. અપમાન પામેલો પિતા પોતાના સૈન્યસહિત એમની પાછળ ગયો. દિલ્હી ઉપર બીજી મેરથી એટલે પશ્ચિમ તરફથી હુમલો કરવાને તેણે પઠાણ (અફ્ગાન) પાદશાહને તેડાવ્યો અને તેથી બંને હિંદુ રાજ્યોનો વિનાશ થયો.

**રજપૂતોનું બીજી જગામાં જઈ વસવું, ૧૧૯૩.**—એ કલહને લીધે રજપૂત રાજા એકસંપ કરી મહમદ ઘોરીની સામા થઈ શક્યા નહિ તેની નોંધ એ વાર્તામાં છે. તે આવ્યો ત્યારે તુમાર કુળના રજપૂતોને કબજે દિલ્હીનું રાજ્ય હતું. ચૌહાણ રજપૂતો અજમેરના ધણી હતા, અને રાઠોડ કનોજમાં રાજ કરતા હતા. વાયવ્ય કોણમાંથી આવતી સવારીઓને અટકાવનારા કુદરતી પુસ્તા જેવાં એ રજપૂત સંસ્થાનો હતાં. દિલ્હી અને અજમેરની ગાદીઓ એ સમે એક રાજાને હાથ હતી; પણ તેના ૧૦૮ પટાવત સામંતો હતા તેમાંના માત્ર ૬૪ ઉપર કહેલી માંહોમાંહેની લડાઈને લીધે રહ્યા હતા. ૧૧૯૩ માં અફ્ગાનો ફરીને પંજાબપર ચઢી આવ્યા. દિલ્હી અને અજમેરનો પૃથ્વીરાજા હાર્યો અને રણમાં પડ્યો. તેની શૂરી રાણી તેની પાછળ સતી થઈ. મહમદ ઘોરી દિલ્હીનો કબજો કરી અજમેર પર ચઢ્યો, અને ૧૧૯૪ માં કનોજના રાજાનો તેણે પરાજય કર્યો. રણક્ષેત્રમાં તેનું મુડદું તેના બનાવટી દાંતપરથી પરખાયું. પરદેશીને તાબે થવું નાપસંદ કરી કનોજના બહાદુર રાઠોડ રજપૂતોનાં તથા ઉત્તર હિંદનાં બીજા રજપૂત કુળોનાં મોટાં ટોળેટોળાં પોતાના ઘરબાર છોડી જતાં રહ્યાં. સિંધુ નદીની પૂર્વ દિશાના રણની કોરે આવેલા મૂલકમાં જઈ તેઓ વસ્યા, અને ત્યાં લશ્કરી રાજ્યો સ્થાપ્યાં. હાલમાં એ રાજ્યો રજપૂત સંસ્થાનો (રજપુતાના) કહેવાય છે. ફારસી તવારીખ લખનારાએ આ સંબંધમાં ખરેખરા બનેલા બનાવ નોંધ્યા છે તે ઇતિહાસમાં દાખલ કરવામાં આવ્યા છે. પરંતુ પૃથ્વીરાજાના દરબારના હિંદુ ભાટે એક આખ્યાન કર્યું છે, તેમાં એના કુળની પડી ભાગવાની વાતને સ્વ-

દેશાભિમાનનું રૂપ આપી લખી છે. આ આખ્યાન ‘ ચંદનો પૃથ્વીરાજ રાસો ’ નામે કહેવાય છે, અને હિંદી ભાષામાં પ્રથમ રચાયલાં કાવ્યોમાં એની ગણુત્રી થાય છે. રાસામાં કહ્યું છે કે છેલ્લા વિનાશકારી સંગ્રામ સિવાય બાકીના તમામ યુદ્ધોમાં લડવા આવેલા મુસલમાનો હાર્યા હતા; તેમના સેનાપતિને હિંદુઓએ કેદ પકડયો હતો અને ભારે મૂલ લઈને છોડયો હતો; માત્ર રાજાઓની માંહોમાંહેની વઢવાઢથી હિંદુ-પક્ષનો નાશ થયો હતો.

**મુસલમાનો બંગાળા દેશ જીતે છે, ૧૨૦૩.**—આ સ્વદેશાભિમાની કવિતાને કોરે મૂકી જોતાં જણાય છે કે મહમદ ઘોરી પંડે નૈર્ઋત્યમાં કાશી અને ગ્વાલિયર સુધી પહોંચ્યો હતો. પરંતુ તેના બક્તિયાર ખિલજી નામે સરદારે ૧૧૯૯ માં બિહાર, અને ૧૨૦૩ માં ગંગાના ડેલ્ટા એટલે મુખ આગળના નદીપ્રદેશ સુધી નીચલો બંગાળા, એ દેશો જીતી લીધા. મુસલમાનો પાસે આવ્યા તે વારે બંગાળાના રાજા લક્ષ્મણસેનને બ્રાહ્મણોએ સલાહ આપી કે નદિયા નગરમાંથી જઈ બીજા કોઈ દૂરના શહેરમાં રાજધાની કરો; પણ અફગાન સરદારે આવી રાજધાની કબજે કરી ત્યાં લગી તે એંશી વરસના ઘરડા રાજાથી પોતાના મનનો નિશ્ચય થઈ શક્યો નહિ. મહારાજા જમવા બેઠા હતા, તેવામાં અફગાન નાયક તેના મહેલમાં ધસી આવ્યો. લક્ષ્મણસેન પાછલે બારણેથી નાઠો. પગરખાં પહેરવાનો એ તેને વખત મળ્યો નહિ. ઓરિસ્સા દેશના પુરી નગરમાં જઈ તેણે જગન્નાથની સેવામાં પોતાની બાકીની જીંદગી પૂરી કરી. એ દર્મિયાન ઘોરનો સુલતાન મહમદ કોઈવાર અફગાનિસ્તાનમાં વઢવામાં રોકાતો અને કોઈવાર હિંદમાં સવારી કરવા આવતો. ગજની તેની રાજધાની હતી. તેને તેનાં હિંદમાં જીતેલાં રાજ્યનો પાયો મજબુત કરવાનો વખત થોડોજ મળ્યો. પંજાબમાં વસનારી જાતો પરાજય પામી હતી, પણ વશ થઈ ન હતી. ૧૨૦૩ માં ઘક્કર લોકે પહાડોમાંથી આવી લાહોર લીધું અને આખા પ્રાંતને ઊજડ કર્યો. ૧૨૦૬ માં અફગાન છાવણી સિંધુને કાંઠે હતી તે વારે તેજ જાતની એક ટોળીએ આ પારથી તરીને પેલે પાર જઈ તંબુમાં ઊંઘેલા સુલતાનને કતલ કર્યો.

**મહમદ ઘોરીનાં હિંદમાં કરેલાં કામો.**—ગીજનીના મહમદની પેઠે ધર્મની ખાતર પોતાનું પરાક્રમ તથા શૂરાતન દેખાડનારો ઘોરનો મહમદ ન હતો; તે તો રાજ્ય મેળવાને અર્થે દેશ જીતતો હતો. તેની દૂર દેશોપર કરેલી સવારીઓની મતલબ દેવાલયોને લૂટવાની ન હતી, પણ પ્રાંતો કબજે લેવાની હતી. સબક્તિગીને પોતાના ગીજનીના રાજ્યની હદપર પેશાવરનું થાણું કરી રાખ્યું હતું (ઈ૦ સ૦ ૯૭૭); અને મહમુદે પશ્ચિમ પંજાબને જીતી તેજ રાજ્યનો સીમાપરનો પ્રાંત બનાવ્યો હતો (ઈ૦ સ૦ ૧૦૩૦). ગજની તરફથી હિંદપર કરેલી તુર્કી ચઢાઈનું પાછળ રહેલું પરિણામ એટલુંજ હતું. પરંતુ ઘોરના મહમદે પોતાની પછવાડે ચતુર મુસલમાન સરદારોના હાથ નીચે સિંધુના નદીપ્રદેશ (ડેલ્ટા) થી ગંગાના નદીપ્રદેશ પર્યંતનો આખો ઉત્તર હિંદ મૂક્યો, અને તેનું મરણ (ઈ૦ સ૦ ૧૨૦૬ માં) થયું, ત્યારે એ સરદારો તે મૂલકોના પંડે ધણી થઈ પડ્યા.

**કુતુબ-ઉદ-દીન, ૧૨૦૬—૧૨૧૦.**—મહમદનો હિંદ ખાતેનો સરસૂબો કુતુબ-ઉદ-દીન હતો. તેણે હિંદના સુલતાન તરીકે પોતાની દુવાઈ દિલ્હીમાં ફેરવી, અને રાજવંશ સ્થાપન કર્યો, તે ૧૨૦૬ થી ૧૨૯૦ સુધી ચાલ્યો. સિંધથી નીચલા બંગાળા લગીના સઘળા મુસલમાન સરદારોના અને લક્ષ્મી સંપાદન કરવા આવેલા સિપાઈઓના ઉપરીપણાનો દાવો કુતુબે કર્યો. ઉમદા નકશીદાર અને હિંદુ ઘાટના સુંદર સ્તંભોવાળી કુતુબ મસ્જિદ (મસીદ) ને લીધે તથા જે મિનારાપર કુરાનમાંનાં પ્રકરણો કોતરેલાં છે, અને જેનું શંકુ આકારનું શિખર જૂની હિંદુ દિલ્હીનાં ખંડેરો કરતાં ઉંચું ગયેલું છે એવા કુતુબ મિનારવડે તેનું નામ તેની રાજધાનીમાં રહ્યું છે. તુર્કી ગુલામ તરીકે તેણે દુનિયાદારી શરૂ કરી હતી. તેની ગાદીએ બેસનારામાંના કેટલાક તેવીજ નીચ અવસ્થામાંથી પોતાની બહાદુરીને લીધે કે કાવતરાંથી ઊંચા ચઢી રાજપદ પામ્યા. એ પરથી એના વંશનું નામ ગુલામ રાજવંશ પડ્યું છે. હિંદમાં રહીને રાજ્ય કરનારા પહેલા મુસલમાન સુલતાનો એ વંશના હતા. ૧૨૧૦ માં કુતુબ-ઉદ-દીન મરી ગયો.

**ગુલામવંશ, ૧૨૦૬—૧૨૯૦.**—જે ત્રણ સંકટો હિંદના મુસલમાની રાજ્યની કેડે પહેલેથીજ લાગ્યાં હતાં અને જેથી તે રાજ્ય ડૂબ્યું હતું તે સંકટો ગુલામ વંશાનીસામે આવી ઉભાં. પહેલું રાજ્યના નોકરોમાંના મુસલમાન સરદારો કે પ્રાંતોના સરસૂબાઓના બળવા; બીજું, હિંદુઓનાં બંડ; ત્રીજું મધ્ય એશિઆ તરફથી આવતી નવી સવારીઓ, મુખ્યત્વે મુગલોની.

**અલ્તમશ, ૧૨૧૧-૧૨૩૬.**—એ વંશમાં ત્રીજો અને સર્વેથી મોટો સુલતાન અલ્તમશ હતો. નીચલા બંગાળા અને સિંધના હાકેમો સ્વતંત્ર થઈ બેઠા હતા તેમને એણે જીત્યા. એ મુગલ સવારીથી નાશ પામતો પામતો એક વેળા બચી ગયો. ચંગીઝખાનની સરદારી નીચે મુગલો કોઈ અફગાન રાજાની પૂઠે હિંદી ધારો ઓળંગી આણીમેર આવ્યા; પણ સિંધુએ તેમને આગળ વધતા અટકાવ્યા, અને તેથી દિલ્હી ઉગરી. અલ્તમશના મરણ પહેલાં (ઈ૦ સ૦ ૧૨૩૬) હિંદુઓના ઉઘાડા ઝઘડા કાંઈક વખત સુધી બંધ પડ્યા હતા; અને વિંધ્ય પર્વતોની ઉત્તરે આવેલા દેશોમાં, એટલે પંજાબ, વાયવ્ય પ્રાંતો, અયોધ્યા, બિહાર, નીચલો બંગાળા, અજમેર, ગ્વાલિયર, માળવા અને સિંધમાં દિલ્હીના સુલતાનનો વતી મુસલમાન સૂબેદારો અમલ કરતા. અલ્તમશની કારકીર્દીમાં બગદાદના ખલિફે હિંદને જુદું મુસલમાની રાજ્ય માન્યું અને દિલ્હીની નવી બાદશાહી કબુલ રાખી શિક્કા પાડ્યા (ઈ૦ સ૦ ૧૨૨૯). અલ્તમશનો કાળ ૧૨૩૬ માં થયો.

**રજીયા બેગમ, ૧૨૩૬-૧૨૩૯.**—દિલ્હીના મુસલમાની તખ્તપર બેસનાર નારીમાં માત્ર રજીયા બેગમ હતી. એ અલ્તમશની દીકરી થાય. કુરાન ભણેલી, સરકારી કામ કરવામાં ઉદ્યોગી, હરેક બારીક વખતે દૃઢ અને તેજદાર હોવાથી ઇતિહાસમાં તેના નામને નરજાતિનો ઇલકાબ લગાડી તેને સુલતાન રજીયા કહેછે. પણ તેનો સવારીના ઘોડાખાતાનો ઉપરી કોઈ હબશી ગુલામ હતો તેના ઉપર તેની મહેરબાની જોઈ તેના પઠાણ સરદારો ગુસ્સે થયા. સાડા

ત્રણ વરસ દુઃખે રાજ્ય કર્યો પછી તેને પદભ્રષ્ટ કરી મારી નાંખવામાં આવી.

**મુગલોની ચઢાઈ અને રજપૂતોનાં બંડ.**—ગુલામ વંશના અમલનો પાયો મુગલોની સવારીઓને લીધે અને રજપૂતોના બળવાને લીધે થોડા વખતમાં નબળો પડવા લાગ્યો. ૧૨૪૫ માં તિબેટની વાટે મુગલો બંગાળાના ઇશાન ભાગમાં ધશી આવેલા કહેવાય છે; અને પછીનાં ચુમાળીસ વરસમાં અફગાન ઘાટોમાં થઈ તેઓ વારે વારે પંજાબમાં ઉતરી આવતા (૧૨૪૫-૧૨૮૮). ઘક્કર લોકો, મેવાતના ડુંગરી લોકો, વિગેરે હિંદની જંગલી જાતો લગભગ દિલ્હી લગીના પંજાબમાંના મુસલમાની રાજ્યના પ્રદેશો લુટતા. હિંદુઓના લડવૈયા લોકમાં નહિ હોલવાઈ શકે એવી તેજી હતી તેનાં ચિન્હો રજપૂતોનાં બંડોમાંથી માલુમ હતાં. એ તેજીએ મુસલમાની રાજ્યવંશોને પહેલેથી છેલ્લે લગી હેરાન કર્યો અને તેમની પાછળ પણ કાયમ રહી. ગુલામ વંશના વખતમાં ઉત્તર હિંદ પણ મુસલમાનોથી માત્ર અર્ધું વશ થયું હતું. માળવામાં, રજપુતાના (રજપૂત સંસ્થાનો) માં, બુંદેલખંડમાં તથા ગંગા અને જમનાને કાંઠે છેક દિલ્હી પર્યંત હિંદુ વારે વારે સામા ઊઠતા.

**બલબન, ૧૨૬૫-૧૨૮૭.**—ગુલામવંશમાં છેલ્લો પાદશાહ થયો તેની પહેલાના સુલતાનનું નામ બલબન હતું. એને મુગલો જોડે, જંગલી હિંદી જાતો જોડે અને રજપૂતો જોડે લઢવું પડ્યું એટલુંજ નહિ, પણ પોતાના પ્રાંતોના હાકેમો ઉપર પણ નજર રાખવાની જરૂર પડી. મહેલ ખાતે તુર્કી ગુલામો હતા તેમાંનો તે એક હતો. જુવાનીમાં તેણે એમાંના ચાળીસ ગુલામો સાથે એકમેકને આશ્રય આપવાને તથા લાભ કરવાને કરાર કર્યો હતો. એ પ્રમાણે થએલા સંપને તોડવાની જરૂર તેને ગાદીએ બેઠા પછી પડી. કેટલાક પ્રાંતોના હાકેમોને તેણે ઉઘાડે છોગે ફટકા મરાવ્યા; કેટલાકના જીવ પોતાની રૂબરૂ માર મરાવીને લેવડાવ્યા; અને બંગાળાના બળવાખોર સુબેદારને જીતવા મોકલેલો સેનાપતિ તે કામમાં પાર પડ્યો નહિ

માટે તેને ફાંશી દીધો. બલબને પંડે જઈ બંગાળાના ફિતુરને અનુ-રાઈ તથા ઘાતકીપણું વાપરી બેસાડી દીધું. હિંદુ બંડખોરની ઉપર તેની સખ્તાઈ બેહદ હતી. દિલ્હીની દક્ષિણે મેવાતમાં એક લાખ રજપૂતોને વાઢી નાંખી તેણે તેમને લગભગ જડ મૂળથી ઉખેડી નાંખ્યા. જે જંગલોમાં નાશી જઈ તેઓ ભરાઈ રહેતા હતા તેમને કપાવી નં-ખાવી ત્યાં ખેડવાની જમીન બનાવી. તે વખતે મધ્ય એશિઆમાં મુગલના ધાડાંએ કરેલી ખુવારીને લીધે ત્યાંના રાજવંશીઓ અને ક-વિઓ નાશી હિંદી દરબારના આશ્રયમાં આવી રહ્યા હતા. સ્વતંત્ર રા-જ્યોના એકવાર ધણી એવા પંદર રાજાઓનું ગુજરાન મારી ઉદારતાથી થાય છે એવી બડાઈ બલબન મારતો હતો; અને તેમણે ખોયેલાં રાજ્યોનાં નામ ઉપરથી તેણે દિલ્હીના મહેલ્લાનાં નામ બગદાદ, ખા-રિજમ, ઘોર વિગેરે પાડ્યાં. સને ૧૨૮૭ માં તે મરી ગયો. તેની પછી ગાદીએ બેસનાર વિખથી માર્યો ગયો, અને ગુલામવંશનો અંત ૧૨૯૦ માં આવ્યો.

ખિલજી વંશ, ૧૨૯ -૧૩૨૦.—એ વરસમાં ખિલજીના હાકેમ જ-લાલુદ્દીને (જલાલ-ઉદ-દીને) દિલ્હીની ગાદીએ બેશી રાજવંશ સ્થાપ્યો તે ત્રીસ વર્ષ પહોંચ્યો. ખિલજી વંશે મુસલમાની સત્તાને દક્ષિણ હિંદમાં ફેલાવી. જલાલુદ્દીનનો ભત્રીજો અને તેની પછી ગાદીએ બેસનાર અલા-ઉદ-દીન અલાહબાદની પાસેના કુરાનો ગ-વર્નર હતો ત્યારે, પોતાના સવારો સહિત વિંધ્યાચળમાં ધુશ્યો ને ત્ર-ણસેં મૈલને છેટે રહેલું ભીલ્સા નામે બૌદ્ધ દેવળવાળું શહેર હતું તે તેણે લૂટ્યું. બુંદેલખંડ અને માળવાના બળવાખોર રાજા રાણાપર પોતાનું બળ અજમાવ્યા કેડે દક્ષિણ દેશ લૂટવાને મોટી સવારી ક-રવાનો મનસુબો અલા-ઉદ-દીને કર્યો. માત્ર આઠ હજાર ઘોડેસ્વાર લઈ તે દક્ષિણ હિંદના મધ્યભાગમાં પહોંચ્યો. માર્ગમાં તેણે જ-ણાવ્યું કે હું મારા કાકાના દરબારથી નાશી રાજમહેંદ્રીના મહારાજની નોકરીમાં રહેવા જાઉં છું. બીજાને શરણે જવાને નાસનાર જાણી ઉદાર રાજપુત્રોએ તેના ઉપર હુમલો કર્યો નહિ, અને અલા-ઉદ-દીને તે સમયે મહારાષ્ટ્રના હિંદુ રાજ્યના મુખ્ય શહેર દેવગિરિ

(હાલ દોલતાબાદ) ઉપર છાપો માર્યો. એકદમ શહેરમાં ધશી જઈ તેણે જાહેર કર્યું કે આખી પાદશાહી ફોજ આવેછે તેના મોખરાનો ભાગ માત્ર લઈ હું આગળ કૂચ કરૂં છું. એમ કહી પુષ્કળ લૂટ ભેગી કરી, અને સાતસેં મૈલપર ગંગાને તીરે તેના મહાલની રાજધાની હતી ત્યાં લઈ ગયો. ત્યાર પછી તેના કાકા સુલતાન જલાલુદ્દીનને એ લૂટમાંથી ભાગ આપવાની લાલચ બતાવી કર્રા શહેરમાં બોલાવ્યો અને ત્યાં ડોસો તેનો હાથ ઝાલવા જાય છે એટલામાં તેને મારી નાખ્યો. (ઈ૦ સ૦ ૧૨૯૫.)

**અલાઉદ્દીનની કારકીર્દી, ૧૨૯૫-૧૩૧૫.**—ધર્માત્મા મુસલમાનની પેઠે બક્ષિસ કે દાન આપવામાં લૂટને વેરી નાંખી અલાઉદ્દીને સુલતાન બની પોતાની આણ ફેરવી. એના વીસ વરસના અમલમાં મુસલમાની રાજ્યની સ્થાપના દક્ષિણ હિંદમાં થઈ. ૧૨૯૭ માં તેણે હિંદુઓ પાસેથી ગૂજરાત ફરીને જીતી લીધું; ૧૩૦૦ માં મોટો ઘેરો ઘાલ્યા પછી જયપૂર રજપૂતો કનેથી રિન્તિમ્બુરગઢ લીધો, ચિતોરગઢ જીતી સિસોદિઆ રજપૂતોને કેટલેક દરજ્જે વશ કર્યા (૧૩૦૩) અને વિંધ્યની ઉત્તરના હિંદુઓને એમ જીત્યા પછી દક્ષિણ જીતવાની તૈયારી કરી. એ મોટી ચઢાઈ કર્યાની અગાઉ ઉત્તરથી આવતી પાંચ મુગલ સવારીઓ સામે તેને ટક્કર ઝીલવી પડી. ૧૨૯૫ માં મુગલો ચઢી આવ્યા તેમને તેણે પોતાની રાજધાની દિલ્હીના કોટની થડમાં હરાવ્યા. ૧૩૦૪-૫ માં તેમની બીજી ચાર સવારીઓ સામે ટક્કર ઝીલીને તેમાં પકડાયલા બધા કેદીઓને દિલ્હી મોકલી દઈ ત્યાં તેમના સરદારોને તેણે હાથીના પગ હેઠે છૂંદાવી માર્યા અને વગર કસુરે સાધારણ સિપાઈઓને બકરાંની માફક કતલ કર્યા. એ અરસામાં તેના પોતાના કુટુંબમાં કેટલાંક બંડ થયાં તેઓને પણ તેણે એટલીજ ક્રૂરતા વાપરી દબાવી નાંખ્યાં—દંગો કરનારા ભત્રીજાને પ્રથમ આંધળા કર્યા અને પછી તેમનાં માથાં કાપ્યાં (૧૨૯૯-૧૩૦૦).

**તેની દક્ષિણ હિંદમાં જીત.**—એ પ્રમાણે ઉત્તર હિંદમાં પોતાનું કામ ઠેકાણે પાડ્યા પછી તેણે દક્ષિણ જીતવાનું કામ ઉપાડ્યું. ૧૩૦૩ માં તેણે પોતાના ખોજા ગુલામ મલીક કાફુરને ફોજ સહિત

બંગાળાની વાટે તેલિંગાના નામે હિંદુ રાજ્યની રાજધાની વરંગુળ હતી તે ઉપર હુમલો કરવાને મોકલ્યો હતો. ૧૩૦૬ માં કાફુરે માળવા, ખાનદેશમાં કૂચ કરી જય મેળવ્યો, અને મહારાષ્ટ્રની રાજધાની દેવગિરિ જીતી ત્યાંના હિંદુ રાજા રામદેવને સમજાવી સુલતાનનું ઉપરીપણું કબુલ કરવા પોતાની સાથે દિલ્હી લઈ ગયો. એ દરમ્યાનમાં અલાઉદ્દીન મેવાડના રજપૂતોને તાબે કરવાના કામમાં લાગેલો હતો. તેના ગુલામ સરદાર કાફુરે મહારાષ્ટ્ર અને કર્ણાટક પર સવારી કરીને દક્ષિણમાં હિંદને છેડે રામસેતુ લગી પહોંચી ત્યાં મસ્જિદ (મસીદ) બંધાવી.

**હિંદમાં મુસલમાની રાજ્યનો વિસ્તાર, ૧૩૦૬.**—હિંદનો મુસલમાન સુલતાન હવે માત્ર દિલ્હીનો અફગાન પાદશાહ ન હતો. મધ્ય એશિઆમાંથી આવેલી ચઢાઈનાં ત્રણ મોટાં મોજાંએ કરીને ઉત્તર હિંદમાં મુસલમાની વસ્તી ઘણી થઈ હતી. પહેલા તુર્ક આવ્યા તે ગજની વંશ, પછી પઠાણ (ઘણું કરીને અફગાનનામે ઓળખાતા તે) આવ્યા તે ઘોર વંશ દર્શાવે છે, છેલ્લા મુગલો આવ્યા તેમની પંજાબ જીતવાની કોશિશ નિષ્ફળ ગઈ, ત્યારે તેઓમાંના સંખ્યાબંધ માણસો દિલ્હીના સુલતાનોની નોકરીમાં રહ્યા. ગુલામ સુલતાનોના વખતમાં એ ભાડુતી મુગલ સીપાઈઓ એટલા બળવાન થયા કે તેમની કતલ કરવી પડી (૧૨૮૬). ઈ૦ સ૦ ૧૨૯૨ ને સુમારે ત્રણ હજાર મુગલો તેમનો તાર્તાર ધર્મ છોડી મુસલમાન થયા અને તેમને રહેવાને દિલ્હીનું એક પરૂં આપવામાં આવ્યું, તે આજ પણ મુગલપુર કહેવાય છે. પછી બીજા મુગલો આવ્યા. એમણે કેટલાંક કાવતરાં કર્યાં. ત્યારે અલાઉદ્દીને તેઓમાંના પંદર હજારને કતલ કર્યા, અને તેમના કબીલાને ગુલામ કરી વેચ્યા (ઈ. સ. ૧૩૧૧). એમ ઉત્તર હિંદમાં અને તેની પેલીમેરના મૂલકમાંથી તુર્ક, પઠાણ, અને મુગલ જાતોના સિપાઈ જોઈએ તેટલા મળવાથી એની પહેલાંના સુલતાનો કરતાં ઠેઠ દક્ષિણમાં લશ્કરો મોકલવાને એ વધારે શક્તિમાન થયો. પણ એની ઉપરનાં પાછલાં વરસમાં ગુજરાતમાં હિંદુ લોકે બંડ કર્યું. રજપૂતોએ ચિતોડગઢ પાછો જીતી લીધો,

અને દક્ષિણમાંનાં ઘણાંક લશ્કરી થાણાંને હાંકી કાઢવામાં આવ્યાં. ૧૩૦૩ માં ચિતોડગઢ જીત્યો ત્યારે તેમાંની ફોજે તાબે થવા કરતાં મરવું વધારે ચાહ્યું હતું. આજે પણ ગામડીઆ લોક એક જૂનું હિંદી ગાણું ગાય છે તેમાં રાણી અને તેર હજાર નારીઓ ચિતામાં પડી બળી મુઈ, અને પુરૂષો મરણિયા થઈ ઘેરો ઘાલનારા ઉપર ધસ્યા તે વર્ણવ્યું છે. કેટલાક શત્રુની સેનામાં થઈ અરવલ્લી ડુંગરામાં ગયા; અલાઉદ્દીનનાં અમલમાં રજપૂતોની સ્વતંત્રતા અટકી હતી, પણ કદી નાશ પામી ન હતી. પોતાના દીકરાને કેદ કરીને તથા પંડે ક્રોધના આવેશને અને અનિયમિતપણાને આધીન થઈ અલાઉદ્દીન ૧૩૧૫ માં મરી ગયો. એવું કહેવાય છે કે તેના માનીતા સરદાર કાફુરે તેને ઝેર દીધું.

**ધર્મભ્રષ્ટ હિંદુ પાદશાહ, ૧૩૧૬-૧૩૨૦.**—ખિલજી વંશના અમલનાં બાકીનાં ચાર વરસમાં ખરો રાજ્યાધિકાર ખુશરૂખાનના હાથમાં હતો. એ કોઈ નીચી જાતનો વટલેલ હિંદુ હતો; અને તેણે પોતાના મુરબ્બી કાફુરની માફક લઢાઇમાં ફતેહ મેળવી, અને તેની માફક દુરાચાર કર્યા, તથા પોતાની દેખરેખ નીચે તેનું ખૂન કરાવ્યું. ખુશરૂ દુર્વ્યસની સુલતાનનો કર્ત્તાહર્ત્તા થઈ પડ્યો; પછી તેને મારી નાખી ગાદી બથાવી પડ્યો. હું મુસલમાન છું એવું બહારથી જણાવ્યાં છતાં કુરાનને બેસવાનો પાટલો બનાવી તેને અપવિત્ર કરતો, અને હિંદુઓની મૂર્ત્તિઓ મૂકી મસીદોમાંનાં ઉપદેશ કરવાનાં આસનો ભ્રષ્ટ કરતો. ૧૩૨૦ માં તેની ફોજે ફિતૂર કરી તેનો પ્રાણ લીધો, અને ખિલજી વંશનો અંત આણ્યો.

**તઘલક વંશ, ૧૩૨૦-૧૪૧૪.**—બળવો કરનાર લશ્કરનો આગેવાન ઘિયાસ-ઉદ-દીન તઘલક હતો. દુનિયાદારીમાં પડ્યો ત્યારે તુર્કી ગુલામ હતો. અને તે હાલતમાંથી ઊંચે ચઢતાં સરહદના પંજાબ પ્રાંતોનો હાકેમ થયો હતો. એના સ્થાપેલા તઘલક વંશને માથે ૧૩૯૮ ના તિમુર (તેમર્લેન) ના હુમલાનાં પાણી ફરી વળ્યાં, તો પણ એ વંશ છત્રું વરસ લગણ જેમ તેમ ટકી રહ્યો. ઘિયાસુદીને (૪૦ સ૦

૧૩૨૦-૧૩૨૫) રાજધાની દિલ્હીમાંથી કાઢી ત્યાંથી ઊગમણી દિશાએ ચાર મૈલપર કરી, અને તેનું નામ તુઘલકાબાદ પાડ્યું.

**મહમ્મદ તઘલક, ૧૩૨૪-૧૩૫૧.**—તેનો દીકરો અને તેની પછી ગાદીએ બેસનાર મહમ્મદ તઘલક પૂરો પ્રવીણ, વિદ્વાન, હીકમતી સરદાર અને સખ્ત પરહેજગાર હતો. પણ તેનો સ્વભાવ ક્રૂર હોવાથી તે ઘાતકી ન્યાયાધીશ હતો અને માણસનાં દુઃખની તેને દરકાર ન હતી. અરણ્યમાં વસનારી જાતો તરફથી એ સ્વભાવ કદાપિ તેનામાં જન્મથીજ આવ્યો હશે. કોઈ સહજ સામું થાય કે ગાંડા ક્રોધનો આવેશ તેનામાં ઉભરાઈ આવતો. પંજાબ ઉપર મુગલો વારેવારે ધશી આવતા તેમને નાણા આપી પાછા કાઢવામાં તેણે અલાઉદ્દીને ભેગો કરેલો ધનભંડાર ઊડાવી નાંખ્યો. એથી ઉલટું વળી લોભના જુસ્સામાં ઈરાનપર સવારી કરવાને ફોજ જમાવી અને એક લાખ લશ્કર ચીન જીતવાને મોકલ્યું. ઈરાનપર ચઢવાને એકઠી કરેલી સેનાએ પગાર નહિ મળવાથી વિખરાઈ જઈ એનાજ (તઘલકના) મૂલકો લુટ્યા. ચીનપર મોકલેલું લગભગ બધું લશ્કર હિમાલયના ઘાટોમાં નાશ પામ્યું. દક્ષિણ હિંદમાં મોટી જીતો કરવાની તેણે યોજના કરી અને દેવગિરિમાં વસવાને સારૂ દિલ્હી માં રહેનારા લોકને તે ઘસડી ગયો. દેવગિરિનું નામ તેણે દોલતાબાદ પાડ્યું. તે દિલ્હીથી આઠસેં મૈલને છેટે છે. બિચારા દુઃખી થતા લોકની અરજી સાંભળી બે વાર તેમને પાછા દિલ્હી જવા દીધા, અને દિલ્હીમાંથી નહિ નીકળે તેને મોતની સજા ફરમાવી બે વાર ત્યાંથી પાછા જવાની જરૂર પાડી. એમ બળાત્કારે દેશાંતર કાઢેલા લોકને એક વારતો દુકાળનો ભારે મારો ચાલતો હતો તેવામાં પોતાનાં ઘરબાર મૂકી જવું પડ્યું હતું. હજારો નગરવાસી મરી ગયા અને આખરે સુલતાનને એ પ્રયત્ન છોડી દેવો પડ્યો. ખજાનો ખાલી કરી નાંખીને એણે ત્રાંબાનાણું બરજોરીથી ચલાવી રાજાના પીતળને લોકના રૂપા બરોબર કરવા માંડ્યું. એજ સૈકામાં ચીન જીતનાર મુગલ કુબ્લેખાને પોતાની પહેલાં થઈ ગયેલા ચીની મહારાજાએ કાગળની નોટો કહાડેલી તે ચલાવી હતી અને તેઓની ખરાબ નકલ કૈખાતુએ ઈરાનમાં દાખલ

કરી. તઘલકના બલાત્કારે ચલાવેલાં નાણાંનો અન્ત એનો મેળેજ જલદી આવ્યો. પરદેશી વેપારીઓએ માલ વગરના પીતળના સિક્કા લીધા નહિ, વેપાર બંધ પડ્યો, અને સુલતાનને કરવેરાને પેટે પોતાનાજ હલકા મૂલનાં નાણાં લેવાં પડ્યાં.

**પ્રાંતોનાં બંડ. ૧૩૩૮-૧૩૫૧.**—એ દર્મિયાન જુદા જુદા પ્રાંતો દિલ્હીના તાબામાંથી નીકળી જવા લાગ્યા. ૧૩૨૪ માં **મહમદ તઘલક** ગાદીએ બેઠો ત્યારે હિંદમાં ત્યાં સૂધીમાં થયેલું મોટામાં મોટું મુસલમાની રાજ્ય તેને હાથ આવેલું હતું. પરંતુ ઇસ્લામ ધર્મને માટે તેનામાં હઠીલી હોંસ હોવાથી તેણે હિંદુ રાજ્યવંશીઓપર તથા હિંદુ અમલદારોપર ભરોસો રાખ્યો નહિ; એ કારણથી જેમને રાજ્યના કાયમપણાની દરકાર નહિ એવા પરદેશાથી આવેલા સાહસિક મુસલમાનોને તમામ મોટા હોદ્દા આપવા પડ્યા. એ સમયના ઇતિહાસમાં એક પછી એક થયેલાં ઘણાં બંડ નોંધાયલાં છે. સુલતાનની તાબેદારીમાંથી નીકળી ગયેલા રાજના એક ભાગને જીતી ફરીને તાબે કરે એટલે બીજો ભાગ બળવો કરી છૂટો પડે. તેના ભત્રીજાએજ **માળવામાં** દંગો કર્યો. તે પકડાયાથી સુલતાને તેની ચામડી ઉતરાવી નંખાવી (૧૩૩૮). પંજાબના હાકેમે બળવો કર્યો (૧૩૩૯), તે બેસાડી દઈ બળવો કરનાર સરદારને ગરદન માર્યો. **નીચલા બંગાળાના** ને **કોરોમાંડલ** કાંઠાના મુસલમાન સૂબેદારો તે તે પ્રાંતોના ધણી થઈ પડ્યા (સુમારે ૧૩૪૦ માં), અને તેમને સુલતાન વશ કરી શક્યો નહિ. કર્ણાટક અને તેલિંગાનાના હિંદુ રાજ્યોએ પાછાં સ્વતંત્ર થઈ જઈ પોતાના રાજ્યમાંનાં મુસલમાન થાણાં ઉઠાડી મૂક્યાં (૧૩૪૪). દક્ષિણના મુસલમાન ગવર્નરોએ પણ બળવા કર્યા; અને ગુજરાતમાંના લશ્કરે ફિસાદ મચાવ્યો. દક્ષિણમાંના રાજદ્રોહીઓ ઉપર વેર વાળવાને **મહમુદ તઘલક** ફોજ લઈને ધાયો, પણ તેમનો દંગો તોડવાનું કામ ભાગ્યે પૂરૂં થયું તેવામાં ગુજરાત, **માળવા** અને સિંધમાં ફિતુર ઉઠ્યાં. સિંધુના નીચલા પ્રદેશમાં બંડખોરોની પાછળ પડી તેમને નસાડતો હતો ત્યારે ૧૩૫૧ માં તે મરણ પામ્યો.

**મહમ્મદ તઘલકનો કરવેરા લેવામાં જુલમ.**—વસૂલાતના નિયમ ઠરાવનારા હિંદના મુસલમાન બાદશાહોમાં **મહમ્મદ તઘલક** પહેલો હતો. ગંગા અને જમના વચ્ચેના દેશમાં તેણે જમીન વેરો વધાર્યો—કેટલાક જિલ્લામાં દશ ગણો અને કેટલાકમાં વીસ ગણો કર્યો. ખેડુતો પોતાનાં ગામોને જંગલ થવા દઈ કર ઉઘરાવનારાથી નાઠા, અને લૂટારૂ ટોળાં બન્યાં. શિકારને વાસ્તે ઠરાવી રાખેલી હદમાં જેઓ પેસે તેમને સુલતાન ક્રૂર સજા કરતો. માણસોનો શિકાર કરવાની યુક્તિ તેણે રચી. માણસ જાતની ક્રૂરતાના ઇતિહાસમાં એની બરોબરીનો બીજો દાખલો નથી. મોટા પ્રદેશને તેણે પોતાનાં લશ્કરવતી ઘેરી લીધો, 'અને પછી હુકમ આપ્યો કે એ ચકરાવાને મધ્ય ભણી નાનો કરતાં જવું અને તેની અંદર જે હોય (બહુધા નિરપરાધી ગામડિયા લોક હતા) તેમને સઘળાંને જંગલી પશુની માફક કતલ કરવા.' આ પ્રકારનો શિકાર એકથી વધારે વાર કર્યો હતો; એક પ્રસંગે તો મોટા કનોજ શાહેરમાં કતલ કરાવી બધા લોકને મારી નંખાવ્યા. આવાં કચ્ચરઘાણ ભરેલાં કૃત્યોને લીધે વખતસર દુકાળ પડ્યો; એ વેળા દેશમાં ભારે દુઃખ પડ્યાં, તેનું વર્ણન થઈ શકતું નથી.

**ફિરૂજશાહ તઘલક, ૧૩૫૧-૧૩૮૮.**—એના દીકરા ફિરૂજ તઘલકે દયાળુપણે રાજ કર્યું. પરંતુ બંગાળા અને દક્ષિણમાં મુસલમાની રાજ્યોનું સ્વતંત્રપણું તેને કબૂલ કરવું પડ્યું. શરીરના વ્યાધિ અને દરબારમાં થતાં કાવતરાંની પીડા પણ તેણે ઘણી ભોગવી. તેણે સાર્વજનિક બાંધકામ ઘણાં કર્યાં—ખેતીને સારૂ પાણી લેવાને નદીઓમાં પાળો બંધાવી, તળાવ ખોદાવ્યાં, મુસાફરખાનાં, મસ્જિદો, મદ્રેસા, દવાખાના અને પૂલો બંધાવ્યાં. જમનાની જૂની નહેર કરાવી એ તેનું સર્વેથી મોટું કામ છે. પર્વતમાંથી જ્યાં જમના નીકળે છે ત્યાંથી તેનું પાણી એ નહેરમાં લીધું, અને ખેતરોને પાણી પાવાને ખોદેલી ખાડીઓવડે જમનાને ઘગ્ગર અને સતલજ સાથે જોડી દીધી. એ નહેરનો કેટલોક ભાગ બ્રિટિશ સરકારે ફરીને બંધાવ્યો છે. તે તેના બંને કાંઠા ઉપરના મૂલકને ફળવંત કરેછે. પણ મુસલમાનના

બળવા અને હિંદુના બંડથી તઘલક વંશાનું જોર ઉતાવળે નરમ પડી ગયું, અને તેથી હિંદ સહેલથી ૧૩૯૮ ની મોટી મુગલ સવારીનો ભોગ થયું.

**તિમુર (તેમર્લેન) ની સવારી, ૧૩૯૮.**—એ વરસમાં તાર્તરીનાં એકઠાં મળેલાં ઝોળાંને લેઈ તિમૂર (તિમર્લેન) અફ્ગાન ઘાટોની વાટે હિંદપર ધશી આવ્યો. દિલ્હીના કોટની થડમાં સુલતાન મહમ્મદ તઘલકને હરાવી તે રાજધાનીમાં પેઠો. પાંચ દહાડા સુધી કતલ ચાલી; મડદાંના ઢગલાથી કેટલાક મહેલ્લામાં ચાલવાની જગા રહી નહિં. તિમૂરે એ શાંતપણે જોયા કર્યું, અને ફતેહની ખુશાલીમાં ઉજાણી કરી. જમનાને તીરે ફિરૂજશાહની આરસની મસીદમાં પ્રથમ પરમેશ્વરની આભારપૂર્વક સ્તુતિ કરી તિમૂર ૧૩૯૮ના વરસને છેલ્લે દિવસે પાછો જવાને ઉપડયો. ગંગા ઓળંગીને મીરતમાં ભારે કતલ ચલાવી અને ત્યાંથી પછી હરદ્વાર ગયો. ત્યારકેડે ડુંગરાની તળેટીની કોરે પશ્ચિમભણી કૂચ કરતો મધ્ય એશિઆમાં ગયો (૧૩૯૮). ઉજડ કરેલાં શહેરો ઉપરાંત તિમૂરે પોતાના બળની બીજી કોઈ નિશાની હિંદમાં પાછળ મૂકી નહિ. મહમ્મદ તઘલક ગૂજરાતમાં જઈ ભરાઈ બેઠો હતો તે તિમૂર ગયો ત્યારે ત્યાંથ છાનો માનો પાછો આવ્યો અને ૧૪૧૨ લગી તેણે માત્ર નામનું રાજ્ય કર્યું.

**સૈયદો અને લોદીઓ.**—૧૪૧૪ માં તઘલક ઓલાદનો અન્ત આવ્યો. સૈયદ વંશે ૧૪૧૪ થી ૧૪૫૦ સુધી અને અફ્ગાન (પઠાણ) જાતના લોદી વંશે ૧૪૫૦ થી ૧૫૨૬ લગી રાજ્ય કર્યું. તોપણ આ સુલતાનોમાંના કેટલાકનો અમલ માત્ર દિલ્હીની આસપાસ થોડા ગાઉ સુધી ચાલતો હતો; અને એ બધા વખતમાં હિંદુ રાજ્યવંશીઓ અને મુસલમાન હાકેમો હિંદના ઘણા ભાગમાં ખરેખરા સ્વતંત્ર હતા. ૧૫૨૬ માં બાબરની સરદારી નીચે મુગલોએ સવારી કરી તેથી લોદી વંશાની આખર આવી.

**દક્ષિણનાં હિંદુ રાજ્યો.**—બાબરે મુગલ બાદશાહી સ્થાપી તેનો છેલ્લો બાદશાહ બ્રિટિશ સરકારનો નજર કેદી થઈ ૧૮૬૨ માં રંગુનમાં મરી ગયો. એ બાદશાહીની વાત કર્યા પહેલાં આપણે

વિંધ્ય પર્વતની દક્ષિણે આવેલાં હિંદુ અને મુસલમાની રાજ્યોપર નજર કરીએ. ચેર, ચોલ અને પાંડ્ય એ ત્રણ પ્રાચીન રાજ્યો દ્રવિડ દેશમાં હતાં, અને તેમાં તામિલ બોલી બોલનારા લોક વસતા હતા. એમાંના સર્વથી મોટા પાંડ્યની રાજ્યધાની મદુરામાં હતી, અને તેનો પાયો ઈ૦ સ૦ પહેલાં ૪ થા સૈકામાં નંખાયલો જણાય છે. ચોલ રાજ્યનાં મથક કુંભકોનમમાં અને તાંજોરમાં હતાં. મ્હેસૂરમાં તાલકદ નામે નગર હતું, તે ઈ૦ સ૦ ૨૮૯ થી ૯૦૦ સૂધી ચેર રાજ્યની રાજ્યધાની હતી. હાલ એ શહેર કાવેરીની રેતીમાં દટાઈ ગયું છે. પાંડ્ય વંશના ૧૧૬ મા રાજાને ૧૩૦૪ માં મલીક કાફુરે મારી પાડ્યો. પણ છેક દક્ષિણમાં મુસલમાનો પોતાનો અધિકાર સ્થાપન કરી શક્યા નહિ, અને ૧૮ મા સૈકા સૂધી પુરાતન પાંડ્ય રાજ્યપર કેટલાક એક પછી એક હિંદુ રાજવંશોએ મદુરામાં રહી લાગલગાટ અમલ કર્યો. મદુરાની ગાદીએ જેમ લાગલગટ વંશપરંપરા રાજા થયા તેમ કોઈ યૂરોપના રાજ્યની ગાદીએ થયા નથી. વંશાવળી બનાવનારાના રાજ્યભક્તિભાવે કરીને નોંધી રાખવાથી રાજ્યાસને બેસનારા અધિપતિઓની પાછળ બે હજાર વર્ષ લગીની પેઢીનાં નામ જાણવામાં આવે છે. નાના વંશો ઉપરાંત ચેર અથવા મ્હૈસુર અને ત્રાવણકોરના રાજ્યાસને થયેલા પચાસ રાજા ગણ્યા છે, અને ચોલની ગાદીએ છાસઠ ગણ્યા છે.

**વિજયનગરનું રાજ્ય.**—પરંતુ દક્ષિણ હિંદનો ખરો ઇતિહાસ તો વિજયનગર કે નર્સિંહ નામે હિંદુ રાજ્યથી શરૂ થાય છે, ઈ૦ સ૦ ૧૧૧૮ થી ૧૫૬૫ સૂધી. મદ્રાસ ઇલાકામાં તુંગભદ્રા નદીને જમણે તીરે બેલારી જીલ્લામાં એના પાટનગરનાં ચિન્હો હજી લગી જોવામાં આવેછે. દેવાલયોનાં, કિલ્લા કોટનાં, તળાવોનાં અને પૂલોનાં મોટાં ખંડેરો છે, ને તેઓમાં તરસ અને સર્પો વસેછે. હિંદી દ્વીપકલ્પના દક્ષિણ ભાગપર ઓછામાં ઓછાં ત્રણસેં વરસ લગી વિજયનગરે અમલ કર્યો. દક્ષિણના મુસલમાન સુલતાનો જોડે બરોબરીઆ તરીકે ત્યાંના રાજા સંધિવિગ્રહ કરતા.

**દક્ષિણનાં મુસલમાની રાજ્યો.**—અલા-ઉદ-દીને કરેલી જીતનું

પરિણામ એ થયું કે દક્ષિણ હિંદમાં સુલતાનો ઉત્પન્ન થયા (૧૩૦૩-૧૩૦૫). કેટલીક મુદ્દત સુધી લડાઈનો ઘોંટાળો ચાલ્યા પછી દક્ષિણ હિંદમાં મુસલમાની અમલ ચલાવનાર બ્રાહ્મણી રાજ્ય ઊભું થયું. મહમ્મદ તઘલકના અમલમાં (૧૩૨૫-૧૩૫૧) કોઈ પઠાણ સરદાર જાફરખાન દિલ્લીની ફોજને હરાવી દક્ષિણનો મુસલમાન સુલતાન બન્યો. જુવાનીની શરૂઆતમાં કોઈ બ્રાહ્મણને ત્યાં ગુલામ હતો ત્યારે તે બ્રાહ્મણે તેના ઉપર માયા કરી હતી અને આગળ મોટી પદવીએ ચઢવાનો છે એવું ભવિષ્ય વર્ત્યું હતું. તે પરથી જાફરે બ્રાહ્મણપદ ધારણ કર્યું અને તેની પછી તખ્તે બેસનારાને તે વારસામાં આપ્યું.

બ્રાહ્મણીવંશ.—બ્રાહ્મણીવંશનો ઉદય ઘણું કરીને ૧૩૪૭ માં થયેલો કહેવાય છે, અને તે ૧૭૮ વરસ એટલે ૧૫૨૫ સુધી ચાલ્યો. તેની રાજ્યધાનીઓ અનુક્રમે ગુલબર્ગા, વરંગુલ અને બિડર હતાં. એ ત્રણે શાહેર હૈદરાબાદના મૂલકમાં છે. હાલના વખતના નિજામના રાજ્યની મર્યાદાને એ બ્રાહ્મણી રાજ્યની મર્યાદા જેવી તેવી મળતી આવેછે. જ્યારે એ રાજ્યો પૂર્ણ કળાએ હતાં ત્યારે ત્યાંના સુલતાન અર્ધા દક્ષિણ દેશ ઉપર દક્ષિણે તુંગભદ્રાથી ઉત્તરે ઓરિસ્સા, અને પૂર્વે મચ્છલીપટનથી પશ્ચિમે ગોવા લગી, અધિકાર ચલાવવાનો દાવો કરતા, તોપણ તેમનો ખરો અમલ એથી ઘણા ઓછા પ્રદેશપર ચાલતો હતો. દિલ્લીની ગાદીની સામે પ્રથમ ઝગડો કરવામાં તેમને દક્ષિણ હિંદમાંનાં વિજયનગર અને વરંગુલનાં હિંદુ રાજ્યોની મદદ હતી. પણ એ બ્રાહ્મણીવંશની કારકીર્દીનો વધારે મોટો ભાગ વિંધ્યની દક્ષિણે હિંદુ પક્ષને તોડવાને મુસલમાની સત્તા વાપરવામાં નીકળી ગયો હતો. બીજાં રાજ્યો સાથે સંપ અને વિગ્રહ કરવાથી, બંને રીતે એની મુસલમાન અને હિંદુ વસ્તી ભેળસેળ થઈ ગઈ. ઉદાહરણ, માળવાના સુલતાને બ્રાહ્મણી રાજ્યો ઉપર સવારી કરી તેમાં બાર હજાર પઠાણ અને રજપૂત લશ્કર હતું. વિજયનગરના હિંદુ રાજાએ પોતાની ફોજમાં પઠાણ સિપાઈઓને નોકર રાખ્યા હતા, અને તેમના પગારને પેટે તેમને જમીન આપી

હતી, તથા તેમને મસીદ બંધાવી આપી હતી. તેમ બીજી તરફ બ્રાહ્મણી લશ્કરના સેનાપતિઓ ઘણીવાર મુસલમાન થયેલા હિંદુ હતા. બ્રાહ્મણી લશ્કરો જાતે પણ બે વિરૂદ્ધ પંથના મુસલમાનોનાં બન્યાં હતાં. એક પંથ શિયાનો, તેમાં મુખ્યત્વે ઈરાની તુર્ક કે મધ્ય એશિઆના તાતાર હતા. બીજો પંથ સુન્નીનો, તેમાં દક્ષિણ હિંદમાં જન્મેલા મુસલમાનો, અને તેમની જોડે નોકરીઆત હબસી સિપાઈઓ હતા. આ બે મુસલમાની પંથોની ચડસા ચડસીથી ઘણીવાર બ્રાહ્મણી ગાદી જોખમમાં આવી પડતી હતી. ૧૪૩૭ માં બીજા અલા-ઉદ્-દીનનાં વખતમાં એ વંશ પૂર્ણ કળાએ પહોંચ્યો, અને ૧૪૮૯ અને ૧૫૨૫ ની વચ્ચે માંહેના કુસંપને લીધે તે તુટી ગયો.

**દક્ષિણનાં પાંચ મુસલમાની રાજ્યો, ૧૪૮૯-૧૬૮૮**—બ્રાહ્મણી વંશના કકડા થયા તેમાંથી દક્ષિણમાં પાંચ મુસલમાની સ્વતંત્ર રાજ્ય બન્યાં. તેઓનાં નામ (૧) આદીલશાહીવંશ; એની રાજ્યધાની બિજાપુરમાં હતી, અને તે ૧૪૮૯ માં તુર્કસ્થાનના સુલતાન બીજા અમુરથના એક દીકરાએ વસાવી હતી; મુગલ પાદશાહ ઓરંગજેબે ૧૬૮૬-૮૮ માં એ રાજ્યને જીતી લઈ પોતાના રાજ્યમાં ભેળી દીધું. (૨) કુતુબશાહીવંશ; એની રાજ્યધાની ગોલકોંદા નગર હતું. અને તે ૧૫૧૨ માં કોઈ સાહસિક તુર્કોમાને વસાવ્યું. એને પણ ઓરંગજેબે જીતી લઈ પોતાની પાદશાહીમાં સામિલ કરી દીધું (૧૬૮૭-૧૬૮૮). (૩) નિજામશાહી વંશની રાજધાની અહમદનગર ૧૪૯૦ માં વસ્યું; અને તે બંધાવનાર વિજયનગરના દરબારોમાંનો મુસલમાન થયલો બ્રાહ્મણ હતો. મુગલ પાદશાહ શાહજહાને ૧૬૩૬ માં એ રાજ્યનો નાશ કર્યો. (૪) ઈમાદશાહી વંશનો અમલ વરાડમાં હતો, અને તેનું પાટનગર ઈલ્લિચપુર પણ ૧૪૮૪ માં વિજયનગરના કોઈ હિંદુએ વસાવ્યું હતું. એ રાજ્યને ૧૫૭૨ માં અહમદનગરના રાજ્યે (નં૦ ૩) જીતી લીધું. (૫) બારીદશાહીવંશ; એનું પાટનગર બીદર તે કોઈ તુર્કી કે જ્યોર્જીઅન ગુલામે વસાવ્યું (૧૪૯૨—૧૪૯૮). એને કબજે થોડો મુલક હતો, અને તેનો સીમાડો નક્કી થયેલો ન હતો; ૧૬૦૯ પર્યંત એ સ્વતંત્ર હતું. ૧૬૫૭ માં ઓરંગજેબે બીદર ગઢ લીધો.

**વિજયનગરના હિંદુ રાજ્યનું પડી ભાંગવું.**—દક્ષિણ હિંદમાંના મુસલમાની રાજ્યવંશોનો ઇતિહાસ વર્ણવવો એ આ પુસ્તકનો હેતુ નથી. અકબર તથા તેની પાછળ થયેલા પાદશાહોના સમયમાં ઉત્તરમાં મુગલ બાદશાહીની દૃઢ સ્થાપના થઈ, ત્યાં લગી તેઓ પોતાની સ્વતંત્રતા જાળવી શક્યા. કેટલાક વખત સુધી વિજયનગરના હિંદુ રાજ્યની સામે તેમને ઝઘડો કરવો પડ્યો, પણ ૧૫૬૫ માં સંપ કરી તેઓ તેની સામે વઢ્યા. વિજયનગરની હદમાં બળવો ઉઠવાથી તેમને મદદ મળી. ૧૫૬૫ માં તાલિકોટના સંગ્રામમાં તેમણે વિજયનગરના રાજાને હરાવ્યો. એ લડાઈમાં વિજયનગરના મોટા હિંદુ રાજ્યનો અન્ત આવ્યો, પરંતુ તેના માંડલિકો અથવા નાયકો પોતપોતાના મહાલો કે જાગીરોનો કબજો રાખી શક્યા, અને દક્ષિણના મુસલમાની સુલતાનો એ રાજ્યનો કેટલોક ભાગ માત્ર ખાલસા કરી શક્યા. મદ્રાસ ઇલાકાના પ્રખ્યાત પાલેગારો અને હાલના મ્હેસૂરના મહારાજા એ નાયકોના વંશજ છે. વિજયનગરનો એક રાજકુમાર ચંદ્રગિરિમાં નાઠો અને ત્યાં તેણે રાજ્યવંશ સ્થાપ્યો. તેણે ૧૬૩૯ માં પોતાની પૂર્વની ઉપરી સત્તાનો અધિકાર વાપરી ઇંગ્રેજને મદ્રાસ વસાવવાને જગા આપી. એજ મોટા કુળનો વંશજ હોવાનો દાવો રાખનાર એક બીજો ફટાયો હજી પણ વિજયનગરના ખંડિયેરની પાસે વસે છે. તે અનગુંડીનો રાજા કહેવાય છે, ને નિજામને ખંડણી ભરેછે. મુસલમાની સમયમાં દક્ષિણ હિંદના હિંદુ રાજા રાણા સ્વતંત્રતા ભોગવતા હતા તેનો દાખલો જોઈએ તો મંજરાબાદનું કુટુંબ છે. ૧૩૯૭ થી ૧૭૯૯ સુધી એ નાનકડા રાજ્યવંશે સ્વતંત્રતા ભોગવી.

**પ્રાંતોની સ્વતંત્રતા.**—૧૩૪૦ માં નીચલા બંગાળાએ દિલ્હીની તાબેદારી છોડી દીધી. તેના મુસલમાન હાકેમ ફકીર-ઉદ-દીને પોતે સુલતાન થઈ પડી ગૌડ શાહેરમાં રાજ્યધાની કરી અને પોતાને નામે સિક્કા પાડ્યા. ૧૫૩૮ સુધીમાં બંગાળામાં એક પછી એક વીસ સુલતાને અમલ કર્યો હતો. ત્યાર પછી હુમાયુંએ થોડાક વખત લગી તેને મુગલ પાદશાહીમાં ભેળી દીધું. ૧૫૭૬ માં અકબરે એ

રાજ્યનો નક્કી અંત આણી તેને ખાલસા કરી દીધું. એજ પ્રમાણે પશ્ચિમ હિંદમાંનો મોટો પ્રાંત ગુજરાત સ્વતંત્ર મુસલમાની રાજ્ય બન્યું હતું, અને તે ૧૩૭૧ થી બસેં વરસ લગી ટકી રહ્યું. ૧૫૭૩ માં અકબરે તેને જીત્યું. માળવાના મુસલમાન હાકેમો પણ આપ અખ્ત્યારી થઈ સુલતાન બન્યા હતા. ૧૫૩૧ માં એ રાજ્યને ગુજરાતના સુલતાને જીતી પોતાના રાજ્યમાં જોડી દીધું. સૈયદોના અને લોદી-વંશના પહેલા રાજાના તોફાની અમલમાં ગંગાના પ્રદેશના મધ્યભાગે આવેલા જઉનપુર અને તેની જોડે વારાણસીનો મૂલક પણ ૧૩૯૩ થી ૧૪૭૮ સુધી સ્વતંત્ર મુસલમાની રાજ્ય રહ્યાં.

**દિલ્હીમાં પહેલા થયેલા રાજ્યની નબળાઈ.**—પ્રથમ થયેલા દિલ્હીના મુસલમાન હાકેમોની સ્થિતિ ઘણી મુશ્કેલી ભરેલી હતી. તુર્ક, પઠાણ, અને તાતાર લોકનાં ધાડાં ડુંગરી ઘાટોને માર્ગે એક પછી એક ઉતરી આવી તેમની પહેલાં આવેલા પોતાના ધર્મવાળા સવારીઓ કરનારા કનેથી હિંદ છીનવી લેતાં. એ કારણથી દિલ્હીનું રાજ્ય ત્રણ પ્રકારના સંકટથી સદા ઘેરાયલું હતું. પહેલું, મધ્ય એશિઆમાંથી ચઢી આવનારા મુસલમાનોની નવી સવારીઓ; બીજું, હિંદની અંદરના ફિતૂરી મુસલમાન સરદારો અથવા હાકેમો; ત્રીજું, પ્રથમ થયેલા દિલ્હીના હાકેમોએ હિંદુઓની જે જાતોનાં મન મેળવી લીધેલાં નહિ અથવા જેમને કચરી નાંખેલી નહિ તે જાતો. દિલ્હીના રાજ્યની મૂળની નબળી સ્થિતિ મટાડવાનું તથા હિંદુઓને રાજ્ય કારભારમાં સામિલ કરી પરદેશથી ચઢી આવનારા મુસલમાનોને તથા રાજ્યમાં વસનારી અતિ બળવાન મુસલમાન પ્રજાને અંકુશમાં રાખવાનું કામ મહાન અકબરને માટે રહ્યું હતું.

# प्रकरण १० मुं.

## મુગલવંશ, ૧૫૨૬-૧૭૬૧.

**બાબર, ૧૪૮૨—૧૫૩૦**—૧૫૨૬માં બાબર હિંદ ઉપર ચઢી આવ્યો ત્યારે ઉપર કહ્યું તેમ તેણે કેટલાક મુસલમાન સુલતાનો અને હિંદુ રાજાની વચ્ચે દેશ વહેંચાયલો દીઠો. ઇતિહાસમાં પ્રખ્યાત દિલ્હીના રાજ્યનો જે થોડો ભાગ રહ્યો હતો તે ઉપર લોદી ઓલાદનો અફગાન (પઠાણ) સુલતાન આગ્રામાં રાજ્યધાની કરી અમલ કરતો હતો. બાબર (શબ્દાર્થ સિંહ)નો જન્મ ૧૪૮૨ માં થયો હતો, અને તિમૂર તાર્તારથી છઠ્ઠી પેઢીએ હતો. જક્સાર્તીસ નદીને કાંઠે નાનકડું ફર્ધાનનું રાજ્ય હતું તેની ગાદીએ બાર વરસની નાની ઉમરે પોતાના બાપની પછી બેઠો (૧૪૯૪). અદ્ભુત સાહસ કર્યા પછી તેણે ૧૪૯૭ માં તેમર્લેનના વંશની રાજ્યધાની સમર્કંદ જીતી લીધું. બળવાખોરોએ તેને હરાવ્યો, અને આક્સસ નદીના પ્રદેશમાંથી કાઢી મૂક્યો ત્યારે ૧૫૦૪ માં તેણે કાબુલનું રાજ્ય કબજે કર્યું. હિંદી ઘાટોની અફગાન બાજૂએ બાવીસ વરસસુધી પોતાના બળમાં વધારો કરી તે રસ્તે ૧૫૨૬ માં પંજાબપર ધસારો કર્યો, અને પાણીપતના રણમાં તેણે દિલ્હીના સુલતાન ઇબ્રાહીમ લોદીને હરાવ્યો. અર્વાચીન કાળમાં હિંદનું (નસીબ) ભવિષ્ય નક્કી કરનાર ત્રણ મોટા સંગ્રામ ૧૫૨૬, ૧૫૫૬, ૧૭૬૧ માં એજ રણક્ષેત્રમાં થયા તેમાંનો આ પહેલો હતો. દિલ્હીમાં પેઠા પછી મુસલમાનોએ તેનું ઉપરીપણું સ્વીકાર્યું, પરંતુ ચિતોડના રજપૂતોએ તેના ઉપર તરતજ હુમલો કર્યો. એ જાતોએ અજમીર, મેવાડ, અને માળવાપર પોતાનો અમલ બેસાડયો હતો અને હવે તેઓ હિંદુમહારાજ્ય સ્થાપન કરશે એવું ભાસવા લાગ્યું. આગ્રાની નજીક ફતેહપુર સીક્રીના રણમાં બાબરે તેમને ૧૫૨૭ માં હરાવ્યા. એ દહાડે બાબર મોટા ભયમાં સપડાયો હતો તે માટે, તથા તેણે આબ્બરનો વખત પાસે જોઈ દારૂને કદી અડવું નહિ એવી બાધા રાખી તે સારૂ એ જુદ્ધ યાદ રાખવા જોગ છે. દક્ષિણ પંજાબમાં મુલતાન લગી અને ગંગાના પૂર્વ પ્રદેશમાં બિહાર પર્યંત તેણે પોતાનો અમલ ઉતાવળે ફેલાવ્યો. આ-

આમાં બાબર ૧૫૩૦ માં મરણ પામ્યો, ત્યારે તેના રાજ્યનો વિસ્તાર મધ્ય એશિઆમાં આમુ નદીથી નીચલા બંગાળામાં ગંગાના ત્રિકોણ પ્રદેશની હદસુધી હતો.

**હુમાયુન પાદશાહ, ૧૫૩૦—૧૫૫૬.**—તેનો દીકરો હુમાયુન હિંદમાં તેની ગાદીએ બેઠો. પણ તેને પોતાના ભાઈ અને હરીફ કામરાનને કાબુલ અને પશ્ચિમ પંજાબ આપવાં પડયાં. એમ હિંદમાં જીતેલા મૂલકપર અમલ કરવાનું કામ હુમાયુનને હાથ આવ્યું, અને તેના બાપને જે મૂલકમાંથી મદદ મળતી તે અફગાનીસ્થાન અને પંજાબના સીમાડાનો મૂલક તેજ વખતે તેના હાથમાંથી ગયો. પ્રથમ ચઢી આવેલા અફગાનોના વંશજો હિંદમાં ઘણા વખતથી વસ્યા હતા, તેઓ હિંદુઓ કરતાં પણ બાબરનાં નવા મુસલમાન ધાડાંનો વધારે દ્વેષ કરતા. બંગાળાના હાકેમ શેરશાહની સરદારી નીચે દશ વર્ષ સુધી લડી તેમણે હુમાયુનને હિંદમાંથી કાઢી મૂક્યો. સિંધના રણમાં થઈ ઈરાનભણી તે નાસતો હતો ત્યારે અમરકોટના નાના ગઢમાં તેનો પ્રખ્યાત પુત્ર અકબર અવતર્યો ( ૧૫૪૨ ). શેરશાહ પાદશાહ થઈ બેઠો, પણ કાલિંજરના ડુંગરી ગઢપર હુમલો કરતાં તેનું મૃત્યુ થયું ( ૧૫૪૫ ). તેનો શાહજાદો તેની ગાદીએ બેઠો, પણ બંગાળામાંના અફગાન કુળનો ત્રીજો પાદશાહ શેરશાહનો પૌત્ર અમલ કરતો હતો ત્યારે માળવા, પંજાબ, બંગાળા, વગેરે પ્રાંતોએ બળવા કર્યા, અને હુમાયુન પાછો આવ્યો. એ વેળા ચૌદ વરસની ઉમ્મરના અકબરે પાણીપતના રણમાં મરણીઓ થઈ લડી અફગાનોને હરાવ્યા( ૧૫૫૬ ). હિંદનું રાજ્ય હવે આ છેલ્લીવારનું અફગાનોને હાથથી જઈ મુગલોને કબજે આવ્યું. શેરશાહનો વંશ જોકે નીચલા બંગાળામાં થોડો વખત ટગુમગુ રહ્યો તોપણ દિલ્હી અને ઉત્તર હિંદમાંથી નાબુદ થયો. હુમાયુને પોતાનું કાબુલનું રાજ્ય ફરીને મેળવી થોડા માસ પર્યંત પાછો દિલ્હીમાં અમલ કર્યો, પણ ૧૫૫૬ માં તેનો કાળ થયો.

**અકબરની કારકીર્દીનો વરસવાર સાર, ૧૫૫૬—૧૬૦૫.**

**૧૫૪૨.** જન્મ, સિંધના અમરકોટમાં.

**૧૫૫૬.** પાણીપતની લડાઈમાં અફગાનોને જીતી પોતાના પિતા હુમાયુનને કાજે દિલ્હીનું તખ્ત પાછું મેળવેછે; ( એ જુદ્ધમાં

વાસ્તવિક સેનાપતિ બૈરામખાન હતો ). થોડા મહીનામાં બાપની પાછળ પાદશાહ થાયછે. એ સમે બૈરામખાન રાજાના તરફથી રાજ્ય ચલાવેછે.

૧૫૬૦. રાજ્યવહીવટ પોતાને હાથ લેછે. બૈરામ બંડ કરેછે તેનો પરાજય કરી તેને મારી બક્ષેછે.

૧૫૬૬. અકબરનો ભાઈ હાકીમ જે તેનો હરીફ હતો તેની પંજાબ ઉપર સવારી અને તેનો પરાજય.

૧૫૬૧-૧૫૬૮. રજપૂત રાજ્યોને મુગલપાદશાહીના તાબેદાર કરેછે.

૧૫૭૨-૧૫૭૩. ગૂજરાતમાં ઝગડો અને તેનું પાદશાહીમાં ફરીને જોડાવું.

૧૫૭૬. બંગાળા ફરીને જીતી લેછે, અને તે દેશ છેલ્લી વારનો પાદશાહીમાં જોડાઈ જાયછે.

૧૫૮૧-૧૫૯૩. ગૂજરાતમાં ફિતુર. એ પ્રાંતને છેલ્લીવારનો ૧૫૯૩ માં વશ કરવામાં આવેછે.

૧૫૮૬. કાશ્મીર જીતી લેછે. તેનું છેલ્લું બંડ ૧૫૯૨ માં બેસાડી દેવામાં આવ્યું.

૧૫૯૨. સિંધ જીતી લેઈ મુગલ રાજ્યમાં ભેળી દીધું.

૧૫૯૪. કંદહાર તાબે કર્યું અને વિંધ્યની ઉત્તરેથી તે કાબુલ અને કંદહાર લગી મુગલ રાજ્યને મજબુત કર્યું.

૧૫૯૫. શાહાજાદા મુરાદની સરદારી નીચે દક્ષિણમાં અહમદનગર ઉપર કરેલી સવારીમાં અકબરની ફોજ ફતેહ પામી નહિ.

૧૫૯૯. અકબરે પંડે અહમદનગર ઉપર બીજી ચઢાઈ કરી. તે શાહેર લીધું. પણ ત્યાં મુગલ રાજ્યની સ્થાપના થઈ નહિ.

૧૬૦૧. ખાનદેશને ખાલસા કરી અકબર પાછો ઉત્તર હિંદમાં જાયછે.

૧૬૦૫. આગ્રામાં અકબરનું મરણ.

**મહાન્ અકબર, ૧૫૫૬—૧૬૦૫.**—મહાન્ અકબર તેના બાપની પાછળ ચૌદ વરસની ઉમરે પાદશાહ થયો. જે મુગલ પાદશાહી દોઢસો વરસ રહી તેનો ખરો સ્થાપનાર એ હતો. ૧૫૪૨ માં જન્મી ૧૫૫૬ થી ૧૬૦૫ લગીમાં એણે પચાસ વરસ રાજ્ય કર્યું એમ ઇંગ્લાંડની ઈલિઝાબેથ રાણી ( ૧૫૫૮-૧૬૦૩ ) અને તે એકી વખતે રાજ્ય કરતાં હતાં.

તેના પિતા હુમાયુને હિંદમાં પાછલ મૂકેલું રાજ્ય નાનું સરખું હતું. હાલના બ્રિટિશ પંજાબ પ્રાન્તના જેટલું પણ તે ન હતું. તેને વધારીને અકબરે વિશાળ બાદશાહી બનાવી. પંજાબમાં બંડખોર પઠાણોની સામે બેરામખાનના વાલીપણાનીચે અકબર લડતો હતો તેવામાં હુમાયુનનો કાળ થયો. હુમાયુન દેશવટો ભોગવતો હતો તેવારે અકબરને બેરામનો આધાર હતો અને પાણીપતના રણમાં યુદ્ધ કરી તેને રાજ્ય પાછું મેળવી આપનાર ફોજનો ખરો સેનાપતિ પણ બેરામ હતો. બેરામ જાતે તુર્કોમન હતો. હવે તે ખાનબાબા (એટલે રાજપિતા) નો માનવંતો ઇલકાબ મેળવી તરૂણ અકબરનો રાજપ્રતિનિધિ બન્યો. સેનાપતિનું કામ કરવામાં તે બહાદુર અને ચતુર હતો, પણ સ્વભાવે કરડો અને મિજાજી હોવાથી તેણે ઘણાને પોતાના દુશ્મન કર્યા હતા. ચાર વરસ પરવશપણું ભોગવ્યા પછી શિકારે જવામાં લાગ ફાવ્યાથી અકબર એ વજીરની ધુંસરીથી છૂટો થયો (૧૫૬૦). પદભ્રષ્ટ થયેલા પ્રતિનિધિના મનમાં રાજ્યભક્તિ અને ક્રોધ ઘણીવાર ઘોળાયાં કીધાં. પછી તેણે બળવો કર્યો, તેમાં હાર્યાથી અકબરે તેને માફ કરી જવા દીધો અને સારૂં પેન્શન આપ્યું. પછી બેરામ મક્કાની હજ કરવા જતો હતો તેવામાં કોઈ પઠાણે તેને કતલ કર્યો. એ પઠાણના બાપને તેણે યુદ્ધમાં હણ્યો હતો.

**અકબરનાં કૃત્યો.**—અકબરનો અમલ સલાહશાંતિ ભરેલો હતો. ૧૫૫૬ માં તે રાજ્યાસને બેઠો તે વારે હિંદ નાના રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું, અને તેઓમાં કુસંપ હોવાથી સલાહશાંતિ ન હોતી; ૧૬૦૫ માં તેનું મૃત્યુ થયું તે વારે તે એકસંપી પાદશાહી પોતાના દીકરાને આપી ગયો. પહેલાં તુર્ક, પઠાણ અને મુગલ સવારીઓ હિંદપર આવી, તેઓમાંની બળવાન મુસલમાન વસ્તી પોતપોતાના રાજાઓના ઉપરીપણા નીચે હિંદમાં રહી હતી. અકબરે એ મુસલમાની રાજ્યોને દિલ્હીની બાદશાહતના તાબાના પ્રાંતો બનાવ્યા. ઘણાક હિંદુ રાજા અને રજપૂત પ્રજાઓએ ફરીને સ્વતંત્રતા મેળવી હતી. અકબરે તેમને પોતાની રાજ્યસત્તાના તાબેદાર બનાવ્યા. લશ્કરના બળથી તથા સગાઈ અને મિત્રાચારીવડે તેણે આ બે કામ કર્યાં. લગ્નસંબંધની અને સ્નેહભાવની રાજ્યરીતિથી તેણે રજપૂતોને પોતાના રાજાના મદદગાર કર્યા. પછી

તેણે તેમને મોટા અધિકાર સોંપ્યા, અને ઉપલા હિંદમાં મુગલપક્ષની સામે અને બંગાળામાં અફગાન ટોળીની સામે હિંદુ સરદારો અને હિંદુ કારભારીઓને રાખીને એક બીજાના કામ ઉપર દાબ રહે એવી યુક્તિ રચી.

**રજપૂતોને વશ કર્યા, ૧૫૬૧-૧૫૬૮.**—હુમાયુનથી મળેલું રાજ્ય તો નાનું હતું. તેમાં પંજાબ અને દિલ્હી તથા આગ્રાના મહાલો માત્ર હતા. અકબરે પાડોશમાંનાં રજપૂત સંસ્થાનોને તાબે કરી તેને ઉતાવળે વધાર્યું. જયપુરના રાજાને જીતી તેને પાદશાહતનો જાગીરદાર બનાવ્યો, અને તેની કુંવરીને પરણી એ જીતને પુષ્ટિ આપી. જોધપુરને પણ એ પ્રમાણે વશ કર્યું, અને તેના રાજાની પૌત્રી વેરે અકબરે પોતાના વારસ અને પછી જહાંગીર નામ ધારણ કરી પાદશાહ થનારને પરણાવ્યો. લાંબો વખત ઝગડો ચાલ્યા પછી ચિતોડના રજપૂતો પરાજય પામ્યા, તોપણ તેમણે પોતાના ઊંચા ક્ષત્રી કુળની સગાઈ પાદશાહ વેરે પણ કરવાની ના કહી. પર્વતોમાં અને સિંધુના રણમાં ભરાઈ તેઓ બચ્યા, અને પછીથી ત્યાંથી નીકળી પોતાના જૂના રાજ્યનો ઘણો ખરો ભાગ તેમણે પાછો જીતી લીધો, તથા ઉદેપુર વસાવી તેમાં રાજ્યધાની કરી. આજ પર્યંત એ તેમની પાસે છે. હજી તેઓ મૂછે તાલ દઈ કહે છે કે મોટી રજપૂત જાતોમાં માત્ર અમેજ કોઈ મુગલ પાદશાહને કન્યા દીધી નથી.

**હિંદુનાં મન મેળવ્યાં.**—હરેક હિંદુ સંસ્થાનનું મન મેળવવાની રાજ્યનીતિ અકબરે જારી રાખી. વળી તેણે નાના હિંદુ ઉમરાવોને પણ કામે લગાડ્યા. જયપુરના રાજાના કુંવરને એટલે પોતાના સાળાને, પંજાબનો ગવર્નર ઠરાવ્યો. તેમજ તેના હિંદુ સગા રાજા માનસિંહે કાબુલથી ઓરિસ્સા સુધીમાં લડવાની સેવા અચ્છી બજાવી અને ૧૫૮૯ થી ૧૬૦૪ સુધી બંગાલી હાકેમી કરી. અકબરનો દીવાન એટલે વસુલાત ખાતાનો ઉપરી રાજા ટોડરમલ પણ હિંદુ હતો. તેણે હિંદમાં પહેલીજવાર જમીનની જમાબંધી અને મોજણી કરી. ૪૧૫ મન્સબ્દાર એટલે ઘોડેસવાર ફોજના ઉપરી હતા, તેઓમાંના ૫૧ હિંદુ હતા. અકબરે જજીઆવેરો, એટલે જેઓ મુસલમાન ન

હોય તેમને આપવાનો કર માફ કર્યો, અને પોતાની તમામ રૈયતને એકસરખા રાજ્યહક આપ્યા. સંસ્કૃત ધર્મપુસ્તકો અને વીરરસ કાવ્યોનાં ફારસીમાં ભાષાંતર કરાવ્યાં. તે પોતાની હિંદુ પ્રજાને માટે બહુ કાળજી રાખતો. તેણે તેમના કાયદા તો સ્વીકાર્યા, પણ તેમની ક્રૂર ક્રિયા બંધ પાડી. ધીજની, જનાવરોના ભોગ આપવાની, અને જુવાની ફૂટ્યા પહેલાં થતાં બાળલગ્ન કરવાની તેણે મના કરી. હિંદુ વિધવાના પુનર્લગ્ન કરવા વિષે તેણે કાયદો કર્યો, પરંતુ સતી થવાનો ધારો તે બંધ પાડી શક્યો નહિ; બાઈની રાજી ખુશી વિના તેને બાળી નાંખી શકાય નહિ, એવો બંદોબસ્ત માત્ર તેણે કર્યો.

**મુસલમાની સંસ્થાનોને તાબે કર્યાં**—એ પ્રમાણે અકબરે પોતાની હિંદુ રૈયતને મૂલકી અને લશ્કરી નોકરીમાં દાખલ કરી રાજ્યવહીવટમાં મદદગાર બનાવી અને તેમની સહાયતાથી ઉત્તર હિંદના સ્વતંત્ર મુસલમાન સુલતાનોને જીત્યા. પંજાબથી બહાર સૂધીમાં આપઅખત્યારી નાના નાના હાકેમો હતા તેમને તેણે વશ કર્યા. કેટલોક ઝગડો થયા પછી શેરશાહની કુળના પઠાણ શાહજાદાઓ કનેથી તેણે બંગાળા જીતી લીધો (૧૫૭૬, ૧૩૮ પાને જુઓ.) પછી બસેં વરસ (૧૫૭૬-૧૭૬૫) પર્યંત તે મુગલાઈ રાજ્યનો પ્રાંત રહ્યો ને ત્યાં દિલ્હીથી નીમાયલા હાકેમોએ અમલ ચલાવ્યો. ૧૭૬૫ માં પાદશાહી સનદથી તે ઇંગ્રેજને મળ્યો. બંગાળાને કાંઠે આવેલો ઓરિસ્સા પ્રાંત અકબરના હિંદુ સેનાપતિ ટોડરમલના હાથ નીચેના લશ્કરોને તાબે ૧૫૭૪ માં થયો. હિંદની બીજી બાજૂએ આવેલો ગુજરાત દેશ ત્યાંના મુસલમાન સુલતાન પાસેથી ફરીને જીતી લીધો (૧૫૭૨-૭૩), પરંતુ ૧૫૯૩ લગી તે પૂરેપૂરો તાબે લેવાયો નહિ. ૧૫૭૨ માં માળવા જીત્યો હતો. કાશ્મીરદેશ ૧૫૮૬ માં જીતાયો અને તેનું છેલ્લું બંડ ૧૫૯૨ માં શમ્યું. સિંધને ૧૫૯૨ માં ખાલસા કર્યો; ૧૫૯૪ માં કંદહાર ફરીને હાથ આવ્યાથી અફગાનિસ્તાનના મધ્ય ભાગથી વિંધ્યની ઉત્તરના બધા હિંદમાં પૂર્વે ઓરિસ્સા, અને દક્ષિણે સિંધ સૂધી મુગલાઈ રાજ્ય ફેલાયું. તેણે રાજ્યધાની દિલ્હીમાંથી કાઢી આગ્રામાં ઠરાવી, અને આગળ જતાં પાટનગર કરવાને ફતેહપુર સીક્રી નામે શહેર વ-

સાવ્યું, જમનાના મોટા જળમાર્ગ ઉપર આગ્રાનું વધારે સારૂં સ્થળ જોઈને પાછળથી તેણે એ ઇરાદો બદલ્યો: ૧૫૬૬ માં તેણે આગ્રા ગઢ બંધાવ્યો. તેનો રાતી રેતીના પત્થર (રેડસાન્ડસ્ટોન) નો કોટ હજી લગી મોટા દબદબાથી જમના ઉપર ઝઝુમી રહ્યો છે.

**દક્ષિણ હિંદમાં અકબરના પ્રયત્નો.**—દક્ષિણ હિંદમાં મુગલાઈ રાજ્ય સ્થાપવાની તેની કોશિશ એવી સારી રીતે પાર પડી નહિ. એ કોશિશનો આરંભ ૧૫૮૬ માં થયો, પરંતુ અહમદનગરની મુસલમાન રાણી ચાંદબીબીની બહાદુરી અને રાજકાજની હોંશીઆરીથી તે મિથ્યા થઈ. દક્ષિણમાં હબસી અને ઈરાની પક્ષ હતા, તેઓનો એ બીબીએ ચતુરાઈથી સંપ કરાવ્યો અને વિજાપુર વિગેરે દક્ષિણનાં મુસલમાની સંસ્થાનો જોડે સંપ કરી પોતાના બળમાં વધારો કર્યો. ૧૫૯૯ માં અકબર પંડે ફોજ લઈ તે બાઈની સામે યુદ્ધ કરવાને ગયો; અહમદનગરની ફોજે ફિતુર કરી ચાંદબીબીનું ખૂન કર્યું; તો પણ શાહજહાંના અમલમાં ૧૬૩૬ સુધી એ રાજ્ય જીતાયું નહિં. અકબરે ખાનદેશને તાબે કર્યો અને તેને પોતાના રાજ્ય સાથે જોડી દીધો. આ લાભ ટકે ન ટકે એવો હતો. ત્યાર પછી જીતવાનું કામ બંધ કરી તે ઉત્તર હિંદમાં પાછો ગયો. કદાચિત્ તેણે એમ ધાર્યું હશે કે દક્ષિણ દેશ જીતવાને જોઈએ એટલું સામર્થ્ય મારી નવી પાદશાહીમાં નથી.

**અકબરનું મરણ.**—અકબરના જીવતરનાં પાછલાં વરસ તેના કુટુંબનાં કાવતરાંથી અને તેના પ્રિયપુત્ર સલીમ જે પછવાડેથી જહાંગીર નામે પાદશાહ થયો તેની બદચાલથી ખેદકારક થઈ પડયાં. ૧૬૦૫ માં તેનું મૃત્યુ થયું. સિકંદ્રાના ઉમદા રોજામાં તેના શબને દાટયુંછે. એ રોજામાં બૌદ્ધ ધર્મના દેવલોનો ઘાટ અને અરબી નકશીની મેલવણી જોવામાં આવેછે, તે મુગલાઈ રાજ્યના સ્થાપનાર અકબરનો મિશ્ર ધર્મ બતાવેછે. જે સાદા આરસની શિલાનીચે અકબરની લાસ છે તેના માનકાજે તે પર ઓઢાડવાને બ્રિટિશ વાઈસરાય લૉર્ડ નૉર્થબ્રુકે ૧૮૭૩ માં ચાદર આપી હતી.

**અકબરનો નવો ધર્મ.**—અકબરે હિંદુનાં મન મેળવી લીધાં અને

તેમની વિદ્યા અને તેમના ધર્મ ઉપર ભાવ દેખાડયો, તેથી ઘણાક ભાવિક મુસલમાનો તેના વેરી થયા. તેની માનીતી રાણી રજપૂત રાજાની કુંવરી હતી. તેની એક બીજી બેગમ ખ્રીસ્તી (વિશ્વાસી) ધર્મ માનનારી હતી એવું કહેવાય છે. શુક્રવારે (ઇસ્લામના આરામને વારે) અનેક ધર્મના આચાર્યોને પોતાની પાસે ભેગા કરવાનો તેને શોખ હતો. બ્રાહ્મણ અને મુસલમાન, અગ્નિપૂજક (પારસી), યાહુદી, જેસ્યુઈટ (એક જાતના ખ્રિસ્તી પાદરી), અને નાસ્તિકતત્ત્વજ્ઞાની એ સઘળાની તકરાર તે નિષ્પક્ષપાતપણે સાંભળતો. જુદાજુદા ધર્મના પંડિતોની એક સભાની હકીકત એના જન્મચરિત્ર અકબરનામાહમાં છે. એ સભામાં ખ્રિસ્તી પાદરી રેડીફે કેટલાક મુસલમાન મુલ્લાની સાથે બધા ધર્મના પંડિતોની રૂબરૂ વાદવિવાદ કર્યો, અને તેમાં તેની દલીલો વધારે સંગીન માલૂમ થઈ હતી. મન માનતો ધર્મ માનવાની સર્વને છૂટ હોવી જોઈએ એવા વિચારપર ચાલી સર્વ ધર્મોની ચર્ચા સાંભળ્યા પછી પોતીકા બાપદાદાના મુસલમાની ધર્મની સચ્ચાઈ વિષે તેના મનમાં શંકા ઉત્પન્ન થઈ. દેવતાઈ સર્વશક્તિ અમારામાં છે એવો ભાવ હરકોઈના મનમાં આપ અખ્તિયારપણાને લીધે ઉત્પન્ન થાયછે. તેને મળતી સલાહ તેના મિત્ર અબ્બુલ ફાજલ કનેથી મળવાથી તેણે નવો પાદશાહી ધર્મ પ્રગટ કર્યો. કુદરતના અવલોકન વડે મળતા ઈશ્વરજ્ઞાનને આધારે એ નવો ઈશ્વરી ધર્મ સ્થાપ્યો હતો, અને તેમાં જાણવામાં આવેલા સઘળા મતોના સર્વોત્તમ પ્રચાર દાખલ કર્યા હતા. આ બનાવટી સંપ્રદાયનો પેગંબર કે વધારે ખરૂં કહીએ તો તેનો પ્રમુખ અકબર પંડે હતો. જગતને સજીવન કરનાર ઈશ્વરી ચેતન દર્શાવનારો સૂરજ છે એમ માની તેની પૂજા તે દરરોજ સવારે ઉઘાડે છોક કરતો, અને અજ્ઞાન લોક અકબરની સેવા કરતા. એમ જાતે પૂજાવવાને તે પંડે લોકોને કંઈ ઉત્તેજન આપતો કે નહિ તે સંશય ભરેલું છે, તથાપિ તે પોતાના શિષ્યોને ખાનગીમાં પગે લાગવા દેતો એ વાત નક્કી છે. પણ એ કારણને લીધે જે નમન માત્ર પરમેશ્વરનેજ કરવાની રજા છે તે સ્વીકારવાનો દોષ વધારે આસ્તિક મુસલમાનો તેનાપર મૂકતા હતા.

**અકબરની રાજ્યરચના.**—વિંધ્ય પર્વતની ઉત્તરે આવેલા તમામ હિંદ અકબરે વશ કર્યો એટલુંજ નહિં, પણ ત્યાં વળી તેણે બાદશાહી સ્થાપી, રાજ્યના વિભાગ પાડી પ્રાંતો ઠરાવ્યા અને પ્રત્યેક પ્રાંતનો કારભાર ચલાવવાને ગવર્નર કે વાઇસિરાય ( સૂબેદાર ) નીમ્યા. એ હાકેમોને દીવાની અને લશ્કરી કામનો કુલ અધિકાર સોંપ્યો હતો. એ અધિકાર વાપરવાનાં ત્રણ ખાતાં કર્યાં હતાં. લશ્કરી, ન્યાય ( પોલીસનો સમાવેશ એ ભાગમાં કર્યો હતો) અને વસૂલાત. ફોજમાં બંડ થતાં તે તથા લશ્કરના ઉપરીને સ્વતંત્ર થતા અટકાવવાના ઇરાદાથી લશ્કરની રચના નવા પાયાપર ફરીને કરી. સેનાપતિઓને જાગીરો આપવાની જૂની પદ્ધતિને બદલે બની શકે તેમ સિપાઇઓને પગાર આપવાની તેણે ગોઠવણ કરી. આ ફેરફાર જ્યાં બની શક્યો નહિં, ત્યાંના જૂના લશ્કરી જાગીરદારોને રાજ્યના મધ્યસ્થળ એટલે દિલ્હીના અધિકાર તળે મૂક્યા. વળી પ્રાંતોના સેનાપતિઓની સ્વતંત્રતા અટકાવવાને તેણે એક પ્રકારની લશ્કરી વતનદારીની રીત દાખલ કરી ને તેમાં મુગલ ઉમરાવોની જોડાજોડ ખંડિયા હિંદુ રાજ્ય વંશીઓને રાખ્યા. ન્યાય ખાતાને માથે રાજધાનીમાં એક ન્યાયાધીશ ( મીરઈ-અદલ ) ઠરાવ્યો હતો, અને તેને મદદ કરવાને મુખ્ય નગરોમાં કાજી રાખ્યા હતા. શહેરોમાં પોલીસના ઉપરી કોટવાળ હતા. કોટવાળને **માજીસ્ટ્રેટ**નો અખત્યાર પણ આપ્યો હતો. પરગણાંઓમાં જ્યાં કાંઈ પણ પોલીસ હતી, તેનો વહીવટ વતનદારો કે વસૂલાત ખાતાના અધિકારીઓ ચલાવતા. પણ આખા હિંદના ગામોમાં લોકના જાન માલનું રક્ષણ કરવાને બ્રિટિશ રાજ્યની સ્થાપનાની પૂર્વે નિયમસર કોઈ ફોજ રાખવામાં આવેલી હતી એમ કહી શકાય નહિ. હિંદુ ગામમાં વંશપરંપરા નોકરી કરનાર ચોકીદાર રહેતો, દેશના ઘણા ભાગોમાં એ ચોકીદાર લૂટારૂ જાતના હતા તથા તેઓ ઘણીવાર ચોરોની સામે થતા તેમ ઘણે પ્રસંગે તેઓ સાથે મળી પણ જતા. જમીદારોને અને વસૂલાત ખાતાના અમલદારોને પોતપોતાના પંડના પોલીસ સિપાઈ હતા, તેઓ પોતાના ધણીને નામે બેડુતોને લૂટતા.

**અકબરની વસૂલાત પદ્ધતિ.**—અકબરની વસૂલાત પદ્ધતિનો પાયો પ્રાચીન હિંદુ રૂઢીઓને આધારે હતો, અને તે અદ્યાપિ ચાલુ છે. પ્રથમ તેણે ખેતરોની મોજણી કરાવી એટલે ખેતરોનાં ખરેખરાં માપ કરાવ્યાં. ત્યારકેડે તેના અમલદારોએ દરેક વીંઘામાં કેટલું પાકેછે તેની ખોળ કરી, અને કુલ એકંદરમાંનો એક તૃતીયાંશ સરકારનો હિસ્સો ઠરાવ્યો. છેલ્લે પાકમાંના સરકારના આ ભાગને બદલે નાણું આપવાના દર ઠરાવ્યા. પહેલાં તો ખેતરની જમાબંધી નામે ઓળખાતી આ બધી વિધિ દર વરસે કરવામાં આવતી, પરંતુ એવી વાર્ષિક તપાસથી ખેડુતપર પડતો જૂલમ અને સંતાપ દૂર કરવાને એવી તપાસ દશ દશ વરસે કરવી ઠરાવી. કુલ ઉપજમાંથી ત્રીજો હિસ્સો ઊઘરાવવામાં તેના અધિકારીઓ ચોકસ હતા; અને હાલ ઉત્તર હિંદમાં ઇંગ્રેજને જમીનના કરથી જેટલી પેદાશ છે તેથી અકબરને વધારે હતી. અફગાન સીમાડાની પેલીમેરના કાબુલ અને દક્ષિણ ખાનદેશ સુદ્ધાં તેના પંદર પ્રાંત હતા. તેઓપર જમીન ખાતે દરવરસે ચૌદ કરોડ રૂપીઆનો વેરો હતો. અથવા કાબુલ, ખાનદેશ, અને સિંધ બાદ કરતાં એ ખાતે ૧૨$\frac{1}{2}$ કરોડની ઉપજ હતી. ૧૭૮૩ માં ઉત્તર હિંદના એથી ઘણા વધારે મૂલકપર ઇંગ્રેજ સરકારનો કર માત્ર બાર કરોડ રૂપીઆ હતો. ક્ષેત્રફળ અને માલની કિમ્મત તથા રૂપાનો ભાવ એ સર્વ ધ્યાનમાં લેતાં અકબરનો કર ઇંગ્રેજ લેછે તેથી આશરે ત્રણગણો હતો. ૧૮૮૩ પછીનાં બે પત્રકોમાં અકબરની જમીનની પેદાશ ૧૬$\frac{3}{4}$ અને ૧૭$\frac{3}{4}$ કરોડ બતાવી છે. પાદશાહી લશ્કરથી જુદું ભૂમિ લશ્કર પ્રાંતોમાં હતું. તેના ખર્ચના ઓછામાં ઓછા દશ કરોડ રૂપિઆ પ્રાંતોને માથે હતા. કાબુલ અને ખાનદેશને બાદ કરતાં જમીનની ઉપજ ખાતે અને ભૂમિફોજના વેરા ખાતે ઉત્તર હિંદના ખેડુતો પાસે અકબર દરસાલ બાવીસ કરોડ રૂપીઆંથી વધારે માગતો. એ ઉપરાંત બીજા કેટલાક પરચુરણ વેરા હતા. અકબરની કુલ ઉપજ ૪૨ કરોડ રૂપીઆની ગણવામાં આવી છે.

**અકબરના પ્રધાનો.**—અકબરના હિંદુ પ્રધાન રાજા ટોડરમલે

જમાબંદીનું કામ કર્યું. તેનું નામ આજે પણ બંગાળાના ખેડુતના કોઈ ઘરમાં અજાણ્યું નથી. વિદ્વાન અબુલ ફાજલ અકબરનો દીવાન (વસુલાત ખાતાનો પ્રધાન) હતો. તેણે આઇનિ-ઈ-અકબરીમાં રાજ્યની સ્થિતિનું પત્રક આપ્યું છે, તથા તેના સ્વામીના દરબારનું અને તેની દરરોજની હકીકતનું અસરકારક વર્ણન લખ્યું છે. હાલ તે વાંચતાં મનોરંજક લાગે છે. ૧૬૦૩ માં ઢીલાત શાહજાદા સલીમની શીખવણીથી અબુલ ફાજલને કોઈએ મારી નાંખ્યો. અબુલ ફાજલની હત્યાથી અકબરની વૃદ્ધાવસ્થાને કલંક લાગ્યું.

**જહાંગીર પાદશાહ, ૧૬૦૫—૧૬૨૭.**—અકબરના વહાલા દીકરા સલીમે તેના પિતાની પછી ૧૬૦૫ માં પાદશાહ થઈ ૧૬૨૭ સુધી જહાંગીર એટલે દુનિયાને જીતનાર નામ ધારણ કરી રાજ્ય કર્યું. એ બાવીસ વરસનો અમલ એણે પોતાના પુત્રોના બળવા બેસાડી દેવામાં, પોતાની બેગમની સત્તાને ઊંચે દરજ્જે ચડાવવામાં અને જાતે મોજમઝા કરવામાં ગાળ્યો. દક્ષિણમાં તેણે લાંબા વિગ્રહ ચલાવ્યા, પણ તેથી તેના બાપે મેળવેલા મૂલકમાં થોડોજ વધારો થયો. વિંધ્ય પર્વતની દક્ષિણે આવેલું હિંદ હજી ઉત્તરમાંની દિલ્હીની બાદશાહતથી જુદું રહ્યું. હાર પામ્યાં છતાં અહમદનગરના હબસી વજીર મલિક અંબરે તે રાજ્યનું સ્વતંત્રપણું જાળવી રાખ્યું. જહાંગીરના રાજ્યને અંતે તેનો બંડખોર દીકરો શાહજાદો શાહજહાન દક્ષિણમાં નાશી ગયો હતો, અને મલિક અંબર જોડે મળી જઈ મુગલ સેનાની સામો વઢતો હતો. રજપૂતો પણ પાછા સ્વતંત્ર થવા લાગ્યા. ૧૬૧૪ માં પાદશાહની વતી શાહજહાને ઉદેપૂરના રાણા ઉપર જીત મેળવી, પરંતુ એ જીત અપૂર્ણ હતી, અને તે માત્ર થોડો વખત ટકી. એ દર્મિયાન રજપૂતની ટૂકડીઓ પાદશાહી ફોજોમાં મુખ્ય મદદ આપનારી થઈ પડી. કાબુલમાં ફિતુર થયું તે બંધ પાડવામાં શાહજહાને તેમના ૫,૦૦૦ સવારોએ મદદ કરી હતી. ૧૬૨૧ માં અફગાનિસ્તાનનો કંદહાર પ્રાંત જહાંગીર કનેથી ઈરાનીઓએ ખુંચવી લીધો. જહાંગીરના અમલમાં મુગલાઈ રાજ્યના જમીનવેરાની ઉપજ ૧૭૩ કરોડ રૂપિઆ રહી, અને તેની કુલ પેદાશ ૫૦ કરોડ રૂપિઆની હતી એવી ગણત્રી કરવામાં આવી છે.

**બેગમ નુરજહાન.**—જહાંગીરની કારકીર્દીમાં મુખ્ય સત્તા ચલાવનાર તેની બેગમ નુરજહાન 'દુનિયાનું તેજ' છે. એને નુરમહાલ 'મહેલનું તેજ' પણ કહેછે. ગરીબાઈમાં ઉછરેલી તો પણ તે ઈરાની ઉમરાવ કુળની હતી. અકબરના સમયમાં તે બેઉ ઊગતી જુવાનીમાં હતાં તે વારે એ સ્ત્રીની ફુટડાઈએ જહાંગીરનું મન મોહ્યું. પોતાના કુંવરથી દૂર કરવાને વૃદ્ધ પાદશાહે તે બાઈને કોઈ બહાદુર સિપાઈ વેરે પરણાવી હતી. એ સિપાઈને બંગાળામાં ઊંચી પાયરીની નોકરી મળી હતી. જહાંગીર તખ્તે બેઠો તે વારે એ નારીને તલ્લાક આપવાને ફરમાવ્યું. પણ તેમ કરવાની તેના વરે નાપાડી તેથી તેને તેણે કતલ કરાવ્યો. એ વિધવા બાઈને રાજમહેલમાં આણી, ત્યાં તે કેટલાક વખત લગી શીયળ વ્રત પાળી એકાંત રહી. પણ અંતે બેગમ નુરજહાં 'દુનિયાનું તેજ' એવું નામ ધારણ કરી બહાર પડી. તેણે પોતાના સગાને પોતાની આસપાસ રાખ્યા, અને મોજીલા જહાંગીર ઉપર પ્રથમ જે સત્તા તેણે ચલાવી તે પાદશાહને લાભકારી હતી. પરંતુ પાદશાહી શાહજાદાઓ અને મુગલ સરદારો તેના પક્ષની અદેખાઈ કરતા તેથી કાવતરાં થયાં અને બંડ ઉઠ્યાં. તેના વિજયી સેનાપતિ મહાબતખાનને ૧૬૨૬ માં પોતાના બચાવ ખાતર તેની સામા થવું પડ્યું. તેણે બાદશાહને ઝાલી નુરજહાં સહિત છ માસ લગી કેદ રાખ્યો. બીજી સાલમાં (૧૬૨૭ માં) તેના પુત્ર શાહજહાને અને તેના મોટામાં મોટા સેનાપતિ મહાબતખાને ઊઠાવેલો બળવો ચાલતો હતો તેવામાં જહાંગીરનું મરણ થયું.

**જહાંગીરનાં લક્ષણ.**—હિંદમાં આવેલા પહેલ વહેલા બ્રિટિશ એલચી સર ટામસ રોએ ખુદ જહાંગીરનાં લક્ષણ આબેહુબ વર્ણવ્યાં છે (૧૬૧૫). સરકારનું મધ્યસ્થળ આગ્રા જારી રહ્યું હતું, પણ પાદશાહી સૈન્ય કુચ કરતું તે વારે ભભકાદાર રાજધાની જેવું તે બની રહેતું. જહાંગીરનો મત એવો હતો કે મુસલમાની ધર્મથી અકબર બહુ ખુલ્લી રીતે છુટો પડ્યો હતો. નવો પાદશાહ બહારથી મુસલમાની ધર્મની રીતભાત પાળી તેને વધારે વળગી રહ્યો, તો પણ ધર્મ વિષે અંદરની લાગણી તેનામાં તેના પિતા જેવી ન હતી. પોતાની રૈયતને

દારૂ પીવાની મના કરી હતી અને પંડે છાકટો થઈ મોઝમઝામાં રાતની રાત ગુમાવતો. દારૂ પીતાં પીતાં ધર્મની વાતો કરતો અને તેને કેટલોક નીશો ચડતો ત્યારે તે રડતો અને બીજા મનોવિકારોને આધીન થતો, ને મધરાત સુધી તેવી સ્થિતિમાં જારી રહેતો. જાહેરમાં તે સદ્‌ગુણનું ડોળ બરાબર જાળવી રાખતો, અને જેના મોઢામાંથી મદિરાનો વાસ આવે તેવા માણસને પોતાની હજૂરમાં કદી આવવા દેતો નહિ. એક વેળા તેની મધ્યરાતની જાફતમાં ભાગ લેનાર એક દરબારી વગર વિચારે તે વિષે બીજી સવારે કાંઈક બોલ્યો. એવી છાકટાઈમાં તેની જોડે જેઓ સામિલ હતા તેઓનાં નામ બાદશાહે ગંભીરપણે પૂછી લીધાં, અને પછી તે માણસોને લાકડીનો માર એટલો તો મરાવ્યો કે તેમાંનો એક તેથી મરી ગયો.

સાવધ અવસ્થામાં જહાંગીર પોતાના રાજ્યનું કામ ડહાપણથી કરતો. કિલ્લાના કોટપરથી જમીન સુધી એક સાંકળ તે રાખતો. તે સાંકળના એક છેડાનો સંબંધ તેના પોતાના ઓરડામાં ટાંગેલા કેટલાક સુવર્ણ ઘંટો જોડે કરેલો હતો. દરબારીઓની માર્ફત વિના, એ-વડે હરકોઈ માણસ પોતાની ફર્યાદ પાદશાહને જાહેર કરી શકતો. ઘણાક સાહસિક યુરોપવાસીઓ તેના દરબારમાં ગયા, અને જહાંગીરે તેમના હુનર અને ધર્મ બંનેને આશ્રય આપ્યો. તેની જુવાનીમાં તેણે પોતાના બાપનો નવો ધર્મ કબૂલ રાખ્યો હતો. એવું કહેવાયછે કે પાદશાહ થયો તેવારે તેણે અકબરને ઈશ્વરી માન મળતું તેવું માન પોતાને આપવાની પરવાનગી આપી હતી. જહાંગીરની પહેલી વહુ હિંદુ રાજકુમારી હતી. ખ્રિસ્તની અને કુમારિકા મરિયામ (મેરી) ની આકૃતિઓથી તેની જપમાળા શોભતી હતી; અને તેના બે ભત્રિજા તેની પૂર્ણ મંજૂરીથી ખ્રિસ્તી થયા હતા.

**શાહજહાન પાદશાહ, ૧૬૨૮-૧૬૫૮.**—બાપના મરણની વાત સાંભળી શાહજહાને દક્ષિણમાંથી ઉતાવળે ઉત્તરમાં આવી ૧૬૨૮ ના જાનેવારી માસમાં પોતે પાદશાહ થયાનો ઢંઢેરો આગ્રામાં ફેરવ્યો. સારો દરમાગો બાંધી આપી તેણે નુરજહાંને દરબારથી દૂર રાખી; તેમજ પોતાના ભાઈ શહરીઆરને તથા ગાદીપર હક્ક ધરાવી સામા થાય તેવા અક-

બરના તમામ વંશજોને મારી નાખ્યા. એવી રીતે વળી તેણે તે બેગમનો દરબારમાં પક્ષ હતો તેનો સમૂળગો નાશ કર્યો. પણ લોક જોડે તે વ્યાજબી રીતે વર્ત્તતો. તેની આદતો ખામી વગરની હતી. તે મહેસૂલની બાબતમાં પ્રવીણ હતો અને ભભકાદાર દરબારનો, સુશોભિત જાહેર ઈમારતોનો, અને વેગળેની લશ્કરી સવારીઓનો ખર્ચ કરતાં છતાં જેટલી કરકસર થઈ શકે તેટલી કરતો. શાહજહાનના વખતમાં અફગાનિસ્તાનનો કંદહાર પ્રાંત મુગલાઈ રાજ્યથી છૂટો પડ્યો તે ફરીને તેમાં ભળ્યો નહિ, પણ તેણે રાજ્યનો વિસ્તાર દક્ષિણમાં વધાર્યો અને ઉત્તર હિંદમાં શોભાયમાન મકાનો બંધાવ્યાં. એ ઇમારતો મુગલાઈ રાજ્યનું અતિ તેજસ્વી સંભારણું છે. (દલ્હીની ફોજે ૧૬૩૭ માં થોડીવાર બલ્ખનો કબજો કર્યો અને કંદહાર પ્રાંત ખરેખરો ફરીને જીતી લીધો. ત્યારપછી શાહજહાને પોતાનો અફગાનિસ્તાનમાંનો ઘણો મૂલક ખોયો; અને ૧૬૫૩ માં ઈરાનીઓએ કંદહાર પ્રાંતને મુગલાઈ રાજ્યમાંથી છૂટો પાડી લઈ લીધો. એથી ઊલટું દક્ષિણદેશ પાદશાહીમાં ભળ્યો, ત્યાં અંતે અહમદનગર જીતાયું અને ૧૬૩૬માં મુગલાઈ રાજ્ય સાથે જોડાયું. ૧૫૭૨ માં અહમદનગર સાથે ઈલિચપુર જોડાયું હતું તે પણ જોડે મુગલ પાદશાહને મળ્યું; તેણે બિદરગડ ૧૬૫૭ માં જીતી લીધો. પાંચ રાજ્યોમાંનાં બિજાપુર અને ગોવલકોંદા એ બે પાછળ થનારા પાદશાહ ઔરંગજેબના અમલસૂધી જીતાયાં નહિ, પરંતુ તેમને ખંડણી આપવાની જરૂર શાહજહાને પાડી. તેમ હવે એ સ્થળમાં ( દક્ષિણમાં ) મરાઠા દેખાવ દેવા લાગ્યા. તેમણે પહેલો હાથ ૧૬૩૭ માં અહમદનગર પર કર્યો તેમાં તેઓ ફતેહ પામ્યા નહિ, તોપણ તેમણે આગ્રહી થઈ એક પછી એક હિંદુ હુમલા ચલાવવા માંડ્યા, તેથી આવતા સૈકામાં મુગલાઈ પાદશાહત તૂટી પડનાર હતી. ઔરંગજેબ અને તેના ભાઈઓ પોતાના બાપના તરફથી દક્ષિણ હિંદમાં અને અફગાનિસ્તાનમાં વિગ્રહ ચલાવતા હતા.

**શાહજહાનની ઈમારતો.**—એક કે બે લશ્કરી ચઢાઈઓનો સમય બાદ કરતાં પોતાની કારકીર્દીનો બાકીનો વખત શાહજહાને ઘણા દમામથી ઉત્તર હિંદમાં ગાળ્યો. આગ્રામાં તેણે અતિશય સુંદર તાજમહાલનો રોજો બંધાવ્યો. આરસમાં ઉતારેલો આ સ્વપ્ન સરખો પાક

'ઘડ્યો' હતો એવી સુંદર ઇમારતો ઊભી કરવાનું પરીઓએ ઘડી આપેલું તેમ મનમાં ગોઠવ્યો અને ઝવેરીઓએ પૂરો કર્યો.' આગ્રાના કિલ્લામાં તેની મોટી મસ્જિદ છે તે કદાચિત્ દુનિયામાં સર્વેથી વધારે સ્વચ્છ અને રમણીય પ્રાર્થનામંદિર છે. આ અને બીજી ઇમારતી કારીગરીની ખૂબીઓથી પોતાના દાદાના પાટનગરને શણગારી ન ધરાતાં તેણે રાજધાનીને ફરી દિલ્હીમાં લઈ જવાની યોજના કરી અને તે શહેરને અનુપમ ઠાઠમાઠવાળાં મકાનોથી શોભાયમાન કર્યું. તેની મોટી જુમ્મા મસ્જિદ તેના અમલના ૪ થા વરસમાં બંધાવવા માંડી અને ૧૦ મા વરસમાં તે પૂરી થઈ. દિલ્હીનો મહેલ, હાલ કિલ્લાનું કામ બજાવેછે, તે ૧૬૦૦ X ૩૨૦૦ફુટ સમાંતરબાજૂચોખૂણ જગા રોકેછે, અને તેમાં આરસ અને સારા પાષાણની ઉત્તમ રોનકદાર અને કીમતી ઇમારતો છે. ઊંડા દરવાજામાં થઈને મહેરાબદાર દિવાનખાનામાં જવાયછે, અતિ મોટા (ગાથિક કાથિડ્રલ) ગાથિક બાંધણીના ખ્રિસ્તી દેવલને મધ્ય ભાગે આવેલા ઘુમટની માફક તે દીવાનખાનાની ઉંચાઈ બે મજલા છે, અને તેની લંબાઈ ૩૭૫ ફુટ છેઃ—શિલ્પકળાનો ઇતિહાસ કર્ત્તા ફરગ્યુસન કહેછે કે 'હરકોઈ ઠેકાણાના મહેલના દરવાજામાં એ દરવાજો શ્રેષ્ઠ છે.' "દિવાન-ઇ-ખાસ" એટલે ખાનગી મુલાકાતનું એવાન (મહેલ) નદીને તીરે આવી રહ્યુંછે. એમાં ઘણી ચતુરાઈ ભરેલું નાજુક જડાવકામ અને અદ્ભુત નકશીકામ છે. શાહજહાને પોતાની કારકીર્દીનાં ઘણાં વરસ દિલ્હીમાં ગાળ્યાં અને એ શહેરને શણગારી એવું તૈયાર કીધું કે તેની પછી પાદશાહ થનાર ઔરંગજેબના સમયમાં દુનિયાની સઘળી રાજધાનીઓ કરતાં વધારે સુન્દર એ નગર બની રહ્યું હતું. દિલ્હીની બાંધણીઓ ઉત્તમ રૂપાળી છે, તો પણ અકબરે ચણાવેલા રાતા પત્થરનો કિલ્લો આગ્રામાં છે, તેનો ભવ્ય દેખાવ, બહાર નીકળી આવતી નકશી, અને ચોરસ ખંડની હિંદુ બાંધણીને ઠેકાણે શાહજહાનનો આરસની ઇમારતોમાં કાંઈક નાજુક સુન્દરતા છે.

**શાહજહાનના રાજ્યની પેદાશ.**—શાહજહાનના સમયમાં મુગલાઈ રાજ્યનું બળ અને ભભકો વધારેમાં વધારે હતો. તેની પછી તેના દીકરા ઔરંગજેબે રાજ્યનો વિસ્તાર વધાર્યો, તો પણ તેની જોડે

તેના નાશનાં બીજ પણ રોપ્યાં. અકબરના વખતમાં જમીનની ઉપજ ૧૭ા કરોડ તે વધીને શાહજહાનના અમલમાં ૨૨ કરોડ રૂપીઆ થઈ. એ વધારો મુખ્યત્વે નવા જીતેલા મૂલકોમાંનો હતો. પણ એ આંકડામાં કાશ્મીર અને અફગાનિસ્તાનના પાંચ પ્રાંતોની પેદાશ હતી. એ પાંચમાંના કેટલાક પ્રાંતો શાહજહાને ખોયા. હિંદની હદમાંહેની જમીનની પેદાશ મુગલાઈ રાજ્યને ૨૦⅓ કરોડ રૂપિઆની હતી. શાહજહાનના દરબારનો વૈભવ જોઈ યૂરોપના મુસાફરો વિસ્મય પામતા હતા. તેના મયૂરાસનમાંના તથા તે આસનનાં ચળકતાં પૂછડાંમાંનાં સ્વાભાવિક રંગ બદલતાં માણેક નીલમ (શાની) અને પાના (લીલમ) ની કિમ્મત ઝવેરી તાવર્નિઅરે ૬ાા કરોડ રૂપિઆ કરી હતી.

**શાહજાદા ઔરંગજેબનો બળવો, ૧૬૫૭.**—અકબરના વંશમાં બંડખોર પુત્રો થતા એ જાતની તેને માથે મોટી આફત હતી. જહાંગીરે જેમ પોતાના માયાળુ પિતા અકબરનો સામા બળવા કર્યા હતા, અને શાહજહાને જેમ જહાંગીરની સામા ફિતૂર મચાવ્યું હતું તેમ હવે શાહજહાનનો વારો આવ્યો ત્યારે તેણે પોતાના કુટુંબનાં કાવતરાં અને બળવાને લીધે દુઃખ ભોગવ્યું. ૧૬૫૭ માં ઘરડો બાદશાહ માંદો પડ્યો; અને ઔરંગજેબે પોતાના ભાઈઓ જોડે કપટી ઝઘડો કરી પોતાના બાપને પદભ્રષ્ટ કર્યો, તથા ૧૬૫૮ માં પંડે પાદશાહપદ ધારણ કર્યું. એ દુઃખી પાદશાહને તેણે સાત વરસ બંદીખાને રાખ્યો. શાહજહાન ૧૬૬૬ માં આગ્રા ગઢમાં રાજકેદી તરીકે મરણ પામ્યો.

**ઔરંગજેબના અમલનો વરસવાર સાર. ૧૬૫૮–૧૭૦૭.**

૧૬૫૮ શાહજહાનને પદભ્રષ્ટ કરી ઔરંગજેબ રાજ્ય હરણ કરેછે.

૧૬૫૯ ઔરંગજેબ પોતાના ભાઈઓ સુજા અને દારાને હરાવેછે. જે સરદારને શરણે દારા ગયો હતો તેણે તેને પકડી ઔરંગજેબને આપ્યો, ઔરંગજેબે તેને મારી નાંખ્યો.

૧૬૬૦ ઔરંગજેબ અને સુજાનો ઝઘડો જારી રહ્યો તેમાં આખરે સુજા આરાકાનમાં નાશી જાયછે અને દુઃખ પામી મરી જાયછે.

૧૬૬૧ ઔરંગજેબ પોતાના સૌથી નાનાભાઈ મુરાદને કેદખાનામાં મારી નાંખેછે.

૧૬૬૨ ઔરંગજેબના સેનાપતિ મીરજુમ્લાએ આસામપર ચઢાઈ કરી પણ તેમાં જય મળ્યો નહિં. દક્ષિણમાં તોફાન. બિજાપુર અને શિવાજીના હાથ નીચે મરાઠાનોવિગ્રહ. કેટલીક હારજીત થયા પછી મરાઠી રાજ્યનો સ્થાપનાર શિવાજી ઘણોક મૂલક કબજે રાખેછે.

૧૬૬૨–૧૬૬૫ મુગલાઈ રાજ્યની સામે શિવાજી બળવો ઊઠાવેછે. ૧૬૬૪માં તે રાજ્યપદ ધારણ કરેછે. અને પોતાને સ્વતંત્ર થયાનું જાહેર રીતે કહેછે, પણ ૧૬૬૫માં તેના ઉપર મોટી ફોજ મોકલવાથી તે તાબે થાયછે, અને દિલ્હી જાયછે. ત્યાં તેને નજરકેદ કરવામાં આવેછે, પરંતુ થોડા વખતમાં તે નાસી છૂટેછે.

૧૬૬૬ પદભ્રષ્ટ પાદશાહ શાહજહાનનું મરણ. દક્ષિણમાં વિગ્રહ, અને બિજાપુરનો સુલતાન મુગલસેનાને હરાવેછે.

૧૬૬૭ ઔરંગજેબ જોડે શિવાજી સલાહ કરેછે અને કેટલોક મૂલક મેળવેછે. બિજાપુર અને ગોલકોંદાનાં રાજ્યો કનેથી શિવાજી ખંડણી લેછે.

૧૬૭૦ શિવાજી ખાનદેશ અને દક્ષિણ લૂટેછે. અને ત્યાં ચોથ એટલે ઊપજનો ચોથો ભાગ ઊઘરાવેછે. એ એણે પહેલ વહેલી આ વખતે ઊઘરાવવા માંડી.

૧૬૭૨ શિવાજી મુગલોને હરાવેછે.

૧૬૭૭ ઔરંગજેબ જઝીઆ વેરો એટલે જેઓ મુસલમાન ન હોય તેઓ પાસેથી લેવાનો માથાવેરો પાછો ચાલુ કરેછે.

૧૬૭૯ રજપૂતો જોડે ઔરંગજેબને વઢવાડ થઈ. ઔરંગજેબનો સૌથી નાનો શાહજાદો અકબર બળવો કરી રજપૂતને જઈ મળેછે, પણ તેનું લશ્કર તેનાથી છૂટું પડેછે. શાહજાદા અકબરને મરાઠા કને નાશી જવું પડેછે.

૧૬૭૨–૧૬૮૦ દક્ષિણમાં મરાઠાનો વધારો. ૧૬૭૪ માં શિવાજીએ

રાયગઢમાં પોતાને સ્વતંત્ર ભૂપતિ પ્રમાણે રાજ્યાભિષેક કરાવ્યો. બિજાપુરનાં અને મુગલનાં રાજ્યો જોડે તેના વિગ્રહ. ૧૬૮૦ માં શિવાજીનું મરણ અને તેની ગાદીએ તેના દીકરા સંભાજીનું બેસવું.

૧૬૮૩ પોતાની મોટી ફોજ સહિત ઓરંગજેબ જાતે દક્ષિણ ઉપર ચઢેછે.

૧૬૮૬–૧૬૮૮ બિજાપુર અને ગોલકોંદા એ બંને રાજ્યોને જીતી ઓરંગજેબ ખાલસા કરેછે.

૧૬૮૯ ઓરંગજેબ સંભાજીનેપકડી જંગલીપણે મારી નાંખેછે.

૧૬૯૨ મરાઠાના સ્વતંત્ર સરદારોની સાથે નિયમ વગરની લડાઈ.

૧૬૯૮ ઓરંગજેબ મરાઠા પાસેથી જિંજીગઢ જીતી લેછે:

૧૬૯૯–૧૭૦૧ સતારા અને બીજા મરાઠી કિલ્લા ઓરંગજેબ જીતેછે. મરાઠાનો ઉપલક દેખાતો નાશ.

૧૭૦૨–૧૭૦૫ મરાઠાની નવી ફતેહ.

૧૭૦૬ ઓરંગજેબ અહમદનગરમાં પાછો જાયછે; અને

૧૭૦૭ દુઃખ પામી ત્યાં મરણ પામેછે.

**ઓરંગજેબ પાદશાહ, ૧૬૫૮–૧૭૦૭.**—કેદ કરેલા બાપને ઠેકાણે ૧૬૫૮ માં આલમગીર એટલે જગત્‌નો જીતનાર એવો ઇલિકાબ ધારણ કરી ઓરંગજેબે પોતે પાદશાહ થયાનાં જાહેરનામાં કાઢ્યાં, અને ૧૭૦૭ સુધી રાજ્ય કર્યું. ઓરંગજેબના અમલમાં મુગલાઈ રાજ્યનો વિસ્તાર વધારેમાં વધારે થયો હતો. પણ તેની ઓગણ પચાસ વરસની લાંબી કારકીર્દીમાં મુગલ અમલમાં વારંવાર થતા કમકમાટ ભરેલા નાટકરૂપી બનાવો માત્ર વધારે દબદબાવાળા રૂપમાં માલૂમ પડેછે. એના પંડના સંબંધમાં તેના રાજ્યનો આરંભ પોતાના બાપની સામા ઊઠાવેલા બંડથી થયો; પોતાના ભાઈઓના ખૂનથી તે વધારે મજબુત થયું, અને તેના પોતાના પુત્રોના બળવા, કારસ્તાન, અને અદેખાઈઓથી, તેની કારકીર્દી ઝાંખી પડી તેનો અંત આવ્યો. ઉત્તર હિંદમાં મોટા ઠાઠમાઠવાળું દરબાર, દક્ષિણમાંનાં સ્વતંત્ર મુસલમાની રાજ્યોને જીતવાં, અને રજપુતાનાનાં તેમજ દક્ષિણનાં હિંદુ-

રાજ્યો મુગલાઈ બાદશાહતને ઊથલાવી પાડવાને બળ ભેગું કરતાં હતાં, તેઓની સામે લડવું એ તેની કારકીર્દીના જાહેર બનાવો હતા.

**ઔરંગજેબ પોતાના ભાઈઓની હત્યા કરેછે.**—તખ્તે બેઠા પછી બીજે વરસે પોતાના વડાભાઈ દારાને ઔરંગજેબે મરાવી નાંખ્યો (૧૬૫૯). દારા ઉદાર પણ આકળા સ્વભાવવાળો હતો. પોતાની મરજી મુજબ મોજ કરનાર બીજા ભાઈ સુજાની સાથે ત્યાર પછી બાર માસ ઝગડો કરી ઔરંગજેબે તેને હિંદમાંથી હાંકી કાઢ્યો. તે આરાકાનના ઉદ્ધત જંગલી લોકમાં પીડા પામી મરી ગયો (૧૬૬૦). બાકી રહેલા ભાઈ બહાદુર અને તરૂણ મુરાદને ત્યાર પછીના વરસમાં બંદીખાનામાં મારી નખાવ્યો (૧૬૬૧). હરીફાઈ કરનારા ભાઈઓને એમ મરાવી નાંખીને ઔરંગજેબ શુદ્ધ ઇસ્લામ પંથને માનનારો ધર્માંધ પાદશાહ થઈ બેઠો, અને તેનો અશક્ત બાપ શાહજહાં કતલ થયેલા પુત્રોના શોકમાં ૧૬૬૬ માં મૂઓ ત્યાં સુધી કેદખાનામાં સડ્યાં કર્યો.

**દક્ષિણ હિંદમાં ઔરંગજેબની લડત.**—પોતાના પિતાના સેનાપતિ તરીકે ઔરંગજેબે દક્ષિણ હિંદને જીતવાનું કામ આગ્રહથી અને યશપૂર્વક આરંભ્યું હતું, તે તેણે પાદશાહ થયા પછી પણ જારી રાખ્યું. રાજ્યાસને બેઠા પહેલાં દક્ષિણનાં પાંચ મુસલમાની રાજ્યમાંના બીદર અને ઈલિચપુર સહિત અહમદનગર એ તેણે જીત્યાં હતાં. બાકીનાં બે બિજાપુર અને ગોલકોંદા એ રાજ્યોએ વધારે મુદત લગી ઝગડો ચલાવ્યો, પરંતુ ઔરંગજેબે ઠરાવ કર્યો હતો કે ગમે તેટલું નુકસાન વેઠીને એ બેને જીતી મુગલાઈ રાજ્યમાં ભેળી દેવાં. તેની કારકીર્દીનો પહેલો અર્દ્ધો કાળ એટલે બરાબર ૨૫ વરસ લગી તેણે પોતાના સરદારો માર્ફતે દક્ષિણમાં યુદ્ધ ચલાવ્યું (૧૬૫૮–૧૬૮૩). એ વખતે દક્ષિણમાં એક નવું રાજ્ય ઉત્પન્ન થયું હતું. એ રાજ્ય મરાઠાનું હતું, અને એનો ઈતિહાસ વધારે વિસ્તારથી હવે પછી બીજાં પ્રકરણોમાં આવશે. બિજાપુર અને ગોલકોંદાના મુસલમાની રાજ્યને જીતવાનું પૂર્વનું કામ મુગલાઈ ફોજને માથે હતું એટલુંજ નહિ, પણ આ મરાઠી પ્રજા ઉતાવળે વૃદ્ધિ પામતી હતી, તેને કચરી મારવાનું નવું કામ ઊભું થયું હતું.

**દક્ષિણ હિંદ ધીમે ધીમે જીતાયું.**—પા સૈકા સુધી તેના મોટા પ્રયત્નો રદ ગયા. બિજાપુર અને ગોલકોન્દા જીતાયાં નહિ. ૧૬૭૦ માં મરાઠો સરદાર શિવાજીએ દક્ષિણ હિંદના મુગલાઈ પ્રાંતોમાંથી ચોથ ઊઘરાવી, એટલે તે પ્રાંતોની પેદાશમાંથી ચોથો ભાગ ખંડણી તરીકે લીધો; અને ૧૬૭૪ માં તેનો રાજ્યાભિષેક રાયગઢમાં થયો, પછી તે સ્વતંત્ર મહારાજા છત્રપતિ બન્યો. ૧૬૮૦–૧૬૮૧ માં ઔરંગજેબનો બંડખોર દીકરો શાહજાદો અકબર મરાઠી ફોજમાં દાખલ થયો. ઔરંગજેબને લાગ્યું કે ઉત્તરનો સુન્દર મહેલ છોડી દક્ષિણમાં જઈ લશ્કરી તંબુમાં વાસ કરવો, યાતો દક્ષિણ જીતવાની ઘણી વહાલી યોજના છોડી દેવી. પછી વિચાર કરી તેણે સવારી કરવાની તૈયારી કરી. આગળ કદી નહિ ગયેલી એવી મોટી દબદબાવાળી ફોજ પોતાની જોડે લઈ જવાને તૈયાર કરી. ૧૬૮૩ માં આ મોટી સેના સહિત તે દક્ષિણમાં આવ્યો, અને પોતાની કારકીર્દીનો બાકીનો અર્દ્ધભાગ એટલે ૨૪ વરસ ત્યાં લડવામાં ગાળ્યો. લાંબા વખત લગી સામે લડ્યા પછી ગોલકોંદા અને બિજાપુર પરાભવ પામ્યાં, અને અંતે ૧૬૮૮ માં તેઓ મુગલાઈ બાદશાહતમાં ભળી ગયાં.

**મરાઠા, ૧૬૮૮ થી ૧૭૦૭.**—પરંતુ દક્ષિણનાં પાંચ મુસલમાની રાજ્યોમાંનાં આ છેલ્લાં રાજ્યો જીતાવાથી મરાઠાને પોતાનું કામ કરવાને જગા ખુલ્લી થઈ. મરેઠાના હુમલાથી એ બે મુસલમાની રાજ્યોની એવી હાલત થઈ ગઈ હતી કે ઔરંગજેબ તેઓને ખાલસા કરી શકે. પાદશાહે પોતાના જીવતરનાં બાકીનાં વીસ વરસ (૧૬૮૮--૧૭૦૭) સુધી આ વૃદ્ધિ પામતા હિંદુ મરાઠી રાજ્યની સામે વિગ્રહ ચલાવ્યો. તેમના સૌથી પહેલા મોટા નાયક શિવાજીએ ૧૬૭૪ માં પંડે મહારાજા છત્રપતિ થયાનાં જાહેરનામાં કર્યાં હતાં; તે ૧૬૮૦ માં મરણ પામ્યો. ૧૬૮૯ માં તેની પછી તેની ગાદીએ બેસનાર તેના દીકરા સંભાજીને ઝાલી ક્રૂરપણે ઔરંગજેબે મારી નાંખ્યો; મરાઠાના પુષ્કળ કિલ્લા સુદ્ધાં તેમની રાજ્યધાની કબજે કરી; અને નવા સૈકાના પહેલા વરસમાં તો મરાઠાને લગભગ નિર્મૂળ કરી નાંખ્યા હોય તેમ ભાસતું (૧૭૦૧). પણ નાસતા ભાગતા નિયમ વગરની કેટલીક લડાઈઓ

કર્યાં પછી તેઓ ફરી મોટી લડાયક પ્રજા બની. ૧૭૦૫ માં તેમણે પોતાના કિલ્લા પાછા જીતી લીધા. ઔરંગઝેબે આ લાંબા તથા ફોકટ ઝગડામાં ઉલટી પોતાની તંદુરસ્તી બગાડી, પોતાનો ખજાનો ખાલી કર્યો અને પોતાના લશ્કરને થકવી નાંખ્યું. તેના સિપાઈ ચડેલા પગારને માટે બડબડવા લાગ્યા; અને આ વેળા પાદશાહ ઘરડો અને ચીઢિયો થયેલો હતો, તેણે નારાજી થયેલા માણસોને કહ્યું કે તમને મારી નોકરી કરવી ગમતી ન હોય તો રાજીનામાં આપી ચાલ્યા જાઓ. નાણાની અડચણ દૂર કરવાને તેણે પોતાના કેટલાક ઘોડે સવારોને રજા આપી.

**ઔરંગઝેબ ઘેરાઈ ગયો.**— એ દર્મિયાન પાદશાહી છાવણીને ભૂખેમરતા **મરાઠા** સતાવતા હતા. ઔરંગઝેબનું મોટું લશ્કર પા સૈકામાં એટલું વધી ગયું હતું કે તે કબજામાં રહી શકે એવું રહ્યું નહિ. તેની હીલચાલ ધીમી અને છાની રહી ન શકે તેવી હતી. **મરાઠા** તેની છાવણીનાં નાકાં લૂટતા અને ત્યાં આગળના લોકનું અપમાન કરતા. તેમની ઉપર નાની સવારી મોકલતો ત્યારે તેઓ તેને વાઢી નાંખતા. મોટી ફોજ લઈ તેમનીપર ચઢાઈ કરતો ચઢતો ત્યારે તેઓ ભાગી જતા. તેના પોતાના સિપાઈ શત્રુ જોડે બેશી ઉજાણી ખાતા અને શત્રુઓ પાદશાહને પોતાનો શ્રેષ્ઠ મિત્ર કહી મશ્કરીમાં તેની તન્દુરસ્તીનું સારૂં ઇચ્છતા.

**ઔરંગઝેબનું મૃત્યુ.**—૧૭૦૬ માં મોટું લશ્કર એવું ઢંગધડા વગરનું થઈ ગયું હતું કે ઔરંગઝેબે **મરાઠા** જોડે સલાહ કરવાને ભાંજગડ ચલાવી. તેણે મુગલાઈ પ્રાંતોને માથે **મરાઠાની** ચોથ લાગુ કરી આપવાનો મનસુબો પણ કર્યો. **મરાઠા** સરદારોના હરખથી બહેકી જવાને લીધે તે ભાંજગડ બંધ પડી. ૧૭૦૬ માં ઔરંગઝેબને અહમદનગરમાં આશ્રય મળ્યો, પણ ત્યાં તે બીજે વર્ષે ફેફ્સુઆરીમાં મરણ પામ્યો. પુત્રોની રાજ્યભક્તિ વિષે તેને અંદરખાને શંકા રહેતી તથા જેવી ખરાબી પોતે પોતાના બાપની કરી હતી તેવી તેઓ મારી કરશે એવો તેને ભય લાગતો. એ બે કારણથી તેના છેલ્લા દિવસોમાં તે વિખૂટે પડયો. અંતકાળે પોતાની સંસારી શીખામણ તથા છેલ્લી

સલામ ભાગાતૂટા વચનમાં કહી તેણે ભય અને પસ્તાવો જણાવ્યો હતો. મેં મારૂં નાવ સમુદ્રમાં મૂક્યું છે, હવે જે થવાનું હોય તે થાઓ. છેલ્લી સલામ! છેલ્લી સલામ! છેલ્લી સલામ! એ પ્રમાણે નાઉમેદી ભરેલા ત્યાગના ટળવળાટમાં તેણે પોતાની દેહ છોડી.

**મીરજુમ્લાની આસામ ઉપર સવારી, ૧૬૬૨.**—પોતાની જીંદગીમાં દક્ષિણ જીતવું એવી ઔરંગજેબની દૃઢ મતલબ હતી, અને તે માટે તેનો હેવાલ અહીં લાગલગટ આપ્યો છે. ઉત્તર હિંદમાં પણ મોટા બનાવ બન્યા હતા. હિંદના છેક પૂર્વ પ્રાંતમાં આસામ તલક બાદશાહી ફોજને **મીરજુમ્લા** લઈ ગયો હતો (૧૬૬૨). વર્ષાઋતુમાં ત્યાંની કાદવ ને પાણીવાળી રોગિષ્ઠ ભૂમિમાં તેનું સૈન્ય તવાઈ ગયું. તેને ખોરાક મળતો અટકી ગયો, અને તે દેશથી વાકેફગાર અને ત્યાંની હવાને પત ન કરે એવા દેશીઓનાં ટોળેટોળાં માર્ગમાં તેની આસપાસ વીંટળાઈ વળ્યાં. એ દુઃખમાંથી લશ્કરના મુખ્ય ભાગને **મીરજુમ્લા** બચાવી શક્યો, પણ પેડે ઢાકા પહોંચ્યા પહેલાં થાક અને નાઉમેદીને લીધે મરણ પામ્યો.

**ઔરંગજેબનો ધર્માંધ રાજ્યનીતિ.**—હિંદના પશ્ચિમ ભાગમાં પણ **ઔરંગજેબને** જશ મળ્યો નહિ. ત્યાં ઈશ્વરને માનનાર લડાયક જાતના **શીખ** લોક વસતા હતા. એના વખતમાં એ લોક વૃદ્ધિ પામી બળવાન થવા લાગ્યા હતા. પણ એક પછી એક કરેલાં જે કાર્યો વડે તેમણે અંતે પંજાબદેશ મુગલાઈ બાદશાહતમાંથી છીનવી લીધો તે તો એની પાછળના રાજાઓના વખતમાં શરૂ થયાં હતાં. **ઔરંગજેબના** ધર્માંધપણાને લીધે ઉત્તર હિંદના સઘળા હિંદુ રાજા તથા રૈયત તેની સામે થયાં. તેણે જઝીઆ વેરો એટલે જેઓ મુસલમાન ન હોય તેઓ પર અપમાન કરનાર માથાવેરો પાછો ચાલુ કર્યો (૧૬૭૭). રાજ્યકારભારમાંથી હિંદુને કાઢી મૂક્યા, અને પોતાના બાપના નિમકહલાલ સેનાપતિ જસવંતસિંહની વિધવા અને છોકરાંપર જૂલમ કર્યો. ૧૬૭૬ માં એના જુલમને લીધે ઉત્તર હિંદમાં એક જગાના હિંદુ પંથને બંડ કરવાની જરૂર પડી, અને ૧૬૭૭ માં રજપૂત સંસ્થાનો સંપ કરી તેના સામા થયાં. પાદશાહે લાંબી મુદત

લગી તેમની જોડે વિગ્રહ ચલાવ્યો. કોઈવાર રજપુતાનાને ઊજડ કરતો અને કોઈવાર પોતાને અને પોતાની ફોજને ખરૂં બુદ્ધિબળ અને ભારે સાવધપણું વાપરી વિનાશમાંથી બચાવી લેતો. ૧૬૮૦ માં તેનો બંડખોર દીકરો શાહજાદો અકબર પોતાના લશ્કર સહિત રજપૂતોને જઈ મળ્યો. એ વરસથી રજપૂતો મુગલાઈ પાદશાહતથી સદૈવ જુદા રહ્યા; અને જે હિંદુ શૌર્ય મહાન અકબરની શક્તિ વધારનાર હતું, તે ઔરંગઝેબના અને તેની પછીના પાદશાહોના વિનાશનું એક કારણ હતું. જેપુર, જોધપુર, અને ઉદેપુરનાં રજપૂત સંસ્થાનોમાં પાદશાહે લૂટ અને કતલ ચલાવી. રજપૂતોએ માળવાના મુસલમાની પ્રાંતોને ઊજડ કરીને, મસીદોને ભાંગી બોડાળ કરીને, મુલ્લાઓનું એટલે ઇસ્લામી ધર્મગુરૂઓનું અપમાન કરીને, તથા કુરાનને બાળીને વેર વાળ્યું. દક્ષિણદેશ જ્યાંથી તે પાછો આવવા પામવાનો નથી ત્યાં મોટું લશ્કર લઈ જઈ શકાય માટે રજપૂતો સાથે પાદશાહે ૧૬૮૧ માં જેવી તેવી સલાહ કરી. પણ હિંદુની પ્રીતિ મેળવવાની અને તેમને પોતાની મુસલમાન રૈયત જોડે એક બાદશાહતમાં ભેળી દેવાની અકબરની રાજ્યનીતિનો હવે અંત આવ્યો.

**ઔરંગઝેબની ઉપજ.**—આસામ વિના તમામ ઉત્તર હિંદની અને દક્ષિણ હિંદના વધારે મોટા ભાગની ઉપજ ઔરંગઝેબને મળતી. તેના હિંદી પ્રાંતોનો વિસ્તાર લગભગ હાલનાં બ્રિટિશ મહારાજ્યના વિસ્તાર જેટલો હતો, પણ વડી સરકાર ઉપર તેમનો સીધો આધાર ઓછો હતો. એ પ્રાંતો ખાતે ખર્ચ બાદ કરતાં દરસાલ જમીનની ઉપજના ૩૦ થી ૩૮ કરોડ રૂપિઆ લહેણા કાઢવામાં આવતા—હમણ બ્રિટિશ હિંદની જમીનની જે ઉપજ આવેછે, તે જેટલી મૂડીથી ખરીદ કરી શકાય તેનાથી એ રકમ ત્રણ ગણી છે. પરંતુ પોતાના લાંબા વિગ્રહને માટે દિલ્હીથી દક્ષિણમાં ગયા પહેલાં ઔરંગઝેબનું બળ પૂર્ણ કળાએ હતું ત્યારે પણ લાગલાગટ કેટલાંક વરસમાં ૩૮ કરોડની બહુ ભારે રકમ પૂરેપૂરી વસૂલ થઈ હોય તે વિષે શક છે; દક્ષિણમાં પા સદી રહ્યા કેડે તેના અમલના છેલ્લા વરસમાં એ ઉપજ ૩૦ કરોડ રૂપિઆ ગણવામાં આવી છે. વસૂલાતના

જુલમને લીધે નહિ આપવાનાં બહાનાં કાઢવામાં આવતાં અને ફિતૂર થતાં. ધોરણ પત્રકમાં ઔરંગઝેબની જમીનની ઉપજ ખર્ચ બાદ જતાં રૂ. ૩૪, ૫૦, ૫૮, ૯૦૦ હતી અને ત્યાર પછીની અર્ધી સદીમાં બાદશાહત તૂટી ગઈ હતી તોપણ હજૂર ત્રીજોરીના હિસાબમાં એ ખાતે એટલું નામનું લહેણું કાઢવામાં આવતું. અફગાનિસ્તાનનો અહમદશાહ દુરાની ચઢી આવી ૧૭૬૧ માં દિલ્હીમાં પેઠો તેવારે ત્રીજોરીના અધિકારીઓએ ઊપજનું પત્રક તેની આગળ રજુ કર્યું. તેમાં પાદશાહતની જમીનની પેદાશ રૂ.૩૪,૫૦,૬૬,૪૦૦ દેખાડી હતી. દક્ષિણ હિંદનાં રાજ્યોને ખાલસા કર્યા પછી અને છેવટે ઔરંગઝેબની દુર્દશા થઈ ત્યાર પહેલાં જમીનનો વધારેમાં વધારે ઊપજ ૩૮ાા કરોડ રૂપિઆની હતી; એમાંના છેક લગભગ ૩૮ કરોડ હિંદના પ્રાંતોના હતા. અને બાકીના કાશ્મીર અને કાબુલના હતા. ૧૬૯૫ માં ઔરંગઝેબની કુલ પેદાશની ગણત્રી ૮૦ કરોડ હતી. તથા ૧૬૯૭ માં ૭૭ાા કરોડ રૂપિઆની હતી. અફીણ જકાત ચીનના અફીણ ખાનારા આપેછે તે બાદ કરતાં સને ૧૮૮૩ ની આખર લગી આગલી દશ સાલોની બ્રિટિશ હિંદમાં લેવાયલા કરવેરાનો સરાસરી ઉપજ ૩૮ કરોડ રૂપિઆની હતી.

**ઔરંગજેબનાં લક્ષણ.**—મુસલમાન પાદશાહને છાજે તેવા પ્રકારની જીંદગી ગુજારવાની કોશિશ ઔરંગજેબે કરી. બહારથી દબદબો રાખી રહેતો, ખાનગી રહેણી સાદી રાખતો, કામમાં ઉદ્યોગી હતો, ધર્મની ક્રિયા બરોબર પાળતો, રસિક પત્ર લખનાર હતો, અને કવિઓના ગ્રંથોનાં અને કુરાનનાં ચુંટી કાઢેલાં વચનો જ્યારે જોઈએ ત્યારે તેને યાદ આવતાં. પદભ્રષ્ટ કરવાને બાપ ન હોત, ખુન કરવાને ભાઈઓ ન હોત અને દુઃખ દેવાને હિંદુ રૈયત ન હોત, તો તેનું જીવતર નિર્દોષ થાત. પણ જેઓ તેનો ધર્મ માનનારા ન હતા, તેઓમાંના દરેક જણને તેના ધર્માંધપણાએ તેનો વેરી બનાવ્યો; અને પોતાના ભાઈભાંડુની હત્યા કર્યાથી કુલ રાજ્યવહીવટ પારકાને સોંપવો પડ્યો. હિંદુઓએ તેને કદી માફી બક્ષી નહિ, અને તેના મરણ પછી, શીખ, રજપૂત અને મરાઠા લોકો પાદશાહતને તુરત વીંટી વળવા લાગ્યા. તેના મુસલમાન સેનાપતિઓએ અને સૂબે-

દારોએ તેના જીવતાં તો સારી નોકરી બજાવી; પણ તેની આંખ મીંચાયા પછી જે મૂલકપર તેનાં બચ્ચાંનો હક હતો તે તેઓ પચાવી પડયા.

**મુગલાઈ રાજ્યની પડતી.**—એની પછી થનારા પાદશાહો ઘણા બળવાન લશ્કરી સરદારો કે રાજ્ય કારભારીઓના હાથમાં પૂતળાં જેવા હતા. એવા પુરૂષો તેમને ગાદીએ બેસાડતા, તાબે રાખતા અને પોતાની મતલબ પાર પાડવાને તેમને મારી નાંખવાની જરૂર પડતી ત્યારે તેમનો પ્રાણ લેતા. પાદશાહતના પાછલા ભાગનો ઇતિહાસ તો માત્ર તેના અંતકાળની નોંધરૂપ છે. એની પડતી અને અંતના સમયમાં બનેલા બનાવોનો સાર મેં ૧૬૫ પાને જણાવ્યો છે. કેટલાક વખત લગીતો મુગલ પાદશાહોએ દિલ્હીમાં રહી હિંદ ઉપર અમલ ચલાવ્યો, પણ ઓરંગજેબની પછી થયેલા છ પાદશાહોમાંના બે બોટું કામ કરતાં આચકો ન ખાય એવા કોઈ જુલફીકારખાન નામે સેનાપતિને વશ હતા, અને બાકીના ચારને સાહસ કરનારા બે સૈયદો-એ ગાદીએ બેસાડેલા હતા. તેઓ "પાદશાહ બનાવનારા" કહે-વાતા તેમાં ભૂલ ન હતી.

**દક્ષિણ અને અયોધ્યાની સ્વતંત્રતા.**—૧૭૨૦ ની સાલથી બાદ-શાહતનું ભંગાણ વધારે ખુલ્લી રીતે થવા લાગ્યું. નિજામ-ઉલ-મુલ્કે (દક્ષિ-ણના હકિમે) દક્ષિણ હિંદનો મોટામાં મોટો ભાગ દિલ્હીથી છૂટો પાડયો (૧૭૨૦-૧૭૪૮). અયોધ્યાના હાકિમને જે પ્રાંતો સંભાળ રાખવાને સોંપ્યા હતા તેઓપર તેણે મુદ્દામ પોતાના વંશની સ્થાપના કરી (૧૭૩૨–૧૭૪૩). એ વંશ અયોધ્યાના નવાબ વજીર નામે ઓળખાયો. એ હાકિમ મૂળે ઇરાની સોદાગર હતો અને વજીર એટલે પાદશાહતનો મુખ્ય પ્રધાન થયો હતો.

**હિંદુઓનાં બંડોઃ શીખ અને મરાઠા**—તેજ વખતે પાદશાહતની હિંદુ રૈયત સ્વતંત્ર થવા લાગી હતી. પંજાબમાંના શીખપંથ ઉપર જુ-લમ થવાથી તેણે બંડ કર્યું, તેથી દિલ્હીના પાદશાહે તેને નિર્દયપણે કચરી માર્યો (૧૭૧૦–૧૭૧૬). એ વેળા મુગલાઈ ફોજે શીખ લોકપર ઘણી ક્રૂરતા વાપરી તેથી દિલ્હી ઉપર શીખ લોકને જબરૂં વેર મનમાં ઠસી

રહ્યું હતું. એ નહિ ભૂલાય એવી વેરની લાગણી ૧૮૫૭ માં બ્રિટિશ પક્ષને બહુ ઉપયોગમાં આવી. તેમના ગુરૂ બંદાને મજાકમાં પાદશાહી જામો, કસુંબી પાગડી, અને કસબી શેલા પોશાકથી શણગારેલ રૂપે લોઢાના પાંજરાંમાં પૂરી ફેરવ્યો. તેના દેખતાં તેના દીકરાની છાતી ચીરી તેમાંથી હૃદય કાઢી તેના મોંઢાપર ફેંક્યું. પછી લાલ ધગધગતી સાંડસીએ બંદાનું માંસ તોડી કહાડ્યું; અને હડકાયા કૂતરાની પેઠે શીખ લોકનો ધાણ કહાડ્યો (૧૭૧૬). રજપુતાનાના હિંદુ રાજા રાણા વધારે ભાગ્યશાળી હતા. જોધપુરના અજીતસિંહે પોતાની સ્વતંત્રતા સ્થાપન કરી, અને ૧૭૧૬ માં રજપુતાનાના રાજાઓએ મુગલાઈ બાદશાહત જોડેનો સંબંધ તોડી સ્વતંત્રપણે રાજ્યવહીવટ કરવા માંડ્યો. બધા દક્ષિણ હિંદમાં જોર તલબી વેરો (ચોથ) ઉઘરાવી વિંધ્યાચળની વાટે મરાઠા ઉત્તરમાં ઘૂસ્યા, ત્યાં પાદશાહ કનેથી માળવા પ્રાંત ૧૭૪૩ માં મેળવ્યો, ઓરિસ્સા ૧૭૫૧ માં લીધો, તથા બંગાળામાંથી ખંડણી લેવાની સનદ મેળવી (૧૭૫૧).

**મધ્યએશિઆમાંથી આવેલી સવારીઓ.**—૧૭૩૯-૧૭૬૧ રાજ્યના મુસલમાન હાકેમોએ અને હિંદુ રૈયતે સ્વતંત્ર થવા માંડ્યું હતું. તેવામાં બે પ્રકારના બહારના દુશ્મનોએ દેખાવ દીધો. એમાંના પહેલા વાયવ્ય કોણને રસ્તેથી ચઢી આવ્યા. ૧૭૩૯ માં ઈરાની નાદરશાહ વિનાશકારી ધાડાં સહિત ધશી આવ્યો, અને દિલ્હીના મોહોલ્લાઓમાં લોકની કતલ કરી તથા અઠ્ઠાવન દહાડા સૂધી લૂટ ચલાવી દ્રવ્ય મેળવ્યું તેની ગણત્રી ૩૨ કરોડ રૂપિઆની કરવામાં આવી છે. એ દ્રવ્ય લેઈને ચાલતો થયો. ડુંગરી ઘાટોમાં થઈ છવાર પઠાણ લોક અહમદશાહ દુરાનીની સરદારી નીચે કતલ અને લૂટ કરતા ચઢી આવ્યા, અને બાદશાહતની દોલત લઈ ધિક્કાર બતાવી પાછા ગયા. આખરે અફગાનિસ્તાનમાં કંગાલ મુગલ પાદશાહનો કાબુલ પ્રાંત માત્ર રહ્યો હતો તે ૧૭૩૮ માં તેણે ખોયો; અને ૧૭૫૨ માં પંજાબ પ્રાંત અહમદશાહને આપી દેવો પડ્યો. એ છ સવારીઓમાં પઠાણોએ દિલ્હી અને ઉત્તર હિંદપર જે ઘાતકીપણું કર્યું તેનો હેવાલ કાળજું ફાડી નાખે એવી ખૂનરેજી અને સ્વચ્છંદી ક્રૂરતાની હકીકતથી ભરેલો છે. કંગાલ સ્થિતિમાં આવેલી રાજધાનીના લોકોને ખુશી બતાવી દરવાજા ઊઘાડી

પઠાણોને મેમાન રાખવા પડ્યા, તોપણ છેક નિર્બલ થયેલા શત્રુને જંગલી ફોજ જે જે દુઃખ વિતાડી શકે તે બધાં તેને એક વેળા છ આડ-વાડીયાં લગી ભોગવવાં પડ્યાં. એ દર્મિયાન પઠાણ સવારો દેશમાં ચારે તરફ ફરી વળી મોટામાં મોટાં શહેરમાં તેમજ નાના નાના ગામડાંમાં અંગછેદન, કતલ, અને બાળી નાખવાનું કામ કરવા લાગ્યા. હિંદુઓનાં તીર્થો લૂંટવામાં અને ત્યાં રક્ષણનાં સાધન વિનાના જાત્રાળુને મારી નાંખવામાં તેઓ વિશેષ આનંદ પામતા.

**પ્રાંતોની ખરાબી.**—પવિત્ર મથુરા નગરીમાં ઓચ્છવને પ્રસંગે શાંત હિંદુ જાત્રાળુની ઠઠ ભરાઈ હતી અને તે લોક ભક્તિ કરતા હતા તેવામાં ૨૫,૦૦૦ અફગાન એટલે પઠાણ સવારોનું ધાડું ત્યાં દોડી આવ્યું. તિરોલનો જેસ્યુઈટ પાદરી ટીફેન્થાલર એ સમે હિંદમાં હતો તે કહે છે કે તેમણે ઘરમાં વસનારા સુદ્ધાં ઘરો બાળ્યાં અને બીજાઓને તરવાર અને ભાલા વડે કતલ કર્યા; કન્યાઓને અને જુવાનોને, પુરૂષોને અને સ્ત્રીઓને ગુલામ કરી તેઓ ઘસડી ગયા. ગાય હિંદુ લોકને મન પૂજ્ય છે તેઓનો વધ મંદિરોમાં કરી તેઓના લોહીથી મૂર્ત્તિઓને અને મંદીરમાંની ફર્શબંદીને ખરડ્યાં. અફગાનીસ્તાન અને હિંદની વચ્ચે આવેલી સરહદની જમીન વસ્તી વગરની અને ઉજડ થઈ, અને સીમાડેથી ઘણે દૂર આવેલા અંદરના જીલ્લા જ્યાં પહેલાં ઘાડી વસ્તી હતી અને જે હાલ ફરીને લોકોથી ભરપૂર થયા છે, ત્યાંના રહેવાસીઓનો પણ નાશ કરી નાંખ્યો. ઉદાહરણ તરીકે, બૌદ્ધ ધર્મના વખતમાં ગુજરાનવાળા પંજાબની અસલ રાજધાની હતી ત્યાંની વસ્તીનો તદન નાશ કરી નાંખ્યો. ત્યાં હાલના રહેવાસીઓ મુકાબલે થોડા વખતપર આવી વસેલા છે. ગઈ સદીમાં જે જીલ્લાને ઉજડ કરેલો તેમાં હાલ દશ લાખથી વધારે નવી વસ્તી થઈ છે.

**પાદશાહતની પડતી, ૧૭૬૧-૧૭૬૫.**—બીજા પ્રકારના સવારી કરનારા સમુદ્ર માર્ગે આવ્યા. દક્ષિણ હિંદમાં ફ્રેંચ અને ઇંગ્રેજની વચ્ચે વિગ્રહો થયા તેણે કરીને કર્નાટકમાંથી દિલ્હીના અધિકારનું છેલ્લું પગલું ભૂસાઈ ગયું ( ૧૭૪૮-૬૧ ). ૧૭૬૫ માં બંગાળા, બિહાર અને ઓરિસ્સા ઇંગ્રેજને પાદશાહે આપ્યા. આ રસાળ પ્રાંતોનો કબજો

ઇંગ્રેજને હાથ પાદશાહના ઠરાવથી રહ્યો હતો એમ કાયદાના બોલમાં કહી શકાય, પણ ત્યાર પહેલાં પાણીપતની લડાઈથી દિલ્હીનું તખ્ત માત્ર નામનું રહ્યું હતું. એ લડાઈ ૧૭૬૧ માં થઈ હતી. જે પ્રખ્યાત રણક્ષેત્રમાં બાબરે અને અકબરે હિંદનો રાજ્યાધિકાર બે વાર જીતી લીધો ત્યાંજ સવારી કરનાર અફગાન અહમદશાહ અને મરાઠાની વચ્ચે એ યુદ્ધ થયું હતું. અફગાનોએ મરાઠાને હરાવ્યા. હવે મુસલમાનો ફતેહ માત્ર મેળવી શકતા, પણ તેઓ રાજ્ય કરી શકતા નહિ. ત્યાર પછી અંધાધુંદી ચાલી. તે સમયમાં મુગલાઈ પાદશાહતના ભંગાણમાંથી ઇંગ્રેજે ધીરજથી નવું રાજ્ય રચ્યું. અકબર બીજો અને આલમગીર (ઔરંગજેબ) બીજો, એવા મોટા ઇલકાબો ધારણ કરી પૂતળાં જેવાં પાદશાહો દિલ્હીમાં બહુ બાયડીઓવાળા જનાનખાનાપર અમલ કરતા હતા, તોપણ તેમનો અધિકાર મહેલની હદની અંદર માત્ર હતો; અને હિંદના રાજ્યાધિકારને વાસ્તે મરાઠા, શીખ અને ઇંગ્રેજ વઢતા હતા. ૧૮૫૭ માં બળવાખોર તરીકે છેલ્લો નામનો પાદશાહ બહાર પડ્યો, અને ૧૮૬૨ માં બ્રિટિશ બ્રહ્મદેશાની રાજધાની રંગુનમા રાજ્ય કેદી અવસ્થામાં મરી ગયો.

**એની પડતીનાં કારણ.**—હિંદમાં વસનારી હિંદુજાતોનાં મન મેળવી લઈ હિંદમાં મોટું રાજ્ય સ્થાપી શકાય એવી યોજના અકબરે કરી હતી. એમ તેણે ત્રીજો બળવાન પક્ષ ઉભો કર્યો તેમાં દેશી લડાયક લોકો હતા. તેની મદદથી મધ્ય એશિઆમાંથી ચઢી આવનારા મુસલમાનોની નવી સવારીઓને તે ખાળી શક્યો તથા પોતાનાજ પ્રાંતોના મુસલમાન હાકેમોને વશ રાખી શક્યો. ઔરંગજેબના અને તેની પછીના નિર્માલ્ય પાદશાહોના અમલમાં લોકનાં મન મેળવી લેવાની આ નીતિ છોડી દેવામાં આવી તેથી અફગાનિસ્થાનમાંથી મુસલમાનોનાં નવાં ધાડાં ઉતાવળે ધશી આવ્યાં; હિંદનાં પ્રાંતોના મુસલમાન હાકેમો સ્વતંત્ર સત્તા પચાવી પડ્યા; અને જે હિંદુ જાતોએ મુગલાઈ રાજ્ય ઊભું કરવામાં અકબરને મદદ કરી હતી તેઓ તેની પછી થનારા મૂર્ખ પાદશાહોના અમલમાં તેનો નાશ કરવામાં આગેવાન થઈ પડી.

**ઇંગ્રેજે હિંદનો બાદશાહત મુગલોકનેથી નથી જીતી લીધી પણ હિંદુઓ પાસેથી લીધી છે.**—રાજ્ય જીતનાર રૂપે ઇંગ્રેજે દર્શન દીધું ત્યાર પહેલાં મુગલાઈ બાદશાહત ત્રુટી ગઈ હતી. ઇંગ્રેજના છેલ્લા અને અતિ જોખમકારી વિગ્રહો મુગલ પાદશાહ જોડે કે તેના બંડ-ખોર હાકેમો સાથે થયા ન હતા. પણ એ હિંદુ રાજ્યમંડળ મરાઠા અને શીખની જોડે થયા હતા. મુસલમાન હાકેમો ઇંગ્રેજ સાથે બંગાળામાં, કર્નાટકમાં અને મ્હેસૂરમાં વઢ્યા; પરંતુ હિંદ જીતવામાં વધારે વખત લગી ઇંગ્રેજની સામા થનાર હિંદુ હતા. ઇંગ્રેજનો છેલ્લો મરાઠી વિગ્રહ છેક ૧૮૧૮ માં થયો અને શીખ રાજ્ય મંડળ ઇંગ્રેજે માત્ર ૧૮૪૯ માં જીત્યું. મોટા મુગલ પાદશાહોમાંનો છેલ્લો ઔરંગ-ઝેબ ૧૭૦૭ માં મરી ગયો ત્યાર બાદ મુગલ રાજ્યની પડતીના વખત-ના મુખ્ય બનાવો જણાવવાને આ નીચેની ટીપ બસ છે.

**મુગલ રાજ્યની પડતી અને અન્ત ૧૭૦૭-૧૮૬૨.**

૧૭૦૭. ઔરંગઝેબના બે મોટા પુત્ર મુઆજીમ અને આલમની વચ્ચે ગાદીને માટે ઝગડો; મુઆજીમની ફતેહ અને બહાદુરશાહ નામ ધારણ કરી તેનું ગાદીએ બેસવું; તેનું સરદાર જુલફિકાર ખાનને તદન વશ થઈ રહેવું. શાહજાદા કામબક્ષનું બંડ, તેની હાર થઈ, પછી તેનું મૃત્યુ.

૧૭૧૦. મુગલ પાદશાહની શીખ લોકપર ચઢાઈ.

૧૭૧૨. બહાદુરશાહનું મરણ, અને તેના વડા દીકરા જહાંદારશાહનું ગાદીએ બેસવું. વજીર જુલ-ફિકારખાનના શીખવ્યા પ્રમાણે જહાંદારશાહ અમલ કરેછે. તેના ભત્રીજા ફરૂખ્શિયરનો બળવો, પાદશાહનું અને તેના વજીરનું ખુન.

૧૭૧૩. પાદશાહ બનાવનાર હુસૈનઅલી અને અબ્દલ્લા નામે બે સૈયદોના કબજામાં રહિ ફરૂખ્શિયરનું ગાદીએ બેસવું.

૧૭૧૬. શીખ લોકે પાદશાહી મૂલકપર કરેલી ચડાઈ; તેમની હાર અને તેમના ઉપર ધાતકી જૂલમ.

૧૭૧૯. બે સૈયદોએ ફરૂખ્શિયરને પદભ્રષ્ટ કરી મારી નાખ્યો. તેઓ એક પછી એક ત્રણ છોકરાને પાદશાહ બનાવેછે. તેમાંના પ-

હેલા બે થોડા માસમાં મરી જાયછે, અને ત્રીજો મહમદશાહ ૧૭૧૯ ના સપ્ટેમ્બર મહિનામાં રાજ્ય કરવા માંડે છે.

૧૭૨૦. પાદશાહ બનાવનાર સૈયદોનું પડી ભાગવું.

૧૭૨૦-૧૭૪૮ દક્ષિણનો હાકેમ કે નિજામ-ઉલ-મુલ્ક, હૈદરાબાદમાં પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપે છે.

૧૭૩૨-૧૭૪૩ અયોધ્યાનો હાકેમ, જે પાદશાહતનો વજીર હતો, તે દિલ્હીથી સ્વતંત્ર વહીવટ ચલાવે છે.

૧૭૩૫-૧૭૫૧ પાદશાહતની સામાન્ય પડતી; રાજ્યમાંહે બળવા, અને ઈરાનથી નાદીરશાહનું ચઢી આવવું (૧૭૩૯). હિંદપર અહમદશાહ દુરાનીની પહેલી સવારી (૧૭૪૭). મરાઠાને માળવા મળે છે. (૧૭૪૩) અને તેની પછી દક્ષિણ ઓરિસ્સા મળે છે. પછી બંગાળાની ખંડણી મળે છે (૧૭૫૧).

૧૭૪૮-૧૭૫૦ મહમ્મદશાહનો દીકરો અહમદશાહ ગાદીએ બેઠો. અયોધ્યામાં રોહિલ્લાના લોકનું ફિતૂર અને પાદશાહી ફોજની હાર.

૧૭૫૧ મરાઠાની મદદથી રોહિલ્લાના દંગાનો નાશ.

૧૭૫૧-૧૭૫૨ અહમદશાહ દુરાનીની બીજી સવારી. મુગલ પાદશાહ તેને પંજાબ આપેછે.

૧૭૫૪ પાદશાહનું પદભ્રષ્ટ થવું, અને આલમગીર બીજાનું ગાદીએ બેસવું.

૧૭૫૬ અફગાનીસ્તાનમાંથી અહમદશાહ દુરાનીની ત્રીજી સવારી અને દિલ્હીની લૂટ.

૧૭૫૯ અહમદશાહ દુરાનીની ચોથી સવારી. પાદશાહ બીજા આલમગીરને તેનો વજીર ગાજી ઉદ્દીન મારી નાંખે છે. મરાઠા ઉત્તર હિંદમાં મૂલકો જીતી લેછે અને દિલ્હીનો કબજો કરેછે.

૧૭૬૧-૧૮૦૫ પાણીપતની ત્રીજી લડાઈ, અને અફગાનોને હાથે મરાઠાનો પરાજય. (૧૭૬૧). બીજા આલમગીરના મરણ પછી શાહઆલમ બીજો નામનો પાદશાહ થાય છે,

અને ૧૭૭૧ સુધી અલાહાબાદમાં ઇંગ્રેજનું પેન્શન ખાઈ રહે છે. ત્યાર પછી મરાઠા દિલ્હી તાબાના મૂલકના ધણી થાય છે, અને પાદશાહને પોતાના કબજામાં રાખેછે. બંડખોરો પાદશાહને આંધળો કરી કેદ કરે છે. મરાઠા તેને છોડવેછે. પણ ૧૮૦૩ લગી વાસ્તવિક રીતે તેમના બંદીવાન તરીકે તે તેમના હાથમાં રહેછે. એ વરસમાં લૉર્ડ લેકે મરાઠી બળ તોડયું.

૧૮૦૬-૧૮૩૭ અકબર બીજો ગાદીએ બેસે છે, પણ તે માત્ર નામનો પાદશાહ છે.

૧૮૩૭-૧૮૬૨ તિમુરના વંશનો છેલ્લો અને સત્તરમો મુગલ પાદશાહ મહમ્મદ બહાદુરશાહ હતો. ૧૮૫૭માં ઊઠેલા બળવામાં તે સામિલ હતો, તેથી તેને દેશવટો દેઈ રંગુનમાં મોકલી દીધો અને ત્યાં તે ૧૮૬૨ માં મરી ગયો.

## प्रकरण ११ मुं.

### મરાઠા, સને ૧૬૫૦ થી સને ૧૮૧૮ સુધી.

**મરાઠાનો ઉદય.**—સને ૧૬૩૪ ને સુમારે **શાહજી ભોંસલા** નામે એક ભાગ્યશાલી **મરાઠા** સિપાઈએ દક્ષિણ હિંદમાં આગળ પડતાં કામો કરવા માંડ્યાં. અહમદનગર અને બીજાપુર એ બે સ્વતંત્ર મુસલમાની રાજ્યોના તરફથી મુગલો જોડે તે લડ્યો, અને પોતાના દીકરા શિવાજીને સિપાઈઓની એક ટોળી અને લશ્કરી જાગીર તેણે વારસામાં આપ્યાં. શિવાજીનો જન્મ સને ૧૬૨૭ માં થયો હતો. શિવાજીએ દક્ષિણની હિંદુ જાતોમાંથી એક દેશાભિમાની પ્રજા-બળ ઊભું કર્યું. ઉત્તરેથી આવેલાં બાદશાહી લશ્કરો અને દક્ષિણનાં સ્વતંત્ર મુસલમાની રાજ્યો એ બેઉની સામા એ બળ હતું. એમ સને ૧૬૫૦ અને ત્યાર પછીનાં વરસોમાં દક્ષિણમાં ત્રણ રાજ્યબળ હતાં—પહેલું દિલ્લીની બાદશાહીની સદા હુમલો કરનારી ફોજ; બીજું અહમદનગર અને બિજાપુર એ બે દક્ષિણ હિંદનાં બાકી રહેલાં સ્વતંત્ર મુસલમાની રાજ્યોનાં લશ્કર; ત્રીજું દક્ષિણની હિંદુ જાતોનું લશ્કરી બંધારણ. એ બંધારણપરથી આખરે અંક સંપી મરાઠી રાજ્યમંડળ બન્યું.

**દક્ષિણમાં મરાઠાનો "ત્રીજાપક્ષ" તરીકે વધારો.**—દક્ષિણ હિંદ જીતવા માટે શાહજહાને અને ઓરંગજેબે એંશી વર્ષ (સને ૧૬૨૭—૧૭૦૭) લગી વિગ્રહ ચલાવ્યો. તે દર્મિયાન આ ત્રીજો એટલે હિંદુ પક્ષ કોઈવેળા દિલ્હીના પાદશાહ તરફથી તથા કોઈવેળા સ્વતંત્ર મુસલમાની રાજ્ય તરફથી લડતો, અને એમ વધારે વધતો ગયો. ઉત્તરમાંથી આવેલાં મુગલ લશ્કરોએ અને દક્ષિણનાં સ્વતંત્ર મુસલ-માની રાજ્યોનાં સેન્યોએ ધીમે ધીમે એકમેકનો નાશ કર્યો. એ બે પક્ષો પરદેશી હોવાથી તેમને પોતાનાં ઘટી ગયેલાં લશ્કરોમાં બહારથી નવા સિપાઈઓ બોલાવી ભરતી કરવી પડતી. જોડાયેલા હિંદુરાજ્ય-મંડળે પોતાની અખૂટ દેશી સિપાઈઓની ભરતી **મહારાષ્ટ્ર**માંથી મેળવી. એ વિશાળ પ્રદેશનો વિસ્તાર મધ્ય હિંદમાં આવેલા વરાડ

પ્રાંતથી મુંબાઈ ઈલાકાના દક્ષિણ છેડાની લગભગ છે. એ કારણથી દિલ્હીથી આવતા મુગલ સરદારો અને દક્ષિણનાં સ્વતંત્ર મુસલમાન રાજ્યો મરાઠાઓની મદદ લેવાને પ્રયત્ન કરતાં હતાં. મરાઠાઓની સહાયતાથી એ રાજ્યો મુગલ સૈન્યોની સામે ઘણા સમયથી ટકર ઝીલી શકતાં હતાં. પરંતુ મુગલ સૈન્યો પાછાં હઠતાં એટલે મરાઠાઓ તે સ્વતંત્ર મુસલમાની રાજ્યો જીતવાને જતા. તેમ વળી મુગલ સરદારો જ્યારે મરાઠાઓ જોડે મળી જતા ત્યારે તેઓ એ સ્વતંત્ર મુસલમાની રાજ્યોને જીતી શકતા.

**શિવાજીઃ ઈ० સ० ૧૬૨૭-૧૬૮૦.**—મરાઠાનો મોટો સરદાર શિવાજી પોતાનું બળ જાણતો હતો. છળભેદથી, ખૂન કરવાથી અને સખ્ત લડાઈઓથી તેણે દક્ષિણ હિંદનું ખરેખરૂં ઉપરીપણું મરાઠાઓને મેળવી આપ્યું. પશ્ચિમ ઘાટોમાં આવેલા કેટલાક જીતાય નહિ એવા ડુંગરી કિલ્લામાં તેણે પોતાનો નિર્ભયપણે મુકામ રાખ્યો ને તેઓમાંથી ઉતરી તે સવારીઓ કરતો. તેનું લશ્કર કસાયેલાં ટટુઓપર બેસનાર અને ભાલા રાખનાર હિંદુ સવારોનું હતું. એ સવારો દક્ષિણ હિંદના ધણીઆતી ખેતી કરનારા ખેડુતો હતા. ખેતીને અનુકૂળ હોય એવા વરસના હરકોઈ ભાગમાં તેમને જોઈએ તે વખતે વિખેરી શકાય અથવા ક્ષણવારમાં ભેગા કરી શકાય. તેઓને રોપણીના અથવા કાપણીના વખત શિવાય સદા લડાઈપર જવાની ફુરસદ હતી. એ કારણથી શિવાજીના તાબામાં અસંખ્ય માણસ હતું, અને જાથુનું લશ્કર રાખવાનો તેને ખર્ચ પડતો નહિ. એ માણસો લઈ તે પોતાના દુશ્મનોપર એકાએક હલ્લો કરી તેમની પાસેથી ખંડણી લેતો અથવા તેમને કોલકરાર કરવાની ફરજ પાડતો. પછી સિપાઈઓને પગારને પેટે લૂટમાંથી હિસ્સો આપી મોટો ભાગ પોતે રાખી તે પોતાના ડુંગરી કિલ્લામાં પાછો જતો. સને ૧૬૫૯ માં તેણે બિજાપુરના સરદારને એક કપટસ્થળમાં આવવાને લલચાવી તેની જોડે મિત્રાચારીની વાત કરતાં તેનો ઘાત કર્યો અને તેના સૈન્યનો ઘાણ વાળ્યો. સને ૧૬૬૨ માં તેણે મુંબાઈ ઈલાકાના છેક ઉત્તર છેડા લગી સવારી કરી પાદશાહી સુરત શાહેર લુટ્યું. તેણે સને ૧૬૬૪ માં

રાજપદ ધારણ કર્યું તથા પોતાને નામે સિક્કા પાડી રાજ્યસત્તા વાપરવા માંડી. સને ૧૬૬૫ માં બિજાપુરના સ્વતંત્ર મુસલમાની રાજ્ય સામે લડવામાં તેણે મુગલસેનાને મદદ કરી. સને ૧૬૬૬ માં તેને ફોસલાવીને દિલ્લી લઈ જવામાં આવ્યો. ઔરંગઝેબ પાદશાહે તેનો ભાવથી સત્કાર નહિ કરતાં તેને નજર કેદ રાખ્યો. ત્યાંથી તેણે દક્ષિણ ભણી નાશી જઈ ત્યાં બંડનો ઝુંડો ઊઠાવ્યો. સને ૧૬૭૪ માં શિવાજી રાયગઢમાં મોટા ઠાઠથી ગાદીએ બેઠો અને સોનાથી પોતાની તુલા કરી તે સોનાનું પોતાના બ્રાહ્મણોને દાન કર્યું. સને ૧૬૭૬ માં છેક કર્ણાટક લગી પોતાની ફોજ મોકલ્યા કેડે સને ૧૬૮૦ માં તેનો કાળ થયો.

**ઔરંગઝેબની ભૂલ ભરેલી રાજ્યરીતિ, સને ૧૬૮૮—૧૭૦૭.—** ઔરંગઝેબ પાદશાહે વૃદ્ધિ પામતાં મરાઠી રાજ્યનો નાશ કરતાં સુધી દક્ષિણના સ્વતંત્ર મુસલમાની સુલતાનોને છેડ્યા ન હોત તો તેણે ડહાપણ વાપર્યું કહેવાત, ખરેખર કોઈ મોટા રાજ્યનીતિમાં કુશળ પુરૂષે તો ઉત્તરના અને દક્ષિણના મુસલમાનોનો જૂનો ઝઘડો દાટી દઈ એક સંપી હિંદુ રાજ્યમંડળ દક્ષિણમાં ઉતાવળે બંધાતું હતું, તેની સામે થવામાં તમામ મુસલમાની બળ ભેગું કર્યું હોત. પરંતુ દક્ષિણનાં મુસલમાની રાજ્યોને દિલ્લીની પાદશાહતમાં જોડી દેવાનો ઔરંગઝેબનો દૃઢ ઠરાવ હતો. તેણે આ યોજના પાર પાડી તે સમયે તેના સૈન્યોનો ક્ષય થયો હતો, અને મરાઠાના ભાલાના એકવારના અડકવાથી મુગલાઈ પાદશાહતના કડકે કડકા થઈ જાય એવી તેની સ્થિતિ થઈ ગઈ હતી.

**શિવાજીનો વંશ.—**પોતાના પિતા શિવાજીની પછી સંભાજી સને ૧૬૮૦ માં ગાદીએ બેઠો અને તેણે સને ૧૬૮૯ લગી રાજ્ય કર્યું. તેણે પોતાની આખી કારકીર્દી પોર્ટુગીઝ અને મુગલો જોડે વિગ્રહ કરવામાં ગાળી. સને ૧૬૮૯ માં તેને ઔરંગઝેબે કેદ કરી તેની આંખોમાં ઊનો ધગધગતો સળિયો ઘોંચી આંખ ફોડી નાંખી, અને જે જીભે મહમદ પેગંબર સાહેબની નિંદા કરી હતી તે જીભ કાપી નાંખી, તેનું માથું ઉડાવી દીધું. એ વેળા એનો શાહુ નામે કુમાર ૭ વર્ષનો હતો તેને પણ ઔરંગઝેબે પકડી પોતાના મરણલગી કે-

દમાં રાખ્યો. દિલ્લીની તાબેદારી સ્વીકાર્યાથી તેને ૧૭૦૭ માં પાછી ગાદી સોંપી. પરંતુ મુગલોની સાથમાં ઘણો કાળ કેદખાનામાં રહ્યાથી તે માત્ર અડધો મરાઠો રહ્યો હતો. તેણે પોતાનો જન્મારો જનાનખાનામાં ગાળ્યો અને બાલાજી વિશ્વનાથનામે બ્રાહ્મણ મંત્રીને પેશ્વાનો ઇલકાબ આપી રાજ્યનો તમામ કારભાર સોંપ્યો. આ ઓદ્ધો વંશપરંપરા થયો અને મરાઠા રાજાઓની સત્તાને ઠેકાણે પેશ્વાની સત્તા જામી. શિવાજીના વંશમાં સતારા અને કોલાપુર એ બે નાનાં રાજ્ય માત્ર રહ્યાં. છેલ્લા રાજાને પુત્ર ન હોવાથી સતારાનું રાજ્ય સને ૧૮૪૯ માં ઇંગ્રેજને હાથ ગયું. તેમની રહેમ નજરથી કોલાપુરનું રાજ્ય હજુ રહ્યું છે, અને તેપર તેમની દેખરેખ તળે શિવાજીના કુળમાં આવેલો રાજા રાજ્ય કરેછે.

**પેશ્વા.**—એ અરસામાં પેશ્વાઓ પુનામાં મહાન્ મરાઠી એકસંપી રાજ્યમંડળ રચતા હતા. સને ૧૭૧૮ માં પહેલા પેશ્વા બાલાજીએ "પાદશાહ બનાવનારા" સૈય્યદોની મદદે એક લશ્કર દિલ્હી મોકલ્યું. તેણે સને ૧૭૨૦ માં ચોથ એટલે દક્ષિણની પેદાશનો ચોથો ભાગ ઉઘરાવ્યો. વળી પુણા અને સતારાની આસપાસના દેશોપર મરાઠાઓનું ઉપરીપણું મંજુર કરવામાં આવ્યું. બીજા પેશ્વા બાજીરાવે ( સને ૧૭૨૧—૪૦ ) પોતાના પિતાને દક્ષિણની ખંડણી લેવાનો હક્ક સને ૧૭૨૦ માં મળ્યો હતો તેને બદલે એ દેશમાં પૂર્ણ રાજ્યાધિકાર બેસાડયો. પંદર વર્ષમાં તેણે માળવા પ્રાંત તથા વિંધ્યની વાયવ્યે આવેલો નર્મદાથી ચંબલા સુધીનો પ્રદેશ દિલ્હીની પાદશાહતમાંથી ખૂંચવી લીધો ( સને ૧૭૩૬ ). તેણે સને ૧૭૩૯ માં પોર્તુગીઝ પાસેથી વસાઈ લીધું. ૧૭૪૩ માં દિલ્હીના પાદશાહ તરફથી મરાઠાઓને છેવટનો માળવા પ્રાંત મળ્યો.

**ત્રીજો પેશ્વાઃ સને ૧૭૪૦-૧૭૬૧.**—ત્રીજો પેશ્વા બાલાજી બાજીરાવ સને ૧૭૪૦ માં ગાદીએ બેઠો. તેણે મુગલાઈ પાદશાહતના છેક અંદરના ભાગમાં મરાઠાઓનો ત્રાસ બેસાડયો. હવે દક્ષિણ દેશમાંથી ઉત્તરે તથા પૂર્વે ઘણી મરાઠા સવારીઓ થવા લાગી. બે વિગ્રહ કર્યા પછી નિજામના મૂલક લઈ તળ દક્ષિણમાં પેશ્વાએ પોતાનું રાજ્ય

વધાર્યું. એ વખતે મરાઠી રાજ્યનાં મોટાં મધ્યસ્થળો મુંબાઈ ઇલાકાના પુણા શહેરમાં અને મધ્યપ્રાંતોના નાગપુર શહેરમાં ઠર્યાં હતાં. એ જોડાયેલા મરાઠી રાજ્યમંડળની નાગપુરની ભોંસલા શાખાનો એક સરદાર સને ૧૭૪૧-૪૨ માં બંગાળાપર ચઢી આવ્યો. પણ તેણે મુસલમાની રાજ્યધાની મુર્શિદાબાદનાં પરાં લગી લૂટફાટ કર્યા પછી તેને ત્યાંના સૂબા અલિવર્દિખાને ઓઢિઆ (ઓરિસ્સા) ને માર્ગે પાછો હાંકી કહાડ્યો. કલકત્તાના થોડાક ભાગની આસપાસ બચાવ માટે "મરાઠી ખાડી" એટલે અર્ધગોળ ખાઈ ખોદેલી છે, તે પરથી તે કાળે આખા બંગાળામાં જે ત્રાસ વર્તી રહ્યો હતો તે આજે પણ જણાય છે. બીજે વરસે સને ૧૭૪૩ માં નાગપુર શાખાના સરદાર રઘોજી ભોંસલે જાતે જઈ બંગાળાપર હલ્લો કર્યો. એ લૂટને માટે પુણાના અને નાગપુરના મરાઠાઓની વચ્ચે વઢવાઢ થયાં છતાં એ વખતથી ગંગાની નીચલાણના ફળદ્રુપ પ્રાંતોમાં ભોંસલા લૂટફાટ ચલાવવા લાગ્યા. સને ૧૭૫૧ માં સૂબા અલિવર્દિએ તેમને બંગાળાની ચોથ એટલે ઊપજનો પા ભાગ આપ્યો, તથા દક્ષિણ ઓઢિઆ પ્રાંત તેમને સ્વાધીન કર્યો. પુણાના મરાઠાએ ઉત્તર હિંદમાં પંજાબ સુધી સવારી કરી તેથી અફગાન સરદાર અહમદશાહ દુરાનીનો તેમનાપર કોપ થયો. એ સરદારે એ પ્રાંત દિલ્હીની પાદશાહતમાંથી છીનવી લીધો હતો. મુગલાઈ પાદશાહતની નામની તાબેદારીમાં રહેલા ઉત્તર પ્રાંતોનાં અને અફગાનોનાં એકઠા મળેલાં મુસલમાની સૈન્યોએ પાણિપતના રણમાં મરાઠાનો પરાજય કર્યો. (સને ૧૭૬૧).

**પાંચ મરાઠા રાજ્યવંશ.**—આ આફતના વખતમાં ચોથા પેશ્વા માધવરાવને હસ્તક મરાઠી રાજ્યાધિકાર આવ્યો. માંહો માંહે કાવતરાં ચાલવાથી તથા અફગાન લશ્કરો વધારે બળવાન હોવાથી જોડાયલા હિંદુ રાજ્યમંડળનો નક્કી નાશ થશે એવું જણાયું. છેક સને ૧૭૪૨ ના વર્ષથી પુણાની અને નાગપુરની શાખાઓ બંગાળાની લૂટને માટે એકબીજાની જોડે લડતી હતી. સને ૧૭૬૧ ની પહેલાં હોલ્કર અને સિંધિઆના ઉપરીપણા નીચે બીજી બે શાખા માળ-

વાના જૂના મુગલાઈ પ્રાંતમાં અને તેની પડોશના પ્રદેશોમાં સ્વતંત્ર સત્તા ભોગવતી હતી. માળવા અને તેની પડોશના પ્રદેશો હાલમાં ઇંદોર અને ગ્વાલિયર સંસ્થાનોમાં વહેંચાઈ ગયા છે. ઇંદોરની શાખાના સરદાર હોલ્કરે પાણિપતના રણમાં જીતની બાજી પલટાયલી જોતાંને વાર લડાઈની મીર છોડી દીધી, તેથી તેના વિશ્વાસઘાતને લીધે મરાઠાનો તદ્દન પરાજય થયો. એ સમયે પાંચ મોટાં મરાઠી રાજ્યો ઉપર પેશ્વાનું માત્ર નામનું ઉપરીપણું હતું. એ રાજ્યોએ પોતપોતાની ગાદી જુદે જુદે સ્થળે સ્થાપી હતી; પેશ્વાની ગાદી પુણામાં હતી. ભોંસલાનું પાટનગર મધ્યપ્રાંતોમાં નાગપુર શહેર હતું. સિંધિઆની રાજ્યધાની ગ્વાલિયરમાં, હોલ્કરની ઇંદોરમાં અને ગાયકવાડના વૃદ્ધિ પામતા રાજ્યનું પાટનગર વડોદરામાં હતું. હૈદરાબાદ અને મ્હેસૂરના મુસલમાન સુલતાનોની સામે તથા વરાડ પ્રાંતની મરાઠાની ભોંસલા શાખાની સામે ચોથો પેશ્વા માધવરાવ પોતાની સત્તા ટકાવી રાખવાને સમર્થ હતો. તેની પછી તેનો નાનો ભાઈ નારાયણરાવ સને ૧૭૭૨ માં પેશ્વા થયો. પરંતુ તરતજ તેને મારી નાંખવામાં આવ્યો.

**સિંધિઆ અને હોલ્કર.**—પેશ્વાના નામના ઉપરી શિવાજીના વંશજો જે સતારામાં અને કોલાપુરમાં રાજ્ય કરતા હતા તેમની સત્તા ધીમે ધીમે ઝાંખી થતી ગઈ હતી, તેમ પુણામાં પેશ્વાની સત્તા એ વખતથી નબળી પડવા માંડી. પેશ્વાઓ ઉંચ કુળના બ્રાહ્મણ હતા. પરંતુ ખરેખરા લડનારા મરાઠા ફોજમાં નીચ વર્ણના હિંદુઓ હતા. એ કારણથી એમ બનતું કે જે જે મરાઠા સરદારના હાથમાં હરકોઈ પ્રાંતનો સ્વતંત્ર અધિકાર આવતો તે દરેક સરદાર જોડાયલા મરાઠી રાજ્યમંડળના નામના ઉપરી પેશ્વા કરતાં વધારે વાસ્તવિક સત્તા ભોગવતો, પરંતુ પેશ્વા કરતાં તેની જાત ઉતરતી હતી. ઉત્તર તરફનાં બે મોટાં રાજ્યકુળોમાં હોલ્કર ભરવાડના વંશનો અને સિંધિઆ પેશ્વાનાં પગરખાં સાચવનારના વંશનો હતો. આ રાજાઓ પાણિપતના રણમાં સજડ હાર ખાધા પછી થોડા વખત લગી શાન્ત બેશી રહ્યા. પરંતુ એ વિનાશકારી સંગ્રામ પછીનાં દશ વરસમાં તેમણે

આખા માળવા પ્રાંતમાં પોતાની સત્તા જમાવી હતી, અને પશ્ચિમે પંજાબથી પૂર્વે અયોધ્યા લગી, રજપૂત, જાટ, રોહિલા પ્રાંતોપર સવારી કરી હતી ( સને ૧૭૬૧-૧૭૭૧ .). સને ૧૭૬૫ માં નામનો પાદશાહ આલમ બક્સર આગળ સરહેક્ટર મનરોને હાથે હાર ખાધા પછી ઇંગ્રેજનું પેન્શન ખાઈ દિવસ ગુજારતો હતો. સને ૧૭૭૧ માં તે મરાઠાને જઈ મળ્યો. તેને સિંધિઆ અને હોલ્કરે ફરીને દિલ્હીની ગાદીપર નામનો બેસાડયો, પરંતુ સને ૧૮૦૩-૧૮૦૪ માં બીજા મરાઠા વિગ્રહમાં તેમનો પરાભવ થયો ત્યાં લગી તેમણે તેને ખરૂં જોતાં બંદીવાન તરીકે રાખ્યો હતો. સિંધિઆ તથા હોલ્કરના વંશો હજી લગી માળવાના અતિરસાળ ભાગપર પોતાનો અમલ જાળવી રહ્યા છે.

**નાગપુરના ભોંસલાઃ સને ૧૭૫૧-૧૭૫૩.**—ઉત્તરના મરાઠા રાજ્યવંશોમાં ત્રીજો એટલે વરાડ અને મધ્યપ્રાંતોનો ભોંસલા વંશ પૂર્વ ભણી સવારીઓ કર્યા કરતો હતો. ભોંસલાએ પોતાના મથકનો કિલ્લો નાગપુરમાં રાખ્યો હતો. ત્યાંથી તેઓ સવારીઓ લેઈ જતા. તેમણે સને ૧૭૫૧ લગીમાં ચોથ એટલે બંગાળાની પેદાશનો ચોથો ભાગ ઊઘરાવ્યો હતો અને દક્ષિણ ઓઢિઆ જીતી લીધો હતો. બંગાળામાં ઇંગ્રેજનો અમલ (સને ૧૭૫૬-૧૭૬૫) થયાથી એ પ્રાંતમાં તેમની સવારીઓ બંધ પડી. ઇંગ્રેજી લશ્કરની એક ટૂકડીએ સને ૧૮૦૩ માં તેમને ઓઢિઆમાંથી હાંકી કહાડયા. સને ૧૮૧૭ માં છેલ્લા મરાઠા વિગ્રહથી તેમની સત્તાનો છેક અંત આવ્યો. તેમના મથકના મૂલકનો વહીવટ સને ૧૮૧૭ થી સને ૧૮૫૩ સુધી બ્રિટિશ રેસિડેન્ટોના હુકમ પ્રમાણે ચાલતો હતો. હાલમાં એ મૂલકોના મધ્યપ્રાંતો બન્યા છે. છેલ્લો રઘોજી ભોંસલા સને ૧૮૫૩ માં અપુત્ર મરણ પામવાથી નાગપુર કે મધ્યપ્રાંત ઇંગ્રેજી રાજ્યમાં ભળી ગયો.

**વડોદરાના ગાયકવાડ.**—ઉત્તરના મરાઠા વંશોમાંના ચોથા વંશની એટલે વડોદરાની સત્તા મુંબાઇને વાયવ્ય કાંઠે આવેલા આખા ગૂજરાત પ્રાંતમાં અને તેની પડોશના કાઠીઆવાડ દ્વીપકલ્પમાં જામી હતી. ગાયકવાડ તાબાનો વેરાતો પરંતુ માતબર મૂલક એ રીતે બ-

ન્યોછે. સને ૧૮૧૭ માં છેલ્લો મરાઠા વિગ્રહ થયો ત્યારથી વડોદરાના રાજ્યપર ઇંગ્રેજ રેસિડન્ટ અને સહાયકારી બ્રિટિશ ફોજની મદદથી ગાયકવાડો અમલ કરે છે. સને ૧૮૭૪ માં જે ગાયકવાડ ગાદીપર હતો તેનાપર બ્રિટિશ રેસિડન્ટને ઝેર દેવાની કોશિશ કર્યાનું તોહમત આવ્યાથી હાઈ કમિશને તપાસ ચલાવી અને તેને પદભ્રષ્ટ કર્યો. એ હાઈ કમિશનમાં ત્રણ યૂરોપી અને ત્રણ દેશી સભાસદ હતા. પરંતુ એ રાજ્યને પોતાના રાજ્યમાં જોડી ન દેતાં ઇંગ્રેજ સરકારે એ રાજ્યકુળ સ્થાપનારનો એક વંશ છેક નાચાર અવસ્થામાં ખૂણે પડેલો હતો તેને રાજ્યગાદી આપી.

**પહેલો મરાઠા વિગ્રહ, સને ૧૭૭૯-૧૭૮૧:**—ઉત્તરના આ ચાર મરાઠા રાજ્યવંશો પોતપોતાનાં જુદાં જુદાં પરાક્રમો કરતા હતા, તે વેળા પેશ્વાના કુટુંબમાં કાવતરાં ચાલતાં ને તેથી તેની સત્તા તૂટી જવા માંડી હતી. છઠ્ઠા પેશ્વા માધવરાવ નારાયણનો જન્મ તેના બાપના મરણ કેડે થયો હતો. અને તેની ૨૧ વર્ષની ટુંકી હયાતીમાં પેશ્વાનો અધિકાર તેના પ્રધાન નાના ફડનવીસના હાથમાં રહ્યો. માજી પેશ્વાના કાકા રાઘોબાએ પિતાના મરણ કેડે અવતરેલા બાળક માધવરાવના જન્મ વિષે વાંધો ઊઠાવ્યો અને પોતે પેશ્વાઈ મેળવવાને માટે દાવો કર્યો. એ બાળકના વાલી નાના ફડનવીસે ફ્રેંચોને મદદે બોલાવ્યાથી મુંબાઈના ઇંગ્રેજોએ રાઘોબાનો પક્ષ કર્યો. આ એકકાને લીધે પહેલો મરાઠા વિગ્રહ ઊઠ્યો (સને ૧૭૭૯-૧૭૮૧), અને સાલબાઈનું તહનામું થયાથી તેનો અંત આવ્યો (સને ૧૭૮૨). એ તહનામાની રૂએ સાષ્ટી (સાલસેટ) અને ઘારાપુરી (એલીફન્ટા) બેટો તથા બીજા બે દ્વીપ ઇંગ્રેજને મળ્યા, રાઘોબાને ભારે પેન્શન મળ્યું, અને નાનો પેશ્વા પોતાના અધિકારપર બહાલ થયો. પરંતુ એકવીસ વર્ષની પુખ્ત ઉમરે આવતાં તેણે આત્મઘાત કર્યો.

**બીજો મરાઠા વિગ્રહ, સને ૧૮૦૩-૧૮૦૪:**—તેની પછી તેનો પિતરાઈ બાજીરાવ બીજો સને ૧૭૯૫ માં ગાદીએ બેઠો. એ સાતમો અને છેલ્લો પેશ્વો હતો. એ સમયે ઉત્તર તરફના હોલ્કરના મરાઠા રાજ્યવંશો મરાઠાની સરદારી લઈ પેશ્વાને ઇંગ્રેજને શરણે જવાની

જરૂર પાડી. સને ૧૮૦૨ માં વસાઈનું તહનામું થયું, તેની રૂઇએ પોતાના મૂલકોપર પોતાનો અમલ ટકાવી રાખવાને બાજીરાવે એક ઇંગ્રેજ ફોજ પોતાને ખર્ચે રાખવાનું કબૂલ કર્યું. ઉત્તરના મરાઠા વંશોએ એ તહનામું તોડવાને એકો કર્યો, તેથી બીજો મરાઠા વિગ્રહ ઊઠયો ( સને ૧૮૦૩–૧૮૦૪ ). જનરલ વેલેસ્લીએ ( પાછળથી વેલિંગ્ટનનો ડયૂક થયા તેણે ) દક્ષિણે અસાઇ અને આર્ગામની લડાઇમાં સિંધિઆ તથા નાગપુરનાં રાજ્યોનાં લશ્કરનો ઘાણ વાળ્યો અને ઉત્તરે લાસ્વારિ અને દિલ્લી આગળ મરાઠા ફોજોને લૉર્ડ લેકે હરાવી. સને ૧૮૦૪ માં હોલ્કરે દિગ આગળ તદન હાર ખાધી. આ જીતોથી ઇંગ્રેજને પુષ્કળ મૂલક મળ્યો, હિંદમાં ફ્રેંચ સત્તાનો અંત આવ્યો, અને દિલ્લીનો નામનો પાદશાહ પાછો ઇંગ્રેજના રક્ષણ તળે આવ્યો.

**છેલ્લો મરાઠા વિગ્રહ, સને ૧૮૧૭-૧૮૧૮:**—સને ૧૮૧૭-૧૮ માં પેશ્વા, હોલ્કર અને નાગપુરના ભોંસલા પોતપોતાની ખાતર ઇંગ્રેજ સામે લડ્યા અને એક પછી એક હાર ખાઇબેઠા. એ વિગ્રહથી મરાઠી રાજ્યનો સદાનો અંત આવ્યો. બાજીરાવ પેશ્વા ઇંગ્રેજને શરણે આવ્યાથી તેનો મૂલક મુંબાઇ ઇલાકામાં જોડાયો. ઇંગ્રેજ સરકારે પેશ્વાને તેના મરણ લગી મોટું પેન્શન આપી કાનપુર પાસે બિથુરમાં રાખ્યો. તેના દત્તપુત્રે સને ૧૮૫૭ માં બળવો કીધો અને અતિદુષ્ટ નાના સાહેબ નામે ઓળખાયો. તેજ વર્ષમાં પેશ્વાઓનો એ છેલ્લો પુરૂષ લોકોની નજર આગળથી ગુપ્ત થઇ ગયો.

# प्रकरण १२ मुं.

## યુરોપી લોકોનાં પહેલ વહેલાં થાણાં, સને ૧૫૦૦—૧૭૦૦.

**ઈ. સ. ૧૫૦૦ પહેલાંના વખતનો યુરોપ અને ભરતખંડ.**—હિંદપર સવારી કરનારા મુસલમાનો વાયવ્ય કોણથી પેઠા હતા. હિંદને જીતી લેનારા ખ્રિસ્તિઓ દક્ષિણમાંથી સમુદ્ર માર્ગે આવ્યા. ઈ. સ. પૂર્વે ૩૨૭ ના મહાન્ સિકંદરના વખતથી ઈ. સ. ૧૪૯૮ ના વાસ્કો ડા ગામાના વખત સુધી યુરોપ ખંડને પૂર્વના દેશો જોડે પાધરો વેપાર થોડોજ ચાલતો હતો. હિંદમાં કોઈ કોઈ પ્રસંગે મુસાફર આવતો તે બળવાન્ રાજ્યો અને અગણિત દ્રવ્યની વાતો યુરોપમાં લઈ જતો. પણ હિંદજોડે વેપાર પૂરે પૂરો કદી બંધ પડ્યો ન હોતો. પશ્ચિમ એશિઆની પેલી તરફ થઈને અથવા તો ઈજીપ્ત અને લાલ સમુદ્રને માર્ગે એ વેપાર ચાલતો હતો અને આખરે ભૂમધ્ય સમુદ્રને કાંઠે આવેલાં ઈટાલિનાં જે શાહેરો લીવાંટના કિનારાપરનાં એશિઆનાં બંદરો સાથે વેપાર ચલાવતાં હતાં તેને ભાગે આવતો હતો. સને ૧૪૯૨ માં ક્રિસ્ટોફર કોલંબસે આટ્‌લાંટિક મહાસાગરની પેલીમેર ભરતખંડની શોધ કરવા તાર્તારિના મોટા ખાન ઉપર પત્ર લઈને સ્પેનના વાવટા નીચે પશ્ચિમ ભણી વહાણ હંકાર્યું. તેણે હિંદને બદલે અમેરિકા શોધી કહાડ્યો.

**વાસ્કો ડા ગામા, સને ૧૪૯૮.**—પાંચ વરસ પછી વાસ્કો ડા ગામાની સરદારી નીચે વહાણનો એક કાફલો લિસ્બનની સામી એટલે પૂર્વ દિશાએ નીકળ્યો. કેપ ઑવ ગુડ હોપની પ્રદક્ષિણા કરી એ કાફલાએ લગભગ અગીઆર માસની સફર કર્યા પછી સને ૧૪૯૮ ના મે મહિનાની ૨૦ મી તારીખે હિંદના નૈર્‌ઋત્ય કિનારાપર કાલિકટ શાહેરની પાસે લંગર કર્યું. ડા ગામાને મૂર અથવા ખરૂં જોતાં આરબો જોડે પહેલેથીજ શત્રુવટ થઈ; કેમકે મલબાર કાંઠાનો દરિયાપરનો વેપાર એ લોકે પોતાના એકલાનાહાથમાંરાખ્યો હતો. પણ ડા ગામાએ કાલિકટના હિંદુરાજા ઝામોરિનની મહેરબાની મેળવેલી જણાયછે.

મલબાર કાંઠે લગભગ છ મહિના રહ્યા પછી તે યૂરોપ પાછો ફર્યો ત્યારે ઝામોરિન રાજાએ પોર્ટુગાલના રાજાઉપર તેને નીચે પ્રમાણે કાગળ લખી આપ્યોઃ—'તમારા કુટુંબમાંના ઉમરાવ વાસ્કો ડા ગામાએ મારા રાજ્યની મુલાકાત લીધીછે અને મને ઘણો આનંદ આપ્યો છે. મારા રાજ્યમાં તજ, લવીંગ, આદું, મરી અને કિમતી રત્નો પુષ્કળ છે. તમારા દેશમાંથી હું સોનું, રૂપું, પરવાળાં અને લાલ રંગ લેવા માગુંછું.'

**પહેલ વહેલા આવેલા પોર્ટુગીઝ ગવર્નરો.**—સને ૧૫૦૨ માં પોર્ટુગાલના રાજાને ૬ ઠ્ઠા અલેક્ઝાંડર નામે પોપે આજ્ઞાપત્ર કરી આપ્યું, તેમાં તેને 'સફર કરવાનો, જીતાનો, અને ઈથિઓપિઆ, આરબસ્તાન, ઈરાન, અને ભરતખંડના વેપારનો ધણી' બનાવ્યો. એ વરસમાં વાસ્કો ડા ગામા વીસ વહાણનો કાફલો લઈ બીજીવાર ભરતખંડ આવવા નીકળ્યો. કાલિકટના ઝામોરિન રાજાની સામા તેણે કોચિન અને કાનાનોરના રાજાઓ જોડે એકકો કરી ઝામોરિન રાજાને તેના મહેલમાં ઘેરી ગોળાનો મારો ચલાવ્યો. સને ૧૫૦૩ માં મહાન્ આલ્ફોન્સો ડી આલ્બુકર્ક પોર્ટુગાલથી નીકળવાના ત્રણ કાફલા-માંના એકનો ઉપરી બની તેને પૂર્વ ભણી હંકાર્યો. ફ્રાન્સિસ્કો ડી આલ્મીડો નામે ભરતખંડના પહેલા પોર્ટુગીઝ વાઈસરોયની સરદારી નીચે સને ૧૫૦૫ માં બાવીસ વહાણ અને પંદર હજાર માણસનો મોટો કાફલો મોકલવામાં આવ્યો. સને ૧૫૦૯ માં એની પછી આ-લ્બુકર્ક ગવર્નર થયો, અને તેણે પોર્ટુગીઝની સત્તા ઘણા ભાગપર વધારી. કાલિકટપર હુમલો કર્યો તેમાં હારી જવાથી તેણે સને ૧૫૧૦ માં ગોવા બંદર સર કર્યું. એ ગોવા ત્યાર પછી હજી સુધી પોર્ટુગીઝ તાબાના ભરતખંડની રાજધાનીનું શહેર રહ્યું છે. પછી સિંહલદ્વી-પની પ્રદક્ષિણા કરી તેણે હિંદી આર્કિપેલાગોમાં વહાણ હંકારવાનું કામ જેથી હાથમાં આવે એવું મલાક્કા કબજે કર્યું અને શિઆમ અને મસાલાના ટાપુજોડે વેપાર ચાલુ કર્યો. છેવટે તેણે પશ્ચિમભણી પાછાં વહાણ હંકાર્યાં અને ઈરાની અખાત તથા લાલ સમુદ્રમાં થઈ તે સને ૧૫૧૫ માં પાછો ગોવે ગયો અને ત્યાં મરણ પામ્યો. સને

૧૫૨૪ માં વાસ્કો ડા ગામા ત્રીજીવાર પૂર્વમાં આવ્યો અને તે પણ સને ૧૫૨૭ માં કોચીનમાં મરણ પામ્યો.

**ભરતખંડમાં પોર્ટુગીઝનાં ઘાતકી કામો.**—સને ૧૫૦૦ થી સને ૧૬૦૦ લગી, એટલે બરાબર એક સેકા સુધી, પૂર્વનો સઘળો વેપાર એકલા પોર્ટુગીઝને હાથ હતો. પણ ભરતખંડમાં રાજ્ય સ્થાપવાને જે રાજસંબંધી બળ અને વિશેષ લક્ષણની જરૂર છે તે બે-માંનું એકે તેમનામાં નહોતું. યૂરોપમાં પોર્ટુગીઝને મૂર લોકો જોડે ઝઘડો થયો હતો તેમાં એ આખી પ્રજાના સ્વભાવનું બંધારણ થયું હતું. તેઓ વેપારી નહોતા પણ ભટકતા શૂરવીરો અને ધર્મને માટે યુદ્ધ કરનારા ( ક્રૂઝેડર ) હતા. તેઓ દરેક મૂર્ત્તિપૂજકને પોર્ટુગાલનો અને ઈસુખ્રિસ્તનો શત્રુ ગણતા. જે વહેમ અને ક્રૂરતાથી તેમના ઇંડીસમાંના ઇતિહાસને કલંક લાગ્યુંછે તે તેમની જીતોની વખતના વૃત્તાન્ત જેમણે વાંચ્યા છે તેમનાજ મનમાં બરોબર ઉતરી શકશે. દેશીઓની પ્રીતિ અને હિંદુ રાજાઓની દોસ્તી મેળવવાની માત્ર આલ્બુકર્કે કોશીશ કરી હતી. લોકો તેનું નામ એટલા બધા પૂજ્યભાવથી સંભારતા હતા કે ગોવાના હિંદુઓ અને મુસલમાનો સુદ્ધાં તેની કબરપાસે જતા અને ત્યાં તેનો આત્મા જાણે હાજર ન હોય તેમ પોતાની ફર્યાદ કહેતા અને તેની પાછળ થનારા હાકેમોના જૂલમમાંથી પોતાનો છુટકારો કરવા ઈશ્વરની પ્રાર્થના કરતા.

**ભરતખંડમાં પોર્ટુગીઝની પડતી.**— સને ૧૫૮૦ માં બીજા ફિલિપરાજાના અમલમાં પોર્ટુગાલ અને સ્પેનનાં રાજ્ય જોડાઈ ગયાં ત્યારથી યૂરોપમાં સ્પેનના લાભપર પહેલી નજર રહેવા લાગી અને એ-શિઆમાં પોર્ટુગાલનો લાભ ઊતરતો ગણાવા લાગ્યો. સને ૧૬૪૦ માં પોર્ટુગાલ ફરીને જુદું રાજ્ય થયું પણ એ દર્મિયાનમાં બે વધારે બળ-વાન્ હરીફો, વલંદા અને અંગ્રેજોએ, પૂર્વ સમુદ્રમાં દેખાવ દીધો હતો અને પોર્ટુગીઝ લોકનું ઇંડીસનું રાજ્ય જેટલી ઝડપથી ઉભું થયું હતું તેટલીજ ઝડપથી ક્ષય પામતું હતું.

**સને ૧૮૯૨ માં પોર્ટુગીઝ તાબાનાં સંસ્થાનો.**—હાલ હિંદુ-સ્થાનમાં પોર્ટુગીઝના તાબામાં ગોવા, દિવ અને દમણ સંસ્થાનોજ

રહ્યાં છે. એ સઘળાં પશ્ચિમ કિનારે છે, એમનું ક્ષેત્રફળ ૧,૧૦૦ ચોરસ મૈલ છે અને તેમાં વસ્તી આશરે પાંચ લાખ માણસની છે. વળી બ્રિટિશ હિંદમાં શુમારે ૫૦૦ પોર્ટુગીઝ છે અને તે ઉપરાંત મિશ્ર જાતના પોર્ટુગીઝો એથી ઘણા વધારે છે. એ મિશ્ર જાતના ૩૦,૦૦૦ માણસથી વધારે (પોર્ટુગીઝ હાફ કાસ્ટ) મુંબઈમાં અને ૨૦,૦૦૦ બંગાળામાં, મુખ્યત્વે કરીને ડાકા અને ચિતાગોંગની પડોશમાં વસેછે. એ જાતના લોકો ફિરંગીને નામે ઓળખાય છે, અને તેઓ રોમન કાથોલિક ધર્મ માનતા રહ્યા છે અને યૂરોપી ઉપનામ ધારણ કરેછે તે સિવાય જે દેશીઓની સાથે તેઓ રહેછે તેમનાથી વર્ણ, ભાષા, અને રહેણીની બાબતમાં તેઓ ભાગ્યેજ જુદા પડેછે.

**હિંદમાં વલંદા.**—પોર્ટુગીઝના એકહથ્થુ વેપારને તોડી પાડનારી પહેલ વહેલી યૂરોપી પ્રજા વલંદા લોકો હતા. સોળમા સૈકામાં બ્રૂજીસ, આન્ટવર્પ, અને આમસ્ટર્ડામ મોટાં વેપારનાં મથક થયાં. પોર્ટુગીઝ લોક જે માલ ભરતખંડમાંથી લઈ જતા તે માલ એ બંદરોમાંથી જર્મનિમાં અને ઇંગ્લાંડમાં મોકલવામાં આવતો. પહેલાં તો, અંગ્રેજ લોકોએ જે રસ્તો પકડ્યો હતો તે રસ્તે ચાલી વલંદા લોકે યૂરોપ અને એશિઆના ઉત્તર કિનારાઓની આસપાસ વહાણ હંકારી ભરતખંડમાં આવવાનો માર્ગ ખોળી કહાડવાની કોશીશ કરી. આવી રીતે વલંદા લોકો ત્રણ વાર ઉત્તર તરફને માર્ગે ગયા તે ત્રણે પ્રવાસમાં તેમના મુખ્ય પુરૂષ તરીકે વિલ્યમ બેરેન્ટ્સ મશહૂર છે. આમાંના છેલ્લા પ્રવાસમાં તે મરણ પામ્યો. કેપ ઑવ ગુડ હોપની પ્રદક્ષિણા પહેલ વહેલી કોર્નીલિયસ નામે વલંદાએ કરી. તે સને ૧૫૯૬ માં સુમાત્રા અને બંતામ પહોંચ્યો. પૂર્વના દેશો જોડે વેપાર કરવાને હોલાંડના ઘણા ભાગમાં તરતજ ખાનગી કંપનીઓ ઊભી થઈ; પણ સને ૧૬૦૨ માં સ્ટેટ્સ જનરલે એ સઘળી કંપનીઓને જોડી દઈ તેની 'ડચ (વલંદા) ઈસ્ટ ઈંડિયા કંપની' બનાવી. સને ૧૬૧૯ માં વલંદાએ જાવામાં બટેવિઆ શહેર વસાવી ઈસ્ટ ઈંડિસ માંહેલાં પોતાના તાબાનાં સંસ્થાનોની વડી સરકારની રાજધાની કરી. અગાઉ તેમની મુખ્ય કોઠી આમ્બોયનામાં હતી. શુમારે એજ સમયે તેમણે આસ્ટ્રેલિ-

આનો કાંઠો શોધી કહાડયો અને ઉત્તર અમેરિકામાં ન્યુ આમ્સ્ટર્ડામ અથવા માનહટ્ટન શાહેર વસાવ્યું. એ શાહેર હાલમાં ન્યુ યૉર્ક કહેવાય છે.

**પૂર્વ સમુદ્રોમાં વલંદાનો સૌથી ચઢીઆતી સત્તા.**—સત્તરમા સૈકામાં વલંદાલોકની દરિયાઈ સત્તા દુનીઆમાં સૌથી ચઢીઆતી હતી. સને ૧૬૨૩ માં તેમણે આમ્બોયનામાં અંગ્રેજ લોકોની કતલ કીધી તેને લીધે બ્રિટિશ કંપનીને પૂર્વ આર્કિપેલેગોમાંથી ભરતખંડમાં જવું પડયું. આથી અંગ્રેજના હિંદી રાજ્યનો પાયો નંખાયો. પૂર્વ સમુદ્રમાં અંગ્રેજ અને વલંદાની વચ્ચે ઘણા વખત સુધી દરિયાઈ યુદ્ધો અને ખુનરેજી લડાઈઓ ચાલી હતી તેનો છેડો જ્યારે ઑરેંજના વિલ્યમે એ બંને દેશો સને ૧૬૮૯ માં જોડી દીધા ત્યારે આવ્યો. થોડો વખત વલંદાએ હિંદી આર્કિપેલેગોમાં એકછત્ર રાજ્ય ચલાવ્યું અને પોર્ટુગીઝને તેમનાં મુલકી સંસ્થાનોમાંથી ધીમે ધીમે હાંકી કહાડયા. સને ૧૬૩૫ માં તેમણે ફોર્મોસા કબજે કર્યું, સને ૧૬૪૦ માં મલાક્કા લીધું. આ ભારે નુકસાનમાંથી પોર્ટુગીઝ લોકો કદી પોતાની સત્તા પાછી મેળવવા પામ્યા નથી. તેઓ સને ૧૬૪૭ માં પાલાર નદીને તીરે આવેલા હિંદુસ્થાનના અગ્નિકોણે આવેલા સાદ્રાસ શાહેરમાં વેપાર ચલાવતા હતા. સને ૧૬૫૧ માં તેમણે કેપ ઑવ ગુડ હોપમાં પૂર્વમાં આવવાને અર્ધ માર્ગે એક સંસ્થાન સ્થાપ્યું. સને ૧૬૫૨ માં તેમણે મદ્રાસ કાંઠે પાલકોલ્લુમાં પહેલ વહેલી હિંદી કોઠી બાંધી. સિંહલદ્વીપમાં પોર્ટુગીઝનો છેલ્લો કિલ્લો ઝાફનાપટમ હતો. તે તેમણે સને ૧૬૫૮ માં લેઈ લીધો. મરી ઉત્પન્ન કરનારા મલબાર કાંઠાપર પોર્ટુગીઝે પહેલ વહેલાં જે થાણાં કર્યાં હતાં તે તેમની કનેથી ૧૬૬૪ માં ખુંચવી લીધાં, અને ૧૬૬૯ માં તેમણે સેંટ થોમી અને મક્કાસરમાંથી પોર્ટુગીઝને હાંકી કહાડયા.

**વલંદાની ટુંકી નજરવાળી રાજ્ય રીતિ.**—વલંદાની વેપાર ચલાવવાની રીત ટુંકી નજરવાળી હતી. તેથી કરીને તેમનાં સંસ્થાનના મહારાજ્યની પડતી થઈ. એ રીત જાણી જોઈને તેઓએ એવી રાખી હતી કે તેથી કરીને તેજાનાનો તમામ વેપાર તેમના એકલાનાજ

હાથમાં રહે. એ વેપાર ચલાવવામાં પહેલેથી તે છેલ્લે સુધી તેઓ ખરા અર્થશાસ્ત્રના નિયમો પ્રમાણે ચાલ્યા ન હોતા. જૂના વખતના ફીનિશિયન લોકની પેઠે તેઓએ વેપારમાં પોતાની જોડે હરીફાઈ કરનારા લોકોપર જુલમ કરવામાં બાકી રાખી ન હોતી; પણ ફીનિશિયન લોકે તેમના સહવાસમાં આવેલા દેશીઓમાં સુધારો દાખલ કર્યો હતો, તેમ વલંદાઓ કરી શકયા નહિ. સને ૧૭૫૮ માં ક્લેવે જમીન અને દરીઆને રસ્તે ચિન્સુરામાં વલંદાપર હલ્લો કરી તેમને લાજ લગાડે એવા કરાર કરવાની ફરજ પાડી. તેમની સૌથી ચઢીઆતી સત્તા તોડી. સને ૧૭૯૩ થી ૧૮૧૫ સુધી ફ્રેંચ જોડે મોટાં યુદ્ધ થયાં તેમાં અંગ્રેજે હોલાંડ પાસેથી તેનાં પૂર્વનાં સંસ્થાનો લઈ લીધાં; તો પણ જાવા બેટ સને ૧૮૧૬ માં તેને પાછો મળ્યો અને સને ૧૮૨૪ માં મલાકકા અને સુમાત્રાનો અદલો બદલો કર્યો. હાલ હિંદુસ્તાનમાં વલંદાનો વાવટો કોઈપણ ઠેકાણે ઊડતો નથી. પણ ચિન્સુરા, નેગાપટમ અને જાફનાપટમ શાહેરો, જે હાલ અંગ્રેજ લોકોના હાથમાં છે તેમાં તથા કોરોમાંડલ અને મલબાર કાંઠાનાં બીજા કેટલાંક નાનાં બંદરોમાં વલંદા નળીઆં અને નકશીવાળાં વિચિત્ર મકાનોપરથી અને એ જૂનાં સંસ્થાનમાંનાં કેટલાંકમાં કરેલી ડચ ઢબની પાણીની નહેરોપરથી મુસાફરને નેધર્લૈંડમાંના દેખાવો યાદ આવેછે.

**પહેલ વહેલા સાહસિક અંગ્રેજો, સને ૧૪૯૬-૧૫૯૬.**—વાયવ્ય કોણને રસ્તે અથવા ઉત્તર મહાસાગરમાં થઈને હિંદમાં આવવાને અંગ્રેજોએ પહેલ વહેલા પ્રયત્ન કર્યા હતા. સને ૧૪૯૬ માં ૭ મા હેન્રિ રાજાએ જાન કૅબટ અને એના ત્રણ દીકરા (એમાનો એક પ્રસિદ્ધ સેબાસ્ટિઅન હતો) ને બે વહાણ તૈયાર કરી આ માર્ગ ખોળી કહાડવાની સનદ કરી આપી. એ કામમાં તેમને ફત્તેહ મળી નહિ, પણ તેમણે ન્યુફૌંડલાંડ બેટ શોધી કહાડ્યો અને અમેરિકાને કાંઠે લાબ્રાડોરથી વર્જીનિઆ લગી વહાણ હંકાર્યાં. સને ૧૫૫૩ માં દુર્ભાગી સર હ્યુ વિલુબિએ યૂરોપ અને એશિઆની ઉત્તરે, ઉત્તર મહાસાગરમાં ઈશાન કોણનો માર્ગ શોધી કહાડવાનો પ્રયત્ન કર્યો; પણ એ પ્રયત્ન પાર પાડવાનું કામ આપણા વખતના એક સ્વીડ અમલદારને માટે

રહ્યું છે. સર હ્યુ મરણ પામ્યો, પણ ચાન્સેલર નામે તેનો મદદનીશ શ્વેત સમુદ્રને કાંઠે એક બંદર, જે હાલ આર્કેંજલ કહેવાય છે, ત્યાં આવી પહોંચ્યો. એ પછી સને ૧૫૭૬ થી ૧૬૧૬ લગી વાયવ્ય ભણુનો માર્ગ શોધી કહાડવાને ઘણા પ્રયત્નો થયા હતા. એ પ્રયત્નોને લીધે ફ્રોબિશર, ડેવિસ, હડસન, અને બાફિનનાં અમર નામ હાલના નકશામાં રહી ગયાં છે. એ દર્મિયાન સને ૧૫૭૭ માં સર ફ્રાન્સિસ ડ્રેકે પૃથ્વીપ્રદક્ષિણા કરી અને યૂરોપ પાછા ફરતી વખતે મલાક્કાના ટર્નેટ નામે એક ટાપુમાં બંદર કર્યું. ત્યાંના રાજાએ તે બેટમાં ઉત્પન્ન થતાં તમામ લવિંગ અંગ્રેજી પ્રજાને આપવાની કબૂલાત આપી. સાષ્ટી બેટની જેસ્યુઈટ કોલેજનો મુખ્ય શિક્ષક ટામસ સ્ટીવન્સ નામે અર્વાચીન સમયનો અંગ્રેજ સને ૧૫૭૯ માં પહેલ પહેલો હિંદમાં આવેલો જાણવામાં છે. સને ૧૫૮૩ માં ત્રણ અંગ્રેજ વેપારીઓ——રાલ્ફ ફ્રિચ, જેમ્સ ન્યુબેરી, અને લીડસ——સાહસિક વેપારીઓ તરીકે એશિઆ ખંડના દેશોમાં થઈ હિંદમાં આવ્યા. અદેખા પોર્ટુગીઝ લોકોએ તેમને ઓર્મઝમાં અને ફરીને ગોવામાં બંદીખાને નાંખ્યા. આખરે ન્યુબેરી ગોવામાં દુકાન માંડીને રહ્યો, લીડસ મોટા મુગલ પાદશાહની નોકરીમાં દાખલ થયો, અને ફ્રિચ, સિંહલદ્વીપ, બંગાળા, પેગુ, શિઆમ, મલાક્કા, અને ઈસ્ટ ઈંડીસના બીજા ભાગોમાં ઘણો કાળ ભટક્યા પછી પાછો ઈંગ્લાંડ ગયો. સ્પેન અને પોર્ટુગાલના એકઠા થયલા રાજ્યે અંગ્રેજની સામે લડવાને સને ૧૫૮૮ માં 'જીતી શકાય નહિ એવી અરમાર' મોકલી હતી તેની હાર થવાથી દરિયાઈ સાહસ કરવાને અંગ્રેજ લોકોને નવું ઉત્તેજન મળ્યું; અને સને ૧૫૯૬ માં કોર્નીલિયસ હોટ્માનની સફળ સફરને લીધે જે સમુદ્રોમાં પોર્ટુગીઝ લોકો અત્યાર લગી એકહથુ વેપાર ચલાવતા હતા તે સમુદ્રોમાં કેપ ઑવ ગુડ હોપમાં થઈ જવાનો માર્ગ હાથ લાગ્યો.

**અંગ્રેજી ઈસ્ટ ઈંડિઆ કંપનીઓ.**—લંડન અને આમ્સ્ટર્ડામની વચ્ચે વેપારની સરસાઈ ચાલવાથી અંગ્રેજી ઈસ્ટ ઈંડિઆ કંપની ઊભી થઈ. સને ૧૫૯૯ માં વલંદાએ અંગ્રેજને વેચવાના મરીનો ભાવ રતલે ત્રણ શિલિંગ હતો તે વધારી છ અને આઠ શિલિંગ કર્યો.

લંડનના વેપારીઓએ ફૌન્ડર્સ હૉલમાં ૧૫૯૯ના સપ્ટેમ્બરની ૨૨ મી તારીખે લૉર્ડ મેયરના પ્રમુખપણા નીચે એક સભા બોલાવી. હિંદ જોડે પરભાર્યો વેપાર કરવા માટે એક મંડળી સ્થાપવાનો ઠરાવ કર્યો, ઈલિઝાબેથ રાણીએ પણ અંગ્રેજી કંપનીને માટે હક્કો માગવા સર જૉન મિલ્ડનહાલને ઈસ્તાંબુલને માર્ગે મોટા મુગલ પાદશાહના દરબારમાં મોકલ્યો. સને ૧૬૦૦ ના ડિસેંબરની ૩૧ મી તારીખે અંગ્રેજી ઈસ્ટ-ઇંડિઆ કંપની રાજ્યલેખથી 'ઈસ્ટ ઈંડીસ જોડે વેપાર કરનારા લંડનના વેપારીઓના ગવર્નર અને કંપની' એ ઇલિકાબથી સનદી મંડળી થઈ. મૂળની કંપનીમાં માત્ર ૧૨૫ ભાગીદાર હતા અને ૭૦,૦૦૦ પૌંડનું ભંડોળ હતું. સહીઆરા ભંડોળ ખાતે પહેલ વહેલી સફરો કરવા માંડી ત્યારે સને ૧૬૧૨ માં એ ભંડોળ વધારીને ૪,૦૦,૦૦૦ પૌંડનું કર્યું હતું. સને ૧૬૩૫ માં કોર્ટેનની મંડળી સ્થપાઈ. એ મંડળીએ પાછળથી માડાગાસ્કરમાં એક કોઠી ઘાલી તે પરથી તે 'અસ્સાડા વેપારીઓ' ના નામથી પ્રસિદ્ધ થઈ; પણ કેટલાક વખત લગી માંહોમાંહે જબરી સરસાઈ ચાલ્યા પછી સને ૧૬૫૦ માં એ મંડળી લંડનની કંપની સાથે જોડાઈ ગઈ. સને ૧૬૫૫ માં ક્રોમ્વેલે 'સાહસિક વેપારીઓની કંપની' ને હિંદ જોડે વેપાર કરવા સનદ આપી, પણ એ કંપની બે વરસ રહીને મૂળ કંપની સાથે જોડાઈ ગઈ. પાછળથી અંગ્રેજી કંપની અથવા 'ઈસ્ટ ઈંડીસ જોડે વેપાર કરનારી સાધારણ મંડળી' વધારે જબરી હરીફ થઈ પડી. સને ૧૬૯૮ માં સારી મદદ મળવાથી એ કંપની સનદી મંડળી થઈ, અને તેનું ભંડોળ ૨,૦૦,૦૦૦ પૌંડનું હતું. તોપણ લૉર્ડ ગોડોલ્ફિનની પંચાયતથી બેઉ કંપનીઓ વચ્ચે સમાધાન થયું, અને 'લંડન' અને 'અંગ્રેજી' કંપનીઓ છેવટે સને ૧૭૦૯ માં 'ઈસ્ટ ઇંડીસ જોડે વેપાર કરનારા ઇંગ્લાંડના વેપારીઓની એકઠી કંપની' ના નામથી જોડાઈ ગઈ.

**લંડન કંપનીની પહેલ વહેલી સફરો.**—અંગ્રેજ લોકોનાં જે વહાણો પહેલ વહેલાં પૂર્વ સમુદ્રોમાં પેઠાં તેમને પહોંચવાનું ઠેકાણું હિંદનું આર્કિપેલેગો હતું. કંપનીની સૌથી પહેલી સફરમાં, એટલે સને ૧૬૦૨ માં, કપ્તાન લાંકાસ્ટરે આચીનના રાજા જોડે વેપાર સંબંધી વહેવાર

ચાલુ કર્યો, અને બંતામમાં કોઠી એટલે 'વેપારની વખાર' બાંધી. એપછીનાં વરસોમાં તેઓ સુમાત્રા, મલાક્કા, બંડા, આમ્બોયના અને બંતામમાંથી મરી અને તેજાના વહાણમાં ભરીને લેઈ જતા હતા. હજીસુધી હિંદને પશ્ચિમ કાંઠે અંદરખા પોર્ટુગીઝ લોકોની સત્તા સર્વોપરિ હતી. તેમણે અંગ્રેજ સામે લડીને તેમને પેસવા દીધા નહિ. સને ૧૬૧૧ માં પોર્ટુગીઝ લોકો સામા થયા તેને લેખવ્યા વિના સર હેન્રી મિડલ્ટને ખંભાતમાં હિંદી માલથી વહાણ ભર્યાં. સને ૧૬૧૫ માં મુંબઈના કિનારાથી છેટે તાપી નદીના મુખથી થોડે દૂર સુઆલીનું પ્રખ્યાત દરિયાઈ યુદ્ધ થયું તેમાં કપ્તાન બેસ્ટે પોર્ટુગીઝનાં સેંકડો વહાણો ચાર વાર મારીને હાંકી કહાડયાં, અને અંગ્રેજના શૌર્યને માટે દેશીઓના મનમાં હમેશાને માટે માન ઉત્પન્ન કર્યું. એજ વરસમાં ૧ લા જેમ્સ રાજાએ સર ટામસ રોને મોટા મુગલ પાદશાહ ( જહાંગીર ) ના દરબારમાં એલચી તરીકે મોકલ્યો તે અંગ્રેજી વેપારને લાભકારી માગણીઓ કબુલ કરાવવામાં ફતેહ પામ્યો.

**આમ્બોયનાની કતલ, સને ૧૬૨૩.**—હિંદમાં પોર્ટુગીઝ લોકો અંગ્રેજોને જેટલા હાનિકારક હરીફ થયા હતા તેના કરતાં તેજાનાના બેટામાં વલંદા લોકો વધારે હાનિકારક હરીફો નીવડયા. પૂર્વ સમુદ્રોમાં અંગ્રેજો માટે વલંદાને ધિક્કાર હતો તેની આમ્બોયનાની કતલથી હદ વળી. એ કતલથી અંગ્રેજોનાં મન પર ઊંડી છાપ પડી. અંગ્રેજોએ વલંદાપર આરોપ મૂકયા તેની સામા ભારે અને દુઃખદાયક આરોપો મૂકીને વલંદાએ ૯ અંગ્રેજ, ૯ જાપાની, અને ૧ પોર્ટુગીઝ ખલાસી સહિત અંગ્રેજના કપ્તાન ટાવર્સનને સને ૧૬૨૩ ના ફેબ્રુઆરી માસમાં આમ્બોયનામાં પરહેજ કર્યા. એ કેદીઓની તપાસ વખતે તેમણે તેઓને રીબી રીબીને માર્યા અને કિલ્લાની ફોજ ઉપર છાપો મારવાના તરકટનો અપરાધ તેમના પર સાબીત કર્યો. ગુસ્સાના જોમમાં એ બિચારાઓને ફાંસી દીધી, અને એમને માર મારીને ઈન્સાફને નામે એમની હત્યા કરી તેથી ઈંગ્લાંડની પ્રજાને ક્રોધ ચડયો. છેવટે બેઉ પ્રજાના હક્કોનો તોડ કહાડવા કમિશનરો નીમાયા અને અંગ્રેજી કંપનીના જે નોકરો માર્યા ગયા હતા તેમના વારસોને નુકસાનને પેટે વલં-

દાને ૩,૬૧૫ પોંડ આપવા પડ્યા. પણ તે વખતથી બંડા અને તેજાનાના ટાપુઓ પર વલંદાની કુલ સત્તા રહી. સને ૧૭૯૩ માં મોટાં દરિયાઈ યુદ્ધો શરૂ થયાં ત્યાંસુધી હિંદી આર્કિપેલેગોનો તમામ વેપાર તેમણે પોતાના હાથમાં રાખ્યો.

**મદ્રાસમાં અંગ્રેજોનાં પહેલવહેલાં થાણાં.**—આમ્બોયનાની કતલનું પરિણામ એ થયું કે અંગ્રેજોને તેજાનાના ટાપુઓમાંથી હિંદની ભૂમિમાં જવું પડ્યું. તેમણે કોરોમાંડલને કાંઠે પહેલવહેલાં થાણાં સ્થાપ્યાં. છેક સને ૧૬૧૧ માં મછલીપટણમાં તેમણે આડત બાંધી હતી; અને એ આડત વધીને હવે (૧૬૩૨ માં) ગોલકોંડાના સુલતાન તરફથી મળેલા 'સોનાના ફરમાન' ની રૂઇએ કોઠી થઈ. થોડાં વરસ પહેલાં (૧૬૨૬ માં) આર્માગામ, જે હાલ નેલોર જિલ્લામાં ખેડેર છે, તેમાં પણ એક કોઠી ઘાલી હતી. એમાં ૧૨ તોપ હતી, અને ૨૩ યુરોપી આડતીઆ નોકર હતા. આખરે સને ૧૬૩૯ માં આર્માગામના હાકેમ ફ્રાન્સિસ ડેએ ચંદ્રગિરિના રાજાકનેથી કાંઠાનો દક્ષિણે મદ્રાસપટમ અથવા ચિનિપટમ નામે વધારે માફક જગ્યા ખરીદ કરી. અહીં તેણે ફોર્ટ સેંટ જ્યૉર્જ બાંધી મદ્રાસ વસાવ્યું. હિંદમાં કંપનીનું પહેલવહેલું મુલકી સંસ્થાન મદ્રાસ હતું. કેટલાંક વરસ લગી એ સંસ્થાન જાવાના બંતામ નગરના તાબામાં રહ્યું, પણ સને ૧૬૫૩ માં તેનો સ્વતંત્ર ઇલાકો બનાવ્યો.

**મુંબઈમાં અંગ્રેજનાં પહેલવહેલાં થાણાં.**—પશ્ચિમ કિનારે ઘણો વખત સુધી અંગ્રેજ લોકોના વેપારનું મુખ્ય થાનક સૂરત શાહેર હતું. એ શાહેરમાં સને ૧૬૧૨–૫ માં એક કોઠી ઘાલી હતી અને ઘોઘા, અમદાવાદ, તથા ખંભાત જોડે તેની આડત ચાલતી હતી. સુઆલીથી થોડે છેટે અંગ્રેજ લોકોએ પોર્ટુગીઝ પર દરિયાઈ જીત મેળવી હતી તેનું એ પહેલું ફળ હતું. એ વખતે મુગલ રાજ્યનું મુખ્ય બંદર સૂરત હતું. એ બંદરમાં થઇને ઉત્તર હિંદ તથા યૂરોપ જોડે તમામ વેપાર ચાલતો હતો. પોર્ટુગાલના રાજાએ સને ૧૬૬૧ માં બીજા ચાર્લ્સ રાજાની રાણી બ્રગેન્ઝાની શાહજાદી કાથરૈનની પહેરામણીમાં અંગ્રેજને મુંબઈ બેટ આપ્યો હતો, પણ સને ૧૬૬૫ લગી પોર્ટુગીઝ કનેથી તેમને તેનો કબજો મળ્યો ન હતો. સને ૧૬૬૮ માં બીજા ચાર્લ્સ રાજાએ મું-

બઈ બેટ પરનો પોતાનો હક્ક વરસે દશ પૌંડ લેવા કરીને ઈસ્ટ ઈંડિયા કંપનીને વેચ્યો. એ વખતે મુંબઈ શહેર માત્ર માછીઓનું ગામડું હતું અને તેમાં પોર્ટુગીઝનો જૂનો કિલ્લો હતો તથા ખરાબ હવા પાણીને લીધે પૂર્વના દેશોમાં પણ એ ગામડું પ્રખ્યાત હતું. પરંતુ એ ગામડું બેટમાં હોવાથી મરાઠા ઘોડે સવારના હુમલાનો તેને ભય નહોતો એ તેને મોટો લાભ હતો. શિવાજીએ સને ૧૬૬૩ માં સૂરત શહેર લૂટ્યું હતું; અંગ્રેજની કોઠી લૂટી નહોતી. એ કારણથી પશ્ચિમ ઈલાકાની રાજધાની સૂરતમાંથી ખસેડી મુંબઈમાં લઈ જવાનું દુરસ્ત ધારવામાં આવ્યું. એમ કરવાનો હુકમ સને ૧૬૮૫ માં થયો હતો. પણ બે વર્ષ કેડે (૧૬૮૭ માં) અમલમાં આવ્યો.

**બંગાળામાં અંગ્રેજનાં પહેલવહેલાં થાણાં.**—બંગાળામાં થાણાં મોડાં સ્થાપ્યાં હતા અને તે મદ્રાસ અથવા મુંબાઈનાં થાણાં કરતાં પહેલાં વધારે જોખમમાં હતાં. સને ૧૬૨૦ માં અજમેર, આગ્રા, અને છેક પૂર્વે પટનામાં સૂરતની શાખા રૂપ નાની આડતો ઊઘાડી હતી. પણ સને ૧૬૩૪ ના વરસ લગી દરિયા કાંઠા સુધી પહોચાયું નહોતું. એ વરસમાં મુગલ પાદશાહે ફરમાન આપી કંપનીને બંગાળામાં વેપાર કરવાની પરવાનગી આપી. પણ તેમનાં વહાણોને માત્ર ઓરિસ્સામાં પીપળી લગી જવાની છૂટ હતી. એ બંદર હાલમાં દરિયાથી જમીનના અંદરના ભાગમાં બહુ દૂર ગયેલું છે અને તે ક્યાં હતું તે પણ અટકળથીજ જાણી શકાય છે. હુગલીની કોઠી સને ૧૬૪૦ માં અને બાલાસોરની કોઠી સને ૧૬૪૨ માં ઘાલી હતી. ત્રણ વરસ કેડે, એટલે સને ૧૬૪૫ માં, 'હોપવેલ' નામે વહાણના શસ્ત્રવૈદ્ય ગેબ્રિયલ બાઉટને શાહજહાન પાદશાહની નોકરી બજાવી તેના ઈનામમાં તેની કને એકલી અંગ્રેજી કંપનીને બંગાળામાં વેપાર કરવાના સઘળા હક્ક અપાવ્યા. સને ૧૬૮૧ માં બંગાળામાંની અંગ્રેજી કોઠી મદ્રાસથી જૂદી પડી; અને હોજીસને બંગાળાના ઉપસાગરમાં કંપનીના કામકાજનો તથા કાસિમબજાર, પટના, બાલાસોર, માલદાહ, અને ધાકાની તાબાની કોઠીઓનો એજંટ અને ગવર્નર નીમ્યો. પણ અંગ્રેજે જેમ મદ્રાસમાં અને મુલકી સંસ્થાન મેળવ્યાં હતાં તેમ બંગાળામાં હજી લગી મેળવ્યાં ન હોતાં. વસ્તીવાળાં નગરોની મધ્યે કરેલાં તેમનાં નાનાં

સંસ્થાન એવાં હતાં કે દેશી ગવર્નરો તેપર પોતાની મરજી પ્રમાણે ચઢાઈ કરી શકે. સને ૧૬૮૬ માં નવાબ શૈસ્તખાને બંગાળામાં અંગ્રેજની જે કોઠીઓ હતી તે સર્વેને જપ્ત કરવાનો હુકમ કર્યો. હુગલીના વેપારીઓ અને તેમના ઉપરી જોબ ચાર્નોક એ નદીના બારા તરફ આશરે ૨૬ મૈલ દૂર આવેલા સુટાનટી ગામમાં ગયા. સુટાનટી એ વેળા પાણીવાળી નીચી જગ્યામાં ગામડું હતું, અને હાલમાં કલકત્તાનો ઉત્તર ભણીનો વિભાગ છે. આ ઠેકાણે તેમણે અસલના ફોર્ટ વિલિયમનો પાયો નાંખ્યો; અને સને ૧૭૦૦ માં ઔરંગજેબ પાદશાહના દીકરા શાહજાદા આઝીમ કનેથી સુટાનટી, કલિકટા, અને ગોવિંદપુર એ ત્રણ ગામ વેચાતાં લીધાં, અને તેમને જોડી દઈ હાલનું કલકત્તા બનાવ્યું.

**મુલકી સત્તામાં કંપની હાથ ઘાલે છે.**—મુગલો અને મરાઠાઓનો જૂલમ ખાળી શકાય તે માટે મુલકો મેળવી હિંદમાં પોતાની સત્તા જમાવવાનો એજ સમયે (સને ૧૬૮૯ માં) કંપનીએ નિશ્ચય કર્યો. એ મતલબથી તેણે હિંદમાં પોતાના નોકરોના વહીવટ માટે નીચલો ઠરાવ મંજૂર કર્યોઃ— 'આપણા વેપાર વિષે જેટલી કાળજી રાખવી તેટલીજ ઉપજ વધારવા તરફ કાળજી રાખવી; આપણા વેપારને વીસ અકસ્માતથી ખલેલ પહોંચે ત્યારે પણ આપણું બળ એથીજ ટકી રહેશે; એથી કરીનેજ આપણે હિંદમાં પ્રજા તરીકે ગણાઈશું.' એજ મતલબથી સર જોન ચાઇલ્ડને 'હિંદનો ગવર્નર જનરલ અને દરિઆઈ લશ્કરનો સરદાર નીમી તેને સલાહ અથવા લડાઈ કરવાની અને કંપનીનાં સંસ્થાનોના બચાવને માટે ગોઠવણ કરવાની કુલ સત્તા આપી.

**બીજી ઈસ્ટ ઈંડિયા કંપનીઓ.**—પોર્ટુગીઝ લોકે કંપની ઊભી કરવાનો કોઈ પણ વખત પ્રયત્ન કર્યો નહોતો. પણ પૂર્વ ભણીના દેશો જોડેનો વેપાર એકલા રાજાનેજ હસ્તક રાખ્યો હતો. અંગ્રેજે પહેલવહેલી ખાનગી કંપની સને ૧૬૦૦ માં સ્થાપી હતી. એની પછી તુરત સને ૧૬૦૨ માં વલંદાએ એક કંપની ઊભી કરી. પણ વલંદાએ રાજ્યને નામે સંસ્થાનો મેળવ્યાં હતાં, તેથી તેઓ પ્રજાનાં સંસ્થાનો ગણાયછે, ખાનગી સંસ્થાનો ગણાતાં નથી. એમની પછી ફ્રેંચો

આવ્યા. તેમણે ઈસ્ટ ઈંડિયા કંપની સને ૧૬૦૪ માં સ્થાપી. બીજી ૧૬૧૧ માં, ત્રીજી ૧૬૧૫ માં, ચોથી ( શિશલીની ) ૧૬૪૨ માં અને પાંચમી ( કોલ્બર્કની ) સને ૧૬૬૪ માં સ્થાપી. ફ્રેંચ ઈસ્ટ અને વેસ્ટ ઈંડિયા સેનીગાલ, અને ચાઇના કંપનીઓને જોડી દઈને છઠ્ઠી કંપની સને ૧૭૧૯ માં સ્થાપી હતી અને તેનું નામ ' ઈંડીસની કંપની ' પાડ્યું હતું. બીજીઓને બાતલ કરી એ કંપનીનેજ આપેલા હક્કોનો ભોગવટો રાજાના હુકમથી સને ૧૭૬૯ માં અટકાવ્યો હતો; અને એ કંપનીનો આખરે સને ૧૭૯૦ માં નૅશનલ ઍસેંબલીએ નાશ કર્યો. ડેન લોકની પહેલી ઈસ્ટ ઈંડિયા કંપની સને ૧૬૧૨ માં અને બીજી ૧૬૭૦ માં ઊભી થઈ. ડેન લોકે ટાન્કવીબાર અને સેરામપુરનાં સંસ્થાનો સને ૧૬૧૬ માં સ્થાપ્યાં હતાં, અને તે ડેન્માર્ક કનેથી અંગ્રેજે સને ૧૮૪૫ માં વેચાતાં લીધાં હતાં. હિંદની ભૂમિમાં ડેન લોકનાં બીજા સંસ્થાનો પોર્ટો નોવો, અને મલબાર કાંઠે ઈડાવા અને હોલ્ચરી હતાં. સને ૧૬૯૫ માં સ્કૉટ લોકે જે કંપની ઊભી કરી હતી તેને ઉત્પન્ન થયા પહેલાં મરી ગયેલી ગણી શકાય. ' ફિલિપ્પૈન દ્વીપોની બાદશાહી કંપની' ને સને ૧૭૩૩ માં સ્પેનના રાજાએ સનદી મંડળી કરી હતી તેને હિંદ ભૂમિ જોડે થોડોજ વહેવાર હતો. એ કંપનીથી ' આસ્ટેંડ કંપની ' વધારે અગત્યની હતી. પણ તે થોડી મુદત રહી. એ કંપનીને આસ્ટ્રિઆના શાહેનશાહ ૬ ઠ્ઠા ચાર્લ્સે સને ૧૭૨૩ માં સનદી મંડળી બનાવી. એ કંપનીના આડતિયા મુખ્યત્વે વલંદા અને અંગ્રેજી કંપનીઓની નોકરીમાં રહેલા શખ્સો હતા. પણ યૂરોપના ભારે દરિયાઈ લશ્કરવાળા દેશો સામા થયા તેથી વીયેનાના દરબારને સને૧૭૨૭માં એ કંપનીની સનદનો અમલ સાત વરસ લગી બંધ રાખવાની જરૂર પડી. જોખમ ભરેલી હયાતી ભોગવ્યા કેડે આસ્ટેંડ કંપનીએ સને ૧૭૮૪ માં દેવાળું કહાડ્યું. પૂર્વ હિંદના વધતા જતા વેપારમાં ભાગ લેવાને આસ્ટ્રિઆની સરકારે મરજી જણાવ્યાથી એ કંપની એટલી મુદત ટકી રહી. હિંદ જોડે દરિયાઈ વેપાર કરનારી યૂરોપની છેલ્લી પ્રજા સ્વીડન અને પ્રશિઆના લોક હતા. આસ્ટેંડ કંપનીનું કામકાજ થોડી મુદત લગી બંધ પાડ્યું ત્યારે તેના કેટલાક નોકરો રોજગારી ખોઈ બેઠા. સ્ટોકહોમના રહીશ હેન્રિ કોનિંગે

પૂર્વના દેશો વિષેની તેમની માહિતીનો લાભ લઈ સને ૧૭૩૧ ના જૂન માસની ૧૩ મી તારીએ 'સ્વીડનની કંપની' ને માટે સનદ મેળવી તો પણ તેનાં કૃત્યો અગત્યનાં નહોતાં. પ્રશિઆના મહાન ફ્રેડરિક રાજાએ પૂર્વના દેશો જોડે વેપાર કરતી બે પ્રશિયન કંપનીઓને સને ૧૭૫૦ અને સને ૧૭૫૩ માં મદદ કરી, પણ એ કંપનીઓ થોડો વખતજ રહી.

**જેઓ સૌથી વધારે લાયક હતા તે ટકી રહ્યા.**—એમ ઘણીક યૂરોપી પ્રજાઓ હિંદના વેપારના લાભને માટે ચારસેં વરસ લગી જોરથી લડી; હિંદી મહારાજ્ય મેળવવાની આશાએ યૂરોપના કેટલાક મોટામાં મોટા રાજાઓ લોભાયા હતા. હરીફાઈ કરનારી સઘળી કંપનીઓ હાર ખાઈ ઈંગ્લિશ ઈસ્ટ ઈંડિયા કંપની માત્ર ટકી રહી. રાજાઓના માથાપરથી મુગટો ખુંચવી લેવાય એવો બીજો પેરૂ દેશ કે લોકોને લૂટવાને તથા વટાળવાને બીજી નવી દુનિયા ન હોય એમ હિંદ પોર્ટુગીઝ અને સ્પાનિઅર્ડ લોકોને લાગ્યો. વલંદા લોકોને તે મોટું બજાર થઈ પડયું. પણ તેમાં જૂદા જૂદા માણસને સાહસ કરવાની જગ્યા મળી નહિ, કારણકે હિંદના વેપારનો ઇજારો બહુ સખ્તાઈથી સાચવવામાં આવતો હતો. જે લાભકારી કાવતરૂં કરવાથી પ્રસિદ્ધ માન મળે પણ તે માન આખરે તે મેળવનારને નાશકારક થાય તથા પ્રજાને ફળદાયક થાય નહિ તે કાવતરૂં કરવાની નાટકશાળા હિંદ છે, એવું ફ્રેંચ લોકોને લાગ્યું. અંગ્રેજી કંપનીએ જે રીત પકડી હતી, તે ઓછી ડોળદાર પણ વધારે પાકા પાયા પર હતી. જોખમ ભરેલા ખાનગી સાહસમાંથી દ્રવ્યનો લાભ થાય એવું કરવાને જેમ કરડી રીતે મનોવૃત્તિને કાબુમાં રાખવી જોઇએ તેમ કંપનીના માણસોએ જુવાનોમાં રાખી હતી. જીત મેળવવાની હરકોઈ તદબીરમાં પડ્યા પહેલાં તેમણે હિંદ વિષે પુષ્કળ જ્ઞાન મેળવ્યું. છેવટે મુગલ પાદશાહત પડી ભાગ્યાથી હિંદમાંથી હારીને નાશી જવું કે હિંદ ઉપર રાજ્ય કરવું એ બેમાંનો એક રસ્તો પસંદ કરવાની જરૂર પડી ત્યારે તેઓએ પોતાના મનનો દૃઢ નિશ્ચય કર્યો. કોઈ પણ પ્રકારના દુઃખ અથવા આફતથી તેમનો નિશ્ચય ક્ષણવાર પણ ડગ્યો નહિ; તેમ હરકોઈ જોખમના સમયમાં અંગ્રેજી પ્રજા કંપનીને સહાય થવામાં કદી ચૂકી નહિ.

---

# प्रकरण १३ मुं.

## હિંદમાં બ્રિટિશ રાજ્યની સ્થાપના, ૧૭૪૯-૧૮૦૫.

આ ઈતિહાસની મતલબ હિંદી લોકનો મુખ્તેસર હેવાલ આપવાની છે. એ લોકને અંગ્રેજી અમલથી જે જે લાભ થયા છે તે નવમા અને દશમા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે મુસલમાન પાદશાહોના અમલમાંના હિંદનો હાલના હિંદ જોડે મુકાબલો કરવાથી મનમાં બરાબર ઊતરી શકે. એવો મુકાબલો કરવાનું કામ આ પુસ્તકનું નથી માટે બનાવોનો ટુંકો હેવાલ અહિં બસ થવો જોઇએ.

**કાળના અનુક્રમ પ્રમાણે નોંધ. કલાઈવથી માર્ક્વિસ ઑવ લાન્સડાઉન સુધી.**

**ઈસ્ટ ઇંડિયા કંપનીના હાથ નીચે થયેલા હિંદના ગવર્નરો અને ગવર્નર-જનરલો, ૧૭૫૮-૧૮૫૮.**

ગવર્નરો.

૧૭૫૮ કર્નલ (પાછળથી લૉર્ડ) કલાઈવ.

૧૭૬૦ જ. ઝ. હોલ્વેલ (કામ ચલાઉ).

૧૭૬૦ હ. વાન્સિટાર્ટ.

૧૭૬૪ જૉન સ્પેન્સર (કામ ચલાઉ).

૧૭૬૫ લૉર્ડ કલાઈવ (બીજી વાર).

૧૭૬૭ હેરી વેરેલ્સ્ટ.

૧૭૬૯ જૉન કાર્ટીઅર.

૧૭૭૨ વૉરન હેસ્ટિંગ્સ.

ગવર્નર જનરલો.

૧૭૭૪ વૉરન હેસ્ટિંગ્સ.

૧૭૮૫ સર જૉન મેક્ફર્સન બૅરોનેટ (કામ ચલાઉ).

૧૭૮૬ અર્લ (પાછળથી માર્ક્વેસ) કૉર્નવૉલિસ.

૧૭૯૩ સર જૉન શોર બૅરોનેટ (લૉર્ડ ટેનમથ).

૧૭૯૮ સર આલ્યુર્ડ કલાર્ક (કામ ચલાઉ).

૧૭૯૮ અર્લ ઑવ્ મૉર્નિંગ્ટન (માર્ક્વેસ વેલ્લેસ્લી).

૧૮૦૫ માર્ક્વેસ કૉર્ન્વૉલિસ (બીજી વાર).

૧૮૦૫ સર જ્યૉર્જ બાર્લો બૅરોનેટ (કામ ચલાઉ).

૧૮૦૭ લૉર્ડ (પાછળથી અર્લ ઑવ્) મિંટો.

૧૮૧૩ અર્લ ઑવ્ મોયિરા (માર્ક્વેસ ઑવ્ હેસ્ટિંગ્સ).

૧૮૨૩ જૉન આડમ (કામ ચલાઉ).

૧૮૨૩ લૉર્ડ (પાછળથી અર્લ) આમ્હર્સ્ટ.

૧૮૨૮ લૉર્ડ વિલિયમ કૅવેંડિશ બેંટિક.

૧૮૩૫ સર ચાર્લ્સ મેટ્કાફ, પાછળથી લૉર્ડ મેટ્કાફ (કામ ચલાઉ).
૧૮૩૬ લૉર્ડ (પાછળથી અર્લ ઑવ્) ઑકલાંડ.
૧૮૪૨ લૉર્ડ (પાછળથી અર્લ ઑવ્) એલનબરો.
૧૮૪૪ સર હેન્રી (પાછળથી વાઈકાઉંટ) હાર્ડીંગ.
૧૮૪૮ અર્લ (પાછળથી માર્ક્વેસ) ઑવ્ ડેલહૌસી.
૧૮૫૬ વાઈકાઉંટ (પાછળથી અર્લ) કેનિંગ.

**બાદશાહતને તાબે હિંદ થયા પછીના વૉઈસરૉયો.**
**૧૮૫૮-૧૮૯૨.**

૧૮૫૮ અર્લ કેનિંગ.
૧૮૬૨ અર્લ ઑવ્ એલ્જીન.
૧૮૬૩ સર રૉબર્ટ નેપીયર (પછીથી લૉર્ડ નેપીયર ઑવ્ મગ્દલા) [કામ ચલાઉ].
૧૮૬૩ સર વિલિયમ ડેનિસન (કામ ચલાઉ).
૧૮૬૪ સર જૉન લૉરેન્સ બૅરોનેટ (લાર્ડ લૉરેન્સ).
૧૮૬૯ અર્લ ઑવ્ મેઓ.
૧૮૭૨ સર જૉન સ્ટ્રૅચી (કામ ચલાઉ.)
૧૮૭૨ લૉર્ડ નેપીઅર ઑવ્ મર્કિસ્ટાઉન (કામ ચલાઉ).
૧૮૭૨ લૉર્ડ (પાછળથી અર્લ ઑવ્) નૉર્થબ્રુક.
૧૮૭૬ લૉર્ડ (પાછળથી અર્લ ઑવ્) લિટન.
૧૮૮૦ માર્ક્વેસ ઑવ્ રીપન.
૧૮૮૪ અર્લ ઑવ્ ડફરિન (પાછળથી માર્ક્વેસ ઑવ ડફરિન અને આવા.)
૧૮૮૮ માર્ક્વેસ ઑવ્ લાન્સ્ડાઉન.

**દક્ષિણમાં ફ્રેંચ અને અંગ્રેજ.**—હિંદમાં અંગ્રેજના રાજકીય ઈતિહાસનો આરંભ કર્નાટકમાં ૧૮ મા સૈકામાં થયેલા ફ્રેંચ યુદ્ધથી થાય છે. મદ્રાસ ઇલાકામાં અર્કાટમાં કલાઇવના ભાગ્યનો ઉદય થયો; અને હિંદમાં બાદશાહત સ્થાપવાની ફ્રેંચની આશા વૉન્દેવૉશના રણમાં ભંગ થઈ. પાછળ કહી ગયા છીએ તેમ ભરતખંડમાં અંગ્રેજને કબજે પહેલી ભૂમિ આવી તે સેંટ જ્યૉર્જ ગઢ કે મદ્રાસ હતું. ૧૬૩૯ માં ફ્રાન્સીસ ડે નામે અંગ્રેજે તે બંધાવ્યું. એજ કારોમાંડળ કાંઠા આગળની ૧૦૦ મૈલપર ૧૬૭૪ માં ફ્રેંચનું પૉંદિચરી થાણું સ્થાપવામાં આવ્યું, અને ઘણાં વરસ સુધી હરિફાઇ કે મૂલક મેળવવાનો લોભ કર્યા વિના અંગ્રેજે અને ફ્રેંચે જોડાજોડ રહી વેપાર કર્યો.

**૧૭૦૭ પછી દક્ષિણ હિંદ.**—૧૭૦૭ માં ઔરંગજેબનું મરણ થયું ત્યારથી દક્ષિણ હિંદ ધીમે ધીમે દિલ્હીથી સ્વતંત્ર થયો. ખુદ દક્ષિણમાં

નિજામ-ઉલ-મુલ્કે વંશપરંપરા રાજગાદી સ્થાપી, હૈદરાબાદને પાટનગર બનાવ્યું, અને તે વંશ આખા દક્ષિણ ઉપર નામનો અધિકાર ચલાવતો. મધ્ય દેશ અને પૂર્વ સમુદ્રની વચ્ચેની કર્ણાટકની નીચી ભૂમિમાં આર્કટનો નવાબ નિજામના નાયબ તરીકે અમલ કરતો અને તે પણ વંશપરંપરા રાજ્ય કરવાનો દાવો રાખતો. વધારે દક્ષિણે ત્રિચિનોપોલી કોઈ હિંદુ રાજાની રાજધાની હતી. બીજું હિંદુ રાજ્ય તાંજોરમાં હતું ને ત્યાં અધમ સ્થિતિમાં આવી ગયેલો મરાઠા સરદાર શિવાજીના વંશનો રાજા રાજ્ય કરતો હતો. અંદરના ભાગમાં મ્હેસૂરની સત્તા ધીમે ધીમે વધતી ગઈ અને તે ત્રીજું હિંદુ રાજ્ય થતું હતું. સઘળે ઠેકાણે પાલેગાર કે નાયક કહેવાતા સ્થાનિક સરદારો કિલ્લા કે ડુંગરી ગઢનો અર્ધો સ્વતંત્ર કબજો ધરાવનારા હતા. તેઓ જૂના વિજયનગરના રાજ્યના લશ્કરી જમીદારોના કુળના હતા, અને ૧૫૬૫ માં તે રાજ્ય પડ્યું ત્યારથી તેઓમાંનાં ઘણાંકે નિયમ વગર મરજી મુજબ ખંડણી આપી વહીવટમાં સ્વતંત્રતા જાળવી રાખી હતી.

**અંગ્રેજનું કર્ણાટકમાં ૧લું યુદ્ધ.**—૧૭૪૬-૧૭૪૮. યૂરોપમાં ૧૭૪૩ માં અંગ્રેજ અને ફ્રેંચની વચ્ચે યુદ્ધ ચાલ્યું ત્યારે દક્ષિણ હિંદની એવી હાલત હતી. તે વખતે પોંડિચરીનો ગવર્નર ડયુપ્લે હતો અને તરુણ ક્લાઈવ મદ્રાસમાં એક કારકુન હતો. અંગ્રેજનું એક દરિયાઇ લશ્કર પહેલાં કોરોમાંદલ કાંઠે આવ્યું. પણ ડયુપ્લેએ ડહાપણથી આર્કટના નવાબને નજરાણું દઈ તેને લલચાવ્યો કે તમારે વચમાં પડી ઝગડો કરવાની મના કરવી. ૧૭૪૬ માં એક ફ્રેંચ આરમાર લા બુર્ડોનેની સરદારી નીચે આવી. લગભગ એકે હાથ દેખાડ્યા વિના મદ્રાસ તેને તાબે થયું; અને સેંટ ડેવિડ ગઢ (ફોર્ટ સેંટ ડેવિડ) નામે અંગ્રેજનું થાણું પોંડિચરીની દક્ષિણે કેટલાક મૈલપર હતું તે માત્ર તેમની કને રહ્યું. ક્લાઈવ અને બીજા કેટલાક ત્યાં નાશી ગયા. પોતાની નિષ્પક્ષપાત રીતિને વળગી રહી ફ્રેંચને હાંકી કાઢવાને દશ હજાર ફોજ સાથે કર્ણાટકનો નવાબ તેમના ઉપર ચડયો, પણ હાર્યો. ૧૭૪૮ માં એડ્‌મિરલ બોસ્કાવેનની સરદારી નીચે એક અંગ્રેજી દરિયાઈ લશ્કરે આવી પોંડિચરીને ઘેરો ઘાલવાની કોશિશ કરી, અને મેજર

લૉરેન્સના હાથતળે જમીનનાં લશ્કરે તેને મદદ કરી. બધા હુમલા ફ્રેંચે હાંકી કાઢયા; પણ એજ વરસમાં એકસ-લા-શાપેલના કોલ-કરારથી અંગ્રેજને મદ્રાસ શહેર પાછું મળ્યું.

**ડયુપ્લે.**—ફ્રેંચ જોડેનું આ પહેલું યુદ્ધ યૂરોપમાં વધારે મોટો ઝગડો ચાલતો હતો તેને લગતો એક બનાવ હતો. બીજું યુદ્ધ હિંદના રાજ્યને લગતા બનાવ પરથી ઊભું થયું તે સમયે ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે સલાહ હતી. ફ્રેંચ લશ્કરને સહેલથી ફતેહ મળી તેણે કરીને ડયુપ્લેના મનમાં મુસલમાની રાજ્યોની છાયા તળે ફ્રેંચ બાદશાહત સ્થાપવાનો લોભ પેદા થયો. હૈદરાબાદમાં અને આર્કટમાં રાજ્યગાદીના દાવાના કજિયાથી તેને પોતાની ધારણા પાર પાડવાની જોગવાઈ મળી. તેણે બન્ને તખ્તોપર પોતે નીમેલા દાવાદારને બેસાડયા અને પોતે થોડા વખત લગી આખા દક્ષિણનો પંચ બની રહ્યો. સાહસિક ધારણા કરવામાં અને એશિયાઈ લોકમાં રાજ્યયુક્તિ ચલાવવાની કળામાં ડયુપ્લેની બરોબરી કરે તેવો કોઈ નહિ હશે, પણ યુદ્ધમાં તે કુશળ ન હતો અને રણમાં તેને ‘ સ્વાભાવિક મહાબુદ્ધિવાળા ’ ક્લાઈવ જોડે બાથ ભીડવાની હતી. પોતાના બચાવની પ્રેરણાબુદ્ધિથી મદ્રાસના અંગ્રેજોને આર્કટની ગાદીને માટે ડયુપ્લેએ ઠરાવેલા નવાબની સામે થનાર ઉમેદવારનો પક્ષ કરવાનું સૂઝયું. આ ઉમેદવાર મુહમ્મદઅલ્લી હતો. પછીથી ઇતિહાસમાં તે વાલાજાહ નામે ઓળખાયો.

**ક્લાઈવ.**—દક્ષિણ હિંદમાં ફ્રેંચ અને અંગ્રેજ વચ્ચે યુદ્ધ થયું તેનું બયાન ઓર્મેએ પૂરેપૂરૂં કર્યું છે. ૧૭૫૧ માં ક્લાઇવે આર્કટ શહેર લીધું અને પછી તેનો બચાવ કર્યો, તે બનાવ એ ઝગડામાં આપણું ધ્યાન ખેંચે એવો છે. પ્લસીની લડાઈ કરતાં પણ એ બહાદુર પરાક્રમથી અંગ્રેજના શૂરાતનની કીર્ત્તિ હિંદમાં વધારે ફેલાઈ. થોડા વખત પછી ક્લાઈવ તબિયત બગડવાથી ઇંગ્લાંડ પાછો ગયો, પણ યુદ્ધ રહી રહીને ઘણાં વરસ લગી ચાલ્યાં કર્યું. એકંદર તો કર્ણાટકમાં એટલે મદ્રાસકાંઠે અંગ્રેજની સત્તા પ્રબળ થઈ, અને તેમનો ઉમેદવાર મુહમ્મદઅલ્લી આર્કટમાં પોતાનો

મોભો જાળવી રાકયો. પણ દક્ષિણના અંદરના ભાગમાં ફ્રેંચ સર્વોપરિ હતા અને ઉત્તર સિરકાર નામે દરિયા કિનારાના પ્રદેશનો કબજો પણ તેઓ કરી રાકયા.

**વૉંડિવૉશનો સંગ્રામ, ૧૭૬૦.**—છેલ્લો જંગ ૧૭૬૦ સુધી થયો નહિ. તે સાલમાં ફ્રેન્ચ સેનાપતિ લાલીને વૉંડિવૉશ ના યુદ્ધમાં કર્નલ (પછીથી સર આયર) કુટે સજડ હરાવ્યો. એ જય મેળવ્યા પછી તેણે પૉંડિચરીને ઘેરો ઘાલ્યો. ખાવાનું ખૂટવાથી તે શહેર ૧૭૬૧ના જાનેવારી મહિનામાં તાબે થયું. થોડા માસ પછી જીંજીનો ડુંગરી ગઢ પણ તેને તાબે થયો. ઇતિહાસકર્તા ઓર્મના બોલમાં કહીએ તો કોરોમાંડલ કાંઠાપર બે યુરોપી હરીફ રાજ્યો વચ્ચેના લાંબા ઝગડાનો અંત તે દહાડે આવ્યો અને ફ્રેંચ સરકારે પોતાનો માનેલો એવો એકે વાટો હિંદના કોઈ ભાગમાં ઊડતો રહ્યો નહિ.

**બંગાળાના દેશી હાકેમ, ૧૭૦૭—૧૭૫૬.**—એ દર્મિયાન કલાઇવ બંગાળે ગયો તેથી બંગાળા અંગ્રેજ લોકોના વિજયના ઇતિહાસનું ઠેકાણું થાયછે. ઔરંગજેબના મરણને વખતે ૧૭૦૭ માં બંગાળાનો નવાબ કે ગવર્નર મુર્શીદ કુલીખાન હતો. યુરોપી ઇતિહાસમાં જાફરખાન નામથી પણ તે ઓળખાયોછે. જાતે કે જન્મથી તે બ્રાહ્મણ હતો અને તેને ઇરાનમાં ગુલામ તરીકે ઉછેરવામાં આવ્યો હતો, તેથી તેનામાં હિંદુની રાજ્ય કારભાર કરવાની બુદ્ધિ અને પોતાનો ધર્મ તજી બીજી પ્રજાનો ધર્મ માનવાનું ધર્માંધપણું એ બેઉ ભેગાં મળ્યાં હતાં. અત્યાર લગી રાજ્યને પૂર્વ સીમાડે ઢાકામાં બંગાલાની રાજધાની હતી. પોર્ટુગીઝ અને આરાકાનીઝ કે માઘ ચાંચીઆઓના હુમલાને વધારેમાં વધારે સહેલાઈથી અટકાવ કરવાનું એ ઠેકાણેથી બની શકે તેવું હતું. એ સમયે ગંગાના વેપારનું બંદર કાસીમબજાર હતું. તેની છેક પાસે આવેલા મુર્શીદાબાદમાં મુર્શીદકુલીખાને પોતાનું રહેઠાણ કર્યું. અંગ્રેજ, ફ્રેંચ અને વલંદા એ દરેકની કોઠીઓ કાસીમ બજારમાં, તેમજ ઢાકા, પટણા અને માલ્દા શહેરોમાં હતી. પણ અંગ્રેજનું મથક કલકત્તામાં, ફ્રેન્ચનું ચંદ્રનગરમાં અને વલંદાનું ચિન્સુરામાં હતું. હુગલી નદીના નીચલા ભાગમાં દરિયે ફરનારાં વહાણ આવી શકેછે, ત્યાં

એક એકની નજીક એ ત્રણે શહેરો છે. મુર્શીદ કુલીખાને સુખશાંતિથી બંગાળામાં એકવીસ વરસ રાજ્ય કર્યું. અને મરતીવેળા પોતાની સત્તાનો વારસો જમાઈ અને પૌત્રને આપ્યો. વંશપરંપરા ચાલતી ગાદીનો નિયમ ૧૭૪૦ માં અલીવર્દીખાન નામે રાજ્ય પચાવી પડનારે તોડયો. બંગાલાના મોટા નવાબોમાં એ છેલ્લો હતો. એના વખતમાં મરાઠી સવારો દેશ લૂટવા લાગ્યા અને સને ૧૭૪૨ માં કલકત્તાવાસીઓને તેમના શહેરની આસપાસ ખાઈ બનાવવાની રજા મળી. એ આજે પણ 'મરાઠાની ખાઈ' એવે નામે ઓળખાય છે.

**કલકત્તાનું બંદીખાનું ( બ્લૅક હૉલ ).**—અલીવર્દીખાન ૧૭૫૬ માં મરી ગયો અને તેની ગાદીએ તેનો પૌત્ર સિરાજઉદ-દૌલા (સુરાજા-દૌલા ) બેઠો. આ અરાઢ વરસનો જુવાન નવાબ થયો ત્યાર પછી બે માસમાં તેને હાથ ન રહે એવા તેના મિજાજને લીધે અંગ્રેજ જોડે અણબનાવ થયો. તેના ગુસ્સાના પરિણામથી બચવાને તેના કુટુંબનો કોઈ માણસ કલકત્તે નાશી ગયો હતો તેની પાછળ મોટી ફોજ લેઈ તે ત્યાં ગયો. અંગ્રેજોમાંના ઘણા પોતાના વહાણો નદીમાં હતાં તેમાં જતા રહ્યા અને બાકી રહ્યા તેઓ કાંઈક સામે થયા પછી તાબે થયા. ફોર્ટ વિલ્લિયમ ( વિલિયમગઢ)નું લશ્કરી બંદીખાનું (બ્લૅક હૉલ) અંધારી કોટડી હતું, તેમાં તેઓને તે રાત્રે ઘોંચી ઘાલ્યા. એ કોટડી શુમારે ૧૮ ચોરસ ફુટ હતી અને તેને લોઢાના ગજીઆ જડેલાં માત્ર બે નાના જાળિયાં હતાં. કિલ્લાના લશ્કરનું તે સાધારણ કેદખાનું હતું. એ સમયે લશ્કરી ગુન્હેગારોને ક્રૂર સજા કરવામાં આવતી તેથી એ જેલ એવી હતી. એમાં પૂરવાથી શું પરિણામ થશે તે નવાબના જાણવામાં હોય એવું દીસતું નથી, તો પણ જૂન મહિનાના ગુંગળાવે એવા તાપના વખતમાં એમાં ગોંધેલા સાહેબો અને મડમો મરી ગયાં. બીજે દહાડે સવારે કેદખાનાનું બારણું ઉઘાડયું ત્યારે ૧૪૬ માંનાં માત્ર ૨૩ જીવતા નીકળ્યાં.

**કલાઈવ અને વૉટ્સન.**—આ આફતના સમાચાર મદ્રાસ પ-હોચ્યા તે વેળા સારે નસીબે ત્યાં કલાઈવ પાછો આવ્યો હતો, અને

ઇંગ્લાંડના રાજાના લશ્કરી વહાણોની એક ટુકડી પણ એડ્મિરલ વૉટસનના હાથ નીચે હાજર હતી. મળી શકે એટલી ફોજ જોડે લેઈ કુલાઇવ અને વૉટ્સન ઝટપટ ગંગા નદીના મુખ ભણી હંકારી ગયા. કુલકત્તા પાછું લેવાને થોડુંજ લડવું પડ્યું અને કંપનીને બધા હક પાછા મળે તથા નુકસાનનો પુષ્કળ બદલો મળે એવા કરારથી નવાબે સલાહ કરી.

**પ્લાસીનું યુદ્ધ, १७५७.**—લડાઈ જાગવાનું નવું કારણ એકાએક ઉત્પન્ન થયું ન હોત તો એ વાત એટલેથી અટકવાનો સંભવ હતો. એજ વખતે યૂરોપમાં અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે ઝગડો થયો અને કુર્ણાટકમાં ચાલેલા યુદ્ધની સાંભળેલી વાતો પ્રમાણે વર્તી ક્લાઇવે હુગલીને તીરે ફ્રેન્ચનું થાણું ચંદ્રનગર હતું તે કબજે કર્યું. પોતાના મુલકમાં અલગ રહેવાનો નિયમ તોડવાને માટે ગુસ્સે થઈ નવાબ ફ્રેંચની તરફેણમાં ઉતર્યો, પણ ડયુપ્લેથી શીખેલી યુક્તિ પ્રમાણે વર્તી કુલાઈવે ગાદીને સારૂ સામો ઉમેદવાર ઊભો કર્યો. એનું નામ **મીરજાફર** હતું. કુલકત્તાની ઉત્તરે ७० મૈલપર પ્લાસીનું વન છે ત્યાં १००० યૂરોપી અને २००० દેશી સિપાઈઓ તથા તોપો જોડે લઈ કુલાઇવ નિર્ભયપણે ગયો. બંગાળાના નવાબની કને ३५,००० પાયદલ, १५,००० ઘોડે સવાર અને ५० તોપો હતી. પોતાની યુદ્ધસભાના મતની સામે થઈ કુલાઇવે સંગ્રામ કર્યો એમ કહેવાય છે. પણ ખરી વાત એ છે કે યુદ્ધ કર્યા વિના ભાગ્યે ચાલે તેવું હતું. સવારે છ કલાકે નવાબે પોતાની તમામ તોપો તેના ઉપર ચલાવી, પણ કુલાઇવે પોતાના માણસોને એથી ઠીક રાખ્યા; 'મોટાં ઝાડોની ઘટા વાળી જગા અને તેની આસપાસ માટીના કરાડા એવે ઠેકાણે તેઓને રાખ્યા હતા.' બપોરે જમવાને દુશ્મન પોતાની મોરચાબંધ છાવણીમાં ગયા. કુલાઇવિને માત્ર એટલી આશા હતી કે 'રાત્રે હુમલો કરવાથી ફતેહ મળશે.' એ દર્મિયાન સો વસા શત્રુ લૂગડાં ઉતારી રાંધવાના કામમાં લાગેલા તેવામાં તેમની એક આગળ વધેલી ટુકડીએ તેને હેરાન કર્યો હતો તે ઉપર કુલાઇવ ધસ્યો અને 'તેમની છાવણીના એક ખૂણાપર' છાપો માર્યો. નવાબના અમલદારોમાંના કેટલાક પડ્યા અને અણધાર્યો ગભરાટ જોઈ નવાબ

પેડે નાહિંમત થઈ ઉંટ ચડી નાઠો, તેનું આખું લશ્કર બિનકારણ એકાએક હબકી જઈ નાઠું, અને પોતે મોટી જીત મેળવી એવું કુલાઈવને માલૂમ પડયું. મીરજાફરના ઘોડે સવારો લડાઈ ચાલતી હતી ત્યારે ઢચુપચુ રહ્યા હતા અને તેમને દૂર રાખવાને તેમના ઉપર કુલાઇવે ગોળીઓ મરાવી હતી; તેઓ અંગ્રેજની છાવણીમાં સામિલ થયા અને નવાબની રાજધાની મુર્શીદાબાદનો રસ્તો ખુલ્લો થયો.

**મીરજાફર, ૧૭૫૭.**—પ્લાસીની લડાઈ ૧૭૫૭ ના જૂન માસની ૨૩ મી તારીખે થઈ. ૧૮૫૭ નો બળવો પૂર જોરપર હતો ત્યારે આ વરસે વરસે આવતો દિવસ સંભારવામાં આવ્યો હતો. હિંદમાં બ્રિટિશ બાદશાહતનો આરંભ એ તારીખે થયો એવું ઇતિહાસમાં મનાયું છે. પણ આ ફતેહનાં પરિણામ મુકાબલે નાનાં હતાં, અને કેટલાંક વરસ સખ્ત લડાઈઓ લડયા પછીજ બંગાળીઓએ પણ અંગ્રેજ ફોજની સરસાઈ માની, તોપણ તરત તો કોઈ સામું થયું નહિ. ડયુપ્લેની રીત મુજબ વર્તી કુલાઇવે પોતાના નીમેલા મીરજાફરને મુર્શીદાબાદમાં નવાબની ગાદીએ બેસાડયો, અને તેની મંજૂરીનું ફરમાન મુગલ દરબારથી મેળવ્યું. એ મોટી પદવીએ ચડાવ્યાને પેટે મીરજાફર પાસેથી ઘણી મોટી રકમો પડાવી. કંપનીએ પોતાના નુકસાનને બદલે એક કરોડ રૂપિઆ માગ્યા. કુલકત્તામાં વસનારા અંગ્રેજોને સારૂ પચાસ લાખ, હિંદુઓને માટે વીસ લાખ, અને આર્મિનિયનોને વાસ્તે દશ લાખ રૂપીઆ માગ્યા, પચીસ લાખ દરિયાઈ લશ્કરને અને પચીસ લાખ જમીનનાં લશ્કરને માટે માગ્યા. કૌન્સિલના મેમ્બરોને મળ્યા તેની વિગતઃ- ડ્રેક ગવર્નર હતો તેને બે લાખ એંશી હજાર, અને કર્નલ કુલાઇવને પણ એટલીજ રકમ; બેકર, વૉટ્સ અને મેજર કિલ્પાટ્રિક એમાંના દરેકને બે લાખ ચાળીસ હજાર મળ્યા. કર્નલ કુલાઇવને વળી સેનાપતિ તરીકે બે લાખ રૂપિઆ અને ખાનગી 'નજરાણા' તરીકે સોળ લાખ રૂપિઆ મળ્યા. કૌન્સિલના બીજા મેમ્બરોને પણ વધારાનાં 'નજરાણા' મળ્યાં. વૉલ્સનને એવા નજરાણાના આઠ લાખ રૂપિઆ મળ્યા. કુલ ૨૬,૯૭,૭૫૦ પૌંડ અંગ્રેજ લોકોએ માગ્યા. હિંદની દોલત વિષે હજી અંગ્રેજોના મનમાં વિચિત્ર

ધારણા હતી, પણ તેમની બેશુમાર માગણીને પુરૂં પડે એટલું ધન ન હતું તેથી ઠરાવેલી રકમથી અર્ધી લેઈ તેમને સંતોષ માનવો પડયો. આ ઓછી કરેલી રકમના એક તૃતીયાંશને પેટે પણ દાગીના લેવા પડ્યા, કેમકે શિક્કો પાડેલું કે લગડી રૂપે સોનું રૂપું ખજાનામાં રહ્યું ન હતું.

**ચોવીસ પરગણાનું દાન, ૧૯૫૭.**—એજ વખતે કલકત્તાની આસપાસના વિશાળ પ્રદેશની જમીદારી નવાબે કંપનીને આપી. એ પ્રદેશ હાલ ચોવીસ પરગણાને નામે ઓળખાય છે. જમીનદારના હક્કને જમીદારી કહેછે. આ પ્રદેશનું ક્ષેત્રફળ ૮૮૨ ચોરસ મૈલ હતું. ૧૭૫૭ માં કંપનીને માત્ર જમીદારીના હક્ક મળ્યા એટલે ખેડુતો પાસેથી જમીનનું ગણોત ઉઘરાવવાનો હક્ક અને તેની જોડે લાગેલા વસુલાતના કાયદા અમલમાં લાવવાનો અધિકાર મળ્યો. ને તે એવી શરતે કે ઊઘરાવેલો જમીન વેરો, નવાબને, દિલ્હીના પાદશાહના પ્રતિનિધિ તરીકે ભરવો. પણ ૧૭૫૯ માં નવાબના નામના ધણીએ એટલે દિલ્હીના પાદશાહે એ જમીનવેરો ક્લાઇવને બક્ષિશ કર્યો. એમ ક્લાઇવ જે કંપનીનો નોકર હતો તેનો જમીનદાર ઉપરી બન્યો. આ લશ્કરી જાગીર કે જેનું નામ પાછળથી ક્લાઇવની જાગીર પડ્યું તે વિષે આગળ ઇંગ્લાંડમાં તપાસ ચાલી. કંપનીના ઉપરી કે સ્વામી તરીકે આ મિલ્કતપરના લૉર્ડ ક્લાઈવના દાવાપર ૧૭૬૪ માં વાંધો લેવામાં આવ્યો; અને જ્યારે તે બંગાળામાં પાછો આવ્યો ત્યારે ૧૭૬૫ માં નવી સનદ આપવામાં આવી, તેમાં વગર શરતે એ જાગીરપર દશ વર્ષ સુધી ક્લાઈવનો ભોગવટો બહાલ રાખ્યો, અને ત્યારપછી તે યાવત્ ચંદ્ર દિવાકરૌ કંપનીને મળે એવો ઠરાવ થયો. આ પટો ૧૭૬૫ ના આગસ્ટ મહિનાની ૧૨ મી તારીખે બાદશાહે મંજુર કર્યો તેથી લૉર્ડ ક્લાઇવને અસલ આપેલી જાગીરને પૂરી મજબુતી મળી. એ વડે કંપનીને અંતે ચોવીસ પરગણાં, જાગીર મિલ્કત પ્રમાણે હમેશ માટે મળ્યાં. ૧૭૫૭ માં એ પરગણાં પહેલાં કંપનીને આપવામાં આવ્યાં ત્યારે તેઓની જમાબંદી ૨,૨૨,૯૫૮ રૂપિઆ ઠરાવી હતી. ૧૭૬૫ થી એ રકમ લૉર્ડ ક્લાઇવને તેના મરણ ( ૧૭૭૪ ) સુધી મળી અને ત્યાર પછી કુલ માલિકી હક્ક કંપનીને હાથ ગયો.

**કલાઈવ બંગાળાનો પહેલો ગવર્નર, ૧૭૫૮.**—૧૭૫૮ માં ડિરેકટરોની કોર્ટે કલાઈવને બંગાળાના તમામ થાણાઓનો ૧ લો ગવર્નર નીમ્યો, કેમકે એ રાજ્યો તરફથી લડાઈની ધાસ્તી આપવામાં આવી હતી. વાયવ્યથી શાહજાદો જે આગળ શાહઆલમ બાદશાહ થયો તે અફગાન અને મરાઠાની ભેગી ફોજની મદદે બંગાળા પ્રાંતપર દાવો કરવા લાગ્યો અને તેને અયોધ્યાના નવાબ વજીરની મદદ હતી. દક્ષિણમાં લાલી અને બુસ્સીની સરદારી નીચે ફ્રેંચ લોક મદ્રાસના અંગ્રેજને ઝાંખા પાડતા હતા. બેઉ દિશામાં કલાઈવના નામના બળથી નીકાલ આવે એવી અસર થઈ. શાહજાદાએ પટણાને ઘેરો નાખ્યો હતો તેને ધન આપી મનાવવાનું મન મીરજાફરને હતું, પણ ૪૫૦ યુરોપી અને ૨,૫૦૦ દેશી સિપાઈઓ જોડે લેઈ કલાઈવ પંડે પટણાની મદદ ગયો એટલે મુગલ સેના લડયા વિના વિખરાઈ ગઈ. એજ વરસમાં કલાઈવે કર્નલ ફોર્ડની સરદારી નીચે એક ફોજ દક્ષિણ ભણી મોકલી તેણે ફ્રેંચ કનેથી મદ્રાસના કિનારાપર મછલીપટણ પાછું લીધું, અને ઉત્તર સિરકારમાં અને દક્ષિણ હિંદુસ્થાનમાં હૈદરાબાદના દરબારમાં જાથુ અંગ્રેજી સત્તા સ્થાપી. કલાઈવે પછી વલંદાપર હલ્લો કર્યો; અંગ્રેજની હરીફાઈ કરે એવું બીજું યૂરોપી રાજ્ય માત્ર તે હતું. જમીનપર અને દરિયામાં બેઉ ઠેકાણે વલંદા હાર્યા, અને ત્યારથી તેમનું થાણું ચિન્સુરામાં હતું તે અંગ્રેજે રહેવા દીધું તેથીજ રહ્યું.

**ગેર વહીવટ, ૧૭૬૦-૧૭૬૪.**—૧૭૬૦ થી ૧૭૬૫ લગી કલાઈવ ઈંગ્લાંડમાં હતો તેણે બંગાળાને માટે કોઈ રાજ્યરીતિ ઠરાવી ન હતી, પણ એટલી કહેણી માત્ર પાછળ મૂકી ગયો હતો કે અંગ્રેજના નામના ભયથી દેશીઓ પાસેથી અથાગ ધન પડાવી શકાય. મુર્શીદાબાદની ગાદીએ અંગ્રેજે બેસાડેલા નવાબ મીરજાફરને કાઢી તેને ઠેકાણે તેના જમાઈ મીરકાસમને ઠરાવવો એ ૧૭૬૧ માં યોગ્ય અને લાભકારી માલુમ પડયું. આ પ્રસંગે ખાનગી બક્ષિસો ઉપરાંત અંગ્રેજને બર્દવાન, મિદનાપુર અને ચિત્તગોંગ નામે ત્રણ મહાલ મળ્યા. એ મહાલોની ઊપજ ખર્ચ બાદ કરતાં, પચાસ લાખ રૂપિઆની ગણાઈ હતી.

**મીરકાસમનો બળવો, ૧૭૬૩.**—પણ આ નવા નીમેલા બંગા-

ળાના નવાબ મીરકાસમે તરતજ સ્વતંત્ર મન દેખાડ્યું, અને તેને આપ અખ્તિયારી થવાનાં સ્વપ્ન આવવા લાગ્યાં. મુર્શીદાબાદમાંથી નીકળી તે મોંઘિરમાં રહેવા ગયો. મોંઘિર ગંગાને કાંઠે મજબૂત સ્થળ હતું, અને વાયવ્ય તરફ જવાના માર્ગપર ત્યાંથી સત્તા ચલાવી શકાતી હતી. અહીં તેણે હથીઆર, કવાયત, વગેરે યૂરોપી ઘાટની ફોજ તૈયાર કરવા માંડી, અને અયોધ્યાના નવાબ વજીર જોડે કારસ્થાન ચલાવ્યું. અંગ્રેજ જોડે પોતાનું બળ અજમાવવાનો તેણે નિશ્ચય કર્યો અને તે કરવાનું તેને સારૂં બહાનું જડ્યું. કંપનીના નોકરોએ ખાનગી વેપારના માલને આખા બંગાળામાંના પોતાના તમામ જકાત અને નાકાંઓપર લેવાતા હાંસલની માફીનો હક્ક છે એવો દાવો કર્યો. એથી કરીને જે દેશી વેપારીઓ સાચું કે જૂઠું એમ કહેતા કે અમે કંપનીના નોકરોના માણસ છીએ તઓની અને નવાબના દાણ લેનારા અમલદારોની વચ્ચે ટંટા થયા. નવાબે કહાવ્યું કે મારો મુલ્કી અધિકાર કોઈ માનતું નથી. કલકત્તામાં કૌન્સિલના વધુ મતે એવો ઠરાવ થયો કે તેની ફર્યાદ સાંભળવી નહિ. ગવર્નર વૅન્સિટાર્ટ અને કૌન્સિલનો કનિષ્ઠ (જૂનિયર) મેમ્બર વૉરન હેસ્ટિંગ્સ એ બેએ કાંઈ તોડ કાઢી પતાવવાનો પ્રયત્ન કર્યો. પણ તકરાર એટલા જોરાપર ચડી હતી કે નિકાલ થઈ શકે નહિ. અંગ્રેજની એક હોડીપર નવાબના અમલદારોએ ગોળીઓ મારી અને લાગલુંજ આખા બંગાળામાં અંગ્રેજોની સામા બંડ ઊઠ્યું. પટણામાં અંગ્રેજના બે હજાર દેશી સિપાઈ માર્યા ગયા, અને ત્યાં તથા બંગાળા પ્રાંતના બીજા ભાગોમાં મળી આશરે ૨૦૦ અંગ્રેજો હતા તેમને મુસલમાનોએ પકડી કતલ કર્યા.

**બંગાળા ફરીને જીત્યું, ૧૭૬૪.**—પણ બરાબર નિયમ પ્રમાણે યુદ્ધ ચાલવા માંડ્યા, પછી મીરકાસમને ફતેહ મળી નહિ. એક લડાઈ ઘેરિયા આગળ અને બીજી ઉધુનાલા આગળ થઈ, તે બેઉમાં તેની કેળવાયલી પલટણોને મેજર આડમ્સે હરાવી. મીર પંડે અયોધ્યે જઈ નવાબ વજીરના રક્ષણમાં રહ્યો. તેને પકડી અંગ્રેજને આપવાની તે હાકેમે ના પાડી, ને તેથી યુદ્ધ લંબાયું. શાહઆલમ હમણાં તેના

બાપની પાછળ પાદશાહ થયો હતો, તેની અને અયોધ્યાના નવાબ વજીર સૂજા-ઉદ-દૌલાની ફોજો એકઠી થઈ અંગ્રેજે ફરી જીતી લીધેલા પટણા ઉપર ચડી. અંગ્રેજી છાવણીમાં એથી વધારે મોટું ભય દેખાયું. એ ભય સિપાઇઓનું પહેલ વહેલું બંડ હતું. એ બંડ મેજર (પછી સર) હેકટર મન્રોએ બેસાડી દીધું. મુગલાઈ રાજમાં સજા કરવાની એક તરેહની જૂની રીત પ્રમાણે બંડખોરોના ચોવીસ આગેવાનોને તેણે તોપને ગોળે ઊડાવી દીધા. ૧૭૬૪ માં બક્સારના યુદ્ધમાં મેજર મન્રોએ મોટું પરિણામ નીવડે એવી જીત મેળવી. એથી અયોધ્યાનું રાજ્ય અંગ્રેજના પગતળે આવ્યું, અને મુગલ બાદશાહ શાહઆલમ અરજદાર બની અંગ્રેજી છાવણીમાં આવ્યો.

**કલાઈવની બીજી વારની હકુમત, ૧૭૬૫—૧૭૬૭.**—બંગાળાનો જૂનો નવાબ મીરજાફર, જેને ગાદીપરથી ઊઠાડી મૂક્યો હતો, તેને એકાંતવાસમાંથી લાવી અંગ્રેજોએ પોતાની સામા થયલા મીરકાસમને બદલે પાછો નવાબ તરીકે નીમ્યો. બંગાળાનો નવો નવાબ બનાવવાની અને દરેક નવાબ રાજ્યાસનપર બેસે ત્યારે તેની પાસેથી નજરાણાં અને પુષ્કળ રોકડ રકમ મેળવવાની જે લાભકારી તક અંગ્રેજી કૌન્સિલના મેમ્બરો ચાહતા હતા તે તેમને આ રીતે બે વાર મળી. પણ ૧૭૬૫ માં બીજી વાર બંગાળાનો ગવર્નર બની કલાઈવ (હમણા આયર્લાંડની ઉમરાવ પદવીનો પ્લાસીનો બારન કલાઈવ) કલકત્તે આવ્યો. બે બીના પરથી તેની રાજરીતિ જણાઈ આવેછે. પ્રથમ તેણે ભૂપતિનું નામ ધારણ કર્યાવિના ભૂમિનું ખરેખરૂં ધણીપણું મુગલ પાદશાહની સનદને નામે મેળવવાને ઇચ્છયું. બીજું ગેર રીતે મળતો લાભ બંધ પાડી પ્રમાણિક ઉપજમાંથી વાજબી જોઇએ એટલો પગાર બાંધી આપી કંપનીના નોકરોના હાથ ચોખ્ખા કરવાને તેણે ચાહ્યું. એમાંની એકે બાબતમાં એની યોજનાઓ એની પછી તુરત થયેલા અધિકારીઓએ અમલમાં આણી નહિ. તોપણ જેમ પ્લાસીની લડાઈથી અંગ્રેજના લશ્કરી સર્વોપરિપણાનો આરંભ થયો, તેમ કલાઈવની બીજી વારની હકુમતના વખતથી હિંદમાં અંગ્રેજી રાજ્યની શરૂઆત થઈ.

**બંગાળાની દીવાની મળી, ૧૭૬૫.**—ક્લાઇવ કલકત્તેથી ઝટ અલ્લાહાબાદ ગયો, અને ત્યાં લગભગ ઉત્તર તરફના અર્ધ હિંદનું ભવિષ્ય પોતે જાતે ઠરાવ્યું. લડાઇના ખર્ચને પેટે પાંચ લાખ પોંડ લઇ અયોધ્યાનું રાજ્ય નવાબ વજીરને પાછું આપ્યું. અલ્લાહબાદ અને કોરા એ પ્રાંતો પાદશાહ આલમને દીધા. એ બે પ્રાંતોમાં દોઆબના વધારે મોટા ભાગનો સમાવેશ થાય છે. પાદશાહે પોતાની તરફથી કંપનીને બંગાળા, બિહાર અને ઓરિસ્સાની દીવાનીનો એટલે વસુલાત ખાતાનો કારભાર સોંપ્યો, અને ઉત્તર સિરકારની જમાબંદીનો અધિકાર આપ્યો. હજી મુર્શીદાબાદમાં ઢીંગલા જેવો નવાબ રહ્યો હતો, તેને દરસાલ ૬,૦૦,૦૦૦ પોંડ અંગ્રેજ તરફથી મળતા. એથી અર્ધી રકમ એટલે ૩,૦૦,૦૦૦ પોંડ બંગાલા, બિહાર અને ઓરિસ્સાની ખંડણી દાખલ પાદશાહને આપવામાં આવતા. એ પ્રમાણે દ્વિરાજ સત્તા પદ્ધતિ ચાલી. એ રીતિ પ્રમાણે અંગ્રેજે તમામ ઉપજ ઊઘરાવી લશ્કરનો ખર્ચ માથે રાખ્યો, અને ફોજદારી ગુનો કરનારને સજા કરવાનો અધિકાર નવાબને હાથ રહ્યો. હિંદની બોલીમાં કંપનીને દીવાન કહે અને નવાબને નિજામ કહે. વહીવટમાં ઉપજ વસૂલ કરનારા અમલદારો સાત વરસ (૧૭૬૫—૧૭૭૨) લગી દેશી હતા.

**નોકરો સંબંધી ક્લાઇવે કરેલી નવી વ્યવસ્થા, ૧૭૬૬.**—કંપનીના નોકરોની નવી વ્યવસ્થા કરી એ ક્લાઇવનું બીજું મોટું કામ હતું. એ સમયનો સામાન્ય બિગાડ મુલ્કી અને લશ્કરી તમામ અધિકારીઓને લાગેલો હતો. તેમનો કાયદેસર પગાર જુજ હોવાથી ગુજરાન ચલાવવાને બીલકુલ પૂરતો ન હતો. પણ ખાનગી વેપાર વડે અને દેશી રાજ્યો કનેથી બક્ષિસ લેઇ તેમાં ઉમેરો કરવાની તેમને રજા હતી. એ વધારો વખતે બાંધેલા મુસારાથી સોગણો થતો. મુલ્કી અધિકારીઓ સંપ કરી સામા થયા અને બસેં લશ્કરી અમલદારોએ ખરેખરો બળવો કર્યો તેમ છતાં ક્લાઇવે એ બાબતમાં પોતાનો સુધારો અમલમાં આણ્યો. ખાનગી વેપાર કરવાની અને નજરાણાં લેવાની મના કરી અને તેઓના પગારમાં વાજબી વધારો મીઠાના ઇજારામાંથી કરી આપ્યો.

**દ્વિસત્તાપદ્ધતિનો વહીવટ, ૧૭૬૭-૧૭૭૨.**—લૉર્ડ ક્લાઇવ ૧૭૬૭

માં ત્રીજીવાર હિંદ છોડી સ્વદેશ ગયો, અને પછી પાછો આવ્યો નહિ. એ સાલ અને ૧૭૭૨ માં વૉરન હેસ્ટિંગ્સ ગવર્નર નીમાયો, તેના વચગાળામાં ૧૭૭૦ના ભયંકર દુકાળ સિવાય બીજો અગત્યનો બનાવ બન્યો નહિ. એ દુકાળ વિષે અધિકારીઓના કરેલા લખાણમાં જણાયું છે કે એથી વસ્તીનો એક તૃતીયાંશ મરણ પામ્યો. કલાઇવે ૧૭૬૫ માં સ્થાપેલી દ્વિરાજસત્તાપદ્ધતિથી કામ બરોબર ચાલ્યું નહિ. ખરા રાજકર્તા અંગ્રેજ લોકો હતા, પણ જીલ્લાઓનો વહીવટ હજી પણ દેશી અમલદારો ચલાવતા હતા. આ રીતે જવાબદારી એકને માથે નહોતી અને જ્યારે કંઈ આફત આવી પડતી ત્યારે ખરેખરૂં ઠપકાને પાત્ર કોણ છે તે શોધી કહાડવું અશક્ય હતું. ઈંગ્લાંડની દૂરની ડિરેક્ટર કોર્ટે પણ જોયું કે બંગાળાના રાજકારભારમાં તમામ ફેરફાર કરવાની જરૂર છે. વૉરન હેસ્ટિંગ્સ કંપનીનો કસાયેલો નોકર હતો. હોંશીઆરી, પ્રમાણિકપણું, એશિયાના લોકોની રીતભાતનું જ્ઞાન એ સર્વ ગુણોને માટે પ્રખ્યાત હતો. આગળથી ઠેરવી રાખેલા કેટલાક સુધારા અમલમાં આણવાના હુકમ આપી ડિરેક્ટર કોર્ટે તેને ગવર્નર નીમ્યો. ઠરાવ આપ્યો હતો તે આપ્રમાણે હતો.—કોર્ટે નિશ્ચય કર્યો છે કે 'પંડે દીવાન તરીકે આગળ પડવું અને વસૂલાત ખાતાની કુલ સંભાળ અને વહીવટ હાથમાં લઈ પોતાના નોકરોથી કામ ચલાવવું. એ યોજના અમલમાં લાવવાને હેસ્ટિંગ્સે ત્રીજોરીને મુર્શિદાબાદમાંથી ખસેડી કલકત્તામાં આણી અને ઉપજની ઉઘરાતપર દેખરેખ રાખવાને તથા વસૂલાતની કચેરીનું કામ ચલાવવાને કલેક્ટરના ઈલિકાબથી યુરોપી અમલદારો રાખ્યા. એ ઈલિકાબ હવે જાણીતો થઈ ગયો છે.

**વૉરન હેસ્ટિંગ્સ, ૧૭૭૨-૧૭૮૫.**—કલાઇવે બંગાળામાં બ્રિટિશ રાજ્યનો પાયો નાંખ્યો હતો. હેસ્ટિંગ્સે એ રાજ્યને માટે બ્રિટિશ કારભાર ઉત્પન્ન કર્યો એમ કહી શકાય. હિંદના દેશી રાજ્યોએ તેને યુદ્ધ કરવાની જરૂર પાડી ને, ઈંગ્લાંડમાં તેના શેઠોનો 'પૈસા મોકલો, પૈસા મોકલો' એવો બૂમાટ, ફ્રાન્સિસ અને તેની ટોળીનું કટ્ટા દ્વેષથી કલકત્તામાં કૌન્સિલમાં સામા થવું, એ સઘળી બાબતે તેની યોજનાને પાર પાડવામાં ઢીલ કરી. પણ એ યોજના કરવામાં તેણે કેવું ધૈર્ય ભરેલું રાજ્યકૌશલ્ય બતાવ્યું

અને કેવો અયોગ ઉદ્યોગ કર્યો તે લખાએલાં દફતરો પરથી જણાય છે. ૧૭૬૫ થી ૧૭૭૨ લગી કલાઇવિની દ્વિસત્તાપદ્ધતિ ચાલી. એ ચલાવનારાઓમાં અંગ્રેજ ઉપરીઓ લૂટારા હતા અને તેમના હાથ નીચેના દેશી કામદારો દુરાચારી હતા. વૉરન હેસ્ટિંગ્સે હવે અંગ્રેજ અમલદારો વડે મહાલોનો વહીવટ ચલાવવાનો પ્રયોગ તેર વરસ સુધી કર્યો (૧૭૭૨-૧૭૮૫). એની પછી થયેલા અધિકારીએ એ યોજના પૂરી કરી. હિંદના અંગ્રેજી રાજ્યનો પાયો નાંખનાર જેમ કલાઇવ હતો તેમ તે રાજ્યના કારભારની રચના રચનાર હેસ્ટિંગ્સ હતો.

**હિંદમાં હેસ્ટિંગ્સનાં કૃત્ય**—હિંદના હાકેમ ખાતે હેસ્ટિંગ્સનો દાવો તેના રાજ વહીવટને માટે છે. તેણે હિંદી રાજ્યના નોકરોની ગોઠવણ ફરીને કરી વસૂલાત ખાતાની દરેક શાખામાં સુધારો કર્યો, ઇન્સાફ કરનારી કોર્ટો ( કચેરીઓ ) સ્થાપી અને પોલીસની થોડી ઘણી યોજના કરી; પણ ઇતિહાસમાં તેની નામના રાજ્યની અંદરના કારભારમાં કરેલા સુધારાને માટે થઇ નથી, પણ દેશી રાજ્યો જોડે હિંમતથી વર્ત્તવાને માટે અને તેમ કરવા જતાં તેણે જે અપરાધો કર્યા તેને સારૂ થઇ છે. ૧૭૭૨ થી ૧૭૭૪ સુધી તે બંગાળાનો ગવર્નર હતો: ૧૭૭૪ થી ૧૭૮૫ સુધી તે હિંદનો પહેલો ગવર્નર જનરલ હતો. સને ૧૭૭૩ માં રેગ્યુલેટિંગ એક્ટ નામે પાર્લમેન્ટે કરેલા કાયદાની રૂએ નીમાયલી કૌન્સિલનો પ્રેસિડંટ ( અધ્યક્ષ ) હતો, અને તેની નીમણુક પણ તેજ કાયદા પ્રમાણે થઇ હતી. ફિલિપ ફ્રાન્સિસ, જેને તેણે આખરે બાથંબાથામાં ઘાયલ કર્યો, તે કૌન્સિલમાં તેનો સાથી હતો. તેના સામા થવાથી રાજ્યની અંદરના કારભારની રીતિમાં તેને ઘણી હરકત પડી. પણ અયોધ્યાના રાજ્ય જોડે, મરાઠા જોડે અને મ્હેસૂરના હૈદર અલ્લી જોડે વર્તવાની રીતિમાં ઘણું કરીને તેના મત પ્રમાણે ચાલવાની તે તેને જરૂર પાડી શકતો.

**દેશી રાજ્યો સાથે હેસ્ટિંગ્સની રાજ્યરીતિ.**—તેણે જેમ રાજ્યની અંદર વર્તવાની પદ્ધતિ બરાબર વિચાર કરી રચી હતી તેમ દેશી રાજ્યો જોડે વર્તવાની રીતિ પણ પુખ્ત વિચારથી યોજી હતી. ઇંગ્લાંડમાં ડિરેક્ટર કોર્ટ તરફથી ધનની માગણી થતી હતી તે તેને પૂરી પાડવાની હતી. તેમના નોકરો હિંદની દોલતને સારૂ જેવા તરસ્યા હતા તેવાજ

એ ડિરેક્ટરો પણ હતા.પણ તેઓ એ તરસ વધારે સભ્યતાથી દેખાડતા હતા. હેસ્ટિંગ્સને વળી દેશી રાજ્યોથી કમ્પનીના મૂલકનો બચાવ કરવાનો હતો. તેણે તેઓનો નાશ ન કર્યો હોત તો તેઓ તેનો નાશ કરત. બંગાળાની સરહદની બહાર જૂના મુગલ બાદશાહતના ઘણા મુસલમાન હાકેમોએ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યાં હતાં, એમાંનું સૌથી મોટું અયોધ્યાનું રાજ્ય હતું. આ મુસલમાની રાજ્યોની પેલી તરફ મરાઠાઓ ઉત્તર હિંદુસ્તાનના ખરા ધણી થઈ પડ્યા હતા, અને તેમણે દિલ્હીના નામના બાદશાહને પૂતળા તરીકે પોતાના કબજામાં રાખ્યો હતો. વૉરન હેસ્ટિંગ્સની ડાહી રાજ્યનીતિ એવી હતી કે આ સ્વતંત્ર રાજ્યો અને તેમાં મુખ્યત્વે પોતાના મુલકની સરહદની પાસેજ આવેલા અયોધ્યાના રાજ્યની સાથે સંપ કરવો. તેને આશા હતી કે જો આ મુસલમાની રાજ્ય બળવાન થાય તો તેઓ મરાઠાઓને બંગાળામાં આવતાં અટકાવી શકે, પણ રાજ્યો પંડે એવાં નબળાં હતાં કે આ રાજનીતિથી માત્ર થોડીજ ફતેહ મળી. આખરે અંગ્રેજ સરકારનો મુલક ગંગાના મૂલક તરફ વધારે વધારવાની અને મુસલમાની રાજ્યોને વહીવટમાં પોતાની સત્તાતળે લાવવાની તેને જરૂર પડી.

**બંગાળાની ઊપજમાંથી ખર્ચ પૂરો પાડવાની ગોઠવણ હેસ્ટિંગ્સે કરી.**—બંગાળાની ઉપજમાંથી ખર્ચ પૂરો પડે એમ કરવાની હેસ્ટિંગ્સને પહેલી જરૂર પડી. ક્લાઇવની દ્વિરાજ પદ્ધતિ ચાલવા દેવાથી એમ બને તેવું ન હતું. એ પદ્ધતિ બંધ પાડી ત્યારે તેણે નવાબને અપાતી રકમમાંથી અર્દ્ધ ભાગ ઓછો કર્યો. એમ કરવાથી વરસે સોળ લાખ રૂપીઆ બચ્યા. આ કામના બચાવમાં કહી શકાય કે નામનો નવાબ તે વખતે બાળક હતો અને તેના ઘણા ભારે પેન્શનને માટે કાંઈ નામની સેવા પણ બજાવતો ન હતો. ૧૭૬૬ માં નવો નવાબ ગાદીએ બેઠો ત્યારે ક્લાઇવે પંડે સાઠ લાખને ઠેકાણે ૪૫ લાખ રૂપીઆ ઠરાવ્યા હતા, અને પછી ૧૭૬૯ માં બીજો નવાબ બેઠો ત્યારે ૩૫ લાખ રૂપીઆ ઠરાવ્યા હતા. વહીવટમાં એ પેન્શન બદલાયાં કરતું અને લેનાર માણસ પ્રમાણે હતું. વળી આ બાળ નવાબના વખતમાં વધારે ઘટાડવાનો ખુલ્લો હુકમ ડિરેક્ટર કોર્ટે હેસ્ટિંગ્સને હાથ કામ આવ્યાનો પૂર્વે છ માસપર કર્યો હતો.

**હેસ્ટિંગ્સ દિલ્હીના પાદશાહને આપવાની ખંડણી બંધ કરેછે, ૧૭૭૩.**—કંપનીને બંગાળા પ્રાંત મળ્યા તેને સાટે દિલ્હીના પાદશાહને ત્રણ લાખ પૌંડની ખંડણી આપવાની કલાઈવે કબૂલ કરી હતી તે હેસ્ટિંગ્સે બંધ કરી એ નાણાં ઉગારવાનું તેનું બીજું કામ હતું, પણ હેસ્ટિંગ્સનો મત એવો હતો કે બાદશાહ હમણા મરાઠાને કબજે હોવાથી સ્વતંત્ર નથી. બાદશાહને પૈસા આપવા એ ખરૂં જોતાં મરાઠાઓને પૈસા આપવા જેવું છે; મરાઠા જોડે થોડા વખતમાં વઢવું પડશે એ દેખાઈતું છે તો તેમને દ્રવ્ય આપવું એ બ્રિટિશ રાજ્યને હાનિકારક છે, એ વિચારથી તેણે પૂતળા જેવા પાદશાહને અથવા ખરૂં જોતાં તેના રખવાળ મરાઠાને ત્રણ લાખ પાઉંડની ખંડણી આપવી બંધ પાડી.

**હેસ્ટિંગ્સ અલ્લાહબાદ અને કોરા વેચેછે:-૧૭૭૩—૧૭૭૪.**—૧૭૬૫માં કલાઇવે ગંગાના પ્રદેશના હિસ્સા પાડ્યા, ત્યારે અલ્લાહબાદ અને કોરા પ્રાંતો પાદશાહને આપ્યા હતા. પાદશાહ આ વેળા મરાઠાના કબજામાં હતો, અને તેણે તે પ્રાંતો પોતાના નવા સ્વામીને આપ્યા હતા. વૉરન હેસ્ટિંગ્સે ઠરાવ્યું કે એમ કરવાથી પાદશાહનો હક્ક તે પરથી ઊઠી ગયો છે. એવો ઠરાવ કરી તેણે તે પ્રાંતો ફરીને અયોધ્યાના વજીરને વેચાતા આપ્યા. એમ કરવાથી હેસ્ટિંગ્સે કંપનીને માથેથી લગભગ પાંચ લાખ પાઉન્ડના લશ્કરી ખર્ચનો બોજો ઉતાર્યો અને પાંચ લાખ પાઉંડથી વધારે નાણાં એ પ્રાંતોની કીમતના કંપનીને મળ્યા. અયોધ્યાની વાયવ્ય સરહદ ઉપર આવેલો પ્રદેશ પચાવી પડી રોહિલ્લા અફઘાન લોકોએ થોડો વખત પોતાના કબજામાં રાખ્યો હતો, તે લોકોને તાબે કરવા અંગ્રેજી લશ્કરની મદદ આપવાની બોલી એ વેચાણખતમાં હતી. રોહિલ્લા લોકો જાતે મુસલમાન હતા, અને પરદેશી હતા, એકુન લોકોપર તેઓ ક્રૂરપણે ધણીપણું બજાવતા, અને હાલ તેઓ અંગ્રેજોના બળવાન શત્રુ મરાઠાઓ સાથે તરકટ કરતા હતા. હેસ્ટિંગ્સે ધીરેલી અંગ્રેજી ફોજની મદદથી અયોધ્યાના વઝીરે રોહિલ્લાને પૂરેપૂરા હરાવ્યા. એ લોકોમાંના ઘણાખરા યોદ્ધાઓને તેણે ગંગા નદીને બીજે કિનારે આવેલા પ્રદેશમાં જઈ વસવાની જરૂર પાડી. એ પ્રદેશ તેમના મૂળ રહેઠાણની પાસે હતો અને તેવોજ ફળદ્રુપ હતો, પણ ત્યાંથી

તેઓ અયોધ્યાની ઉપર ઉત્તર સરહદમાં મરાઠાઓને દાખલ કરી શકે એમ નહોતું. આ ઉપર વર્ણવેલા ઉપાયોથી હેસ્ટિંગ્સે દિલ્લીના બાદશાહના મરાઠા રખવાળોને બંગાળાની ખંડણી આપવી બંધ કીધી, અંગ્રેજોના મળતીઆ અયોધ્યાના વઝીરનું જોર વધાર્યું, અને તેની સરહદમાં મરાઠા લોકો આવી ન શકે એમ કીધું. મહેસુલ તેમજ ખરચમાં દરવરસે દશ લાખ પાઉંડ, એટલે બધુ મળીને વીસ લાખ પૌંડનો લાભ કરી તેણે બંગાળામાં કંપનીની ઉપજ વધારી.

**ચૈતસિંહ તથા અયોદયાની બેગમોને લૂટયાં.**—કંપનીના વસૂલાત ખાતાની હાલતમાં વધારે સુધારો કરવાને હેસ્ટિંગ્સે ચૈતસિંહ અને અયોધ્યાની બેગમો પાસેથી નાણાં ઓકાવ્યાં. અંગ્રેજની રખવાલીમાં બનારસનો રાજા ચૈતસિંહ ધનવાન થયો હતો. ફોજનાં ખર્ચમાં મદદ કરવાને હેસ્ટિંગ્સે તેનીપાસે જે વાજબી નાણાં માગ્યાં તે આપવાની તેણે ના પાડી તે માટે તથા અંગ્રેજ સરકારના દુશ્મનો જોડે પત્રવહેવાર કર્યો તેથી તેને પરહેજ કર્યો. તેણે નાશી ફિતુર મચાવનારાની સરદારી લીધી તેમાં તેની હાર થઈ. તેની જાગીર જપ્ત કરી તેની ગાદીએ તેના ભત્રીજાને, વધારે ખંડણી આપવાના શરતે બેસાડયો. ચૈતસિંહને સહાય કરવાનું તોહમત અયોધ્યાની બેગમ (નવાબ વઝીરની મા) ઉપર મૂકી ભારે દંડ માગ્યો. બાઈએ તે નહિ આપવાની ભારે હઠ લીધી. તેના ઉપર અને તેના ઘરના ખોજાઓ ઉપર નિર્દય જુલમ કરી દશ લાખ પાઉંડથી વધારે રકમ પડાવી લીધી.

**ઇંગ્લાંડમાં હેસ્ટિંગ્સપર ચાલેલો મુકર્દમો, ૧૭૮૮-૧૭૯૫.**—વૉરન હેસ્ટિંગ્સ ૧૭૮૫માં પાછો ઇંગ્લાંડ ગયો ત્યારે તેને માથે આ અને બીજાં જૂલમનાં કામનું તોહમત મૂકી આમની સભાએ તેનાં કૃત્યની તજવીજ ચલાવી. અમીરની સભામાં તેનો કાયદા મુજબ ઇન્સાફ થયો. તપાસણી છેક સાત વર્ષે પૂરી થઈ (૧૭૮૮-૧૭૯૫). ઇંગ્લાંડના ઇતિહાસમાં નોંધાયલી ઘણી પ્રખ્યાત રાજકીય તપાસણીઓમાંની એક આ છે. બધાં તોહમત નાસાબીત ઠરાવી હેસ્ટિંગ્સને છોડી દીધો. તોપણ એ તપાસણીમાં પોતાનો બચાવ કરવાના ખર્ચથી તે પાયમાલ થઈ ગયો, અને તેના ગુજરાનનો આધાર ડિરેક્ટર કોર્ટના ઉદારપણાપર રહ્યો. એ ઉદારપણું કરવામાં તેઓ કદી ચૂક્યા નહિ.

**હેસ્ટિંગ્સનું નબળું બહાનું.**—બંગાળામાં કરેલાં હેસ્ટિંગ્સનાં કેટલાંક કૃત્યોનો ખરો સબબ એ હતો કે તેને પોતાની હયાતીનાજ રક્ષણને સારૂ બાથ ભીડવાની હતી; દેશી રાજ્યકર્તાએ કરાર તોડ્યા તેથી તેને જોગવાઈ મળી. મુગલ વાઈસરૉયથી ઓછે નિર્દયપણે પોતાની જોગવાઇનો ઉપયોગ કર્યો. હિંદમાં અમલ કરી ગયેલા અંગ્રેજોમાં જે પુરૂષ અતિતીવ્ર બુદ્ધિવાળો અને અતિદૃઢતાથી કારભાર ચલાવનાર હતો તેને માટે આ કારણો સબળ નથી. દક્ષિણ હિંદના કામમાં વૉરન હેસ્ટિંગ્સને ફક્ત નાણાં મેળવવાપર નજર રાખવાની ન હતી. મહાપુરૂષ એ તેનું ખરૂં સ્વરૂપ હતું તે ત્યાં દેખાય છે—મંત્રિસભામાં શાંત, સાહસકર્મ માથે લેવામાં સાવધ, પણ કામ હાથમાં લીધાપછી તેનો ત્વરાથી અમલમાં લાવનાર અને જે જે કામ કરવા ધારે તેમાં અજીત હિમ્મતવાન હતો.

**પેહેલું મરાઠી યુદ્ધ, ૧૭૭૯—૧૭૮૧.**—મદ્રાસ અને બંગાળ સરકારે મૂલક જીત્યા તેપર મુંબાઇ સરકારને અદેખાઈ આવી. પુણાના દરબારમાં પોતાનું ઉપરીપણું સ્થાપવાનો ઠરાવ તેમણે કર્યો. આ લોભને તૃપ્ત કરવાની જોગવાઈ તેમને ૧૭૭૫ માં સુરતના કરારથી મળી. પુણાની ગાદીપર પેશ્વા તરીકે દાવો કરનારામાંના એક ઉમેદવાર નામે રઘુનાથરાવ જોડે એ કરાર થયો તેમાં એવી બોલી હતી કે અંગ્રેજે તેને પુણે લઈ જઈ ગાદી અપાવવી ને તેને સાટે તેમને સાલ્સેટ અને વસાઈ આપવાં. એ કરાર પાર પાડવાને લડાઈ ચાલી તેને પહેલું મરાઠી યુદ્ધ કહે છે. ગવર્નર જનરલ ના યોદ્ધાની રૂઈએ વારન હેસ્ટિંગ્સ મુંબાઈ સરકારના ઠરાવપર પોતાનો અધિકાર ધરાવતો હતો. તેણે સુરતનો કરાર બહુ નાપસંદ કર્યો, પણ વઢવાઢ ખરેખરી શરૂ થઈ ત્યારે તેણે બંગાળાના તમામ લશ્કરની મદદ મોકલી. તેના એક માનીતા સરદાર નામે કર્નલ ગૉડર્ડે એક સમુદ્ર કાંઠેથી સામા બીજા સમુદ્રકાંઠા સૂધી કુચ કરી ગુજરાતનો તવંગર પ્રાંત લગભગ એકે લડાઈ કર્યાવિના જીતી લીધો. કપ્તાન પોપ્હામ નામે બીજા સરદારે ગ્વાલિયરનો ડુંગરી ગઢ હુમલો કરી લીધો. એ કિલ્લો હિંદુસ્તાનની કુંચી ગણાતો હતો. ૧૭૭૯ માં મુંબાઇની ફોજને જીતી

મરાઠાએ વાર્ગામમાં પોતાની મરજીપ્રમાણે તેનો કને કરાર લખાવી લીધો તે નામોશીનું સાટું આ ભારે જીતોથી વળ્યું. પણ યુદ્ધ ૧૭૮૧ સુધી જારી રહ્યું. ૧૭૮૨ માં સાલ્બાઈ ગામમાં સલાહનો કરાર થયો તે વડે તેનો અન્ત આવ્યો. એ કરારપ્રમાણે યુદ્ધની પહેલાં જેવી સ્થિતિ વહીવટમાં હતી તેવીજ સ્થિતિ પાછી સ્થપાઈ. ઇંગ્રેજના ઉમેદવાર રાઘોબાને પેન્શન આપી દૂર કર્યો, ગૂજરાત મરાઠાને પાછી આપી, અને માત્ર સાલ્સેટ, ધારીપુરી, અને બીજા બે નાના બેટ અંગ્રેજે રાખ્યા.

**મ્હેસૂર જોડે યુદ્ધ, ૧૭૮૦-૧૭૮૪.**—એ અરસામાં મરાઠા રાજ્ય મંડળથી વધારે ભયંકર શત્રુસાથે વૉરન હેસ્ટિંગ્સને કામ પડ્યું. મદ્રાસ સરકારની બેફીકરી ચાલથી મ્હૈસૂરના હૈદરઅલી અને દક્ષિણના નિજામ જોડે દુશ્મનાઈ થઈ. હિંદના મુસલમાની રાજ્યકર્ત્તાઓમાં એ બે સહુથી વધારે બળવાન હતા. અંગ્રેજની વિરૂદ્ધ એક્કો કરી એ બેએ મરાઠાને તેમાં ભેળવવાની કોશિશ કરી. મતલબ પાર પાડવામાં હેસ્ટિંગ્સની ચતુરાઈએ કરીને નિજામ અને નાગપુરના મરાઠા રાજા એ સંપમાંથી છૂટા પડ્યા; તોપણ વીજળીના ઝપાટાની પેઠે હૈદરઅલીની સેના કર્નાટકમાંના બ્રિટિશ મૂલક ઉપર તુટી પડી. કર્નલ બેલીની હાથ નીચેની જબરી લશ્કરી ટુકડી પીરમ્બાદુમ આગળ કતલ થઈ અને મ્હૈસૂરના સવારો દેશ ઊજડ કરતા મદ્રાસના કોટ લગી જઈ પહોંચ્યા. હેસ્ટિંગ્સના ઉત્સાહથી ઉશ્કેરાઈ બંગાળી ફોજે બીજી વારકી અંગ્રેજ નામની લાજ રાખી. મદ્રાસને છોડવવાને વાંદેવૉશની લડાઈ જીતનાર સર આયર કુટને બની શકે તેટલી ફોજ અને નાણાં આપી તેણે સમુદ્રવાટે મોકલ્યો, અને વરાડના રાજાને તથા નિજામને ત્રાસમાં રાખવાને જમીનને રસ્તે કર્નલ પિઅર્સને દક્ષિણમાં રવાના કર્યો. ઝઘડો જોસબંધ ચાલવા પામ્યો, કેમકે ઘરડા સર આયર કૂટમાં દમ રહ્યો નહતો અને મ્હેસૂરનું લશ્કર સારૂં કેળવાયેલું હતું, એટલુંજ નહિ, પણ હૈદર અને તેનો દીકરો ટિપૂ ચતુરાઈથી તેનો ઉપયોગ કરતા હતા. ૧૭૮૨ માં હૈદર મરી ગયો અને અરસ્પરસનું જીતેલું પાછું આપવાની શરતે ૧૭૮૪ માં ટિપુ જોડે સલાહ

થઈ. સને ૧૭૮૫ માં વૉરન હેસ્ટિંગ્સ ગવર્નર જનરલની નોકરી છોડી સ્વદેશ ગયા.

**લૉર્ડ કૉર્નવૉલિસ, ૧૭૮૬-૧૭૯૩**—સને ૧૭૮૬ માં લૉર્ડ કૉર્નવૉલિસ આવ્યો. હિંદના ગવર્નર જનરલના કામપર આવનાર ઊંચા દરજ્જાનો પહેલો અંગ્રેજ ઉમરાવ એ હતો. આ બે મોટા માણસોના વખતને વચગાળે વીસ માસ લગી (ફેબ્રુ૦ ૧૭૮૫ થી સપ્ટેમ્બર ૧૭૮૬ સુધી) કંપનીના સિવિલ સર્વંટ સર જૉન મૅક્ફરસને કામ ચલાવ્યું. લૉર્ડ કૉર્નવાલિસે ગવર્નર જનરલનો મોટો અધિકાર બે વાર ચલાવ્યો. પહેલીવાર ૧૭૮૬ થી ૧૭૯૩ લગી તેણે અમલ કર્યો. એ સમય બે મોટા બનાવને માટે પ્રખ્યાત છે.—બંગાળાની સ્થાયી જમાબંદી, અને બીજું મ્હૈસૂર યુદ્ધ. મુલ્કી કારભારનો પાયો વૉરન હેસ્ટિંગ્સે નાંખ્યો, ને તેના ઉપર ઈમારત કૉર્નવાલિસે ચણી. યુરોપીઅનોને ફોજદારી ઈન્સાફનું કામ સોંપનાર, અને કલકત્તામાં નિજામત સદર અદાલત કે ફોજદારી ઈન્સાફ કરવાના અધિકારવાળી સુપ્રીમ કોર્ટ સ્થાપનાર પહેલો તે હતો; કલેકટર અને જડજનાં કામ જુદાં પાડનાર પણ તેજ હતો. મદ્રાસ અને મુંબાઈ ઈલાકા વધી હિંદના મોટા મુલ્કી વિભાગ બન્યા ત્યારે તેઓમાં પણ એ બંગાળામાં રચેલી પદ્ધતિ દાખલ કરી.

**બંગાળાની વસૂલાતની જમાબંદી.**—પણ જે મોટા કામ માટે કૉર્નવાલિસ ઘણો પ્રસિદ્ધ થયોછે, તે બંગાળાની જમીનની પેદાશની સ્થાયી જમાબંદી છે. આ વખતસુધી ઊપજ ઊઘરાવવામાં થોડી ઘણી જૂની મુગલાઈ રીત ચાલતી. જમીનદારો કે સરકારી ઈજારદારોના અધિકારનું વલણ હમેશ વંશપરંપરા થવાનું હતું. જાતે જમીન ખેડનારા કનેથી ઊપજ ઊઘરાવવાનો તેમનો અખ્તિયાર કબૂલ કરવામાં આવ્યો હતો. પણ ખેડુતોની પેદાશમાંથી કેટલો ભાગ લેવો તેને માટે કાંઈ મુકરર નિયમ ઠરાવેલો નહતો, તેથી વરસોવરસ એક સરખી રકમ વસૂલ થતી નહિ. હેસ્ટિંગ્સે આવતા પાંચ સાલની જમાબંદી પરથી અનુભવ મેળવવાની કોશિશ કરી કે તે ઉપરથી આગળને માટે દરનું ધોરણ નીકળી શકે. એથી ઉલટું હેસ્ટિંગ્સના હરીફ ફ્રાન્સિસનું મત એવું

હતું કે સરકારનું લ્હેણું ઠેરવી હમેશ તેનું તેજ રાખવું. ઇંગ્લાંડમાંના અધિકારીઓનો અભિપ્રાય પણ એજ હતો. તેનું એક કારણ એ કે ઉપજ વધારે કાયમ પાયાપર રહે અને બીજું કારણ એ કે આ જમીનદાર મિલ્કતની અંગ્રેજી પદ્ધતિના જમીનના માલીક જેવા બને. ૧૭૮૭ માં કૉર્નવૉલિસ આ તરફ આવ્યા ત્યારે એ વિચાર પ્રમાણે સ્થાયી જમાબંદી ઠરાવવાને તેને હુકમ આપવામાં આવ્યો હતો.

**સ્થાયી જમાબંદી, ૧૭૯૩.**—જમાબંદીનું કામ ૧૭૮૯ માં શરૂ થયું અને ૧૭૯૧ માં પૂરું થયું. જેમ અકબરે કર્યું હતું અને હાલ બ્રિટિશ પ્રાંતોમાં જ્યાં જ્યાં જમાબંદી ઠરાવવામાં આવેછે ત્યાં કરવામાં આવેછે તેમ એતરો માપવાની કે પાકનો હિસાબ કાઢવાની કોશિશ કરી નહિ. પાછલી સાલોમાં ભરણું થયલું તે પરથી હવે પછીનાં વરસોમાં આપવાની રકમ ઠરાવી. પ્રથમ દશ વરસનો ઠરાવ કર્યો પણ ૧૭૯૩ માં તેને હમેશાને માટે મુકરર કર્યો. બંગાળાની જમીનની કુલ ઉપજનો આંકડો એ ઠરાવ પ્રમાણે શક્કાઈ રૂપિયા ૨,૬૮,૦૦,૯૮૯ થયો, એટલે આશરે ત્રીશ લાખ પૌંડ જેટલો થયો. લૉર્ડ કૉર્નવાલિસે એ ગોઠવણ અમલમાં આણી, પણ તેની વિગતને માટે વખાણ કે ઠપકો જે ઠરે તે સર જૉન શોર (પછીથી લૉર્ડ ટૈનમથ) ને માથે છે. તે સિવિલ સર્વંટ હતો, અને તે કાળે દેશાનું જ્ઞાન તેને જેટલું હતું તેટલું બીજા કોઈને ન હતું—માલિકી ધરાવનાર જમીદાર વર્ગવિષે કૉર્નવૉલિસના મનમાં પહેલેથી ઉત્પન્ન થયેલા વિચારને લીધે અને સ્થાયી ઠરાવને સારૂ ડિરેક્ટર કોર્ટની ઉતાવળે કરીને જેટલી સાવચેતી રાખી શકાઈ તે કરતાં શોર વધારે સાવચેતીથી કામ કરત.

**મ્હેસૂર જોડે બીજું યુદ્ધ, ૧૭૯૦—૧૭૯૨.**—આ ૧૭૯૦-૧૭૯૨નો મ્હૈસૂરના રાજ્ય સાથે થયલો બીજો ઝગડો બે બાબતમાં વિખ્યાત છે. ગવર્નર જનરલ લૉર્ડ કૉર્નવૉલિસ બ્રિટિશ લશ્કરનો સેનાપતિ બની પડે એવા દબદબા અને સામાન સરંજામનાં ઠાઠમાઠથી ચઢ્યો કે ઔરંગઝેબની સવારી આવી હોય તેવું જણાયું. દક્ષિણમાં બે મોટાં રાજ્યોએ, નિજામે અને મરાઠી રાજ્ય મંડળે, અંગ્રેજને મદદ કરી,

અને ટિપૂ સુલતાનની રાજધાનીને લૉર્ડ કૉર્નવૉલિસે ઘેરી લેવા માંડી ત્યારે તે તાબે થયો. ત્રણે સંપીલા રાજ્યોમાં વહેંચી લેવાને સુલતાને પોતાનો અર્ધો અર્ધ મૂલક તથા યુદ્ધમાં થયેલા ખર્ચને પેટે ત્રીસ લાખ પૌંડ આપવાનો કરાર કર્યો. એ શરતો તેણે અમલમાં આણી, તોપણ તે દિવસથી તેને જીતનાર અંગ્રેજ-પર વેર લેવા તે તલપી રહ્યો. લૉર્ડ કૉર્નવૉલિસે સને ૧૭૯૩ માં અધિકાર છોડયો અને તેની પછી સર જૉન શોર (પાછળથી લૉર્ડ ટીનમાઉથ )આવ્યો.

**લૉર્ડ વેલ્લેસ્લે, ૧૭૯૮-૧૮૦૫.**—સને ૧૭૯૩ થી ૧૭૯૮ લગી સર જૉન શોરે ગવર્નર જનરલનો અધિકાર ચલાવ્યો તે વખતમાં કાંઈ મોટો બનાવ બન્યો નહિ. ૧૭૯૮ માં લૉર્ડ મૉર્નિંગ્ટન હિંદમાં આવ્યો. એ અમીર માર્ક્વિસ ઑવ્ વેલ્લેસ્લેનાં નામથી વધારે મશહુર છે. જે પાદશાહી યોજનાઓથી દેશનો નકશો બદલાઈ ગયો તે યોજનાઓ અહિં આવ્યા પહેલાં તેના મનમાં ઉત્પન્ન થઈ હતી. તે પિટ્ટનો મિત્ર અને માનીતો હતો, અને રાજકીય બાબતમાં લાંબી નજર અને ફ્રેંચ નામ માટે સ્વાભાવિક શત્રુવટના વિચાર તેને પિટ્ટ કનેથી મળ્યા એવું ધારવામાં આવે છે. તેણે પહેલેથા એક ધોરણ બાંધ્યું, તે એ કે હિન્દી દ્વીપકલ્પમાં સર્વોપરિ રાજ્યસત્તા અંગ્રેજ સરકારે પોતાને હાથે લેવી અને દેશી રાજાઓને રાજ્યચિન્હ રાખવાં હોય તો તેઓએ રાજકીય સ્વતંત્રતા આપી દેવી. એના સમયથી હિંદના ઇતિહાસમાં માત્ર આ રાજ્યરીતિ ધીમે ધીમે ખીલતી જાયછે, અને ૧૮૭૭ના જાનેવારી મહિનાની ૧ લી તારીખે રાણી વિક્ટોરીઆએ હિંદની એમ્પ્રેસ ( કૈસરેહિંદ ) નો ઇલાકાબ ધારણ કર્યાનાં જાહેરનામાં કર્યાં ત્યારે એ રાજ્યરીતિ પૂરેપૂરી અમલમાં આવી.

**હિંદમાં ફ્રેંચસત્તા, ૧૭૯૮-૧૮૦૦**–પરરાજ્યો જોડે વર્ત્તવમાં તેનો મુખ્ય વિચાર એ હતો કે નેપોલિયન પેડે ફ્રેંચ ફોજ લઈ હિંદપર ચડવા પામે નહિ તેમ કરવું. હિંદી રાજકારભારીઓના મનમાં પાછળથી રૂશ વિષે જે કલ્પનાઓ બંધાઈ તે કલ્પના આ વેળા અને પછી ઘણાં વરસ સુધી ફ્રાંસના સંબંધમાં હતી. એ ભયપણ હાલ છેક

ન હતું એ પણ ખરૂં. ફ્રેંચ પલટણો હૈદરાબાદના નિજામની ચોકી કરતી અને તેને ધાકમાં રાખતી. મરાઠી રાજ્યમંડળમાં લશ્કરી કામમાં મુખ્ય સિંધીઆ હતો, અને સાહસિક ફ્રેંચો તેની પલટણોના નાયક હતા અને તેઓને કવાયત શીખવતા. ફ્રેંચ રાજ્યના ડિરેક્ટરો જોડે ટિપુ છુપો પત્રવહેવાર ચલાવતો હતો. તેણે પોતાના રાજ્યમાં સ્વતંત્રતાનું વૃક્ષ રોપવા દીધું, અને એક પ્રજાસત્તાક મંડળીનો પંડે 'સિટિઝન ટિપુ' નામે સભાસદ થયો. ફ્રેંચજોડે ખટપટ ચલાવવાને અને ચડાઈ કરવાની ફોજ ભેગી કરવાને બે દેશોની વચગાળે આવેલા મોરીશિયસ અને બુર્બો બેટ ફાવતા આવ્યા. એ સર્વ ઉપરાંત એ વેળા નેપોલિયન બોનાપાર્ટ મિસર દેશમાં હતો. મહાન્ સિકંદરની પેઠે હિંદુસ્તાન જીતવાનાં સ્વપ્નાં તેને આવતાં હતાં, અને અત્યાર સુધીમાં તેની જે સેના કોઇથી જીતાઈ નહતી તેને કઈ દિશાએ તે વાળશે તે કોઈ જાણતું નહતું.

**લૉર્ડ વેલ્લેસ્લેની પૂર્વે હિંદની હાલત, ૧૭૯૮.**— ફ્રેંચ લોકની એશિઆમાં જે આશા હતી તે ધૂળધાણી કરી નાંખવાની યુક્તિ વેલ્લસ્લેએ યોજી. તે એ હતી કે પોતે મોટા હિંદીરાજ્યમંડળના પ્રમુખ બનવું. કલાઇવની તરવારે અને વૉરન હેસ્ટિંગ્સની રાજયુક્તિએ અંગ્રેજને નીચલા બંગાળામાં સર્વોપરિ કર્યા હતા. એ સૈકો પુરો થયા પહેલાં ગંગાના પ્રદેશને ઊંચે સુધી દરિયાઈ કિનારેથી બનારસ લગી અંગ્રેજની સત્તા બરોબર જામી હતી. અંગ્રેજી હદની પેલીમેર અયોધ્યાના નવાબ વજીરે બ્રિટિશ લશ્કરની મદદને માટે નાણાં આપવાની કબૂલાત આપી હતી. એ નાણાંની રકમ ૧૭૯૭ માં દરસાલ ૭,૬૦,૦૦૦ પાઉંડની ઠરી. એ રકમ નવાબથી દરસાલ ભરી શકાઈ નહિ તેથી તેણે રોકડ નાણાને બદલે મૂલક આપવાની વિષ્ટી ચલાવી. ૧૮૦૧માં લખનોરમાં કરાર થયો. તેમાં દોઆબ નામે ગંગા ને જમનાની વચ્ચે આવેલો રસાળ પ્રાંત તથા રોહિલખંડ અંગ્રેજને આપવા ઠર્યા. લૉર્ડ વેલ્લેસ્લેના વખતની પહેલાં દક્ષિણ હિંદમાં અંગ્રેજને કબજે માત્ર મદ્રાસ અને મુંબાઈ ઈલાકાના કાંઠાનો મૂલક હતો. ઉત્તર હિંદમાં દિલ્લીલગી અંગ્રેજને સર્વોપરિ કરવા અને દક્ષિણ

હિંદમાંનાં મોટાં રાજ્યોને કંપની સરકારને તાબેદાર કરવાં એવો ઠરાવ વેલ્લેસ્લેએ કર્યો. કરેલા કોલ તોડ્યા વિના દેશી રાજાઓના કાવતરાંથી આ ઠરાવ અમલમાં લાવવાની તેને જોગવાઈ મળી. વખત એવો આવ્યો હતો કે અંગ્રેજે હિંદમાં શ્રેષ્ઠ થવું કે હારીને નાશી જવું. મુગલાઈ રાજ્ય છેક તુટી ગયું હતું અને હવે મુખ્ય સત્તા તે પાદશાહતના પ્રાંતોના મુસલમાન ગવર્નરોને હાથ જાય કે મરાઠી રાજમંડળના હાથમાં જાય કે અંગ્રેજ સરકારને હાથ આવે. લૉર્ડ વેલ્લેસ્લીએ નિશ્ચય કર્યો કે એ સર્વોપરિ સત્તા અંગ્રેજે લેવી.

**લૉર્ડ વેલ્લેસ્લેની રાજનીતિ.**—હિંદમાં પ્રથમ તેને કરવાનું કામ સહેલું હતું. લખનોરના કરારથી હાલના વાયવ્ય પ્રાંતોના મધ્યભાગ લગીનો મૂલક અંગ્રેજને કબજે આવ્યો અને અયોધ્યામાં તેમની સત્તા સ્થાપન થઈ. એ હદપાર રાજ્યાધિકારનો વહિવટ મરાઠી રાજમંડળની ઉત્તર શાખાઓને હાથ હતો અને નામનો કે પૂતળા જેવો પાદશાહ તેમના કબજામાં હતો. બીજું મરાઠી યુદ્ધ (૧૮૦૨— ૧૮૦૪ માં) થયું ત્યારે તેને આખી પ્રજા જોડે અસરકારક રીતે વર્તવાનો લાગ મળ્યો ત્યાંસુધી તેણે એ શાખાઓને છોડી નહિ. દક્ષિણ હિંદમાં તેને હૈદરાબાદના નિજામનું રક્ષણ કરવાની ગરજ માલૂમ પડી. અહીં તે એવી રીતે વર્ત્યો કે પછીથી ઊઠેલા ઝગડામાં નિજામ તેની સલાહ પ્રમાણે ચાલ્યો. દક્ષિણમાં બીજું મુસલમાની રાજ્ય મ્હેસૂરમાં ટિપૂ સુલતાનને હાથ હતું. એ સુલતાન જોડે વર્તવાનું કામ એટલું સહેલું ન હતું. લૉર્ડ વેલ્લેસ્લેએ તેને છૂંદી મારવાનો ઠરાવ કર્યો અને અંગ્રેજને તેણે મસ ખીજવ્યા હતા તેથી તેને તેમ કરવાનું પુષ્કળ કારણ મળી આવ્યું. દક્ષિણના ત્રીજા રાજબળનું—મરાઠી રાજમંડળનું બંધારણ એવું ઢીલું હતું કે પ્રથમ લૉર્ડ વેલ્લેસ્લેએ તેની સાથે મિત્રાચારીના બંદોબસ્તથી રહેવાની આશા રાખેલી જણાયછે. તેમની સાથે દોસ્તી થાય ને વળી તુટે એવું કેટલાંક વરસ લગી થયાં કર્યાથી જ્યારે તેની ખાતરી થઈ કે દક્ષિણ હિંદનું સર્વોપરિપણું મરાઠાને હાથ રહે કે અંગ્રેજને હાથ રહે, ત્રીજો રસ્તો નથી, ત્યારે શું કરવું તેનો નિશ્ચય કરવામાં તે ખંચાયો નહિ.

**નિજામ જોડે કરાર, ૧૭૯૮.**—દક્ષિણનાં ત્રણ રાજ્યોમાં વધારે નબળું રાજ્ય હૈદરાબાદના નિજામનું હતું. લૉર્ડ વેલ્લેસ્લેએ પ્રથમ

તેને હાથમાં લેવાની કોશિશ કરી. ખબરદારી ભરેલી તળાવટથી કામ ચલાવી તેણે પોતાની ધારણા પાર પાડીને જે હરીફ બને તેવો હતો તેને તહનામા વડે ઉપયોગી મિત્ર કર્યો. હૈદરાબાદની ફ્રેંચ પલટણોને તોડી નાંખી અને નિજામે કરાર લખી આપ્યો કે અંગ્રેજ સરકારની મંજુરી વિના કોઈ યુરોપીઅનને નોકરીમાં રાખવો નહિ—એ વખતથી દેશીરાજ્યોજોડે કરેલા દરેક તહનામામાં એ શરત દાખલ કરીછે.

**મ્હૈસૂર જોડે ત્રીજું યુદ્ધ, ૧૭૯૯.**—કૉર્નવૉલિસે ટિપૂને હરાવ્યો હતો પણ વશ કર્યો નહતો. હવે વેલ્લેસ્લેએ પોતાનું બધું બળ તેના ઉપર લગાડયું. ફ્રેંચ સાથે ટિપૂ ખટપટ કરતો હતો તે ઊઘાડી પડી અને સહાયભૂત અંગ્રેજી ફોજ રાખવા વગેરેના નવા તહનામાને વળગી રહેવા તેને કહાવ્યું. તેમ કરવાની તેણે ના પાડી ત્યારે તેની જોડે યુદ્ધનું જાહેરનામું કર્યું અને સવારીની ગોઠવણ જાતે કરવાને તથા જે બને તેની ઉપર દેખરેખ રાખવા રાજપ્રતિનિધિને શોભે તેવા ઠાઠમાઠથી વેલ્લેસ્લે મદ્રાસ આવ્યો. નિજામની મદદગારી ફોજ સાથે એક અંગ્રેજી ફોજ મદ્રાસથી મ્હૈસૂરમાં પેઠી. પશ્ચિમ કાંઠેથી બીજું લશ્કર આવ્યું. લડાઈના મેદાનમાં નબળી રીતે સામો થયા પછી ટિપૂ પોતાની રાજધાની શ્રીરંગપટમમાં ભરાયો અને જ્યારે તે શાહેરપર અંગ્રેજ લશ્કરે હલ્લો કર્યો ત્યારે તૂટેલા કોટમાં તે બહાદુરીથી લઢતાં પડયો (૧૭૯૯). પ્લાસીના યુદ્ધ પછી જે બનાવ બન્યા તેમાં આથી એટલે શ્રીરંગપટમ જીતી લેવાથી દેશી લોકની કલ્પનાપર જેટલી અસર થઈ તેટલી બીજા કોઈથી થઈ નહતી. એ ફતેહે જનરલ હૅરિસને અમીરપદ અને વેલ્લેસ્લેને આઈરિશ માર્ક્વિસનો ઈલકાબ અપાવ્યો. ટિપૂના મૂલકની વહેંચણ કરવામાં વેલ્લેસ્લે વિવેકથી વર્ત્યો. મધ્યભાગે મ્હૈસૂરનું જૂનું રાજ્ય હતું તે તેના હિંદુરાજાને ગાદીપરથી ઉઠાડી મૂકી હૈદરઅલ્લીએ ખુંચવી લીધું હતું. એ રાજાનો બાળ વારસ હતો તેને એ ભાગ પાછો આપ્યો; ટિપૂનો બાકીનો મૂલક નિજામ, મરાઠા અને અંગ્રેજ વચ્ચે વહેંચ્યો. હિંદની અગ્નિકોણમાં આવેલા કર્નાટક દેશપર અર્કોટનો નવાબ હકુમત ચલાવતો હતો. એ દેશ તથા તાંજોરનું સંસ્થાન એ બન્નેને આ અરસામાં ખાલસા કરી અંગ્રેજના પ્રત્યક્ષ અધિકારમાં આણ્યા. એમ મદ્રાસ ઈલાકો બન્યો તે

આજ સુધી લગભગ તેટલોજ છે. કતલ થયેલા ટિપૂના પુત્રોપર પિતાના જેવી માયા દાખવી તેણે તેમની સંભાળ રાખી, તેમને મોટા દરમાયા બાંધી આપ્યા અને અર્ધાપર્ધા રાજા જેવા ઠાઠમાઠ સાથે પ્રથમ વેલોરમાં અને પછી કલકત્તામાં રાખ્યા. તેઓમાંનો છેલ્લો શાહજાદો ગુલામ મુહમદ ૧૮૭૭ લગી જીવતો હતો. કલકત્તામાં તેને સૌ ઓળખતા હતા, અને સુલેહના અમલદારનું કામ તે ઉદ્યોગથી કરતો.

**મરાઠી રાજ્ય, ૧૮૦૦**—ટિપૂ જોડે થયેલાં બંને યુદ્ધોમાં **મરાઠા** અંગ્રેજના નામના સાથી હતા, પણ તેઓએ ખરી મદદ કરી નહોતી, અને હમણાં જેમ **નિજામ** અંગ્રેજનો પક્ષકાર થયો હતો તેમ તેઓ થયા નહતા. આ વેળા **મરાઠાના** બળવાન રાજ્ય પાંચ હતાં. એ **મરાઠી** રાજમંડળમાં **પુણાનો પેશ્વા** સર્વોપરિ મનાતો હતો અને **મરાઠા** લોકનું મૂળસ્થાન પશ્ચિમ ઘાટના મૂલકમાં હતું, ત્યાં તેનો અમલ હતો. **વડોદરાના ગાયકવાડ** રસાળ ગૂજરાત પ્રાંતમાં વરસો વરસ પીડા કરતા. **મધ્ય હિંદમાં ગ્વાલિયરનો સિંધિઆ** અને **ઈંદોરનો હોલ્કર** એ બે લશ્કરી સરદારો વારાફરતી શ્રેષ્ઠતા ધારણ કરતા. પૂર્વમાં **નાગપુરનો ભોંસલા** રાજા વરાડથી **ઓરિસ્સા**ના કિનારા લગી રાજ્ય કરતો. એમને સહાયભૂત સેનાપદ્ધતિમાં લેવાની મહેનત વેલ્લેસ્લેએ કરી. હોલ્કરે પેશ્વાને હરાવી બ્રિટિશ મૂલકમાં નાશી જવાની જરૂર પાડી તેથી તેને **વસઈમાં** અંગ્રેજ જોડે ૧૮૦૨ માં તહનામું કરવાની જરૂર પડી. એમાં તેણે અંગ્રેજ સરકારને વચન આપ્યું કે યૂરોપી કે દેશી કોઈ રાજ્ય જોડે વહેવાર રાખવો નહિ, અને સહાયભૂત સેનાના ખર્ચને સારૂ તેણે અંગ્રેજને મૂલક આપ્યો. આથી **મુંબાઈ** ઈલાકામાં અંગ્રેજની મુલ્કી સત્તાનો ઘણો વિસ્તાર થયો. પણ એથી બીજું **મરાઠી** યુદ્ધ ઉત્પન્ન થયું; કેમકે **મરાઠી** રાજ્યની સ્વતંત્રતા દગાથી આપી દીધી તે **નાગપુરના** રાજાએ અને **સિંધિઆએ** કબૂલ રાખ્યું નહિ.

**બીજું મરાઠી યુદ્ધ, ૧૮૦૨–૧૮૦૪.**—લડાઈ ચાલી તેથી કદાચ હિંદમાં બ્રિટિશ ફોજે કરેલી સઘળી લડાઈ ઓથી વધારે કીર્તિ મળી. સામાન્ય ગોઠવણ અને જોઈએ તેટલાં સાધનો પૂરાં પાડવાની ત્રેવડ લૉર્ડ વેલ્લેસ્લેએ કરી હતી અને પાછા નહિ હઠે એવી કે હારી ન જાય એવી

હિમ્મત પણ તેનીજ હતી. લશ્કરોના સેનાપતિઓ સર આર્થર વેલ્લેસ્લે (પછીથી ડયુક ઑવ્ વેલિંગ્ટન) અને જનરલ (પછીથી લૉર્ડ) લેક હતા. વેલ્લેસ્લેએ દક્ષિણમાં કામ ચલાવ્યું અને થોડા મહિનામાં એસ્સે અને આર્ગામની લડાઈમાં ભારે જય મેળવ્યો તથા અહમદનગર જીતી લીધું. હિંદુસ્તાનમાંની લેકની સવારી પણ તેવી ફતેહમંદ થઈ. ઈતિહાસ લખનારા એના જય વિષે ઓછું બોલ્યાછે, પરંતુ તેનો જય ઓછો નહતો. તે અલીગઢ અને લાસ્વારીના વ્યૂહપૂર્વક થયેલાં યુદ્ધોમાં ફતેહ પામ્યો અને તેણે દિલ્લી અને આગ્રા શહેરો લીધાં. સિંધિઆની ફ્રેંચ ફોજને તેણે વિખેરી નાંખી અને તેજ વખતે મુગલ પાદશાહનો હિમાયતી થઈ તેના પૂર્વજોની રાજધાનીમાં તે રહ્યો. ૧૮૦૩ ની સાલ પૂરી થયા પહેલાં સિંધિઆ અને નાગપુરનો ભોંસલા રાજા, એ બેઉએ, સલાહનાં કહેણ મોકલ્યાં. જમનાની ઉત્તરે આવેલા પોતાના તમામ મૂલક પરનો હક્ક સિંધિઆએ આપી દીધો અને આંધળા ઘરડા પાદશાહ શાહઆલમને અંગ્રેજના રક્ષણમાં મૂક્યો. ભોંસલાએ ઓરિસ્સા પ્રાંત અંગ્રેજને આપ્યો. ત્યાર પહેલાં ૧૮૦૩ માં ઉતાવળે કુચ કરનારી એક અંગ્રેજી ફોજે એ પ્રાંતનો કબજો કર્યો હતો. ભોંસલાએ વરાડપ્રાંત નિજામને આપ્યો. બ્રિટિશ સરકારના કહ્યા પ્રમાણે વર્ત્તવાથી નિજામને દરવખતે નવો મૂલક મળતો હતો. લૂટારો જસવંતરાવ હોલ્કર એકલો રણમાં રહ્યો. માળવા અને રજપૂતાનામાં લૂટ કરી તે પોતાના લશ્કરનું ગુજરાન ચલાવતો હતો. વેલ્લેસ્લેની હકુમતનાં છેલ્લાં વરસ હોલ્કર સાથે વઢવામાં ગયાં, પણ તેથી અંગ્રેજના નામને થોડી આબરૂ મળી. મધ્ય હિંદમાં કર્નલ મોન્સનને પાછું હઠવું પડયું તે આફત ભરેલું થયું (૧૮૦૪) અને તેથી વાર્ગામનો કોલકરાર અને હૈદરઅલીએ કર્નલ બૈલ્લીના લશ્કરનો નાશ કર્યો હતો તે યાદ આવ્યાં. ભરતપુરના ઘેરામાં લેક પંડે હાર્યો. એ અંગ્રેજી સૈન્યે પોતાનો મતલબ પાર પાડ્યા વિના પાછી પાની કરી તેનું એક ઉદાહરણ છે (૧૮૦૫). ૧૮૨૭ માં અંતે ભરતપુર જીતાયું.

**લૉર્ડ વેલ્લેસ્લેના પછી હિંદની હાલત, ૧૮૦૫.**—લૉર્ડ વેલ્લેસ્લેએ છ વરસ કારભાર ચલાવ્યો, તે દર્મિયાન પોતાની મુલ્કી

યોજના લગભગ સઘળી પાર પાડી. ઉત્તર હિંદમાં લૉર્ડ લેકની સવારીથી વાયવ્ય પ્રાંતો ( પ્રાચીન મધ્યદેશ ) અને પૂતળા જેવો પાદશાહ અંગ્રેજ સરકારને કબજે આવ્યાં. એ નવા મૂલકને પૂર્વે અયોધ્યાના નબાબ વજીર પાસેથી મળેલા મૂલક સાથે જોડી દઈ ‘આપેલા અને જીતેલા પ્રાંતો’ બનાવ્યા. ૧૮૪૪ અને ૧૮૪૭ માં સીખરાજ્ય જોડે યુદ્ધ થયાથી પંજાબ દેશ મળ્યો ત્યાં લગી ઉત્તર હિંદનો એ વિભાગ એ હાલતમાં રહ્યો. પાછળ કહી ગયા તેમ અગ્નિ કોણમાં લૉર્ડ વેલ્લેસ્લેની જીતથી મદ્રાસ ઇલાકો બન્યો તે હજીલગી લગભગ તેટલોજ છે. પશ્ચિમ હિંદમાં પેશ્વા કંપની સરકારનો તાબેદાર રાજા બન્યો. ૧૮૧૮ માં છેલ્લું મરાઠી યુદ્ધ થયું ત્યાંસુધી મુંબાઈના ગવર્નરના તાબામાં હાલ જેટલો મૂલક છે તેટલો આવ્યો ન હતો.

## प्रकरण १४ मुं.

### બ્રિટિશ હિંદનું સુદૃઢ થવું.

**લૉર્ડ કૉર્નવાલિસ બીજીવાર આવ્યો, ૧૮૦૫.**— એ દર્મિયાન લૉર્ડ વેલ્લેસ્લેના ભારે કામોથી નાણાંની તાણ પડવાથી તેના સ્વદેશમાં કોર્ટ ઑવ્ ડિરેક્ટરની ધીરજ રહી નહિ. ૧૮૦૫ માં લૉર્ડ કૉર્નવાલિસને હરકોઈ પ્રકારે સલાહ કરવાનું ફરમાવી ગવર્નર જનરલ નીમી બીજીવાર મોકલ્યો. એ વખતે હોલ્કર જીતાયો નહતો અને સિંધિઆ ફરી યુદ્ધ કરવાની ધાસ્તી આપતો હતો. પણ કૉર્નવાલિસ હમણાં ઘરડો થયો હતો અને તેનું શરીર છેક લેવાઈ ગયું હતું. ચોમાસામાં વાયવ્ય કોણ ભણી મુસાફરી કરતાં ગાઝીપુરમાં તે નિર્ગત થઈ જઈ મરણ પામ્યો. તે વખતે તેને હિંદમાં આવ્યાને હજી દશ અઠવાડીઆં થયાં નહતાં.

**સર જ્યૉર્જ બાર્લો, ૧૮૦૫.**—તેની પછી તેનો જગાએ સર જ્યૉર્જ બાર્લો થયો. એ કંપનીના મુલ્કી ખાતામાં (સિવિલ સર્વિસમાં) નોકર હતો અને તે એવીજ કે કામચલાઉ જેવો હોવાથી તેને પોતાના ઉપરીઓના હુકમો અમલમાં લાવ્યા વિના બીજો રસ્તો નહતો. એ હુકમ પ્રમાણે તેણે બ્રિટિશ રાજ્યનો વિસ્તાર કમી કર્યો અને કરેલા કોલકરાર તોડી રજપૂત રાજાઓને છોડી દીધા તેથી તેઓને કઠણ હૈયાના હોલ્કર અને સિંધિઆને શરણ થવું પડ્યું. વેલ્લોરમાં મદ્રાસી સિપાઈઓએ (૧૮૦૬ માં) બળવો પણ તેના કારભારના વખતમાંજ કર્યો. એ ફિતૂર ઝટપટ બેસાડી દેવામાં આવ્યું, તોપણ તેથી આખા રાજ્યમાં ધાસ્તી પેઠી. આ વચગાળાના વખતની નબળી કરકસરવાળી રાજનીતિ ઘણી નુકસાનકારક થઈ પડી. પણ સારે નસીબે રાજની લગામ થોડા વખતમાં વધારે દૃઢ મનના માણસને હાથ ગઈ.

**અર્લ ઑવ્ મિંટો, ૧૮૦૭—૧૮૧૩**—લૉર્ડ મિંટોએ ૧૮૦૭ થી ૧૮૧૩ સુધી ગવર્નર-જનરલનું કામ કરી વેલ્લેસ્લેએ જીતેલા રાજ્યને

મજબૂત પાયાપર આણ્યું. તેણે મારિસ બેટ ( મૉરિશિયસ ) નો કબજો કર્યો અને જાવા ઉપર સવારી કરી તે બેટને જીતી લીધો. એજ તેનું લશ્કરી મોટું કામ હતું. એ સવારીની જોડે તે પંડે ગયો હતો. મધ્ય હિંદમાં ગરબડાટ જારી હતો, પણ લૉર્ડ મિંટો જાતે યુદ્ધે ચડ્યા વગર ભારે વરવાડ ઊઠતી અટકાવી શક્યો. કંપનીએ તેને હુકમ કીધો હતો કે બીજા રાજ્યોના કામમાં હાથ ન ઘાલવો. અંગ્રેજના નામને નુકસાન લગાડ્યા વિના તેણે આ હુકમ પાળવા તજવીજ કરી. એના આસરા નીચે હિંદીસરકારે પંજાબ, અફગાનિસ્તાન, અને ઈરાનમાં એલચીઓ મોકલી એ નવાં પરરાજ્યો જોડે વહેવાર ચલાવ્યો. એ બધા એલચીઓ વેલ્લેસ્લેના હાથ નીચે કેળવાયેલા હતા, અને હિંદી સરકારના નોકરોમાંથી નીવડેલા રાજ્યાધિકારીઓમાં કદાચ સહુથી વધારે નામાંકિત એ ત્રણ હતા. મેટકાફ લાહોરમાં રણજીતસિંહનું સીખ દરબાર હતું ત્યાં ગયો, એલ્ફિન્સ્ટન પેશાવરમાં અફગાનિસ્તાનના શાહને મળ્યો, અને માલ્કમને ઈરાન મોકલ્યો. એ વકીલો જવાથી કાંઈ જાથુ પરિણામ થયાં એમ કહી શકાય નહિ; પણ તેથી અંગ્રેજને નવાં રાજ્યોમાં એલચીઓ મોકલવાનો સંબંધ થયો, અને તેમની સત્તા વાપરવાની જગા વધી. સને ૧૮૧૩ માં ઈસ્ટ ઇંડિયા કંપનીને બીજા વીશ વર્ષનો પટો કરી આપ્યો. પણ હિંદુસ્તાન સાથે વેપાર કરવાનો તેને એકલીનેજ હક્ક હતો તે હવે લઈ લીધો.

**લૉર્ડ મોઈરા, ૧૮૧૪—૧૮૨૩.**—લૉર્ડ મિન્ટોને ઠેકાણે અર્લ ઑવ્ મોઇરા નીમાયો. પછીથી 'માર્કિવસ ઑવ હેસ્ટિંગ્સ' નો ઈલકાબ તેને મળ્યો તે નામે તે વધારે પ્રખ્યાત છે. મધ્ય હિંદમાં લૉર્ડ વેલ્લેસ્લેએ શરૂ કરેલી જીતને લૉર્ડ હેસ્ટિંગ્સે પૂરી કરી, અને હાલ જેટલો મુંબાઈ ઇલાકો છે તેટલો તે ગયો તે વારે લગભગ થયો હતો. ૧૮૧૪ થી ૧૮૨૩ સુધીની તેની લાંબી કારકીર્દીમાં બે મોટાં યુદ્ધ થયાં, એક નેપાળના ગુર્ખાલોક જોડે, અને બીજું મરાઠા જોડે.

**નેપાળ જોડે યુદ્ધ, ૧૮૧૪—૧૮૧૫.**—હાલ નેપાળમાં અમલ ચલાવનારા ગુર્ખા લોક ત્યાં જઈ વસેલા હિંદુ છે અને કહેછે કે અમે મૂળ રજપૂત હતા. નેવાર નામે અસલ વતનીઓ હિંદી-તિબેટી કુળના છે

અને બૌદ્ધધર્મ માનેછે. ગુર્ખા રાજ્યનો આરંભ માત્ર ૧૭૬૭ ના વરસથી થયોછે. એ સાલમાં તેમણે ખટમંડુની ખીણ હાથ કરી લીધી, અને પછી ધીમે ધીમે નેપાળના ડુંગરા અને ખીણોપર પોતાની સત્તા ફેલાવી લશ્કરી જાગીરોના પાયાપર રાજવ્યવસ્થા રચી તેઓ એવાતો બળવાન થયા કે તેમના પાડોશીઓ થોડા વખતમાં તેમનાથી ત્રાસવા લાગ્યા. પૂર્વે સિક્કિમમાં, પશ્ચિમે કમાઉનમાં, અને દક્ષિણે ગંગાના પ્રદેશમાં તેઓ ધુશ્યા. એમાં છેલ્લે ઠેકાણે તેમણે અંગ્રેજની રૈયતને પીડા કરી, તેથી તેમને આગળ વધતા અટકાવવાની જરૂર માલૂમ પડી. સર જ્યૉર્જ બાર્લોએ તથા લૉર્ડ મિન્ટોએ તેમને સમજાવી વારવાનો પ્રયત્ન કર્યો તે નિષ્ફળ જવાથી લૉર્ડ મોઈરાને યુદ્ધ કરવા સિવાય બીજો રસ્તો રહ્યો નહતો. ૧૮૧૪ માં સવારી કરી તેની પહેલાં હાર થઈ. રોગી હવા અને સીધા ડુંગરાથી થતી કુદરતી અડચણોને દૂર કર્યા પછી અંગ્રેજી ફોજ કેટલીક લડાઈ લડી, તેમાં ઠીંગણા ગુર્ખાની જોશ ભરેલી બહાદુરીથી તેની પૂરેપૂરી હાર થઈ. ગુર્ખાના કુકરી નામે છરાએ એ લડાઈઓમાં ખુબ ઘાણ કાઢયો. પણ ૧૮૧૪ ના શિયાળામાં જનરલ ઑકટર્લોનીએ સતલજને રસ્તે બીજી સવારી કરી અને હલ્લાં કરીને એક પછી એક ડુંગરી ગઢો લીધા અને નેપાળ દરબારને સલાહ કરવાનાં કહેણ મોકલવાની જરૂર પાડી. હિમાલયનાં જે સંસ્થાનો હાલ પંજાબ સરકારના હાથ નીચે છે તેઓમાં એ કિલ્લા હજીપણ છે. બીજે વરસે ૧૮૧૫ માં એજ જનરલે પટણાથી ખટમંડુની ઊંચી ખીણ સુધી બહાદૂરીથી કૂચ કરી, અને જે શરતો નેપાળના દરબારે પ્રથમ મંજૂર રાખી ન હતી તે તેની રાજધાનીથી થોડા મૈલપર જઈ કબૂલ કરવાની તેને ફરજ પાડી. સેગાઉલીના કરાર પ્રમાણે અગ્નિકોણે સિક્કિમમાંથી ગુર્ખા પાછા ગયા. નૈર્ઋત્યમાં હિમાલયના આગલા ભાગમાં તેમનાં આગળ વધી આવેલાં થાણાં હતાં તે તેમણે ઉઠાવી લીધાં, એથી નૈનીતાલ, મસુરી, અને સિમલાનાં તંદુરસ્તી આપનાર સ્થળો અંગ્રેજને હાથ આવ્યાં. અંગ્રેજ અને નેપાળનાં રાજ્યોની વચ્ચે એજ કરાર પ્રમાણે હજીપણ વહેવાર ચાલેછે.

**પિંડારા, ૧૮૦૪ થી ૧૮૧૭.**—એ દર્મિયાન મધ્ય હિંદની હાલત વરસોવરસ વધારે અસંતોષકારક થતી જતી હતી. મોટા મરાઠા સરદારો લૂટારૂ ટોળીના સરદારો ટળીને શાહજાદાઓની રીતે વર્તવા લાગ્યા હતા. પણ તેમની અસલની અધર્મી ગેરકાયદાની રાહે ચાલનારા પિંડારા નામે નવા લૂટારૂ ઊભા થયા હતા. મરાઠા તો એક હિંદુ પ્રજા હતી અને એક સંપથી રાજ્ય કરવાની અસલ ચાલતી આવેલી રીત પ્રમાણે વર્તવાને તેઓ બંધાયલા હતા, પણ પિંડારા તો મધ્ય યુગના યૂરોપની એકેદ ટોળીઓનાં જેવાં માત્ર લૂટારૂ ધાડાં હતાં. કોઈ એક જાતના કે એક ધર્મના નહોતા. આખા હિંદમાંના હરકોઈ બારવટીઆ અને તુટી ફૂટી જાતોને-પઠાણ, મરાઠા કે જાટ જે હોય તેને તેઓ ખુશીથી પોતાનામાં દાખલ કરતા. મુગલાઈ રાજ્યરૂપી ઇમારત તૂટી તેના છારાં કે કચરા જેવા એ હતા. તે રાજ્યના ખંડેરમાંથી જે હિંદુ કે મુસલમાની રાજ્યો દેશમાં સ્થાપન થયાં તેઓમાં જેમને નોકરી ન મળી તેઓ એમાં આવી ભરાયા. કેટલાક વખત લગી તો એમ લાગ્યું કે મુગલાઈ રાજ્યનો વારસો એ લૂટારૂ ફોજને મળે એ ખરો. બંગાળામાં પણ કાઢી મૂકેલા મુસલમાન સવારો અને લૂટારૂ હિંદુ જાતોનાં એવાં ટોળાં બંધાયાં હતાં. પણ વૉરન હેસ્ટિંગ્સના આકરા અમલમાં તેઓને વિખેરી નાંખ્યાં હતાં. મધ્ય હિંદમાં એ પીડા વધારે વાર ટકી, વધતી વધતી ગઇ અને આખરે નિયમપૂર્વક યુદ્ધથીજ તેનો નાશ થયો.

**પિંડારી યુદ્ધ, ૧૮૧૭.**—પિંડારાનાં રહેઠાણ માળવામાં હતાં, પણ તેઓ મધ્ય હિંદમાંજ લૂટફાટ કરતા એમ ન હતું. કોઈવાર સેંકડો અને કોઈવાર હજારો સવારોનાં ધાડાં મદ્રાસ અને મુંબાઇના સામસામા કિનારા લગણ જતાં. અમીરખાન નામે પિંડારાનો સૌથી બળવાન સરદાર હતો. તેની પાસે ઘણી પલટણોનું અને કેટલીક તોપોનું બરોબર ગોઠવેલુ લશ્કર હતું. ચીતુ અને કરીમ નામે બે બીજા સરદારોએ એકવાર પોતાના છુટકારાને સારૂ સિંધિઆને દશલાખ રૂપિઆ દંડ આપ્યો હતો. તમામ મરાઠા સરદારોને તેમની જોડે ઓછો

વધતો એક રાગ હતો. લૉર્ડ હેસ્ટિંગ્સે (૧૮૧૭ માં) એ પિંડારાનો નાશ કરવાને ૧,૨૦,૦૦૦ યોદ્ધાઓની સેના ભેગી કરી. હિંદમાં એ વખત લગી એવડી મોટી બ્રિટિશ ફોજ એકઠી થઈ નહતી. એમાંના અર્ધ ભાગે ઉત્તરથી કામ ચલાવ્યું. અને બાકીનાએ દક્ષિણથી કામ ચલાવ્યું. સિંધિઆને ધાસ્તીમાં રાખવાથી તે શાંત રહ્યો. અમીરખાનને હાલ ટાંકનું સંસ્થાન છે તેનો કબજો સ્વાધીન રહેવા દેવાની ખાતરી કરી આપવાથી તેણે પોતાના લશ્કરને રજા આપી. બાકીના પિંડારી ટોળાંઓપર તેમના રહેઠાણોમાં હલ્લાં કરી ઘેરી લેઈ તેમનો નાશ કર્યો. કરીમ જીતનારાકને દયાદાન માગી શરણે આવ્યો. ચીતુ જંગલોમાં નાઠો ને ત્યાં તેને વાઘે માર્યો.

**છેલ્લું મરાઠી યુદ્ધ, ૧૮૧૭—૧૮૧૮.**—જે સાલમાં પિંડારાને છૂંદી માર્યા તેજ સાલ (૧૮૧૭) માં અને લગભગ તેજ માસ (નવેમ્બર)માં પુણા, નાગપુર, અને ઇંદોરનાં ત્રણ મોટાં મરાઠી રાજ્યો જુદાંજુદાં અંગ્રેજની સામે ઊઠ્યાં. ૧૮૦૨ માં વસાઇના કોલકરારમાં થયેલી શરતોથી પેશ્વા બાજીરાવ ક્યારનો અકળાઈ નારાજ થઈ રહ્યો હતો. ૧૮૧૭ ના જુન મહિનામાં પુણામાં નવો કરાર થયો તેવડે ગાયકવાડ તેની સત્તાથી છૂટો થયો. તેણે સહાયકારી બ્રિટિશ ફોજના પગારને પેટે બીજા નવા પ્રાંતો આપ્યા, અને ત્યારપછી જે વાંધા ઊઠે તેનો નિવેડો અંગ્રેજ સરકારે કરવો એવું ઠેરવ્યું. એ વેળા અંગ્રેજનો રેસિડંટ એલ્ફિન્સ્ટન હતો. તેને તોફાનની ચેતવણી મળવાથી તે ખડકીની છાવણીમાં જઈ રહ્યો. ત્યાં તેણે એક યૂરોપી પલટણ મંગાવી હતી. બીજે દિવસે રેસિડંસીને બાળી નાંખી પેશ્વાની આખી ફોજે ખડકી ઉપર હુમલો કર્યો. એ હુમલો બહાદુરીથી અંગ્રેજી લશ્કરે પાછો વાળ્યો, એટલે તુરત પેશ્વા પોતાની રાજધાની છોડી નાશી ગયો. નાગપુરમાં પણ લગભગ એજ પ્રમાણે બન્યું. ત્યાં સીતાબાલ્ડીના ડુંગરનું રક્ષણ દુશ્મનોની સંખ્યા ઘણીજ વધારે છતાં સિપાઈ઼ઓએ કરી અંગ્રેજ નામની લાજ રાખી. બીજે મહિને મહિદપુર આગળ બંને લશ્કરે વ્યૂહ રચી લડાઈ કરી તેમાં હોલ્કરની ફોજ હારી.

**છેલ્લા મરાઠી યુદ્ધનાં પરિણામ.**—હવે શત્રુઓ ખુલ્લીરીતે સામા

થતા બંધ થયા. નાસનારાની પાછળ જવું, અને સામાન્ય શાંતિને માટે શરતો મનાવવી એ વિના બીજું કાંઇ અંગ્રેજ સરકારને કરવાનું રહ્યું નહિ. આ બને કામ કરવામાં સર જૉન માલ્કમે આગેવાની કરી. પેશ્વાનો મૂલક મુંબાઈ ઇલાકમાં જોડી દીધો, અને પિંડારાના મૂલક લીધા તે આસપાસ વધતાં વધતાં હાલના મધ્યપ્રાંત થયા. પેશ્વા પોતે શરણે આવ્યો. તેને કાનપુરની પાસેના બિથૂરમાં રહેવા દેઈ વરસે રૂ. ૮,૦૦,૦૦૦ નું પેન્શન બાંધી આપ્યું. ૧૮૫૭ ના બળવામાં ફજેત થયેલો નાના સાહેબ એનો દત્તપુત્ર હતો. પેશ્વા અસલથી મરાઠી રાજ-મંડળનો મુખ્ય મનાતો હતો, તેની આ ખાલી પડેલી જગા પૂરવાને શિવાજીના ખૂણે પડેલા વંશજને બહાર આણી સતારાની ગાદીએ બેસાડ્યો. એક બાળકને હોલ્કરનો વારસ માન્યો; બીજા બાળકને બ્રિટિશ સરકારના વાલીપણા નીચે નાગપુરનો રાજા ઠરાવ્યો. એજ અરસામાં રજપૂતાનાનાં સંસ્થાનોએ અંગ્રેજ સરકારને ઉપરી માન્યા, અને પોતે તેનાં માંડલિક બન્યાં. એ પ્રમાણે હિંદનો નકશો લૉર્ડ હેસ્ટિંગ્સે દોર્યો તે લૉર્ડ ડેલ હાઉસીના વખત લગી બહુ જોતાં બદ-લાયો નહિ. પણ બ્રિટિશ રાજ્યની સીમા વધારી એમાં લૉર્ડ હે-સ્ટિંગ્સ અને સર જૉન માલ્કમ ઉત્તમ વડાઇ માનતા નહોતા, પણ કરોડો આદમીને મરાઠા અને પિંડારાના જુલમથી છોડાવી તેમને શાંતિનું અને રૂડા રાજ્યબંદોબસ્તનું સુખ આપ્યું એમાં માનતા હતા.

**અર્લ આમ્હર્સ્ટ, ૧૮૨૩–૧૮૨૯.**— માર્કિવસ ઑવ્ હેસ્ટિંગ્સની જગાએ થોડા મહિના પછી લૉર્ડ આમ્હર્સ્ટ આવ્યો, ને વચગાળાના વખતમાં સિવિલ સર્વિસના મી. આડમે ગવર્નર જનરલનું કામ ચ-લાવ્યું. હિંદી દ્વીપકલ્પમાં મરાઠા યુદ્ધનો અંત આવ્યો ન હતો એટલામાં અંગ્રેજી ફોજોને દરિયાપર નવાજ શત્રુ જોડે બાથ ભીડવી પડી. લૉર્ડ આમ્હર્સ્ટનો કારભાર ૧૮૨૩ થી ૧૮૨૮ લગીનાં પાંચ વરસ ચાલ્યો, તે દર્મિયાનમાં ઇતિહાસમાં પંકાયેલા બે મોટા બનાવ બન્યા, પહેલું બ્રહ્મી યુદ્ધ તથા ભરતપુર ગઢના જીત.

**પ્રાચીન કાળમાં બ્રહ્મદેશ.**—કેટલાંક વરસ થયાં આપણી ઇશાન

હદપર લૂટ કરવાને બ્રહ્મીલોક ચડી આવી લોકને હરકત કરતા હતા. બ્રહ્મદેશ એ "સુવર્ણમય દ્વીપકલ્પ" (ગોલ્ડન કર્સોનીસ) ના નામથી પ્રાચીન ગ્રીક લોકના જાણવામાં હતો. એ દેશાની દંતકથાઓ એવી છે કે કોઈ ધાર્મિક રાજાએ કાશીથી આવી ઈસુખ્રિસ્તનો જન્મ થયા પહેલાં સેંકડો વરસપર આરાકાનને બ્રહ્મી કાંઠે રાજ્ય સ્થાપ્યું હતું. વળી એવી દંતકથા ચાલેછે કે બ્રહ્મદેશના દક્ષિણ ભાગોમાં બંગાળાના ઉપસાગરના મદ્રાસ તરફના કોરોમાંડલ કાંઠેથો લોકો આવીને વસ્યા હતા. ગમે તેમ હો તોપણ હાલ બ્રહ્મી લોક બૌદ્ધ ધર્મ માનેછે તે તો ઘણા જૂનાં વખતમાં હિંદથી આવ્યો એ નક્કી છે. ખરૂં જોતાં એ ધર્મ બ્રહ્મદેશમાં ઈ૦ સ૦ ૧૬૪ માં સ્થપાયો એવું કહેવાયછે. વાયવ્ય કોણે હિંદમાંથી સુધારાનું વહેણ બ્રહ્મદેશમાં દાખલ થયું, ત્યારે વગડાઉ શાન જાતો તથા ટિબેટી—ચીનાઈ ઓલાદની બીજી જાતો ઈશાનમાંથી ઈરાવદીના પ્રદેશોમાં પેઠી. એમ અગ્નિકોણે શિયામમાંથી અને ઈશાનકોણે ચીનની સરહદના જંગલવાળા પહાડોમાંથી સમુદ્રનાં મોજાંની પેઠે હુમલા કરનારાની સવારીઓ એકપછી એક સેંકડો વરસ લગી ચઢી આવી હતી. એમણે હળવે હળવે ત્રણ જુદાં જુદાં રાજ્ય સ્થાપ્યાં તે આ પ્રમાણેઃ—બ્રહ્મી કાંઠે આરાકાન; ઈરાવદીની ઉપલી ખીણમાં આવા, અને એ નદીના ડેલ્ટામાં પેગુ. તેઓ ટિબેટી ચીનાઈ જાતના હોઈ બ્રહ્મદેશની રાજ્ય કરનારી ઓલાદ બન્યા; અને તેમણે પોતાનાં નવાં રહેઠાણોમાં હિંદથી આવેલો બૌદ્ધ ધર્મ પાળ્યો. એ ત્રણ બ્રહ્મી રાજ્યો માંહોમાંહે લડી લોકોપર ધાતકીપણું ગુજારતાં અને તેમની હત્યા કરતાં. એમ ઘાતકીપણું ગુજારવું અને હત્યા કરવી એ ટિબેટી—ચીનાઈ જાતનો સ્વભાવ જણાયછે; તોપણ એ સઘળા ફેરફારમાં બૌદ્ધ ધર્મની વિદ્યા તથા સુધારાને જરાએ ધોકો તો લાગ્યો નહિ, પણ જૂનાં દેવાલયોની આસપાસ તેઓ આબાદ રહ્યાં. ૧૫ મા સૈકામાં યૂરોપી મુસાફરો પેગુ અને તેનાસેરિમમાં ગયેલા તેમણે લખ્યુંછે કે ત્યાં દરિયાઈ વેપાર સારો ચાલતો હતો. પૂર્વમાં પોર્ટુગીઝની ચઢતી હતી, ત્યારે મરણીઆ યૂરોપી સાહસિકો આરાકાનમાં આશ્રય લેતા. તેમની મદદથી આરાકાનીઓએ દેશાના

અંદરના ભાગમાં પોતાની સત્તા ફેલાવી ચિત્તાગોંગ કબજે કર્યું અને ( માઘનામથી ) ગંગાની શાખાઓનો વચ્ચેના પ્રદેશમાં ત્રાસ વર્તાવ્યો. સને ૧૭૫૦ ને સુમારે બ્રહ્મદેશમાં નવો રાજવંશ થયો, ને આલઉંગપયા કે આલોમ્પ્રાએ આવામાં રાજધાની કરી એ વંશ સ્થાપ્યો. સ્વતંત્ર બ્રહ્મદેશમાં એ વંશનો અમલ સને ૧૮૮૫ સુધી રહ્યો.

**પહેલું બ્રહ્મી યુદ્ધ, ૧૮૨૪—૧૮૨૬.**—આલોમ્પ્રાનો પછી થયેલા અધિકારીઓએ આખો બ્રહ્મદેશ તાબે કર્યો. એ વખતે આસામ સ્વતંત્ર રાજ્ય હતું. તે ઉપર ફરી વળી તેઓ બંગાળાનાં બ્રિટિશ પરગણામાં પગપેસારો કરવા લાગ્યા. સલુકાઈનાં સઘળાં કહેણ તેમણે તિરસ્કારથી પાછાં વાળ્યાં, ત્યારે આખરે ૧૮૨૪ માં લૉર્ડ આમ્હર્સ્ટને યુદ્ધના જાહેરનામા કરવાની જરૂર પડી. એક સવારી ગન્બોટો ( તોપોવાળી હોડીઓ ) વડે બ્રહ્મપુત્રની વાટે આસામમાં ગઈ. દરીઆને રસ્તે જવાની બંગાળી સિપાઈઓએ નાપાડી તેથી બીજી ફોજ ચિત્તાગોંગમાં થઈ આરાકાનમાં પેઠી. ત્રીજી અને સહુથી જોરાવર ફોજ મદ્રાસથી વહાણે ચઢી સાધી ઈરાવદીના મુખભણી ગઈ. યુદ્ધ બે વરસથી વધારે પહોચ્યું. ૨૦,૦૦૦ અંગ્રેજ લોકોના માણસ, મુખ્યત્વે મંદવાડથી, મુઆ; અને ૧૪ કરોડ રૂપિઆ ખર્ચ થયા પછી ૧૮૨૬ માં આવાના રાજાએ યાન્દાબુના કરાર ઉપર સહી કરી. એ કરારથી તેણે આસામ ઉપરથી પોતાનો બધો દાવો ઊઠાવી લીધો અને આરાકાન તથા તેનાસરિમ પ્રાંતો અંગ્રેજની ફોજે કબજે કર્યા હતા તે અંગ્રેજ સરકારને આપી દીધા. સમુદ્રપર આવેલા રંગુન સુધી ઈરાવદીનો તમામ પ્રદેશ બ્રહ્મી રાજાએ રાખ્યો.

**ભરતપુર લીધું. ૧૮૨૭.**—મધ્ય હિંદના મોટા જાટ સંસ્થાન ભરતપુરમાં, ગાદીને માટે વાંધો ઊઠવાથી બ્રિટિશ સરકાર વચમાં પડી. લૉર્ડ કૅામ્બરમીઅરે સને ૧૮૨૭ ના જાનેવારીમાં એ શહેર જીતી લેઈ ૧૮૦૫ ના જાનેવારીમાં લૉર્ડ લેકની હારથી જે નામોશી લાગી હતી તે ભૂશી નાંખી. માટીના જબરા કોટપર તોપના ગોળાથી ઝાઝી અસર થતી નહતી, પણ છેવટે સુરંગ ફોડવાથી કોટ તુટયો, અને તુટેલા ભા-

ગમાં ધસારો કરી ભરતપુર જીત્યું, ને હિંદનો આ ગઢ જીતાય એવો નથી એવો જે વિચાર લોકોમાં ચાલતો હતો તે નાશ પામ્યો. એ વિચાર અંગ્રેજી રાજ્યને ભય કરનાર થયો હતો.

**લૉર્ડ વિલિઅમ બેંટિક, ૧૮૨૮—૧૮૩૫.**—વીસ વરસપર (૧૮૦૬ માં) વેલોરમાં બંડ થયું ત્યારે મદ્રાસનો ગવર્નર લૉર્ડ વિલ્લિઅમ બેંટિક હતો, તે હવે ગવર્નર જનરલ નીમાયો. જેમ વધારે જીત મેળવાય અને મૂલકનો વિસ્તાર વધે તેમ રાજ્યની વૃદ્ધિ થાય એમ તવારીખ લખનારાઓ ગણેછે. પણ એના સાત વરસના અમલમાં એવું કાંઈ જાણવા લાયક બન્યું નથી. તોપણ એણે કારભારમાં સુધારો દાખલ કર્યો તથા જે ધીમીધીમી રીતિથી તાબાની રૈયત પક્ષમાં ખેંચાઈ પરદેશી રાજકર્ત્તાને માન આપેછે અને તેમનાથી ડરેછે, તેવી રીત પકડી, તેથી એનો સમય નામાંકિત છે. હાલના વખતમાં અંગ્રેજ લોકો હિંદમાં દેશી લોકના ભલા ઉપર નજર રાખી પરગજુપણે, દેશનો રાજવહીવટ કરેછે એવો તેમનો ઇતિહાસ લૉર્ડ વિલ્લિઅમ બેંટિકથી શરૂ થાયછે. કલકત્તામાં તેનું પૂતળું છે, તે ઉપર મેકૉલેની કલમથી લખાયેલો લેખ આ પ્રમાણે છેઃ—'તેણે ક્રૂર ધર્મક્રિયા નાબુદ કરી; નામોશી ભરેલા ભેદ કાઢી નાંખ્યા; પ્રજાનો મત જાહેર કરવાની છૂટ આપી; અને તેને હવાલે જે પ્રજાઓને સોંપવામાં આવી હતી તેમની બુદ્ધિ અને નીતિને સુધારી તેમને ઊંચા લક્ષણની કરવી એ તેના મનમાં હમેશ રમ્યા કરતું.

**બેંટિકના વસૂલાત ખાતામાં સુધારા.**—બ્રહ્મી યુદ્ધથી ખર્ચમાં વધારો થવાથી ઉપજ ખર્ચ ખાતું ડોલવા લાગ્યું હતું, તેને ઠેકાણે લાવવાપર તેણે આવતાંવારને પ્રથમ લક્ષ લગાડ્યું. એ કામ તેણે ત્રણ તરેહના ઉપાયથી પાર પાડ્યું. ૧ લો, જાથુ ખર્ચમાં વરસે દોઢ કરોડ રૂપિઆનો ઘટાડો કર્યો. ૨ જો. જે જમીનપર ગેરવ્યાજબી રીતે વેરો માફ કર્યો હતો તેપર વેરો નાંખી ઊપજમાં વધારો કર્યો. ૩ જો. માળવાના અફીણ ઉપર જકાત ઠરાવી કંપનીની નોકરીમાં દેશીઓને પેસવાના રસ્તા હતા તેપણ તેણે વધારે ખુલ્લા કર્યા. એમાંના કેટલાક સુધારા

સનદી નોકરોને તથા લશ્કરી અમલદારોને અણગમતા હતા; પણ લૉર્ડ વિલ્લિઅમને કોર્ટ ઑવ્ ડિરેક્ટરોએ તથા ઇંગ્લાંડના પ્રધાનોએ જબરો ટેકો આપ્યો.

**સતી થવાનો ચાલ બંધ પાડયો, અને ઠગીનો નાશ કર્યો.**— એનાં સહુથી વધારે સંભારવા જોગ બે કામ છેઃ સતીને નામે વિધવાને બાળી મારવાનો રિવાજ બંધ પાડ્યો તે; અને ઠગ એટલે ફાંશીઆ લોકનો નાશ કર્યો તે. આ બે જંગલી રિવાજોથી હિંદુઓની સંસારી વ્યવસ્થા કેટલી બધી બગડી હતી તેનો ખ્યાલ આટલો બધો વખત ગયા પછી મનમાં ખરેખર આણવો કઠણ છે. યૂરોપી પંડિતોની શોધથી ખરેખર સાબીત થયુંછે કે વિધવાને બાળી મારવાના આધાર તરીકે વેદના જે મંત્રનો અર્થ દેખાડવામાં આવ્યોછે તેનો તરજુમો જાણીજોઈને ખોટો કર્યોછે. પણ સેંકડો વરસથી એમ થતું આવ્યુંછે એમ ધારી એ રિવાજ હિંદુઓના મનમાં દૃઢ થયા હતો, અને તેઓ તેને ધર્મક્રિયાના જેવો પવિત્ર ગણતા હતા. અકબર પાદશાહે વિધવાને બાળવાની મના કરી હતી, તોપણ એ ચાલ બંધ પાડવાની તેની કોશિશ વ્યર્થ ગઈ. પ્રથમના અંગ્રેજ હાકેમોએ લોકમાં ચાલતી ધર્મની વાતોની સામા થવાની હિમ્મત કરી નહિ. એવું કહેવાયછે કે સને ૧૮૧૭ ના સાલમાં એકલા બંગાળા ઇલાકામાં ઓછામાં ઓછી ૭૦૦ વિધવાને જીવતી બાળી દીધી. આજે પણ હિંદુના તીર્થોમાં નાના ધોળા થાંભલા કે પાલીઆ પુષ્કળ છે. એમાંનો દરેક થાંભલો કોઈ સતીનું સંભારણું રાખવાને કરેલોછે. યૂરોપી અને દેશી લોક આગ્રહથી સામા થયા છતાં લૉર્ડ વિલ્લિઅમ બેંટિંકે ૧૮૨૯ ના ડિસેંબર માસની ૪થી તારીખે કાઉન્સિલમાં કાયદો મંજૂર કરાવ્યો. તેમાં ઠરાવ્યું કે જેઓ સતીને મદદ કરે તેમને સર્વને 'સાપરાધ મનુષ્ય વધ કરનારા' ગુનેગાર ગણવા. ઠગીનો નાશ કરવાનું માન લૉર્ડ વિલ્લિઅમ બેંટિંક અને કપ્તાન સ્લીમનને સરખું ઘટેછે. ઠગ લોક વંશ પરંપરાથી ખૂન કરનારા હતા, અને ગળામાં ફાંસો ઘાલી માણસને મારી નાંખવું એ તેમનો ધંધો હતો. વેપારી કે જાત્રાળુને વેશે તેઓ ટોળાંબંધ ફરતા અને એ આખી ટોળીએ લોહીની તરશી કાળી

દેવીને ભોગ આપવાનો વિધિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સને ૧૮૨૬ અને ૧૮૩૫ ની વચ્ચે બ્રિટિશ હિંદના જુદા જુદા ભાગોમાં છેક ૧૫૬૨ ઠગ ( એટલે ફાંશીઆ ) પકડાયા; ગુનો કબૂલ કરનારાની સાક્ષીથી આ અનીતિના ગજબને આસ્તે આસ્તે જડમૂળથી ઉખેડી નાંખ્યો.

**ફરીને સનદ કરી આપી, ૧૮૩૩.**—લૉર્ડ વિલ્લિઅમ બેંટિકના કારભારમાં ઇતિહાસમાં પ્રસિદ્ધ બીજા બે બનાવ બન્યા. ૧૮૩૩ માં ઇસ્ટ ઇંડિયા કંપનાને બીજાં વીસ વરસ લગીની સનદ ફરીને મળી, પણ તે એવી શરતે કે કંપનીએ હિંદ અને ચીનજોડે પોતાનો વેપાર તદ્દન બંધ કરવો, અને યૂરોપી લોકને દેશમાં વસવા દેવા. તેજ વખતે ગવર્નર જનરલની કાઉન્સિલમાં ચોથો મેમ્બર કાયદા ખાતે વધાર્યો. એ કંપનીનો નોકર હોય કે નએ હોય. કાયદામાં સુધારો વધારો કરવાને અને તેઓનો સંગ્રહ કરવાને કમિશન એટલે અધિકારીઓનું મંડળ નીમાયું. કાયદાખાતે પહેલ વહેલો નીમાયલો અને એ 'લૉ કમિશન'નો પહેલો અધ્યક્ષ મેકૉલે હતો.

**મ્હૈસૂરપર જપ્તી બેસાડી અને કુર્ગને ખાલસા કર્યું**—૧૮૩૦ માં અંગ્રેજ સરકારને મ્હૈસૂરનો રાજકારભાર પોતાના હાથમાં લેવાની જરૂર માલૂમ પડી. ૧૮૮૧ ના માર્ચ મહિનાલગી એ ગોઠવણ જારી રહી અને પછી એ દેશનો વહીવટ તેના રાજાને સોંપ્યો. કુર્ગના બહાવરા રાજાએ ચલાવેલા અંધેરને લીધે ૧૮૩૪ માં તેની જોડે ટુંકી અને જુસ્સાદાર લડાઈ થઈ. રાજાને કાશીમાં રહેવાની પરવાનગી આપી, અને તેના પહાડી નાના રાજ્યના બહાદુર અને અભિમાની લોકે કંપનીને રાજ્યાધિકાર સોંપવાનો ઠરાવ કર્યો. લૉર્ડ વિલ્લિઅમ બેંટિકે એટલું આજ રાજ્ય લઈ ખાલસા કર્યું, અને 'લોકને એક મતે અને ઇચ્છા પ્રમાણે' એ કામ કર્યું.

**લૉર્ડ મેટ્કાફ, ૧૮૩૫—૧૮૩૬.**—લૉર્ડ વિલ્લિઅમની પછી કાઉન્સિલનો વડો મેમ્બર હોવાથી સર ચાર્લ્સ ( પાછળથી લૉર્ડ ) મેટ્કાફ ગવર્નર જનરલ થયો. છાપખાનાને તદ્દન છૂટ આપવાનો વિચાર માજી ગવર્નર જનરલે ઊઠાવ્યો હતો તે એણે અમલમાં આણ્યો તે

માટે એની થોડા કાળની હકુમત સંભારવા જોગ છે. ઍંટિકની રાજનીતિ પાર પાડવાને સૌથી વધારે લાયક પુરૂષ મેટ્કાફ છે, એવું હિંદમાં સઘળા લોકોનું મત હતું, તથા ઇંગ્લાંડમાં કોર્ટ ઑવ્ ડિરેક્ટરોએ પણ એવીજ ઇચ્છા ખુલ્લી પણ કહી બતાવી હતી. થોડા વખત સુધી કામચલાઉ તરીકે નહિ, પણ ગવર્નર જનરલની નીમણુકની પૂરી મુદત સુધી રહી તે કામ તેણે કરવું એવો અભિપ્રાય એ સર્વેનો હતો.

**લૉર્ડ ઑકલાંડ ૧૮૩૬—૧૮૪૨.**—એમ છતાં પણ ઇંગ્લાંડના રાજપક્ષના ફેરફારને લીધે લૉર્ડ ઑકલાંડ નીમાયો. આ વખતથી યુદ્ધ અને મૂલક જીતવાનો સમય શરૂ થયો. અને તે વીસ વરસ લગી પહોંચ્યો એમ કહી શકાય. શાહસુજાને કાબુલના તખ્ત ઉપર બેસાડવાનો પ્રયત્ન કરવાની ખરાબ મતિ લૉર્ડ ઑકલાંડને સૂઝી ત્યાં સુધી બધું શાંત દીસતું હતું. એ પ્રયત્ન ઘણા ગેરબંદોબસ્તથી કરવામાં આવ્યો, અને અંતે કાબુલના બ્રિટિશ ગારિસનનો (તે શાહેરના રક્ષણને સારૂ રાખેલી ફોજનો) નાશ થયો.

**દુરાની વંશની સત્તાનીચે અફગાનિસ્તાન, ૧૭૪૭—૧૮૨૬**—ગીજની અને ઘોરી સુલતાનોના વખત પછી ૧૭૪૭ માં પહેલ વહેલાં અફગાનોને સ્વદેશી રાજા મળ્યો. એ અહમદશાહ દુરાની હતો. ઈરાની વિજયકર્ત્તા નાદિરશાહના મરણની પાછળ ગેરબંદોબસ્ત ચાલ્યો તેવામાં આ દૃઢ મનના શૂરવીરને પોતાનું કામ કરી લેવાની તક મળી. ૧૭૭૩ માં તેનું મરણ થયું તેની પહેલાં તેણે હેરાતથી પેશાવર લગી અને કાશ્મીરથી સિંધ સુધીનું બહોળું રાજ્ય જીત્યું હતું. પાણિપતના રણમાં તે (૧૭૬૧ માં) વચ્ચે આવ્યો તેથી મરાઠાઓની જીતમાં રોકાણ થયું, અને દિલ્હિની ગાદીએ પાછો મુસલમાન પાદશાહ બેઠો. પણ અહમદશાહે હિંદમાં વસવાની કદી દરકાર કરી નહિ, અને પોતાના દેશમાં કાબુલ અને કંદહાર એ બે રાજધાનીઓ હતી, તેમાં તે વારા ફરતી દરબાર કરતો. દુરાની સુલતાનોને દીકરા બહુ હતા, અને તે દીકરા ગાદીને માટે એકમેક વઢી મરતા. આખરે ૧૮૨૬ માં બળવાન બારકઝાઈ કુળનો મુખી દોસ્ત મહમદ, અમીરના ઈલકાબથી

કાબુલમાં પોતાનો અમલ સ્થાપન કરવામાં ફતેહ પામ્યો. એ વેળા દુરાની વંશના બે ભાઈઓ નાશી આવી પંજાબની સરહદપર આવેલા લુધિઆના શહેરમાં અંગ્રેજના આશરા તળે રહેતા હતા.

**અંગ્રેજ સરકારનો કાબુલ સાથે પ્રથમ વહેવાર.**—લૉર્ડ વેલ્લેસ્લેના વખતથી અફગાન મામલાપર અંગ્રેજ સરકારનું લક્ષ લાગ્યું હતું. ઝમાનશાહ એ સમયે (૧૮૦૦) લાહોરમાં દરબાર કરી રહેતો હતો, તે અહમદશાહની પેઠે હિંદુસ્થાનપર ચડી આવે એવો ડર વેલ્લેસ્લેને હતો. રણજીતસિંહના જબરદસ્તી સીખરાજ્યનો વૃદ્ધિથી હવે પછીને માટે આ ભય તદન જતું રહ્યું. હિંદપર હજી ફ્રેંચ સવારી થઈ શકે તેવું હોવાથી તેનાથી બચવાની ગોઠવણ કરવાની હતી તેથી ૧૮૦૯ માં લૉર્ડ મિંટોએ માઉંટ્સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનને જમાન-શાહના ભાઈ શાહસુજાની પાસે પરસ્પરના બચાવને માટે સંપ કરવાને મોકલ્યો. એ વરસ પૂરૂં થયાં પહેલાં શાહસુજાને રાજ્યમાંથી કાઢી મૂક્યો હતો, અને તેની જગાએ ત્રીજો ભાઈ મહમુદશાહ સુલતાન થયો હતો.

**શાહસુજાને અંગ્રેજે પાછો ગાદીએ બેસાડ્યો, ૧૮૩૯.**—૧૮૩૭ માં જ્યારે અફગાનિસ્તાનના રાજ્યકાજમાં અંગ્રેજોને પહેલ વહેલાં હાથ ઘાલવાનો પ્રસંગ આવ્યો, ત્યારે રાજ્ય પચાવી પડનાર દોસ્ત મહમદ બારકઝાઈની સત્તા કાબુલમાં સારી પેઠે ઝામી હતી. સીખલોક કનેથી પેશાવર પાછું લેવું એ તેની મોટી ઇચ્છા હતી, માટે જ્યારે લૉર્ડ ઑકલાંડની તરફથી વકીલ કપ્તાન એલેક્ઝાન્ડર બર્ન્સ વેપારનો રસ્તો ખુલ્લો કરવાને બહાને ગયો, ત્યારે પેશાવર મળે તો જે કહે તે કરવાનું વચન આપવાને તે ખુશી હતો. પણ લૉર્ડ ઑકલાંડની નજર બીજી અને વધારે મોટી મતલબપર હતી. એ સમે મધ્ય એશિઆમાં રૂશરાજ ઉતાવળે આગળ વધવા માંડ્યું હતું. અને ઈરાની ફોજે હેરાતને ઘેરો ઘાલ્યો હતો. એ ગઢ જૂના વખતથી ઊગમણી દિશાએ અફગાનિસ્તાનનો બચાવ કરનાર ગણાયછે. એ કામમાં ઈરાનીઓને રૂશિઆની મદદ ન હોતી એમ નહિ. બર્ન્સ કાબુલમાં હતો તેજ વખતે રૂશિઆનો વકીલ પણ ત્યાં આવ્યો હતો. દોસ્ત મહમદની પેશા-

વર સંબંધીની માગણી બર્ન્સથી કબૂલ કરી શકાઈ નહિ, ને તે પોતાનું કામ પાર પાડ્યા વિના પાછો આવ્યો. લૉર્ડ ઑકલાંડે લાગલોજ કાબુલનો રાજગાદી ઉપર અંગ્રેજ લોકના કહ્યામાં રહે એવો હાકેમ બેસાડવાનો જોખમ ભરેલો ઘાટ ગોઠવવાનો ઠરાવ કર્યો. લુધિઆનામાં નાશી આવેલા બે અફગાન સુલતાન હતા તેમાંના શાહસુજાને આ કામને સારૂ પસંદ કર્યો. એ કાળે પંજાબ અને સિંધ બંને સ્વતંત્ર રાજ્યો હતાં. એમાંનું સિંધ ઓછું બળવાન હોવાથી તે વાટે શાહસુજાને લઈ એ બ્રિટિશ લશ્કર બોલાન ઘાટમાં થઈ દક્ષિણ અફગાનિસ્તાનમાં પેઠું. કંદહાર શરણે આવ્યું, હલ્લા કરીને ગજની લીધું, હિંદુકુશ ઓળંગી દોસ્ત મહમદ નાઠો અને ૧૮૩૯ના આગસ્ટ માસમાં કાબુલ શાહેરના બાલા હિસ્સારમાં ફતેહથી શાહસુજાને દાખલ કર્યો. એક બીજો બહાદુર ઝગડો કર્યા પછી દોસ્ત મહમદ શરણે આવ્યો, અને રાજકીય કેદી તરીકે તેને કુલકત્તામાં આણ્યો. ગવર્નર જનરલ બૅરન ઑકલાંડને સને ૧૮૩૯ માં અર્લ ઑવ્ ઑકલાંડ બનાવ્યો.

**અફગાનિસ્તાનમાંથી અંગ્રેજનું પાછું વળવું, ૧૮૪૧–૧૮૪૨.—** શાહસુજાને અંગ્રેજ રાજ્યાસન અપાવી શક્યા, તોપણ અફગાન લોકનો પ્રેમ તેનાપર રખાવી શક્યા નહિ. અફગાન લોકો તેને દેશનિકાલ કરેલા અધમ રાજાને પરદેશી ફોજે પ્રજાની મરજી વિરૂદ્ધ આણી ગાદીપર ઘોંચી ઘાલેલો હોય એવો ગણતા. બે વરસ સૂધી અફગાનિસ્તાન અંગ્રેજને લશ્કરી કબજે રહ્યું. ૧૮૪૧ના નવેંબરમાં આફત આવી. એ વખતે પોલિટિકલ એજંટ સર અલેક્ઝાન્ડર બર્ન્સને કાબુલ શાહેરમાં કતલ કર્યો. છાવણીમાંના લશ્કરનો ઉપરી જનરલ એલ્ફિન્સ્ટન હતો. (બુદ્ધિમાન સિવિલિઅન અને ઇતિહાસકર્ત્તા ઑનરબલ માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન હતો તે આ નહિ). સર વિલિઅમ મૅક્નૉટન પોલિટિકલ અમલદાર હતો. એલ્ફિન્સ્ટન ઘરડો હતો અને તેના ઓદ્ધાનું જોખમ ભરેલું કામ ચલાવવાને જોઈએ તેટલો તેનામાં દમ માલૂમ પડ્યો નહિ. દોસ્ત મહમદના વડા દીકરા સરદાર અકબરખાનની જોડે મૅક્નૉટનની મુલાકાત થઈ ત્યારે વિશ્વાસઘાત કરી મૅ-

ફ્નૉટનને અકબરખાને મારી નાંખ્યો. છાવણીમાં બે માસ લગી ઘોળા-યાં કરી અફગાન સરદારોની જૂઠી બાંહેધરી પર આધાર રાખીભર શિયાળે અંગ્રેજી સૈન્ય પહાડી ઘાટોને માર્ગે હિંદ આવવા નીકળ્યું. જ્યારે લશ્કર ઊપડ્યું ત્યારે ૪,૦૦૦ યોદ્ધા અને ૧૨,૦૦૦ છાવણીની પાછળ જનારા હતા. એ બધામાંથી એકલો ડાકટર બ્રાઇડોન માત્ર ઊગરી જલાલાબાદમાં રહેલા મિત્રોને જઈ મળ્યો. ત્યાં જનરલ સેલ બહાદુરીથી ટકી રહ્યો હતો. બાકીના ખુદ કાબુલ અને જગદલકની બરફવાળી નાળોમાં અફગાનોનાં છરા અને બંદૂકોથી કે ટાઢથી મરણ પામ્યા. થોડાક કેદીઓની, મુખ્યત્વે બૈરાંછોકરાં અને અમલદારોની, સંભાળ અકબરખાનના હુકમથી લેવામાં આવી હતી.

**લૉર્ડ એલ્લેન્બરો, ૧૮૪૨—૧૮૪૪. વેરવાળનારી ફોજ, ૧૮૪૨.—** ચડાઈ કરવાના વિચારથી પહેલું અફગાનિસ્તાનમાં સાહસ કરવામાં આવ્યું હતું, અને તે ચલાવવામાં અણબનાવ અને ગેર બંદોબસ્ત હોવાથી અન્તે અંગ્રેજ ફોજને નામોશી લાગી. ખરેખરૂં નુકસાન તો માત્ર એક ગારિસનનું થયું, પણ શિયાળાની કૂચની ભયંકર આફતોને લીધે અને પૂરેપૂરો નાશ થવાથી તે નુકસાન ભારે લાગ્યું. કુલકત્તામાં એ સમાચાર પહોંચ્યા પછી એક મહિનાની અંદર લૉર્ડ ઑક્લાંડની જગાએ લૉર્ડ એલ્લેન્બરો આવ્યો. એ નવા ગવર્નર જનરલની પહેલી ઇચ્છા એ હતી કે કંદહાર અને જલાલાબાદમાંથી ગારિસનોને બોલાવી લેવી, પણ તેને કાઉન્સિલના વધારે સાહસિક અભિપ્રાય પ્રમાણે વર્તવું પડ્યું. જનરલ પોલોક પંજાબને સાધે રસ્તે સેલની મદદે જતો હતો તેને કાબુલ સુધી જવાની પરવાનગી મળી. જનરલ નૉટને કંદહાર છોડી આવવાનો હુકમ થયો હતો, તોપણ તેણે કાબુલને માર્ગે જવાનો ઠરાવ કર્યો. લૉર્ડ એલ્લેનબરોએ હુકમ લખવામાં એવા શબ્દો ચુંટી કાઢી લખ્યા હતા કે કાંઈ આફત આવે તો તેનું જોખમ જનરલોને માથે રહે. સિંધુ તરફ પાછા આવવાને અગ્નિકોણ ભણી ન જતાં એ જોખમ માથે લેઈ જનરલ નૉટે કાબુલ જવાને ઉત્તર તરફ હિંમતથી કૂચ કરી. સખ્ત ઝગડા કર્યા પછી જનરલ પોલોક અને નૉટના હાથનીચેનાં બે બ્રિટિશ લશ્કરો ૧૮૪૨ માં કાબુલ આગળ ભેગાં થયાં. કાબુલ શહેરને

લાંછન લગાડવાને મોટો બજાર દારૂથી ઊરાડી દીધો; બંદીવાનોને છોડવ્યા, અને દોસ્ત મહમદને પોતાનું તખ્ત વગર વાંધે પાછું લેવા દેવાને ફોજ હિંદમાં પાછી આવી. લૉર્ડ એલ્લેન્બરોનાં સારવગરનાં મોટાં મોટાં વાક્યોવાળાં જાહેરનામાંથી આ નાટકનો છેડો આવ્યો. તેણે 'સોમનાથનું વેર વાળ્યાની' યાદગીરીને માટે મહમુદ ગીજનીના રોજાના દરવાજાનાં કમાડ લેતાં આવવાનો હુકમ કર્યો હતો. આ કમાડ પ્રાચીન સોમનાથના દહેરાનાં નહતાં, પણ નવી બનાવટનાં હતાં. બ્રિટિશ લશ્કરનું શું થશે તે નક્કી ન હતું. ત્યારે આ કમાડોને નાટકની રીતે પંજાબમાં ફેરવ્યાં એ લૉર્ડ એલ્લેન્બરોના દર્શાવેલા બીકણપણાનું બેડસાઈ ભરેલું છેવટ હતું.

**સિંધનો વિજય, ૧૮૪૩.**—લૉર્ડ એલ્લેન્બરો લશ્કરી દબદબાને ચાહતો હતો. એ તેનો શોખ બીજાં બે યુદ્ધથી સંતોષ પામ્યો. ૧૮૪૩માં સિંધના મીર કે અમીર કહેવાતા મુસલમાન હાકેમોને સર ચાર્લ્સ નેપિઅરે છુંદી માર્યા. તેમનો મુખ્ય વાંક એ હતો કે પોતાનું સ્વતંત્રપણું આપી દેવાને તેઓ રાજી ન હતા. મીઆની આગળ લડાઈ થઈ તેમાં ૩,૦૦૦ બ્રિટિશ ફોજે, ૧૨,૦૦૦ બલુચી સિપાઈઓને હરાવી ભારે જીત મેળવી. આ બનાવ અંગ્રેજ લોકોના હિંદી ઇતિહાસમાં મોટું પરાક્રમ ગણાયછે. પણ એ દેશને અંગ્રેજી રાજ્યમાં દાખલ કરી દેવાનું વાજબી કારણ ભાગ્યે જડી શકે. એજ વરસમાં ગ્વાલિયરમાં ગાદીને સારૂ વાંધો ઊઠ્યો અને સ્ત્રીઓએ તેને ઉશ્કેરી વધાર્યો તેનું પરિણામ એ થયું કે સિંધિયાના કુટુંબે અતિશે મોટું લશ્કર રાખ્યું હતું તેણે હંગામો કર્યો. મહારાજપુર અને પન્નીઆરની લડાઈઓ થયાથી પાછી સલાહ શાંતિ થઈ. મહારાજપુરના યુદ્ધમાં લૉર્ડ એલ્લેન્બરો જાતે હાજર હતો.

**લૉર્ડ હાર્ડિંગ, ૧૮૪૪—૧૮૪૮.**—કારભારની બાબતોમાં લૉર્ડ એલ્લેન્બરોનો અભિપ્રાય કોર્ટ ઑવ્ ડિરેક્ટરોના અભિપ્રાયથી જુદો પડ્યો, અને તે કોર્ટનો તેની ચલિત બુદ્ધિપર વિશ્વાસ નરહ્યો, તેથી તેમણે તેને રજા આપી. તેની જગાએ કસાયલો શૂરવીર સર હેન્રિ (પા-

છળથી લૉર્ડ ) હાર્ડિંગ નીમાયો. એણે સ્પેનનાં યુદ્ધમાં નોકરી બજાવી હતી, અને લિગ્નીના રણમાં તેનો એક હાથ કપાઈ ગયો હતો. સર્વ પક્ષને લાગ્યું કે અંગ્રેજની અને હિંદમાં બાકી રહેલા હિંદુરાજની વચ્ચે બળની અજમાયશનો વખત નજીક આવ્યોછે. એ રાજ્ય મોટી સીખ પ્રજાનું હતું.

**સીખલોક**.—સીખ લોકમાં મરાઠા જેવો એક પ્રજાભાવ ન હોતો. તેઓ એક પંથના હતા, અને તે ઉપરાંત તેઓ એકસરખા યુદ્ધ કરવામાં કેળવાયલા હતા, તેથી તેઓનામાં એક જાતનો સંપ હતો. તેઓ પોતાની ઉત્પત્તિ **નાનકશાહ**થી ગણેછે. એ સુધારો કરનાર હિંદુ ભકત હતો. હિંદમાં મુગલ કે પોર્તુગીઝ લોકની સત્તા થઈ તેની અગાઉ ૧૪૬૯ માં તે અવતર્યો હતો. એના વખતના બીજા ઉલટવાળા ઉપદેશકોની માફક **નાનક**નો બોધ એ હતો કે જ્ઞાતિભેદ તોડવો, એક પરમેશ્વરને માનવો, અને શુદ્ધ આચરણ પાળવાં. **નાનક**થી **ગોવિંદસિંહ** સુધી ૧૭૬૮ લગીમાં દશ ગુરૂ થયા. **ગોવિંદસિંહ** છેલ્લો ગુરૂ હતો. રાજ્ય કરનારા મુસલમાનોએ તેમને ઘાતકી રીતે કનડ્યા, અને **ઓરંગઝેબ**ની પછી થયેલા હીણા બાદશાહોએ તેમનો લગભગ નાશ કર્યો, તોપણ ધર્મને માટે જીવ આપનારા સીખ લોક ભારે ઊલટથી પોતાના મતને વળગી રહ્યા. મુગલ રાજ્યના ભાંગી પડવાથી અંતે તેઓ દેશના ધણી થઈ બળવાન થયા. પંજાબમાં એજ રાજ્ય બંધારણ રહ્યું હતું. એમ ઉત્તરે સીખ અને દક્ષિણ તથા મધ્ય હિંદમાં મરાઠા એ બે મોટાં બળવાન રાજ્યો બન્યાં, અને તેમણે મુગલ બાદશાહત વહેંચી લીધી.

**રણજીતસિંહ, ૧૭૮૦—૧૮૩૯**.—રણજીતસિંહની ચઢતી થયાની પૂર્વે પણ સીખ મીસલ કે મંડળમાંની શાખાઓએ પોતપોતાના સરદારોને પસંદ કરી સતલજને કાંઠે લશ્કરી જાગીરો મેળવી હતી, ને એમાંની કેટલીક હજી પણ ટકી રહીછે. સીખ રાજ્યના સ્થાપનાર રણજીતસિંહનો જન્મ ૧૭૮૦માં થયો હતો. વીસ વરસની ઉમરે અફગાન સુલતાને તેને લાહોરનો ગવર્નર નીમ્યો, અને એ વ-

અને તેણે પોતાના સ્વદેશીઓના ધર્માંધ જોસ્સાને આધારે પોતાના પંડનો અમલ બેસાડવાની તદબીર કરી. તેણે સીખ 'એટલે મુક્તિ પામેલા' લોકને કેળવી તેમનું લશ્કર બનાવી યૂરોપી અમલદારોના હાથ નીચે મૂક્યું. ક્રોમ્વેલના 'આયર્ન સાઇડસ' (લોહાંગી)ના વખત પછી દૃઢતા અને ધર્મના જુસ્સામાં બીજું કોઈ લશ્કર, એની બરોબરી કરી શક્યું નથી. લાહોરમાં રાજધાની કરી તેણે દક્ષિણે મુલતાન, પશ્ચિમે પેશાવર અને ઉત્તરે કાશ્મીર સુધીનો મૂલક જીતી લીધો. ફક્ત પૂર્વમાં સતલજ નદી તેને આડે આવી. ૧૮૦૪ માં અંગ્રેજની સત્તા ત્યાં લગી જઈ પહોંચી હતી. ૧૮૦૯ માં મેટ્કાફ જોડે જે કરાર રણજીતસિંહે કર્યા હતા, તે ૧૮૩૮ માં તેનું મરણ થયું ત્યાં સુધી પાળ્યા. પણ તેનું રાજ્ય ચલાવી શકે તેવો પુત્ર તેણે પાછળ મૂક્યો નહિ. સામસામા પક્ષના સરદારો, પ્રધાનો, અને રાણીઓના કજીઆથી લાહોરમાં સંપ તુટ્યો. રાજ્યમાં જબરૂં બળ માત્ર ખાલસા (એટલે મધ્ય મંડળી) સૈન્યનું હતું. એ ખાલસા સૈન્ય અફગાનિસ્તાનમાં બ્રિટિશ ફોજની ખરાબી થયા કેડે અંગ્રેજની નોકરી કરનારા સીપાઈઓની જોડે બાથ ભીડવાને આતુર થયું હતું. આવિટબલ અને કોર્ટ નામે રણજીતસિંહના ચતુર યુરોપી સેનાપતિઓને મૂર્ખાઈથી અધિકાર પરથી કાઢ્યા. અને લશ્કરનું સર્વોપરિપણું કેટલીક પંચાયતોને એટલે પસંદ કરી પાંચપાંચની મંડળીઓને સોંપ્યું.

**પહેલું સીખ યુદ્ધ, ૧૮૪૫.**—૧૮૪૫ માં સતલજ ઓળંગી સીખફોજ અંગ્રેજી મૂલકપર પડી. એ ફોજમાં ૬૦,૦૦૦ જોદ્ધાની જોડે ૧૫૦ તોપો હતી. સેનાધિપતિ સર હ્યુ ગાફ તથા ગવર્નર જનરલ જલદી સરહદપર આવી પહોંચ્યા. મુડકી, ફીરોજશાહ, અલીવાલ, અને સોબ્રાઓન, એ ચાર જગાએ ત્રણ અઠવાડીઆની અંદર લડાઈઓ થઈ. એમાંની દરેક લડાઈમાં અંગ્રેજને ભારે નુકસાન થયું. પણ એમાંની ચોથી લડાઈમાં અંગ્રેજની જીતને લીધે સીખ લશ્કરને સતલજ ઓળંગી પાછા જવું પડ્યું, અને લાહોર નગર અંગ્રેજને તાબે થયું. બે રાજ્યો વચ્ચે કરાર થયો તેની રૂએ અંગ્રેજ રણજીતસિંહના બાળ-

કુમારનામે ધુલીપસિંહને રાજા માન્યો. જલંધર દોઆબ, એટલે સતલજ અને રાવીની વચગાળેનો પ્રદેશ ખાલસા કર્યો. સીખ ફોજની સંખ્યાની અમુક હદ ઠરાવી, બ્રિટિશ ફોજને આઠ વરસ લગી પંજાબમાં રાખી. સર હેન્રિ હાર્ડિંગને ઉમરાવ પદવી મળી, અને તે ૧૮૪૮માં ઈંગ્લાંડ પાછો ગયો.

**અર્લ (પાછળથી માર્કવેસ) ઑવ્ ડેલ હાઉસી, ૧૮૪૮—૧૮૫૬.**—એની પછી લૉર્ડ ડેલહાઉસી આવ્યો. હિંદના રાજપ્રતિનિધિઓમાં એ સહુથી મોટો હતો. આઠ વરસની હકુમતમાં એણે જે જે કામો કર્યાં, તેનાં પરિણામ, લૉર્ડ વેલ્લેસ્લી પછીના, કદાચ ક્લાઇવ પછીના પણ હરકોઈ ગવર્નર જનરલનાં કામોનાં પરિણામ કરતાં વધારે જાણવાજોગ રહ્યાં. મોટા મનનો, રાજનીતિમાં કુશળ, કોમળ અંતઃકરણવાળો અને સલાહ શાંતિમાટે ઘણોજ આતુર છતાં પોતાની મરજી વિરુદ્ધ લૉર્ડ ડેલ હાઉસીને બે યુદ્ધ કરવાં પડયાં, તથા દેશી રાજ્યોને ખાલસા કરી દેવાનો માર્ગ પકડવો પડ્યો. પંજાબ અને બ્રહ્મદેશના ઝઘડાથી તેણે વિશાળ મૂલક મેળવ્યો. વળી નાગપુર, અયોધ્યા, અને બીજાં કેટલાંક નાનાં સંસ્થાનો બ્રિટિશ રાજ્યમાં ભેળ્યાં. પણ લૉર્ડ ડેલહાઉસીની મોટામાં મોટી ઇચ્છા લોકોની નીતિ સુધારવાની અને દેશના દ્રવ્યની વૃદ્ધિ કરવાપર હતી. જીતાયલા પંજાબમાં બે લૉરેન્સોએ અને તેમના આસિસ્ટંટોએ જે રીતનો રાજવહીવટ ચલાવ્યો તે ઘણું કરીને અંગ્રેજોએ કરેલાં મુશ્કેલ કામોમાં સહુથી વધારે જશભરેલું છે. આપણી સરદારના તાબામાં આવ્યા પછી બ્રિટિશ બ્રહ્મદેશ પણ પંજાબથી ઓછી આબાદી પામ્યો નથી. એ બંનેના કારભારની ફતેહનો પાયો નાંખનાર લૉર્ડ ડેલહાઉસી હતો, અને તેના માનનો મોટો ભાગ તેને આપવો ઘટેછે. રાજ્યકારભારનું એકે ખાતું તેને હાથે સુધર્યા વિના રહ્યું નહિ. સડકો અને નહેરોની જાળ હાલ હિંદમાં પથરાઈ છે, તે ઉત્પન્ન કરવાને તેણે પબ્લિક વર્ક્સ ખાતું સ્થાપ્યું. ગંગાની નહેર ખુલ્લી કરવાની ક્રિયા એને હાથે થઈ. એના જેવડી મોટી બીજી નહેર આ દેશમાં હજી લગી બની નથી. પહેલી હિંદી રેલવેનું ખાતમુહૂર્ત્ત એણે કર્યું. રાતા સમુદ્રને માર્ગે આગબોટ

વડે ઇંગ્લાંડ જોડે વહેવાર ચલાવવામાં તેણે મદદ કરી, સસ્તા ભાવથી કાગળો લઈજવાય લેવાય તેવો ટપાલખાતામાં સુધારો કર્યો, અને તારખાતું નવું દાખલ કર્યું. જે દૃઢ મનના પુરૂષે બ્રિટિશ હિંદનો ઘાટ ફેરવ્યો તેના ગયા પછી તેની દેશી રાજ્યોને ખાલસા કરવાની રાજ-રીતિને લીધે બળવો ઊઠયો તે યાદ કરતાં તેણે કરેલા આ ગુણ ઘણીવાર ભૂલી જવામાં આવેછે, એ તેનું ( લૉર્ડ ડેલહાઉસનું ) કમનસીબ છે.

**બીજું સીખ યુદ્ધ, ૧૮૪૮—૧૮૪૯.**—લૉર્ડ ડેલહાઉસી હિંદમાં આવ્યાને છ મહિના નહિ થયા એટલામાં બીજી સીખ લડાઈ જાગી. મુલતાનમાં બે બ્રિટિશ અમલદારોને વિશ્વાસઘાત કરી મારી નાંખવામાં આવ્યા. કમનસીબે હેન્રિ લૉરેન્સ માંદગીની રજાપર સ્વદેશ ગયો હતો. ઊનાળામાં યુદ્ધે ચઢવાને બ્રિટિશ સૈન્ય તૈયાર ન હતું; અને લેફ્ટેનન્ટ (પાછળથી સર હર્બર્ટ) એડ્‌વર્ડસે એકલે હાથે મહેનત કરી, તેમ છતાં પણ આ ધર્માંધપણાના ઊભરામાં પંજાબમાં બધે ઠેકાણે બંડ ઉઠયું. ખાલસા ફોજ ફરીને ટોળે મળી, અને બ્રિટિશ લશ્કરજોડે લડવામાં ફરીથી બરોબર ઊતરી. ચિલિયનવાલાના નાશકારક મેદાનમાં અંગ્રેજી ફોજના અમલદારો અને માણસો (સોલજરો તથા સિપાઈઓ) મળી ૨,૪૦૦નો ઘાણ વાળ્યો, તથા ચાર તોપો અને ત્રણ પલટનના વાવટા શત્રુને હાથ ગયા ( ૧૩ મી જાનેવારી ૧૮૪૯). અંગ્રેજ લોક સ્વદેશાભિમાનથી એમ કહેછે કે આ લડાઈમાં એકે પક્ષની હાર-જીત થઈ નથી. સર ચાર્લ્સ નેપિઅરને સેનાધિપતિ નીમી તેની જોડે મદદને માટે ઇંગ્લાંડથી લશ્કર મોકલ્યું, પણ તેના આવ્યા પહેલાં લૉર્ડ ગાફે ગુજરાતની લડાઈમાં સંપૂર્ણ જીત મેળવી પોતાની ગયેલી ઇજ્જત પાછી મેળવી. એ ફતેહથી સીખ ફોજનો તદન નાશ થયો. એની અગાઉ મુલતાન જીતાયું હતું. અંગ્રેજપર વેર હોવાથી તેઓ પણ પોતાનું સીખલોક પરનું વંશપરંપરાનું વેર વીસારી દોસ્ત મહમદની સરદારી નીચે તેમને મદદ કરવાને આવ્યા હતા. એ અફગાન સવારોને લાજ ખોઈ પોતાના ડુંગરોમાં નાસવું પડ્યું. ૧૮૪૯ ના માર્ચ માસની ૨૯ મી તારીખે પંજાબને ખાલસા કરવાથી તે અંગ્રેજી પ્રાંત

થયો. ડેલહાઉસી અને બે લૉરેન્સોની રાજકારભાર ચલાવવાની ચતુરાઈને અજમાવવાને એ નવું સ્થળ હતું. **મહારાજા** ધુલીપસિંહને રૂ. ૫૮૦,૦૦૦ નું વર્ષાસન બાંધી આપ્યું. એ ઊપજવડે તે ઘણા વર્ષ ઈંગ્લાંડના જાગીરદારની પેઠે નૉર્ફોક પરગણામાં રહ્યો. સને ૧૮૪૯ માં અર્લ ઑવ્ ડેલહાઉસીને **માર્ક્વિસ**ની પદવીપર ચઢાવવામાં આવ્યો.

**પંજાબની સમાધાની.**—પંજાબમાં સલાહશાંતિને માટે પહેલાં ત્યાંના લોકનાં હથીઆર લીધાં. એથી જૂદાજૂદી જાતનાં ૧,૨૦,૦૦૦ હથીઆર ત્યાંના લોકોએ આપી દીધાં. ત્યાર પછી દરેક ગામની જમાબંદી કરી. **સીખ**રાજ્યના જુલમથી જમીન વેરો ભારે થઈ પડ્યો હતો, તેને આ જમાબંદીમાં મસ ઓછો કર્યો. દીવાની અને ફોજદારી વહીવટનો કાયદો ઠરાવ્યો, તે લોકોને સખ્ત નહિ લાગે તેવો અને વાજબી હતો. કર્નલ રૉબર્ટ નેપિઅરે (પાછળથી **મગદલાનો લૉર્ડ નેપિઅર** થયો તેણે) સડકો અને નહેરો બનાવી. બ્રિટિશ શાંતિથી જાનમાલનું જે રક્ષણ થયું તેની તથા બ્રિટિશ અમલદારોની પંડની સત્તાવડે આબાદીનો નવો સમય શરૂ થયો, અને તેની અસર એ પ્રાંતના છેક દૂરના ખૂણા લગણ જણાઈ. એથી એમ બન્યું કે ૧૮૫૭માં બળવો ઊઠ્યો ત્યારે પંજાબમાં શાંતિ રહી એટલુંજ નહિ, પણ તે વફાદાર રહ્યું.

**બીજું બ્રહ્મી યુદ્ધ, ૧૮૫૨.**—રંગુનમાં કેટલાક યૂરોપી વેપારી ઉપર માઠી વર્તણુક ચલાવી અને અંગ્રેજના લશ્કરી વહાણના કપ્તાનને વારવા મોકલેલો તેનું અપમાન કર્યું તેથી ૧૮૫૨ માં બીજું બ્રહ્મી યુદ્ધ જામ્યું. થોડા મહિનામાં રંગુનથી પ્રોમ સૂધીની ઈરાવદીની તમામ ખીણ અંગ્રેજની ફોજે કબજે કરી, અને આવાના રાજાએ સલાહના કોલકરાર કરવાની ના કહી તેથી ૧૮૫૨ ના ડિસેમ્બરની ૨૦ મી તારીખના જાહેરનામાથી, નીચલા બ્રહ્મદેશના જીતેલા મૂલકને ખાલસા કર્યો, અને પહેલા બ્રહ્મી યુદ્ધ પછી ૧૮૨૬ માં મેળવેલા આરાકાન અને તેનાસરીમ પ્રાંતો સાથે તેને પેગુને નામે જોડી દીધો.

**બ્રિટિશ બર્માની આબાદી.**—અંગ્રેજી અમલ નીચે આવ્યા પછી

અને ૧૮૯૧ લગણમાં રંગુનની વસ્તી ચૌદગણી વધીછે. ખાલસા થયા પછી એ બંદરનો વેપાર ચાર વરસે ( ૧૮૫૭-૧૮૫૮માં ) રૂ. ૨, ૧૩, ૧૦, ૫૫૦ નો હતો તે વધી ૧૮૮૧-૧૮૮૨માં રૂ. ૧૧,૭૨,૩૧,૮૧૦ નો થયો. નાના નગરો અને પરગણાં પણ એજ પ્રમાણે આબાદ થયાં છે. ૧૮૨૬ની પહેલાં આમ્હર્સ્ટ જીલ્લામાં સિઆમ અને પેગુના રાજા સદા વઢ્યાં કરતા અને તેથી તેમાંથી વસ્તી જતી રહી હતી. ૧૮૨૭ ના ફેબ્રુવારીમાં કોઈ તલૈંગ નાયક દશ હજાર સાથીઓ સાથે મઉલમેઇનની પાડોશમાં વસ્યો; અને ત્યાર પછી થોડે વરસે, બીજાં વીસ હજાર આદમી ત્યાં આવી વસ્યાં. ૧૮૫૫ માં આમ્હર્સ્ટ જિલ્લાની વસ્તી ૮૩,૧૪૬ આદમીની હતી. ૧૮૬૦માં તે ૧,૩૦,૯૫૩ની થઈ. અને ૧૮૮૧માં તે ૩,૦૧,૦૮૬ ની થઈ. અથવા એક બંદરનો દાખલો લઈએ. ૧૮૨૬ માં આપણી સરકારે આરાકાન પ્રાંતનો કબજો કર્યો, ત્યારે અકયાબ ગરીબ મચ્છીમાર ગામડું હતું. ૧૮૩૦ સુધીમાં તે વધી નાનો કસ્બો બન્યો અને તેનો વેપાર રૂ. ૭૦,૦૦૦ નો થયો. ૧૮૮૧ માં તેનો વેપાર બે કરોડ પંચોતેર લાખ થયો હતો. આ પ્રમાણે પચાસ વરસમાં અકયાબનો વેપાર લગભગ ચારસેં ગણો વધ્યો. ૧૮૫૫ માં બ્રિટિશ બ્રહ્મદેશની વસ્તી સાડાબાર લાખ હતી તે વધીને ૧૮૯૧માં સાડી પીસ્તાળીસ લાખ થઈ.

લૉર્ડ ડેલહૉઉસી અને દેશી રાજ્યો.—લૉર્ડ ડેલહાઉસીની હિંદનાં માંડલીક રાજ્યો જોડેની વર્તણુકથી તેનો સ્વભાવ પૂરે પૂરો જણાઈ આવ્યો. રૈયતના ભલાને માટેજ રાજા છે એ તેના રાજકારભારનો મુખ્ય સિદ્ધાંત હતો, અને એનો તે ઉઘાડો દાખલો પોતાના દરરોજના કામકાજમાં બતાવી આપતો. પ્રજાને માટે દેશી રાજવહીવટથી અંગ્રેજી રાજકારભાર સરસ છે, એવું આ સિદ્ધાંતપરથી અનુમાન નીકળ્યું. સારાંશ એ કે લૉર્ડ વેલ્લેસ્લી અને તેની પછીના અધિકારીઓએ દેશી રાજ્યોને બ્રિટિશ રક્ષણનીચે મૂકવાની જે પદ્ધતિ દાખલ કીધી હતી, તે કોઈ પણ રીતે પૂરેપૂરી ફતેહમંદ નીવડી ન હતી. એથી, દેશીરાજાઓ પોતાની સત્તાનો ગમે તેવો ગેર ઉપયોગ કરે અને પ્રજાને પીડે તોપણ તેમનાં રાજ્યોને કે મહેસૂલને લગાર પણ નુકશાન થતું નહોતું. આ ગેર બંદોબસ્તનો ઉપાય હાલ મહારાણીના સમયમાં એવી રીતે કરવામાં

આવ્યોછે કે હિંદના માંડલિક રાજાના મનપર રાજ્યતરફ પોતાની જુમ્મેદારીના ઉંચા વિચારો ઠસાવવામાં આવ્યાછે. પણ લૉર્ડ ડેલહાઉસીના વખતમાં જૂની વગર સુધરેલી પદ્ધતિનાં છેલ્લાં અને ખરાબમાં ખરાબ પરિણામ જોવામાં આવ્યાં. એ પરથી એના મનમાં એવું આવ્યુંકે દેશી રાજાઓનો કારભાર નુકશાનકારક અને નિયમથી ઉલટો છે. માટે તેમને હરેક વાજબી રસ્તે દૂર કરવા જોઈએ. જે રાજાઓ ગાદીએ હોય તેમની જોડે અને તેમના પણીઆતના વારસો સાથે કરેલા કરાર પ્રમાણિકપણે પાળવા. પણ જે રાજવંશોએ પેઢી દર પેઢી અંધેર ચલાવી, આપણી પ્રીતિ ખોઈ હોય તેમનો બચાવ ખોટી નરમ લાગણીને લીધે થવો ન જોઈએ, તથા જેની પાછળ ગાદીએ બેસનાર પણીઆતનો વારસ નહોય તે વંશને ચાલુ રાખવો ન જોઈએ. આ ધોરણ પ્રમાણે વર્તવાથી દેશી રાજ્યો અંગ્રેજ સરકારને હાથ આવે પણ તેમાં હિંદનો દત્તક કરવાનો રિવાજ વચમાં આવવાથી ગુંચવણ પડતી હતી. ખાનગી મિલ્કત સંબંધી હિંદુશાસ્ત્રમાં કહ્યું છેકે દત્તપુત્રથી પેટના દીકરાનું સઘળું કામ સરે, તે પોતાના બાપની મરણક્રિયા કરી શકેછે, તથા તેની મિલ્કતનો વારસ થાયછે. એબાબત કદી કોઈએ વાંધો ઉઠાવ્યો નથી. મરનારના તમામ હક્ક દત્તકને મળે છે. પણ ઈતિહાસમાં નોધાયલા બનાવોપરથી તથા રાજકીય બાબતમાં શું કરવું યોગ્ય છે અને શું અયોગ્ય છે તેના વિચાર પરથી એવી તકરાર લેવામાં આવીકે મરનારની પછી ગાદીપર બેશી રાજકરનારને આ નિયમ લાગતો નથી; એ વિષયનો પાયો જૂદોજ છે. ઉપરી સરકાર એવો હક કબૂલ રાખી શકે નહિ; કેમકે લાખો માણસનાં સુખને કોઈ નીચ કુળના ધૂતારાના હાથમાં મૂકવામાં કપટથી એનો ગેર ઉપયોગ થઈ શકે. 'રૈયતનાં સુખ' વિષેનું લૉર્ડ ડેલહાઉસીનું ધોરણ અહીં લાગુ પડેછે. વહેમી અને ઘણીક વેળા ઠગાઈ ભરેલા બનાવટી વારસાના નિયમનો અમલ થવા દેવો તે કરતાં બ્રિટિશ રાજવહીવટથી જે કલ્યાણ થાય તે તેના મનને વધારે બળવાન લાગતું હતું.

**લૉર્ડ ડેલહાઉસીનું મત.**— જ્યારે કોઈપણ દેશી રાજા શીધા વારસ તરીકે પેટના દીકરા મૂકી મરી જાય ત્યારે લૉર્ડ ડેલહાઉસીના મત પ્રમાણે તેમને બાપની ખાનગી મિલકત તેમજ રાજ્યગાદી

બંનેનો સરખો હક્ક હતો. પણ રાજાને માત્ર એક દત્તક પુત્ર હોય તો ખાનગી મિલકત ઉપરના એ વારસાના હક્કને લૉર્ડ ડેલહાઉસી બહુજ સંભાળથી જાળવતો હતો, તોપણ તેને રાજગાદીનો હક્ક નથી એમ તે ગણતો. તેના વિચાર પ્રમાણે દેશી રાજ્ય એક સોંપરત કરેલી જાહેર મીલકત જેવું હતું, અને વારસાનો વાજબી હક્ક ધરાવનાર સીધો પુરૂષ વારસ ન હોયતો એ હક્ક અંગ્રેજ સરકારે નક્કી કરવો, અને તેમ કરવામાં માજી રાજાના કુટુંબનો સ્વાર્થ જોવો નહિ, પણ પ્રજાના કલ્યાણનો વિચાર કરવો. એ રાજ્યોને પાધરા અંગ્રેજી અમલ નીચે લાવવાથી તેનું કલ્યાણ ઘણીજ સફળ રીતે સચવાયછે એમ તે માનતો.

**વારસ નહિ હોવાથી સરકારને મળેલાં દેશી રાજ્યો.**—એ ધોરણ પ્રમાણે અંગ્રેજ સરકારને પ્રથમ સતારાનું રાજ્ય મળ્યું. ૧૮૧૮ માં પેશ્વાનું રાજ્ય જીત્યું તે વખતે લાર્ડ હેસ્ટિંગ્સે એને ફરીને ઊભું કર્યું હતું. શિવાજીથી ઉતરેલો તેના વંશનો રાજા ૧૮૪૮ માં પુત્ર વગરનો મરી ગયો, અને મરતી વેળા તેણે ખોળે લીધેલા દીકરાને અંગ્રેજ સરકારે કબુલ કર્યો નહિ (૧૮૪૯). એજ વરસમાં કોર્ટ ઑવ્ ડિરેક્ટર્સે તાબાનાં રાજ્ય અને રક્ષણમાં રહેલા મિત્રના રાજ્યની વચ્ચે બારીક તફાવત ગણી કરૌલીના સંસ્થાનને ખાલસા કર્યું નહિ. સતારાની પેઠે ઝાન્સીનું સંસ્થાન ૧૮૫૩ માં બૂડચું. પણ એ નિયમ પ્રમાણે રાજ્ય ડૂબવાનો ઘણો મશહૂર બનાવ નાગપુરનો છે. હિંદના બ્રિટિશ રાજ્યથી વધારે જૂના મરાઠી ભોંસલા વંશનો રાજા પાછળ પેટનો કે દત્તપુત્ર મૂકયા વિના ૧૮૫૩માં મુઓ. એ રાજ્યને ખાલસા કરી તેનો મધ્યપ્રાંત બનાવ્યો. હૈદરાબાદના નિજામના રક્ષણને માટે બ્રિટિશ ફોજ રાખવામાં આવતી તેનાં ખર્ચના નાણાં વરસો વરસ નિજામ આપી શકતો નહિ ને ચડચાં જતાં હતાં માટે તેની બાંહે ધરીને પેટે તેણે વરાડપ્રાંત અંગ્રેજને આપ્યો તેથી ત્યાં પણ એજ વર્ષમાં બ્રિટિશ રાજવહીવટ ચાલ્યો. બીજા ત્રણ રાજવંશ પણ એ વરસમાં નામનિશાની વગર ચાલ્યા ગયાં, પણ તેથી અંગ્રેજી રાજ્યનો વિસ્તાર વધ્યો નહિ. છેક દક્ષિણમાં કર્નાટકનો માત્ર નામનો નવાબ, અને તાનજોરનો નામનો રાજા એ બેઉ બિનવારસ મરણ પામ્યા. તેમની પદવી અને તેમના પેન્શન તેમના મરણ પછી બંધ પડચાં, તોપણ તેમ-

નાં કુટુંબોને દયાખાતે જીવાઈ બાંધી આપી. હિંદના ઉત્તર ભાગમાં ગાદીપરથી ઉઠાડી મૂકેલો પેશ્વા બાજીરાવ ૧૮૧૮ માં રાજ્ય ખોયા પછી ૧૮૫૩ લગણ જીવ્યો, અને જીવતાં સુધી તેણે તેનું વરસે રૂ ૮,૦૦,૦૦૦ નું પેન્શન ભોગવ્યું. તેણે પૈસો સંઘર્યો હતો, તે તેના દત્તપુત્ર નાનાસાહેબને મળ્યો. પણ તે ઉપરાંત તેને બીજું કાંઈ આપવામાં આવ્યું નહિ.

**અયોધ્યાને ખાલસા કર્યું ૧૮૫૬.**—લૉર્ડ ડેલહાઉસીએ અયોધ્યાનું રાજ્ય જુદા કારણથી લઈ લીધું. ૧૭૬૫ માં નવાબ વજીર શુજા ઉદ્—દઉલાને તેનો જપત કરેલો મૂલક લૉર્ડ કલાઇવે પાછો આપ્યો, ત્યારથી તેના વંશનું રક્ષણ બ્રિટિશ ફોજવડે થતું હતું. પરદેશી ચઢાઈ અને દેશની અંદરના બંડ એ બંને તરફથી રક્ષણ પામી એની ઓલાદમાં ઘણા નવાબ થયા તેઓ ખાનગી રહેણીમાં લંપટ દુર્વ્યસની હતા, અને જાહેર કરણીમાં રૈયત ઉપર જુલમી હતા. તેઓમાં એક ગુણ હતો. તેઓ અંગ્રેજ સરકાર તરફ દૃઢ વફાદાર રહેતા. ગંગા અને ગોગરા નદીઓની વચ્ચે જે રસાળ મૂલક છે તેમાં એટલી ઘાડી વસ્તી છે કે પૃથ્વી ઉપર બીજે કોઈ ઠેકાણે એટલાજ વિસ્તારની જમીનમાં તેટલી ઘાડી વસ્તી નથી. એ પ્રદેશમાંની રૈયત ભવના ભવસુધી અંધેર રાજ્યપીડા પામતી હતી, અને તે પીડાને માટે દરેક ગવર્નર જનરલ કેટલેક દરજ્જે પોતાને જવાબદાર ગણતો હતો. નવાબોને (જેમણે ૧૮૧૯ થી શાહનો ઈલકાબ ધારણ કર્યો હતો.) તાકીદપર તાકીદ આપવામાં આવતી કે તમારી વર્ત્તણુકમાં સુધારો કરો. પરગજુ બેંટિંક તથા જંગી હાર્ડિંગે જે કરવાની માત્ર ધમકી આપી હતી તે લૉર્ડ ડેલહાઉસીને હાથે થવાને રહેલું હતું. એના લક્ષણમાં તેમના જેટલુંજ પ્રમાણિકપણું અને તેમનાથી વધારે દૃઢ નિશ્ચય હતો. તેણે તમામ બિના કોર્ટ ઑવ્ ડિરેક્ટરોને લખી મોકલી. તેમણે લાંબો વખત અને દુઃખકારક રીતે આનાકાની કર્યા પછી એ રાજ્યને ખાલસા કરવાનો ઠરાવ કર્યો. એ હુકમ આવ્યો ત્યારે લૉર્ડ ડેલહાઉસીને સ્વદેશ પાછા જવાનો વખત થયો હતો, તોપણ તેણે વિચાર્યું કે આ જોખમ ભરેલું કામ તેની પછી આવનાર અધિકારીને તેના બેસતા અમલમાં કરવાને

રાખવું એ વાજબી નથી. કોર્ટ ઑવ્ ડિરેક્ટરોના ઠરાવને આવતાં બહુવાર થયાથી તે બજાવવાને તેને માત્ર થોડાંજ અઠવાડીઆં મળ્યાં. પણ તે ખરા મનથી માનતો હતો કે એ કામ કરવું એ મારી અયોધ્યાના લોકતરફ ફરજ છે. તેણે ખાનગી પત્રમાં લખ્યું છે કે મારા મનમાં આવી લાગણી હોવાથી અને સર્વશક્તિમાન પરમેશ્વરની કૃપા ઉપર નમ્રતાપૂર્વક આધાર રાખી (કેમકે તેના સરજેલા લાખો માણસ આ ફેરફારથી સ્વતંત્રતા અને સુખ પામશે) હું આ ફરજ બજાવવાનું કામ ગંભીરપણે અને ચિંતાથી પણ શાંત રીતે અને શંકા વિના હાથમાં લઉં છું.

**ખાલસા કરવાનાં કારણ:**—લૉર્ડ ડેલહાઉસીના અમલની છેલ્લી સાલ ૧૮૫૬ હતી. એ સાલને આરંભે તેણે લકનૌના દરબાર ખાતે જનરલ (પાછળથી સર જેમ્સ) ઓટ્રામ રેસિડેંટ હતો તેને અયોધ્યાનો રાજકારભાર હાથમાં લઈ ચલાવવાનો હુકમ આપ્યો. એમ કરવાનું કારણ એ કે લાખો માણસને જે રાજવહીવટથી દુ:ખ થાય છે તેને ટેકો આપી વધારે વાર જારી રાખવાથી બ્રિટિશસરકાર પરમેશ્વરની તથા માણસની નજરે ગુન્હેગાર થાય છે. એ ઢંઢેરો ૧૮૫૬ ના ફેબ્રુઆરી માસની ૧૩ મી તારીખે પ્રગટ કર્યો. અટકાવી નહિ શકાય એવી અંગ્રેજ સત્તાને પાદશાહ વાજીદ અલ્લી તાબે થયો. તો પણ તેને પદભ્રષ્ટ કર્યો એ વાજબી છે, એવું કબૂલ કરવાની તેણે ના કહી. આ ઠરાવની સામા પોતાનો વાંધો જણાવવાને તથા અપીલ કરવાને ઇંગ્લાંડમાં માણસો મોકલ્યા પછી કલકત્તાની પાસે ગાર્ડન રીચ નામે ખુશકારક પરામાં તે ઠરી ઠામ વસ્યો. અને તેને વરસે બાર લાખ રૂપિઆનું પેન્શન આપવામાં આવ્યું. એમ વગર લડ્યે અયોધ્યાનું રાજ્ય ખાલસા થયું. આ કામને લૉર્ડ ડેલહાઉસી ઘણું પ્રમાણિક ગણી સંભારતો હતો. તોપણ કદાચ આથીજ દેશી જાહેર મત તેના અમલના સઘળાં કામો કરતાં વધારે ઉશ્કેરાયું.

**હિંદમાં કરેલું લૉર્ડ ડેલહાઉસીનું કામ.**—૧૮૫૬ ના માર્ચ મહિનામાં માર્ક્વિસ ઑવ્ ડેલહાઉસીએ અધિકાર છોડી દીધો, એ વેળા એની ઉમ્મર માત્ર ચુંમાળીસ વરસની હતી. પણ તે સ્વદેશ ગયો

ત્યારે પોતાની જોડે લાંબી પથારીના મંદવાડના બીજ લેતો ગયો ને તેથી ૧૮૬૦ માં તે મરણ પામ્યો. કૉર્નવાલિસને બાદ કરતાં જે અંગ્રેજો રાજકીય પુરૂષો હિંદની ગરજ પૂરી પાડવાના ભોગ થઈ પડ્યા તેઓમાં તે પહેલો હતો, પણ છેલ્લો ન હતો. હિંદમાં બ્રિટિશ રાજ્યની ઇમારત લૉર્ડ ડેલહાઉસીએ પૂરી કરી. એ સૈકાના પહેલા ભાગમાં લૉર્ડ વેલ્લેસ્લીએ, તથા લૉર્ડ હેસ્ટિંગ્સે હિંદના અધિરાજ્યનો નકશો બનાવ્યો હતો, તેમાં ૧૮૪૩ માં સિંધ ઉમેરાયું. વચમાં જે વિશાળ જગા બાકી હતી, તેમાં અયોધ્યા, મધ્યપ્રાંતો, અને હિંદમાંનાં નાનાં સંસ્થાનોની જોડે વાયવ્ય સરહદપર આવેલો પંજાબપ્રાંત, તથા સમુદ્રપાર રહેલા બ્રિટિશ બ્રહ્મદેશનો સૌથી વધારે સમૃદ્ધિવાન ભાગ એટલો મૂલક માર્કિવસ ડેલહાઉસીએ છેવટે દાખલ કર્યો.

લૉર્ડ કૅનિંગ ૧૮૫૬—૧૮૬૨.—આ મોટા ગવર્નર જનરલની જગાએ તેનો મિત્ર લૉર્ડ કૅનિંગ આવ્યો. તેને જતી વખતે ઇંગ્લાંડમાં કોર્ટ ઑવ્ ડિરેક્ટરોએ ખાનું આપ્યું તે સમે આ ભવિષ્ય વાણી તે બોલ્યો. 'મારી નોકરીની મુદત શાંતિમાં જાય એવું હું ઇચ્છું છું. તોપણ હું ભૂલી જઈ શકતો નથી કે હિંદનું આકાશ ગમે તેટલું શાંત છે તો પણ તેમાં માણસની હાથેલી જેવડું નાનું વાદળું ચઢી આવે અને તે વધારે વધારે મોટું થઈ ત્રુટી પડે ને આપણને નાશમાં ગરક કરી નાંખે.' બીજે વરસે બંગાળી ફોજના સિપાઇઓએ બળવો કર્યો અને પટનાથી દિલ્હી સુધીનો ગંગાનો બધો પ્રદેશ તેથી સળગી ઊઠયો.

# प्रकरण १५ मुं.

## १८५७ ના સિપાઈઓનો બળવો.

**સિપાઈઓના બળવાનાં કારણ.**—બળવો ઊઠવાનાં જે જૂદાં જૂદાં કારણો આપવામાં આવેછે તે યૂરોપીના મનને પૂરતાં લાગતાં નથી. બઈ કારણ એ દીસેછે કે આખા હિંદમાં દેશીઓનાં મન ઉશ્કેરાયલાં હોવાથી તરેહવાર ગપાટા માનવાને અને ત્રાસના ન્હારામાં હોવાથી કંપલાવી પડવાને લોકો તૈયાર થયા હતા. યૂરોપી ટોળાપર દારૂની જેવી અસર થાયછે તેવી એશિઆની પ્રજાપર હેબકની અસર થાયછે. લૉર્ડ ડેલહાઉસીની રાજ્ય ખાલસા કરવાની રીત ઘણા સુધરેલા વિચારથી ઘડી કાઢેલી હતી, તોપણ દેશીઓને તે અણગમતી હતી. કેળવણીનો ફેલાવો કરવામાં તથા એકજ વખતે વરાળયંત્ર અને તાર દાખલ કરવામાં હિંદી સુધારાને ઠેકાણે અંગ્રેજી સુધારો ફેલાવવાની તેમની ઊંડી તદબીર છે એવું દેશીઓને લાગ્યું. મુખ્યત્વે કરીને બંગાળી પલટણોના સિપાઈઓ એવું ધારતા હતા કે અમારી નજર બીજા સ્વદેશીઓની નજરથી વધારે દૂર પહોચી શકે છે. એમાંના ઘણા ખરા સિપાઈઓ ઊંચી ન્યાતના હિંદુઓ હતા અને પુષ્કળ સિપાઈઓની ભરતી અયોધ્યામાંથી કરી હતી. પશ્ચિમ ભણીના ધોરણે જે સુધારા કરવા માંડ્યા હતા તેને વિષે તેમણે એમ ધાર્યું કે એતો પ્રજા તરીકે આપણું એકત્વ તોડવાનાં હુમલા જેવા છે. અને ખાલસા કરવું એટલે શું તે તેમણે નજરે જોયું હતું. અમારા પરાક્રમથીજ પંજાબ પ્રાંત જીતાયો છે અને આખો હિંદ કબજે રહ્યોછે, એવું તેઓ માનતા હતા. આ બેદિલી અને હેબક ગાદીપરથી ઉઠાડી મૂકેલા પુષ્કળ રાજાઓ અથવા તેમના વારસો અને વિધવા રાણીઓના જાણવામાં પહેલાં આવી અને તેમણે તેનો લાભ લીધો. તેમણે ક્રિમીઆની લડાઈની હકીકત સાંભળી હતી, અને રૂશ દેશ ઇંગ્લાંડનો હમેશનો વેરી છે એવી તેમને ખબર મળી હતી. અંગ્રેજ તરફથી મોટાં પેન્શન મળવાથી તેમની પાસે પૈસો એકઠો થયો હતો તેવડે હોશિયાર કાવતરાખોરોને નાણાં આપી તેમની મદદ લઈ શકતા હતા.

**બળવાના કહેવાતાં બીજાં કારણો.**—એથી ઉલટું કંપનીની નોકરીમાંની વધારે ઊંચા દરજાની જગ્યાઓ વિદ્વાન, બુદ્ધિમાન, અથવા વફાદાર નીવડેલા દેશીઓને મળતી નહિ. નાના દરજાની નોકરી દેશીઓને મળે તેને માટે કંપનીએ અગત્યના પગલાં ભર્યાં હતાં. પણ હિંદની સરકારી નોકરીમાંની ભારે પગારની અને દરજાની ઘણીક જગ્યાઓ હિંદના વતનીઓને મળે એવું મહારાણીની સરકારે હમણા ઠરાવ્યું છે, તે જગ્યાઓપર તે વેળા થોડાક અંગ્રેજોનોજ માત્ર હક હતો. બળવો થયાં પહેલાં થોડા વખત ઉપર સર હેન્રિ લૉરેન્સે જણાવ્યું હતું કે બુદ્ધિમાન પુરૂષની વાજબી તૃષ્ણા સંતોષ પામી શકે એવી જગ્યા લશ્કરમાં પણ દેશી અમલદારને તેમનું પરાક્રમ દેખાડવાને આપતા નથી. આવી સ્થિતિને લીધે ભારે હાનિ થશે એવું તેણે આગ્રહથી કહ્યું હતું; પણ એની સૂચનાપર છેલ્લી ઘડી લગી કોઈએ લક્ષ આપ્યું નહિ. બળવાના બારીક સમયમાં લૉર્ડ કૅનિંગને કાંઈ અણધારી અડચણ થાય તો તે કામ ચલાઉ ગવર્નર જનરલ થાય એવો ઠરાવ થયો હતો; અને એ મોટું ફિતૂર શમ્યા પછી કંપનીના હાથમાંથી જઈ મહારાણીના હાથમાં રાજ્યગાદી આવી, ત્યારે મહારાણીએ જાહેર કરેલા ઢંઢેરામાં તેણે (લારેન્સે) મજબૂત કારણો બતાવીને જે ધોરણ પ્રમાણે વર્ત્તવાનો આગ્રહ કર્યો હતો તે ધોરણ બહાલ રહ્યું. મહારાણીનાં મહેરબાની ભરેલાં વચનો આ પ્રમાણે છેઃ—"વળી અમે ફરમાવીએ છીએ કે બની શકે ત્યાં જાતિભેદ કે ધર્મભેદ ઉપર નજર ન રાખતાં અમારી રૈયતમાં જેઓ કેળવણી, બુદ્ધિબળ, અને પ્રમાણિકપણાથી નોકરી કરવાને લાયક હોય તેમને છૂટથી અને નિષ્પક્ષપાતપણે સરકારી નોકરીમાં દાખલ કરવા" આ ઉદાર રાજ્યનીતિ કંપનીના અમલમાં અજાણી હતી. એ કારણથી સને ૧૮૫૭ ના સિપાઓના બળવાને વખતે હિંદના પુષ્કળ રાજાઓ, તેમાં મુખ્યત્વે કરીને ગાદીપરથી ઉઠાડી મુકેલા રાજ્યવંશો કંપનીના વેરી થયા હતા; અને ખુદ કંપનીનાજ દેશી અમલદારોની મોટી સંખ્યા ઉઘાડે છોગ બેવફા થઈ હતી અથવા તો તેનું શું થશે તે વિષે બેદરકાર હતી.

**ચરબી લગાડેલાં કારતૂસો** (કાર્ટિજ).—આવો અણીનો મામલો ચાલતો હતો તે વખતે લશ્કરી છાવણીઓમાં એવી ગપ ચાલી કે

બંગાલી ફોજના સિપાઈઓનાં કારતુસોને ડુક્કરની ચરબી ચોપડેલી છે. એ પ્રાણીને હિંદુ અને મુસલમાન એ બેઉ પ્રજા અપવિત્ર ગણે છે. ઘણીએ ખાતરી કર્યા છતાં સિપાઈઓના મન શાંત થઈ શક્યાં નહિ. દેશી પલટણોને રહેવાનાં મકાનમાં રાતે લાહે થતી; સિપાઈઓ પોતાના અમલદારોનું અપમાન કરતા; વિશ્વાસ ઉઠી ગયો હતો અને કવાયતનું ડોલ માત્ર રહ્યું હતું.

**લશ્કરોમાં બુદ્ધિમાન અમલદારોની ઘટ.**—એ ઉપરાંત ફિતૂર ઊઠયું તે વખતે દેશી પલટણોમાં ઉત્તમ અમલદારોની ઘટ પડી ગઈ હતી. જે મોટી પાદશાહતનો પાયો લૉર્ડ ડેલહાઉસીએ નાંખ્યો હતો તેનો કારભાર ચલાવવાને સિવિલ સર્વિસથી જેટલા નોકરોની ભરતી થઈ શકતી તેનાથી વધારે અમલદારોનો ખપ હતો. મુલ્કી ખાતાના ઓહ્દાપર હોશિયાર લશ્કરી અધિકારીઓ પસંદ કરવાનો રિવાજ લાંબા વખતથી ચાલતો હતો તેમાં એકાએક પુષ્કળ વધારો થઈ ગયો. અયોધ્યા, પંજાબ, મધ્યપ્રાંતો, અને બ્રિટિશ બ્રહ્મદેશનો કારભાર ઘણે દરજ્જે કંપનીની પલટણોમાંથી ચુંટી કહાડેલા અધિકારીઓને હાથ હતો. સારા અને કુશળ સેનાપતિઓ રહ્યા હતા; તો પણ આ અણીના વખતમાં દેશી ફોજમાં અતિ તેજસ્વિ બુદ્ધિ અને દૃઢ સંકલ્પવાળા અધિકારીઓનો મોટો ભાગ રહ્યો ન હોતો. તેમજ ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસીએ જેટલું બ્રિટિશ લશ્કરને રાજ્યની સહી સલામતી માટે જરૂરનું જણાવ્યું હતું તેના કરતાં, તેણે સખત કારણો બતાવી તકરાર ઊઠાવ્યા છતાં, પણ તે ઘણું ઓછું કરી નાંખવામાં આવ્યું હતું. જ્યારે દેશી પલટણોમાં 'ચરબી લગાડેલાં કારતુસો'ની હેબક પસરી અને બંગાળામાં તોફાન ઊઠયું, ત્યારે લાર્ડ ડેલહાઉસીએ હિંદની બ્રિટિશ ફોજનું બળ વધારવા વિષે તેમજ તેમાં અને દેશી ફોજ બંનેમાં સુધારો કરવાની ઘણી જરૂર વિષે જે ખરા દિલથી લખાણો કર્યાં હતાં તે લંડનમાં એમનાં એમ પડી રહ્યાં હતાં અને તેપર કંઈ ધ્યાન આપવામાં આવ્યું ન હોતું.

**બળવો ઊઠયો, મે સને ૧૮૫૭.**—સને ૧૮૫૭ના મે માસની તા. ૧૦ મીને રવિવારે પાછલે પહોરે મીરત (મીરથ) ના સિપાઈઓએ

બળવો કર્યો. તેઓ કેદખાનામાં ધુસ્યા અને છાવણીઓમાં વેગથી ધશી જે યુરોપી મળ્યો તેને તેમણે કાપી નાંખ્યો. પછી પાસેના મોટા દિલ્લી શહેરની દેશી ફોજને તથા બદમાશ લોકોને ઉશ્કેરવાને અને ગાદીપરથી ઉઠાડી મૂકેલા મુગલ પાદશાહની સત્તાનીચે રહેવાને તેઓ ત્યાં ગયા. તે વખતે ઉત્તર હિંદમાં મોટામાં મોટી લશ્કરી છાવણી મીરતમાં હતી. બળવાખોરો દિલ્લી જઈ પહોંચે તે પહેલાં તેમને કચરી નાખે એવડી પાયદલ, ઘોડેસવાર, તથા તોપોની જબરદસ્ત યુરોપી ફોજ એ છાવણીમાં હતી. પણ સિપાઈઓ ઉતાવળા થઈ વગર વિચારે ચાલ્યા તેમ યુરોપી અમલદારોએ ઘણી બાબતમાં દૃઢતા તજી દઈ એટલીજ મૂર્ખાઈ ભરેલી વર્ત્તણુક ચલાવી. બળવો ઉઠ્યાની ખબર તારમાં દિલ્લી મોકલી તે સિવાય તે રાત્રે બીજું કશું કર્યું નહિ. જે ક્ષણ દૃઢમનના એક માણસથી હિંદનું રક્ષણ થઈ શકત એવી હતી તે ક્ષણે મીરતના કોઈ પણ લશ્કરી અમલદારમાં વિચાર કરવાની કે વર્તવાની શક્તિ જણાઈ નહિ. બીજે દિવસે સવારે દિલ્લીના મુસલમાનોએ બંડ કર્યું ત્યારે ત્યાંના યુરોપીઓએ માત્ર દારૂખાનું ઉરાડી દીધું. તે સિવાય બીજું કશું કર્યું નહિ.

**બળવાનો ફેલાવ, જૂન સને ૧૮૫૭.**—એમ ભેગા મળવાનું મધ્ય સ્થળ દિલ્લી ગણાયું, અને આ બંડનું નામ બળવો પડ્યું. એ બંડ ઉતાવળે વાયવ્ય પ્રાંતો અને અયોધ્યામાં થઈ છેક નીચલા બંગાળામાં દાવાનળની પેઠે પ્રસર્યું. દરેક ઉપકથાની હકીકત જુદીજુદી તથા ખેદકારક છે. અને તે ઉપરથી જણાયછે કે દરેક બાજુના લોકો પોત પોતાના પક્ષને એક ભાવથી દૃઢરીતે વળગી રહ્યા હતા તેમ છતાં સઘળાં બંડોની એકજ હકીકત આપવી બસ થશે. ઘણી વખતે ચેતવ્યા વગર અને કેટલીકવાર વફાદાર રહેવાનાં વચન આપ્યાં છતાં ( જે વચનો કેટલાકની બાબતમાં કદાચ તે વખતે ખરાં હતાં ) સિપાઈઓ પોતાના ઉપરી અધિકારીઓની સામા ઊઠ્યા. તેમણે યુરોપીઓને કે ખ્રિસ્તિ ધર્મ માનનારાઓને મારી નાંખ્યા, અને કેટલેક પ્રસંગે સ્ત્રીઓ અને બાળકોની પણ હત્યા કરી. બળવાખોરોએ જેલનાં બારણાં તોડી નાંખ્યા, ત્રીજોરી લૂટી, અને બળવાએ એ વેળા આખી

પ્રજાએ યુદ્ધ કરવા ધાર્યું હોય એવું રૂપ ધારણ કર્યું હતું તેમાં સામિલ થવાને બંડના કોઈ મધ્યસ્થળે કૂચ કરી. માત્ર પંજાબના સર જાન લૉરેન્સે અને તેના મદદનીશોએ અગાઉથી ચેતી સિપાઈઓને દાબમાં રાખવાના અને તેમના હથિયારો લેઈ લેવાના સખ્ત ઉપાય લીધા હતા. એ મદદનીશોમાં એડવર્ડસ્ અને નિકલ્સન મુખ્ય હતા. શીખલોકો ડગ્યા નહિ. અફગાનિસ્તાનના ડુંગરોમાંથી નવા સિપાઈઓનાં ટોળાં પોતાની ખુશીથી આવ્યાં. એમ પંજાબ પ્રાંત ભયનું મૂળ ન થતાં દિલ્લીને ઘેરો ઘાલવાને પોતાની ફોજનો ભાગ આપવાને શક્તિમાન થયો. દક્ષિણ બંગાળાના ઘણાખરા સિપાઈઓએ બંડ કર્યાં, અને પછી જુદાજુદા ભાગમાં વેરાઈ ગયા. મુંબાઈ અને મદ્રાસની દેશી ફોજો વફાદાર રહી મધ્ય હિંદના મોટા અધિપતિઓમાંનાં ઘણાઓનાં લશ્કર બળવાખોરો જોડે વહેલાં મોડાં સામિલ થયાં, પણ હૈદરાબાદનું મુસલમાન સંસ્થાન તેના કુશળ પ્રધાન સર સાલરજંગના દાબથી ઈમાનદાર રહ્યું.

**કાનપુર.**—કાનપુર, લકનૌ અને દિલ્લી એ ત્રણે શહેર સિપાઈઓના બળવાનાં મુખ્યસ્થળ થઈ પડયાં. હિંદની મોટી દેશી ફોજોમાંની એક ફોજ કાનપુરની છાવણીમાં હતી. કાનપુરથી થોડે છેટે બિથુરમાં છેલ્લા પેશ્વાના વારસ ધોંડુપંતનો મહેલ હતો. ધોંડુપંતનું વધારે જાણીતું નામ નાનાસાહેબ હતું. તે હમેશ સઘળાં જમાનામાં અપકીર્તિને પામશે. નાનાએ પહેલાં તો ઘણાં ઘણાં વાક્યોથી વફાદારી બતાવી પણ ૬ઠ્ઠી જૂને સિપાઈઓએ દંગો કર્યો ત્યારે તે તેમનો નાયક બન્યો અને મરાઠાનો પેશ્વા બની તેણે આણ ફેરવી. કાનપુરના યૂરોપીઓએ ઉતાવળે ખરાબ પસંદ કરેલી મોરચાબંધ છાવણીમાં ભરાઈ ઉષ્ણ કટિબંધના જૂન મહિનાના સખ્ત તાપમાં ઓગણીસ દિવસ લગી મર્દાઈથી ઘેરો સહન કર્યો. એ યૂરોપીઓમાં જેટલા લડવૈયા પુરૂષો હતા તેમનાથી સ્ત્રીઓની અને બાળકોની સંખ્યા વધારે હતી. દરેકમાં દુઃખ સહન કરવાની અથવા મરવાની હિંમત અને ધીરજ હતી પણ તેમને રસ્તો દેખાડી શકે એવો પુરૂષ એ વખતે તેમનામાં નહોતો. ઠેઠ અલાહાબાદ લગી સહી સલામત પહોંચાડવાનું નાનાએ વચન આપ્યું. તેપર વિશ્વાસ રાખી તેઓ ૨૭ મી જૂને શરણે આવ્યા,

અને તેમનામાંનાં ૪૫૦ માણસ ગંગાનદીમાં મછવામાં બેશીને નીકળ્યાં, તેમનાપર નદીને કાંઠેથી તાબડતોબ ગોળીઓનો ઘાતકી મારો ચલાવ્યો. માત્ર એકજ મછવો નાશી છૂટ્યો; અને જે ચાર માણસ તરીને એક રાજા અંગ્રેજનો દોસ્ત હતો તેમના રક્ષણમાં ગયાં તેઓ માત્ર એ વાત કહેવાને જીવતાં રહ્યાં. બાકીના માણસોને તેજ ઠેકાણે કાપી નાંખ્યાં. સ્ત્રીઓ અને બાળકો મળી ૧૨૫ જણને ૧૫ મી જુલાઈએ એજ દશાએ પહોંચાડવાને રાખ્યાં હતાં. એ સમયે હાવેલૉકનું વેર વાળનારૂં સૈન્ય પાસે હતું.

**લખનોર.**—અયોધ્યાનો મુખ્ય કમિશનર સર હેન્રિ લૉરેન્સ આ બળવા વિષે અગાઉથી ચેત્યો હતો. તેણે લખનોરની રેસિડન્સિને કિલ્લા કોટથી મજબૂત કરી અને ખોરાકી ભરી રાખી, અને તમામ યૂરોપી રહેવાશીઓને તથા એક નબળી બ્રિટિશ પલટણને લઈને તે બીજી જુલાઈએ ત્યાં ગયો. બે દિવસ પછી છરાનો ગોળો વાગવાથી તેને કારી જખમ થયો. પણ એ સ્થળે બુદ્ધિમાન પુરૂષના હાથમાં અધિકાર હતો. લૉરેન્સે પોતાનો મુકામ ઘણી હોશિયારીથી પસંદ કર્યો હતો. અને ૨૫ મી સપ્ટેંબરે હેવિલૉક અને ઑટ્રામે આવીને એ નાની ફોજને ઘેરામાંથી છોડવી ત્યાં લગી અસાધારણ ભારે સંકટો સહીને બહુ મોઠી સંખ્યાની સામે તે ટકી રહી. પણ એ છૂટકારો કરનારી ફોજને બળવાખોરોનાં નવા ધાડાએ ઘેરી લીધી; અને છેક નવેંબરમાં સર કોલિન કૅમ્પબેલ ( પછી લૉર્ડ ક્લાઈડ ) લખનોરમાં ઘૂશીને એ ફોજનો છેવટનો છુટકારો કર્યો ( ૧૬ મી નવેંબર ૧૮૫૭ ). એ પછી અંગ્રેજી લશ્કરો વધારે અગત્યનું કામ કરવામાં રોકાયાં, અને તેમણે સને ૧૮૫૮ ના માર્ચ મહિના લગી લખનોરનો ફરીને જાથુનો કબજો કર્યો નહિ.

**દિલ્લીનો ઘેરો.**—૮ મી જૂને એટલે મીરતમાં પહેલવહેલું બંડ ઉઠ્યું તે પછી એક મહિને દિલ્લીને ઘેરો ઘાલ્યો. ખરેખરો શબ્દાર્થ જોતાં એને ઘેરો કહેવાય નહિ, કારણકે દિલ્લીની ઇતિહાસમાં પ્રખ્યાત થયેલી 'ટેકરી' પર પડાવ કરેલા બ્રિટિશ લશ્કરમાં ૮,૦૦૦ થી વધારે માણસ નહોતું. પણ કોટની અંદર રહેલા બળવાખોરોના લશ્કરમાં ૩૦,૦૦૦ થી વધારે માણસ હતું. આગસ્ટ માસની અધવચમાં પંજાબથી એક ટૂકડી લઈને નિકલ્સન આવી પહોંચ્યો; પણ તે જે ટૂકડી

આવ્યો તેને લીધે અંગ્રેજી ફોજને જેટલી હિંમત આવી તેના કરતાં તે જાતે આવ્યો તેણે કરીને તેને વધારે હિંમત આવી. ૧૪ મી સપ્ટેંબરે હુમલો કર્યો, અને મહોલ્લામાં છ દીવસ લગી મરણીઆ થઈને લડી દિલ્લી પાછી જીતી લીધી. હલ્લો કરનારી ટુકડીને મોખરે નિકલ્સન હતો તે લડતાં રણમાં પડ્યો. ઘોડાના રસાલાની એક ટુકડીનો સરદાર હોડ્સન બાહાદુર પણ ખોટું કામ કરતાં અચકાય નહિ એવો હતો. તેણે બીજે દીવસે ઘરડા મુગલ પાદશાહ બહાદુરશાહ તથા તેના દીકરાઓને પકડી કેદ કર્યા. પાદશાહને પાછળથી રાજ્યકેદી કરી રંગુન મોકલી દીધો ત્યાં તે સને ૧૮૬૨ લગી જીવ્યો. દિલ્લી આગળ એ શાહજાદાની આસપાસ મૂકેલા પહેરેગીર ઉપર હુલ્લડી લોકોનું ધાડું ધશી આવ્યાથી તે શાહજાદા (જેઓ વગર શરતે પકડાયા હતા તે) ને પોતાને હાથે ગોળીથી મારી નાખવા એ હૉડસનને જરૂરનું માલુમ પડ્યું.

**લૉર્ડ કલાઈડે અયોધ્યા જીતી લીધું.**—દિલ્લી જીતી લીધા પછી તથા લખનોરને ઘેરામાંથી છોડાવ્યા પછી જુદા જુદા ભાગમાં અઢાર મહિના લગી મારામારી ચાલી તોપણ બળવાનો નાટકના જેવો મોહ જતો રહ્યો. અયોધ્યાની બેગમ, બરેલીનો નવાબ તથા ખુદ નાના સાહેબ આવ્યાથી ઉશ્કેરાઈને અયોધ્યા તથા રોહિલખંડના તમામ લોક બળવાખોર સિપાઈઓ જોડે મળી ગયા. હિંદના એકલા એજ ભાગમાં જે બળવો બેસાડી દેવાનો હતો, તે લશ્કરનો બળવો ન હોતો પણ પ્રજાનો બળવો હતો. સર કૉલિન કૅમ્પબેલ (પછીથી લૉર્ડ કલાઈડે) અયોધ્યામાં લડાઈ ચલાવી તે બે શિયાળા લગી પહોંચી. નેપાળના સરજંગબહાદુર અને તેના બહાદુર ગુર્ખા તરફથી કીમતી મદદ મળી હતી. એક પછી એક શાહેર તાબે થયું, એક પછી એક કિલ્લાને ઘેરો ચાલ્યો, અને સને ૧૮૫૯ ના જાનેવારી માસ લગીમાં છેલ્લી તોપ પાછી લઈ લીધી; અને છેલ્લા પલાયન કરનારને સરહદ બહાર હાંકી કહાડ્યો.

**સર હ્યુ રોઝે મધ્યહિંદ સર કર્યું.**—એ અરસામાં સર હ્યુ રોઝ (પછીથી લૉર્ડ સ્ટ્રાથનેર્ન) મુંબાઈથી આવેલું બીજું લશ્કર લઈને મધ્ય હિંદમાં એટલાજ યશથી લડાઈ ચલાવતો હતો. ઝાંસીની નાવારસ કીધેલી રાણી અને તાતીઆ ટોપી એ બે તેના અતિ ભયંકર શત્રુ

હતા. નાના સાહેબે સામા થવાની જે શક્તિ બતાવી હતી તે પૂર્વે તાતીઆ ટોપીથી તેને મળી હતી. ઝાંસીની રાણી ૧૮૫૮ ના જૂન મહિનામાં લશ્કરને મોખરે લડતાં રણમાં પડી. તાતીઆ ટોપી મધ્ય હિંદમાં આડો અવળો ભટકી છેવટે ૧૮૫૯ના એપ્રિલ માસમાં વિશ્વાસઘાતથી પકડાયો અને તેને મારી નાંખ્યો.

**કંપનીના પટાનો સાર, ૧૬૦૦—૧૭૮૪.**—એ બળવાને લીધે અઢીસેંથી વધારે વરસની હયાતી ભોગવ્યા પછી ઈસ્ટ ઈંડિઆ કંપનીના અમલનો અંત આવ્યો. મૂળ કંપનીને ઈલિઝાબેથ રાણીએ સને ૧૬૦૦ માં સનદી મંડળીનો પટો કરી આપ્યો હતો. લૉર્ડ નૉર્થના પ્રધાનમંડળે સને ૧૭૭૩ નો રેગ્યુલેટિંગ આક્ટ મંજૂર કર્યો તેની રૂઈએ કંપનીને રાજકીય સત્તા મળી હતી, અને હિંદી રાજ્યનું બંધારણ થયું હતું. એ કાયદાની રૂઈએ બંગાળાના ગવર્નરને ગવર્નર–જનરલની પદવી મળી, અને ચાર સભાસદના મંત્રિમંડળની સલાહથી સલાહ અને લડાઈ કરવાની બાબતોમાં પણ મુંબાઈ અને મદ્રાસની સરકારો ઉપર અધિકાર ચલાવવાની સત્તા મળી. કલકત્તામાં ન્યાયની વરિષ્ઠન્યાયસભા (સુપ્રીમ કોર્ટ) સ્થાપી, તેના ન્યાયાધીશોની નીમણુક ઈંગ્લાંડના ગાદીપતિએ કરી; અને ગવર્નર-જનરલને તથા તેના મંત્રિમંડળને નિયમો અને કાયદા કરવાની સત્તા મળી. એ પછી પિટ્ટનું ઈંડિયા બિલ મંજૂર થયું (૧૭૮૪), તેની રૂઈએ ઈંગ્લાંડમાં બોર્ડ ઑવ્ કંટ્રોલ સ્થપાઈ. બીજા ઈલાકાપર બંગાળા ઈલાકાનું સર્વોપરિપણું દૃઢ થયું, અને ગવર્નર-જનરલ-ઈન-કાઉન્સિલ એવું ઈતિહાસમાં પ્રસિદ્ધ પદ વાપરવાની પહેલવહેલી મંજૂરી મળી.

**કંપનીને ફરીને સનદ કરી આપી, ૧૮૧૩—૧૮૫૩.**—હિંદનો વેપાર એકલી કંપનીના હાથમાં હતો તે ૧૮૧૩ માં ફરી કરી આપેલી સનદથી બંધ પડ્યો, અને પ્રજાપર સારો અમલ ચલાવવા તરફ લક્ષ લગાડવાની તેને જરૂર પડી. કંપનીને બીજી વાર સનદ કરી આપી ત્યારે ૧૮૩૩ ના આક્ટની રૂઈએ ચીન જોડે તેનો વેપાર ચાલતો હતો તે બંધ પડ્યો. વળી એ આક્ટે હિંદી રાજ્યના બંધારણમાં એક પછી એક સુધારા દાખલ કર્યા. એ આક્ટની રૂઈએ કાઉન્સિલમાં એક નવો (કાયદાખાતે) મેંબર ઉમેરાયો. એ મેંબર કંપનીના નોકરોમાંથી પસંદ કરેલો નએ હોય, અને તેને કાયદા અને કાનુનો કરવા માટે સભાઓ

મળે તેઓમાં માત્ર હાજર રહેવાનો પહેલાં હક હતો. એ રીતે કરેલા કાયદા અને કાનુનો પાર્લમેન્ટના આક્ટોના જેટલા અધિકાર એ કાયદાની રૂઇએ ઠર્યા, પણ તેઓને નામંજૂર કરવાની સત્તા કોર્ટ ઑવ્ ડિરેક્ટર્સને હતી; એ આક્ટની રૂઇએ એક લૉ કમિશન નીમાયું; અને છેવટે એ આક્ટની રૂઇએ ગવર્નર જનરલ-ઇન-કાઉન્સિલને મુલ્કી અને લશ્કરી ખાતાના વહીવટને લગતી તમામ બાબતોમાં બીજા ઇલાકાઓ ઉપર હકુમત ચલાવવાનો અધિકાર મળ્યો. છેલ્લી સનદ ૧૮૫૩ માં ફરી આપી તેની અમુક મુદ્દત ઠરાવી નહિ. પણ પાર્લમેન્ટની નજરમાં આવે ત્યાં લગી માત્ર તે અમલમાં આવે. એ વખતે ડિરેક્ટરોની સંખ્યા ઘટાડી અને સિવિલ સર્વિસમાં વગવસીલાથી જગ્યા મળવી તેને ઠેકાણે જાહેર પરીક્ષા લઇને જગ્યા આપવાનો ધારો દાખલ કર્યો.

**રાજ્યગાદીના તાબામાં હિંદનો મૂલક આવ્યો, સને ૧૮૫૮.**—હિંદનું રાજ્ય વધારે સારી રીતે ચલાવવાનો કાયદો મંજૂર થયો (૧૮૫૮), તે વડે અંતે કંપનીના હાથથી રાજ્યકારભાર જઇ રાજ્યગાદીને મળ્યો. એ વખતે ડિરેક્ટરોએ છટાદાર ભાષણોથી વિરૂદ્ધ મત જણાવ્યો તથા પાર્લમેન્ટમાં સામસામા પક્ષકારોમાં પણ એ વિષે કડવો વાદવિવાદ થયો. એ કાયદામાં એવું ઠરાવ્યું કે પંદર મેંબરોની કાઉન્સિલની સલાહથી પોતાના મુખ્ય સ્ટેટ સેક્રેટરીઓમાંના એકની માર્ફત ઇંગ્લાંડની રાણી હિંદ ઉપર અમલ ચલાવશે અને તેને નામે અમલ ચાલશે. ગવર્નર જનરલને વાઇસરાયનો નવો ઇલકાબ મળ્યો. કંપનીનાં યૂરોપી લશ્કરોને રાયલ સર્વિસમાં ભેળી દીધાં અને હિંદી દરીઆઇ ફોજ કાઢી નાખી. એ યૂરોપી લશ્કરોમાં અમલદારો અને સિપાઇઓ મળીને આશરે ૨૪,૦૦૦ માણસ હતું. હિંદી કાઉન્સિલોના આક્ટ (૧૮૬૧) ની રૂઇએ ગવર્નર જનરલની અને વળી મદ્રાસ તથા મુંબાઇની કાઉન્સિલોમાં ફક્ત કાયદા બાંધવાના કામમાં મદદ કરવાને દેશી કે યૂરોપી, સરકારી નોકરીમાં ન હોય એવા મેંબરો ઉમેરાયા; અને એજ સાલમાં બીજો કાયદો મંજૂર થયો, તેની રૂઇએ ઇલાકાના શાહેરોમાં જૂની સુપ્રીમ કોર્ટો હતી તેને ઠેકાણે ન્યાયની હાયકોર્ટો સ્થપાઇ.

# प्रकरण १६ मुं.

## બ્રિટિશ રાજ્યગાદીના તાબામાં હિંદ.

**મહારાણીનો ઢંઢેરો, ૧ લી નવેંબર ૧૮૫૮.**—બળવો બેસાડી દેવાનું તથા ત્યારપછી રાજ્યમાં જે સમાધાની ભરેલો ફેરફાર થયો તે દાખલ કરવાનું કામ લૉર્ડ કૅનિંગને હાથ આવ્યું. જોખમને છેક ખરાબ વખતે પણ તેણે પોતાના મનની શાંતિને ડગવા દીધી નહિ, અને તેના ખરા નિષ્પક્ષપાત આચરણને લીધે બેઉ તરફનાં માણસોએ વારા ફરતી તેનાં વખાણ કર્યાં, અને વાંક કાઢયો. એ વખતે તેને તિરસ્કારમાં 'દયાળુ કૅનિંગ' ( ક્લેમન્સિ કૅનિંગ ) એવું ઉપનામ આપ્યું હતું. તે આજે માત્ર તેના માનમાં સંભારવામાં આવેછે. સને ૧૮૫૮ ના નવેંબર માસની ૧ લી તારીખે અલાહાબાદમાં મોટો દરબાર ભરી મહારાણીએ હિંદનો રાજ્યકારભાર પોતાને હાથ લીધાનો બાદશાહી ઢંઢેરો તેણે વાંચી સંભળાવ્યો. ખરેખરો અને ઉદાર ભાવાર્થ જોતાં એ લેખ હિંદની પ્રજાનો મૅગ્ના ચાર્ટા છે. એ લેખમાં છટાદાર વચનોમાં એવું લખ્યું હતું કે ન્યાય અને ધર્મ સંબંધી છૂટના નિયમોને આધારે મહારાણીના અમલની રાજનીતિ ચાલશે. વળી બ્રિટિશ પ્રજાના ખૂન કરવામાં જેમણે ખુલ્લો ભાગ લીધો હતો તેમના સિવાય બીજા બધાને એ લેખમાં માફી આપી હતી. સને ૧૮૫૯ ની તા. ૮ મી જુલાઈએ આખા હિંદમાં શાંતિનાં જાહેરનામાં થયાં. બીજે વર્ષે શિયાળામાં વફાદાર રાજારાણાઓની સેવા સ્વીકારવાને તથા તેમને દત્તક કરવાના હક્ક છે એવી ખાતરી કરી આપવાને લૉર્ડ કૅનિંગ ઉત્તર તરફના પ્રાંતોમાં વાઈસરૉયના ઓદ્ધાથી ફરવા નીકળ્યા.

**વસૂલાત ખાતામાં મિ० વિલ્સને કરેલા સુધારા.**—બળવો બેસાડી દેવામાં હિંદના કરજમાં લગભગ ચાળીસ કરોડ રૂપિઆનો વધારો થયો અને લશ્કરી ખાતામાં ફેરફાર થવાથી આશરે દશ કરોડ રૂપિઆનો વાર્ષિક ખર્ચ વધ્યો. આ ખોટ પૂરી પાડવાને મી० જેમ્સ વિલ્સન નામે પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને પાર્લામેન્ટના વસૂલાત

ખાતાના અધિકારીને હિંદી કાઉન્સિલનો વસૂલાતખાતાનો મેંબર નીમીને ઇંગ્લાંડથી મોકલ્યો. તેણે જકાત લેવાની પદ્ધતિની ફરી વ્યવસ્થા કરી, કમાણી અને ધંધાપર વેરો (ઇનિકમ તથા લાઇસેન્સ ટાક્સ) બેસાડ્યો, અને સરકારી કાગળનાં નાણાં ચલાવ્યાં. આ પ્રતાપી કાર્યમાં તે રોકાયો હતો તે દર્મિયાન તેનો કાળ થયો. પણ હિંદના વસૂલાત ખાતાના પહેલ વહેલા અને શ્રેષ્ઠ મંત્રિ તરીકે તેનું નામ અમર રહ્યું છે. હિંદના ફોજદારી કાયદાનો ખરડો સને ૧૮૩૭ માં મેકોલેએ પહેલ વહેલો કર્યો હતો, તે સને ૧૮૬૦ માં મંજૂર થયો તથા તેની જોડે દીવાની અને ફોજદારી વહીવટના કાયદા સને ૧૮૬૧ માં મંજૂર થયા.

**લૉર્ડ એલગિન ૧૮૬૨—૧૮૬૩.**—લૉર્ડ કૅનિંગ સને ૧૮૬૨ના માર્ચ મહિનામાં હિંદ છોડીને સ્વદેશ ગયો અને ત્યાં મહિનો થયો નહિ તે પહેલાં મરણ પામ્યો. એની પછી લૉર્ડ એલગિન આવ્યો તે માત્ર ૧૮૬૩ ના નવેંબર મહિના લગી જીવ્યો. હિમાલય પર્વતમાંહે ધર્મશાળાને મુકામે તેનો કાળ થયો અને ત્યાં તેના શબને દાટ્યું છે.

**લૉર્ડ લૉરેન્સ, ૧૮૬૪.—૧૮૬૯.**—એની પછી પંજાબનો રક્ષક સર જૉન લૉરેન્સ આવ્યો. ભુતાન જોડે યુદ્ધ, તેની પછી સને ૧૮૬૪ માં બંગાળાની ઈશાન હદપર આવેલા દ્વાર્સ પરગણાનું ખાલસા થવું, અને સને ૧૮૬૬માં ઓઢિઆમાં પડેલો ભારે દુકાળ એ તેના અમલના મુખ્ય બનાવ હતા. સને ૧૮૬૮-૧૮૬૯ માં બુંદેલખંડ અને ઉપલા હિંદમાં દુકાળ પડ્યો તે વખતે લૉર્ડ લૉરેન્સે ભૂખમરાથી મોત થતાં અટકાવવાને બનતા ઉપાય લેવાની જવાબદારી ખુદ સરકારી અધિકારીઓને માથે રહેશે એવો હિંદની તવારીખમાં પહેલ વહેલો નિયમ ઠરાવ્યો. અયોધ્યાના ખેડુતોની સ્થિતિની તપાસ ચલાવી તેમને તેમના ચાલુ હક્ક આપવાના હેતુથી એક આક્ટ મંજૂર કર્યો. દોસ્ત મહંમદના કુંવરોમાં કેટલીક મુદત લગી માંહો માંહે કાપાકાપી ચાલ્યા પછી અફ્ગાનિસ્તાનનો મૂલક એકલા શેરઅલીને હાથ આવ્યો, અને તેને લૉર્ડ લૉરેન્સે અમીર કબૂલ કર્યો. ૧૮૬૬ માં વેપારની ખરાબી થવાથી બંગાળાના ચાના નવાસવા દાખલ થયેલા ઉદ્યોગને મોટો ધોકો પહોંચ્યો, અને મુંબાઈમાં ઘણા વેપારીઓ પાયમાલ થઈ ગયા. આસિસ્ટંટ માજીસ્ટ્રેટના ઓદ્ધાથી તે વાઇસરાયની પદવી લગી હિંદની દરેક દરજાની નોકરી કર્યા પછી સને ૧૮૬૯ ના જાનેવારી મહિનામાં લૉર્ડ લૉરેન્સે નોકરી

છોડી. તે ઇંગ્લાંડ ગયો ત્યારે તેને અમીરની પદવી મળી. તે સને ૧૮૭૯માં મરણ પામ્યો અને તેના શબને વેસ્ટ મિન્સ્ટર આબ્બીમાં દાટ્યુંછે.

**લૉર્ડ મેયો, ૧૮૬૯—૧૮૭૨.**—સને ૧૮૬૯ માં લૉર્ડ લૉરેન્સની પછી લૉર્ડ મેયો આવ્યો. તેણે હિંદની દ્રવ્યવૃદ્ધિને ઉત્તેજન આપ્યું. અંબાલા દરબારનું કામ શરેતારે પાર પડ્યું તેનું માન લૉર્ડ મેયોને ઘટેછે (સને ૧૮૬૯). એ દરબારમાં શેરઅલ્લીને વિધિપૂર્વક અફગાનિસ્તાનનો અમીર સ્વીકાર્યો, અર્થાત્ લૉર્ડ લૉરેન્સે જે કામનો આરંભ કર્યો હતો તે એક અર્થે જોતાં લૉર્ડ મેયોએ પરિપૂર્ણ કર્યું. સને ૧૮૬૯-૭૦ માં નામદાર શાહાજાદા ડ્યૂક ઑાવ્ એડિન્બરોની હિંદમાં પધરામણી થવાથી હિંદવાસીઓને ઘણો આનંદ થયો, અને માંડલિક રાજાઓએ પંડે આવી અંગ્રેજી રાજ્ય તરફ પોતાની વફાદારી બતાવી. લૉર્ડ મેયોએ રાજ્યના કેટલાંક મોટા ખાતામાં સુધારો કર્યો, ખેતીવાડીનું નવું ખાતું ઉઘાડ્યું, અને પ્રાંતવાર ઊપજ ખર્ચની રીત દાખલ કરી. એ છેલ્લા કામથી સ્થાનિક સ્વરાજ્યને જે ઉત્તેજન મળ્યું તેને લીધે હિંદની ઉપજ વધારી તેની યોગ્ય વ્યવસ્થા કરવાનું અંગ્રેજ રાજકારભારીઓમાં જવાબદારીની સમજ ઉશ્કેરવાનું અને લોકોમાં રાજકીય બાબતમાં ભાગ લેવાની વૃત્તિ જાગૃત કરવાનું કામ ઘણું થયું છે અને વધારે થશે. લાર્ડ મેયોએ મીઠાપરની જકાતમાં સુધારો કરવાનો પણ પાયો નાંખ્યો. એમ જે જૂની હાનિકારક દાણની ચોકીઓએ એક પ્રાંતને બીજા પ્રાંતથી છૂટો પાડી બ્રીટિશ હિંદ અને માંડલિક રાજ્યો વચ્ચેના વેપારને દાબી નાંખ્યો હતો તે ચોકીઓ કહાડી નાંખવાનો તેણે પોતાની પાછળ આવનારા અધિકારીઓને રસ્તો કરી આપ્યો. તેણે પુષ્કળ સડક, રેલ્વે, અને નહેરો બંધાવી દેશની દ્રવ્યઉપજ વધારવાનાં સાધનો ખીલવ્યાં. જાહેર બાંધકામની જે પરોપકારી પદ્ધતિની લૉર્ડ ડેલહૌસીએ સ્થાપના કરી હતી તેને તેણે અમલમાં આણી. દેશનાં હવા પાણીથી અને તેણે જે મહાભારત કામ માથે લીધાં હતાં તેથી તેનો ઉત્તમ ઉમંગ ડગ્યો નહિ. તેણે કાળજી રાખીને અને શ્રમ વેઠીને રાજ્યના છેક આઘેના પ્રાંતોની હાજતો નજરે જોઇને વાકેફગારી મેળવી. પણ સને ૧૮૭૨માં દેશનિકાલ થયેલા ગુન્હેગારોને રાખવાના આંડામન ટાપુના થાણામાં એક ખૂનીને હાથે તેની ઉદાર ઉપયોગી જીંદગીનો અંત આવ્યો.

**લૉર્ડ નૉર્થબ્રુક ૧૮૭૨—૧૮૭૬.**—એની પછી લૉર્ડ નૉર્થબ્રુક

આવ્યો તેને પોતાની બુદ્ધિ અજમાવવાનો વસ્તુજાત ખાતામાં ઉત્તમ લાગ મળ્યો. એના અમલમાં સને ૧૮૭૪માં નીચલા બંગાળામાં દુકાળ પડ્યો તેને રાજ્ય તરફથી મદદ આપવાની બ્હોળા પાયાપર ગોઠવણ કરીને ફતેહમંદીથી ખાળ્યો. સને ૧૮૭૫માં વડોદરાના મરાઠા ગાયકવાડને રાજ્યની અવ્યવસ્થાને લીધે તથા તેના દરબારમાંના બ્રિટિશ રેસિડંટને ઝેર દેવાની કોશિશ કરવા માટે ગાદીપરથી ઉઠાડી મૂક્યો. પણ તેના વંશમાંના એક બાળકને રાજ્ય સોંપ્યું. સને ૧૮૭૫–૭૬ ના શિયાળામાં પ્રિન્સ ઑવ વેલ્સ હિંદમાં ફરવા આવ્યો. એ નામદાર યુવરાજના પધારવાથી હિંદની તમામ પ્રજાએ બ્રિટિશ હિંદના ઇતિહાસમાં પૂર્વે કદી જણાયલી નહિ એવી ઉત્સાહપૂર્વક વફાદારી બતાવી; અને પ્રાચીન અને સુન્દર રાજવંશની બાદશાહતમાં જોડાયા છીએ એવું હિંદના માંડલિક રાજા રાણાઓએ પહેલીજ વાર જાણ્યું.

**લૉર્ડ લિટ્ટન, ૧૮૭૬—૧૮૮૦.**—લૉર્ડ નૉર્થબ્રુકની પછી સને ૧૮૭૬માં લૉર્ડ લિટ્ટન આવ્યો. સને ૧૮૭૭ના જાનેવારીની ૧લી તારીખે પ્રાચીન મુગલરાજધાની દિલ્લી શહેરમાં આવેલી 'ઇતિહાસમાં પ્રસિદ્ધ ટેકરી' પર અગાઉ જોવામાં ન આવેલા એવા ભારે ઠાઠમાઠથી દરબાર ભરી મહારાણી વિક્ટોરીઆએ કૈસરે હિંદનું પદ ધારણ કર્યાની ખબર એણે પ્રસિદ્ધ કરી. પણ દેશના રાજાઓ અને મોટા અધિકારીઓ આ સુંદર સ્થળે જતા હતા તે વખતે દુકાળનો પડછાયો દક્ષિણ હિંદને અંધારામાં ઘેરી લેતો હતો. ૧૮૭૬ના ચોમાસામાં જોઇએ એટલો વરસાદ પડ્યો નહિ, અને ૧૮૭૭ની મોસમ કાંઇક ઠીક હતી. આ લાંબી મુદ્દતની અનાવૃષ્ટિ દક્ષિણથી કન્યાકુમારી સુધી અને પછીથી ઉત્તર હિંદમાં પ્રસરવાથી દુકાળ પડ્યો. હિંદના ઇતિહાસમાં નોધાયલી હરકોઈ એવીજ આપત્તિથી એ દુકાળનો વિસ્તાર વધારે ભાગપર હતો. સમુદ્રવાટે અને રેલ્વેને રસ્તે પુષ્કળ અનાજ લાવ્યા છતાં તથા સરકારે અથાગ મહેનત કર્યા છતાં ખરેખરા ભૂખમરાથી, અને નીપજતા અનેક રોગથી લાખો માણસનો ઘાણ નીકળ્યો. એ દુકાળ ખાતે સરકારને એકંદર અગીઆર કરોડ રૂપીઆનો ખર્ચ થયો. ખોરાક નહિ મળવાથી તથા દુકાળથી પીડાયલા લોકોને થતા વ્યાધિઓથી પચાસ લાખ માણસનાં મરણ નીપજ્યાં હતાં એવો અડસટ્ટો કહાડ્યો છે.

**અફગાનિસ્તાનનો મામલો, ૧૮૭૮–૧૮૮૦.**—સને ૧૮૭૮ની

શરદ ઋતુમાં અફગાનિસ્તાનનો મામલો ફરીને જાગ્યો. લૉર્ડ મેયોએ જે અમીર શેરઅલીનો સારો સત્કાર કર્યો હતો તેજ અમીર રૂસ લોકના કારસ્થાનને મદદ કરતો જણાયો. તેણે અંગ્રેજના વકીલને પોતાના દેશમાં પેસવા દીધો નહિ, પણ રૂશિઆના વકીલનો આવકાર કર્યો. એ પરથી વધારો ઊઠયો. બ્રિટિશ લશ્કરોએ ખૈબર, કુરમ અને બોલન એ ત્રણ રસ્તે કુચ કરી અને તેમનો ઘણો અટકાવ થયા સિવાય એ ઘાટનાં અંદરના પેસવાના માર્ગનો કબજો કર્યો (૧૮૭૮). શેરઅલી અફગાન—તુર્કસ્તાનમાં નાશી ગયો અને ત્યાં મરણ પામ્યો. તેના દીકરા યાકુબખાન જોડે ગંદમક મુકામે તહનામું થયું (મે ૧૮૭૯), તેની રૂઇએ એ ઘાટોના શિખર અથવા વધારે દુરની બાજૂઓ લગી બ્રિટિશ મૂલકની હદ વધી અને બ્રિટિશ અમલદારને કાબુલમાં રહેવાની પરવાનગી મળી. થોડા મહિનામાં બ્રિટિશ રેસિડંટ સર લુઇ કાવાન્યારીને તેના રસાલા સુદ્ધાં દગાથી હુમલો કરી મારી નાંખ્યો (સપ્ટેંબર ૧૮૭૯), તેથી બીજી લડાઈ કરવાની જરૂર પડી. યાકુબખાને ગાદીપરથી હાથ ઊઠાવ્યો, અને તેને હિંદમાં આણ્યો; કાબુલ અને કંદહારનો કબજો કરી ત્યાં લશ્કર રાખ્યાં અને અફગાન જાતો સ્વદેશને માટે લડવા ઊઠી અને કાબુલ માંહેલી બ્રિટિશ ફોજને સંકટમાં નાંખી ત્યારે સર ફ્રેડરિક રૉબર્ટ્સે તેમને સજડ હરાવી (૧૮૭૯–૮૦).

**માર્કિવસ ઑવ્ રિપન, ૧૮૮૦—૧૮૮૪.**—આ અણીનો મામલો ચાલતો હતો તે સમયમાં ઇંગ્લાંડની પાર્લમેંટના મેંબરોની સામાન્ય ચુંટણી થઈ તેમાં ટોરી પ્રધાનમંડળની હાર થઈ. વિલાયતના રાજ્યમંડળે રાજીનામું આપ્યું. તેની જોડેજ લૉર્ડ લિટને પોતાના ઓદ્ધાનું રાજીનામું આપ્યું, અને તેની જગ્યાએ લૉર્ડ રિપનની સને ૧૮૮૦ ના એપ્રિલ માસમાં નીમણુક થઈ. એ ઊનાળામાં કંદહાર અને હેલ્મંડ નદીની વચ્ચે મૈવાન્ડમાં એક અંગ્રેજી લશ્કરી ટુકડીને આયુબખાનના હેરાતી લશ્કરે હરાવી, પણ જનરલ સર ફ્રેડરિક રૉબર્ટ્સે કાબુલથી કંદહાર સુધી જોરાવર કૂચ કરી અને સને ૧૮૮૦ ના સપ્ટેંબર માસની ૧ લી તારીખે આયુબખાનના લશ્કરને પૂરેપૂરૂં હરાવી એ હારનો જલદી બદલો વાળ્યો. અબદુર રહેમાનખાન નામે દોસ્ત મહમદના કુળના સૌથી વડા પુરૂષને અંગ્રેજે અમીર કબૂલ રાખ્યો. અને

રાજ્યધાનીનો કબજો સોંપી અંગ્રેજી લશ્કર કાબુલમાંથી પાછું આવ્યું (૧૮૮૧). અયુબખાને ફરીને લડાઈ ઉઠાવી. પણ તેનો જય થોડાજ વખત લગી ટક્યો, અને અબદુર રહેમાન હજી પણ અફગાનિસ્તાનનો સુલતાન છે (જુલાઈ ૧૮૯૨). સને ૧૮૮૧ થી જે અખંડ શાંતિ ચાલી તેનો લાભ લઈ લૉર્ડ રિપને રાજ્યની અંદરની વ્યવસ્થામાં કેટલાક સુધારા કર્યા. આ મોટા સુધારાને માટે સને ૧૮૮૨ અને ૧૮૮૩ની સાલો યાદ રાખવાજોગ થશે. દેશી વર્તમાનપત્રોનો કાયદો રદ કરી જાહેર વિષયોની છૂટથી ચર્ચા કરવામાં જે છેલ્લો અટકાવ હતો તેમાંથી દેશી વર્તમાનપત્રોને તેણે છોડવ્યા. તેણે સ્થાનિક સ્વરાજ્યની યોજના કરી તેણે કરીને હિંદના વતનીઓને રાજકીય વિષયોમાં ભાગ લેવાનો નવોજ સમય આરંભ્યો. એજ વેળા લોકોમાં કેળવણીનો પ્રસાર વધારે બહોળા પાયાપર કરવાના હેતુથી એજ્યુકેશન કમિશન નીમી તેણે લોકોને આપેલા હક્કનો બરાબર ઉપયોગ કરવાને તેમને લાયક કરવાનો પ્રયત્ન કર્યો. વળી તેણે બંગાળામાં એક મોટા જમીનને લગતા ધારાનો પાયો રચ્યો, પણ તે તેની પછી આવનાર લૉર્ડ ડફરિનના સમયમાં મંજૂર થયો. લૉર્ડ રિપનના વસૂલાત ખાતાના પ્રધાન સર એવેલિન બેરિંગે સને ૧૮૮૨માં પરદેશથી આવતા કાપડપરની જકાત કહાડી નાંખી અને થોડાક માલ બાતલ મૂકી તે સિવાય હિંદમાં આવતા માલપરથી તમામ જકાત કહાડી નાંખવામાં આવી. મહેસૂલની બાબતમાં આ વિખ્યાત પુરુષ કેરો શહેરમાં અંગ્રેજના પ્રતિનિધિના ઊંચા હોદ્દાપર નીમાયાથી બીજે વરસે (૧૮૮૩માં,) હિંદ છોડીને ગયો તેથી હિંદની તમામ પ્રજાને ખેદ થયો. સને ૧૮૮૨ માં અંગ્રેજી ફોજ મિસરનો કબજો લેવામાં ફતેહ પામી, તેમાં હિંદના દેશી લશ્કરની એક ટુકડી સામિલ હતી. તેમણે ચઢાઈમાં સહનશક્તિ અને રણમાં બહાદુરી સ્પષ્ટ બતાવી હતી. ત્યાર પછી હિંદના લશ્કરી અમલદારો તથા સિપાઈઓની ચૂંટી કહાડેલી એક ટુકડીને ઇંગ્લાંડ મોકલી હતી. તેનો ત્યાંના તમામ વર્ગના લોકે ઉત્સાહથી આવકાર કર્યો. પોતાના અમલની શરૂઆતમાં લૉર્ડ રિપને ખેતીનું ખાતું ફરીને સ્થાપ્યું, અને દુકાળના વખતમાં દેશનું રક્ષણ થાય તેવા ઉપાય કર્યા. હિંદમાં રેલવેનો વધારો કરવાના હેતુથી પાર્લમેંટની કમિટીની રૂબરૂ સાક્ષી આપવાને તેણે સને ૧૮૮૪ માં કેટલાક અધિકારીઓને ઇંગ્લાંડ મોકલ્યા. સને ૧૮૮૪ ની આખરે તે પોતાના

ઓહ્દાનું રાજીનામું આપી સ્વદેશ ગયો. સ્થાનિક સ્વરાજ્યને વધારવા સંબંધી તેના કેટલાક ધારાઓ અને મુખ્યત્વે કરીને ઇંગ્લાંડમાં જન્મેલી મહારાણીની પ્રજાએ કરેલા ગુનાની બાબતમાં ઊંચી પદવીના દેશી ન્યાયાધીશોને વધારે અધિકાર આપવાની તેની યોજનાને યૂરોપી પ્રજાએ હિંદની ખરેખરી સ્થિતિને નાલાયક ધારી, પણ એ યોજનાને તે કાળની સ્થિતિ લાયક થઈ હોય, કે ન હોય તોપણ એટલું તો હાલ ખુલ્લુંજ માલુમ પડ્યું છે કે મોડો વહેલો જે માર્ગે સુધારો કરવોજ જોઇશે તે માર્ગ એ યોજનાઓ બતાવે છે. લૉર્ડ રિપનનો લોકોપર અને લોકોનો તેનાપર ઘણો પ્રેમ હતો.

**માર્ક્વેસ ઑવ્ ડફ્રિન, ૧૮૮૪-૮૮.**—એની પછી સને ૧૮૮૪ મા અર્લ ઑવ્ ડફ્રિન વાઇસિરાયના ઓહ્દાપર આવ્યો. સને ૧૮૮૫ ની વસંત ઋતુમાં લૉર્ડ ડફ્રિને અફગાનિસ્તાનના અમીરનો આવકાર કરવાને રાવળપિંડીમાં ભવ્ય દરબાર ભરીને તે હાકેમની જોડે અંગ્રેજ સરકારને દોસ્તીનો સંબંધ હતો તે દૃઢ કર્યો. ઊનાળામાં રૂશિઆ જોડે લડાઈ થશે એવું લાગ્યું ત્યારે દેશી રાજાઓએ પોતાની ફોજ અંગ્રેજ સરકારની તેનાતમાં સોંપવાનું કહી તેની તરફ પોતાની વફાદારી જણાવી. ઉપલા બ્રહ્મદેશમાં થીબો રાજાએ દુરાચરણ ચલાવ્યાં કીધાં, અંગ્રેજી પ્રજાને પીડા કરી તથા સમાધાની કરવાનાં તમામ કહેણો પાછા વાળ્યાં તેથી સને ૧૮૮૫ ની આખરમાં તેની સામે લડવાને જનરલ પ્રેન્ડરગાસ્ટની સરદારી નીચે એક લશ્કર મોકલ્યું. રાજાને ગાદીપરથી ઉઠાડી મૂકી હિંદમાં આણ્યો. સને ૧૮૮૬ ના જાનેવારી મહિનાની ૧ લી તારીખે તેનો મૂલક બ્રિટિશ રાજ્યમાં જોડી દીધો. વળી સને ૧૮૮૬ ની શરૂઆતમાં પંજાબમાં આવેલા પાણીપતના નોંધ રાખવા લાયક મેદાનમાં લશ્કરની મોટી કવાયત થઈ હતી. અને લૉર્ડ ડફ્રિનની સરકારે ગ્વાલિયર ગઢ તેના વંશપરંપરાના માલિક સિંધિયા મહારાજાને પાછો આપ્યો. સને ૧૮૮૭ ના દર્મિયાનમાં ઉપલા બ્રહ્મદેશના નવા મુલકોમાં ધીમે ધીમે બંદોબસ્ત થયો અને લૂટારૂ ટોળીઓને છૂટી પાડી નાંખી. એજ વરસમાં મહારાણી કૈસરે હિંદ વિક્ટોરિઆની જુબિલીનો (તેના રાજ્યનાં પચાસમા વરસનો) ઓચ્છવ આખા હિંદમાં બધે ઠેકાણે ઘણી ખુશાલી અને હોંશથી પાળવામાં આવ્યો. એક મોટું કમિશન નીમવામાં

આવ્યું તેણે વધારે વધારે દેશી અમલદારોને રાજકારભારની ઊંચી પદવીઓમાં દાખલ કરવાની બાબતની તપાસ કરી. અર્લ ઑવ્ ડફરિન સને ૧૮૮૮ માં ઓદ્ધો છોડી સ્વદેશ ગયો અને વાઈસરાય તરીકેના પોતાના કારભારમાં તેણે જે સારી સેવા બજાવી હતી તેને માટે તેને માર્ક્વેસ ઑવ્ ડફરિન અને આવાની પદવી આપવામાં આવી.

**માર્ક્વેસ ઑવ્ લૅન્સડાઉન.**—લૉર્ડ ડફરિન પછી માર્ક્વેસ ઑવ્ લૅન્સડાઉન વાઈસરાય થયો (૧૮૮૮-૧૮૯૨), અને આ ગ્રન્થ લખાયો છે તે વખતે પણ વાઈસરાયની પદવીપર છે. લૉર્ડ લૅન્સડાઉનની કારકીર્દિમાં (સર અને પાછળથી લૉર્ડ ફ્રેડરિક રૉબર્ટ્સ નામના પોતાના મુખ્ય સેનાધિપતિ સાથે) હિંદની વાયવ્ય સરહદ પરનાં બાંધકામ મજબૂત થયાં છે. અને કોઈપણ હુમલો કરનારાઓ આવી ન શકે એવી રીતે અફઘાનિસ્તાનમાંથી આ દેશમાં આવવાના વિકટ રસ્તાઓનું રક્ષણ કીધું છે. તેમજ હિંદના લશ્કરોમાં દેશીરાજાઓને અગાઉના કરતાં વધારે આગળ પડતો ભાગ લેવાની રજા આપી છે. તેઓમાંના ઘણાએ દેશના રક્ષણમાં મદદ કરવાને પૈસા અને લશ્કર પૂરા પાડવા ખુશી જણાવી હતી. લૉર્ડ લૅન્સડાઉનના વખતમાં એ માગણીઓ કબુલ કરવામાં આવી છે. હાલ ઘણા માંડલિક રાજાઓ સારી રીતે કવાયત આપીને અને હથીયાર સજાવીને લશ્કરીની ટુકડીઓ પોતાને ખરચે રાખેછે, અને યુદ્ધને સમયે તે અંગ્રેજ સરકારના લશ્કરની સાથે નોકરી બજાવી શકેછે. આ લશ્કરની ટુકડીઓનો અંગ્રેજ સરકારને કંઈપણ ખરચ થતો નથી અને મહારાણીના રાજ્યમાં દેશી રાજાઓ ઘણી આબાદી પામ્યા છે, તેમની ઈમાનદારીથી તેઓ સરકારને પોતાની સ્વતંત્ર ઇચ્છાથી એ લશ્કરો પૂરાં પાડેછે.

**સ્વરાજ્યનો વધારો.**—આ પ્રમાણે દેશી રાજાઓ મહારાણીની સરકારને મદદ કરવાને ઉત્સાહ બતાવે છે ત્યારે બ્રિટિશ પ્રાન્તોમાંની પ્રજાઓ અને જૂદી જૂદી જાતો સ્થાનિક સ્વરાજ્યનો પ્રથમ બોધ લેતાં શીખેછે. ગયા ત્રીસ વરસના દર્મિયાનમાં આખા હિંદમાં ધીમે ધીમે મ્યુનિસિપાલીટિઓ અને ડિસ્ટ્રિક્ટ બોર્ડો ઊભી કરવામાં આવી છે. એના સભાસદો મુખ્યત્વે કરીને દેશી ગૃહસ્થો હોયછે, અને તેમાંના ઘણાને તેમના જાતિ નગરવાસીઓ પસંદ કરેછે. હાલમાં એ

મ્યુનિસિપાલિટી અને ડિસ્ટ્રિક્ટ બોર્ડો સ્થાનિક કારભારની ઘણી શાખાઓની વ્યવસ્થા કરેછે. તેમની કાયદાની સત્તા અને સારાં કામ કરવાની અનુભવથી મેળવેલી શક્તિ વધતી જાયછે. વળી સને ૧૮૮૯ થી દરેક વરસના ડિસેમ્બર માસમાં કલકત્તા, મદ્રાસ, મુંબાઈ, અને અલાહબાદ જેવાં ઈલાકાના રાજધાનીનાં શહેરોમાં હિંદના સઘળા ભાગમાંથી પસંદ કરી મોકલેલા માણસોની 'પ્રજાપ્રતિનિધિમંડળી' (નેશનલ કૉન્ગ્રેસ) મળેછે. એ પ્રતિનિધિમંડળી વાઈસરૉયની તેમજ ઈલાકાની ધારાસભામાં હિંદના દેશીઓને કાયદા રચવાના કામમાં વધારે મોટો ભાગ આપવાની યોજના વિષે ચર્ચા ચલાવેછે. એ મંડળીની માગણીઓમાં એક એવી છે કે વાઈસરૉયની અને ઈલાકાની ધારા સભાઓના સભાસદોનો કેટલોક ભાગ અત્યાર સુધી સરકાર નીમેછે, તેમ નહિ પણ પ્રજાતરફથી નીમાવવો જોઈએ. હિંદની પ્રતિનિધિમંડળીનો વધારે સુધરેલો પક્ષ ધારાસભાના સભાસદો માટે પ્રજાની ચુંટણીની પદ્ધતિ સામાન્યરીતે દાખલ કરવાની હિમાયતી ધરાવેછે. સને ૧૮૯૨ માં ઈંગ્લાંડની પાર્લમેન્ટે એક ધારો પસાર કર્યો તેની રૂઈએ એ ધારાસભાના સભાસદોની સંખ્યામાં વધારો થયો. અને એ પ્રમાણે એ સભાઓમાં અધિકારની રૂઈએ નીમાયલો નહિ એવો વધારે બળવાન ભાગ દાખલ થયો. પણ એવા સભાસદોને પ્રજાએ ચુંટી કાઢવા કે સરકારે નીમવા તે બાબત અમલમાં આણવાની સત્તા જૂદા જૂદા પ્રાંતોની ગરજ અને સ્થિતિને અનુકૂળ આવે તે પ્રમાણે સ્થાનિક સરકારના હાથમાં રહેવા દેવામાં આવી. આ રાજકીય સુધારાની સાથે સાથે હિંદુઓની સાંસારિક અને કૌટુંબિક સ્થિતિમાં, વિધવાઓથી પુનર્લગ્ન થઈ શકે નહિ તેથી અને બાળલગ્નના રિવાજથી ઉત્પન્ન થતા અનર્થો દૂર કરી સુધારો કરવાનાં પ્રયત્નો કરવામાં આવેછે. અને એ પ્રયત્નોનો થોડે અંશે લૉર્ડ લૅન્સડાઉને કાયદામાં સમાવેશ કર્યો છે.

અકબર, ઔરંગઝેબનો છોકરો, તેનો બળવો, ૧૬૮૧—૧૭૯.

અકબરખાન, મૅક્નોટનનું ખુન કરે છે (૧૮૪૧) ૨૩૪.

અકબર મોટો, ૩ જો મોગલ અધિરાજા (૧૫૫૬–૧૬૦૫) ૧૩૮-૧૪૭; તેનાં રાજ્યનો સંક્ષિપ્ત સાર, ૧૩૮-૧૩૯; હિંદમાં તેનાં કૃત્ય, ૧૪૦-૧૪૧; રજપુતોને તાબે કર્યા, ૧૪૧; હિંદુઓને મનાવે છે, ૧૪૧; મુસલમાની રાજ્યોની જીત, ૧૪૨; દક્ષિણ હિંદુસ્તાનમાંના પ્રયત્નો, ૧૪૩; અધિરાજ્યની વ્યવસ્થા, ૧૪૫; વસુલાતની પદ્ધતિ, ૧૪૬; પ્રધાનો, ૧૪૬-૧૪૭.

અકસ, આસામમાં અસલની પહાડી જાત, ૩૪.

અગ્નિ દેવતા, ૪૭.

અઘોરી, શૈવપંથના માંસાહારી યોગીઓ, ૧૦૧.

અંગ્રેજી સંસ્થાઓ, અસલના, મદ્રાસમાં, ૧૮૬; મુંબઈમાં, ૧૮૬; બંગાળમાં, ૧૮૭.

અજમેર, ત્યાંનો રજપુતવંશ, જીતાયું, ૧૧૯.

અંડામન, દ્વીપવાસીઓ, ૩૨.

અનગુંડી, ત્યાંનો રાજા, વિજયનગરના રાજાઓનો વંશજ, ૧૩૫.

અનાર્ય કે મૂળ વતનીઓ, ૨૮-૪૧; ૩ જા પ્રકરણની અનુક્રમણિકા જુઓ.

અનાર્ય અથવા અસલના લોકો; ૨૮-૪૧; ૩ જા પ્રકરણની અનુક્રમણિકા જુઓ.

અનેક ધણી કરવાની પદ્ધતિ, દક્ષિણમાં નેઅર લોકોમાં અને ઉત્તરમાં હિમાલયમાં વસતી જાતોમાં, ૩૧-૩૨; મહાભારતમાં દ્રૌપદી, ૬૧.

અંધારી ઓરડી, કલકત્તાની, ૧૯૬.

અફઘાનિસ્તાન, હિંદુસ્તાનમાં પ્રવેશ કરવાના વિકટ માર્ગો, ૪; મુસલમાન લોકોની ચડાઇ, ૧૧૩-૧૨૨; અકબરે રાજ્ય કર્યું, ૧૪૨; મોગલોએ ખોયું, ૫૦; અંગ્રેજી એલચીઓ મોકલ્યા (૧૮૦૯), ૨૨૧; પહેલું યુદ્ધ (૧૮૩૯-૪૨), ૨૩૨; બીજું યુદ્ધ (૧૮૭૮–૮૦), વળી કાબુલ, કંદહાર જુઓ.

અબદુર રહમાનખાન, અફઘાનિસ્તાનનો અમીર (૧૮૮૧).

અબુલ ફઝલ, અકબરનો પ્રધાન, ૧૪૪,૧૪૬.

અમદાવાદ, ત્યાં મહાજન તરીકે જ્ઞાતિઓ, ૯૫.

અમીરખાન, પિંડારી નાયક, ૨૨૪.

અમ્બર મલિક, અહમદનગરનો પ્રધાન, ૧૪૭.

અમ્બાલા, દરબાર (૧૮૬૯).

અયુબખાન, એની મેવન્ડ આગળની જીત અને પછીની હાર.

અયોધ્યા, એની બેગમપાસે વૉરન હેસ્ટિંગ્સે નાણું કઢાવ્યું, ૨૦૮.

અયોધ્યા, એનાપર ગુપ્ત રાજાઓએ રાજ્ય કર્યું, ૯૦; નવાબ વઝીરની સત્તાનીચે સ્વતંત્ર થાય છે (૧૭૩૨–૪૩), ૧૬૧; ક્લાઇવે વઝીરને પાછું આપ્યું. (૧૭૬૫), ૨૦૬; એને અલાહબાદ વેચ્યું (૧૭૭૩), ૨૦૭; એણે મદદ માટે આપેલું નાણું, ૨૧૪; દોઆબ અને રોહલખંડ આપ્યા (૧૮૦૧), ૨૧૪; એને ખાલસા કર્યું (૧૮૫૬) ૨૪૪; ૧૮૫૭ નો એમાં બળવો, ૨૫૦; એમાં ખેડુતના હકકોનું રક્ષણ થયું.

અર્માગામ, અંગ્રેજી કોઠી સ્થપાઇ, ૧૮૪.

અલાઉદ્દીન, ખિલજીવંશનો બીજો રાજા (૧૨૯૫–૧૩૧૫), ૧૨૫; દક્ષિણ હિંદુસ્તાનમાં તેની જીત, ૧૨૫-૧૨૬.

અલાહબાદ, તેની સ્થિતિ, ૮; વેચ્યું, ૨૦૭.

અલિઘડ, યુદ્ધ (૧૮૦૩), ૧૮૪.

અલિવર્દિખાન, મરાઠાઓને હરાવે છે, ૧૭૨; બંગાળાનો નવાબ, ૧૯૬.

અલિવાલ, યુદ્ધ ( ૧૮૪૫ ), ૨૩૭.
અલોમ્પ્રા ( અલૌંગ્પય ) આવામાં વંશ સ્થાપ્યો, ૨૨૭.
અલ્તમશ, ગુલામ વંશનો ૩ જો રાજા (૧૨૧૧-૩૬ ), ૧૨૨.
અલ્મીડા, ફ્રાન્સિસ્કો ડી, પહેલો પોર્ટુગીઝ વાઇસરૉય, ૧૭૮.
અવિટબિલ, સરદાર, રણજીતસિંહનો યૂરોપી અમલદાર, ૨૩૭.
અશોક, મગધ અથવા બહારનો બુદ્ધરાજા, ૧૩,૧૪.
અસમગ્ર. મુસલમાની જીતનું સ્વરૂપ, ૧૧૨.
અસલના મુસલમાની જેતા, અનુક્રમણિકા, ૯ મું પ્રકરણ જુઓ.
અસલની અંગ્રેજી ઇસ્ટ ઈંડીઆ કંપનીની સફરો, ૧૮૪,૧૮૫.
અહમદનગર, ત્યાંનો મુસલમાની વંશ, ૧૩૪; અકબરનો સામું થાયછે, ૧૪૩; શાહજહાંથી જીતાયું, ૧૫૦; ત્યાં ઔરંગજેબ મરી જાયછે, ૧૫૭; વેલિંગ્ટન જીતી લે છે, ૨૧૮.
અહમદશાહ દુરાની, તેની હિંદપર ચડાઈઓ, ૧૬૨; મરાઠાઓને પાણિપત આગળ હરાવે છે, ૧૬૪; તેનું અધિરાજ્ય અને વંશ, ૨૩૧.
આઉટ્રામ, જનરલ, સર જેમ્સ, એણે ભીલોને નરમ પાડયા, ૩૨; અયોધ્યાનું રાજ્યપદ ધારણ કર્યું ( ૧૮૫૬ ) ૨૪૫; લખનોરમાં મદદ કરવામાં હતો ૨૫૨.
આગગાડી, લૉર્ડ ડેલહાઉસીએ હિંદમાં પહેલી આણી, ૨૪૧; લૉર્ડ મેયોયે ફેલાવી,૨૫૮.
આગ્રામાં અકબર પોતાની રાજધાની કરેછે, ૧૪૩; શાહજહાંની ઈમારતો, ૧૫૦; લૉર્ડ લેકે જીતી લીધું, ૨૧૮.
આદિલશાહી—બીજાપુરનો વંશ, ૧૩૪.
આબુ —પહાડ, ૧૪.
આયાતપર જકાત, કાઢી નાંખી ( ૧૮૮૨ ).
આરબ, સિંધની ચડાઈઓ, ૧૧૦.
આરાકાન, ત્યાંનું રાજ્ય, ૨૨૬; અંગ્રેજોને આપ્યું, ૨૨૭.
આર્કટ, કલાઈવનો એ શહેરનો બચાવ ( ૧૭૫૧ ), ૧૯૪.
આર્ગામ, યુદ્ધ ( ૧૮૦૩ ), ૨૧૮.
આર્ય હિંદમાંના, ૪૨-૬૭; અનુક્રમણિકાનું ૪ થું પ્રકરણ જુઓ.
આલ્બુકર્ક, આલ્ફોન્સો ડી, પોર્ટુગીઝ ગવર્નર, ૧૭૮.
આવા, એનું રાજ્ય, એની સાથે પહેલું યુદ્ધ, ૨૨૬; બીજું યુદ્ધ, ૨૪૦.
આસામ, મીરજુમ્લાની ચડાઈ, ૧૫૮.
ઇજીપ્ત, ત્યાં હિંદના લશ્કરનો ભાગ (૧૮૮૨).
ઈન્ડો—આર્યન, હિંદમાં તેમની કુચ, ૪૪; વેદમાં વર્ણવેલીછે, ૪૫; વેદમાંથી જણાતો આર્યનો સુધારો, ૪૬; વેદમાં વર્ણવેલા દેવો, ૪૬-૪૭; વેદના મંત્ર, ૪૮.
ઈન્ડો—યુરોપીઅન ભાષા અને ધર્મ,૪૩-૪૪.
ઈન્દ્ર, વેદમાં વર્ણવેલો દેવ, ૪૭.
ઈબ્રાહીમ લોદી, બાબરે પાણિપત આગળ હરાવ્યો (૧૫૨૬), ૧૩૭.
ઈમાદશાહિ, ઈલિચપુરનો મુસલમાન વંશ, ૧૩૪.
ઈરાવતી, નદી, ૧૭.
ઈલિચપુર, ત્યાંનું મુસલમાની રાજ્ય, ૧૩૪.
ઈસ્ટ ઈંડીઆ કંપનીઓ, ઈંગ્રેજની, ૧૮૩-૧૮૮; વલંદાની, ૧૮૦; ફ્રેંચની, ડેનીશ લોકોની, ઓસ્ટેન્ડ અને સ્વીડનની, ૧૮૯.
ઉચ્ચભૂમિ, દક્ષિણની, ૧૪; દેખાવ, ૧૪; નદીઓ, ૧૫; જંગલો, ૧૬. ખનીજ પદાર્થો, ૧૬-૧૭.
ઉત્તર સરકાર, અહિં ફ્રેંચ સત્તા સર્વોપરિ છે, ૧૯૫; બાદશાહે અંગ્રેજ સરકારને બક્ષીસ કીધું ( ૧૭૬૫ ), ૨૦૩.
ઉદેપુર, અહિંનો રજપુતવંશ; અકબર સાથે સંબંધ બાંધવા ના પાડી, ૧૪૧; જહાંગીરે હરાવ્યો, ૧૪૭; ઔરંગજેબે એનાપર હુમલો કર્યો, ૧૫૯.
ઉધુનાલા, યુદ્ધ ( ૧૭૬૪ ), ૨૦૧.
ઉસમાન, હિંદુસ્તાનમાં આરબ લો-

ફાની સવારી મોકલેછે ( ૬૪૭ ), ૧૧૦.

ઋગ્વેદ, જૂનામાં જૂનું સંસ્કૃત મંત્ર-પુસ્તક. ૪૫.

એક્યિઆબ, બ્રિટિશ રાજ્યમાં તેની આબાદી, ૨૪૧.

ઍડમ, જૉન, કામચલાઉ ગવર્નર જનરલ ( ૧૮૨૩ ), ૨૨૫.

ઍડમ્સ મેજરે મીરકાસમને હરાવ્યો,૨૦૧.

એડિનબરો, ડયૂક આૉવ્, હિંદની મુલાકાત ( ૧૮૬૯—૭૦ ), ૨૫૮.

એડ્વર્ડીસ, સર હર્બર્ટ બી. મુલતાનને ઘેરો ઘાલેછે, ૨૩૯; બળવામાં લૉરન્સને મદદ કરેછે, ૨૫૧.

ઍમ્બોયના, કતલ ( ૧૬૨૩ ), ૧૫૦.

ઍમ્હર્સ્ટ, અર્લ, ગવર્નરજનરલ ( ૧૮૨૩–૨૮ ), ૨૨૫; પહેલું બ્રહ્મી યુદ્ધ, ૨૨૭; ભરતપુર જીત્યું, ૨૨૭.

ઍમ્હર્સ્ટ, જીલ્લો, બ્રિટિશ રાજ્યમાં આબાદી, ૨૪૧.

એલિફન્ટા, અંગ્રેજોને તાબે કર્યું, ૧૭૫.

એલેકઝાન્ડર ( મહાન્ ) તેની હિંદમાં સ્વારી, ૮૧; પંજાબ અને સિંધમાં સ્વારીઓ, ૮૨-૮૩.

એલ્ગિન, અર્લ આૉવ્, વાઈસરૉય ( ૧૮૬૨–૬૩ ), ૨૫૭.

એલ્ફિન્સ્ટન, ઑનરબલ, માઉન્ટ સ્ટૂઅર્ટ, અફ્ગાનિસ્તાનમાં એલચી, ૨૨૧, ૨૩૨; કિર્કિના યુદ્ધમાં, ૨૨૪.

એલ્ફિન્સ્ટન, જનરલ વ. ક., કાબુલમાં તેની વર્તણુક ( ૧૮૪૧ ), ૨૩૩.

એલ્લેનબરો, અર્લ આૉવ્, ગવર્નર જનરલ ( ૧૮૪૨–૪૪ ); સિંધની જીત,૨૩૪-૩૫.

એવરેસ્ટ, પર્વત, હિમાલયનું ઊંચામાં ઊંચું શિખર, ૨.

ઐતિહાસિક સમયની પૂર્વની હિંદમાં અવશિષ્ટ વસ્તુઓ, ૨૬-૨૭; જાતો આર્યન અને અનાર્યન વિષે જુઓ.

ઑક્ટરલોની, જનરલ, સર ડેવિડ, ગુરખાની સામા એની સ્વારીઓ ( ૧૮૧૪–૧૫ ), ૨૨૨.

ઑક્લાંડ અર્લ આૉવ, ગવર્નર જનરલ (૧૮૩૬—૪૨), ૨૩૧; અફ્ગાનિસ્તાનને લગતાં કાર્યો અને અંગ્રેજોએ કીધેલો કબજો, ૨૩૨-૨૩૩; પાછા ફરતાં અંગ્રેજી લશ્કરની કતલ, ૨૩૩.

ઓરિસા, અકબરે જીત્યું (૧૫૭૪), ૧૪૨; દક્ષિણ ભાગ મરાઠાઓને તાબે કર્યો (૧૭૫૧), ૧૭૨; ભોંસલાએ એપર રાજ્ય કર્યું ૧૭૪; એની દીવાની ઈસ્ટ ઈંડિઆ કંપનીને આપી, ૨૦૩; ભોંસલાએ ઈંગ્રેજને આપ્યો, ૨૧૮.

ઓર્મે રોબર્ટ. ઈતિહાસ લખનાર, એમાંથી ફકરો ઉતાર્યો છે, ૧૯૫.

ઑસ્ટેન્ડ, ઈસ્ટ ઈંડીઆ કંપની, ૧૮૯.

ઔરંગજેબ, હિંદુસ્તાનનો ૬ ઠો મોગલ અધિરાજા (૧૬૫૮-૧૭૦૭), ૧૫૨-૧૬૧; એના રાજ્યનો સંક્ષિપ્ત સાર, ૧૫૨; ભાઈઓનું ખુન, ૧૫૫; દક્ષિણ હિંદમાં લાંબી સ્વારી, ૧૫૫; આસામમાં સ્વારી, ૧૫૮; ધર્માંધ રાજનીતિ, ૧૫૮; મહેસુલ, ૧૫૯; લક્ષણ, ૧૬૦.

કનોજ, ગિજનીના મહમદે એનાપર હુમલો કર્યો, ૧૧૪; અહિંનું હિંદુરાજ્ય ઘોરના મહમદે ઊંધું વાળ્યું, ૧૧૪.

કનિષ્ક, વાયવ્ય હિંદુસ્તાનમાં બુદ્ધ ધર્મ પાળનાર રાજા ( ઈ. સ. ૪૦ ), ૭૫; એનું બૌદ્ધ મંત્રિમંડળ, ૭૫; તેનું રાજ્ય, ૮૮.

કંદહાર, અકબરે લીધું, ૧૪૨; શાહજહાંએ ખોયું, ૧૫૦; અહમદશાહની રાજધાની, ૨૩૧; અંગ્રેજોએ જીત્યું, ૨૩૨; અહિં આયુબખાનને હરાવ્યો (૧૮૮૦ ).

કંધ. ઓરિસાની અસલની પહાડી જાત, ૩૭; કુટુંબમાં પિતાની સત્તા જેવો રાજકારભાર, ૩૭; યુદ્ધ અને શિક્ષા, ખેતી, ૩૭-૩૮; પકડીને કરવાની લગ્નની રીત, ૩૮; કંધ ગામડાના ગુલામો, ૩૮; ધર્મ; મનુષ્યભોગ, ૩૯; બ્રિટિશ રાજ્ય-

સત્તા નીચે કુંપ લોક, ૩૯.
કબીર, વૈષ્ણવ ધર્મસુધારક (૧૩૮૦-૧૪૨૦), ૧૦૩.
કરીમ, પિંડારી નાયક, ૨૨૩.
કરોલી, દેશીરાજ્ય, વારસ ન હોવાને લીધે અંગ્રેજ સરકારના હાથમાં જવાના મતપ્રમાણે ખાલસા ન કર્યું, ૨૪૩.
કર્ણાટક, મલિક કાફરે એનાપર ચઢાઈ કરી, ૧૨૬; એમાં અંગ્રેજ અને ફ્રેંચ વચે થએલાં યુદ્ધો, ૧૯૩; હૈદરઅલ્લીએ લૂટ્યું, ૨૧૦.
કર્મ, બૌદ્ધ ધર્મનો એ વિષે ન્યાય, ૭૧.
કલકત્તા, વસ્યું, ૧૮૭; સિરાજઉદદૌલાએ જીત્યું, ૧૯૬, અને ક્લાઈવે પાછું મેળવ્યું, ૧૯૭.
કાનપુર, ૧૮૫૭ નું બંડ અને કતલ, ૨૫૧.
કાફર મલિક, દક્ષિણમાં એની સ્વારી, ૧૨૬; ખુશરૂએ એનું ખુન કીધું, ૧૨૭.
કાબુલ, બાબરે લઈ લીધું (૧૫૦૪), ૧૩૭; હુમાયુએ ખોયું પણ પાછું મેળવ્યું, ૧૩૮; અકબરે એનાપર રાજ્ય કર્યું, ૧૪૬; મોગલોએ ખોયું, ૧૬૨; એમાં અહમદશાહનો વંશ, ૨૩૧; અંગ્રેજોનાં કબજામાં આવ્યું (૧૮૩૯), ૨૩૨; પોલોક અને નોટે લીધું (૧૮૪૨), ૨૩૪; એમાં કેવેગ્નેરીનું ખુન થયું (૧૮૭૯); ૨૬૦; અંગ્રેજોએ છોડી દીધું. (૧૮૮૧).
કાયદા બ્રાહ્મણોએ બનાવેલા, ૫૯.
કારતુસો, ચરબીવાળી, ૨૪૮.
કાલિકટ, પ્રથમ ફિરંગીઓ ત્યાં જાય છે, ૧૭૭.
કાલિંજર, શિરશાહને અહીં મારી નાખ્યો (૧૫૪૫), ૧૩૮.
કાલિદાસ, હીંદુસ્તાનનો કવિ અને નાટક રચનાર, ૬૫.
કાલી, પાર્વતીનું ભયંકર સ્વરૂપ, ૯૯.
કાવેરી નદી, ૧૬.
કાવ્ય, વીરરસ, બ્રાહ્મણોએ રચેલાં—મહાભારત અને રામાયણની વાર્તા, ૫૦-૬૪.
કાવ્ય સંગીત, બ્રાહ્મણોએ રચેલુ, ૬૬.
કાશ્મીર, મહમદ ગીજનવીએ એનાપર હુમલો કર્યો, ૧૧૪; ઔરંગજેબે એનાપર રાજ્ય કર્યું, ૧૬૦.
કાસિમ, સિંધમાં એની સ્વારી (૭૧૨-૧૪), ૧૧૦.
કાસિમબઝાર, અહિંની અસલની યુરોપી લોકની કોઠીઓ, ૧૯૫
કિર્કિ યુદ્ધ (૧૮૧૭), ૨૨૪.
કિલ્પેટ્રિક, મેજર, પ્લાસિના યુદ્ધ પછી એણે લીધેલા પૈસા, ૧૯૮.
કુતુબુદ્દીન, દિલ્લીના ગુલામવંશનો ૧ લો રાજા (૧૨૦૬-૧૦), ૧૨૧.
કુતુબશાહી, ગોવળકોંડાનો મુસલમાની વંશ, ૧૩૪.
કુમારિલ, બ્રાહ્મણ, આચાર્ય અને ધર્મગુરૂ આચાર્ય, ૯૮.
કુરામનો વિકટમાર્ગ, ૪.
કુર્ગ, ખાલસા કર્યું (૧૮૩૪), ૨૩૦.
કૂટ, જેન, સર આયર, વૉંડિવાશ આગળ લાલિને હરાવેછે (૧૭૬૦), ૧૯૫.
કૃષ્ણ-પૂજા, ૧૦૧.
કૃષ્ણા, નદી, ૧૬.
કેડર, મદ્રાસમાં શીકારી પહાડી જાત, ૩૧.
કૅન્નીંગ, અર્લ (૧૮૫૬-૬૨) ૨૪૬--૨૫૭; ડેલહાઉસી પછી ગવર્નર જનરલ થાયછે, ૨૪૬; વાઈસરૉય થયા પછી એની કારકિર્દી, ૨૫૬.
કૅમ્પબેલ, સર કોલિન (લૉર્ડ ક્લાઈડ), એણે લખનોરને બીજીવાર આશ્રય આપ્યો, ૨૫૨; અયોધ્યા સર કીધું, ૨૫૩.
કેવેગ્નેરી, સર લુઇ, એનું કાબુલમાં ખુન, ૨૬૦.
કેમરની પર્વતની હાર, ૧૪.
કોનિગહેન્રિ, એણે સ્વીડનની ઈસ્ટ ઈંડિયા કંપની સ્થાપી, ૧૮૯.
કૉંબરમીર, લાર્ડ, ભરતપુર જીત્યું (૧૮૨૭), ૨૨૭.
કોયલા—હીંદમા ખાણ, ૧૬.
કોર્ટિ, સરદાર, રણજીત સીંહનો એક યૂરોપી અમલદાર, ૧૩૭.
કૉર્નવૉલિસ, લાર્ડ, ગવર્નર જનરલ(૧૭૮૬-૧૭૯૩), ૨૧૧; બંગાળાની સ્થાયી જમાબંદી, ૨૧૨; બીજું માઈસોર યુદ્ધ, ૨૧૨; એ બીજીવાર ગવર્નર જનરલ

થયો (૧૮૦૫) તેનો કારભાર, ૨૨૦.
કોલરિઅન, બંગાળા અને મધ્ય હિંદુસ્તાનમાં અસલની જાતો, ૩૯.
કોલાપુર, દેશીરાજ્ય, એનાપર શીવાજીનો વંશજ રાજ કરેછે, ૧૭૧.
ક્તેસીઆ, હિંદવિષે તેનું જ્ઞાન (ઇ. સ. પૂ. ૪૦૧), ૮૨.
ક્લાઈવ, લાર્ડ, કર્ણાટકમાં ફ્રેંચસાથે તેનાં યુદ્ધ, ૧૯૪; કલકત્તા પાછું મેળવ્યું ૧૯૭; પ્લાસીની જીત, ૧૯૭; ક્લાઈવની જાગીર, ૧૯૯; બંગાળાનો પહેલીવાર ગવરર્નર (૧૭૫૮-૬૦), ૨૦૦; બીજી વાર ગવર્નર (૧૭૬૫-૬૭), ૨૦૨; કારભારને લગતા સુધારા, ૨૦૩.
ક્ષત્રીય, હીંદુઓમાં બીજી અથવા યોદ્ધાઓની જીત, ૫૧.
ક્ષેત્રફળ અને વસ્તી, હીંદની, ૨૦-૨૧.
ખગોળવિદ્યા, બ્રાહ્મણોની એ વિષેની પદ્ધતિ, ૫૬.
ખડક, એનાપર લખેલી અશોકની આજ્ઞા, ૭૪.
ખનિજ પદાર્થો, હીંદના અને બ્રહ્મદેશના, ૧૬-૧૭.
ખાડી, હીંદની નદીઓની, ૧૦.
ખાનદેશ, અહીંના ભીલો, ૩૨; મલિક કાફુરે એનાપર ચડાઈ કરી, ૧૨૬.
ખિલજી, એ વંશના દિલ્લીના રાજાઓ (૧૨૯૦-૧૩૨૦), ૧૨૪-૧૨૭.
ખુશરૂખાન, ખીલજીવંશનો વટલેલો હિંદુ રાજા (૧૩૧૬-૨૦), ૧૨૭.
ખૈબર, પેશાવરથી અફ્ગાનિસ્તાન સુધીનો હિમાલયમાં વિકટ માર્ગ, ૪; સબકતગીનની સરદારી તળે એના બંને છેડા અફ્ગાન લોકોના હાથમાં હતા, ૧૧૩; અંગ્રેજે બળાત્કારે એની અંદર પેઠા, ૨૬૦.
ગંગા નદી, તેનું પવિત્રપણું, ૭-૮.
ગઝની, વંશ, ઘોર સરદારોએ જીત્યું. ૧૧૭; અંગ્રેજોએ જીત્યું, ૨૩૩.
ગણોત, એમાં વધારો, ૨૫.
ગંડમક, તહનામું (૧૮૭૯), ૨૬૦.
ગફ, જનરલ, લાર્ડ, શીખલોકોને હરાવે છે (૧૮૪૫), (૧૮૪૯), ૨૩૭, ૨૩૯.
ગવર્નરો, ગવર્નર—જનરલો અને વાઈસરૉય, હીંદના (૧૭૫૮-૧૮૯૨). તેમની યાદી, ૧૯૧-૧૯૨.
ગાઢાપણું, વસ્તીનું; ૨૩.
ગામા, વાસ્કો ડિ, એજ પહેલો પોર્ટુગીઝ હીંદુસ્તાનમાં આવ્યો (૧૪૯૮), ૧૭૭: એનું બીજીવાર આવવું (૧૫૦૨) અને કોચિનમાં મોત (૧૫૨૪), ૧૭૮.
ગાયકવાડ, વડોદરાના, મરાઠાવંશ; પેશવાથી સ્વતંત્ર કબૂલ કરાયા, ૧૭૪; એક ગાયકવાડને પદભ્રષ્ટ કર્યો (૧૮૭૫), ૧૭૫.
ગીંજી, ઔરંગજેબે જીત્યું (૧૬૯૮), ૧૫૪; ફ્રેંચે જીત્યું, ૧૯૫.
ગીતકાવ્ય, બ્રાહ્મણોએ રચેલાં, ૬૬.
ગુજરાત, મહમદ ગિઝનીએ ચડાઈ કરી (૧૦૨૪), ૧૧૫; અલ્લાઉદ્દીન ખિલજીએ જીત્યું (૧૨૯૭), ૧૨૫; સ્વતંત્ર મુસલમાની રાજ્ય, ૧૩૬; અકબરે જીત્યું (૧૫૭૩), ૧૪૨; વડોદરાના ગાયકવાડે જીત્યું, ૧૭૪; કર્નલગૉડાર્ડે જીત્યું, ૨૦૯; મરાઠાઓને પાછું આપ્યું (૧૭૮૨), ૨૧૦; ગાયકવાડે લૂટ્યું, ૨૧૭.
ગુજરાત, યુદ્ધ (૧૮૪૯), ૨૩૯.
ગુજરાનવાલા, અફ્ગાનોની ચડાઇથી વેરાન થયું, ૧૬૨.
ગુપ્ત, અયોધ્યા અને ઉત્તર હીંદુસ્તાનમાં વંશ, ૯૦.
ગુર્ખા, નેપાળમાં એમની સાથે યુદ્ધ (૧૮૧૫), ૨૨૧.
ગુલામ મહમદ, શાહજાદો, ટિપુનો છેલ્લો વંશજ, ૨૧૭.
ગુલામ વંશ, દિલ્લીનો (૧૨૦૬-૧૨૯૦), ૧૨૨; ગૉડાર્ડ, કર્નલ, તેની હીંદુસ્તાનમાં કૂચ, ૨૦૯.

ગોંડ. મધ્યપ્રાંતમાં મુખ્ય અસલી વતની,૨૨.
ગોદાવરી નદી, ૧૬.
ગોર, બંગાળાના મુસલમાની રાજ્યની રાજધાની, ૧૩૫.
ગોવા, આલ્બુકર્કે જીત્યું ( ૧૫૧૦ ), ૧૭૮.
ગોવીંદસીંહ છેલ્લો શીખગુરૂ, (૧૭૦૮),૨૩૬.
ગૌતમ બુદ્ધ, એનું જીવન વૃત્તાન્ત અને મત, ૬૮-૭૧.
ગ્યાસુદ્દીન, તઘલખ, તઘલખવંશનો સ્થાપનાર ( ૧૩૨૦-૨૫ ), ૧૨૭.
ગ્રન્થો, બ્રાહ્મણ નામે, ૫૦.
ગ્રીક હીંદમાં, ૮૧; અનુક્રમણિકાનું ૬ ઠું પ્રકરણ જુઓ.
ગ્વાલરી, વિક્ટમાર્ગ, ૪.
ગ્વાલિઅર,મહમદ ગઝનીએ હુમલો કર્યો, ૧૧૪;સીંધિયાની રાજધાની થાયછે,૧૭૩; પોપહામે લીધું, ૨૦૯; સીંધિયાને પાછું આપ્યું ( ૧૮૮૬ ), ૨૬૨.
ઘક્કર, અફગાનોના હુમલાની છાવણી (૧૦૦૮),૧૧૫; પંજાબને ઉજડ કરેછે,૧૨૦.
ઘાટ, પૂર્વ અને પશ્ચિમ, ૧૫.
ઘેરિઆ યુદ્ધ ( ૧૭૬૫ ), ૨૦૧.
ઘોર વંશ ( ૧૧૫૨-૮૬ ), ૧૧૭.
ચંગિઝખાન, અફગાનિસ્તાનપર એની ચડાઈ, ૧૨૨.
ચંદ્રગિરિ, ત્યાંનો રાજા, વિજયનગર વંશમાં જન્મેલો, મદ્રાસ હાલ જ્યાં છે તે જગ્યા અંગ્રજને વેચે છે ( ૧૬૩૯ ), ૧૩૫.
ચંદ્રગુપ્ત, મગધનો રાજા, ૮૪.
ચંદ્રનગર. બંગાળામાં ફ્રેંચની મુખ્ય છાવણી, ૧૯૫; કલાઈવે જીત્યું. ૧૯૬.
ચાઈલ્ડ, સર જૉન, હિંદનો ગવર્નર જનરલ અને નૌકાસેનાધિપતિ, ૧૮૮.
ચાંદબીબી, અકબરની સામા તેણે અહમદનગરનું રક્ષણ કર્યું, ૧૪૩.
ચાર વિભાગ, હિંદુસ્તાનના લોકોના, ૨૬.
ચાર્નૉક, જૉબ, કલકત્તા સ્થાપ્યું, ૧૩૬.
ચાહ. એની ખેતી, ૧૩; ચાહના ધંધામાં ધકકો.
ચિતુ, પિંડારી નાયક, ૨૨૩.
ચિતેગોંગ, અંગ્રજને તાબે કર્યું (૧૭૬૧), ૨૦૦.
ચિતોડ, અલાઉદ્દીન ખિલજીએ જીત્યું ( ૧૩૦૩ ), ૧૨૫.
ચિન્સુરા, બંગાળામાં વલંદા લોકોની છાવણી, ૧૮૨; ચિલિઆનવાલા, યુદ્ધ ( ૧૮૪૯ ), ૨૩૯.
ચેરા, દક્ષિણમાં હિંદુ રાજ્ય, ૧૩૨.
ચેરાપુંજી, એમાં પડતો પુષ્કળ વરસાદ, ૫.
ચૈતન્ય, વૈષ્ણવ, ધર્મસુધારક ( ૧૪૮૫-૧૫૨૭ ), ૧૦૪.
ચૈતસિંહ, બનારસનો રાજા ; વૉરન હેસ્ટિંગ્સ એના સાથે વર્ત્યો, ૨૦૮.
ચોથ, મરાઠાઓએ દક્ષિણમાં લીધી, ૧૬૨; બંગાળામાં લીધી, ૧૭૨.
ચોલ, દક્ષિણમાં હિંદુરાજ્ય. ૧૩૨.
ચોવિસ પરગણાં, ઈસ્ટ ઈંડીઆ કંપનીને એ બક્ષીસ કર્યાં ( ૧૭૫૭ ), ૧૯૯.
જગન્નાથ, એની રથજાત્રા, બુદ્ધલોકોના વરઘોડાનું રહેલું સ્વરૂપ, ૯૭; વિષ્ણુનો અવતાર, અને પ્રસન્ન કરવા બળિદાન આપવાની વાર્તા વધારીને કહેલી, ૧૦૧.
જંગબહાદુર, નેપાળનો, સિપાઈનો બળવો સમાવવામાં મદદ કરેછે, ૨૫૩.
જંગલો, હિમાલયનાં, ૬; દક્ષિણ ઉચ્ચ પ્રદેશનાં, ૧૬.
જજીયા, મુસલમાન સિવાય બીજી પ્રજાપર મૂકાતો માથા વેરો,અકબરે રદ કર્યો,૧૪૧.
જમનાની ખાડી, ફીરોજશાહ તઘલખે બાંધી, ૧૩૦.
જમના નદી, ૭.
જમીનદાર બંગાળાના, એમને જમીનના માલીક તરીકે કબુલ કર્યા, ૨૧૨.
જયસિંહ, રાજા, હીંદનો ખગોળવેત્તા, ૫૭.
જલાલાબાદ, એનો બચાવ ( ૧૮૪૧-૪૨ ).
જલાલુદ્દીન, ખીલજી વંશનો પહેલો રાજા ( ૧૨૯૦-૯૫ ), ૧૨૪.
જહાંગીર, ૪ થો મોગલ બાદશાહ ( ૧૬૦૫-૨૭ ), ૧૪૭; એનાં લક્ષણ અને કારભાર. ૧૪૮.

જાટ, પંજાબમાં પ્રાચીન સિથિઅન લોકોના વંશજ, ૮૮.
જાવા, અંગ્રેજોએ જીત્યું, ૨૨૧.
જાલંધર દેઆબ, અંગ્રેજોને આપ્યો (૧૮૪૧), ૨૩૮.
ઝાંસી, એ રાજ્ય કોઈ વારસ ન હોવાને લીધે કંપનીને હસ્તક ગયું. એવી રીતે ખાલસા કર્યું (૧૮૫૩); એની રાણીને સિપાઈના બળવામાં મારી નાંખી (૧૮૫૮), ૨૫૪.
જુઆંગ, ઓરિસ્સામાં, પાંદડાં પહેરનારી અસલની જાત, ૩૩.
જુઆનપુર, સ્વતંત્ર મુસલમાની રાજ્ય (૧૩૯૩-૧૪૭૮), ૨૩૬.
જૈન, હીંદુસ્તાનમાં, ૧૯.
જેપાળ, લાહોરનો હીંદુરાજા, એને સબકતગીન અને ગિજનીના મહમુદે હરાવ્યો, ૧૩.
જેપુર, અકબરે જીત્યું, ૧૪૧.
જોધપુર, અકબરે જીત્યું ; સ્વતંત્ર થાય છે, ૧૪૧.
ઝમાનશાહ, એણે લાહોરમાં દરબાર ભર્યો (૧૮૦૦), ૨૩૨.
ઝાફરખાન, બ્રાહ્મણી વંશનો સ્થાપનાર, ૧૩૩.
ઝામોરિન, કાલિકતનો, પોર્ટુગીસનો એની સાથે સંબંધ, ૧૭૮.
ઝુલફિકારખાન, દિલ્લીમાં સરદાર અને પ્રધાનતરીકે એની સત્તા (૧૭૦૭-૧૩), ૧૬૧.
જ્ઞાતિ, વેદમાં એનું વર્ણન નથી, ૫૧.
જ્ઞાતિઓ, ચાર બંધાઈ, ૫૧.
જ્ઞાતિની પદ્ધતિ, એનું ધાર્મિક અને સાંસારિક સ્વરૂપ, ૯૪.
ટિપુ સુલતાન, એના બાપ હૈદરઅલીની પછી ગાદીએ બેસેછે (૧૭૮૨), ૨૧૦.
ટીનમાઉથ લોર્ડ, સર જૉન શોરવિષે જુઓ, ૨૧૩.
ટોફ્નથેલર, ૧૮ મા સૈકામાં અફગાન લોકોએ કરેલી લૂટફાટ વિષે એના ગ્રન્થમાંથી વચન ઉતાર્યાં છે, ૧૬૩.
ટીબેટો-બર્મન, હિમાલયની સરહદપર વસતી અનાર્ય જાતો, ૪૦.
ટોડરમલ, રજા, અકબરનો મહેસુલખાતાનો પ્રધાન, ૧૪૧; એણે મહેસુલ નક્કી કરી, ૧૪૨; ઓરિસ્સા જીત્યું (૧૫૭૪), ૧૪૨.
ટાવરસન, કપતાન, એમ્બોયનાના આગળ એનું ખુન થયું (૧૬૨૩), ૧૮૫.
ડક્કા, ત્યાંથી બંગાળાની રાજધાની બદલાઈ, ૧૯૫.
ડફરિન, માર્ક્વેસ ઑવ વાઈસરૉય, (૧૮૮૪-૮૮) ૨૬૨; ઉપલા બ્રહ્મદેશનું ખાલસા કરવું, ૨૬૨.
ડિગ, યુદ્ધ (૧૮૦૪), ૧૭૬.
ડે, ફ્રાન્સિસ, મદ્રાસ વસાવે છે (૧૬૩૯), ૧૮૬.
ડેન, એ લોકોના હીંદમાં સંસ્થાનો, ૧૮૯.
ડેલહાઉસી, માર્ક્વેસ ઑવ (૧૮૪૮-૫૬), ૨૩૮; કારભારને લગતા સુધારા, ૨૩૮; બીજું શીખ યુદ્ધ અને પંજાબનું ખાલસા કરવું, ૨૪૦; દેશી રાજ્યો તરફ રાજનીતિ, ૨૪૧; વારસ ન હોવાને લીધે અંગ્રેજ સરકારને હસ્તક ગયલાં દેશી રાજ્યો, ૨૪૩; અયોધ્યાનું ખાલસા કરવું ૨૪૪; હીંદમાં તેનાં કૃત્યો, ૨૪૫.
ડેલ્ટા (ત્રિકોણાકાર પ્રદેશ) બંગાળાનો, ૯.
ડોડાબેટ્ટા, શિખર, ૧૫.
ડયુપ્લી, ફ્રેંચ રાજ્યકારભારી, કર્ણાટકમાં એના યુદ્ધ, ૧૯૪.
ડ્રેક, બંગાળાનો ગવર્નર, પ્લાસિના યુદ્ધ પછી એને આપેલા પૈસા, ૧૯૮.
ઢંઢેરો, મહારાણીનો, ૧૮૫૮ ની ૧ લી નવેંબરનો, ૨૫૬.
તઘલખ વંશ, દિલ્લીનો (૧૩૨૦-૧૪૧૪), ૧૨૭.
તંજોર, દક્ષિણમાં રાજ્ય, ૧૯૩; અંગ્રેજોએ ખાલસા કર્યું, ૨૨૬.
તરાઈ, ૫.
તાજમહાલ, આગ્રામાં શાહજહાંએ બાંધ્યો, ૧૫૦.
તાતીઆ ટોપી, બળવાખોરોનો સર્વથી વધારે શકિતમાન નાયક, એને સર હેન્રિ રોઝે હરાવ્યો, ૨૪૫.
તાપી, નદી, ૧૫.

તાલીકોટ, યુદ્ધ ( ૧૫૬૫ ), ૧૩૫.

તુર્ક, એ લોકોએ પહેલી હિંદુસ્તાન પર કરેલી ચડાઇ ( ૯૭૭ ), ૧૦૩.

તેમરલેન, તીમુર વિષે જુઓ. ૧૩૧.

થાનેશ્વર, મહમદ ઘોરી અહિં હાર્યો ( ૧૧૯૧ ), ૧૧૮.

થીબો, ઉપલા બ્રહ્મદેશનો રાજા, એને હરાવ્યો અને પદભ્રષ્ટ કર્યો ૧૮૮૫ ૨૬૨.

દક્ષિણ, ભૂગોળને લગતી સ્થિતિ, ૧૪; અલ્લાઉદ્દીન ખિલજીએ એનાપર સ્વારી કીધી, ૧૨૫; ત્યાંના મુસલમાન ગવર્નરો બંડ કરેછે, ૧૩૧; ત્યાંના મુસલમાન રાજ્યો ૧૩૪; ઔરંગજેબની સ્વારી, ૧૫૫; ત્યાં મરાઠાઓનું સર્વોપરિપણું, ૧૭૧.

દંડી, શૈવમાર્ગી સાધુઓનો પંથ, ૧૦૦.

દારા, એ શાહજાદાને ઔરંગજેબે મારી નાખ્યો, ૧૫૫.

દિલ્લી, ત્યાંનું હિંદુરાજ્ય અફગાનોએ જીત્યું, ૧૨૧; ત્યાંના કુતબુદ્દીનનાં મકાનો ૧૨૧; ત્યાં શાહજહાંના મકાનો, ૧૫૧; નાદીરશાહે લુટયું, ૧૬૨; ત્યાં મરાઠાઓનું સર્વોપરિપણું, ૧૭૨; લાર્ડ લેક જીત્યું, ૧૭૬; ઘેરો, ૨૫૨.

દિવાની, ઈસ્ટ ઈંડિયા કંપનીને બંગાળા, બહાર અને ઓરિસ્સાની દિવાની બક્ષીસ કરી (૧૭૬૫ ), ૨૦૩.

દુકાળ, હિંદુસ્તાનમાં, ૧૨૮.

દેવ, વેદમાં વર્ણવેલા, ૪૬.

દેવગિરિ, દોલતાબાદ જુઓ.

દેશીરાજ્યો. હિંદના સર્વોપરિ બ્રિટિશ સત્તા સાથે એનો સંબંધ, ૧૮; ક્ષેત્રફળ અને વસ્તી, ૨૧-૨૨; વારન હેસ્ટિંગ્સની એ રાજ્યો પ્રત્યે વર્તણુક, ૨૦૫; લાર્ડ વેલ્લેસ્લેની વર્તણુક, ૨૧૫; લૉર્ડ ડેલહાઉસીની વર્તણુક. ૨૩૮; લૉર્ડ કેનિંગનો એ રાજ્યો પ્રત્યે કરેલો ઢંઢેરો, ૨૫૬.

દોલતાબાદ, અલ્લાઉદ્દીન ખિલજીએ લુટયું. ૧૨૬; મલીક કાફૂરે જીત્યું, ૧૨૬; દિલ્લીથી ત્યાં રાજધાની કીધી, ૧૨૮.

દોસ્ત મહમદ, અફગાનિસ્તાનનો અમીર, ૨૩૩.

દ્રાવિડીઅન, દક્ષિણ હિંદના અનાર્યવાસી, ૪૦.

ધ્દાર, લૉર્ડ લારેન્સે ખાલસા કર્યું (૧૮૬૪), ૨૫૭.

ધર્મ, એને લગતું હિંદુલોકોનું બંધારણ, ૯૬.

ધુલિપસિંહ, મહારાજા, ૨૩૮.

નદીની પદ્ધતિ, હિમાલયની, ૪; દક્ષિણની ઉચ્ચ ભૂમિની, ૧૫.

નદીનાં મેદાનો, ઉત્તર હિંદુસ્તાનનાં, ૯; નદીનાં કૃત્યો, ૯; બંગાળાનો ત્રિકોણાકાર પ્રદેશ, ૯; નદીઓ જમીન બનાવેછે, ૧૦; નદીની ખાડીઓ, ૧૦; નદીઓના ખેતરમાં નેહેર કરાય છે અને નદીઓ ઘોરી રસ્તાનું કામ સારે છે, ૧૧; નદીઓ નાશ કરે છે, ૧૧; ઉત્તરનાં નદીનાં મેદાનોની પેદાશ અને દેખાવ, ૧૨; બંગાળાના ત્રિકોણાકાર પ્રદેશની પેદાશ અને દેખાવ, ૧૭.

નરસિંહ, વિજયનગર વિષે જુઓ.

નર્બદાનદી, ૧૫.

નલન્દ, પ્રાચીન બૌદ્ધમઠ, ૭૮.

નાગ, અને પટકોઇ ટેકરીઓ, હિમાલયની વાયવ્ય શાખા, ૩.

નાગ પૂજા, હિંદુસ્તાનમાં, ૯૭.

નાગપુર, મરાઠી ભોંસલા વંશની રાજધાની, ૧૭૪; એક બાળકને અંગ્રેજના રક્ષણનીચે એનો રાજા જાહેર કીધો ( ૧૮૧૭ ), ૧૭૪; રાજાને વારસ ન હોવાને લીધે અંગ્રેજ સરકારને હાથ ગયું, ગણી ડેલહાઉસીએ ખાલસા કર્યું, ૨૪૩.

નાટક, સંસ્કૃત, ૬૫.

નાદિરશાહ, એની હિંદપર ચડાઈ અને દિલ્લીની લૂટ ( ૧૭૩૧ ), ૧૬૨.

નાનકશાહ, શીખ ધર્મનો સ્થાપનાર, ૨૩૬

નાના ફર્નેવિસ, ૬ ઠ્ઠા મરાઠા પેશ્વાનો રક્ષક

અને પ્રધાન, ૧૭૫.
નાના સાહેબ, છેલ્લા મરાઠા પેશ્વાનો દત્તપુત્ર, ૨૫૧; એને પેશ્વાનુ પેનશન લેવા દીધું નહિ; ૧૮૫૭ ના બળવા અને કાનપુરની કતલ સાથે એનો સંબંધ, ૨૫૧; અયોધ્યામાં બળવાખોરો સાથે સામેલ થયો, ૨૫૩.
નારાયણરાવ, ૫મો મરાઠા પેશ્વા (૧૭૭૨-૭૪) ,૧૭૩.
નાશકારકપણું, હિંદુસ્તાનની નદીઓનું, ૧૧.
નકલસન, જનરલ જોન, પંજાબમાં લૉરેન્સને મદદ કીધી (૧૮૫૭), ૨૫૧; એણે દિલ્લીપર હુમલો કર્યો તેમાં મરણ પામ્યો ૨૫૩.
નિજામશાહી, અહમદનગરમાં એ વંશ થયો, ૧૩૪.
નિજામુલમુલ્ક, હૈદરાબાદ (દક્ષિણમાં)નો સ્વતંત્ર રાજ્યકર્તા થાય છે, ૧૬૧-૧૬૬. મરાઠા સાથે યુદ્ધો, ૧૭૨; એના દરબારમાં ફ્રેંચસત્તા, ૧૯૪; વૉરન હેસ્ટિંગ્સે તેનો અટકાવ કીધો, ૨૧૦; કાર્નવૉલિસને ટિપુની સામે મદદ કરી, ૨૧૨; ફ્રેંચસત્તા તોડી પાડતું; લૉર્ડ વેલ્લેસ્લેએ એની સાથે કરેલું તહનામું, ૨૧૫; ટિપુના રાજ્યનો ભાગ એને મળેછે, ૨૧૬; લૉર્ડ ડેલહાઉસીએ એને વરાડ પ્રાન્ત અંગ્રેજ સરકારને હસ્તક કરવાની જરૂર પાડી (૧૮૫૩), ૨૪૩; બળવા વખતે અંગ્રેજને નિમકહલાલ રહયો, ૨૫૧.
નિલગિરિની ટેકરીઓ, ૧૫.
નૂરજહાં, જહાંગીરની રાણી, ૧૪.
નેપાલ, એની સાથે યુદ્ધ (૧૮૧૪-૧૫) ૨૨૨.
નેપીઅર, જનરલ, સર ચાર્લ્સ, એણે સિંધ જીત્યું. (૧૮૪૩), ૨૩૫. એને સેનાધિપતિ નીમ્યો (૧૮૪૯), ૨૩૯.
નેપીઅર, મગ્દલનો, જનરલ, રાબર્ટ લૉર્ડ, પંજાબમાં એના જાહેર કામો, ૨૪૦.
નેપોલીઅન બોનાપાર્ટ, ઈજીપ્તમાં એ ગયો તથી ઊપજેલી ધાસ્તી, ૨૧૪.
નેર, હિંદુસ્તાનના નૈર્‌ઋત્ય કોણમાં અનાર્ય પ્રજા, ૩૧.
નૉટ, જનરલ, સર વિલિયમ, એણે કંદહારથી કાબુલ સુધી કુચ કરી (૧૮૪૨), ૨૩૪.
નાર્થબ્રુક, અર્લ ઑવ વાઇસરૉય, (૧૮૭૨—૭૬), ૨૫૮; અકબરની કબરપર માન દાખલ લુગડું ઓરાડે છે (૧૮૭૩), ૨૫૯.
પંજાબ, આર્યનો એમાં વસ્યા, ૪૪; મહાન એલિકઝાન્ડરની એમાં સ્વારી, ૮૧; એમાં કનિષ્કનું રાજ્ય, ૮૮; મહંમદ ગિઝનવીએ જીત્યું, ૧૧૪; ધક્કર અને ખ્રવાતીઓએ લૂટયું, ૧૨૩; અફગાનોએ ઉજાડ કર્યું, ૧૬૨; રણજીતસિંહનું રાજ્ય, ૨૩૭; ખાલસા કર્યું (૧૮૪૯), ૨૪; એમાં શાંતિ ફેલાવી, ૨૪૦; ૧૮૫૭ ના બળવામાં એની નિમકહલાલી, ૨૫૧.
પટના, ચંદ્રગુપ્તની રાજ્યધાની ૮૪; મીરકાસીમે અહિં કતલ કીધી(૧૭૬૩) ૨૦૧.
પડતી, મોગલરાજની (૧૭૦૭-૬૫) ૧૬૩.
પનીઆર, યુદ્ધ (૧૮૪૩), ૨૩૫,
પશુઓ તેને વિષે સંસ્કૃતમાં વાર્તા અને કલ્પિત કથા, ૬૬.
પહાડીજાતો, મદ્રાસની, વિંધ્યાચળની—ભીલો, ૩૧; હિમાલયની ૩૩; બંગાળાના સંતાલ, ૩૪; ઓરિસાના, ૩૩; કંધ, ૩૭.
પાણિનિ, ઈ૦. સ૦ પુ૦ ૩૫૦ ને આસરે એણે સંસ્કૃતમાં વ્યાકરણ બનાવ્યું, ૫૫.
પાણિપત, બાબરે ઈબ્રાહિમ લોદીને હરાવ્યો (૧૫૨૬), ૧૩૬; અંહિ અકબરે અફગાનને હરાવ્યા (૧૫૫૬), ૧૪૦; અહિં અહમદ શાહ દુરાનીએ મરાઠાઓને હરાવ્યા (૧૭૬૧), ૧૬૪, ૧૭૨, કવાયતનું સ્થળ (૧૮૮૬).
પાણી પાવાનાં બાંધકામ, ત્રિકોણાકાર પ્રદેશથી એની સરતી ગરજ, ૧૧.
પાંડય, દક્ષિણમાં પ્રાચીન હિંદુરાજ્ય, ૧૩૨.

પાંદડાં પહેરનારી ઓરિસામાં જાત, ૩૩.
પાયો, હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યનો ૧૯૧; અનુક્રમણિકા ૧૩ મું પ્રકરણ જુઓ.
પારસનાથ, પવિત્રપર્વત, ૧૪.
પાલિગાર, મદ્રાસ ઈલાકાના, ૧૩૫; તેમનું મૂળ, ૧૩૫; વ્યવહારમાં સ્વતંત્ર, ૧૯૨.
પિંડારી, ( ૧૮૦૪—૧૭ ) ૨૨૩; લાર્ડ હેસ્ટિંગસે હરાવ્યા, ૨૨૪.
પીઅર્સ, કર્નલ, કલકત્તાથી તેની દક્ષિણ તરફ કુચ, ૨૧૦.
પીરામ બાકમ, બેલી અહિં હાર્યો, ૨૧૦.
પુરાણ, સંસ્કૃત ધર્મપુસ્તકો, ૧૦૨.
પુલિયાર, મદ્રાસમાં વગડાઉ જાત, ૩૧.
પૃથુરાજ, દિલ્લી અને અજમેરનો, એને મહમદ ઘોરે હરાવ્યો (૧૧૯૩), ૧૧૯.
પેગુ, ખાલસા કર્યું (૧૮૫૨), ૨૪૧.
પેદાશ અને દેખાવ, હિમાલયનાં, ૫; ઉત્તરની નદીનાં મેદાનો અને બંગાળાના ત્રિકોણાકાર પ્રદેશનાં, ૮,૯; દક્ષિણની ઉચ્ચ ભૂમિનાં, ૧૪૦.
પેશાવર, સબકતગીને જીત્યું, ૧૧૪; અહીં મહમદગીજનવી હાર્યો, ૧૧૪; રણજીતસિંહે જીત્યું, ૨૩૭.
પોંડિચરી, બોરકાવને ઘેરો ઘાલ્યો (૧૭૪૮), ૧૯૩; કુટે જીત્યું. (૧૭૬૧), ૧૯૫.
પોપહામ, મેજર, ગ્વાલિઅરનો કિલ્લો લેછે, ૨૦૯.
પોરસ, એ હિંદુરાજાને મહાન એલેકઝાન્ડરે હરાવ્યો, ૮૨.
પોર્ટુગીઝ, હિંદમાં, તેમનો ઈતિહાસ અને અસલની સત્તા, ૧૭૮, ૧૭૯; તેમનાં હાલનાં સંસ્થાનો, ૧૭૯.
પોલોક, જનરલ, સર જયાર્જ, પંજાબથી જલાલાબાદ અને કાબુલ સુધી એની કુચ, ૨૩૪.
પ્રશિઅન, ઈસ્ટ ઈંડીઆ કંપનીઓ, ૧૮૯.
પ્રાકૃત, પ્રાચીન હિંદની બોલાતી ભાષા, ૫૫.
પ્રેન્ડરગસ્ટ, જનરલ, સર હેરિ, ઉપલો બ્રહ્મદેશ જીતે છે ( ૧૮૮૫ ), ૨૬૨.
પ્લાસી, યુદ્દ ( ૧૭૫૭ ), ૧૯૭.
ફકિર ઉદ્દીન, બંગાળાનો મુસલમાની ગવર્નર સ્વતંત્ર થાયછે ( ૧૩૪૦ ), ૧૩૬.
ફત્તેહપુર, સિકરી, યુદ્દ (૧૫૨૭), ૧૩૭.
ફરૂકસિયર, દિલ્લીનો મોગલ બાદશાહ ( ૧૭૧૩-૧૯ ), ૧૬૬.
ફર્દુસિ, ઈરાની કવિ, અને મહમદ ગઝનવી, ૧૧૬.
ફિચ, રાલ્ફ, પૂર્વમાં અંગ્રેજી સહાસિક પુરૂષ ( ૧૫૮૩ ), ૧૮૩.
ફિરંગી, બંગાળામાં પોર્ટુગીઝ વટલેલાઓને આપેલું નામ, ૧૮૦.
ફિરૂજશાહ તઘલખ, તઘલખવંશનો ત્રીજો રાજા ( ૧૩૫૧-૮૮), ૧૩૦.
ફિરોજપુર યુદ્ધ (૧૮૪૫ ), ૨૩૭.
ફ્રોર્ડ, કર્નલ, તેણે મછલીપટણમાં સ્વારી કરી અને તે જીત્યું, ૨૦૦.
ફ્રાન્સિસ, સર ફિલિપ, વારન હેસ્ટિંગ્સનો સમોવડીઓ, ૨૦૫.
ફ્રેંચ, એ લોકોનાં અંગ્રેજો સાથે દક્ષિણમાં યુદ્દ, ૧૯૩; તેમની હિંદમાં સત્તા, ૧૯૪; લાર્ડવેલેસ્લીએ એ સત્તા તોડી પાડી,૨૧૩.
ફ્રેંચ ઈસ્ટ ઈંડીઆ કંપનીઓ, ૧૮૯.
બક્સર, યુદ્ધ (૧૭૬૫ ), ૨૦૨.
બખ્તિયર, ખિલજી, બહાર જીત્યું (૧૧૯૯) અને બંગાળા જીત્યું ( ૧૨૦૩ ), ૧૨૦.
બંગાળા, મુસલમાનોએ જીત્યું ( ૧૨૦૩ ), ૧૨૦; સ્વતંત્ર થાયછે ( ૧૩૪૦ ); ૧૨૯; અકબરે જીત્યું ( ૧૫૭૬ ), ૧૪૨; મરાઠાઓએ લૂંટયું, ૧૭૨; પહેલાં અંગ્રેજી સંસ્થાનો, ૧૮૭; એના રાજ્યકર્તા ( ૧૭૦૭—૫૬ ), ૧૯૫; અંગ્રેજોને આપ્યું ( ૧૭૬૫), ૨૦૩; હેસ્ટિંગ્સનો રાજ્યકારભાર, ૨૦૬; એની સ્થાયી જમાબંદી, ૨૧૧; ખેડુતોના દુઃખનિવારણ કરવા યોજેલા ઉપાય, ૨૬૧.

## સૂચીપત્ર.


બટાટા, હિમાલયમાં એની ખેતી, ૫; એની રીત અને અસરો, ૫.
બંદ, શીખનાયક, હાર્યો અને તેને ફાંસી દીધી, ૧૬૨.
બરીદશાહિ, બિદારનો વંશ, ૧૩૪.
બર્ડવાન, અંગ્રેજોને મળ્યું ( ૧૭૬૧ ), ૨૦૦.
બર્નસ, સર એલિકઝાન્ડર, કાબુલમાં ખુન થયું ( ૧૮૪૧ ), ૨૩૩.
બલાસોર, ત્યાં અંગ્રેજી કોઠી સ્થાપી (૧૬૪૨), ૧૮૭.
બલ્બન, ગુલામવંશનો દિલ્લીનો રાજા (૧૨૬૫—૮૭ ), ૧૨૩.
બહાદુરશાહ, છેલ્લો નામનો મોગલ અધિરાજા; ૧૮૫૭ ના બળવામાં એનું સામિલ થવું; એને પકડેછે અને દેશ નિકાલ કરેછે.
બાહાર, 'મઠોનું સ્થાન,' ૭૩ ; અંગ્રેજોને આપ્યું (૧૭૬૫), ૨૦૩.
બળવો,, ૧૮૫૭ નો, ૨૪૭; અનુક્રમણિકા ૧૫ મું પ્રકરણ જુઓ.
બાજીરાવ ૨ જો, સાતમો અને છેલ્લો મરાઠા પેશ્વા ( ૧૭૯૫—૧૮૧૮ ), ૧૭૪; વસાઈનું તહનામું કબુલ કર્યું ( ૧૮૦૨ ) ,૨૧૭; હાર્યો અને તેને ગાદીપરથી ઊઠાડી મુકયો ( ૧૮૧૮), ૨૨૪; તેનું મોત. ૨૨૫.
બાબર, હિંદનો પહેલો મોગલ અધિરાજા ( ૧૫૨૬—૩૦ ), ૧૩૭; એની પાણીપત આગળની જીત, ૧૩૭.
બાર્લો, સર જયાર્જ, કામ ચલાઉ ગવર્નર જનરલ, ૨૧૦.
બિજાપુર, મુસલમાની રાજ્ય, ૧૩૪; મોગલનું ખંડણીરાજ્ય થયું. ૧૫૦; ઔરંગજેબે ખાલસા કીધું (૧૬૮૮), ૧૫૬.
બાલાજી બાજીરાવ, ૩ જો મરાઠા પેશ્વા ( ૧૭૪૦-૬૧ ), ૧૭૧.
બિદર. મુસલમાની રાજ્ય, ૧૩૪; મુગલ બાદશાહતમાં જોડી દીધું, ૧૫૦.
બેકર, પ્લાસિના યુદ્ધ પછી એણે લીધેલી રકમો, ૧૯૮.
બેન્ટિન્ક, લાર્ડ વિલિયમ, ગવર્નર જનરલ ( ૧૮૨૮-૩૫ ), ૨૨૮; એના મહેસુલને લગતા સુધારા, ૨૨૮; સતીનો રિવાજ બંધ કર્યો અને ઠગીને દબાવી દીધા, કંપનીની સનદનો પટો નવો કર્યો, ૨૨૯, ૨૩૦; માઈસોરનું રક્ષણ કર્યું અને કુર્ગને ખાલસા કર્યું, ૨૩૦.
બેરિંગ, સર એવલિન, એના મહેસુલને લગતા સુધારા, ૨૬૧.
બેરેન્ટસ, વિલિયમ, વલંદો નાવિક, ૧૮૧.
બહેરામ ખાન, મહાન્ અકબરનો રક્ષક ૧૪૦.
બેસ્ટ, કપ્તાન, તેની સ્વાલ્લિ આગળની જીત ( ૧૬૧૫ ), ૧૮૫.
બૈલી, કર્નલ, એની હાર, ૨૧૦.
બોલાન, એનો દુર્ગમ માર્ગ, ૪.
બોસ્કાવન, નૌકાસેનાધિપતિ, પોંડિચરિને ઘેરો ઘાલ્યો (૧૭૪૮ ), ૧૯૩.
બૌદ્ધ ધર્મ, અને ગૌતમ બુદ્ધનું જીવન ચરિત્ર, ૬૮-૭૬; અનુક્રમણિકાનું ૫ મું પ્રકરણ જુઓ.
બ્રહ્મદેશ, ભૂગોળ અને પેદાશ, ૧૭; બૌદ્ધ ધર્મ માન્યો, ૭૫; એની પ્રજા હજી એજ ધર્મ માનેછે, ૭૫; એનો પ્રાચીન ઈતિહાસ, ૨૨૫; ૧ લું બ્રહ્મી યુદ્ધ ( ૧૮૨૪-૨૬ ), ૨૨૭; ૨ જું બ્રહ્મી યુદ્ધ ( ૧૮૫૨ ) ૨૪૦; બ્રિટિશ રાજ્યમાં નીચલા બ્રહ્મદેશની આબાદી, ૨૪૦; ૩ જુ બ્રહ્મી યુદ્ધ ( ૧૮૮૫ ), ૨૬૨; ઉપલા બ્રહ્મદેશને ખાલસા કર્યો (૧૮૮૬), ૨૬૨.
બ્રહ્મપુત્રા નદી, ૭.
બ્રાઉટન, ગેબ્રિયલ, શાહજહાં પાસે અંગ્રેજો માટે વેપાર કરવાનો હકક મેળવે છે ( ૧૬૪૫ ), ૧૮૭.
બ્રાહ્મણ ઋષિઓના યજ્ઞો અને ધર્મ સમજાવનારાં પવિત્ર સંસ્કૃત પુસ્તકો, ૫૦.
બ્રાહ્મણ, હિંદુઓની ચાર પ્રાચીન જ્ઞાતિઓમાંની ધર્મગુરૂની જ્ઞાતિ, ૫૧; તેમનું સર્વોપરિપણું, ૫૨; એની છંદગીના

ચાર આશ્રમો, ૫૨; હાલના બ્રાહ્મણો, ૫૩; બ્રાહ્મણનો ધર્મ, ૫૪; તત્ત્વજ્ઞાન ૫૫; સાહિત્ય, ખગોળવિદ્યા, ઔષધિવિદ્યા, ૫૬-૫૮; સંગીતશાસ્ત્ર ૫૮; ધર્મપુસ્તક, ૫૯; કાવ્ય, ૫૯; નાટક, ૬૫; સંગીતકાવ્યો, ૬૬; એમની સત્તા, એમણે કરેલા સુધારા, ૬૭.

બ્રાહ્મણી વંશ, દક્ષિણમાં, ૧૩૩.

બ્રિટિશ ઈંડિયા સુદૃઢ કીધું, ૨૨૦; અનુક્રમણિકા ૧૪ મું પ્રકરણ જુઓ.

બ્રિટિશ હિંદ, બાર પ્રાન્તો, ૧૮; ક્ષેત્રફળ અને વસ્તી, ૧૯.

બ્રિડન, ડાકતર, અફગાનિસ્તાનમાં બ્રિટિશ ફોજમાંથી એજ જીવતો રહ્યો, ૨૩૪.

ભકતમાલા, અથવા હિંદુઓના સાધુઓનું પુસ્તક, ૯૭.

ભટકતી જાતોની ખેતી અને જંગલોનો નાશ.

ભરતપુર, લૉર્ડ લેકને ત્યાંથી હાંકી કાઢયો (૧૮૦૫), ૨૧૮; કૉંબર મીઅરે જીત્યું, ૨૨૭.

ભિલ્લા, અલ્લાઉદીન ખિલજીએ લુટ્યું, ૧૨૪.

ભીલ, બહોળી સંખ્યાવાળી અનાર્ય ટોળી, ૩૧.

ભૂગોળ, હિંદુસ્તાનની, ૧-૧૭; અનુક્રમણિકા ૧ લું પ્રકરણ જુઓ.

ભૂતાન, તેનીસાથેનું યુદ્ધ (૧૮૬૪).

ભોસલે, નાગપુરનો મરાઠીવંશ, ૧૭૪; અંગ્રેજોને ઓરિસ્સા આપ્યું, ૧૭૪. તેનું રાજ્ય ખાલસા કર્યું.

મગધ (બહાર), એનો રાજા અશોક, ૭૩; એનો રાજા ચંદ્રગુપ્ત, ૮૪.

મછલીપટમ, અંગ્રેજી આડત અને કોઠો (૧૬૩૨), ૧૮૬; કર્નલ ફ્રોર્ડે જીત્યું (૧૭૫૦), ૨૦૦.

મંજારાબાદ, એનો હિંદુરાજા, એની સત્તા સને ૧૩૯૭ થી ૧૭૯૯ સુધી ટકી, ૧૩૫.

મંડાવર્સ, મદ્રાસમાં ગુફામાં વસતી ખેડુતી જાત, ૩૧.

મત, વારસ ન હોવાને લીધે દેશી રાજ્ય અંગ્રેજ સરકારને હાથ જવાનું મત, ૨૪૨.

મથુરા, અફગાનોએ એનો નાશ કર્યો, ૧૬૩.

મદ્રાસ, વસ્યું (૧૬૩૯), ૧૮૬; ફ્રેંચ લોકોએ જીત્યું. (૧૭૪૬), ૧૯૩.

મનુ, એની રચેલી સ્મૃતિ (૧૬૦૪), ૫૯.

મનુષ્યભોગ—કંધ લોકોમાં, ૩૯.

મન્રો, સર હેક્ટર, બકસારના યુદ્ધમાં જીતે છે (૧૭૬૪), ૨૦૨.

મયૂરાસન, શાહજહાનું, ૧૫૨.

મરાઠા, ૧૬૮-૧૭૬; અનુક્રમણિકા ૧૧ મું પ્રકરણ જુઓ.

મરાઠા ખાડી, કલકત્તામાં, ૧૭૨.

મરાઠાયુદ્ધ, ૧ લું (૧૭૭૯-૮૧), ૨૦૯; બીજું (૧૮૦૨-૧૮૦૪), ૨૧૭; ત્રીજું (૧૮૧૭-૧૮), ૨૨૪.

મરૂત, વેદમાં વર્ણવેલા તોફાનના દેવ, ૪૭.

મહમદ, ગિજનીનો (૧૦૦૧-૩૦) એની હિંદુસ્તાન પરની ૧૭ સ્વારી, સોમનાથની લુંટ; એને વિષે વાર્તાઓ, ૧૧૪-૧૧૬.

મહમદ ઘોરનો (૧૧૯૧-૧૨૦૬), એની હિંદુસ્તાનમાં જીત, ૧૧૭-૧૧૯.

મહમદ તઘલખ, દિલ્લીનો રાજા (૧૩૮૮-૧૪૧૨), ૧૨૮.

મહમદ શાહ, અફગાનિસ્તાનનો અમીર, ૨૩૧.

મહાજન, એની ન્યાત પદ્ધતિ તરીકે, ૯૫.

મહોબતખાન, એણે જહાંગીરને કેદખાનામાં રાખ્યો (૧૬૨૬-૨૭), ૧૪૮.

મહાભારત, ઉત્તર હિંદુસ્થાનમાંવીરપુરૂષોના સમયનું વીરરસકાવ્ય, એનો સાર, ૬૦-૬૨.

મહારાજપુર, યુદ્ધ (૧૮૪૩), ૨૩૫.

મહેસુલ, બંગાળાની નક્કી થઇ કાર્નવૉલિસના વખતમાં, ૨૧૧.

મહેસુલ, અકબરની, ૧૪૬.

માધુરાવ નારાયણ, ૬ ઠો મરાઠા પેશ્વા (૧૭૭૪-૭૫), ૧૭૩.

માધુરાવ, ૪ થો મરાઠા પેશ્વા (૧૭૬૧-૭૨), ૧૭૩.

માનસિંહ, રાજા, અકબરની સત્તા નીચે બંગાળામાં રાજ્ય કર્યું (૧૫૯૯-૧૬૦૪) ૧૪૧.

મારી, મધ્યપ્રાંતમાં અસલની જાત, ૩૩.

માળવા, એમાં મલીક કાફુર (૧૩૦૬), ૧૨૬; સ્વતંત્રરાજ્ય, ૧૩૬; અકબરે જીત્યું (૧૫૭૨), ૧૪૨; રજપુતોએ લુટ્યું, ૧૧૫૮; મરાઠાઓએ જીત્યું, ૧૭૧.

મિડલટન, સર હેન્રિ, વહાણમાં સામાન ભરી ખંભાત લઈ જાયછે (૧૬૧૧), ૧૮૫.

મિદનાપુર, અંગ્રેજોને તાબે કર્યું (૧૭૬૧)૨૦૦.

મિન્ટો, અર્લ આવ, ગવર્નર—જનરલ (૧૮૦૭-૧૩), ૨૨૦; જાવા અને મોરિશિયસમાં સ્વારી, ૨૨૧; પંજાબ, અફગાનિસ્તાન, અને ઇરાનમાં એલચીઓ મોકલ્યા, ૨૨૧.

મીઆની, યુદ્ધ (૧૮૪૩), ૨૩૫.

મીરકાસિમ, એને બંગાળાનો નવાબ બનાવ્યો (૧૭૬૧), ૨૦૦; એનો બળવો અને પટણાની કતલ, (૧૭૬૩); એને હરાવ્યો અને પદભ્રષ્ટ કર્યો (૧૭૬૪), ૨૦૦, ૨૦૨.

મીરજુમ્લા, એણે અસામપર હુમલો કર્યો તેમાં નિષ્ફળ થયો (૧૬૬૨)૧૫૮.

મીરજાફર, ક્લાઇવે એને બંગાળાનો નવાબ બનાવ્યો (૧૭૫૭), ૧૯૮; ગાદીપરથી ઊઠાડી મુક્યો (૧૭૬૧), પાછી ગાદી આપી (૧૭૬૪), ૨૦૦.

મીરત. તીમુરની કતલ (૧૩૯૮), ૧૩૧; અહિં બળવો ઊઠ્યો (૧૮૫૭), ૨૪૯.

મુબારિકશાહ, ખીલજી વંશનો દિલ્લીનો છેલ્લો રાજા, એનું ખુશરૂખાને ખુન કીધું (૧૩૬૧), ૧૨૭.

મુંબઇ, અંગ્રેજોને મળ્યું [૧૬૬૧], ૧૮૬.

મુરાદ, શાહજાદો, ઔરંગજેબે મારી નાંખ્યો [૧૬૬૧], ૧૫૫.

મુર્શિદ કુલીખાન, બંગાળાનો નવાબ (૧૭૦૭-૨૮), ૧૯૫.

મુર્શિદાબાદ, બંગાળાની રાજધાની થઇ, ૧૯૫.

મુલતાન, મહાન એલેક્ઝાન્ડરે જીત્યું, ૮૩; રણજીતસિંહે જીત્યું. ૨૩૭; એનો ઘેરો [૧૮૪૮], ૨૩૯.

મુસલમાની જીતનારાઓ, હિંદના (૭૧૪-૧૫૨૬). અનુક્રમણિકા પ્રકરણ ૯ મું જુઓ. ૧૦૮-૧૩૬.

મુસલમાની રાજ્યો, દક્ષિણમાં, ૧૩૪.

મુસલમાનલોકોની અસર, હિંદુધર્મપર ૧૦૮.

મુડકિ, યુદ્ધ (૧૮૪૫), ૨૩૭.

મૂળ, હિંદુલોકોનાં,— આર્ય, અનાર્ય, અને શક લોકોનાં, ૯૧.

મૅકનૉટન, સર વિલિયમ, કાબુલમાં મારી નાંખ્યો (૧૮૪૧), ૨૩૪.

મેકૉલે, લૉર્ડ, બેન્ટિકના પુતળાપર લેખ, ૨૨૮; કાઉન્સિલનો પહેલો કાયદો રચનાર સભાસદ, ૨૩૦; એનો પીનલકોડ, ૨૫૭.

મેગસ્થનીસ, ચંદ્રગુપ્તના દરબારમાં સેલ્યુકસનો એલચી, એણે હિંદુસ્તાનના લોકોનો આપેલો વૃત્તાન્ત (ઈ. સ. પૂ. ૩૦૦), ૮૫.

મેટકાફ, ચાર્લ્સ, લૉર્ડ, કામચલાઉ ગવર્નર જનરલ (૧૮૩૫-૩૬), ૨૩૦; એ લાહોરમાં એલચી તરીકે ગયો, ૨૩૭.

મેયો, અર્લ ઑવ, વાઇસરાય (૧૮૬૯-૭૨), ૨૫૮.

મેવન્ડ, યુદ્ધ (૧૮૮૦), ૨૬૦.

મેહિદપુર (૧૮૧૭), ૨૨૨

મોઇરા, અર્લ આફ, ૨૨૧.

મોગલ વંશ (૧૫૨૬-૧૭૬૧), અનુક્રમણિકા પ્રકરણ ૧૦ મું જુઓ. ૧૩૭-૧૯૮.

મોગલ લોકો, એના ધસારાઓ, ૧૨૨, ૧૨૩, ૧૨૫, ૧૨૬, ૧૩૧.

મોરિશિયસ, જીતી લીધું, ૨૨૧.

મૉર્નિંગ્ટન, અર્લ આવ વેલેસ્લી, માર્કવેસ જુઓ, ૨૧૪.

માલ્કમ, સર જાન, એ ઇરાનમાં એલચી તરીકે ગયો, ૨૨૦; એણે મધ્યહિંદમાં શાંતિ ફેલાવી, ૨૨૫.

યાક ગાયો, એનો હિમાલયમાં ઉપયોગ, ૩.

યાકુબખાન, અફગાનિસ્તાનનો અમીર, ગંડમકનું તહનામું કર્યું (૧૮૭૯); રાજ તજ્યું, ૨૬૦.

યાજ્ઞવલ્કય સ્મૃતિ, ૫૯.

યુરોપી અને હિંદી ભાષાઓ, માત્ર આર્યન ભાષાનાં ભિન્ન રૂપ, ૪૩.

યુરોપીઓનાં અસલનાં સંસ્થાનો અનુક્રમણિકા ૧૨ મું પ્રકરણ જુઓ,૧૭૭-૧૮૦.
યેન્ડેબુ, તહનામું (૧૮૨૬), ૨૨૭.
યોગી, શિવભક્ત, ૧૦૧.
રઘુબા, મરાઠા પેશ્વાઈનો દાવો કરનાર,૧૭૫, ૨૦૯.
રજપુતો, એ લોકો મુસલમાનોએ કરેલા હુમલાની સામા થાય છે, ૧૧૮, ૧૨૬.
રજપુતસ્થાન, અકબરે જીત્યું, ૧૪૧; ઔરંગજેબે વેરાન કર્યું. ૧૫૮, સ્વતંત્ર થાયછે, ૧૬૧; હોલ્કરે લુટયું, ૨૧૮; એનાં રાજ્યો બ્રિટિશ સત્તાના તાબામાં આવેછે, ૨૨૫.
રઝીઆ, ગુલામવંશની બેગમ (૧૨૩૬-૩૯), ૧૨૨.
રણજીતસિંહ, શીખરાજ્યનો સ્થાપનાર (૧૭૮૦-૧૮૩૯), ૨૩૬.
રાઘોજી ભોંસલા, બંગાળાપર હુમલો કર્યો (૧૭૪૩), ૧૭૧.
રાજમહાલ ટેકરીઓ બંગાળામાં, ૧૪.
રામ, રામાયણનો નાયક દેવ, ૬૩; વિષ્ણુનો ૭ મો અવતાર, ૧૦૧.
રામાનન્દ, વૈષ્ણવ ધર્મ સુધારક (૧૩૦૦-૧૪૦૦), ૧૦૩.
રામાનુજ, વૈષ્ણવ ધર્મ સુધારક (૧૧૫૦), ૧૦૨.
રામાયણ, સંસ્કૃત વીરરસકાવ્ય, એમાં આર્યનો દક્ષિણમાં શી રીતે વધ્યા તે વર્ણવ્યું છે, એની કથા, ૬૨-૬૪.
રાવળપિંડી, અહિં દરબાર ભરાયો (૧૮૮૫), ૨૬૨.
રિન્થિમ્બુર, અલ્લાઉદ્દીન ખીલજીએ લીધું (૧૩૦૦), ૧૨૫.
રિપન, માર્ક્વેસ ઑવ વાઈસરાય (૧૮૮૦-૮૪)૨૬૦-૬૨; અફગાન યુદ્ધનો અંત,૨૬૦; સ્થાનિક સ્વરાજ્યમાટે કરેલા ધારા.
રેહ, હિંદુસ્તાનની નદીથી થયેલો ક્ષારમય પોપડો, ૧૧.
રો સર થોમસ, જહાંગીર વિષે એનું વર્ણન, ૧૪૮; ૧ લા જેમ્સે હિંદુસ્તાનમાં એલચી તરીકે મોકલ્યો, ૧૮૫.
રોઝ, સર હ્યુ (લાર્ડ સ્ટ્રથનેર્ન) મધ્ય હિંદમાં એની સ્વારી (૧૮૫૮-૫૯), રૉબર્ટ્સ જનરલ, લૉર્ડ, કાબુલ અને કંદહારમાં એની જીત, ૨૬૦; સેનાધિપતિ ૨૬૦.
રોહિલ ખંડ, અંગ્રેજોને તાબે કર્યો (૧૮૦૧), ૨૧૪.
રોહિલા, એ લોકો સાથે યુદ્ધ (૧૭૭૪), ૨૦૭.
લક્ષ્મણસેન, બંગાળાનો છેલ્લો હિંદુ રાજા હાર્યો (૧૨૦૩), ૧૨૦.
લખનોર, એનું તહનામું (૧૮૦૧), ૨૧૪;
લખનૌ, અહિંનો ઘેરો અને બચાવ (૧૮૫૭-૮)૨૫૨.
લબોર્ડનેઈ, એણે મદ્રાસ જીત્યું (૧૭૪૬), ૧૯૩.
લાસવારિ, યુદ્ધ (૧૮૦૩), ૨૧૮.
લાહોર, ખુશરૂને અહિંથી કાઢી મુક્યો (૧૧૮૬), ૧૧૭; ઘક્કર લોકોએ જીત્યું (૧૨૦૩), ૧૨૦; મેટકાફ એમાં એલચી તરીકે ગયો, ૨૩૭; રણજીત સિંહની રાજધાની, ૨૩૭; સર હેન્રિ લારન્સને એનો રેસિડન્ટ નીમ્યો, ૨૩૮.
લિટન, અર્લ ઑવ વાઈસરાય (૧૮૭૬-૮૦) ૨૫૯; ૧૮૭૬-૭૭ નો દુકાળ, ૨૫૯; અફગાન યુદ્ધ, ૨૬૦.
લીડસ, હિંદમાં અસલનો અંગ્રેજ સાહસિક (૧૫૮૩), ૧૮૩.
લેક, જનરલ, લૉર્ડ, હિંદુસ્તાનમાં એની સ્વારી (૧૮૦૨-૧૮૦૫), ૨૧૮.
લૅંકેસ્ટર પૂર્વ સમુદ્રમાં ૧ લો અંગ્રેજી કપ્તાન (૧૬૦૨), ૧૮૪.
લૅન્સડાઉન એનો માર્ક્વેસ, વાઈસરાય (૧૮૮૮-૯૨).
લૅલિ, વૉંડિવૉશ આગળ કૂટ એને હરાવ્યો (૧૭૬૦), ૧૯૫.
લોકો, હિંદનાં ૧૭-૨૬; અનુક્રમણિકા પ્રકરણ ૨ જું જુઓ.
લોદી વંશ, દિલ્લીમાં (૧૪૫૦-૧૫૨૬),૧૩૧.
લૉરન્સ, જોન, લૉર્ડ વાઈસરાય. (૧૮૬૪-૬૮), ૨૫૭; સિપાઈના બળવામાં પંજાબ એના હાથમાં હતું, ૨૫૧.
લારન્સ, મેજર, સ્ટ્રિંગર, એણે પોંડીચરીને

ઘેરો ઘાલ્યો, ૧૯૩
લૉરન્સ, સર હેન્રિ, લાહોરમાં રેસિડન્ટ નીમાયો (૧૮૪૬), ૨૩૮; એણે બળવો થશે એમ અગાઉથી ધાર્યું હતું, ૨૫૨; એણે લખનૌરનો બચાવ કીધો. ૨૫૨.
વડોદરૂં, ૧૭૪; ગાયકવાડ વિષે જુઓ.
વરસવાર, મુસલમાન વંશની યાદી (૧૦૦૧-૧૮૫૭), ૧૦૮-૧૦૯; બ્રિટીશ હિંદુસ્તાનના ગવર્નરોની, ગવર્નર જનરલોની, અને વાઈસરાયની યાદી (૧૭૫૮-૧૮૯૨), ૧૯૧-૧૯૨.
વરસાદ, હિમાલયમાં, ૩.
વરાડ, નિઝામે આપ્યું (૧૮૫૩).
વરૂણ, વેદનો દેવ, ૪૭.
વલંદા, હિંદમાં, ૧૮૦; પૂર્વસમુદ્રમાં તેમનું સર્વોપરીપણું, ૧૮૧; એમ્બૉયનાની કતલ (૧૬૨૮), ૧૮૫; ક્લાઈવે હરાવ્યા, ૨૦૦.
વલભી, વંશ, કચ્છ, માળવા, અને ઉત્તર મુંબઈનો (૪૮૦-૭૨૨), ૯૦.
વલ્લભ સ્વામી, વૈષ્ણવ ધર્મ સુધારક, ૧૦૫.
વસાઈ, મરાઠાઓએ જીત્યું (૧૭૩૯), ૧૭૧; એનું તહનામું (૧૮૦૨), ૧૭૬-૨૧૭.
વસ્તી, હિંદમાં એનુ થાડાપણું; ; કસબાની અને ગામડાંની વસ્તી, ૨૩; વસ્તીથી ઉભરાઈજતાં અને આછી વસ્તી વાળા પ્રદેશો, ૨૪; લોકોની વહેંચણ ૨૪; ખેતીની વગડાઉ ભટકતા લોકોની રીત, ૨૫; થીચ વસ્તીવાળો દેશમાં ગણોતનો વધારો, ૨૫.
વાજીદ અલિ, અયોધ્યાનો છેલ્લો રાજા, પદભ્રષ્ટ કીધો (૧૮૫૬), ૨૪૪.
વારગામનું તહનામું (૧૭૭૯), ૨૧૦.
વેલ્લેસ્લે, માર્કવેસ, ગવર્નર જનરલ (૧૭૯૮-૧૮૦૫), ૨૧૩; હિંદમાં ફ્રેંચ સત્તા, ૨૧૩; લૉર્ડ વેલ્લેસ્લેની રાજ્યનીતિ, ૨૧૫; નિજામ સાથે તહનામુ (૧૭૯૮), ૨૧૫; ત્રીજું મૈસુર યુદ્ધ અને શ્રીરંગપટણ સર કર્યું (૧૭૯૯), ૨૧૬; બીજું મરાઠા યુદ્ધ (૧૮૦૨-૪૬) ૨૧૭; એની જીતનાં પરિણામ, ૨૧૮.
વિક્ટોરિઆ, ઈંગ્લાંડની મહારાણી હિંદનો કારભાર હાથમાં લેતી વખતે ૧૮૫૮ ના નવેમ્બરની ૧ લી તારીખે ઢંઢેરો, કૈસરે હિંદ જાહેર થઈ (૧૮૭૭), ૨૫૬; એનો જુબિલિ ઉત્સવ(૧૮૮૭).૨૬૨.
વિક્રમાદિત્ય, ઉજ્જનનો રાજા (ઈ. સ. પૂર્વે ૫૭), ૬૫; કાલિદાસનો એ દરબારમાં ઉદય પામ્યો એમ ખોટું કહે છે, ૬૫; શક લોકો સાથે એનાં યુદ્ધ, ૮૮.
વિજયનગર, દક્ષિણમાં હિંદુરાજ્ય (૧૧૧૮-૧૫૬૫), ૧૩૨; તેનો નાશ (૧૫૬૫), ૧૩૫; એના રાજાઓ, ૧૩૪.
વિધવા, એનું બળી મરવું, સતી વિષે જુઓ.
વિંદય પર્વત, અહિંની અનાર્ય જાતો, ૩૧.
વિલ્લુ બાઈ, સર હ્યુ હિંદુસ્તાનમાં વાયવ્ય તરફથી આવવા પ્રયાસ કરેછે(૧૫૫૩),૧૮૩.
વિલ્સન, જેમ્સ એના મહેસુલને લગતા સુધારા, ૨૫૬.
વિષ્ણુ, એને વિષે મૂળ વિચાર; વિષ્ણુપૂજા,૫૫; વિષ્ણુના અવતાર; વિષ્ણુપુરાણ, વૈષ્ણવ આચાર્યો, રામાનુજ, રામાનંદ, કબીર, ચૈતન્ય, વલ્લભ સ્વામી. ૧૦૧-૧૦૬.
વેદ, અનાર્ય લોકો વિષે એમાંથી વચન ઉતાર્યા છે, ૨૯; ચાર વેદ ઋગ્વેદ વિષે, જુઓ, ૪૫.
વેલાર, અહિંનું બંડ (૧૮૦૬), ૨૨૦.
વેલ્સ, એનો શાહાજાદો, હિંદની મુલાકાત (૧૮૭૫-૭૬).
વૈદક શાસ્ત્ર બ્રાહ્મણોએ રચેલું, ૫૭.
વૈશ્ય, હિંદુઓની અસલની ચાર ન્યાતોમાં ૩ જી અથવા ખેડુતની ન્યાત, ૯૪; એઓ ધંધો બદલેછે, ૯૫.
વૈષ્ણવ, હિંદુપંથ, ૧૦૫.
વૉટસ, પ્લાસી પછી એણે મળવેલું દ્રવ્ય, ૧૯૮.
વૉન્ડિવૉશ, યુદ્ધ, ૧૯૫.
વ્યાકરણ, બ્રાહ્મણોએ રચેલું, ૫૫.
શક, શાલિવાહનનો, ૮૯.
શકલોકો, એમના હિંદુસ્તાનપરના હુમલા, (ઈ. સ. પૂર્વે ૧૦૦— ઈ. સ. ૫૦૦),

૮૭; અનુક્રમણિકા ૭ મું પ્રકરણ જુઓ. એમનાં રાજ્યો, ઉત્તર હિંદુસ્તાનમાં, ૮૭.

શકુન્તલા, પ્રસિદ્ધ સંસ્કૃત નાટક.

શંકર આચાર્ય, શૈવમાર્ગી ધર્મ સુધારક, ૯૮.

શંભાજી, શિવાજીનો પુત્ર, મરાઠાઓપર રાજ્ય કર્યું ( ૧૬૮૦-૮૮ ) ; એને ઔરંગજેબે મારી નાંખ્યો, ૧૦૭.

શરઅલી, એને અફગાનિસ્તાનના અમીર તરીકે કબુલ કરે છે, ૨૫૮; એની સાથે યુદ્ધ અને એનું મોત ( ૧૮૭૮ ), ૨૬૦.

શરશાહ, હુમાયુને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢે છે ( ૧૫૪૨ ) , ૧૩૮ ; બાદશાહ થાય છે અને એને મારી નાંખે છે, ( ૧૫૪૫ ), ૧૩૮.

શહિયાર, એના ભાઇ શાહજહાને એનું ખુન કીધું, ૧૪૯.

શાલિવાહન. રાજા ( ૭૮ ) , શક લોકોસાથે એનાં યુદ્દો, ૮૯.

શાહ આલમ, મોગલ બાદશાહ ( ૧૭૬૧-૧૮૦૫ ), ૧૬૬ ; એને મરાઠાઓએ નામનો પાછો ગાદીએ બેસાડયો (૧૭૭૧), ૧૭૪; પટણાપર ઘેરો ઘાલેછે ( ૧૭૫૮ ), ૨૦૦; બક્સર આગળ હારે છે ( ૧૭૬૪ ), ૨૦૨; વૉરન હેસ્ટિંગ્સ અંગ્રેજ સરકાર એને ખંડણી ભરતા તે અટકાવે છે (૧૭૭૩), ૨૦૭; લૉર્ડ લેકે એને દીલ્લી પાછું આપ્યું ( ૧૮૦૩ ), ૨૧૮.

શાહજહાન, દિલ્લીનો ૫મો મોગલ બાદશાહ ( ૧૬૨૮-૧૬૫૮ )૧૪૯; એનાં ભવ્ય જાહેર મકાનો, ૧૫૦; એની મેહેસુલ, ૧૫૧; અને એના પુત્ર ઔરંગજેબે પદભ્રષ્ટ કર્યો, ૧૪૨.

શાહજી ભોંસલે, મરાઠા સત્તાનો સ્થાપનાર, ૧૬૮.

શાહબુદ્દીન, મહમદ ઘોરી વિષે જુઓ, ૧૧૭.

શાહસુજા, અંગ્રેજોએ એને અફગાનિસ્થાનના અમીરની પદવીએ રાજ્યાભિષેક કીધો (૧૮૩૯), ૨૩૨.

શિલાદિત્ય, ઉત્તર હિંદુસ્તાનમાં બૌદ્ધ રાજાઓની સભા(૬૩૪)અને એની ઉદારતા; ૭૭૦.

શિવ, એને વિષે મૂળ વિચાર, ૫૫; શિવ અને શિવપૂજા, ૮૮; શિવ અને એની સ્ત્રીનાં સ્વરૂપો, ૮૮; શિવપૂજાનાં બે સ્વરૂપ; તેર શિવપંથ, ૧૦૦.

શિવાજી મહાન્, મરાઠારાજા ( ૧૬૨૭–૮૦), ૧૬૯; મુસલમાન સાથે એની ઠેકાણા વગરની લડાઈ, ૧૭૦; દક્ષિણમાં હિંદુ લોકોની ટોળી બનાવેછે, ૧૬૯; એનું રાજ્ય અને મરાઠા સત્તાની સ્થાપના, ૧૭૦; એના વંશજો, ૧૭૦.

શીખ. મુસલમાનોએ એમનાપર જુલમ ગુજાર્યો, ૧૬૧; એક ધર્મપંથ, એમનો ઉદય, ૨૩૬; રણજીત સિંહ, ૨૩૬; પહેલું શીખ યુદ્ધ, (૧૮૪૫), ૨૩૭; બીજું શીખ યુદ્ધ (૧૮૪૮-૪૯), ૨૩૯;અને પંજાબ ખાલસા કર્યું, ૨૪૦.

શુજા, શાહજાદો એને ઔરંગજેબે આરાકાનમાં હાંકી કાઢયો (૧૬૬૦), ૧૫૫.

શૂદ્ર અથવા ગુલામો, અસલની હિંદુઓની ચાર ન્યાતમાંની છેલ્લી, ૯૪.

શૈસ્તખાન, બંગાળાનો નવાબ, અંગ્રેજી કોઠીઓને જપત કરેછે (૧૬૮૬), ૧૮૭.

શોર, સર જૉન, ( લૉર્ડ ટીનમાઉથ ) ગવર્નર જનરલ (૧૭૯૩-૯૮), ૨૧૩; બંગાળાની સ્થાયી જમાબંધી કરેછે, ૨૧૨.

શ્રીરંગપટણ, એનાપર ઘેરો ઘાલ્યો(૧૭૯૨), ૨૧૨; જીતી લીધું (૧૭૯૯), ૨૧૬.

સંગીત, બ્રાહ્મણોમાં સંગીત શાસ્ર, ૫૮.

સતલજ નદી, ૭.

સતી, વેદમાં એ રિવાજ માટે પ્રમાણ નથી, ૪૫; અકબરે એ રિવાજ બંધ કરવા કીધેલા પ્રયાસો, ૧૪૨; એ રિવાજ કાયદા વિરૂદ્ધ ઠેરવ્યો (૧૮૨૯), ૨૨૯.

સતારા, નાનું રાજ્ય, એમાં શિવાજીના વંશજો રાજ કરતા હતા, ૧૭૧; વારસ ન હોવાથી ખાલસા કર્યું (૧૮૪૯).

સનદો, ઈસ્ટ ઈંડિયા કંપનીની, ૨૫૪.

સન્તાલ, બંગાળામાં અસલની પહાડી જાત, તેમની રહેવાની જગ્યા અને રાજ્યપદ્ધતિ, ૩૪; સાંસારિક અને ધર્મ સંબંધી ક્રિયા, ૩૫; ધર્મ, ૩૫; ઈતિહાસ, સન્તાલ લોકોનો બળવો, ૩૬.

સફેદકોહ પર્વતો, અફગાનિસ્તાનમાં હિમાલયની હારની શાખા, ૪.

સબકતગીન, હિંદપર તુર્કી ચડાઈ કરનાર (૯૭૭), ૧૧૩.

સાગરટાપુ, અહિં ધર્મ સંબંધી ઉત્સવ.

સાતપુડો, પર્વતની હાર.

સાધુ, એવિષે હિંદુઓનો ગ્રન્થ, ૯૭.

સાલરજંગ, સર, એણે હૈદરાબાદને બળવામાં અંગ્રેજ સરકાર તરફ વફાદાર રાખ્યું, ૨૫૧.

સાલ્બાઈ, એનું તહનામું (૧૭૮૨), ૨૧૦.

સાલ્સેટિ, સાલ્બાઈના તહનામા પ્રમાણે અંગ્રેજોને આપ્યું, ૨૧૦.

સાહુ વંશ.

સાહુ, શિવાજીનો પૌત્ર, એણે મરાઠાનું રાજ્ય પેશ્વાને આપ્યું, ૧૭૧.

સિંધ, મહાન એલેકઝાન્ડરની એમાં સ્વારી, ૮૩; એમાં આરબ લોકોની અસલની ચડાઈ (૬૪૭-૮૨૮), ૧૧૦; અકબરે જીત્યું (૧૫૯૨), ૧૪૨; અંગ્રેજોએ ખાલસા કર્યું (૧૮૪૩), ૨૩૫.

સિંધિઆ, મરાઠા વંશ, ૧૭૩; એનું, લશ્કર ફ્રેંચ અમલદારોએ કેળવ્યું, ૨૧૪; લાર્ડ લેકે હરાવ્યો, ૨૧૮; મહારાજપુર અને પનિઆર આગળ હાર્યો (૧૮૪૩), ૨૩૫; ગ્વાલિઅરનો કિલ્લો એને પાછો આપ્યો (૧૮૮૬).

સિંધુ નદી, ૭.

સિરાજ દૌલા, બંગાળાનો નવાબ, કલકત્તા લીધું (૧૭૫૬); પ્લાસી આગળ હાર્યો (૧૭૫૭), ૧૯૬.

સીતા રામની સ્ત્રી, રામાયણની નાયિકા, ૬૪.

સીતા બલ્ડી, યુદ્ધ (૧૮૧૭).

સુરત, અહિંના વેપારી મહાજનો, ૯૫; હિંદુસ્તાનના વાયવ્ય કિનારાપર અસલ અંગ્રેજી મુખ્ય કોઠી, ૧૮૬; એનું તહનામું (૧૭૭૫), ૨૦૯.

સુલેમાન પર્વતો, હિમાલયની અફગાનિસ્તાનમાં આવેલી શાખા, ૪.

સૂત્ર, જૂનામાં જૂના બ્રાહ્મણોનાં ધર્મ પુસ્તકો, ૮૯.

સૅગોલિ, એનું તહનામું (૧૮૧૬), ૨૨૨.

સેલ, જનરલ, સર રાબર્ટ, જલાલાબાદનો, એનો બચાવ (૧૮૪૨), ૨૩૪.

સેલ્યૂકસ, ગ્રીક લોકોએ બેક્ટ્રિયા અને હિંદુસ્તાનમાં એલેકઝાન્ડર પછી ગાદીએ આવનાર, ૮૪; ચંદ્રગુપ્ત સાથે એણે કીધેલો એકરો, ૮૫.

સૈયદ, દિલ્લીનો વંશ (૧૪૧૪-૫૦), ૧૩૧.

સૈયદ, એ રાજા બનાવનારા કહેવાયા (૧૭૧૩-૨૦), ૧૬૫.

સોબ્રેઅન, યુદ્ધ (૧૮૪૫), ૨૩૭.

સોમનાથ, મહમદ ગિજનવીએ લૂટયું (૧૦૨૪), ૧૧૫; એના કહેવાતા દરવાજા હિંદુસ્તાનમાં આણ્યા (૧૮૪૨), ૨૩૫.

સંવત વિક્રમનો, ૮૯.

સંસ્કૃત ભાષા, વિદ્યા અને દર્શન, ૫૫, ૫૬.

સ્ટીફન્સ, થોમસ હિંદમાં પહેલો હાલના સમયનો અંગ્રેજ (૧૫૦૯), ૧૮૨.

સ્ટ્રથનેર્ન, જનરલ લૉર્ડ રોઝ સરહ્યુ વિષે જુઓ.

સ્થાયી જમાબંદી, બંગાળાની (૧૭૯૩), ૨૧૧.

સ્માર્ત બ્રાહ્મણ, શંકરાચાર્યના શિષ્યોના વંશજો, ૯૮.

સ્લીમન, સર વિલિયમ હન્ટર, એણે ઠગને નરમ પાડયા, ૨૨૯.
સ્વયંવર, ૬૧.
સ્વરાજ્ય, લૉર્ડ રિપને બ્રિટિશ હિંદુસ્તાનમાં એની વૃદ્ધિ કરી,૨૬૧; એનો વિસ્તાર૨૬૨.
સ્વાલિ, અહિં અંગ્રેજોએ પોર્ટુગીઝ દરીઆઈ ફ્રોજને હરાવી (૧૬૧૫), ૧૮૫.
સ્વીડનની ઈસ્ટ ઈંડીઆ કંપની, ૧૮૯.
હાર્ડીંગ, લૉર્ડ, ગવર્નર જનરલ (૧૮૪૪-૪૮); પહેલું શીખ યુદ્ધ, ૨૩૫-૨૩૭.
હાલા, પર્વત, હિમાલયની દક્ષિણમાં સૌથી નીચી ટેકરી, ૪.
હિંદ,મુસલમાનોએ જીત્યું ત્યારે તેની સ્થિતિ, ૧૧૧; તેની વસ્તી, ૧૯; ઈંગ્લાંડની મહારાણીના હાથમાં અમલ આવ્યો (૧૮૫૮), ૨૫૬; મહારાણીની સત્તામાં (૧૮૫૮-૯૨), અનુક્રમણિકા ૧૬ મું પ્રકરણ જુઓ; ઈ. સ. પૂ. ૩૦૦ માં મેગેસ્થનીસે વર્ણવેલી સાંસારિક સ્થિતિ, ૮૫.
હિંદુ ધર્મની વૃદ્ધિ, અનુક્રમણિકા, ૮ મું પ્રકરણ જુઓ.
હિમાલય, એની મુખ્ય હાર, ૨; શાખાઓ, ૩; પાણીનો જથો અને વરસાદ, ૪-૫; પેદાશ અને દેખાવ, ૫; જંગલોનો નાશ, ૬; અને ભટકનારા લોકોની ખેતી કરવાની રીત, ૬; ત્યાંથી નીકળનારી નદીઓ, ૬; ત્યાંની પહાડી જાતો, ૬.
હુમાયુ, બીજો મોગલબાદશાહ (૧૫૩૦-૫૬), હિંદુસ્તાનમાંથી તેને હરાવીને હાંકી કાઢે છે, અને પાછી તેને ગાદી મળે છે, ૧૩૮.
હુગળી, અંગ્રેજી કોઠી સ્થપાઈ (૧૬૪૦), તે છોડી કલકત્તામાં કોઠી સ્થાપી (૧૬૮૬), ૧૮૭.
હ્યૂનટિસ આંગ, ચીનનો બૌદ્ધ મુસાફર,૭૭; એના ગ્રન્થમાંથી ફકરા આપ્યા છે, ૯૦-૯૨.
હેકેટેઓસ, હિંદુસ્તાન વિષે સ્પષ્ટ લખનાર પહેલો ગ્રીક લેખક, ૮૧.
હેજીસ, વિલિઅમ, બગાળાનો પહેલો એજન્ટ અને ગવર્નર (૧૬૮૧), ૧૮૭.
હૈદરાબાદ, (દક્ષિણ), નિઝામ વિષે જુઓ.
હૈદરાબાદ, (સિંધ), મહાન્ એલેક્ઝાન્ડરે વસાવ્યું, ૮૩.
હેરાત, ઈરાનીઓએ ઘેરો ઘાલ્યો, ૨૩૨.
હૅરિસ, જનરલ, લૉર્ડ, શ્રીરંગપટણ જીત્યું (૧૭૯૯).
હેવલોક, જનરલ, સર હેન્રિ લખનોરને મદદ કરે છે. (૧૮૫૭), ૨૧૬.
હેસ્ટિંગ્સ, ગવર્નર-જનરલ (૧૭૭૪-૮૫), ૨૦૪; મીર કાસીમ સાથે પતાવવા પ્રયત્ન કરે છે (૧૭૬૩), ૨૦૧; બંગાળાના ગવર્નર તરીકે તેની નીમણુક (૧૭૭૨); કારભારને લગતા સુધારા, ૨૦૫; દેશી રાજ્યો પ્રત્યે રાજ્યનીતિ, ૨૦૫; બંગાળાનો ખરચ બંગાળાની પેદાશમાંથી કાઢે છે, ૨૦૬; દિલ્લિમાં અપાતી ખંડણી બંધ કરે છે, ૨૦૭; અલાહબાદ અને કોરા અયોધ્યાના વઝીરને વેચે છે, ૨૦૭; રોહિલા યુદ્ધ, ચૈતસિંહ અને અયોધ્યાની બેગમો પાસે પૈસા કઢાવે છે, ૨૦૮; ઈંગ્લાંડમાં તેના પર મૂકેલું તહોમત અને તપાસ, ૨૦૮; પહેલું મરાઠા યુદ્ધ, ૨૦૯; હૈદરઅલી સાથે મૈસૂરનું યુદ્ધ, ૨૧૦.
હેસ્તિંગ્સ, મારક્વિસ ઑવ, ગવર્નર-જનરલ, (૧૮૧૪-૧૮૨૩), ૨૨૧-૨૨૫.
હૈદરઅલી, તેનું અંગ્રેજો સાથેનું યુદ્ધ(૧૭૮૦-૮૪), અંગ્રેજોની હાર, અને લૂટફાટ,૨૧૦.
હોડસન, મેજર એચ. દિલ્લીમાં બાદશાહના કુંવરોને મારી નાંખેછે (૧૮૫૭),૨૫૩.
હોલકર, એણે મરાઠા વંશ સ્થાપ્યો, ૧૭૩; દિગ આગળ હાર્યો (૧૮૦૪), કર્નલ માન્સનને હરાવે છે, ૨૧૮.
હૉટ મન, કોર્નીલિયસ, કેપ ઑવ ગુડ હોપની આસપાસ પહેલું ડચ નૌકાસૈન્ય હંકારે છે, ૧૮૦.